# ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૭૭ • વર્ષ - ૨૦૨૧




કિંમત : ₹ ૪૦/-



"કુતૂહલ"
નિરવ ખાંટ
મો. 9699636996

# ગુજરાત

## દીપોત્સવી અંક

વિક્રમ સંવત : ૨૦૭૭ । વર્ષ : ૨૦૨૧


**તંત્રી**
ડી. પી. દેસાઇ

**સહતંત્રી**
અરવિંદ પટેલ

**સંપાદક**
પુલક ત્રિવેદી

**ઉપસંપાદક**
જગદીશ આચાર્ય

**સહસંપાદક**
ઉર્વી રાવલ, શીરિન સૈયદ, બેલા મહેતા

**વિતરણ વ્યવસ્થા**
ઇશ્વર ઠાકોર, જયેશ દવે, હસમુખ પટેલ,
બી. કે. વસાવા, જે. બી. મુનિયા, પ્રકાશન શાખા,
ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરીઓ

**પ્રકાશક**
માહિતી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રોસેસિંગ અને મુદ્રણ**
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

**વેબસાઇટ**
www.gujaratinformation.gujarat.gov.in

**કિંમત : ₹ ૪૦/-**



આ અંકમાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત થયેલા વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં.



## સકારાત્મકતાના દીપકની જ્યોત ઝળહળે એ જ સાચી દિવાળી...

આઓ, હમ ઈતને વિકાસ દીપ જલાયેં કી, હર તરફ ખુશીઓ કે ફૂલ ખીલે,
હર કોના ઈસ ધરતી કા, હમ સબ સાથ મિલ કર પ્રકાશમાન કરતે ચલે...

ભારતવર્ષમાં આદિઅનાદિ કાળથી પ્રકાશ અને પ્રગતિના સમન્વયના પ્રતીક સ્વરૂપે પ્રતિવર્ષ દીપોત્સવનું પર્વ ઉજવવામાં આવે છે. દીપકનો સીધો સંબંધ અગ્નિ સાથે છે. સનાતન સંસ્કૃતિમાં અગ્નિને પવિત્ર ગણવામાં આવે છે અને આદરપૂર્વક દરેક શુભકાર્યમાં તેનું સ્થાન રાખીને પૂજવામાં આવે છે. દીવાનો મૂળતઃ તાત્ત્વિક અર્થ અંધકારને દૂર કરી ઉજાશનું મહિમાગાન કરવાનો છે. દીપકની જ્યોતમાં પ્રકાશ, જ્ઞાન, સુખ, સમૃદ્ધિ, ઊર્જા અને સકારાત્મકતાનો દૈવી સંકેત હોય છે.

જેમ વેપારી દીપોત્સવી ટાણે વાર્ષિક નફા - નુકશાનનું સરવૈયું જોતા હોય છે, એ રીતે સૌ કોઈએ વર્ષ દરમિયાન કરેલાં કાર્યોનું સરવૈયું તપાસવાનું પર્વ એટલે દીપોત્સવી. આપણું ગુજરાત સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ત્રણેય ક્ષેત્રમાં સૌના સાથ અને સૌના વિકાસથી સદાય વિકાસની દિશામાં તેજ રફતારથી આગળ વધી રહ્યું છે. મુશ્કેલીઓ અને તકલીફોમાં માર્ગ કાઢીને પણ વિકાસની યાત્રાને આગળ ધપાવવા માટેના ગુજરાતીઓનાં ખમીર અને ઝમીરની દેશ અને દુનિયાને સુપેરે પરિચય છે. ગુજરાત સહિત સમસ્ત વિશ્વ ઉપર કોરોના નામના અદશ્ય દુશ્મને તેનો વિકરાળ પંજો પ્રસરાવ્યો છે ત્યારે, ગુજરાતે આરોગ્ય વિષયક સેવાઓના વ્યાપને પણ ૩૬૦ ડિગ્રીએ વિસ્તાર્યો છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને લોકલાડીલા વડાપ્રધાન, ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ખૂણેખૂણાનો વિકાસ કરી વિકસિત ગુજરાતના મજબૂત પાયા નાખીને ગુજરાતને ઉત્તમ 'મૉડેલ સ્ટેટ' બનાવીને આપણને આપ્યું છે. આજે આપણે સૌ સહિયારા પ્રયાસથી આપણા ગુજરાતના વિકાસને વધુ બળવત્તર બનાવવા માટે પ્રયત્નશીલ છીએ.

મહિલા સશક્તિકરણની દિશામાં ગુજરાતને મક્કમતાથી આગળ ધપાવવાની આપણી નેમ છે. મહિલાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટેની પ્રતિબદ્ધતાની પ્રતીતિ સૌ કોઈને થઈ રહી છે. યુવાનો માટે રાજ્યમાં વિશ્વની સર્વોત્તમ યુનિવર્સિટીઝ

દ્વારા યુવાનોના કૌશલ્ય નિર્માણનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. આદિવાસીઓ, વંચિતો, ગરીબો, શોષિતો અને પીડિતોને વિશ્વાસ છે કે, તેમનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનો રિન્યૂએબલ એનર્જી પાર્ક, ભાવનગરમાં વિશ્વનું પ્રથમ સીએનજી ટર્મિનલ, રીવરફ્રન્ટ પ્રોજેક્ટ, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, આધુનિક દિવ્ય અને ભવ્ય ગુજરાતની છબી ઉજાગર કરે છે.

શાંતિ અને સલામતી વિકાસની ધરોહર છે. સલામત ગુજરાતમાં સામાજિક, આર્થિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક વિકાસ વધુ ગતિશીલ બન્યો છે. જગતના તાતની પડખે આ સરકાર સદા સર્વદા ઊભી રહી છે. સરકાર ખેડૂત બાંધવોના સામાજિક-આર્થિક ઉત્થાનની તથા તેમના સર્વાંગી વિકાસની વિશેષ સંભાળ લઈ રહી છે.

જનહિતલક્ષી પરિણામોની અનુભૂતિ જન જનને થઈ રહી છે. ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને આપણે સૌ સાથે મળી વધુ વેગવંતી બનાવીએ અને રાજ્યના ખૂણે ખૂણામાં વિકાસનો દીપ પ્રગટાવીએ.


તહેવારો ખુશી લઈને આવે છે અને ખુશી જેટલી વહેંચાય એટલી વધે છે. ખુશીના આ તહેવારમાં પ્રતિવર્ષ માહિતી વિભાગ દ્વારા 'ગુજરાત દીપોત્સવી અંક'ના સાહિત્ય રસથાળમાં ગુજરાતનું આત્મિક તત્ત્વ સુપેરે ઉજાગર થાય છે. મૂર્ધન્ય સાહિત્યકારો, કવિઓ, લેખકોની કલમે ગુજરાત દીપોત્સવી અંક વાચનક્ષમ બને છે અને સાથેસાથે નીવડેલા ચિત્રકારોનાં ચિત્રથી અને તસવીરકારોની તસવીરોથી દીપોત્સવી અંક આકર્ષક અને નયનરમ્ય બને છે.

દિવાળીના તહેવારમાં સકારાત્મકતાના દીપની જ્યોત ઝળહળે એ સાચી દિવાળી. આવો, આપણે સૌ આ દીપોત્સવના તહેવારમાં વિકાસની જ્યોત જલાવીએ, જેની આંખોમાં ઉદાસી હોય એમની આંખોમાં ખુશીઓની જ્યોત પ્રગટાવીએ, દિવાળી ઊજવીએ. વિક્રમ સંવત ૨૦૭૭ના દીપોત્સવની શુભકામનાઓ સાથે નવા વર્ષની મંગલમય શુભેચ્છાઓ...

આપનો સહૃદયી,

**ભૂપેન્દ્ર પટેલ**

મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય





## વિકાસદીપનો ઉજાશ ફેલાવીએ...

ઉત્સવો ઉમંગ અને ઉલ્લાસના છડીદાર છે. બધા તહેવારોમાં દીપાવલી તહેવારોનો રાજા છે. અંતરને અજવાળતું આ પર્વ એક સાથે પાંચ-પાંચ તહેવારગુચ્છ લઈને આવે છે. દીપાવલી શબ્દ 'દીપ' અને 'આવલી' એ બન્ને શબ્દોના સમન્વયથી બન્યો છે. દીપ એટલે દીવો અને આવલી એટલે હારમાળા અર્થાત્ દીપોની હારમાળા એટલે દીપાવલી. દિવાળીના ભૌતિક દીવડા મનમાં જ્ઞાનરૂપી દીપકનું ઉત્તમ પ્રતીક છે.

પ્રત્યેક ગુર્જરવાસી માટે દીપોત્સવ એ પ્રકાશપર્વની સાથોસાથ વિકાસપર્વ બની રહ્યું છે. વિકાસરૂપી દીપોની હારમાળા સર્જીને આગવી રીતે દીપાવલી પર્વ આનંદીએ.

સાહિત્ય પ્રજાની તાસીર અને તસવીર અભિવ્યક્ત કરે છે. તે પ્રજાની સંવેદના અને સદ્‌ગુણોને સિંચવાનું કાર્ય કરે છે. ગરવા ગુજરાતની ભૂમિ તેનાં વિવિધ ક્ષેત્રના સાહિત્યથી સમૃદ્ધ છે.

મને શ્રદ્ધા છે કે, ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા 'ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૭૭'નું પ્રકાશન સાહિત્યિક જિજ્ઞાસા સંતોષવાની પરંપરાને જાળવી રાખવામાં સફળ અને સાર્થક બની રહેશે. પ્રવર્તમાન વૈશ્વિક પ્રવાહોને પિછાણીને, આપણી શક્તિ અને ક્ષમતાનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી, ગુજરાત કોરોનામુક્ત અને સ્વસ્થ રાજય બને તેવા સંકલ્પ સાથે નૂતનવર્ષના દિવસે આપણે સૌ દીક્ષિત અને વિકસિત ગુજરાતના નિર્માણનો દૃઢ નિર્ધાર કરીએ. દીપાવલીની શુભેચ્છાઓ સાથે નૂતનવર્ષની શુભકામનાઓ.

જય જય ગરવી ગુજરાત...

**અવંતિકા સિંઘ**, આઇ.એ.એસ.

સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ



## જ્ઞાનના દીપકથી સૌના હૃદયમાં નવોન્મેશની જ્યોત પ્રગટાવીએ...

સ્વયં પ્રકાશિત હોવું એ અજવાળાની લાક્ષણિકતા છે. ઉજાસનો સ્વભાવ એ તેનું આત્મનિર્ભરપણું છે, આથી જ જ્યારે પ્રકાશનો ઉત્સવ દીપોત્સવ ઉજવતા હોઈએ ત્યારે "આત્મ દીપો ભવ"નો ઉમદા વિચાર સહજ આ પ્રકાશપર્વ સાથે જોડાઈ જાય છે. ઉત્સવોની ઉજવણી દ્વારા સદીઓથી માનવી પોતાના અસ્તિત્વના સકારાત્મક પાસાને ઉજાગર કરતો આવ્યો છે.

કર્મનિષ્ઠાની પ્રબળ ઊર્જા સાથે જનસેવાના નક્કર સંકલ્પ દ્વારા ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસનો નવતર ચીલો ગુજરાતે ચાતર્યો છે. વિકાસને પોતાનો આગવો સ્વભાવ બનાવીને ગુજરાત સતત પ્રગતિના પથ સર કરતું રહ્યું છે. સાતત્યપૂર્ણ વિકાસની દિશામાં ગુજરાતે મક્કમ ડગ માંડ્યા છે. સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે ગુજરાત વિકાસની નવી પરિભાષા, નવા ઉમંગ અને વિવિધ નવતર દૃષ્ટિકોણ સાથે આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા હરણફાળ ભરી રહ્યું છે.

દીપોત્સવ ટાણે ગુજરાતની સકારાત્મકતાના ઉત્સવને ઉજવીએ અને ગુજરાતના વિકાસમાં યોગદાન આપવા માટે સંકલ્પબદ્ધ બનીએ. ગુજરાતનો સાહિત્ય વારસો અત્યંત સમૃદ્ધ છે. માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષ સાહિત્ય જગતના લબ્ધપ્રતિષ્ઠિત લેખકોની કલમે લખાયેલી કૃતિઓને 'ગુજરાત દીપોત્સવી અંક'ના માધ્યમથી પ્રકાશિત કરવામાં આવે છે. આવો, આપણે સૌ જ્ઞાનરૂપી દીપકથી સૌના હૃદયમાં નવોન્મેશની જ્યોત પ્રગટાવીએ. 'ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત - ૨૦૭૭'ને વાચનક્ષમ બનાવવા માટે યોગદાન આપનારા લેખકો, ચિંતકો, કવિઓ, ચિત્રકારો, તસવીરકારો સહુનો હું હૃદયપૂર્વકનો ઋણી છું. દીપોત્સવી પર્વની શુભેચ્છા સાથે નવું વર્ષ આપ સૌને ફળદાયી અને મંગલમયી બની રહે તથા નવચેતના પ્રગટાવે એવી શુભકામનાઓ...

**ડી. પી. દેસાઇ,** આઇ.એ.એસ.

માહિતી નિયામક

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | વિચારોના વૃંદાવનમાં | - ગુણવંત શાહ | ૧૭ |
| ૨. | વિરાસતનું વટવૃક્ષ : વડનગર | - વિષ્ણુ પંડ્યા | ૧૯ |
| ૩. | પીર શમ્સકૃત 'હંસ-હંસલીની વારતા' : મોક્ષપ્રાપ્તિની ઈસ્માઈલી કથા | - બળવંત જાની | ૨૩ |
| ૪. | મૃત્યુની મુખોમુખ અક્ષરસાધના | - ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૭ |
| ૫. | ગુજરાતી પત્રકારત્વનાં ૨૦૦ વર્ષ : કેટલાંક સુવર્ણ પ્રકરણો | - દેવેન્દ્ર પટેલ | ૩૯ |
| ૬. | ડેન્જરસલી રેડ : કલર ઑફ પેશન, કલર ઑફ સેલિબ્રેશન! | - જય વસાવડા | ૪૩ |
| ૭. | કૌન બનેગા લક્ષ્મીપતિ... | - ભવેન કચ્છી | ૪૭ |
| ૮. | મા ગુર્જરીનું નૂપુર : નવસારી | - ડૉ. નરોત્તમ વાળંદ | ૫૧ |
| ૯. | ગુલોમાં ગુલ ગુલાબ, એનો રૂમાની રૂઆબ | - યશવંત મહેતા | ૫૫ |
| ૧૦. | જામખંભાળિયાનો ઈતિહાસ | - નરોત્તમ પલાણ | ૫૯ |
| ૧૧. | સૌરાષ્ટ્રની લોકશૈલીનાં સમર્થ ચિત્રકાર : સંતોકમા દૂધાત | - જોરાવરસિંહ જાદવ | ૬૩ |
| ૧૨. | ચૌદમી ઓગસ્ટઃ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ | - કિશોર મકવાણા | ૬૭ |
| ૧૩. | સવાઈ ગુજરાતી માનવરત્નો સાથે વિહાર | - ભદ્રાયુ વછરાજાની | ૭૫ |
| ૧૪. | ભારતીય સંસ્કૃતિને આદિવાસીઓનું પ્રદાન | - ડૉ. ભગવાનદાસ પટેલ | ૮૯ |
| ૧૫. | વાંકાનેર | - યાસીન દલાલ | ૯૧ |
| ૧૬. | ઘટના પ્રધાન રચના | - દોલત ભટ્ટ | ૯૫ |
| ૧૭. | યોગેશ્વરકૃત કથાસાહિત્ય | - પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૯૯ |
| ૧૮. | વેદમાતા ગાયત્રી | - પરમાનંદ માણેકલાલ ગાંધી | ૧૦૫ |
| ૧૯. | આઝાદીની લડતમાં અમદાવાદનું પ્રદાન | - ડૉ. માણેક પટેલ 'સેતુ' | ૧૦૯ |
| ૨૦. | વનરાજીથી ઘેરાયેલું રજવાડું ધરમપુર : પ્રાચીન અને અર્વાચીન | - અજય મો. નાયક | ૧૧૭ |
| ૨૧. | દલિત સાહિત્ય-પ્રતિબદ્ધ સર્જક : દલપત ચૌહાણ | - નટુભાઈ પરમાર | ૧૨૧ |
| ૨૨. | લગ્નગીતમાં વૃક્ષોનો મહિમા | - લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી | ૧૩૧ |
| ૨૩. | ગુજરાતના પ્રથમ જ્યોતિર્ધર ધર્મપુરુષ અને સંસ્કાર પુરુષ કલિકાલસર્વજ્ઞ : હેમચંદ્રાચાર્ય | - સોમાભાઈ વિ. પટેલ | ૧૩૫ |
| ૨૪. | પ્રાર્થના | - ડૉ.અશોક નારાયણ | ૧૩૯ |
| ૨૫. | વિનોબા : ગાંધીના બાગનું મઘમઘતું પુષ્પ | - વસંત ગઢવી | ૧૪૩ |
| ૨૬. | સોહમ્ સાહેબ સબ ઘટ બોલે... (દીનહીનના બેલી સુખડો પીર) | - કાકડિયા મનસુખ વી. | ૧૪૭ |
| ૨૭. | ગુજરાતની ચેતન - જીવંત સમાધિઓ | - ભૂપેન્દ્ર મો. દવે | ૧૫૫ |
| ૨૮. | લોકગીતોમાં સાસુ-વહુ : ક્યાંક સામે સામે, ક્યાંક સાથે સાથે ! | - નીલેશ પંડ્યા | ૧૬૪ |
| ૨૯. | "શું ભણતરની ઉપયોગીતા ઓછી થઈ જશે ?" **Exploitation to Irrelevance** | - વાગ્મિન બૂચ | ૧૬૭ |
| ૩૦. | ગુજરાતની ઊગતી પેઢીને એક પત્ર ! | - પાર્થિવી અધ્યારુ-શાહ | ૧૬૯ |
| ૩૧. | સંશોધનોની સાંસ્કૃતિક સુવાસ | - પુલક ત્રિવેદી | ૧૭૧ |

અનુક્રમણિકા

નવલિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | જીવવું | - મહમ્મદ માંકડ | ૧૭૭ |
| ૨. | રાત પૂરી થઈ | - ડૉ. દિનકર જોષી | ૧૭૯ |
| ૩. | પેટ્રોલનો કૂવો | - રજનીકુમાર પંડ્યા | ૧૮૩ |
| ૪. | કહાં જાના હૈ ? | - વર્ષા અડાલજા | ૧૮૫ |
| ૫. | એક્સ્ટ્રા | - ડૉ. કેશુભાઈ દેસાઈ | ૧૮૯ |
| ૬. | ગુલમહોર | - ડૉ. ચંદ્રકાંત મહેતા | ૧૯૩ |
| ૭. | પ્લીઝ... મારા પપ્પા પાછા આપો ! | - રમેશ ર. દવે | ૧૯૭ |
| ૮. | ખેલ | - રાઘવજી માધડ | ૨૦૫ |
| ૯. | શેફાલી ફૂલનું નામ છે ! | - રમેશ ત્રિવેદી | ૨૦૯ |
| ૧૦. | લાપશી | - ભી. ન. વણકર | ૨૧૩ |
| ૧૧. | એ કૉરેન્ટાઈન લવસ્ટોરી | - નીતિન ત્રિવેદી | ૨૧૭ |
| ૧૨. | રિહર્સલ વિનાનું ત્રિઅંકી નાટક | - નટવર પટેલ | ૨૨૧ |
| ૧૩. | ઑરતા | - દશરથ પરમાર | ૨૨૩ |
| ૧૪. | નરગિસ... | - અલતાફ પટેલ | ૨૨૭ |
| ૧૫. | પાપમાં નથી પડવું | - નીલમ દોશી | ૨૩૧ |
| ૧૬. | છેદ | - નટવર ગોહેલ | ૨૩૫ |
| ૧૭. | પિયરયાત્રા | - અવિનાશ પરીખ | ૨૪૧ |
| ૧૮. | કપાઈ ગયેલો ચંપો | - માવજી મહેશ્વરી | ૨૪૫ |
| ૧૯. | પરી | - ડૉ. સુરમ્યા જોષી | ૨૪૯ |
| ૨૦. | જસમા | - પ્રવીણ ગઢવી | ૨૫૩ |
| ૨૧. | સારાંશ | - ડૉ. સ્વાતી નાયક | ૨૫૭ |
| ૨૨. | "નિયતિનો ન્યાય" | - રેખાબા સરવૈયા | ૨૬૧ |
| ૨૩. | વન રેઈની નાઈટ | - દર્શના ભગલાણી | ૨૬૯ |
| ૨૪. | આનલ | - પિનાકિન દવે | ૨૭૫ |
| ૨૫. | અંતિમ સત્ય | - પ્રફુલ્લ કાનાબાર | ૨૭૭ |
| ૨૬. | નયનને બંધ રાખીને...! | - સંજય થોરાત 'સ્વજન' | ૨૮૧ |
| ૨૭. | ગૃહપ્રવેશ | - ગિરીશ ભટ્ટ | ૨૮૩ |
| ૨૮. | દિવાળીની ખરીદી | - રાજ ભાસ્કર | ૨૮૬ |
| ૨૯. | વર્ષાછાયા | - પરીક્ષિત જોશી | ૨૮૭ |
| ૩૦. | આફટર શૉક | - અન્નપૂર્ણા મેકવાન | ૨૯૧ |
| ૩૧. | આમંત્રણ | - આશિષ અજિતરાય આચાર્ય | ૨૯૫ |
| ૩૨. | રામ જાણે | - ડૉ. અનિલ ચૌહાણ | ૨૯૭ |

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | ગુજરાતી ભાષામાં પુરુષો માટેના કેટલાક હીનતાવાચક શબ્દો - એક અધ્યયન | - રતિલાલ બોરીસાગર | ૩૦૫ |
| ૨. | મોરનાં ઈંડાં ક્યારેક મીંડાં, ક્યારેક ટહુકાર ? | - નિરંજન ત્રિવેદી | ૩૦૭ |
| ૩. | ગજબ ! કમાલ ! | - પ્રવીણ દરજી | ૩૦૯ |
| ૪. | સાત અંગ, આઠ નંગ અને - | - હરિકૃષ્ણ પાઠક | ૩૧૧ |
| ૫. | દિવાળીમાં વાઈફની ચાણક્યનીતિ....!!! | - હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત' | ૩૧૩ |
| ૬. | અમારી અડધી ગ્રંથતુલા | - ડૉ. જગદીશ ત્રિવેદી | ૩૧૫ |
| ૭. | નિર્દોષભાવે દોષ-દર્શન | - ડૉ. નલિની ગણાત્રા | ૩૧૯ |
| ૮. | નહીં ને ? | - પરાગ મ. ત્રિવેદી | ૩૨૧ |
| ૯. | બાલ્કનીમાં વૃંદાવન | - અધીર અમદાવાદી | ૩૨૫ |
| ૧૦. | "નવરી બજારનું ટેલિફોનિક બેસણું" | - જીતેન્દ્ર ઠક્કર | ૩૩૩ |
| ૧૧. | અસંખ્ય પ્રવાસો કર્યા પછી મળી આવેલું સત્ય : ધરતીનો છેડો ઘર ! | - કિશોર અંધારિયા | ૩૩૫ |
| ૧૨. | મારી સંગીતસાધના | - નગીન દવે | ૩૩૭ |
| ૧૩. | કોર્ટની રમૂજ | - મધુકર દિ. ધ્રુવ | ૩૩૯ |
| ૧૪. | વરદાન - બહેરાશનું | - ભર્ગદેવ ભટ્ટ | ૩૪૧ |
| ૧૫. | ફરવા તો જવું છે પણ... | - કલ્પના દેસાઈ | ૩૪૩ |
| ૧૬. | ઘોલો... ઘોલો | - પ્રદ્યુમ્ન આચાર્ય | ૩૪૫ |
| ૧૭. | લખતા લહિયો થાય... | - દિલીપ આર. શાહ 'રસીલા' | ૩૪૭ |
| ૧૮. | કેમ છો, ઓળખાણ પડી ? | - રમેશ પટેલ 'ક્ષ' | ૩૫૧ |
| ૧૯. | સમજુબાની ડબલ સમજણ | - સુષમા શેઠ | ૩૫૩ |


## નાટિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | તુલસી ઈસ સંસાર મેં... | - પ્રકાશ લાલા | ૩૬૧ |
| ૨. | કબૂલાત | - વિનોદ સી. દવે | ૩૬૯ |
| ૩. | ન ઘર, ન ઘાટ (એકાંકી) | - રવીન્દ્ર પારેખ | ૩૭૭ |
| ૪. | એ હતા ભગીરથ જૈન | - ડૉ. શૈલેષ ટેવાણી | ૩૮૧ |
| ૫. | બોધપાઠ | - દુર્ગેશ ઓઝા | ૩૮૯ |
| ૬. | દાસી જીવણ - સંગીત રૂપક | - ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૩૯૩ |
| ૭. | ડંખાનુભૂતિ | - મનસુખ વાઘેલા | ૩૯૭ |
| ૮. | "ગર્ભસ્થ" (એકાંકી) | - પ્રીતિ ભટ્ટ | ૩૯૯ |
| ૯. | દીકી સ્પેશિયલ | - નિર્ઝરી મહેતા | ૪૦૩ |
| ૧૦. | ગોડફાધર | - ડૉ. અશ્વિન વસાવડા | ૪૧૧ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | ગંગાસાગર | - રઘુવીર ચૌધરી | ૪૨૫ |
| ૨. | ક્યારે ? | - ચંદ્રકાન્ત શેઠ | ૪૨૫ |
| ૩. | કેવી ઠકુરાઈ ? | - રાજેન્દ્ર શુક્લ | ૪૨૬ |
| ૪. | એ તો કહો... | - માધવ રામાનુજ | ૪૨૬ |
| ૫. | જીવતર તો... | - યોસેફ મેકવાન | ૪૨૭ |
| ૬. | બેસ, મારી બાજુમાં... | - વિનોદ જોશી | ૪૨૭ |
| ૭. | હઠ... | - મનોહર ત્રિવેદી | ૪૨૮ |
| ૮. | એકોહમ બહુસ્યામિ... | - રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ૪૨૮ |
| ૯. | મહામારી... | - મણિલાલ હ. પટેલ | ૪૨૯ |
| ૧૦. | ગહરાઈમાં... | - ધીરેન્દ્ર મહેતા | ૪૨૯ |
| ૧૧. | ક્યા કરમને કારણે ? | - નીતિન વડગામા | ૪૩૦ |
| ૧૨. | સૂરજમુખી | - યોગેશ જોષી | ૪૩૦ |
| ૧૩. | આસિત... | - કિસન સોસા | ૪૩૧ |
| ૧૪. | ગીત | - રમણીક સોમેશ્વર | ૪૩૧ |
| ૧૫. | વંદન - વ્હાલા... | - હર્ષદ ચંદારાણા | ૪૩૧ |
| ૧૬. | સૈનિકની વિધવા છું ! | - મુસાફિર પાલનપુરી | ૪૩૨ |
| ૧૭. | રિસાઈ ગયાં છે | - શિવજી રૂખડા | ૪૩૨ |
| ૧૮. | પામ્યાની પરસાદી, મનવા ! | - દલપત પઢિયાર | ૪૩૩ |
| ૧૯. | મળે જે ઘડી... | - બકુલેશ દેસાઈ | ૪૩૩ |
| ૨૦. | વાંધો છે કંઈ... | - સંજુ વાળા | ૪૩૪ |
| ૨૧. | ગુમ થઈ ગયા... | - હર્ષ બ્રહ્મભટ્ટ | ૪૩૪ |
| ૨૨. | હાલને ભેરુ... | - કૃષ્ણ દવે | ૪૩૫ |
| ૨૩. | મારી હીટ કવિતા... | - ભાગ્યેશ જહા | ૪૩૫ |
| ૨૪. | વરસાદ બાજુ નીકળીએ... | - અંકિત ત્રિવેદી | ૪૩૬ |
| ૨૫. | હવા સરીખું નામ... | - હર્ષદ ત્રિવેદી | ૪૩૬ |
| ૨૬. | ગિરા-ગુર્જરી... | - દિલીપ જોશી | ૪૩૭ |
| ૨૭. | ઉપહારો સ્મરણના... | - ગોવિંદ દરજી 'દેવાંશુ' | ૪૩૭ |
| ૨૮. | કારણ વગર... | - અઝીઝ ટંકારવી | ૪૩૮ |
| ૨૯. | ગઝલ | - રઈશ મનીઆર | ૪૩૮ |
| ૩૦. | ઝાકમઝોળ... | - ઉર્વીશ વસાવડા | ૪૩૮ |
| ૩૧. | છે મને વિશ્વાસ... | - કિશોર જિકાદરા | ૪૩૯ |
| ૩૨. | નજરથી નજર... | - અનંત પટેલ | ૪૩૯ |
| ૩૩. | ગઝલ | - અનિલ ચાવડા | ૪૪૦ |

| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૩૪. | ગયા છે છોડીને... | - ભાવેશ ભટ્ટ | ૪૪૦ |
| ૩૫. | મોકાની... | - હરદ્વાર ગોસ્વામી | ૪૪૧ |
| ૩૬. | કેવળ... | - અશોક ચાવડા 'બેદિલ' | ૪૪૧ |
| ૩૭. | વરસો થયાં... | - મનીષ પરમાર | ૪૪૨ |
| ૩૮. | દ્વાદશી... | - સ્નેહી પરમાર | ૪૪૨ |
| ૩૯. | લઉં છું અહીં વિશ્રામ... | - પ્રશાંત કેદાર જાદવ | ૪૪૩ |
| ૪૦. | સમયને... | - રમેશ ઠક્કર | ૪૪૩ |
| ૪૧. | દુહા-ગઝલ | - ડૉ. એસ. એસ. રાહી | ૪૪૪ |
| ૪૨. | "દીપ્તિ સ્વરૂપે હો..." | - સતીન દેસાઈ 'પરવેઝ' | ૪૪૪ |
| ૪૩. | કોણ ગયું ઓચિંતું આજે ? | - ભાનુપ્રસાદ પુરાણી | ૪૪૫ |
| ૪૪. | લીલી-લાલ માળા... | - પ્રદીપ સુમિરન | ૪૪૫ |
| ૪૫. | સમય... | - ભસ્માંગ માંકડ "સમ્રાટ" | ૪૪૬ |
| ૪૬. | મનમાં હું, ખોટી... | - નટવર આહલપરા | ૪૪૬ |
| ૪૭. | છું ગુજરાતી... | - ડૉ. ઈશ્વર સુથાર (શિલ્પી) | ૪૪૭ |
| ૪૮. | મારી આહ... | - પ્રફુલ્લ રાવલ | ૪૪૭ |
| ૪૯. | રાખ ભીતર આગ... | - રમેશ પટેલ | ૪૪૮ |
| ૫૦. | ગીત | - ડૉ. મનહર ઠાકર | ૪૪૮ |
| ૫૧. | પળમાં માણસ હતો, ના - હતો થઈ જાય છે... | - દિનેશ દેસાઈ | ૪૪૯ |
| ૫૨. | ગઝલ | - પ્રીતમ લખલાણી | ૪૪૯ |
| ૫૩. | જીતી જશે ગુજરાત... | - રક્ષા શુક્લ | ૪૫૦ |
| ૫૪. | પૂરાં થયાં પચાસ... | - વિવેક મનહર ટેલર | ૪૫૦ |
| ૫૫. | ઉત્તરકાશી... | - નયના જાની | ૪૫૧ |
| ૫૬. | ઠામ ભરી ઝાકળને પીધાં... | - ચંદ્રશેખર પંડ્યા | ૪૫૧ |
| ૫૭. | સૂઝે કેવા ચાળા... | - ડૉ. ધૈવત શુક્લ | ૪૫૨ |
| ૫૮. | નો'તું કીધું ? | - પારસ એસ. હેમાણી | ૪૫૨ |
| ૫૯. | ગઝલ | - ડૉ. મનોજ જોશી 'મન' | ૪૫૩ |
| ૬૦. | શૂન્ય મહે... | - ડૉ. પ્રદીપ આઝાદ | ૪૫૩ |
| ૬૧. | હરિવર હવે તો... | - હર્ષિદા દીપક | ૪૫૪ |
| ૬૨. | ખૂણે-ખૂણેથી બાજે... | - દીપક ત્રિવેદી | ૪૫૪ |
| ૬૩. | તું તારી રીતે જાજે... | - પ્રજ્ઞા પટેલ | ૪૫૫ |
| ૬૪. | ગઝલ | - ભાવિન ગોપાણી | ૪૫૫ |
| ૬૫. | ખુલ્લી આંખે જોઉં... | - તેજસ દવે | ૪૫૬ |
| ૬૬. | વાત તારી વિચારવી પડશે... | - દર્શક આચાર્ય | ૪૫૬ |

| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૬૭. | જિંદગીના ભ્રમમાં જીવ્યા કરું... | - રમણ વાઘેલા | ૪૫૭ |
| ૬૮. | ખુદ સમયને આવરે છે... | - ડૉ . મુકેશ જોષી | ૪૫૭ |
| ૬૯. | એક ઘડપણનું ગીત... | - જયંતિ ધોકાઈ | ૪૫૮ |
| ૭૦. | પરાણે હું નહીં આવું, પગારદાર નથી... | - પ્રશાંત સોમાણી | ૪૫૮ |
| ૭૧. | હતો રાત સાથે... | - વિપુલ માંગરોલિયા 'વેદાંત' | ૪૫૯ |
| ૭૨. | અમે તૂટી ગયેલા શ્વાસને... | - શૈલેષ પંડયા 'ભીનાશ' | ૪૫૯ |
| ૭૩. | એમ ચહું છું... | - રેણુકા દવે | ૪૬૦ |
| ૭૪. | એક કોયલ ને કાગડાએ... | - કનૈયાલાલ ભટ્ટ | ૪૬૦ |
| ૭૫. | હૈયાની વાત... | - ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ' | ૪૬૧ |
| ૭૬. | ગોધૂલિ... | - સંસ્કૃતિરાણી દેસાઈ | ૪૬૧ |
| ૭૭. | ગીત | - વિનોદ ગાંધી | ૪૬૨ |
| ૭૮. | ગીત | - વિનુ બામણીયા | ૪૬૨ |
| ૭૯. | ગીત | - પ્રતાપસિંહ ડાભી 'હાકલ' | ૪૬૩ |
| ૮૦. | ખાતરી આપો... | - કિરણસિંહ ચૌહાણ | ૪૬૩ |
| ૮૧. | પ્રથમ તો આંખ વિસ્તરે... | - જિગર જોષી 'પ્રેમ' | ૪૬૪ |
| ૮૨. | ચીતરને ફરી... | - ઉમેશ જોષી | ૪૬૪ |
| ૮૩. | ગઝલ | - મધુસૂદન પટેલ 'મધુ' | ૪૬૫ |
| ૮૪. | ખુદ પવન આવી દીવો જલાવી જાય છે... | - જિગર ઠક્કર 'ગઝલનાથ' | ૪૬૫ |
| ૮૫. | મારી આંખોમાં... | - નટવર હેડાઉ 'વનવિહારી' | ૪૬૬ |
| ૮૬. | સળગવાની વ્યથા... | - જિતેન્દ્ર પ્રજાપતિ | ૪૬૬ |
| ૮૭. | ખોવાતો જોયો... | - મહેશ દેસાઈ | ૪૬૭ |
| ૮૮. | શ્વાસ સૌરભ બને... | - હાર્દિક વ્યાસ | ૪૬૭ |
| ૮૯. | આપણા મનમાં વસેલો મોર છે... | - સ્નેહલ નિમાવત | ૪૬૮ |
| ૯૦. | તને બતાવે છે | - ભરત વિંઝુડા | ૪૬૮ |
| ૯૧. | કહેવાય એમ ક્યાં છે ? | - યોગેશ પંડ્યા | ૪૬૯ |
| ૯૨. | ધરતીની સુંદરતા છે... | - રવજી ગાબાણી | ૪૬૯ |
| ૯૩. | હિંચકો... | - દિનેશ પોપટ | ૪૭૦ |
| ૯૪. | સંબંધનું સફરજન... | - સતીશ ડણાક | ૪૭૦ |
| ૯૫. | ગઝલ | - સાહિલ | ૪૭૧ |
| ૯૬. | વિસાત શી ? | - પ્રિ. અમીચંદભાઈ શા. પટેલ | ૪૭૧ |
| ૯૭. | ગઝલ | - હરીશ ધોબી | ૪૭૨ |
| ૯૮. | હું મળ્યો છું ધૂળને... | - ચંદ્રેશ મકવાણા 'નારાજ' | ૪૭૨ |
| ૯૯. | આંખમાં અજવાસ જેવું... | - કૌશિક મહેતા | ૪૭૨ |

# ફોટોગ્રાફસ અને ચિત્રો

નિરવ ખાંટ
હેમાલી શાહ
હરિભાઈ દા. ટંડેલ
ડૉ. અશોક જી. પટેલ
જય પંચોલી
અવની ઘનશ્યામભાઇ દવે
અરવિંદભાઈ ખાણધર
રજુ પટેલ
આરતી પટેલ
જયદીપ એન. ઠાકર
ભાર્ગવીબહેન ભટ્ટ
જસ્મીન દવે
ભાટી એન
હર્ષ પગી
જયેશભાઇ જાદવ
ગાયત્રી ત્રિવેદી
આનંદ પ્રાણલાલ પટેલ

પ્રા.ડૉ. ઉષા ર. પાઠક
વિક્રમ પગી
રમેશભાઈ ગોહિલ
જેસલબા જાડેજા
દુર્ગેશ ઉપાધ્યાય
દર્શન પુરાણી
નાગજી પ્રજાપતિ
વિ. એલ. નિમાવત
કૃપા શાહ
રેખા જયદેવસિંહ વેગડ
વિમલ હેમાણી
જગદીશ મેવા
ભૂમિકા ભાવસાર
અર્પણ કાપડિયા
પ્રિયા પરિયાણી
એન. પી. વૈશ્યક
નટુ પરીખ

પશાભાઈ મકવાણા
પ્રશાંત પટેલ
સંજીવ પંડ્યા
રસિક ગલચર
રક્ષા ભટ્ટ
નટુ મિસ્ત્રી
રમેશ હાલારી
શીતલ પી. સરવૈયા
અમૂલ પરમાર
જગદીશ જોશી
પ્રિતેશ પટેલ
ભૌમિક પગી
જેસલ દલાલ
કિશોર પીઠડીયા
આનંદ શાહ

: મુખપૃષ્ઠ - ૧ :
નિરૂપમા ટાંક
(૯૯૭૪૫૨૬૮૨૦)

: મુખપૃષ્ઠ - ૨ :
અશોક ખાંટ
(૯૯૯૮૯૯૯૮૦૯)

: રેખાંકન :
જય પંચોલી
(૯૬૨૪૨૨૭૧૪૦)


જય દ્વારકાધીશ
"માખણચોર"
અરવિંદભાઈ ખાણધર
મો. ૯૯૧૩૨૩૯૪૦૬



"મોક્ષ - બંધન"
રજુ પટેલ
મો. 9712832928

# અભ્યાસલેખ સંપુટ

ગુણવંત શાહ
વિષ્ણુ પંડ્યા
બળવંત જાની
ડૉ. કુમારપાળ દેસાઈ
દેવેન્દ્ર પટેલ
જય વસાવડા
ભવેન  કચ્છી
ડૉ. નરોત્તમ વાળંદ
યશવંત મહેતા
નરોત્તમ પલાણ
જોરાવરસિંહ જાદવ
કિશોર મકવાણા
ભદ્રાયુ વછરાજાની
ડૉ. ભગવાનદાસ પટેલ
યાસીન દલાલ

દોલત ભટ્ટ
પ્રસાદ બ્રહ્મભટ્ટ
પરમાનંદ માણેકલાલ ગાંધી
ડૉ. માણેક પટેલ 'સેતુ'
અજય મો. નાયક
નટુભાઈ પરમાર
લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
સોમાભાઈ વિ.પટેલ
ડૉ. અશોક નારાયણ
વસંત ગઢવી
કાકડિયા મનસુખ વી.
ભૂપેન્દ્ર મો. દવે
નીલેશ પંડ્યા
વાગ્મિન બૂચ
પાર્થિવી અધ્યારુ-શાહ
પુલક ત્રિવેદી



"શિલ્પ સંગીત"
હેમાલી શાહ
મો. 9662836342

# વિચારોના વૃંદાવનમાં

*- ગુણવંત શાહ*

**સ**રદાર અને જયપ્રકાશ સામસામે હતા, પરંતુ...

સ્વરાજ મળ્યું તે દિવસોમાં આદરણીય જયપ્રકાશ નારાયણ સમાજવાદી આદર્શના આકાશમાં ઉડ્ડયન કરનારા ક્રાંતિ પુરુષ હતા. સરદાર પટેલને તેઓ મૂડીવાદી સમાજના ટેકેદાર ગણતા અને ક્યારેક સરદારની સામે થતા. જયપ્રકાશજી પંડિત નેહરુને સમાજવાદી આદર્શોના છડીદાર તરીકે નિહાળતા. પરિણામે પંડિતજીને પણ જયપ્રકાશજી પ્રત્યે ખાસું ખેંચાણ રહેતું. તે દિવસોમાં એવી રાજકીય આબોહવા જામી કે સરદાર પટેલનો વિરોધ કરવાની કુટેવ દિલ્હીનાં ડાબેરી વર્તુળોમાં લગભગ ફેશન બની ગઈ. સરદારે હૈદરાબાદમાં જે ચમત્કાર કરી બતાવ્યો, તેમાં પણ સમાજવાદીઓને વાંધાજનક વલણનો વિજય થતો જણાયો. પંડિતજીને પણ હૈદરાબાદમાં સરદાર પટેલને મળેલી સફળતા ઝાઝી ગમી ન હતી અને જયપ્રકાશજીના પ્રશંસકોને પણ એ સફળતા બિનસમાજવાદી વલણોના વિજય જેવી લાગી હતી. સરદાર પટેલ આવાં અવાસ્તવિક વલણથી દુ:ખી હતા અને પોતાની નિંદા કરનારા અવ્યવહારુ આદર્શવાદીઓના વલણથી ખાસા નારાજ હતા તોય, અંદરથી મક્કમ હતા. તેઓ દેશના હિતને વફાદાર હતા તેથી ગેરસમજથી ડરે તેવા તકલાદી રાજકારણી ન હતા. તેઓ રાજપુરુષ (સ્ટેટ્સમેન) હતા અને દૃઢવૈરાગી હતા.

**જ્યાં પ્રશંસાની વર્ષા થવી જોઈએ, ત્યાં ટાળી શકાય તેવી નિંદાનો ધોધ વહેતો થાય ત્યારે કર્મવીર એવા સરદારને પીડા પહોંચે તેવી પરિસ્થિતિ આ ઐતિહાસિક પત્રમાં પ્રગટ થઈ છે. સરદાર લગભગ નીલકંઠ બનીને ગેરસમજનું વિષ પીતા રહ્યા !**

તા. ૧૫ જૂન ૧૯૪૮ને દિવસે સરદારે પંડિત જવાહરલાલ નેહરુને એક પત્ર લખ્યો, જેમાં સરદારની પીડા પ્રગટ થઈ. પત્રનો સાર અહીં પ્રસ્તુત છે :

'જયપ્રકાશ (નારાયણ)ના તાજેતરનાં કેટલાંક ભાષણો મારા મનમાં ઘણી શંકાઓ પેદા કરે છે. હૈદરાબાદ અંગેના એક ભાષણમાં તેમણે દેશી રાજ્યોના ખાતા પર બધો દોષ ઢોળ્યો છે અને સમાજવાદીઓને પોતાની રીતે કામ કરવા દીધું હોત, તો પરિસ્થિતિ ક્યારનીયે થાળે પડી ગઈ હોત એવો દાવો કર્યો છે. આ ભાષણ ઘણું દુષ્ટતાભર્યું અને ઝેરી છે. તમે જાહેર રીતે તેમની પ્રશંસા કરતા ન હોત અને તેમને આવતીકાલના આગેવાન ગણાવતા ન હોત તો મેં આ પત્ર લખીને તકલીફ આપી ન હોત, તેમનાં આવાં બેજવાબદાર ઉચ્ચારણો અને ગૂંચવાડા પેદા કરનારા વલણને કારણે તેમનામાં કશો વિશ્વાસ રાખવો વાજબી નથી. મને હંમેશાં એવું લાગ્યું છે કે હિંદુસ્તાનનું ભાવિ જયપ્રકાશ જેવા માણસના હાથમાં હોય, તો એ અતિશય કમનસીબ સંજોગ થઈ પડશે. તાજેતરના બનાવો અને ગાંધીજીના મરણ પછીનું તેમનું વલણ આ ખ્યાલને સાચો ઠરાવે છે. અને એમને રોકવાનો સમય આવી લાગ્યો છે તેવું મને ખરેખર લાગે છે. તમે તેમને સીધા રસ્તે આણી શકશો કે નહીં તે હું જાણતો નથી, પણ તમે આવું કરી શકો તમને લાગતું હોય, તો કોશિશ કરવા જેવું છે. તેમને અને તેમના પક્ષને થોડા વ્યવહારુ વિચાર અને વર્તન રાખવા માટે સમજાવી શકાય તો તેનાથી આ દેશનું ભાવિ ઉજ્જ્વળ બનશે.

(સરદાર પટેલ : પસંદ કરેલો પત્રવ્યવહાર (૨) પાન : ૬૭ સંપાદક : વિ. શંકર).

સરદારના દિલમાં અમળાતું-વમળાતું આવું દર્દ આ પત્રમાં નિખાલસતા સાથે ઠલવાતું જણાય છે. જ્યાં પ્રશંસાની વર્ષા થવી જોઈએ, ત્યાં ટાળી શકાય તેવી નિંદાનો ધોધ વહેતો થાય ત્યારે કર્મવીર એવા સરદારને પીડા પહોંચે તેવી પરિસ્થિતિ આ ઐતિહાસિક પત્રમાં પ્રગટ થઈ છે. સરદાર લગભગ નીલકંઠ બનીને ગેરસમજનું વિષ પીતા રહ્યા !

જીવનનાં ઉત્તરાર્ધમાં જયપ્રકાશજી વિનોબા ભાવેના ભૂદાન આંદોલનમાં સક્રિય બન્યા ત્યારે મને એમનાં લાંબાં પ્રવચનો સાંભળવાનો લાભ વારંવાર મળતો થયો. પ્રવચનને અંતે અમારા મનમાં મોટોમસ ગોટાળો પેદા થતો. એમની વૈચારિક સ્પષ્ટતા પ્રવચનોમાં ક્યારે પણ પ્રગટ થતી હોય એવું યાદ નથી. સંપૂર્ણ ક્રાંતિ અંગે પણ તેઓ પ્રવચન શરૂ કરે ત્યારથી કેવળ ગોટાળો જ ગોટાળો! પ્રવચન પૂરું થાય પછી વધારે ગોટાળો ! બિહારમાં આંદોલન ચાલ્યું, તે દિવસોમાં એમણે બે આશાસ્પદ યુવાનો પર પોતાની પસંદગી ઉતારેલી. એ બેય યુવાનો પછી તો મોટા હોદ્દાઓ પામ્યા. બેમાંથી એક જણને મેં પ્રશ્ન પૂછ્યો : 'જયપ્રકાશજી મહાન હતા, પરંતુ એમની પાસે કોઈ વૈચારિક સ્પષ્ટતા હતી ખરી?' જવાબ મળ્યો : 'બિલકુલ

નહીં' એ નેતાનું નામ હું આદરણીય મોરારિબાપુને ખાનગીમાં આપવા તૈયાર છું. જયપ્રકાશજીએ સંપૂર્ણ ક્રાંતિ આંદોલનના સાર્થક સંચાલન માટે જે બે યુવાનો ખાસ પસંદ કર્યા હતા, તેમાં એક હતા સદ્‌ગત શ્રી અરુણ જેટલી અને બીજા હતા ક્ષ. શ્રી ક્ષ હજી જીવે છે અને ઊંચા પદ પર વિરાજમાન છે. એમની પરવાનગી વિના હું એમનું નામ નહીં આપી શકું.

આદરણીય મોરારજીભાઈ દેસાઈ વડાપ્રધાન મટી ગયા પછી મુંબઈના મરિન ડ્રાઈવ પર આવેલા કાયમી નિવાસસ્થાન 'ઓસીઆના'માં દીકરા કાંતિભાઈ સાથે રહેતા થયા, ત્યારે હું એમને વારંવાર મળવા જતો થયો. કોર્ટના આદેશને કારણે એ નિવાસ ખાલી કરવાની નોબત આવી. એ કટોકટીના દિવસોમાં તે વખતના મહારાષ્ટ્રના મુખ્યપ્રધાને પોતાનું આભિજાત્ય પ્રગટ કરીને મોરારજીભાઈ માટે 'સારંગ'નામના બહુમાળી મકાનમાં નવું નિવાસસ્થાન આપીને વડાપ્રધાન મટી ગયેલા મહાનુભાવની ગરિમા જાળવી લીધી હતી. 'સારંગ'ના નવા નિવાસે પણ હું મોરારજીભાઈને મળવા માટે જતો. મને વારંવાર એવી પ્રતીતિ થતી કે હું સાધુચરિત મોરારજીભાઈને મળી રહ્યો છું. જયપ્રકાશજીની વાત નીકળે ત્યારે મોરારજીભાઈનો નિર્દંશ અનાદર અચૂક પ્રગટ થતો. જયપ્રકાશજી 'Confused mind' ધરાવનારા નેતા ગણાય તેવું મોરારજીભાઈને અનુભવને અંતે સમજાયું હતું. એટલું ચોક્કસ કે આવો અભિપ્રાય હતો છતાંય મોરારજીભાઈ ક્યારેય કોઈ અનુચિત ટિપ્પણી કરવાથી કાયમ દૂર રહેતા.

**જયપ્રકાશજીનું આભિજાત્ય ગાંધીજીના કુળનું હતું. તેઓ લગભગ અજાતશત્રુ હતા તેથી ઈંદિરા ગાંધી પ્રત્યે પણ એમને કોઈ દ્વેષભાવ ન હતો. નારાયણ દેસાઈએ આ વાત એમના લખાણમાં નોંધી છે**

મારી એવી છાપ છે કે જયપ્રકાશજીનું આભિજાત્ય ગાંધીજીના કુળનું હતું. તેઓ લગભગ અજાતશત્રુ હતા તેથી ઈંદિરા ગાંધી પ્રત્યે પણ એમને કોઈ દ્વેષભાવ ન હતો. નારાયણ દેસાઈએ આ વાત એમના લખાણમાં નોંધી છે. સદ્‌ગત મનુભાઈ પંચોળી (દર્શક) ઈતિહાસના મર્મજ્ઞ હતા અને સરદારના પ્રશંસક હતા. સરદારને ખરેખર સમજનારા ગાંધીજનોમાં મહાદેવ દેસાઈ પછીના ક્રમે મુ. મનુભાઈને અવશ્ય મૂકી શકાય. જીવનનાં અંતિમ વર્ષોમાં જયપ્રકાશજીએ સરદારને ઓળખવામાં સફળતા પ્રાપ્ત કરી હતી અને એ વાતની નોંધ દર્શકે લીધી હતી. યુવાનીનાં વર્ષોમાં સરદારની અત્યંત કડવી આલોચના કરનારા વયોવૃદ્ધ જયપ્રકાશજીએ બારડોલીમાં મળેલી ખેડૂતોની સભામાં ઉચ્ચારેલા યાદગાર શબ્દોમાં ખરા 'જયપ્રકાશ' આબાદ પ્રગટ થયા. પોતાના દ્વેષભાવને હડસેલો મારવા માટે કેટલી નૈતિક તાકાતની જરૂર પડે? આજે એવા નેતાઓનો દુકાળ વરતાય છે. દ્વેષવિજયથી મોટો બીજો કયો વિજય હોઈ શકે? બારડોલીમાં મળેલી ખેડૂતોની સભામાં ગાંધીયુગની શોભા પ્રગટાવનારા આદરણીય જયપ્રકાશજીના શબ્દો દર્શકે નોંધ્યા છે. સાંભળો :

'મારી જુવાનીમાં
મેં સરદાર પટેલને
બરાબર ઓળખ્યા ન હતા.
અત્યારે વિચાર કરતા એમ લાગે છે કે :
સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે પંડિતજીને બદલે સરદાર હોત, તો સારું થાત.'


('વંદના', લેખક મનુભાઈ પંચોળી(દર્શક) પાન-૭)

એક હતા સરદાર વલ્લભભાઈ પટેલ, એક હતા જયપ્રકાશ નારાયણ અને એક હતા મોરારજીભાઈ દેસાઈ! કહાં ગયે વો દિન? સામસામે હોવા છતાં અંદરથી દ્વેષમુક્ત હોવું એ જેવી તેવી સંપ્રાપ્તિ નથી. હવે વાત પૂરી કરતાં પહેલાં મુ. મનુભાઈએ નોંધેલા શબ્દો પણ ખાસ સાંભળવા જેવા છે.

"તેમના (સરદારના) એક કાળના કટ્ટર વિરોધી અને જગતના હિંમતવાન પુરુષોમાં અનન્ય એવા ચર્ચિલે સરદાર પટેલ માટે કહ્યું હતું : આ માણસે માનવ-સ્વભાવની બે મોટામાં મોટી દુર્બળતાને જીતી છેઃ તેનામાં નથી ભય, નથી દ્વેષ."

('વંદના' પાના નં. : ૪૫)

*'ટહુકો' ૧૩૯, વિનાયક સોસાયટી,*
*જૂના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૨૦*
*ફોન. ૦૨૬૫ ૨૩૪૦૬૭૩*



# વિરાસતનું વટવૃક્ષ : વડનગર

- *વિષ્ણુ પંડ્યા*

કવિ નર્મદે બીજાં બધાં કામ છોડીને, કુંતેશ્વર મહાદેવની છાયામાં પ્રેરિત 'જય જય ગરવી ગુજરાત' નું અમર-અજેય ગાન કેમ રચ્યું હતું ?

તેના કારણમાં જ પડી છે ગુજરાતની અસ્મિતા ! કેટકેટલાં સ્થાન-વિશેષો અને વ્યક્તિઓરૂપી તેજનક્ષત્રોની આ ગૌરવભૂમિ છે. લોથલમાં, ચાર વાર ત્સુનામીમાં દરેક વખતે ઊભાં થયેલાં નગરનાં નિર્માણની કહાણી ખંડિયેરોમાં સંભળાશે. ભવ્ય સોમનાથ દેવાલય વારંવારના જિર્ણોદ્ધારમાં પડેલી સાંસ્કૃતિક આસ્થાની વાત કરશે. લખપતનું ગુરુદ્વારા ગુરુનાનકદેવની સ્મૃતિ સાચવીને બેઠું છે. પોરબંદર સુદામાનગરી અને ગાંધીજીની જન્મભૂમિ. ગરવો ગિરનાર હિમાલય કરતાંયે પુરાતન કરોડ વર્ષના આયુષ્ય સાથે અડીખમ અવધૂત. જૂનાગઢમાં પ્રજાપ્રિય રાજવી રુદ્રદામન અને અહિંસા-પ્રેમી અશોકના શિલાલેખ. શિહોરના ડુંગરમાં સત્તાવનના ક્રાંતિકાર નાના સાહેબ પેશવાનો અંતિમ નિવાસ. વડોદરામાં ક્રાંતિકાર અરવિંદ અને ભગિની નિવેદિતાની મુલાકાત અને કરનાળીમાં દેશભક્તિનું ગંગનાથ વિદ્યાલય. સુરત, સોનાની મુરત અને 'મુનશીના ટેકરા'નું ભરૂચ. દાદાભાઈ નવરોજીનું નવસારી 'ભગવદ્ગોમંડલ'ના સ્વપ્નદ્રષ્ટા રાજવી ભગવતસિંહથી ગોંડલ જગજાણીતું અને ક્રિકેટ નાયક રણજિતસિંહથી જામનગર. 'ના છડિયાં હથિયાર' ના વીર મરદ મૂળુ માણેક- જોધામાણેકથી સુરક્ષિત દ્વારિકાના દ્વારિકાધીશ. શક્તિ-ભક્તિનાં સ્થાનકો આશાપુરા, બહુચરાજી, ચોટિલા, પાવાપુરી, અંબાજી અને ઉમિયાદેવીનું ઊંઝા, સ્વામી વિવેકાનંદનું નામ લઈએ અને લીંબડીના 'આધ્યાત્મિક' રાજવી જસવંતસિંહ યાદ આવે. જૂનાગઢ-બાબરિયાવાડ-માણાવદર એટલે સ્વાતંત્ર્યની છેલ્લી 'આરઝી હકૂમતની રણભૂમિ... અને સરદાર વલ્લભભાઈ - વિઠ્ઠલભાઈની બાંધવબેલડીની ઐતિહાસિક યાદનાં તો કેટલાં બધાં સ્થાનો- કરમસદ, નડિયાદ, બોરસદ, બારડોલી. દાંડીના સમુદ્રકિનારે એક સશક્ત વાક્ય સરજાયું : ' નમક કા કાનૂન તોડ દિયા!' ટંકારાથી નીકળેલો બ્રહ્મયુવક દયાનંદ સરસ્વતી બનીને વેદ તરફ વળવાની ગર્જના કરતો રહ્યો. ધૂળિયા માંડવી, કચ્છમાં જન્મ્યો હતો ભૂલા ભણશાળીનો મહા-વિદ્વાન અને મહા-ક્રાંતિકાર પંડિત શ્યામજી કૃષ્ણવર્મા...

ગુજરાતનાં આ સ્થાનવિશેષોની સમગ્ર કથામાં એક વધુ ઉમેરો કરી શકાય તેવું પ્રાચીન-અર્વાચીન વડનગર!

હા, વહાલું વડનગર.

જેવું તેનું 'વડલા' જેવું નામ એવી જ તેની તવારીખ. છેક સ્કંદપુરાણમાં તેનો ઉલ્લેખ છે. કેટકેટલાં નામાન્તરો સાથે આ નગર સૂતું છે. જાગે છે : ચમત્કારપુર, આનર્તપુર, આનંદપુર-સ્કંદપુર-અર્કસ્થલિ અને વૃદ્ધનગર? 'હા. સંસારના સૌથી વિદ્વાન, અનુભવી, શાણપણનાં પ્રતીક અને વિશ્વ-સમસ્યામાં દોરવણી આપનારા 'વૃદ્ધો' અહીં રહેતા હતા એટલે નામ પડ્યું વૃદ્ધનગર! ચીની યાત્રિક હ્યુ-એન-ત્સાંગની યાત્રાકથામાં વડનગર - કથા શોભે છે, સાતમી સદીના એ હસ્તાક્ષરો ! બે હજાર વર્ષ પૂર્વેનું આ 'ચમત્કારપુર' ચમત્કાર શબ્દ આનર્ત-રાજાના નામ સાથે જોડાયેલો હતો. સમગ્ર પ્રદેશને માટે 'આનર્ત' શબ્દ પ્રયોજાતો. તેનું મુખ્ય નગર એ સમયનું 'ચમત્કારપુર', કારણનું કારણ એ કે રાજવી ચમત્કાર દેવનો કોઢ શંખ તીર્થમાં ચૈત્ર માસે પવિત્ર સ્નાન અને પૂજાથી નષ્ટ થયો હતો ! ફોર્બસે એવું નોંધ્યું છે કે અયોધ્યાના શાસક કનકસેને ઈ.સ.પૂર્વે ૧૪૪-૪૫માં વડનગર બંધાવ્યું હતું - પ્રાચીન ભૂમિ પર અર્વાચીન નગર! અબુલ ફઝલે 'આઈને અકબરી'માં અહોભાવથી લખ્યું. (૧૫૯૦ એ.ડી.) કે અહીં ૩૦૦૦ પેગોડા છે. દરેકનું સંચાલન બ્રાહ્મણો કરે છે. ૧૭૨૬ પછી આ નગર ગાયકવાડીનો ભાગ બન્યું. સંગીત, સાહિત્ય અને શિલ્પ, એ વડનગરે જાળવેલાં સંસ્કાર ક્ષેત્રો છે.

**સંગીત, સાહિત્ય અને શિલ્પ, એ વડનગરે જાળવેલાં સંસ્કાર ક્ષેત્રો છે અને ઓગણીસમીથી એકવીસમી સદીની વચ્ચે આ ઐતિહાસિક નગરે સ્વરાજ અને સુશાસન- બંનેનાં તોરણ બાંધી આપ્યાં છે**

...અને ઓગણીસમીથી એકવીસમી સદીની વચ્ચે આ ઐતિહાસિક નગરે સ્વરાજ અને સુશાસન- બંનેનાં તોરણ બાંધી આપ્યાં છે.

એમાંના એક હતા ભગવતીચરણ વોરા. સરદાર ભગતસિંહના પ્રિય સાથીદાર, ક્રાંતિમંડળના 'થિન્ક ટેન્ક'. જન્મ્યા હતા લાહોરમાં, પણ પિતામહનો નિવાસ વડનગરમાં રહ્યો. વડનગરા નાગર બ્રાહ્મણ. યુવા વયે ભગવતીચરણે લાહોરની નેશનલ કૉલેજમાં અભ્યાસ કર્યો. ભારતીય સ્વતંત્રતા માટે રોમેરોમમાં જ્વાળા, શસ્ત્ર અને શાસ્ત્ર બંનેના રસ્તે ભારતની આઝાદી પ્રાપ્ત થશે એવી દૃઢ માન્યતા. તેમાં ગૃહલક્ષ્મી દુર્ગાદેવીનો સંગાથ મળ્યો. તે પણ વડનગરા બ્રાહ્મણ- કન્યા લગ્ન પછી તમામ ક્રાંતિકારોનાં આદરણીય અને લાડકાં ભાભી બનીને રહ્યાં.

ભગતસિંહ-રાજગુરુ-સુખદેવને દિલ્હી એસેંબલીમાં બોમ્બ ફેંકવાથી માંડીને લાહોરમાં લાજપતરાય પર જુલૂસમાં લાઠી વીંઝનારા સોંડર્સનો વધ કરવા સુધીના આરોપો માટે ફાંસીની સજા સંભળાવવામાં આવી.

ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા'માં લખેલા લેખના જવાબમાં ભગવતીચરણે "ભારતીય આઝાદી માટેના બોંબની ફિલસૂફી"નો લાંબો લેખ લખ્યો હતો.. ક્રાંતિની વેદી પર બલિદાન આપીને નવા ભારતની પરિકલ્પના કેવી હોઈ શકે તેની વાત કરતાં સ્પષ્ટ કર્યું હતું કે હિંસા-અહિંસાના પ્રશ્ન કરતાં અધિક મહત્ત્વ આપણી ગુલામીને સમાપ્ત કરવાનું છે.

ભગવતીચરણે લાહોર જેલમાંથી બંદી ભગતસિંહને છોડાવવા માટે સશસ્ત્ર વિકલ્પનો પ્રયાસ કર્યો પણ ૨૮ મે, ૧૯૩૦ના રાવી નદી કિનારે બૉંબની પરીક્ષા કરતાં કરતાં વિસ્ફોટ થતાં તેમણે આહુતિ આપી. 'ઇન્કિલાબ ઝિંદાબાદ!' નો નારો એ વર્ષોમાં દેશભરમાં ગાજ્યો, તેમાં ભગતસિંહ-ભગવતીચરણનું સૌથી મહત્ત્વનું પ્રદાન રહ્યું.

વડનગરની કઈ ગલીઓમાં ભગવતીચરણના પૂર્વજોનું મકાન હશે? આજે તો તે શોધી ભલે ન શકાય, પણ જમીન પર કાન માંડો તો આ વીર વિપ્લવીનો અવાજ સાંભળવા મળશે. ઈન્કિલાબ ઝિંદાબાદ!

**.. અને નરેન્દ્ર મોદી?**

દામોદરદાસ મોદીના સામાન્ય પરિવારમાં જન્મેલા નરેન્દ્ર " સામાન્યથી અ-સામાન્ય" કઈ રીતે બન્યા તે અર્વાચીન ગુજરાત અને ભારતની અદ્‌ભુત કહાણી છે. બાળપણમાં વડનગરમાં અભ્યાસ, પછી પરિભ્રમણ, અમદાવાદમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો નિર્ણાયક પરિચય, પ્રચારક જીવન અને ભારતીય જનસંઘથી ભારતીય જનતાપક્ષનો રાજકીય પુરુષાર્થ, સંગઠન અને શાસન-બંનેમાં નિષ્ણાત નરેન્દ્રભાઈ મોદી આજે વૈશ્વિક સ્તરે લોકતંત્રના પ્રથિતયશ વડાપ્રધાન તરીકે આદર પામી ચૂક્યા છે. રાજનીતિ, સમાજ, શિક્ષણ અને સાહિત્યમાં તેમણે કેડી કંડારી. એમ.એ. સુધી અભ્યાસ કર્યો અને સંઘ-સંસ્કારોની પાઠશાળામાં ઘડાયા. પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી અને પછી ભારતના વડાપ્રધાન! આવાં તેજનક્ષત્રનાં ગૌરવની ભૂમિકા વડનગરમાં નિર્માણ પામી છે.

વડનગરની ભૂમિ પર પગલાં માંડશો અને કેટલાં બધાં સ્થાનોનો હૃદયસ્પર્શી અનુભવ થશે. આ જ છે નગરના વારસો-વૈભવની યાત્રા.

વડનગર, પ્રાચીન કાળથી જ દેવાલયોની નગરી હતું. 'આઈને અકબરી'માં અબુલ ફઝલ નોંધે છે કે અહીં ૩૦૦૦ મંદિરો હતાં! શિવ અને શક્તિનાં ભક્તિકેન્દ્રો. આજેય તેમાંથી સમય પ્રવાહમાં ટકી ગયેલાં દેવાલયો પણ વડનગરના આત્માની પહેચાન કરાવે છે. અંથેરમાતા, શીતળામાતા, છત્રેશ્વરી માતા, આશાપુરી માતા, અંબાજી, સોમનાથ મહાદેવ, વિષ્ણુપુરી, ગૌરીકુંડ, ધૂણેશ્વર, મહાકાલેશ્વર, જલેશ્વર, છબીલા હનુમાન... આ યાદી પણ અધૂરી ગણાય, તેમાંનું એક ભવ્યદિવ્ય આસ્થાસ્થાન છે. હાટકેશ્વર મહાદેવનું મંદિર.

**વડનગર, પ્રાચીન કાળથી જ દેવાલયોની નગરી હતું. 'આઈને અકબરી'માં અબુલ ફઝલ નોંધે છે કે, અહીં ૩૦૦૦ મંદિરો હતાં! શિવ અને શક્તિનાં ભક્તિ કેન્દ્રો. આજેય તેમાંથી સમય પ્રવાહમાં ટકી ગયેલાં દેવાલયો પણ વડનગરના આત્માની પહેચાન કરાવે છે**

### ૧. હાટકેશ્વર મહાદેવ દેવાલય

નગરના પશ્ચિમ છેડે આરતી અર્ચના અને ઘંટારવથી ધમધમતું આ દેદિપ્યમાન સ્થાન છે, જાણે કે આકાશેથી ભગવાન શિવ સાક્ષાત્ હાજર થયા હોય તેવું ભક્તિમય વાતાવરણ! ઊંચેરા શિખર તળે વિરાજિત દેવાધિદેવ ગુજરાતના સાંસ્કૃતિક સોલંકી યુગ (કર્ણદેવ- સિદ્ધરાજ- કુમારપાળ)ની પરિકલ્પનાનો અંદાજ પૂરો પાડે છે.'નાગર ખંડ' અને 'સ્કંદ પુરાણ'માં હાટકેશ્વરનો નિર્દેશ છે. દુનિયાભરનો નાગર સમુદાય તેમના આ કુળદેવતાને અભિષેક કરવા આવે છે. એક સમયે નગર-મધ્યે શર્મિષ્ઠા તળાવ કિનારે આ મંદિરનો મહિમા સ્થાપિત હતો, અને 'ત્ર્યંબકમ યજા મહે...' નો સ્વર ગુંજતો રહેતો.

### ૨. શર્મિષ્ઠા તળાવ

કેવી અદ્‌ભુત કથા છે, આ તળાવની! તત્કાલીન યુગમાં દેશાટન કરવા નીકળતા યાત્રિકો અને મુસાફરો માટે રસ્તામાં સુંદર શિલ્પથી સમૃદ્ધ વાવ અને કૂવા બંધાવવામાં આવતા અને નગર કાંઠે રમણીય તળાવ, તેની આસપાસ શિલ્પ-સ્થાપત્ય-દેવાલયોની પંક્તિબદ્ધ રચના. શર્મિષ્ઠા તળાવ કોણે બંધાવ્યું હશે? પુરાણકથા કહે છે કે સોમવંશી રાજપુત્રીએ અભિશાપને ઓગળવા માટે આ ભૂમિ પર તપસ્યા આદરી. એક સ્ત્રીની તપસ્યા? દેવલોક ખળભળી ઊઠ્યો. છેવટે ભગવાન શિવ સાક્ષાત્ થયા, વરદાન આપ્યું. અભિશાપનું નિર્વાણ થયું, "જનસમગ્ર માટે તળાવ" બાંધવાનો સંકલ્પ થયો તે આ શર્મિષ્ઠા તળાવ! પરંતુ આ એકલું તળાવ નથી, તીર્થ અને વિકાસ-તીર્થ પણ બન્યું. રાજવી દુર્લભરાજે આ તળાવમાં સાભ્રમતી(સાબરમતી)નાં પાણી ઠાલવવાની યોજના અમલમાં મૂકી હતી.

### ૩. ગૌરી કુંડ

ગૌરીકુંડની આસપાસ તો દેવીદેવતાઓનો મેળો ભરાયો છે! આજે વેરવિખેર શિલ્પોમાં મનોહારી કલાની ઝાંખી થાય છે. પણ ઝાંખી માત્ર! મૂળ સ્વરૂપે આ શિલ્પ કેવું ભવ્ય હશે? તેની કલ્પના જ કરવી પડે. લક્ષ્મીનારાયણ, સુંદર સુઘડ પનિહારી, કુબેર સ્વામી, અંધકાસુર-વધ, ભગવાન શિવ, નવગ્રહો, ચતુર્ભૂજ દેવી અને તેના હાથમાં કમંડલ, સૂર્યાણી

દેવી, લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુ, આકાશે વિરાજિત સપ્તર્ષિ, અષ્ટ ઋષિમંડળ, કુર્માવતાર, કાળભૈરવ, મત્સ્યાવતાર, નૃસિંહાવતાર, મર્યાદાપુરષોત્તમ રામ, હળધારી બલરામ, લકુલીશ, સદૈવ વાણીની દેવી સરસ્વતી, બોધિસત્ત્વ, સૂર્ય અને ચંદ્ર, કૌમારી-વારાહી-મહેશ્વરી- વૈષ્ણવી- બ્રાહ્મી... માતૃકાઓના પ્રાગટ્ય...આ બધું જ પથ્થરને સજીવન કરતું શિલ્પકાવ્ય.. આજે તેમાંનું થોડુંક શેષ રહી ગયું છે.

**૪. કીર્તિ તોરણ**

દુનિયાભરના શિલ્પ સૌંદર્ય ચાહકો અને વિદ્વાનો જેનાથી અંજાઈ જાય છે તે છે કીર્તિ તોરણ. સોલંકીયુગમાં (૯૪૨-૧૨૪૨ એ.ડી.) આ વિજય સંકેત આપતું તોરણ બંધાયું હતું. આ કીર્તિ-સ્તંભ વડનગરની અને દેશની શોભા છે. નગરની ઉત્તરે આ સ્તંભો હતા, કેટલાક જળવાયા છે, કોઈપણ પ્રકારના સિમેંટ વિના લાલ અને પીળા પથ્થરોનાં આ શિલ્પને દીર્ઘકાલિન બનાવવા માટે છેક તળિયાથી ટોચ સુધીના આ સ્તંભના પાયા પણ એટલા જ ઊંડા રાખવામાં આવ્યા હતા. ભારતીય સ્થાપત્યકળાનો આ શ્રેષ્ઠ નમૂનો છે.

**૫. તાના-રીરીની સમાધિ**

સૂર, સ્વર અને સમર્પણ ! ભારતીય ઈતિહાસની આ તો છે વિશેષતા. તાના અને રીરી ભગિની-બેલડીથી શ્રેષ્ઠ ઉદાહરણ બીજું શું હોઈ શકે? આ નાગરકન્યાઓની દરેક ક્ષણ સૂરસાધનાની હતી. ભારતીય શાસ્ત્રીય રાગરાગિણીમાં તે બંને બહેનો તન્મય રહેતી. એકવાર સુદૂર દિલ્હીથી રખડતો-રઝળતો, આગમાં સળગતો એક ગાયક વડનગર આવી ચડે છે : અરે, આ તો શહેનશાહ અકબરશાહનાં નવ રત્નોમાંનો એક તાનસેન! તેના નામમાં જ 'તાન'નો આવિષ્કાર હતો! બાદશાહી હઠાગ્રહથી તેણે રાગ દીપક ગાયો, દીવડા તો ચોતરફ પ્રગટયા પણ તાનસેનનો દેહ પણ ભીતરમાં આગની ગરમીથી દાઝવા લાગ્યો. હવે? ઈલાજ તો હતો કે કોઈ રાગ મલ્હાર ગાય, આકાશેથી વાદળો વરસે તો જ આ અજંપાનો અગ્નિ શાંત થાય! પણ કોણ ગાશે મેઘ મલ્હાર? તાનસેને ભ્રમણ આદર્યું. બે હેતુ હતા, એક તો પોતાને શાંતિ મળે અને બીજું, ભારતવર્ષના એ શાસ્ત્રીય રાગ-રત્નની શોધ થાય! તાનસેન ગુજરાત આવે છે. વડનગરની કન્યાઓ વિશે વાત સાંભળી એટલે અહીં આવે છે.. તાના અને રીરીએ મલ્હાર સૂરથી આરંભ કર્યો, ઉનાળે આકાશ ગોરંભાયું, શ્યામ વાદળ ઊમટ્યાં, મેઘનો ગડગડાટ થયો વીજળી ચમકી. અનરાધાર વરસાદ..અને મલ્હારના સૂર! નગરજનોયે સ્તબ્ધ હતા : વૈશ્વિક ચૈતન્યની આવી મોટી સમૃદ્ધિ ભારતીય સંગીતમાં પડી છે અને તેની પ્રસ્તુતિ કરનારી સંગીત સાધિકાઓ આપણા નગરમાં વસે છે ? તાનસેનનો દેહાગ્નિ શાંતપ્રશાંત થયો. બળતરા નષ્ટ થઈ અને બે હાથ જોડીને તેણે આ સૂરસામ્રાજ્ઞીઓનો ચરણવંદન કર્યા... તાના-રીરીએ કહ્યું : બંધુ, આ સંગીત છે ને એ દરબારી ચીજ નથી. ફરમાઈશ અને વાહ-વાહની મોહતાજ નથી.. એ તો અધ્યાત્મનો આનંદ છે ! હવે પછી કોઈ શહેનશાહ ઈચ્છે ત્યારે આપણે આપણી સ્વરસાધનાને ઠાલવવી, એવું કરીશ મા!

તાનસેનની પૂર્વ સ્થિતિ અકબરે જોઈ હતી, તેણે આશ્ચર્યચકિત થઈને તાના-રીરીનું ગાન સાંભળવાની ઈચ્છા જાગી. શહેનશાહે પોતાના દૂતોને વડનગર મોકલ્યા. દિલ્હીના રાજદરબારમાં આમંત્રણ એટલે કેવી મોટી પ્રતિષ્ઠા! તાના-રીરીએ સવિનય ના પાડી એટલે બળજબરીની દિશા શરૂ થઈ. પોતાનાં આત્મસમ્માન અને સંગીતની ઊંચાઈને અજેય રાખવા માટે આ બહેનોએ આત્મ-વિસર્જન કર્યું. તે બે સમાધિ વડનગરની જ નહીં, દેશ-કળાનીયે પ્રતિષ્ઠા-ગરિમા છે.

અને એક બીજી કથા પણ છે, વિધવા તનુમતિ અર્થાત્ તાનાની.

**કોણ હતી આ તાના ?**

દંતકથા- લોકકથામાં જળવાયેલી તાના અદ્‌ભુત શાસ્ત્રીયસંગીતા હતી ! દરેક ક્ષણ તેની સૂર સાધનામાં સમર્પિત રહેતી. કથા કહે છે કે આ વડનગરના નાગર બ્રાહ્મણની પુત્રી હતી. પતિના દેહાવસાન પછી વૈધવ્યને તેણે સંગીતની દુનિયા સાથે જોડી દીધું હતું. નામ તો હતું તનુમતિ. પણ સૌ તેને તાના કહીને બોલાવતા. અને બચપણથી રાગરાગિણીની ઉપાસના એટલે 'રીરી' પણ કહેવાતી. વિધવા હોવાને લીધે સાર્વજનિક રીતે તે ગાઈ શકે તેમ નહોતું. એકવાર, મુઘલ શહેનશાહ અકબરના શાસનમાં 'નવ રત્ન' માંનો એક ગાયક તાનસેન દીપક રાગ ગાવાથી શરીર-દાહમાં પીડાતો થયો અને લગભગ પાગલ બની ગયો. એક સ્થાનેથી બીજા સ્થાને ભટકતો-રખડતો આવી ચડ્યો વડનગરમાં. તાનારીરીના મકાન પાસે ઊભો હતો, ચિત્કારતો હતો, એટલે તાનાના પિતાને લાગ્યું કે આ બિચારો મુસાફર તરસ્યો થયો લાગે છે. તેણે આ મુસાફરને પાણી આપવા તાનાને કહ્યું. તાના દરવાજાની બહાર આવી, તે પારખી ગઈ. પિતાને કહ્યું, "આ મુસાફર પાણીનો તરસ્યો નથી. તેના દેહમાં અસીમ બળતરા થાય છે. જરૂર આ શાસ્ત્રીય રાગનો જાણકાર હશે અને દીપક રાગ ગાયો હશે. દીપક રાગથી દીવડા તો પ્રગટે છે પણ દેહની ભીતર ભયંકર બળતરા શરૂ થઈ જાય છે તેનો ઈલાજ માત્ર મેઘ-મલ્હાર રાગ જ હોઈ શકે.

પિતાએ તાનાને સંમતિ આપી. તેણે મલ્હારની

**અકબરના શાસનમાં 'નવ રત્ન' માંનો એક ગાયક તાનસેન દીપક રાગ ગાવાથી શરીર-દાહમાં પીડાતો થયો અને લગભગ પાગલ બની ગયો. એક સ્થાનેથી બીજા સ્થાને ભટકતો-રખડતો આવી ચડ્યો વડનગરમાં**

સૂરાવલિનો આરંભ કર્યો. દિગ્મૂઢ તાનસેન જાણી ગયો હતો કે મારાથીયે શ્રેષ્ઠ સ્વરસાધિકા નજરની સામે છે. તેણે છેડેલો મેઘમલ્હાર રાગ છે..હા, આકાશ ગ્રીષ્મના તપતા દિવસે ઘેરાયું. શ્યામ વાદળાં ઊમટ્યાં. વીજ ચમકાર થયો. મેઘનો ગડગડાટ શરૂ થયો..અનરાધાર વરસાદ...

તાનસેને તાનારીરીને કહ્યું : બસ, હવે મારી આગ શાંતપ્રશાંત થઈ. થોભી જા હવે..મલ્હાર રાગનું અતિક્રમણ થશે તો..

અને થયું તેવું જ. વરસાદની સાથે બરફ વરસવા માંડ્યો. તન્મય તાનારીરી તો મલ્હારની દુનિયામાં ઓતપ્રોત હતી. બરફની ચાદર પથરાઈ ગઈ અને તે હિમશિલા બની ગઈ આપણી આ નાગરિકાઓ તાનારીરીને એક લોકકથા નરસિંહ મહેતાની સાથે જોડે છે. નજીકના વાલમ ગામમાં કુંવરબાઈનું મામેરું થયાની કહાણી છે.

મહાકાલેશ્વર મંદિરની પાસે તાનારીરીની સમાધિ છે.

સમયના પ્રવાહમાં નામ અને સ્થાન ભૂંસાઈ જાય છે. ''નામ ગૂમ જાયેગા, ચહેરા યે બદલ જાયેગા... મેરી આવાઝ હી પહેચાન હૈ!'' વડનગરમાં આ સમાધિ એ જ સત્યને ઉચ્ચારે છે- તાના, રીરી કે તનુમતિ : સ્વરની તેની સાધના અખંડ છે, સનાતન છે. આજે પણ તાના-રીરી ઉત્સવથી રાજ્ય સરકાર તેને સમુચિત શ્રદ્ધાંજલિ અને આદરાંજલિ અર્પે છે. ખ્યાતસુખ્યાત શાસ્ત્રીય કલાકારો અહીં સંગીત-સમૃદ્ધિ ઠાલવે છે.

### વૈભવ વડનગરનો

પુરાતત્ત્વ, પુરાણ, સાહિત્ય, સંગીત, સ્થાપત્ય અને નગરજીવનની આગવી શૈલીનો અતીત લઈને બેઠું છે વડનગર.

### પ્રાચીનતમ પુરાતત્ત્વનું સ્થાન

વડનગરમાં પુરાતત્ત્વીય ખોદકામે સંસ્કૃતિ અને સભ્યતાનાં અનેક સત્યને ઉજાગર કર્યાં. છઠ્ઠી-સાતમી સદી (AD) નાં ધાતુપાત્રો દર્શાવે છે કે આ નગર હા, આનર્તપુર અને આનંદપુર નામે વૈભવી નગર હતું. ''જ્ઞાનની પરંપરા જાળવવી તે અહીંના બ્રાહ્મણોનો મુખ્ય આશય રહ્યો.'' (પુરાવિદ્ પ્રા.આર. એન.મહેતા) કુમારપાળ-પ્રશસ્તિમાં તેનો સુંદર નિર્દેશ છે. હ્યુ-એન-ત્સાંગના વર્ણનથી નાગરખંડ (તીર્થ મહાત્મ્ય) સુધીનો નિર્દેશ નગરનું વર્ણન કરે છે. ઈસુ પૂર્વે બીજી-ત્રીજી સદીના અવશેષો પણ પ્રાપ્ત થયા, તેના પરથી પુરાવિદો અનુમાને છે કે મધ્યકાળ કરતાં પણ ઈ.સ.ની પ્રથમ સદીમાં વડનગરની જાહોજલાલી અધિક હશે. છઠ્ઠી સદીમાં તે 'નાગરકા' કહેવાયું.

**છઠ્ઠી - સાતમી સદી (AD)નાં ધાતુપાત્રો દર્શાવે છે કે આ નગર હા, આનર્તપુર અને આનંદપુર નામે વૈભવી નગર હતું. "જ્ઞાનની પરંપરા જાળવવી તે અહીંના બ્રાહ્મણોનો મુખ્ય આશય રહ્યો"**

વડનગરની પૌરાણિક ખ્યાતિ દેવાલયો અને સાહિત્યને લીધે પણ રહી. જૈન મહારાજ ભદ્ર બાહુ(ઈ.સ.પૂર્વે પાંચમી સદી) એ ''કલ્પસૂત્ર'' જેવો ખ્યાત ગ્રંથ અહીં બેસીને લખ્યો.

ગુજરાતની ખ્યાત પરંપરિત ભવાઈ માટે જાણીતી તરગાળા જ્ઞાતિનાં ૧૦૦ જેટલાં ઘરો વડનગરનાં 'ભાવસાર-વાસ'માં હતાં.

ઈતિહાસ અને સમાજજીવન અહીં અનેક કથા-ઉપકથા અને તેનાં સ્થાનોને વ્યક્ત કરે છે. એક સમયે વડનગરનો મજબૂત કિલ્લો હતો! ૧૫૨૦માં રાણા સાંગા અને મુઝફ્ફર બીજા વચ્ચે લડાઈ થઈ ત્યારે રાણાએ ''વડનગર અને તેના નિવાસી બ્રાહ્મણો''ને સુરક્ષિત રાખ્યા અને આ શહેર પર આક્રમણ કર્યું નહીં. જોશી વેણીના પુત્ર વિષ્ણુજિકાએ 'અર્જન-બારી પ્રશસ્તિ' લખી તે મુઘલકાલીન રાજ્ય વ્યવસ્થાનો અંદાજ પૂરો પાડે છે.

ગાયકવાડની વિદ્યાપ્રીતિએ વડનગરને પણ ગ્રંથાલય-શાળા-મહાશાળા સાથે જોડ્યું. અહીંનું શેઠ ભોગીલાલ ચંદુલાલ વિદ્યાવર્ધક પુસ્તકાલય છેક ૧૯૦૫ના વર્ષનું છે! મરાઠી, ઉર્દુ, હિંદી અને ગુજરાતી પુસ્તકોનો તે ભંડાર છે. વિદ્યાપ્રીતિની આ મહેકથી વડનગર જીવંત રહ્યું છે. તરુણ નરેન્દ્ર મોદી આ પુસ્તકાલયના નિયમિત વાચક હતા.

આ છે આપણું વડનગર! ગુજરાતનું પ્રાચીન-અર્વાચીન ગૌરવસ્થાન વડનગર... અહીં દરેક પગલે- ધૂળિયા શેરી કે પાકા રસ્તા, તળાવ કિનારે કે દેવાલયના દર્શને, પુરાતત્ત્વ ખોદકામનાં ખંડિયેરોમાં અને તોરણની મુલાકાતે..સર્વત્ર વિરાસતનું વટવૃક્ષ અનુભવાય છે.

*અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકદામી,*
*અભિલેખાગાર ભવન, સેક્ટર - ૧૭*
*ગાંધીનગર. મો. ૯૪૨૭૮૦૪૭૨૨*

# પીર શમ્સકૃત 'હંસ-હંસલીની વારતા' : મોક્ષપ્રાપ્તિની ઇસ્માઇલી કથા

- બળવંત જાની

**હું** સાત-આઠ વર્ષનો હોઈશ. પડોશમાં અમારી નજીક નિમજી આણંદજી ચારણિયાનું ઘર હતું. બાજુમાં રજબઅલી ધારશી પરાણીનું. મારા દાદાજી પોપટલાલ જીવરામ જાની અમારા ગામમાં કમળાપુર (તા. જસદણ, જિલ્લો રાજકોટ) ત્રણ-ચાર ખોજા, ઈસ્માઇલી નીમજીબાપુ, રજુબાપુ, ઈસાબાપુ અને ખુશાલબાપુ ખાસ મિત્રો હતા. પાંચમા નગરશેઠ નરશીબાપુ અને ક્યારેક અમારી ઓસરીમાં સાંજના સમયે આ છ-સાત મિત્રોની મંડળી એકઠી મળે. ધર્મની, સમાજની વાતો થાય. ખોજાનું જમાતખાનાનું અત્યંત રમણીય બાંધણીનું ભવન અમારા ગામની શોભા હતી. એના જેવું ભવ્ય જમાતખાનું અન્ય સ્થાને ન હતું. એની બાજુમાં ખૂણામાં ખાનેશ્વર મહાદેવનું મંદિર. એ મૂળ મંદિરનો નાનકડો ઓટો અકબંધ રાખીને બાજુમાં જમાતખાનાનું નિર્માણ થયેલું. જોકે એ મહાદેવનું નામાભિધાન અમારા દાદાએ 'ખાનેશ્વર મહાદેવ' રાખેલું. મારા દાદાજીને કમળાપુરના ઘણા ઈસ્માઈલ વેપારીઓ સાથે દોસ્તી. મારા દાદાજી હંટરટ્રેનિંગ કૉલેજમાંથી દીક્ષિત થઈને વર્ષો સુધી કમળાપુરમાં શિક્ષક તરીકે રહેલા. બધા ઈસ્માઈલી એમને પોપટમાસ્તર તરીકે જ સંબોધે. એમનું માન-સન્માન પણ ખૂબ. ૧૯૫૨થી મોટાભાગના ઈસ્માઈલીઓ કરાંચી-પાકિસ્તાન ભણી નીકળી ગયેલા. છેલ્લે તો રજુબાપુ, મોતીબાપુ, ખુશાલબાપુ, અને ઈસા નાનજી એમ પાંચ-છ કુટુંબો જ રહેલા. પણ એ બધાના પત્રો સતત આવતા. નિમજીબાપુ તરફથી દર વર્ષે દિવાળી પછી ધોતિયું અને મલમલનું ઝભ્ભાનું કાપડ ભેટસ્વરૂપે આવે. આ પછી એમના સંતાનો પણ બરકતભાઈ, હબીબભાઈ આદિએ પરંપરાને જાળવી રાખેલી.

> **મારા દાદાજી હંટરટ્રેનિંગ કોલેજમાંથી દીક્ષિત થઈને વર્ષો સુધી કમળાપુરમાં શિક્ષક તરીકે રહેલા. બધા ઇસ્માઇલી એમને પોપટમાસ્તર તરીકે જ સંબોધે. એમનું માન-સન્માન પણ ખૂબ. મોટા ભાગના ઇસ્માઇલીઓ કરાંચી - પાકિસ્તાન ભણી નીકળી ગયેલા**

બાલ્યાવસ્થાના એ દિવસોમાં મારા મનમાં એક સાંજનું દૃશ્ય અકબંધ રીતે જળવાયેલું પડેલું. ખુશાલબાપુની દુકાને હું દાદાજી સાથે બજારમાં નીકળેલો અને બેસેલો. ભાડલાથી કોઈ નાનજી સવજાણી નામના ઈસ્માઈલી બુઝુર્ગ આવેલા અને તેઓ 'હંસ-હંસલીની વારતા અને મૂળબંધનો અછોડો' સમજાવતા - કહેતા એમની પાસેથી પીળા પૂંઠાવાળી નાનકડી ચોપડીમાંથી વચ્ચે-વચ્ચે વાંચે અને કથે. સાંજનું એ દૃશ્ય મારા હૃદય ગહ્વરમાં ભંડારાયેલું. જતી વખતે એ ચોપડી મારા દાદાજીને આપતા કહેલું કે 'પોપટમારાજ નિરાંતે આખી વાંચજો'. મારા દાદાજીના પુસ્તકસંગ્રહમાં એ આજ સુધી સચવાયેલી. એનો મૂળ ઢાળ મનમાં છે પણ કોઈ જૂના ઈસ્માઈલી પાસેથી પુનઃ શ્રવણવાન કરવાની ઝંખના છે. કૅનેડામાં કોઈક ગાય છે એવા સમાચાર મને અમારા પરમ સ્નેહી પ્યારઅલી જીવા પાસેથી મળ્યા છે. કૅનેડાનિવાસી વિશ્વખ્યાત ગાયક સન્મિગ અલી સુંદરજી પણ ગાયકને ખોળે છે. વર્ષો પછી મને એ કથાકૃતિનો અભ્યાસ પ્રસ્તુત કરવાની ઈચ્છા થઈ એટલા માટે કે ઈસ્માઈલી પરંપરાના દીર્ઘ આખ્યાનમૂલક ગુજરાતી કથાકૃતિઓ વિશે બહુ સ્વાધ્યાય અને સંશોધન થયાં નથી. આપણી મધ્યકાલીન સાહિત્યની પરંપરામાં ચારણી અને ઈસ્માઈલી પરંપરાના આખ્યાન સદશ રચનાઓનો પરિચય પણ ઉમેરાવો જોઈએ.


મારા દાદાજીની પાસે સચવાયેલી મુક્તિ જૂની આવૃત્તિ-પ્રત અહીં સંપાદિત કરી છે. મૂળ પ્રતની જોડણીમાં-લિપિમાં કોઈ શુદ્ધિ-વૃદ્ધિ કરી નથી. સાંપ્રતકાળે જીવંત પરંપરામાં આનો પાઠ સાંભળવામાં આવે, તો કંઠસ્થપરંપરાનું રૂપ અવલોકવાનું શક્ય બને 'ગોવરચંદનો આખિયાંન'માં એ શક્ય બનેલું. અહીં મૂળ જૂની મુદ્રિત પ્રતને જ વફાદાર રહીને સંપાદિત



કરીને એની વિષયસમગ્રીનો આસ્વાદ તથા એમાંના કથાઘટકોનો પરિચય કરાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

હજરત પીર શમ્સની મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આખ્યાનના કુળની ૫૦૪ કડીની મધ્યકાલીન ગુજરાતી 'પ્રહ્‌લાદાખ્યાન'ને મળતી જ આ રચના છે. અહીં ભક્તપ્રહ્‌લાદની જ કથાને ભક્તિના માહાત્મ્યના સ્વીકાર માટે પસંદ કરવામાં આવી છે. પરંતુ ઈસ્માઈલી પરંપરામાં આ કથા એક વિશિષ્ટ અને નવા-જુદા જ અર્થદર્શન સાથે તેઓ આલેખે છે. અહીં સત્તાની પ્રાપ્તિ પછી રાજવી બનેલો પ્રહ્‌લાદ પણ મૂળ ધર્મને, એના સાહજિક માર્ગને ભૂલવાની, વિપથગામી બનવાની ભૂલ છે. પાછળ આવું કથાકથન આયોજન કરવાનો હજરત પીર શમ્સનો મુખ્ય આશય એ જણાય છે કે સત્તા એક ભારે મોટું દૂષણ છે, અધ્યાત્મ સાધનામાં બાધકરૂપ છે. એનું વળગણ મોહ અને મદથી માનવીને ભાન ભુલાવે છે. પરંતુ મૂળ આત્મા જો પોતે જ ઉચ્ચ હોય, ભક્તિ અને ભગવાનને વરેલો હોય તો અંતે એ વિનિપાતથી બચે છે. આમાં નિમિત્ત રૂપે હંસ-હંસલી બને છે. આમ મૂળ કથાનું અહીં ઈસ્માઈલ પરંપરામાં સર્વથા ભિન્ન એવું રૂપાન્તરણ છે તે સકારણ છે એટલું જ નહીં પરંતુ પ્રતીતિકર પણ છે. સાથે સાથે મૂળ હિન્દુધર્મની જે શ્રદ્ધા-આસ્થા છે, તત્ત્વજ્ઞાન છે તેનો જ આધાર આ નીજારી પરંપરાથી પણ જળવાયો જોવા મળે છે. ભારતીય તત્ત્વમતની દૃષ્ટિએ 'હંસ' આત્માનું પ્રતીક છે, એ શ્વેત છે, શુભ્ર છે, કેવળ મોતીનો ચારો ચરે છે. એટલે કે આત્મા પોતે હકીકતે એક વિશુદ્ધ તત્ત્વ છે, વિમુક્ત છે,

**સાચી સાત્ત્વિક અને ધર્મનિષ્ઠ જમાત કેવી હોવી જોઈએ અને આવી જમાતના મિત્ર, પથદર્શક અને ધર્મદિશા દેખાડનારા ગુરુ જેવા મુખી પણ કેવા હોવા જોઈએ તે આદર્શને પણ અહીં આ આખ્યાનક તત્ત્વબોધાર્થસભર કથાકૃતિમાં આલેખવામાં આવ્યો છે**



અમર્ત્ય ઈશ્વરની જ નજીક છે અને પ્રક્ષેપોથી મુક્ત બનેલો આત્મા બીજી કોઈ જ છાયા મોહમાયાને પોતાના પર પડવા દેતો નથી. 'શુદ્ધ મોતીનો ચારો'નો આવો નિહિત અર્થ છે. પ્રક્ષેપ્તથી મુક્ત એવો આત્મા મોહ-માયા-મદ-મત્સર જેવા છ રિપુઓથી સંપૂર્ણપણે સુરક્ષિત છે. મૂળ ભક્તના વિશુદ્ધ આત્મા પર સત્તામદનો ઓછાયો પડે ત્યારે એ પ્રક્ષેપનો ભોગ બને, પોતાના મૂળ સ્વરૂપની પ્રતીતિ ગુમાવે, ઓળખ ગુમાવે, મોહાદિનો ભોગ બને, એટલે એનો વિનિપાત થતો જાય. પરંતુ મૂળ સ્વત્ત્વ-તત્ત્વ પડ્યાં હોય તો કોઈક જાગૃતિની પળે એનો હંસરૂપી આત્મા ફરી મૂળ સ્વરૂપની પ્રતીતિ પામે છે. આવો આધ્યાત્મિક અર્થસંદર્ભ અહીં હંસ-હંસલીની કથાના સંદર્ભે અવલોકી શકાય છે. મને એ રીતે આ ઈસ્માઈલ ભારે રસપ્રદ અને અર્થપૂર્ણ જણાયું છે.

આ સાથે જ અહીં કથાનકમાં એના રચયિતા ઈસ્માઈલી સંપ્રદાયના 'મુખી' અને 'જમાત'ના શુદ્ધ સંસ્થારૂપને પણ સાંકળી લીધેલ છે. મુખી જમાતનો મુખ્યા છે, માર્ગદર્શક છે, સત્યશોધક અને સત્યનિષ્ઠ છે, એ ક્યારેય કોઈ પણ બાહ્ય સત્તાના દોર દમામને, એના ભયને કે લોભ લાલચને વશ થતો નથી. એની આ શક્તિ એમને એની 'જમાત'માંથી જ મળે છે. એ જમાત પોતે પણ જો કોઈ મોહ કે ભયને વશ થાય એવી ન હોય, ગમે તે પરિણામ આવે તે ભોગવવા તત્પર રહીને ન્યાય અને સત્યના ધર્મમાર્ગને ત્યાગ ન કરે એ અનિવાર્ય છે. તો જ એનાં જ બળ-સામર્થ્ય એના મુખીનાં બળ-સામર્થ્ય-નિષ્ઠા-નીડરતા બની શકે છે. આવી સાચી સાત્ત્વિક અને ધર્મનિષ્ઠ જમાત કેવી હોવી જોઈએ અને આવી જમાતના મિત્ર, પથદર્શક અને ધર્મદિશા દેખાડનારા ગુરુ જેવા મુખી પણ કેવા હોવા જોઈએ તે આદર્શને પણ અહીં આ આખ્યાનક તત્ત્વબોધાર્થસભર કથાકૃતિમાં આલેખવામાં આવ્યો છે.

જમાત અને મુખીમાં સમાજ અને સત્તા સામે, કોઈ પણ પ્રતિષ્ઠિત વગદાર એવી સત્તા સામે પણ નિર્ભય બનીને તેનો સામનો કરવાનાં મૂળ નીજારી ઈસ્માઈલી પંથની સ્થાપનાના પાયામાં પડેલો છે. આ સંઘર્ષગાથા અડગતાના પાયામાં સદરુદીન પીર છે. ઈ.સ. ૧૪૩૦માં તેમની નિમણૂક ઘેલમી ઉપદેશક તરીકે થઈ અને નિજારી ધર્મ કે મહાપંથની પાટપૂજાની જે ઉપાસના હતી, એ સાથે

સંલગ્ન એવી ધાર્મિક ક્રિયાઓ અને ઉપદેશક કથાઓ તથા ભજનવાણીના આગમાદિના પ્રકારો હતા એનો પણ ઈસ્માઈલી પંથમાં સ્વીકાર થયો. આ મોટામાં મોટું અકલ્પ્ય સંઘર્ષ વહોરી લેતું પગલું હતું. પીર શમ્સના અનુગામી તરીકે એમને આ સંસ્કાર ગળથૂથીમાં મળ્યા અને મહાભારતના કુંતા-દ્રૌપદી-સહદેવ સાથે જ હરિશ્ચન્દ્ર તારામતી-ભક્ત પ્રહ્લાદ વગેરે ચરિત્રો પણ આ પંથમાં પણ દૃષ્ટાંત તરીકે આદર્શ મનાયાં. મધ્યકાળમાં જે કંઈ સાહિત્ય પ્રકારો ભક્તિપ્રધાન ગુજરાતી સાહિત્યના હતા, જેવાં કે આખ્યાન, જ્ઞાનાશ્રયી કવિતા, ભક્તિપ્રધાન રચનાઓ અને ભજનો તે આ પંથમાં તે જ રીતે પંદરમી જ સદીના નૂર સતાસાગર દ્વારા નિઝારી ઈસ્માઈલી સંતપરંપરામાં ઊતરી આવ્યાં. જ્ઞાનાત્મક પદ રચના, વેદાંતચર્ચા, અધ્યાત્મવાદ અને સિદ્ધાંત વગેરે 'ગિનાન' એટલે કે 'જ્ઞાન' નામકરણ રૂપે ઓળખાયા. સાંજી, પ્રભાતિયાં, ધોળ વગેરે પ્રકારો તથા તેમાં પ્રયોજાતા ઝૂલણા, હરિગીત જેવાં છંદો અને ઢાળો પણ ઈસ્માઈલી દ્વારા જમાતખાનામાં ગવાતાં રહ્યાં. એ પ્રજાએ મૂળ ઢાળ ગાનમાં આજે પણ જાળવી રાખ્યા છે. આપણે ગુમાવી દીધા છે.

**'ગિનાન' જેમ વિશેષ એવી જાણીતી કે વર્ગ સંજ્ઞા પ્રચલિત બની તેમ રવેણી આગમ - ગુરુમાહાત્મ્યાદિ પણ આ પરંપરામાં આવ્યાં અને તે માટે તથા જ્ઞાન અને અધ્યાત્મના પાયાના સિદ્ધાંતનું નિરૂપણ કરતા**

'ગિનાન' જેમ વિશેષ એવી જાણીતી કે વર્ગ સંજ્ઞા પ્રચલિત બની તેમ રવેણી-આગમ-ગુરુમાહાત્મ્યાદિ પણ આ પરંપરામાં આવ્યાં અને તે માટે તથા જ્ઞાન અને અધ્યાત્મના પાયાના સિદ્ધાંતનું નિરૂપણ કરતા તત્ત્વજ્ઞાનાશ્રયી પ્રકારો માટે નવી જુદી સંજ્ઞાઓ પ્રયોજાતી થઈ, મારી દૃષ્ટિએ કથાત્મક સંદર્ભ 'મૂળબંધ' અને 'અછોડો' આવી સંજ્ઞાઓ છે. શબ્દકોશગત અર્થ કે વ્યવહાર પ્રયુક્ત અર્થથી આવા ભક્તિપ્રધાન કથાશ્રયી કાવ્યસ્વરૂપમાં પ્રયોજાતા 'મૂળબંધ' અને 'અછોડો'ના અર્થ ભિન્ન છે. ઈસ્માઈલી પરંપરાના પોતીકાં છે.

આટલી ભૂમિકા પછી એવં હજરત પીર શમ્સની 'મૂળબંધનો અછોડો યાને હંસ-હંસલીની વારતા' નામક કુલ ૫૦૪ કડીની આખ્યાનમૂલક વાર્તા રૂપની કૃતિની વિષયસામગ્રી સંક્ષેપમાં અવલોકીને આ કથાના કુળ-મૂળ અને પ્રયુક્ત કથાઘટકો તપાસવાનો અને એનો પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

**વિષયસામગ્રીનો પરિચય**

ઈમામ કેવળાશીને સદગુરુ જાણો અને નરનંદ ગોકુળના ગોવિંદના ગુણ ગાઓ. શૂન્યકાળમાં તે બાળકનું વીમરસ હતું તે પ્રમાણ (આધારરૂપ મૂળ ગ્રન્થ)માં જણાવ્યું છે. ગુરુ શમ્સે આ વિશે ચિંતન કરી જાણ્યું છે કે તે વીમરસ પ્રમાણમાં લખ્યું છે. આ ગુરુનર તે જ અલી છે, તે કેવળાશી સતગુર બ્રહ્મા પ્રમાણ છે. (એ અનુસાર) પ્રથમ કહેતા (કૃત) યુગમાં આવ્યા પછી શૂન્યકાળમાં તે ઈમામ કેવળાશી તરીકે ઓળખાયા. એ કૃતયુગમાં સતગુરુ બ્રહ્માજી તરીકે ઓળખાયા અને તેમના વડે સજીવ સૃષ્ટિની ઉત્પત્તિ કરવામાં આવી અને શૂન્યકાળ (=અકાલ, નિરંતર વ્યાપ્ત કાળનું આદિ)માંથી ચાર કલ્પની રચના કરી અને ત્યાં અનંત કરોડી અવતાર ધર્યો. હરિના અપ્રગટ (ગુપ્ત) રૂપના આરંભ-અંતને કોઈ જ સીમા નથી તેની જ સાક્ષી આ કથાકૃતિ 'મૂળબંધ'માં સાર રૂપે છે. શૂન્યકાળમાંથી જ્યારે ગુરનર દ્વારા ચાર કલ્પની રચના કરી ત્યારે અનંત દેવે અવતાર લીધો અને પછી ચાર કલ્પની રચના કરીને હરિએ અવતાર ધર્યો. તેમણે નૃસિંહના રૂપ ધારણ કરીને ભક્તને ઉગાર્યો. 'મૂળબંધ'ની વાત આ કડવક (કડવાં, કડીઓમાં દર્શાવ્યા) માં લખી પછીના પ્રમાણરૂપ કડવાં લખ્યા છે. હે મુનિવરો, તમે શમ્સની વાણી સાંભળો અને તેમાં આલેખાયેલી-કહેવાયેલી ભક્ત પ્રહ્લાદની કથા (વખાણ, વ્યાખ્યાન, આખ્યાન) છે તે હવે સાંભળો.

પ્રહ્લાદનો જ્યારે જન્મ થયો ત્યારે મહારાજ હિરણ્યકશ્યપ દેવનંદ નામના જોશી (બ્રાહ્મણ)ને (જન્મના ગ્રહ, જન્માક્ષર અને ભાવિ જાણવા) મળ્યા અને કહ્યું, 'દેવચંદ જોશી, સાંભળો આજ રાતે મારે ત્યાં પુત્રનો જન્મ થયો છે. તેની જન્મોતરી બનાવો. એનું નામ ગોતી આપો.' (જોશીએ જન્માક્ષર માંડી જણાવ્યું કે બાળકનો જન્મ) મૂળનક્ષત્રમાં માગશર માસની આઠમે થયો છે. હે હિરણ્યાકંસ (હિરણ્યકશ્યપ) સાંભળો. આ પુત્રથી તમારો ઘાત થશે.' જ્યારે રાણીને મહેલમાંથી શીખ, આવી સલાહ આપવામાં આવી ત્યારે હરિ એની વહારે આવ્યા. રાણીને વનવાસ આપ્યો ત્યારે એમની પાસે નારાયણ આવ્યા, નૃસિંહ (નરસંગ) આવ્યા અને બાળક તરીકે જન્મેલા પોતાના ભક્તની રક્ષા કરવા ગુપ્ત રીતે ત્યાં સમીપે જ રહ્યા. રાણી જેનું નામ કેસર હતું તે કજલી (કદળી) નામના વનમાં આવ્યાં. રાત થતાં વાનર-રીંછ હાહાકાર વરતાવવા લાગ્યા. (બાળક ત્યારે ત્રણ વાસાનું-દિવસનું- હતું) ત્યારે માગશર સુદ

અગિયારસ આવી. પ્રહ્‌લાદનો જન્મ (ઉછેર આમ) વનવાસમાં થયો ત્યારે હરિએ પોતે જ સુયાણી રૂપ લીધું અને કેશર પાસે આવી બેઠા. રાણી બોલ્યાં, 'આ વનમાં તો કોઈ દાસ-દાસી નથી (ત્યાં અહીં આવી ચડેલી) તું કોણ છે ?' તે બોલી; 'હું સુયાણી છું. મારું નામ અજબ સુયાણી છે.' કેશરરાણી આ સાંભળી હરખાયાં. આ સાથે માગશર માસની આઠમ અને બુધવારે મૂળ નક્ષત્ર હતું. ને સૂયાણી બનેલા હરિએ પ્રસૂતિ કરાવી, જન્મતા બાળકની નાડ કાપી. આમ હરિ છ રાત સુયાણી બનીને રહ્યા ને સેવા કરી. આસોપાલવના વૃક્ષે પારણું બાંધ્યું. કામધેનુનાં દૂધ પાયાં. ગાયના ગોવાળિયા રાજા પાસે આવ્યા ને કહ્યું, 'રાજાજી, વનમાં એક બાળક રમે (ઉછરે) છે. તે બાળક રૂડું-રૂપાળું અને રળિયામણું છે. આપ એને મહેલમાં રાખો.' આ વાત સાંભળી રાજા શિકારે ચડ્યા ત્યાં અનેક રૂમી-હબશી (=ભીલ) મળ્યા. રજાના હાથી ઘોડા ભાગ્યા. ત્યારે રાજાએ બ્રાહ્મણને પૂછ્યું આ બધું શું થયું ? હાથી ઘોડા કાબૂમાં કેમ રહેતા નથી અને ભાગી છૂટે છે.' જોશી કહે 'હે રાજા, તમે ફરી વનમાં જાવ અને સ્તુતિ કરી (ભીલોની આધીનતા સ્વીકારો' ત્યારે રાજાજી ફરી વનમાં ગયા, એક રાત વનમાં રહ્યા અને ઘણી વિનંતી કરી બાળકને વનમાંથી નગરમાં લાવ્યા. કાશ્મીરની મધ્યમાં, ક્ષીર સાગર પર રાજા હિરણાકંસનું રાજ છે. રાજાએ પંડિતને કહ્યું, 'વિચારીને કુંવરનું નામ પાડો' જોશીએ જોશ જોયા અને કહ્યું, 'રાજાજી, આનું નામ પ્રહ્‌લાદ પાડો પણ આ કુંવર તમારા કામ વણસાવશે. આથી આ કુંવર અણમાનીતી રાણીના હાથમાં મૂકો. એ કુંવરની ઘાત કરશે. (જોશીએ પંડિતે રાજાજીને આવું ઘણું કહ્યું. રાજાએ ઘણું ખાધાખરચ (પુરસ્કાર, દાન) આપ્યું જગો નામનો જોશી મુલતાનમાં વસતો હતો.

**'આ કુંવર તો તમારો જ ઘાત કરશે. જેના ઘરે ઉગમણેથી આથમણે સુધીનું રાજ્ય છે, લાખો હાથીઘોડા છે તે રાજા હિરણાકંસ જ મોટો દેવ છે. હે કુંવર, તું એની સેવા કેમ કરતો નથી ?' ત્યારે કુંવરે કહ્યું; 'જગતમાં આવા રાજાઓ તો કાયમ આવે છે અને જાય છે**

પ્રહ્‌લાદ જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે પાટી લઈને ભણવા ગયા. બહુ નિશાળિયા ભણતા હતા એ નિશાળમાં કુંવર પ્રહ્‌લાદ આવ્યા. ત્યાં બધા જ (નિશાળિયા) હિરણાકંસનું નામ જ ભણતા હતા પરંતુ કુંવર નૃસિંહનું નામ લેવા લાગ્યો. નૃસિંહ સિવાય બીજું કોઈ નામ એની જીભે ચડતું ન હતું. શિક્ષકે હિરણાકંસનું નામ લખવા કહ્યું ત્યારે કુંવરે નૃસિંહનું નામ લખ્યું. સર્વેને પણ મારી મારી કુંવરે તત્કાળ નૃસિંહનું નામ લખાવ્યું. શિક્ષક પાછા ફર્યા બીજું જૂઠું જ કામ પ્રહ્‌લાદનું જોયું અને વિચાર્યું, 'આ કુંવર તો મોટા કાળ જેવો છે. એણે તો મારી આખી નિશાળ વણશાણી, બગાડી નાખી આમ વિચારી એણે કુંવરને કહ્યું, 'તું કેમ ભૂલ કરે છે ? તારા બાપનો જે દુશ્મન છે એનું નામ તું લખે છે, અને બધા પાસે લખાવે છે.' ત્યારે કુંવરે શિક્ષકના માથે પાટી મારી કહ્યું; 'અલ્યા પંડિત, હરિને વળી દુશ્મન કહેવાય ? જેણે આ ધરતી, આકાશ, પવન, પાણી, પ્રકાશ, જીવસૃષ્ટિનું સર્જન કર્યુ (એને દુશ્મન કહેવાય ?) હરિના ચરિત્રનો કોઈ અંત નથી. હરિના નામથી તો આપણા શરીરનાં અંગ પાવન થાય છે. એને હે અંધ ! તું દુશ્મન કેમ કહે છે ?' શિક્ષકનું માથુ ફૂટ્યું, લોહી વહેવા લાગ્યું. બધા બ્રાહ્મણો ભેગાં મળી રાજદરબારમાં ગયા અને પોકારવા લાગ્યા; અરે રાજા તારા કુંવરે બ્રાહ્મણની હત્યા કરી છે. બ્રાહ્મણના માથામાં પાટી મારી છે. એના માથામાંથી લોહી ટપકે છે. હવે તમે જ કહો રાજાજી આવા કુંવરને પંડિત (શિક્ષક) શું કરે ? હે રાજા, તારો જ જે દુશ્મન છે તે હરિનું તમારો કુંવર નામ લે છે. પચાસ વાર પાટીમાં લખાવ્યું તો બધીમાં શ્રીનૃસિંહનું નામ લખ્યું. 'પંડિતે ત્યારે કહ્યું, 'તું હરિનું નામ લેવાનું તજી દે. એનું નામ લખવાનું તારે શું પ્રયોજન છે ? 'ને ત્યારે એણે માથામાં પાટી મારી.' આ સાંભળી હિરણાકંસને રીસ ચડી. દશ-વીસ જણને કુંવરને પકડી લાવવા મોકલ્યા.' તમે કુંવરને પકડી લાવો. કહો કે તારા પિતા બોલાવે છે. અમે જ એને જે વાત બની તે પૂછીને જાણીએ.' આથી કુંવર જ્યાં પાટી લઈને જતો હતો ત્યાં જઈ કુંવરને કહ્યું, 'કુંવર, તમે અમે કહીએ છીએ એ પ્રમાણે કરો. તમે જેનું નામ લખ્યું છે તે તમારા પિતાનો દુશ્મન છે. ત્યારે કુંવરને રીસ ચડી અને દશ-વીસ પાટી પંડિતને મારી જે કારણે વેદની વાણી પણ બળી જાય તેને ગુરુને માર્યાની હત્યા લાગે. ત્યારે હવે બ્રાહ્મણે કહ્યું, 'આ કુંવર તો તમારો જ ઘાત કરશે. જેના ઘરે ઉગમણેથી આથમણે સુધીનું રાજ્ય છે, લાખો હાથીઘોડા છે તે રાજા હિરણાકંસ જ મોટો દેવ છે. હે કુંવર, તું એની સેવા કેમ કરતો નથી ?' ત્યારે કુંવરે કહ્યું; 'જગતમાં આવા રાજાઓ તો કાયમ આવે છે અને જાય છે. રાજાનું મૃત્યુ થાય છે. રાજ્ય ફના-ખુવાર થાય છે. તમને બધાંને જેણે સર્જ્યાં છે તે નૃસિંહ ભગવાન પોતે જ શ્રીનારાયણ છે. એ પ્રભુ જ મારા પ્રાણમાં વસે છે. દુષ્ટ એવા રાજાનું મુખ અમે શા માટે જોઈએ ? 'કુંવર

આવાં વચન બોલ્યા ત્યારે થયું આવા કુંવરનું નામ જ લેવા જેવું નથી. પ્રહ્લાદનું તો ચિત્ત જ ફરી ગયું છે કે તે ઘેલી-ઘેલી વાતો કરે છે.

પછી કુંવર રાજદ્વારે આવ્યો. જમ જેવો હિરણાકંસ ઊભો થયો ને પ્રહ્લાદ પાસે જઈ ઊભો રહ્યો અને પૂછ્યું, 'તમે પાટીમાં શું લખ્યું છે તે મને વાંચીને સંભળાવો.' ત્યારે પ્રહ્લાદે પાટી જ રાજાજીના હાથમાં પકડાવી દીધી. હિરણાકંસને રીસ ચડી. કુંવરને એને દશવીસ પાટી ફટકારી કહ્યું; 'હાંરે કુંવર તમે આપણા દુશ્મનનાં નામ લખવાનાં કામાં કરો છો ? તું એ નામ લેવાનું છોડી દે. નહીં તો હું તને મારીશ.' કુંવર કહે; 'નૃસિંહનું નામ લેવાનું શા માટે અમે તજીએ ? એના હાથમાં જ સમગ્ર સૃષ્ટિનાં કામ છે.' ત્યારે હિરણાકંસ બોલ્યો; 'આ કુંવરને પકડી મારી નાખો.' ત્યારે કુંવરને પાણીમાં ડુબાડી દેવા પ્રયત્ન કર્યો તો નૃસિંહ કુંવર પ્રહ્લાદની વહારે ધાયા. હંસ ઊડતા-ઊડતા ત્યાં આવ્યા અને કુંવરને પકડી પોતાની પાંખમાં ત્રણ દિવસ રાખ્યા. પછી હંસે કુંવરને સલામત રીતે માતા કેસર પાસે લાવીને મૂક્યો. કુંવર પ્રહ્લાદ નૃસિંહ-નૃસિંહના ગુણ ગાવા લાગ્યા. નૃસિંહના ગુણ ગાતો, નામ સ્મરણ કરતો કુંવર પ્રહ્લાદ દરબારમાં આવ્યો ત્યારે હિરણાકંસે કહ્યું; 'તું નૃસિંહનું નામ લેવાનું તજી દે તો હું તારું બધું કહ્યું કરીશ, તારાં બધાં જ કામ કરીશ (તારી ઇચ્છાઓ પૂરી કરીશ. ત્યારે પ્રહ્લાદે કહ્યું; 'તમારે મારો ઘાત કરવો હોય તો કરો પરંતુ હું તો મારા મુખે શ્રીનૃસિંહનું જ નામ લઈશ.'

**હિરણાકંસે પાડાની ખાલ મગાવી તેમાં પ્રહ્લાદને સીવી લીધો અને ડુંગર પર મૂકી દીધો અને રાજાએ વિચાર્યું. હવે ભલે નૃસિંહ એની વહારે ધાય ! ત્યારે પાડાની ખાલ ફાટી, પ્રકાશ થયો અને ભમર ઢોલિયો હાજર થયો**

ત્યારે હિરણાકંસે પાડાની ખાલ મગાવી તેમાં પ્રહ્લાદને સીવી લીધો અને ડુંગર પર મૂકી દીધો અને રાજાએ વિચાર્યું. હવે ભલે નૃસિંહ એની વહારે ધાય ! ત્યારે પાડાની ખાલ ફાટી, પ્રકાશ થયો અને ભમર ઢોલિયો હાજર થયો. માતા કેસરે આવીને જોયું તો કુંવર ભમર ઢોલિયે સૂતેલા ! કુંવરે કહ્યું; 'માતા, તમે મારી ચિંતા કેમ કરો છો ? મારી પાસે તો ભગવાન નૃસિંહ છે, તમે નિરાંતે તમારા મહેલમાં જાવ.' આમ ત્રણ દિવસ ગયા તે પછી કુંવર પ્રગટ થયા (નગરમાં પ્રવેશ્યા ત્યારે) ચોકીદાર પકડીને રાજદરબારમાં રાજા પાસે લાવ્યા પરંતુ કુંવર પ્રહ્લાદ તો નૃસિંહનું નામ રટતા જ રહ્યા. ત્યારે હિરણાકંસ બહાર નીકળ્યો અને કુંવરે નૃસિંહને પોકાર્યા. હિરણાકંસે કહ્યું; 'મારું કહેવું માન નહીં તો હું તને મરાવી નાખીશ.' પ્રહ્લાદ કહે, 'તમારે કરવું હોય તે કરજો. તમને તમારા ધર્મની આણ છે.'

ત્યારે હિરણાકંસે લોઢાની ઘાણી મગાવી એમાં પ્રહ્લાદને બેસાડ્યો એ સાથે લોઢાની ઘાણી ભાંગી અને એના નવ કટકા થઈ ગયા. હિરણાંકસ કોપ્યો અને દારૂ પાઈને હાથીને છોડ્યો. મદથી મસ્ત હાથી પ્રહ્લાદ સામે ધસ્યો. પ્રહ્લાદ એમને નમી પડ્યો. જેના શરીરમાં જ હરિ વસે છે એને કેસર નામનો આ હાથી પોતાના પગ તળે કેવી રીતે ચગદે ? ત્યારે લોકો ટોળે મળ્યા અને કહેવા લાગ્યા, નૃસિંહ દેવ જ સાચા છે. ત્યારે હિરણાકંસે મોટો ખાડો ખોદાવી એમાં પ્રહ્લાદને દટાવ્યો ત્યારે હરિએ એ ખાડામાં જ મોટી બજાર ખડી કરી દીધી. ત્રણ દિવસ પછી પ્રહ્લાદ ફરી નગરમાં આવ્યા તો નગરજનો એમને જીવતા થયેલા જોતાં જ ભયભીત બની ભાગવા લાગ્યા. પ્રહ્લાદ માતા પાસે આવ્યા. લોકો ભયમુક્ત બન્યા અને પ્રહ્લાદ પાસે આવી તેમને નમી પડ્યા. ત્યારે માતાએ કહ્યું, 'પુત્ર પ્રહ્લાદ, અમારું કહેવું સાંભળો. તમારે નૃસિંહને જ ભજવા હોય તો મનમાં જ ભજો પરંતુ બહાર તમે તમારા પિતાના નામનું રટણ કરો. તમારા ઉપર ઘણાં દુઃખ પડ્યાં છે, એથી આટલું મારું કહ્યું તમે માનો. ચાર દિવસ તમે તમારી મક્કમતાના પંથમાં આમ ઢીલા પડો (તો તમારા પિતાનો ક્રોધ શાંત થશે.)' ત્યારે પ્રહ્લાદ બોલ્યા; 'માતા, તમે વાતનું (તત્ત્વ)નું મૂળ જાણતાં નથી. મારે માથે તો શ્રીનૃસિંહ હાજરાહજૂર બેઠા છે.' આની ખબર હિરણાકંસને પહોંચી ત્યારે એને વિમાસણ થઈ, એણે ધાર્યું કે મારું નામ જો હિરણાકંસ હોય તો હું એને મારી નજરની સામે જ બળાવી નાખું ! આમ વિચારી સમગ્ર નગરમાંથી છાણાં મગાવી તેનો ઢગલો કરી આગ મુકાવી. તેમાં પ્રહ્લાદને બેસાડ્યો. ત્યારે પ્રહ્લાદ પર નૃસિંહ ત્રૂઠ્યા. એમણે શીતળ જળની વૃષ્ટિ કરી. હિરણાકંસે નગરમાં સાદ ફેરવેલો કે હોય એટલાં છાણાં હોળીમાં નાખો. માતા કેસર રડવા લાગ્યાં. ત્યાં મનુશુધન બ્રાહ્મણ આવ્યો અને કહેવા લાગ્યો. આજ તો હોળી પ્રગટાવી રાજાજીએ એમાં કુંવરને સીંચાવ્યો છે. મારો પ્રાણ વ્યાકુળ થાય છે. ત્યારે બ્રાહ્મણ કહેવા લાગ્યો. રાજાની આજ્ઞા પાળી તમે હોળી વધાવો પરંતુ મનમા શ્રીનૃસિંહનું સ્મરણ કરો. (એ તમારા પુત્રને જરૂર ઉગારી લેશે.) હિરણાકસે રાણીને કહ્યું; 'તારો પુત્ર જ મારા માટે

મોટો કાળરૂપ છે. પરંતુ પ્રહ્‌લાદની વહારે શ્રીનૃસિંહ ધાયા. (અગ્નિ વચ્ચે એમણે પ્રહ્‌લાદને જીવતો રાખ્યો.)

સવાર થયું કે પ્રહ્‌લાદ રાજ દરબારમાં આવ્યા. હિરણાકંસ વિચાર કરી બોલ્યા; 'આજ હવે તમે જે માગશો તે આપીશ. હાથી, ઘોડા, ગરથ-ભંડાર જે જોઈએ તે માગો.' ત્યારે પ્રહ્‌લાદે રાજાજીને કહ્યું; 'મારી વાત સાંભળો. આ આખું રાજ્ય જ હવે તો મારા હાથમાં છે. (તમે મને શું આપવાના ?' ત્યારે હિરણાકંસને ક્રોધ ચડ્યો. એમણે ચોસઠ ગજ ઊંચો લોખંડનો થાંભલો મંગાવ્યો. એને ધરતીમાં ગોદાવ્યો. બાવન ગજ બહાર રખાવ્યા. ચોપાસ છાણાં નખાવી આગ પ્રગટાવી, થાંભલો તપાવ્યો. અગ્નિજવાળા એક જોજન જેટલી ઊંચી ઊઠી. આમ કરી પછી આજ્ઞા કરીઃ 'નૃસિંહને ભજનારને આ ધગધગતા થાંભલા સાથે બાંધો. પછી જોઈએ નૃસિંહ કેવાક એની વહારે ચડે છે !' દૈત્ય જેવો પિતા કહે છે એવો અગ્નિ કરો કે કુંવર દાઝી મરે. પરંતુ જ્યારે પ્રહ્‌લાદને સ્તંભ સાથે બાંધ્યો ત્યારે એણે નૃસિંહને સાદ દીધો. (અને આશ્ચર્ય થયું. આગથી લાલચોળ થયેલા) થાંભલા પર કીડી ચડી ચાલી રહી છે. આ જોતાં જ પ્રહ્‌લાદે સામેથી જ થાંભલાને બાથ ભરી. પ્રહ્‌લાદ કહેવા લાગ્યો કે સ્વામી ! હવે પ્રગટ થાવ. દૈત્યને મારો અને એને હવે નિરાશ કરો.

પ્રહ્‌લાદનાં સ્તુતિ સમાન વચનો સાંભળીને એ સમયે ત્યારે થાંભલો ફાટ્યો. ભગવાન નૃસિંહ પ્રગટ થયા. આ જોઈ લોક દંગ થઈ ગયા. કેટલાક દોડતા-દોડતા રાજદ્વારે પહોંચ્યા અને નૃસિંહ (આવ્યા) નૃસિંહ (આવ્યા) એમ પોકારવા લાગ્યા. રાજા પ્રહ્‌લાદને ઉગારવા આવ્યા ત્યારે હરિ બોલ્યા; 'હે દૈત્ય! તું મારી વાત સાંભળ. ભક્ત પ્રહ્‌લાદને તે ઘણું કષ્ટ આપ્યું છે.' હિરણાકંસ બોલ્યો; 'મારું કહ્યું કરતો ન હતો એટલે તો હું એને મારતો હતો.' ત્યારે નૃસિંહ બોલ્યા; 'હિરણાકંસ હવે તો હું જ તને ચોક્કસ મારીશ.' દૈત્ય કહે; 'સ્વામી, તમારું મને આપેલું વરદાન યાદ કરો. હું તો મારા રાજ્યમાં મારું રાજ્ય કરું છું. તમે મને (હું કોઈ પશુ પ્રાણીના હાથે) નહીં મરું એવું અવિચળ વરદાન આપ્યું છે. તમે જ મને કેવી રીતે મારશો ? ભગવાનશ્રી શંકરે મને વચન-કોલ દીધો છે. (રાત્રે કે દિવસે, ઘરમાં કે ઘરની બહાર) કે કોઈ પણ સ્થાનકે મને કોઈ મારી નહીં શકે.

સાંજની વેળા થઈ (ન દિવસ ન રાત) ત્યારે હરિએ હાથ વધાર્યા (વિશિષ્ટ એવું દેવનરપશુનું રૂપ ધર્યું) નર-સિંહ બની બોલ્યા : 'સાંભળ હિરણાકંસ, મેં તને આપેલા વરદાનનું વચન પાળું છું (અને તારો નાશ કરું છું.) (મારું આ નૃસિંહ એવું રૂપ) નથી પુરુષ નથી નારી (તને મારી નાખતાં શસ્ત્રરૂપે નખ) નથી લોખંડનું નથી લાકડાનું શસ્ત્ર, (હું તને) નખથી વિદારું છું. શંકર તારી વહારે ધાયા અને જે કોલ (વરદાન) આપેલા તેનું પણ પાલન કરું છું. બોલ હિરણાકંસ ! અત્યારે દિવસ છે કે રાત ? (આ તો સાંજ છે) કહે ધરતી છે કે આકાશ ? (નથી ઘરમાં કે આકાશ નીચે ઘરની બહાર કેમકે ઉંબર પર છે) 'નખથી એના પેટને ચીરી નાખ્યું ને કહ્યું નૃસિંહરૂપ લીધેલા હરિએ; 'હિરણાકંસ તને આપેલા કોલ પાળ્યા છે.' દૈત્યને મારી (નૃસિંહ) પ્રહ્‌લાદ પાસે બેઠા અને બોલ્યા; 'કુંવર પ્રહ્‌લાદ, હવે તમે રાજસિંહાસન પર બેસો.' ત્યારે બધી રૈયત એમને સલામ કરવા (નમવા) લાગી બધા નૃસિંહનું નામ જપવા લાગ્યા.

**ગુરુબ્રહ્માએ સતવચન (શકી કોલ)- સાક્ષીભાવનું વચન આપ્યું છે કે કાંકણમાં જ ભક્તોના બોલ છે.' ત્યારે ભક્ત પ્રહ્‌લાદે વિચાર કરી પૂછ્યું; 'સ્વામી, કેવી રીતે ધર્મ પ્રમાણે વર્તન કરવું ?' ત્યારે બ્રહ્માએ વેદનું જ્ઞાન આપ્યું**

ભક્ત પ્રહ્‌લાદ ત્યાં હવે ધર્મ પ્રમાણે આચરણ કરે છે. ભક્ત પ્રહ્‌લાદ પ્રમાણ બોલે છે. અને કહે છે; 'અમારે ગતમાં કાંકણ બંધાવવા છે.' ત્યારે નૃસિંહ કહે છે; 'એ વાતમાં જ સતગુરુ બ્રહ્માનું કામ છે.' ત્યારે સતગુરુ બ્રહ્મા બોલ્યા; 'ધર્મનું આચરણ કરશો તો ભવપાર ઊતરશો. અમે ગુરુબ્રહ્માએ સતવચન (શકી કોલ)- સાક્ષીભાવનું વચન આપ્યું છે કે કાંકણમાં જ ભક્તોના બોલ છે.' ત્યારે ભક્ત પ્રહ્‌લાદે વિચાર કરી પૂછ્યું; 'સ્વામી, કેવી રીતે ધર્મ પ્રમાણે વર્તન કરવું ?' ત્યારે બ્રહ્માએ વેદનું જ્ઞાન આપ્યું અને કહ્યું; 'અલી સત્‌ની સૂઝ-નજર જ ભક્તને તારે છે. સતગુરુએ જ ભક્તોને વેદ ભણાવ્યો છે. ત્યારે જ હરિએ અમરતાનું રહસ્ય (અમરભેદ) જણાવ્યું છે. ત્યારે હરિના ભક્તને પાટે બેસાડ્યો અને પાટપૂજાનો મોટો ઉત્સવ ઉજવાયો છે. છ મહિના વ્રત કરજો. બધી ગત મળીને જ ધર્મનો વહેવાર કરે છે. આમ ભક્ત પ્રહ્‌લાદ ધર્મ પ્રમાણે આચરણ કરે છે. તપની ક્રિયા કરે છે. ધર્મનો વિસ્તાર વધારવા ભક્ત પ્રહ્‌લાદે કાંકણ બંધાવી પાટપૂજા કરી. આ પછી જે કોઈ રાજા પ્રહ્‌લાદ પાસે આવે છે તે કાંકણ બંધાવી ગુરના દાસ બને છે. ત્યારે (એ યુગમાં) ગુરનું સતગુર બ્રહ્મા એવું નામ છે અને તેનું થાનક ક્ષીરસાગર વચ્ચે આવેલા

દ્વીપ પરના નગરમાં છે. ત્યાં બધાં નૃસિંહની ભક્તિ કરે છે, ભક્ત પ્રહ્લાદને પાય પડે છે ત્યારે ગુરમુખે સહુ દાન કરે છે, પરસ્ત્રીને માત સમાન માને છે. જે પતિવ્રત ધારણ કરતી સ્ત્રી હોય, પૂજન હોય એને રતીભાર પાતક લાગતા નહીં.

વરાણી

સત સંતો સહુ આવે છે અને ગુરનરના પાય પૂજે છે. ગત (ગંગા)માં આવી કરગરે છે અને સત્યને આધીન રહે છે. સાહેબનાં નામ સાંભળે તે હાથીનાં દાન જેટલાં પુણ્યલાભ પામે છે.

ત્યારે પાટપૂજા સતવંતા દાન દે છે. હરિએ જ કુંવર પ્રહ્લાદને રાજગાદીએ બેસાડ્યો અને એણે નગરનાં બધાં કર્તવ્યો પૂર્ણ કર્યાં.

ત્યાં પંદર કરોડ જીવને માટે ત્રણ મોટા મુખીઓની નિમણૂક કરવામાં આવીઃ એક શામલદાસ, બીજા ત્રિકમ અને ત્રીજા કેશવ.

ત્યાં હંસપુરી નામની નગરી છે. તેમાં ત્રિકમ મુખી કહેતાં મુખ્ય સરદાર છે. તે મનમાં અપાર ગુમાન (અભિમાન) રાખે છે. ત્યારે શ્રીનૃસિંહ દ્વારે આવી ચડ્યા. તે સમયે કુંવર પ્રહ્લાદ પણ આવી પહોંચ્યા. ગુરનર બેઠા હતા ત્યાં પ્રહ્લાદ આવ્યા. ગુરનર કહે; 'રાજા પ્રહ્લાદ હવે તૈયાર રહેજો. (તમારી કસોટી થશે.) સાચા હશે તે જ પાર ઊતરશે.' આટલું કહી ગુરનર તો ચાલ્યા ગયા પરંતુ રાજાએ પોતાના ચિતમાં આ વાત રાખી લીધી.

**રાજા પ્રહ્લાદે ધર્મનો મર્મ જાણ્યો કે ગુરનર જે વાણી બોલ્યા તે જ પ્રમાણ છે. પછી પ્રહ્લાદે તપ આદર્યું, ગુરુજીને માન આપ્યું પરંતુ જે પૂર્ણ સતપંથી હોય તે જ ગુરુનું પૂરું ઇમાન લાવે છે. ગત માંડી રાજા તપ કરે છે, વ્રત કરે છે, ભક્તિ કરે છે**

વરાણી

ત્યારે જ રાજા પ્રહ્લાદે ધર્મનો મર્મ જાણ્યો કે ગુરનર જે વાણી બોલ્યા તે જ પ્રમાણ છે. પછી પ્રહ્લાદે તપ આદર્યું, ગુરુજીને માન આપ્યું પરંતુ જે પૂર્ણ સતપંથી હોય તે જ ગુરુનું પૂરું ઇમાન લાવે છે.

ગત માંડી રાજા તપ કરે છે, વ્રત કરે છે, ભક્તિ કરે છે. આ સમયે માનસરોવરમાં માણેકચંદ અને કપૂરી નામનાં હંસ-હંસી રહેતાં હતાં એને ગુરુએ રાજાની પૂર્ણ પરીક્ષા કરવા મોકલ્યા. તે રાજા પાસે આવી બોલ્યાં; 'રાજા, માનસરોવરે દુષ્કાળ પડતાં અમે તારે દ્વાર આવ્યાં છીએ. તમે અમારી સંભાળ રાખજો.' રાજાએ હંસોને વાડીમાં ઉતારો આપી હીરા, મોતી, માણેકનો ચારો આપ્યો તેમની સેવા કરવા ચાર જણ રાખ્યા.

આમ કરતાં છ મહિના વીતી ગયા ત્યારે હંસોએ માનસરોવર પાછાં જવા રાજદ્વારે આવી રાજાની વિદાય માટે રજા માગી ત્યારે રાજાએ ત્રણ મુખીઓને બોલાવી તેમની પરીક્ષા લેતા કહ્યું; 'હંસ-હંસી અમારી ફૂલવાડીમાં છ માસ રહ્યાં ને હવે પાછાં જવાની રજા માગે છે.' ત્યારે રાજાએ કહ્યું, 'હું બન્નેને માનસરોવર જવા નહીં દઉં. એકને અહીં જ રહેવું પડશે. અને પછી સાત દિવસ રહી જવા જણાવ્યું. સાત દિવસ પૂરા થયે હંસ-હંસી ફરી રજા લેવા આવ્યાં ત્યારે ફરી રાજાએ એકને રહી જવાની વાત કરી. હંસ-હંસલી વિયોગ સહન કરી શકે તેમ ન હતાં તેથી રાજાને ન્યાય કરવા અને બન્નેને જવા દેવાની વિનંતી કરી. રાજાએ મુખીને કામ સોંપવાનું વિચાર્યું.

ન્યાય તોળવા રાજાએ પહેલા મુખી શામળદાસને બોલાવ્યા, સાથે બધી જમાત પણ આવી, રાજાએ પોતાની કોઈ એક પંખી અહીં જ રાખી લેવાની અને એકને જ જવાની રજા આપવાની ઇચ્છા દર્શાવી અને હંસ-હંસીની બન્નેને જવાનો ન્યાય માગવાની વાત કરી. જમાતને થયું, રાજાના મનને ગમતી વાતનો ન્યાય કેવી રીતે તોળવો. શામળદાસને પણ લાગ્યું કે ન્યાય તોળવા માટે રાજાનો વિરોધ કેમ કરવો. આથી એણે ન્યાય તોળ્યો કે હંસ-હંસલીમાંથી એક અહીં રહે, એક માનસરોવર જાય. પંખી કેમ માને ? એમણે ન્યાયનો આગ્રહ રાખ્યો અને અન્યાય થાય તો આપઘાત કરવા જણાવ્યું. રાજા બોલ્યા; 'અમે જરૂર ન્યાય તોળીશું. આપઘાત ન કરશો. પરંતુ ત્રણ દિવસ થંભી જાઓ. અમારા બીજા ત્રિકમ મુખી છે એમને બોલાવી એમની પાસે ન્યાય કરાવીશું.

બીજે દિવસે રાજાએ બીજા મુખી ત્રિકમને બોલાવ્યા અને કહ્યું; 'અમારી બીક રાખ્યા વગર ન્યાય તોળજો.' બીજા મુખી અને તેમની જમાત પણ ન્યાય ખાતર રાજાની નાખુશી વહોરવા તૈયાર ન થયા. એમણે પણ રાજાની વાત ન્યાય પ્રમાણે યોગ્ય હોવાનું સ્વીકાર્યું. પંખીઓને આ ચુકાદો માન્ય ન હતો. એ પોતાના ન્યાય માટે અડગ રહ્યા તેથી અંતે રાજા પ્રહ્લાદે ત્રીજા કેશવ મુખીને બોલાવ્યા. અને ન્યાય કરવા જણાવ્યું. કેશવ મુખીએ જમાતને બોલાવી તેમનો અભિપ્રાય પૂછ્યો અને જણાવ્યું; આપણે ક્ષીરસાગરના નગરમાં વસીએ છીએ. આથી શુદ્ધબુદ્ધિનો વ્યવહાર (વેપાર સુધી) કરીએ' અને સત્યની સાખ માટે 'રીખીસરો' ઋષિશ્રેષ્ઠને પૂછીએ.' ત્યારે બધા જ રીખીસર

બોલ્યા, 'મુખી, અમે બધા તમારી સાથે રાજદરબારમાં આવીશું અને પરદેશી પંખીઓને રાજાની ખોટી રઢને વશ થઈને અન્યાય નહીં કરીએ. ખોટી કપટી કૂડી સાક્ષી નહીં આપીએ. ભલે રાજા રૂઠે. આપણને છોડાવવાવાળો ગુરુ છે ! અન્યાયને સાથ નહીં આપીએ. હંસ-હંસીને બંધનમાંથી છોડાવીશું. કેશવમુખીએ રીખીસરોની વાત જમાત પાસે મૂકી. બધાં પક્ષીઓને ન્યાય આપવા સંમત થયા. રાજા રૂઠે તો સામનો કરી લેવા તત્પર બન્યા.

કેશવમુખીએ પક્ષીઓના પક્ષે ન્યાય કરતાં હંસ-હંસીને છૂટાં કર્યાં, હવે આણ ન રહી. બન્ને નિર્વાણપંથે ઊડ્યાં. મુખીને શાબાશી આપતાં જણાવ્યું, તમને સ્વર્ગલોકમાં સ્થાન મળશે. આ રાજા તમને પૂછે તો અમને યાદ કરજો. રાજસભામાં જ તમારી મુક્તિ અને સ્વર્ગગમન માટે વિમાન આવશે.

રાજા પ્રહ્લાદ આ જાણીને કેશવમુખીને દરબારમાં બોલાવ્યા અને ગુસ્સે થઈ ફટકા મારવાની સજા કરી. કેશવમુખીને મારતા-મારતા આખા નગરમાં ફેરવવામાં આવ્યા. શામળદાસ અને ત્રિકમમુખી એ બેમાંથી કોઈ કેશવમુખીને બચાવવા ન આવ્યા. રાજાને ખોટો છે એમ કેમ કહેવાય ?

કેશવમુખીની પાઘડી જાહેરમાં ઉછાળી. કેશવને પકડીને સિપાઈઓ તેના ઘરે લઈ ગયા અને મુખીની પત્ની કાનબાઈને બંદીવાન બનાવી. કેશવમુખીને સાત સાત પુત્રો હતા. એમની પત્ની હતી. મુખીના પરિવારમાં એક પુત્રવધૂ સીતાબાઈ હતી. તે પોતાના પતિને કહેવા લાગી, 'આપણે અહીંથી ભાગી છૂટી પિયરમાં જઈએ. મારા પિતા રાજાના પ્રીતિપાત્ર છે !' પરંતુ કેશવનો પુત્ર નીડર અને અડગ હતો. એ બોલ્યો; 'તારે જવું હોય તો જા, તારા પિયર અને પડ નરકમાં !' બીજી પુત્રવધૂઓમાં રૂપબાઈ, સોમવંતી, સુંદરી વગેરે હતી તે સતપંથને વળગી રહી.

**કેશવમુખીની પાઘડી જાહેરમાં ઉછાળી. કેશવને પકડીને સિપાઈઓ તેના ઘરે લઈ ગયા અને મુખીની પત્ની કાનબાઈને બંદીવાન બનાવી. કેશવમુખીને સાત સાત પુત્રો હતા. એમની પત્ની હતી. મુખીના પરિવારમાં એક પુત્રવધૂ સીતાબાઈ હતી**

કેશવના સાત પુત્રો હતા. રાજાએ એક પછી એક પુત્રને બોલાવી પોતાના પક્ષમાં લાવવા મુખી તરીકે નિયુક્ત કરવાનું પ્રલોભન આપ્યું. પરંતુ પુત્રો મક્કમ રહ્યા. બધાએ પોતાના પિતાએ મુખી તરીકે સાચો ન્યાય કર્યો છે, એમ જણાવ્યું, મુખીપણાનું પ્રલોભન ઠુકરાવ્યું. મુખીના તુલશી, ચતુરભોજ, પીતાંબર, નરસંગ, પીતાંબર, વગેરે નામના પુત્રોને રાજસભામાં બોલાવ્યા. પરંતુ મુખીના પુત્રો પણ ન્યાયમાં અડગ રહ્યા આથી મૂળભૂત રીતે તો ભક્ત એવો રાજા પ્રહ્લાદ પણ હવે પોતાની મમત માટે રાક્ષસવૃત્તિનો બની ગયો રાજાએ કેશવમુખીનો વધ કરાવવા હુકમ કર્યો અને તેના પુત્ર-પરિવારમાંથી કોઈ પણ ભાગી ન જાય એ માટે આણ ફરમાવી. પણ રાજા એમની આ મક્કમતા જાણી મનમાં અપાર હસ્યા.

સંવત્સર પૂર્ણ થયો ત્યારે અંતે માનસરોવરથી હંસ મધરાતે રાજાના મહેલમાં આવ્યા અને જણાવ્યું : 'રાજા, હવે તમે સવારી તૈયારી રાખો.શુક્રવારે સ્વર્ગમાંથી વિમાન આવશે. કેશવમુખીને અમારા જુહાર કહેજો અને ગામ બહાર ઉતારો આપજો.'

આમ કરતાં પછી સવાર પડ્યું. કેશવને કહ્યું; 'તમે નગર બહાર નીકળો. જો ગામમાં રહ્યા તો ગુરુની આણ છે. હવે વૈકુંઠમાં જવાનું થશે.' આ સાંભળી કેશવમુખી પુત્રપરિવાર સાથે નગર બહાર આવ્યો. આખી જમાત પણ ઉચાળા ભરીને મુખી કેશવની સાથે ગઈ. થોડીવારે રાજાએ સમાચાર કહેવડાવ્યા કે પોતે પણ બહાર આવે છે, બધા આ સાંભળી વિમાસણમાં પડ્યા.

રાજા એક રાત નગર બહાર વનમાં જ રહ્યા. એમણે કેશવમુખીના સાત પુત્રોને બોલાવી કહ્યું; 'તમને બધાને મરાવીશ. એકને પણ બાકી નહીં રાખું.' પુત્રો બોલ્યા, 'રાજા, તમે તો માત્ર ધરણીના ધણી છો પરંતુ અમારી વહારે ધાનાર શ્રીનૃસિંહ તો બધાના ધણી છે.' રાજાને લાગ્યું કે આ તો મારી બધી જ રૈયત ચાલી નીકળી. આનો શો ઉપાય કરવો ? ત્યારે રાજા પ્રહ્લાદે ક્રોધથી કહ્યું : 'હું બધાનો શિરચ્છેદ કરીશ.' પ્રધાન બોલ્યા 'બધાએ અહીં વનમાં જ વાસ કરવો.' રાજાએ દુવાઈ ફેરવી કે વનમાંથી હવે કોઈ આઘા ન જાય અને રાજાજી પોતાના મહેલે પાછો આવ્યો ત્યારે શુક્રવારે મેઘની વૃષ્ટિ થઈ, હીરામોતી વરસવા લાગ્યા. રાજા પ્રહ્લાદ તૈયાર થયા. લોકોએ બારણાં વાસી દીધાં. રાજા પ્રહ્લાદ વનમાં આવ્યા અને મુખી કેશવની પાસે આવીને બેઠા. બધા રાજાની અરદાસ કરવા લાગ્યા. ત્યારે રાજા પ્રહ્લાદે કહ્યું; 'મુખી કેશવ, તૈયાર રહો. હવે વનમધ્યે સ્વર્ગનું વિમાન ઊતરશે.' આ સાંભળી કેશવ પોતાની જમાત સાથે પ્રહ્લાદ પાસે બેઠા.

સ્વર્ગભવનમાંથી વિમાન આવ્યું. રાજાએ મુખીને માન આપ્યું. આ સમયે જ ચોથા કલ્પની ચાર ઘડી ચાલતી હતી. તેનું માન-પ્રમાણ તેતાલીશ લાખ અને વીસ હજાર વર્ષનું છે. આમાંથી સત્તર લાખ વીસ હજાર વર્ષ

સતયુગનાં છે. એ આ પ્રમાણનો સાર છે. આ યુગમાં રાજા પ્રહ્‌લાદે કપરી કસોટી કરી ત્યારે જ શ્રીહરિ નૃસિંહના રૂપમાં મળ્યા. હરિના ચરિત્રના ચાર અવતાર થયા. ૧. મચ્છ, ૨. કચ્છ, ૩. વરાહ અને ૪. નૃસિંહ. આ ચોથો અવતાર ભક્તપ્રહ્‌લાદને ઉગારવા થયો. આ યુગમાં જે સતિયાએ નૃસિંહનું ધ્યાન ધર્યું તે સર્વ સતી અને ભક્ત સ્વર્ગના વિમાનમાં બેસી વૈકુંઠમાં ગયા. લોકો એમને જતાં જુએ છે ત્યારે પ્રહ્‌લાદ પણ કેશવમુખી સાથે જ સ્વર્ગમાં ગયા. મેહ વરસ્યા. આ પછીની મેઘવૃષ્ટિમાં અપાર સાપ, વીંછી વરસ્યા. એનો અનરાધાર સતત વરસાદ વરસ્યો. આ વૃષ્ટિથી સાચાને દુભવનારા બધા કષ્ટ પામ્યા. જેમણે પણ પરનિંદા કરી, ક્રોધ કર્યો તે નર્કમાં ગયા. જેમણે પુણ્ય કર્યાં એ સ્વર્ગમાં સંચર્યા.

ત્યારે ગુરુ શસ્મ એવી વાણી બોલ્યા કે તમે નરકની ખાણથી દૂર રહેજો. રાજા પ્રહ્‌લાદે વૈકુંઠમાં વાસ કર્યો. ભવની વસમી વાટ પાર ઊતરી ગયા. શ્રીનરસંગનું નામ ને એની જ ભક્તિ મનમાં રાખજો. દેવ, ઋષિ, ગુરુ, જ્ઞાનીએ આ પ્રમાણ વેદમાં લખ્યા છે. જે નરસંગની ભક્તિ કરે છે તેને તો ઋષિવરો પણ વંદન કરે છે. હરિનું નામ લેવાથી જ ભવપાર પહોંચાશે જેમ પાંચ કરોડ વર્ષ પહેલાં ભક્ત પ્રહ્‌લાદ પહોંચેલા.

**રાજા પ્રહ્‌લાદની માતા કેસરના બંધ તૂટ્યા. કષ્ટ બહુ પડ્યાં પરંતુ હરિ વહારે ધાયા. પ્રહ્‌લાદ ભવપાર ઊતર્યા. મૂળબંધમાં આ બધી વાત લખી છે. તે અક્ષરના રૂપમાં પ્રત્યક્ષ છે. શૂન્યકાળમાં તો સ્વામી પોતે જ એક હતા**

આ સમયે એક પુત્રવધૂ સીતાબાઈ સિવાય પાંચ કરોડ સ્વર્ગે ગયા. આપત્તિ આવતાં જ પિયરનો પંથ પકડનાર સીતાબાઈ એકલાં જ નર્કમાં ગયાં. માટે કોઈની પણ નિંદા ન કરશો, નરકે પડશો અને ત્યાં સાપ વીંછી વરસે છે, બધાના પ્રાણ શોષે છે.

સીતાબાઈ નર્કમાં ગયાં એમની માથે પચાસ પુરુષને કષ્ટ આપવા મૂક્યા. કોઈએ એને ઘરમાં રાખી, માર માર્યો, એક પુરુષ આવી દહીંવલોણા જેમ વલોવી, બીજીએ વઢવાડ કરી, ત્રીજો વળી એને ઊંચે બાંધીને મારે ત્યાં એક બાઈનું જોર કેટલું ચાલે ? ચોથો પુરુષ નીચે આગ ભરે, પાંચમો એમાં આગ નાખે, આગની જ્વાળા ઊંચે ચડે, છઠ્ઠો પુરુષ છાના માર મારે — હવે સીતાબાઈ ભલે બાપના ઘરે જતી ! એના શરીર પરથી ચામડી ઊતરે છે ને અગ્નિ દઝાડે છે સાતમો તો સુરિનો સાજ કરે, પરનિંદાનું આ પરિણામ માટે એનાથી વેગળા રહી શ્રીનરસંગનું નામ લેજો. આઠમો ઉપઘાત કરે, નવમો દાગવેદે, દશમો ઘરમાં સાપ-વીંછી ભરે ત્યાં સીતાબાઈ શું કરે ? લોઢાં ચાંપે.

આવા તો પચાસ મળ્યા યાતનાદાયક ! બાઈને સાસરે સુખ હતા તે મૂકી પિયર ગઈ. સંસારનું સુખ તો ઘડીમાત્ર, કાયમી સુખ તો સ્વર્ગ જ આપે. જે કેશવની સાથે રહ્યા તે સ્વર્ગે સંચર્યા. એક નારી સિવાયના પાંચ કરોડ બધા જ સ્વર્ગમાં ગયા.

ગુરુ કહે છે મુનિવરની વાણી સાંભળો, મૂળબંધનું એ જ છેલ્લું એંધાણ છે. જાઈલાં કલ્પની છત કરી પાંચ કરોડ જંખ એમાં વળી ત્યારે નવ્વાણુ કરોડ રીખીસર તેમાં એક નારી જ નરકમાં ગયેલી. બાઈ આ વાત ચિત્તમાં ધરો અને ચેતો બીજો ફેરો ટળી જશે. પ્રહ્‌લાદે ભક્તિ કરી અને સરગાપુરી મેળવી.

મૂળબંધ જેણે ‘મૂળબંધ’ની સાક્ષી સાંભળી છે તે બધા જ સ્વર્ગમાં ગયા. ‘હંસલી’ છે તે ‘હંસ’ની પત્ની (વર વહુવારુ) છે એમ જાણવું ભક્તિનું રૂપ આ મુજબ પ્રમાણનું. મૂળબંધની આ શાખ છે. જ્યારે હજુ કલ્પ બેઠો ન હતો ત્યારે...

હવે કલ્પની ચાર ઘડી રહી છે. તેમાં પ્રહ્‌લાદ થયા. ઋષિવરોની તમે સાચી વાણી સાંભળો. ભક્ત જ હરિનો આત્મા છે. જેના ઘરમાં દેવનારાયણ છે તેને જ સહુ વંદન કરે છે.

રાજા પ્રહ્‌લાદની માતા કેસરના બંધ તૂટ્યા. કષ્ટ બહુ પડ્યાં પરંતુ હરિ વહારે ધાયા. પ્રહ્‌લાદ ભવપાર ઊતર્યા. મૂળબંધમાં આ બધી વાત લખી છે. તે અક્ષરના રૂપમાં પ્રત્યક્ષ છે. શૂન્યકાળમાં તો સ્વામી પોતે જ એક હતા. ત્યારે ગુરુ પાસે વિશેષ શીખ્યા. ગુર કહે — આપણે જ શૂન્યકાળમાં રહ્યા, ત્યારે રચનાની બીજી કોઈ જાળ-જંજાળ ન હતી. ત્યારે નરનંદ ગોવિંદ વાણ ઉચ્ચારે છે અને ‘થડ’ને તેઓ સોળગણા પ્રમાણવાળું કરે છે. તે સમયે ગુર કેવળાશીએ પૂછેલું સ્વામી ! થડ ક્યાં છે તે અમને દેખાડો ત્યારે નૃસિંહ કૈલાશમાં આવ્યા અને સોળ થડ ગુરની પાસે લાવ્યા. ત્યારે ગુર કેવળાશીએ આ સૃષ્ટિ-જગતની રચનાનો ખેલ જોયો. આની જ નિશાની અક્ષરના રૂપમાં મૂળબંધમાં લખ્યું છે. સ્વામીની રચનાનો પાર નથી પરંતુ ભક્તિ કરો તો ભવપાર ઊતરો.

(ફલશ્રુતિ)

જે નર-નારી સાંભળે તે ભવપાર ઊતરે. જે નર-નારી એક ધ્યાને રહેશે તે ગુરનું માન પામશે. જે કોઈ ગુરની વાણી એક ધ્યાને સાંભળશે તેની વાણીમાં કરોડો શબ્દો

સિદ્ધ થશે. જે કોઈ ગિનાનના શબ્દે-શબ્દની પ્રશંસા કરશે તેના ભવોભવની ખાણમાં પડવાના ફેરા ટળશે. ગુરુના મુખે ગિનાન સાંભળી જે દાન કરશે તેને તેડવા સ્વર્ગમાંથી વિમાન આવીને ઊતરશે. અને વિમાનમાં વૈંકુઠ પહોંચશે. આવા ભક્તજન ગુરુ કહે છે કે અમારો દાસ છે.

ગુરુ શમ્સે આ વાણી વીમરસ (વિમર્શ) ભાખી છે, ગુરુ કહે છે કે મુનિવરો 'મૂળબંધ'નું છેલ્લું આ એંધાણ (પ્રસ્તુત રચના) છે.

કથાનકનાં મૂળ અને ઘટકો

અહીં કેન્દ્રમાં ભક્ત પ્રહ્‌લાદના આખ્યાનની પૌરાણિક કથા છે. પરંતુ અહીં જરા જુદી રીતે પીર શમ્સે કથાનું નિર્માણ કર્યું છે. આરંભમાં પૃથ્વીની ઉત્પત્તિથી આપી છે અને પછી તેના ઉત્તરાર્ધમાં એની સાથે હંસ-હંસીની દૃષ્ટાંત કથાને સાંકળવામાં આવી છે.

આરંભની શૂન્યકાળથી વિવિધ કલ્પની રચનાની કથામાં પુરાકથાના વિશ્વોત્પત્તિના ઘટકનો જ ઉપયોગ થયો છે. ઘટ-પાટ ઉપાસનામાં પૃથ્વીની રચના અને પુરાણોમાં જે કલ્પ, યુગ અને તેના સ્ષ્ટાદિના ઘટકો છે તે જ અહીં પ્રયોજવામાં આવ્યા જણાય છે. મારી દૃષ્ટિએ હંસ-હંસલીના રૂપકના માધ્યમથી આખરે મૂળ વાતને એમાં સમાવિષ્ટ કરી લઈને કથાનું નિર્માણ કરવું એ ઇસ્માઈલી કથાની આગવી વિશિષ્ટતા છે.

**આરંભની શૂન્યકાળથી વિવિધ કલ્પની રચનાની કથામાં પુરાકથાના વિશ્વોત્પત્તિના ઘટકનો જ ઉપયોગ થયો છે. ઘટ-પાટ ઉપાસનામાં પૃથ્વીની રચના અને પુરાણોમાં જે કલ્પ, યુગ અને તેના સ્ષ્ટાદિના ઘટકો છે તે જ અહીં પ્રયોજવામાં આવ્યા જણાય છે**

ભક્ત પ્રહ્‌લાદની પુરાણોક્ત કથા અનુગામી મધ્યકાલીન ગુજરાતી ભક્ત પ્રહ્‌લાદ વિષયક વિવિધ આખ્યાનની પરંપરાને જ અનુસરે છે અને તેમાં ૧. મૂળનક્ષત્રમાં જન્મતા પુત્રથી પિતાનો ઘાત અને રાજ્ય ત્યાગ. જોશીની ભવિષ્યવાણી ૨. આવી ઘાતક પરિસ્થિતિનો નિવારણાર્થે પતિએ કરેલો પત્ની-સંતાનનો ત્યાગ ૩. દિવ્ય સંતાનના વનમાં થતાં ઉછેરમાં ઈશ્વર અને પ્રકૃતિની સહાય, ૪. પોતાની જ ભક્તિ અને નામસ્મરણ કરવાની ફરજ પાડતા રાજાની સામે એના જ પુત્રનો વિરોધ, ૫. ભક્તના કષ્ટને દૂર કરવાના દૈવીતત્ત્વ-ઈશ્વરીય શક્તિના ચમત્કારો (અ) જમીનમાં ઊંડે જીવતા દટાયેલાને ઉગારવા માટે ભૂગર્ભમાં જ નગરની સવલતોની રચના (બ) જળમાં ડુબાડાતી નિર્દોષ વ્યક્તિનો જળચર હંસદ્વારા બચાવ અને સંરક્ષણ (ક) અગ્નિમાં પડેલાનો બચાવ. (ડ) ગરમ ધખધખતા થાંભલાને કીડી પણ હારબંધ ચાલી શકે તેવો શીતળ બનાવવો. (ઈ) થાંભલો ફાડીને ઈશ્વરનું પ્રગટવું વગેરે કથાઘટકો છે અને તે અનુષંગે અમર્ત્યનું વરદાન પામેલા દૈત્યને મારવાની યુક્તિનો રોચક કથાઘટક છે. આ સાથે જ અશક્ય શરતોનું પાલન કરીને ધારેલું પરિણામ સિદ્ધ કરવાની કથાયુક્તિ Story deviceનો ઇનયોગ થયો છે. હિરણ્યકશ્યપે ૧. કોઈ નર કે પશુના હાથે મૃત્યુ ન થાય, ૨. દિવસ કે રાતે મૃત્યુ ન થાય, ૩. ઘરમાં કે બહાર - છત નીચે કે આકાશનીચે મૃત્યુ ન થાય, ૪. અસ્ત્ર-શસ્ત્ર લોખંડ-લાકડું કશાથી મૃત્યુ ન થાય એવું વરદાન છે. આ વરદાનની શરત પળાય છતાં દૈત્યનો વધ થાય એ માટે ૧. નારાયણ પોતે જ નર અને સિંહ એ બન્નેમાં સંમિશ્ર એવા નૃસિંહ રૂપે જન્મે છે. ૨. થાંભલો ફાડીને એનું સ્વયં પ્રાકટ્ય-પ્રાદુર્ભાવ થાય છે. ૩. દિવસ-રાત ન ગણાય એવા સંધ્યાકાળે વધ થાય છે. ૪. ઘર કે બહાર ન ગણાય એવા ઉંબર પર મરાય છે, ૫. કોઈ લોખંડ-લાકડાનાં અસ્ત્ર-શસ્ત્ર કે અગ્નિઆદિ વગર નખથી છાતી ચીરી ઘાત થાય છે.

ઉત્તરાર્ધની હંસ-હંસીની કથામાં હંસ કેવળ મોતીનો ચારો ચરે છે એવી માન્યતા તથા પાપ-પુણ્ય અને સ્વર્ગ-નર્ક, સ્વર્ગનાં સુખ અને નર્કની યાતનાના પ્રચલિત ઘટકોનો સૂઝપૂર્વક ઉપયોગ થયો છે. કથા એથી સવિશેષ રસપ્રદ બની છે.

*'તીર્થ' ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ,*
*રાજકોટ-૩૬૦૦૦૫ (ગુજરાત)*
*મો. ૯૮૨૫૦૭૫૦૭૮*



"દિવાળી આવી !"
શીતલ પી. સરવૈયા
મો. ૯૪૨૬૧૬૫૪૧૭



“મોજે... મોજ...”

અમૂલ પરમાર

મો. ૯૮૨૫૩૯૦૫૯૫



"ગીત ગાયા પથ્થરોને"

કૃપા શાહ
મો. 9408452984



"ઘરભણી"
રેખા જયદેવસિંહ વેગડ
મો. ૯૪૨૭૨૫૦૫૦૫

# મૃત્યુની મુખોમુખ અક્ષરસાધના

*- ડૉ. કુમારપાળ દેસાઈ*

૧૮૯૦ની સાતમી મેએ ભાવનગરમાં જન્મેલા ગુજરાતી સાહિત્યના વિરલ સર્જક સુમતિબહેનનું માત્ર એકવીસ વર્ષે ઈ.સ. ૧૯૧૧ની નવમી જુલાઈએ પીડાકારક લાંબી બીમારીના અંતે અવસાન થયું. સત્તરમા વર્ષે સર્જનનો પ્રારંભ કરનાર અને એકવીસમા વર્ષે જીવનલીલા સંકેલી લેનાર આ લેખિકાએ એમની સ્ફુટ થતી સર્જનાત્મકતાનો એમનાં સર્જનો દ્વારા હૃદયંગમ પરિચય કરાવ્યો.

એ જમાનામાં આવી પ્રતિભાસંપન્ન કવયિત્રી હોય, તે એક ચમત્કારરૂપ લાગે. વળી વિશેષ આશ્ચર્ય તો એ છે કે માત્ર ચાર જ વર્ષના સર્જનગાળામાં પોતાની ઉચ્ચ કલ્પનાશક્તિ અને સર્જનશીલતાનો પરિચય આપનાર સુમતિબહેનને જીવનમાં એક પછી એક કુઠારાઘાત સમા સંજોગોનો સામનો કરવાનું આવ્યું. જીવનના આરંભે જ માતાનું વહાલસોયું છત્ર ગુમાવ્યું. નજર સામે બહેનનું અકાળ મૃત્યુ જોયું. શારીરિક વ્યાધિઓએ એમને ઘેરી લીધા. શ્વાસની તકલીફ, પેટનો વ્યાધિ અને એ પછી અંતે ટી.બી.ની જીવલેણ બીમારી. આવી પરિસ્થિતિને કારણે એમના મનની વૃત્તિ પણ કરુણભાવમાં વધુ રમમાણ બની હતી, પરંતુ આ યુવાન લેખિકાએ દેહનાં દુઃખોને અતિક્રમીને પોતાની શ્રદ્ધાના બળે સર્જનના આનંદમાં ચિત્તને પ્રવૃત્ત કર્યું. સામાન્ય રીતે સર્જકને એના સર્જન માટે પીડા-યાતનામાંથી પસાર થવાનું હોય છે, પરંતુ અહીં તો દેહ અને મનની પીડા પછીનું સર્જન મળે છે. ક્ષરદેહની પીડા પૂરી થાય કે તરત જ એ અક્ષરદેહમાં લીન થઈ જતાં. તેઓ કહેતા કે રોગની તીવ્ર વેદના પછી તરત જ સરસ રીતે કાવ્યની રચના કરવાની એમનામાં શક્તિ હતી.

**કલ્પના એ કરીએ કે આજથી આશરે એકસો ને છ વર્ષ પૂર્વે લઘુનવલ, નાટક, કવિતા, અનુવાદ અને પ્રવાસવર્ણન જેવાં સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન કરનારી આ લેખિકાની સર્જનાત્મકતા કેવી હશે ?**

કલ્પના એ કરીએ કે આજથી આશરે એકસો ને છ વર્ષ પૂર્વે લઘુનવલ, નાટક, કવિતા, અનુવાદ અને પ્રવાસવર્ણન જેવાં સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન કરનારી આ લેખિકાની સર્જનાત્મકતા કેવી હશે ? જો એમની જીવનકલા અલ્પકાળે મૂરઝાઈ ગઈ ન હોત, તો એમની પાસેથી ગુજરાતી સાહિત્યને એ સમયે કેવું સત્ત્વશીલ સર્જન મળ્યું હોત ! આ એ જમાનો હતો કે જ્યારે એમ માનવામાં આવતું કે, ''ભાઈનું મન ભમે ભૂગોળમાં અને બાઈનું ચૂલામાંય રે.' પુરુષનું મન વિશ્વની ગતિવિધિ સાથે તાલ મિલાવતું હોય અને સ્ત્રીનું જીવન ઘરની ચાર દીવાલોમાં આરંભાઈને અસ્ત પામતું હોય ! એવા સમયે સુમતિબહેનને શાળાશિક્ષણથી વિશેષ તક મળી નહિ, પરંતુ ઘરના વિદ્યારંગી વાતાવરણને કારણે એમનો વાંચનનો શોખ વધુ ને વધુ પોષાતો ગયો. માંગરોળના વૈષ્ણવ અનંતપ્રસાદ પાસે સંસ્કૃત-ભાષા સાહિત્યનો અભ્યાસ કર્યો અને એ પછી એમના પિતા અને તેમના વિદ્વાન મિત્રો દ્વારા સાહિત્યિક રુચિની ખિલાવટ થતી રહી. અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યની ઉત્તમ કૃતિઓના અવગાહને એમની સર્જકતાને સંકોરવામાં ફાળો આપ્યો. કવિ બ્રાઉનિંગ અને શ્રીમતી બ્રાઉનિંગનાં કાવ્યોનો એમના પિતાના મિત્ર બરજોરજી પાદશાહ પાસેથી આસ્વાદ કરવાની તક મળી. ગોપાલકૃષ્ણ ગોખલે જેવાના જ્ઞાનનો લાભ મળ્યો, તો બીજી બાજુ વેદ-ઉપનિષદ અને ગીતાના અભ્યાસ અને મનનને પરિણામે વ્યાધિગ્રસ્ત સુમતિબહેનમાં એવી પ્રબળ શ્રદ્ધા જાગી કે તેઓ માનતા કે ''મારું ઔષધ અને વૈદ્ય બન્ને પ્રભુ જ છે.'

નાની વયે થયેલા માતાના વિયોગથી એમનાં હૃદયમાં વૈરાગ્યનો રંગ સતત ઘૂંટાતો રહ્યો અને તેમાં જ્ઞાન અને ભક્તિ વિશેષ રૂપે પ્રગટ્યાં. એક ગ્રંથના અંતે એમણે વિજ્ઞપ્તિ રૂપે ''વિભુ ! મુજ કર સાહો' નામનું કાવ્ય લખ્યું -

'તુજ શરણે આવું તાત ! વિભુ મુજ કર સાહો,
ભમું અંધકારની માંહ્ય, કર ઝાલી કાઢો,
સઘળી વસ્તુ જાણી ત્હારી, અહંકારને ત્યાગું રે,
ઈચ્છિત ત્હારૂં કરવા ચાહું, ગણું સદા એ વ્હાલું,
વિભુ મુજ કર સાહો.

એમણે લખેલી સ્વરચિત ગ્રંથોની ''અર્પણ પત્રિકા'માં



એમની હૃદયછબી જોવા મળે છે. ''કમળકુમાર' નામની સામાજિક નવલકથા ગોપાલકૃષ્ણ ગોખલેને અર્પણ કરી છે અને નોંધ્યું છે કે એમના અત્યંત પ્રિય મિત્રની આ વ્યાધિગ્રસ્ત પુત્રીને શાંતિ આપવા માટે એમણે ઈબ્સનનાં નાટકોનો ખજાનો ખોલી આપ્યો. એ સમયે આનંદ નામના સામયિકમાં ''અ.સૌ. સુમતિ'ના નામે એમની કૃતિઓ પ્રગટ થતી હતી.

સર લલ્લુભાઈ શામળદાસના કુટુંબમાં જન્મેલા અને રાવબહાદુર ભોળાનાથ સારાભાઈના પૌત્રી તેમજ વૈકુંઠભાઈ મહેતા, ગગનવિહારી મહેતા અને જ્યોતીન્દ્ર મહેતાના ભગિની એવા સુમતિબહેન પાસેથી વીસમી સદીના પહેલા દાયકામાં લઘુનવલ જેવી ચાર કૃતિઓ મળે છે. 'સુરેશ અને યશોધરા', ''શાંતિદા', ''પરમાર્થની પ્રતિભા અથવા આત્મભોગની પરિસીમા' અને ''કમળકુમાર' જેવી કથાઓ મળે છે. આ કથાઓમાં વાચકને એના પ્રવાહમાં ખેચી જાય તેવો કથારસ તો છે જ, પણ એની સાથોસાથ એ લઘુનવલોનું ગદ્ય પણ સુમતિબહેનની સર્જકતાનો પુરાવો છે. એ સમયની આલેખનરીતિ પ્રમાણે લેખિકા એમના વિચારો વિસ્તૃત રીતે આલેખે છે, તેમ છતાં આ બધી કૃતિઓમાં ''શાંતિદા' એ સુંદર ઘાટ ધરાવતી દાંપત્યજીવનની કથા છે.

સુમતિબહેને વેદાંતનો અભ્યાસ કર્યો, ઉપનિષદનો પાઠ પણ કરતાં, સવારમાં વેદાંત મધ્યાહ્ને પૂર્વાચાર્યોના સ્તોત્ર સરિક, પાછલે પહોરે ''શ્રીમદ્‌ભાગવત'નું અધ્યયન કરતાં હતાં. રોજ ચાર કલાક દારૂણ શારીરિક પીડા સહેવી પડતી. રાતના ત્રણ વાગ્યા સુધી તેઓ ઊંઘી શકતા નહીં, ત્યારે મંદ સ્વરે હરિ ગુણ ગાતાં અને એમાં રમમાણ બનીને નિદ્રાધીન થતાં હતાં.

એમની લેખનપદ્ધતિ એવી હતી કે પહેલાં કૃતિના સમગ્ર કથાવસ્તુ સાથે ઓતપ્રોત બની જતા, પછી પોતાની પ્રથમ નોટબુકમાં જ પ્રકરણોના અનુક્રમ લખી નાખતા અને ત્યારબાદ ગંગાના પ્રવાહની જેમ લેખિની વહેતી અને ગ્રંથ પૂર્ણ કરતા. વળી અવકાશ મળ્યે ભરત ભરતાં, સીવણ સીવતાં અને ચિત્ર પણ કરતાં અને વિચારતાં કે દયાળુ ઈશ્વર એક નહીં તો બીજે રસ્તે મનને કોઈ પ્રત્યક્ષ આધાર અને આરામ તો આપે છે. બાકી પરોક્ષ રૂપે તો એ પોતે જ આશારૂપ છે.

આમ જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગની સાધના સતત ચાલુ રહી. એમના ભાઈ વૈકુંઠરાયના ભાવનગરમાં થયેલાં લગ્નની સંપૂર્ણ જવાબદારી એમણે ઉઠાવેલી. એકાદ વર્ષ અગાઉ એનું બજેટ અને એની સઘળી તૈયારી કરી હતી, જેથી એમની આયોજનશક્તિની પણ પ્રશંસા થઈ હતી. સુમતિબહેને દક્ષિણ ભારતની મુસાફરી કરી એ વખતે તેમજ એ પછી ડોળીમાં બેઠાં બેઠાં કાવ્યોની રચના કરી, જેને પરિણામે ૧૯૦૯માં 'પ્રભુપ્રસાદી' નામે પ્રથમ કાવ્યસંગ્રહ અને પછીને વર્ષે ''પ્રભુપ્રસાદી'નો બીજો ભાગ પ્રાપ્ત થાય છે. આ કાવ્યોમાં પ્રકૃતિનું રમ્ય આલેખન, સ્વજનોની પ્રીતિનો ભાવ, ઈશ્વર તરફની આસ્થા અને પોતાની મનોદૈહિક પીડાની અવસ્થાનો આલેખ મળે છે. એમાં નજર સમક્ષ ઊભેલા મૃત્યુ સામે પીડાથી ઝઝૂમતી નારીનું ચિત્ર જોવા મળે છે. આ સ્થિતિમાં મરણાસન્ન કવયિત્રીની વેદનાની સાથોસાથ એની અંતરયાત્રાનું નિરૂપણ જોવા મળે છે. માત્ર એટલું કે એમની આ કાવ્યશક્તિ મૌલિકતાની તાજગી વિખેરે તે પહેલાં વિખરાઈ ગઈ. એ પછી એમની ૫૮ કૃતિઓનો બીજો સંગ્રહ ''હૃદયઝરણાં''ને નામે એમના અવસાન બાદ પ્રગટ થયો. સુમતિબહેનની આવી પ્રબળ ઊર્મિપ્રધાન રચનાની સાથેસાથે ''મધુરી'' અને ''અરવિંદકુમાર'' અર્થાત્ ''સંશયાત્મા વિનશ્યાતિ'' જેવાં ત્રિઅંકી નાટક મળે છે. ન્હાનાલાલના ''ઈન્દુકુમાર'' નાટકનો પ્રભાવ ઝીલતું ''મધુરી'' નાટક લેખિકાના ''હૃદયના સ્વાભાવિક આંદોલન''માંથી પ્રગટ્યું છે. એમાં કવિ ન્હાનાલાલની ભાવનાપ્રધાનશૈલી જોવા મળે છે, તો એમના બીજા નાટક ''અરવિંદકુમાર''માં ઈબ્સનની શૈલીનો પ્રભાવ જોવા મળે છે. આમ ''મધુરી'' નાટકથી તદ્દન વિપરીત બીજા છેડાની નાટયશૈલીમાં સુમતિબહેન સહજતા દાખવે છે. આટલી નાની વયે બે તદ્દન પરસ્પર ભિન્ન શૈલીમાં નાટકો લખવા એ કંઈ જેવી તેવી વાત નથી.

આ ઉપરાંત સુમતિબહેને રચેલાં ''દક્ષિણયાત્રા' પુસ્તકમાં લેખિકાનું પ્રવાસવર્ણન જોવા મળે છે. એમના પિતાએ આ લખવા માટે આગ્રહ કર્યો અને તેને પરિણામે 'દક્ષિણયાત્રા' પ્રવાસ-પુસતકનું સર્જન થયું. આમાં જુદાં જુદાં સ્થળોની વિગતવાર માહિતી પ્રાપ્ત થાય છે, જ્યારે 'સદ્‌ગુણી સ્ત્રીઓ' નામનો સુમતિબહેનનો અનુવાદ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પ્રગટ કર્યો હતો, જેમાં વિદેશની ગુણવાન સ્ત્રીઓનાં ચરિત્રો આલેખવામાં આવ્યાં છે. કવિ વિલિયમ વર્ડ્ઝવર્થનાં પત્ની શ્રીમતી વર્ડ્ઝવર્થ વિશે કે સુધારક હાના મૂરનું ચરિત્ર આમાં મળે છે. આ સિવાય ત્રણ સર્ગનું શતક ભાષાંતર ''યાદવાભ્યુદય' અને .......નું ભાષાંતર ''દિવ્યમેષપાલબાળ' મળે છે. આમાંના છેલ્લા બે ગ્રંથો સિવાયની દસ કૃતિઓ પ્રકાશિત થઈ છે, ત્યારે અલ્પ આયુષ્યમાં આગવો તેજ લિસોટો પાથરી જનારી અને જીવનના અનેક કુઠારાઘાતો વચ્ચે વીસમી સદીના પહેલા દાયકામાં સાહિત્યનાં વિવિધ સ્વરૂપોના સર્જન કરનારી લેખિકાની અક્ષરછબી નિરખવાનો આનંદ પામી શકાશે.

*૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭*
*મો. ૯૮૨૪૦૧૯૯૨૫*

# ગુજરાતી પત્રકારત્વનાં ૨૦૦ વર્ષ : કેટલાંક સુવર્ણ પ્રકરણો

- દેવેન્દ્ર પટેલ

ગુજરાતી પત્રકારત્વ ૨૦૦મા વર્ષમાં પ્રવેશ્યું. તા. ૧લી જુલાઈ, ૨૦૨૧ના રોજ ગુજરાતી પત્રકારત્વને ૧૯૯ વર્ષ પૂરાં થયાં. તા. ૧ જુલાઈ, ૧૮૨૨ના રોજ ગુજરાતી ભાષાનું પહેલું અખબાર 'શ્રી મુંબઈ સમાચાર' પ્રગટ થયું હતું. શરૂઆતમાં તે સાપ્તાહિક હતું, પરંતુ દસ વર્ષ બાદ તે દૈનિકમાં પરિવર્તિત થયું. આ અખબારના પ્રગટ કરનાર હતા એક પારસી સદ્‌ગૃહસ્થ જેમનું નામ હતું ફરદુનજી મર્ઝબાન. તેમણે આ અખબારના પ્રચાર માટે તા. ૧૦-૬-૧૮૨૨ના રોજ 'મદેનજર'ના શીર્ષક હેઠળ ચોપાનિયાં છપાવ્યાં હતાં. એ વખતની અખબારની ગુજરાતી ભાષા આજના જેટલી સ્પષ્ટ નહોતી. ગુજરાતી ભાષાનો ક્રમશઃ વિકાસ થયો છે.

'મુંબઈ સમાચાર'ના આરંભ બાદ ૧૮૬૩માં સુરતના પ્રવીણકાંત ઉત્તમરામ રેશમવાળાએ 'ગુજરાત મિત્ર' નામનું અખબાર શરૂ કર્યું. એ પછી વીર નર્મદે તા. ૧-૯-૧૮૬૪ના રોજ 'દાંડિયો' નામનું અખબાર શરૂ કર્યું અને પછી ૧૮૯૫માં 'પ્રજાબંધુ' નામનું અખબાર શરૂ થયું.

**'સંદેશ' અખબાર પણ ગુજરાતની જનતાનો ધબકાર બની રહ્યું. તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૨૬ના રોજ અમદાવાદની જનતાએ પહેલી જ વાર 'સંદેશ'નું નામ સાંભળ્યું. માત્ર પાંચ જ રૂપિયાની મૂડીથી નંદલાલ બોડીવાલાએ 'સંદેશ' શરૂ કર્યું**

જુગતરામ રાવલ આઝાદી પહેલાં કરાંચીથી 'સિંધ સમાચાર' બહાર પાડતા હતા. ૧૮૪૪માં રાજકોટમાંથી 'નૂતન સૌરાષ્ટ્ર' શરૂ થયું.

નોંધપાત્ર વાત એ છે કે, આઝાદી પહેલાં પ્રગટ થતાં અખબારો સ્વાતંત્ર્ય સંગ્રામને વેગ આપવાના હેતુથી બહાર પડતાં હતાં. ૧૯૨૬માં સુરતથી સ્વાતંત્ર્ય સેનાની કાલિદાસ શેલતે 'પ્રતાપ' નામનું અખબાર શરૂ કર્યું. એ અગાઉ નંદલાલ બોડીવાલાએ તા. ૨૮-૮-૧૯૨૩ના રોજ સાંજના દૈનિક તરીકે 'સંદેશ' શરૂ કર્યું. ૧૯૩૦થી તે સવારનું દૈનિક બન્યું. ૧૮૯૫થી શરૂ થયેલું 'પ્રજાબંધુ' અખબાર તા. ૧૬-૧-૧૯૩૨થી 'ગુજરાત સમાચાર' તરીકે પરિવર્તિત થયું. ૧૯૩૧માં સ્વાતંત્ર્ય સેનાની અમૃતલાલ શેઠે મુંબઈમાં એક ટ્રસ્ટની રચના કરી અને 'ધી સન' નામનું અંગ્રેજી અખબાર શરૂ કર્યું. એ જ ટ્રસ્ટે તા. ૯-૬-૧૯૩૪માં 'જન્મભૂમિ' દૈનિકનો પ્રારંભ કર્યો. સૌરાષ્ટ્ર ટ્રસ્ટે રાજકોટથી 'ફૂલછાબ' અને ભૂજથી'કચ્છ મિત્ર' શરૂ કર્યું. તા. ૧૨-૩-૧૯૪૭થી રાજકોટમાં 'જય હિંદ' દૈનિકનો પ્રારંભ થયો. તે પછી'અકિલા' આવ્યું. એ જ રીતે પાછળથી 'સૌરાષ્ટ્ર સમાચાર' પણ શરૂ થયું. અમદાવાદમાંથી 'પ્રભાત' પણ શરૂ થયું. સૌરાષ્ટ્રમાંથી પ્રગટ થતાં સાંજના અખબારોમાં 'નોબત', 'પગદંડી', 'લોકરાજ', 'સમી સાંજ', 'સૌરાષ્ટ્ર ભૂમિ', 'ભૂમિ' વગેરે પણ લોકપ્રિય રહ્યાં.

ગુજરાતી પત્રકારત્વનો અને અખબારોનો ઈતિહાસ રસપ્રદ છે. શાંતિલાલ શાહે 'ગુજરાત સમાચાર'નું સુકાન સંભાળ્યું તે પહેલાં 'ગુજરાત સમાચાર' અમદાવાદમાંથી રેવડી બજારમાંથી પ્રગટ થતું હતું. તેનો ફેલાવો ૧૨ હજાર નકલોનો હતો. ૧૯૪૭માં આઝાદી આવી તે પછી 'ગુજરાત સમાચાર' અને અન્ય દૈનિકો માટે મુશ્કેલીનો સમય આવ્યો. આઝાદીનો જંગ પૂરો થઈ જતાં નકલો ઘટવા માંડી. આઝાદી પહેલાં 'ગુજરાત સમાચાર' સરદાર વલ્લભભાઈ પટેલે, દાદાસાહેબ માવળંકરે, મોરારજી દેસાઈ અને બળવંતરાય ઠાકોરે શરૂ કરાવ્યું હતું, પરંતુ મુશ્કેલીઓ આવતા ૧૯૪૦માં આ અખબાર ચલાવતી ખાનગી પેઢી લોકપ્રકાશન લિમિટેડમાં રૂપાંતરિત થઈ. દાદાસાહેબ માવળંકર તેના પહેલા ચેરમેન બન્યા. પાછળથી આ અખબાર માટે ખાનપુરમાં ભવ્ય ઈમારતનું નિર્માણ થયું. કંપનીએ ભારે નુકસાન વેઠ્યું તે પછી 'ગુજરાત સમાચાર'નું સુકાન દાદાસાહેબ માવળંકરે શાંતિલાલ શાહને સોંપી દીધું. આ અખબારે જયભિખ્ખુ, જયવદન પટેલ, શશીકાંત નાણાવટી, નીરુભાઈ દેસાઈ, વાસુદેવ મહેતા, બકુલ ત્રિપાઠી જેવા લેખકો અને ચંદ્ર જેવા કાર્ટૂનિસ્ટ આપ્યા. જીવરામ જોષીનું 'ઝગમગ' પણ આ અખબારનો જ હિસ્સો રહ્યું. 'મિયાં ફુસકી' અને 'અડુકિયો દડુકિયો' જેવાં પાત્રો પણ આ સાપ્તાહિક દ્વારા જ જન્મ્યાં. ગુજરાતી ભાષાનું ફિલ્મી સાપ્તાહિક 'ચિત્રલોક' પણ આ અખબારનો જ એક હિસ્સો હતું.

એ જ રીતે 'સંદેશ' અખબાર પણ ગુજરાતની જનતાનો ધબકાર બની રહ્યું. તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૨૬ના રોજ અમદાવાદની જનતાએ પહેલી જ વાર 'સંદેશ'નું નામ સાંભળ્યું. માત્ર પાંચ જ રૂપિયાની મૂડીથી નંદલાલ બોડીવાલાએ 'સંદેશ' શરૂ કર્યું. એ રકમ પણ તેઓ ઉછીની લાવ્યા હતા. આ અખબારની શરૂઆત અમદાવાદમાં રાયપુર

ખાતે જળોવાળીના નાકે આર્ય સમાજ મંદિરની નીચે આવેલી એક ખડકીમાં શરૂ થયું. ભારે આર્થિક સંકેટોનો સામનો કરીને બોડીવાલાએ આ અખબાર ચલાવ્યું. સ્વતંત્રતા સંગ્રામમાં 'સંદેશ' અખબાર લોકોનો અવાજ બની રહ્યું. તા. ૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ ગાંધીજીએ દાંડીકૂચનો આરંભ કર્યો ત્યારે 'સંદેશ' અખબારે એ ઘટનાના કવરેજ માટે પોતાના એક પત્રકારને સાથે મોકલ્યા. 'સંદેશ'ની એ વખતની સાઇઝ આઠ પાનાની હતી. ૧૭ વર્ષ સુધી 'સંદેશ'ની એક નકલની કિંમત માત્ર એક પૈસો હતી. અનેક મકાનો બદલાતાં બદલાતાં 'સંદેશ' વિકસતું રહ્યું. જોકે અનેક ચડતી પછી કપરો દાયકો પણ આવ્યો અને તેના સ્થાપક નંદલાલ બહુ જ બીમાર પડી જતાં ૧૯૫૮માં તેમણે નિવૃત્તિ લીધી અને 'સંદેશ'ના નવા સુકાની અને તંત્રી ચીમનભાઈ સોમાભાઈ પટેલ બન્યા. દરમિયાન આ અખબારે ઘીકાંટા રોડ પર બનેલી એક નવી આલીશાન ઇમારતમાં પ્રવેશ કર્યો. ચીમનભાઈ પટેલની આગેવાની હેઠળ 'સંદેશ' અખબાર ગુજરાતની પ્રજાનો પડઘો બની રહ્યું. ૧૯૫૮માં તેમણે 'સંદેશ'નું સુકાન સંભાળ્યું. ત્યારે આ અખબારનો ફેલાવો ૧૮,૦૦૦ નકલોનો હતો. તે હવે ૧૦ લાખથી વધુ નકલોને વટાવી ગયું છે. ૧૯૮૫માં કેટલાંક તત્ત્વોએ 'ગુજરાત સમાચાર'ને આગ લગાડી ત્યારે 'ગુજરાત સમાચાર' પ્રગટ થઈ શકે તેમ નહોતું. એ સ્થિતિમાં 'સંદેશ'ના એ વખતના તંત્રી ચીમનભાઈ પટેલે ગુજરાત સમાચારના તંત્રી શાંતિલાલ શાહને 'સંદેશ' કાર્યાલયમાંથી પ્રગટ કરી આપવાની ખેલદિલીભરી ઓફર કરી હતી. એક પ્રતિસ્પર્ધી હોવા છતાં ચીમનભાઈ પટેલની આ ઓફરથી 'ગુજરાત સમાચાર'ના તંત્રી શાંતિલાલ શાહ ગદગદિત થઈ ગયા

**રમણલાલ શેઠે અમદાવાદમાંથી 'જનસત્તા' દૈનિક શરૂ કર્યું. આ અખબારે મહાગુજરાતની ચળવળ દરમિયાન પ્રજાને સાથ આપ્યો અને 'જનસત્તા' લોકપ્રિય થયું. 'જનસત્તા' પછી વડોદરામાંથી 'લોકસત્તા' પણ શરૂ થયું**




હતા. 'સંદેશ' અખબારે પણ 'ચિત્રજ્યોત' નામનું ફિલ્મી સાપ્તાહિક શરૂ કર્યું અને ચીમનભાઈ પટેલનાં ધર્મપત્ની શ્રીમતી લીલાબહેન પટેલના તંત્રીપદ હેઠળ બહેનો માટેનું 'સ્ત્રી' સાપ્તાહિક શરૂ થયું.

એ પછી રમણલાલ શેઠે અમદાવાદમાંથી 'જનસત્તા' દૈનિક શરૂ કર્યું. આ અખબારે મહાગુજરાતની ચળવળ દરમિયાન પ્રજાને સાથ આપ્યો અને 'જનસત્તા' લોકપ્રિય થયું. 'જનસત્તા' પછી વડોદરામાંથી 'લોકસત્તા' પણ શરૂ થયું. એના કેટલાક સમય બાદ અમદાવાદમાંથી ભૂપતભાઈ વડોદરિયાએ ગુજરાતને એક આગવા દૃષ્ટિકોણવાળું 'સમભાવ' નામનું પણ અખબાર આપ્યું. ત્યાર પછી આજના સમયમાં ગુજરાતના પાટનગર ગાંધીનગરને 'ગાંધીનગર સમાચાર' જેવું પોતાનું અખબાર પણ મળ્યું.

એ પછી ઘણાં વર્ષો બાદ એટલે કે આજથી ૧૭ વર્ષ પૂર્વે અમદાવાદમાંથી 'દૈનિક ભાસ્કર' નામના હિંદી દૈનિક ગ્રૂપના શ્રી રમેશ અગ્રવાલે ગુજરાતમાંથી 'દિવ્ય ભાસ્કર' નામનું ગુજરાતી અખબાર શરૂ કર્યું. 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ'ની જેમ જ ગુજરાતના મુખ્ય શહેરોમાંથી પ્રગટ થાય છે.

ત્યાર બાદ 'ધી ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' ગ્રૂપે અમદાવાદમાંથી 'નવગુજરાત સમય' નામનું ગુજરાતી અખબાર શરૂ કર્યું. એ પણ આગવી ભાતનું અખબાર બની રહ્યું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે, મહાત્મા ગાંધીજી સ્વયં પત્રકાર નહોતા, પરંતુ તેઓ માનતા હતા કે અંગ્રેજોની ગુલામી અને બીજા અન્યાયો સામે લડત ચલાવવા અખબારો મહત્ત્વપૂર્ણ રોલ અદા કરી શકે છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે સૌથી પહેલાં તેઓ 'ઇન્ડિયન ઓપિનિયન' નામના અખબારના સંપર્કમાં આવ્યા હતા. ૧૯૦૪ના અરસામાં શ્રી મદનજીતે છાપું કાઢવાનો વિચાર કર્યો અને એમણે ગાંધીજીની સલાહ લીધી. મદનજીત તો માત્ર છાપખાનું જ ધરાવતા હતા. ૧૯૦૪માં 'ઇન્ડિયન ઓપિનિયન' અખબારની શરૂઆત થઈ, પરંતુ એની જવાબદારી ગાંધીજીના માથે નાખી. એ વખતે દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજોના શાસનના કારણે ઘણા પ્રશ્નો હતા. ગાંધીજી વિવિધ વિષયો પર લખાણ લખીને મોકલતા હતા. પ્રથમ તો તે છાપું ગુજરાતી ઉપરાંત હિંદી, તામિલ અને અંગ્રેજીમાં નીકળતું હતું. છાપું ચલાવવામાં આર્થિક સંકટ આવતાં એ અખબાર ચલાવવા ગાંધીજીએ દર મહિને પોતાની વકીલ તરીકેની આવકમાંથી ૭૫ પાઉન્ડ મોકલવા પડતા હતા.

એ પછી ગાંધીજી 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન' સાથે સંકળાયા. ગાંધીજી કહે છે કે, "'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન'નો ભાગ્યે જ કોઈ એવો અંક હશે જેમાં મેં લખ્યું ના હોય. એમાં એક પણ શબ્દ મેં વગર વિચાર્યે લખ્યો નથી. મારા માટે એ છાપું સંયમની તાલીમ બની ગયું. 'નવજીવન' અમદાવાદથી નીકળતું હતું. આ બંને અખબારો દ્વારા મેં પ્રજાને સત્યાગ્રહની તાલીમ આપવા પ્રયત્ન કર્યો. આ છાપાઓમાં જાહેરખબર ન લેવાનો મારો પ્રથમથી જ આગ્રહ હતો જેથી છાપાની સ્વતંત્રતા જાળવી રાખી શકાય."

ગાંધીજી કહે છે કે, "વર્તમાનપત્રો સેવાભાવથી ચાલવા જોઈએ. હું માનું છું કે વર્તમાનપત્રોમાં ભારે શક્તિ છે, પરંતુ જેમ નિરંકુશ પાણીનો ધોધ આખા ને આખા ગામડાઓ ડુબાડી પાકને નુકસાન કરે તેમ નિરંકુશ કલમનો ધોધ પણ વિનાશ વેરી શકે છે. એ અંકુશ બહારથી આવે તો વધુ ઝેરી નીવડે છે. એ અંકુશ અંદરથી આવે તો લાભદાયી નીવડે છે. આ વિચારસરણી સાચી હોય તો વિશ્વનાં કેટલાં વર્તમાનપત્રો નભી શકે ? પણ નકામાંને કોઈ બંધ કરાવે ? કોણ કોને નકામું ગણે ? કામનું અને નકામું સાથે સાથે જ ચાલવાનાં. તેમાંથી મનુષ્યે પોતાની સમજ અનુસાર પસંદગી કરવાની રહી."


**અહીં એ નોંધવું પણ જરૂરી છે કે, ૧૯૨૪માં એ વખતના મજૂર મહાજન સંઘના વડા ગુલઝારીલાલ નંદાએ મજૂરોના પ્રશ્નોને વાચા આપવા 'મજૂર સંદેશ' શરૂ કર્યું હતું. ગુલઝારીલાલ નંદાએ પછીના સમયમાં દેશના કાર્યકારી વડાપ્રધાનનું પદ પણ સંભાળ્યું હતું**

બહુ ઓછા લોકોને ખબર છે કે આજથી ૧૦૦ વર્ષ પહેલાં મુંબઈથી 'વીસમી સદી' નામનું એક ગુજરાતી સામયિક-માસિક નીકળતું હતું અને તેની એક નકલનો ભાવ દસ આના હતા. (સોળ આને રૂપિયો થતો). તેનું મુખપૃષ્ઠ એ જમાનામાં રંગીન હતું. આ ગુજરાતી માસિકના માલિક હાજી મહંમદ અલારખિયા શિવજી નામના એક મુસ્લિમ સદગૃહસ્થ હતા. તેમનો જન્મ ૧૩ ડિસેમ્બર, ૧૮૭૮ના રોજ મુંબઈના એક પ્રતિષ્ઠિત ખોજા પરિવારમાં થયો હતો. તેઓ ગુજરાતી ભાષાના પત્રકાર અને સાહિત્યકાર પણ હતા. તેમનું મૂળ વતન કચ્છ હતું. બાળપણમાં થોડો સમય તેમણે ઘરે રહી ગુજરાતી ભાષામાં અભ્યાસ કર્યો. તે પછી ફોર્ટ હાઈસ્કૂલમાં અંગ્રેજી માધ્યમમાં છઠ્ઠા ધોરણ સુધી ભણ્યા. આ ગુજરાતી સામયિક ૧૯૧૬થી ૧૯૨૦ સુધી પ્રગટ થતું રહ્યું. આ સામયિક શરૂ કરવા માટે તેમણે એ જમાનાનું એમનું પોતાનું ભવ્ય મેન્શન વેચીને રૂ. ૧.૫ કરોડની મૂડી રોકી હતી. જે રકમ કદી પાછી ના આવી, પરંતુ 'વીસમી સદી' એ જમાનામાં બહુ જ લોકપ્રિય થયું. સૌથી વધુ નોંધપાત્ર વાત એ છે કે, ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ સાહિત્યકાર કનૈયાલાલ માણેકલાલ મુનશીની લોકપ્રિય નવલકથા 'ગુજરાતનો નાથ' પણ 'વીસમી સદી' સામયિકમાં જ ક્રમશઃ પ્રગટ થઈ હતી. ગુજરાતી ભાષાના પત્રકારત્વનું આ પણ એક ભુલાઈ ગયેલું સુવર્ણ પ્રકરણ છે.

સાહિત્યિક અને ધાર્મિક પત્રકારત્વના ભાગરૂપે પુનિત મહારાજનું 'જનકલ્યાણ' અને 'અખંડઆનંદ' જેવા સામયિકો શિક્ષિત અને સંસ્કારી પરિવારોના ઘરની શોભા બન્યા. એ જ રીતે 'નવચેતન', 'ભૂમિપુત્ર', 'કુમાર', 'બુદ્ધિપ્રકાશ' અને 'નિરીક્ષક' જેવા સામયિકો બુદ્ધિજીવીઓમાં લોકપ્રિય બન્યાં.

૧૯૭૦ પછીના ગાળામાં 'ચિત્રલેખા' અને 'અભિયાન' જેવા લોકપ્રિય સામયિકો પણ ગુજરાતના પ્રજાજીવનનો એક હિસ્સો બન્યાં. વડોદરાથી પ્રગટ થતું 'ફિલિંગ્સ' નામનું મેગેઝિન પણ લોકોમાં જાણીતું બન્યું, પરંતુ હવે આવનારો સમય ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં દૈનિકો અને સામયિકો માટે પડકારરૂપ હશે.

ગ્રામીણ પૃષ્ઠભૂમિ ધરાવતા વરિષ્ઠ પત્રકાર મણિલાલ એમ. પટેલ છેલ્લાં ૩૪ વર્ષથી ધંધાદારી અભિગમ વિના 'ગ્રામ ગર્જના' નામનું ગ્રામીણ પત્રકારત્વને વરેલું પાક્ષિક ચલાવે છે. જેના પાયામાં ખેતી, પશુપાલન, પંચાયતી રાજ, સહકાર, ગામડાંના પ્રશ્નો, સંસ્કૃતિ, ગ્રામીણ સંસ્થાઓ વગેરે છે. તેમણે રાજ્યના હજારો ગામોની મુલાકાત લીધી છે અને ગ્રામીણ પત્રકારત્વના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ૧૦ જેટલા ઍવૉર્ડ પણ તેમને પ્રાપ્ત થયા છે. ૨૦ વર્ષ જેટલા સમયથી પત્રકારત્વની કૉલેજોમાં હજારો વિદ્યાર્થીઓને તેમણે ગ્રામીણ પત્રકારત્વનું શિક્ષણ આપ્યું છે. અહીં એ નોંધવું પણ જરૂરી છે કે, ૧૯૨૪માં એ વખતના મજૂર મહાજન સંઘના વડા ગુલઝારીલાલ નંદાએ મજૂરોના પ્રશ્નોને વાચા આપવા 'મજૂર સંદેશ' શરૂ કર્યું હતું. ગુલઝારીલાલ નંદાએ પછીના સમયમાં દેશના કાર્યકારી વડાપ્રધાનનું પદ પણ સંભાળ્યું હતું.


નવજીવન

ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ ઝવેરચંદ મેઘાણી જેવા રાષ્ટ્રીય શાયર, કવિ, પત્રકાર, તંત્રી અને સાહિત્યકારથી ઊજળો છે. આજે પણ તેમનું નામ ગૌરવપૂર્વક લેવામાં આવે છે.

ઝવેરચંદ મેઘાણી એ એક કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક-સંપાદક, વિવેચક, અનુવાદક હતા. તેમનો જન્મ ૨૮ ઓગસ્ટ, ૧૮૯૬માં ગુજરાતના ચોટીલા ગામમાં થયો હતો. તેમનાં માતાનું નામ ધોળીબાઈ તથા પિતાનું નામ કાલિદાસ મેઘાણી હતું કેજેઓ બગસરાના જૈન વણિક હતા. તેમના પિતાની નોકરી પોલીસ ખાતામાં હતી અને પોલીસ ખાતા થકી તેમની બદલીઓ થવાને કારણે તેમને પોતાના કુટુંબ સાથે ગુજરાતનાં અલગ અલગ ગામોમાં રહેવાનું થયું. ઝવેરચંદનું ભણતર રાજકોટ, દાઠા, પાળિયાદ, બગસરા, અમરેલી વગેરે જગ્યાઓએ થયું. તેઓ અમરેલીની તે વખતની સરકારી હાઈસ્કૂલ અને હાલની ટી.પી. ગાંધી એન્ડ એમ. ટી. ગાંધી ગર્લ્સ સ્કૂલમાં ૧૯૧૦થી ૧૯૧૨ સુધી માધ્યમિક શિક્ષણ મેળવીને ૧૯૧૨માં મેટ્રિક થયા હતા. ઈ.સ. ૧૯૧૬માં તેઓએ ભાવનગરના શામળદાસ મહાવિદ્યાલયમાંથી અંગ્રેજી તેમજ સંસ્કૃતમાં સ્નાતકીય ભણતર પૂરું કર્યું.

ભણતર પુરું કર્યા બાદ ઈ.સ. ૧૯૧૭માં તેઓ કોલકાતા સ્થિત જીવનલાલ લિમિટેડ નામની એક એલ્યુમિનિયમની કંપનીમાં કામે લાગ્યા. આ કંપનીમાં કામ કરતી વખતે તેઓને એક વાર ઈંગ્લેન્ડ જવાનું પણ થયું હતું. ૩ વર્ષ આ કંપનીમાં કામ કર્યા બાદ વતનના લગાવથી તેઓ નોકરી છોડીને બગસરા સ્થાયી થયા. ૧૯૨૨માં જેતપુર સ્થિત દમયંતીબહેન સાથે તેમનાં લગ્ન થયાં. નાનપણથી જ ઝવેરચંદને ગુજરાતી સાહિત્યનું ઘણું ચિંતન રહ્યું હતું અને તેમના કોલકાતા રહ્યા દરમિયાન તેઓ બંગાળી સાહિત્યના પરિચયમાં પણ આવ્યા હતા. બગસરા સ્થાયી થયા બાદ તેમણે રાણપુરથી પ્રકાશિત થતા સૌરાષ્ટ્ર નામના છાપામાં લખવાની શરૂઆત કરી હતી. ૧૯૨૨થી ૧૯૩૫ સુધી તેઓ સૌરાષ્ટ્રમાં તંત્રી તરીકે રહ્યા હતા. આ સમય દરમિયાન તેઓએ પોતાના સાહિત્યિક લખાણને ગંભીરતાપૂર્વક લઈ કુરબાનીની કથાઓ'ની રચના કરી કે જે તેમનું પહેલું પ્રકાશિત પુસ્તક પણ રહ્યું. ત્યાર બાદ તેઓએ સૌરાષ્ટ્રની રસધાર'નું સંકલન કર્યું તથા બંગાળી સાહિત્યમાંથી ભાષાંતર કરવાની પણ શરૂઆત કરી.

કવિતાલેખનમાં તેમણે પગલાં ''વેણીનાં ફૂલ' નામના ઈ.સ. ૧૯૨૬માં માંડ્યા. ઈ.સ. ૧૯૨૮માં તેમને લોકસાહિત્યમાં તેમના યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. તેમના સંગ્રામ ગીતોના સંગ્રહ ''સિંધુડો'-એ ભારતનાં યુવાનોને પ્રેરિત કર્યા હતા અને જેને કારણે ઈ.સ. ૧૯૩૦માં ઝવેરચંદને બે વર્ષ માટે જેલમાં રહેવું પડ્યું હતું. આ સમય દરમિયાન તેમણે ગાંધીજીની ગોળમેજી પરિષદ માટેની લંડન મુલાકાત ઉપર ''ઝેરનો કટોરો' કાવ્યની રચના કરી હતી. ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરૂદથી નવાજ્યા હતા. તેમણે 'ફલછાબ' નામના છાપામાં લઘુકથાઓ લખવાનું પણ ચાલુ કર્યું હતું. ઈ.સ. ૧૯૩૩માં તેમનાં પત્નીના દેહાંત બાદ તેઓ ૧૯૩૪માં મુંબઈ સ્થાયી થયા. અહીં તેમનાં લગ્ન ચિત્રાદેવી સાથે થયા. તેમણે ''જન્મભૂમિ' નામના છાપામાં 'ક્લમ અને કિતાબના નામે લેખ લખવાની તેમજ સ્વતંત્ર નવલકથાઓ લખવાની શરૂઆત કરી. ઇ.સ. ૧૯૩૬થી ૧૯૪૫ સુધી તેઓએ 'ફૂલછાબ'ના સંપાદકની ભૂમિકા ભજવી જે દરમિયાન ૧૯૪૨માં ''મરેલાના રુધિર' નામની પોતાની પુસ્તિકા પ્રકાશિત કરી. ઈ.સ. ૧૯૪૬માં તેમના પુસ્તક ''માણસાઈના દીવાને મહીડા પારિતોષપિકથી સન્માનવામાં આવ્યું હતું. મેઘાણીએ ચાર નાટ્યગ્રંથ, સાત નવલિકા સંગ્રહ, તેર નવલકથા, છ ઇતિહાસ, તેર જીવનચરિત્રની રચના કરી હતી. તેમણે લોકસેવક રવિશંકર મહારાજની અનુભવેલ કથાઓનું ''માણસાઈના દીવા'માં વાર્તારૂપે નિરૂપણ કર્યું છે. મેઘાણી તેમના લોકસાહિત્યમાં સોરાષ્ટ્રની ધીંગી તળપદી બોલીની તેજસ્વિતા અને તાકાત પ્રગટાવી શક્યા છે. ''તુલસી ક્યારો', 'યુગવંદના', ''કંકાવટી', ''સોરઠી બહારવટિયા', ''સૌરાષ્ટ્રની રસધાર', ''અપરાધી'' વગેરે તેમનું નોધપાત્ર સર્જન છે.

**ઈ.સ. ૧૯૩૦માં ઝવેરચંદને બે વર્ષ માટે જેલમાં રહેવું પડ્યું હતું. આ સમય દરમિયાન તેમણે ગાંધીજીની ગોળમેજી પરિષદ માટેની લંડન મુલાકાત ઉપર ''ઝેરનો કટોરો' કાવ્યની રચના કરી હતી. ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરૂદથી નવાજ્યા હતા**

૯ માર્ચ, ૧૯૪૭ના દિવસે ૫૦ વર્ષની ઉમરે હ્દયરોગના હુમલામાં તેમના બોટાદ સ્થિત નિવાસસ્થાને તેમનું મૃત્યુ થયું.

ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૧૪ સપ્ટેમ્બર, ૧૯૯૯ના રોજ તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

*એ-૧૦૧, અભિલેખ વિલા, શીલજ સર્કલ નજીક*
*શીલજ, અમદાવાદ-૩૮૦૦૫૯*
*મો : ૯૮૭૯૨૦૭૧૦૨*

# ડેન્જરસલી રેડ : કલર ઓફ પેશન, કલર ઓફ સેલિબ્રેશન!

*- જય વસાવડા*

**સ**ર્વત્ર કિંશૂકવનૈઃ કુસુમાવનમ્રૈ : રક્તાંશુકા નવવધૂરિવ ભાતિ ભૂમિઃ કવિ કાલિદાસ ભારતીય સંસ્કૃતિના શિરમોર સમી રચના 'ઋતુસંહાર'માં આ વર્ણનનો શ્લોક લખ્યો છે, જેમાં વસંતઋતુના પલાશ યાને કેસૂડાંના ફૂલોને લીધે સમગ્ર ધરતી જાણે લાલ સાડી પહેરીને નવવધૂની માફક શોભતી હોય એવું લાગે છે!

જી હા, લાલ રંગ ભારતીય સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો છે. ભારતમાં લાલ એ ઉત્સવનો રંગ છે. ગાલે લાલ ગુલાલ વિના ધૂળેટી-હોળીની ઉજવણી અધૂરી લાગે છે. ''એ કે લાલ દરવાજે તંબૂ તાણિયા રે લોલ'' જેવા ગરબા કે ''માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો'' જેવી સ્તુતિ વિના નવરાત્રિ પૂરી થતી નથી. લગ્નમાં તો કંકોત્રીથી શરૂ કરીને ઘરચોળાં અને મેંદીથી શરૂ કરીને ચાંદલા સુધી લાલ રંગનું એકચક્રી સામ્રાજ્ય છે. મંદિરોમાં લાલ રંગની ધજા ચડાવવાના ઉત્સવો થાય છે અને આપણા સૌથી મોટા તહેવાર દિવાળીનો પણ રંગ લાલ છે, કારણ કે એ લક્ષ્મીનો રંગ છે. લાલ કમળ પર લાલ વસ્ત્ર પહેરેલાં લક્ષ્મીનું પૂજન ઘીમાં બોળેલા લાલ કંકુમાં આંગળી બોળી ચોપડા પર 'શ્રી સવા' લખવાથી થતું હતું, જેમાં લાલ આસન પર બેસવાનું રહેતું. હજુ યે ઇન્ટરનેટ પર થતી ડિજિટલ વિશિઝથી દિવાળીમાં ફૂટતી તડાફડી સુધી રંગોળી અને આંગણે થતા શુભ-લાભ અને સ્વસ્તિક સંગાથે આપણા જીવનની મોમેન્ટસ ઓફ સેલિબ્રેશન રાતાચોળ રંગમાં તરબોળ થતી રહે છે!

પણ લાલ રંગ ફક્ત બંગડીથી બાંધણી સુધી સેલિબ્રેશનનો જ કલર નથી. યુગોથી એ કલર ઓફ પેશન પણ રહ્યો છે! એક પ્રાચીન સંસ્કૃત કાવ્યકલ્પનમાં મીઠા ઉજાગરાને લીધે એની રતાશ પ્રભાતે આંખોમાં પ્રગટી હોવાની સુપર્બ સિડક્ટિવ ફેન્ટેસી છે. દિવાળી જ નહિ, વેલેન્ટાઈન્સ ડે પર પણ યુવા હૈયાઓની રોમેન્ટિક દુનિયા રેડ રોઝીઝ અને રેડ હાર્ટ બલૂન્સથી રંગાઈ જાય છે. ફ્રાન્સમાં તો એક સર્વેક્ષણ પણ થયેલું કે બાયડિફોલ્ટ પુરુષો રેડ સ્કર્ટ-ટોપ પહેરેલી અને લાલ લિપસ્ટિક લગાડેલી વેઇટ્રેસને વધુ ટિપ (ઓલરેડી ફ્રાન્સમાં બિલમાં જ એ ઉમેરાઈને આવતી હોવા છતાં!) આપે છે! અને વળી આવું ઈન્સ્ટિંક્ટથી દોરવાઈને કેવળ પુરુષો જ કરે છે!

કેમ? એ સવાલનો જવાબ જાણવા બીજો સવાલ. લાલ રંગની વાત નીકળે ત્યારે સૌથી વધુ કઈ બાબત સાથે એને ગાઢ રીતે જોડી શકાય?

બ્લડ! 'લોહીનો રંગ લાલ' એવું તો એક ગુજરાતી નવલકથાનું શીર્ષક છે! સદીઓથી તમામ દેશોમાં માનવસંસ્કૃતિમાં લાલ રંગ છવાયેલો છે, એ માણસની જિંદગી સાથે જોડાયેલા લોહીનો રંગ હોવાને લીધે! લાલ રંગનું આકર્ષણ અને ડર આ જ કારણે આપણા દિમાગી વાયરિંગમાં ચુસ્તપણે સ્થાન જમાવી ચૂક્યા છે. લાલ સાડીમાં વીંટળાયેલી અભિનેત્રીઓ 'રૂપ કી રાની ચોરોં કા રાજા'ની શ્રીદેવીથી 'રા-વન'ની છમ્મકછલ્લો કરીના સુધી હંમેશાં આંખોમાં આગ લગાડતી આવી છે. વેનેસા મેના 'રેડ હોટ' સોંગના ટાઇટલની જેમ પુરુષને લાલચટ્ટક આઉટફિટ્સમાં સજ્જ નારી હંમેશાં જરાક વધારે ગમી જાય છે, કારણ કે ઇવોલ્યુશનમાં બ્રેઈનમાં હજારો વર્ષોથી લાલ રંગ સ્ત્રીના મેન્સ્ટ્રુએશન સાથે જોડાયેલો છે. જે યુવકયુવતીની તંદુરસ્તી સારી હોય, એના લોહીમાં ઑક્સિજન અને રક્તકણ તરીકે રેડ પિગ્મેન્ટ પેદા કરતાં હિમોગ્લોબીનનું પ્રમાણ પણ વધુ જ હોવાનું!

**ડોક્ટરનો સિમ્બોલ પણ લાલ ચોકડી!**

કદાચ પશ્ચિમની સંસ્કૃતિના વર-વધૂના લગ્ન સમયે કાળા-ધોળા ડ્રેસ કોડને બદલે પ્રાચીન ભારતમાં આ બ્યુટી પ્લસ ફર્ટિલિટીના પેશનૅટ સિમ્બોલ તરીકે જ લગ્નમાં વર-વધૂને (નવોઢાને તો ખાસ) લાલ વસ્ત્રોમાં જ સજ્જ કરવાનો કે કંકુના થાપા/ પગલાં વગેરે કરવાનો રિવાજ આવ્યો હશે! બ્લડ રેડ કલરના રોઝીઝ એટલે જ અતિશય રોમેન્ટિક ગણાયાં હશે. લોહીનું પમ્પિંગ કરતું પાવર સેન્ટર હૃદય હોઈ, એ દિલનો સિમ્બોલ ઇમોશનલી ઈશ્કઘેલા આશિક-માશૂક માટે હસીન ગણાયો હશે. અને સૃષ્ટિના પાલક-સંચાલક



વિષ્ણુનાં પત્ની તથા અમુક માન્યતા મુજબ કામદેવનાં માતા લક્ષ્મીદેવીના પૂજન કે યંત્ર-મંત્ર સાથે પણ સંસારસુખનો તથા સૌભાગ્યનો ગણાતો રક્તિમ લાલ રંગ જોડાઈ ગયો હશે! એટલે જ તંત્રમાર્ગથી વધુ પ્રચલિત બનેલી શક્તિપૂજામાં લાલ ચુંદડીવાળાંના રેડ રૂપની આરાધના-સાધના વધુ થાય છે. કાળી ચૌદશની મહાકાળીના ખડગ અને ખપ્પરમાં પણ લોહી છે. કરોડરજ્જુના છેડે શરીરની મધ્યમાં આવેલા ગણાતા યોગ-કુંડલિની શાસ્ત્રના મૂલાધાર ચક્રનો રંગ પણ લાલ જ માનવામાં આવ્યો છે!

લોહી સાથેના આ સંબંધને લીધે શબ્દની કેવી રોમાંચક સફર ભારતથી શરૂ થઈ છે! અંગારક કહેવાતા મંગળના ગ્રહને ભૂમિનો પુત્ર યાને 'ભૌમ' પણ કહેવાય છે. 'મંગલકારી' મનાતા લાલ રંગનો મંગળ એમાં રહેલા લોહતત્ત્વના ફેરસ ઑક્સાઇડને લીધે લાલ છે. આ 'લોહ' શબ્દ પણ લોહીમાંથી આવ્યો છે. લોહ જેવો જ શબ્દ 'રોહ' છે, જેનો અર્થ આગળ ગતિ કરવી એવો થાય છે, જેમ રક્તની ગતિ પગથી માથા સુધી ઉર્ધ્વગામી (ઉપર ચડનારી) હોય તેમ! એટલે રોહિત શબ્દ સૂર્યનાં કિરણો જેવા લાલ માટે પણ વપરાય છે. લોહીમાંથી જ ફારસીમાં પણ વપરાતો ગઝલકારોનો ફેવરિટ શબ્દ લહૂ આવ્યો. તો રોહિતના મૂળમાં રહેલી સંસ્કૃત 'રુહ' ધાતુનો સંબંધ 'રૂધ' સાથે જોડાયો. જે 'રૂધ' (reudh) માંથી જ લાલ લોહી માટેનો બીજો શબ્દ રુધિર આવ્યો. અને કેટલાક નિષ્ણાતોના મતે એવરરેડી બેટરીની જાહેરાતમાં ય જોરશોરથી જેનું સ્લોગન ગવાય છે અને 'ગિવ મીઈઈઈ રેડ!' વાળો અંગ્રેજી રેડ (red) પણ આ સંસ્કૃત 'રૂધ'નું જ અપભ્રંશ છે! આવા જ શબ્દો સ્વીડીશમાં લાલ માટે રોડ, ડચમાં રૂડ, લિથુઆનીમાં રૂડાસ છે. ગાલ પર લાલી માટેના મેક-અપનું 'રૂઝ'પણ એમાંથી આવ્યું છે! અને કદાચ લોખંડ પરના લાલ રંગના કાટ માટેનો અંગ્રેજી શબ્દ 'રસ્ટ' પણ!

રસપ્રદ વાત તો એ છે કે 'કિરમજી' રંગ તરીકે ઓળખાતા લાલ રંગની આ ઓળખનો નાતોય ભારત સાથે છે ! મૂળ 'કિરમીજ' નામના કીટક (બગ)માંથી લાલ રંગનો સ્રાવ થાય છે. અરેબિકમાં એને કિરમીજ કહેવાતો પણ એ અરેબિક શબ્દ આવ્યો મૂળ સંસ્કૃત શબ્દ 'કૃમિજા' પરથી ! લાલ (જેનું જૂના જમાનામાં પાર્સલ પર સીલ મરાતું અને પાંડવોને જે લાક્ષાગૃહમાં બાળવાનું ષડયંત્ર રચાયેલું) વૃક્ષનું જંતુ ગણાતા કિરમીજ સાથે એ લાગુ પણ પડે છે. કૃમિ એટલે જંતુ, કીટક અને કૃમિ એટલે લાલ. કૃમિજા એટલે લાલ રંગને જન્મ દેનારા, કૃમિજાથી અરેબિકમાં કિરમીજ થયેલો શબ્દ સ્પેનિશમાં ક્રિમેસિન થયો, અને અંગ્રેજીમાં બન્યો લાલ રંગનો પર્યાયવાચી શબ્દ ક્રિમ્સન ! (ક્રિમસન ટાઈડ નામની એક જાણીતી હોલીવુડ વોર ફિલ્મ છે.)

એ જ લોહીના લાલ રંગમાંથી લોહી સાથે જોડાયેલ સંતાન માટેની 'લલ્' ધાતુ આવી અને 'લાલનપાલન'થી બાળકૃષ્ણ માટે વપરાતા 'લાલા' કે સંતાન માટેનો જાણીતો ગુજરાતી શબ્દ 'લાલ' આવ્યો ! દેખાવડી સ્ત્રી માટે લલના કે સુંદરતા માટે લલિત આવ્યો ! તો વળી ક્યાંક આ લાલ રંગે જ નખરાળી કિશોરી માટેના અંગ્રેજી શબ્દ લોલિતા કે હાલરડાના અંગ્રેજી 'લલબાય'ને રંગી નાખ્યા હશે !

પણ લોહીનો રંગ ફક્ત રોમાન્સ કે ઉન્માદ માટે જ નહિ, જોખમ માટે પણ જાણીતો છે. રેડ ઈઝ ઓલ્વેઝ ડેન્જરસ ! આદિકાળથી માનવજાતે વહેતા-ટપકતાં લોહીને સૌથી મોટા આઘાત મૃત્યુના જોખમ સાથે જોડ્યું હશે ! (જોખમનો નાતો પણ જખમ સાથે છે !) એટલે સ્વાભાવિકપણે લાલ રંગનો એક ડર પણ પેસી ગયો હોવો જોઈએ. વળી લાલ અગ્નિનો પણ રંગ છે. ડબલ ડેન્જરસ ! કોઈ પણ વસ્તુ, કોલસાથી ધાતુ સુધી હદથી વધુ ગરમ થાય તો રાતીચોળ બની જાય છે ! ગુસ્સામાં માણસના નાક કે હોઠ પર લોહી ધસી આવતા લાલ થઈ જાય છે ! કોઈ ભ્રષ્ટાચારી સ્ટ્રિંગ ઓપરેશનમાં પકડાય તોય 'રંગે હાથ' યાને 'રેડ હેન્ડેડ' જ ઝડપાયો એવું કહેવાય છે, કારણ કે જૂના જમાનામાં કાતિલ ખૂન કરીને લોહીવાળા હાથે પકડાય એ સજ્જડ પુરાવો હતો ! ક્રોધમાં 'રાતાપીળા' થઈ જનારા ઍંગ્રી બર્ડસની દુનિયામાં કમી જ નથી.

માટે લાલ રંગ સેલિબ્રેશન અને પેશન ઉપરાંત ડેન્જરનો પણ સિગ્નલ છે. એક્ચ્યુઅલી તો ૧૮૮૬માં બ્રિટિશ સાંસદે રેલગાડી રોકવાના સંકેત તરીકે લાલ રંગનો સિગ્નલ ઉપયોગમાં લેવાનો ઠરાવ સૌથી પહેલો કરેલો. પણ આજે તો જગતભરમાં લાલ રંગમાં જ તમામ ભયસૂચક વૉર્નિંગ સાઈન્સ લખવામાં આવે છે ! તમે દુનિયાનો વિનાશ થાય એવા ટાઈમબોમ્બ કે અણુશસ્ત્રને છોડતું કે એક્ટિવેટ કરતું બટન કેવા રંગનું હોય એ વિચારો. ગમે તેવો ક્રિએટિવ ફિલ્મમેકર પણ પોતાની ફિલ્મમાં એ 'રેડ બટન' બતાવશે !

લાલ રંગને 'કલર ઓફ ડેન્જર' ગણવા પાછળ વૈજ્ઞાનિક કારણ પણ છે. ક્યારેય વિચાર્યું છે કે હંમેશાં ડૂબતો કે ઊગતો સૂરજ અને એની આસપાસનું આકાશ લાલ કેમ લાગે છે ? કારણ કે સ્પેક્ટ્રમના પેલા સાત રંગોમાં રેડ કલરની તરંગલંબાઈ સૌથી વધુ છે ! માટે અન્ય રંગોનાં કિરણો વિખેરાઈ જાય, ત્યારેય એ માણસની આંખ સુધી પહોંચે છે ! લાલ રંગ સૌથી

સ્ટ્રોંગ રંગ છે. કુદરતે એટલે જ લોહીને એ રંગ આપ્યો છે, જેથી તરત જ એના તરફ ધ્યાન ખેંચાય !

**એમ્બ્યુલન્સ, મેડિકલ ઇમરજન્સી પણ રેડ.**

એટેન્શન ખેંચવાના ટેન્શનમાં તરબોળ દુનિયા એટલે જ હંમેશાં રક્તરંજિત રહી છે. એડવર્ટાઈઝિંગના વિશ્વમાં રેડ ઈઝ નોટ કલર ઑફ અફેકશન બટ એટેન્શન એટલે વર્જીન, સીએનએન, કોકોકોલા, મેકડોનાલ્ડ્સ, કોલગેટ, યૂટ્યૂબ, જીમેઈલ જેવા અનેક વિશ્વપ્રસિદ્ધ કોર્પોરેટ લોગોમાં છૂટથી ક્યાંક ને ક્યાંક લાલ રંગ ડોકાઈ જ જાય છે ! (બીજો નંબર બ્લ્યૂનો છે !) લાલ, પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય એ તો પાયાનો પાઠ છે જ. પણ કલર ઈલેક્ટ્રોનિક સ્ક્રીન પર પણ દેખાતા પિકચરમાં 'આરજીબી' યાને રેડ, ગ્રીન, બ્લ્યૂનું જ કોમ્બિનેશન હોય છે ! આપણી આજતકથી ટાઈમ્સ નાઉ સુધીની ચેનલ્સ પણ રેડની રેલમછેલ વહાવે છે.

ફેશનની પેશનમાં તો એટલે જ લાલ હુકમનો એક્કો ગણાય છે. એવું ઘણી વાર અંગ્રેજીમાં કહેવાય છે કે વ્હેન ઈન ડાઉટ, વેઅર રેડ ! જ્યારે શું પહેરવું એની મૂંઝવણ હોય, ત્યારે આંખો મીંચીને લાલ પહેરો, સારા જ દેખાશો ! હોલીવુડની આર્યન મેન સિરિઝમાં દેખાતી ફુટડી અભિનેત્રી ગ્યેનેથ પેલ્ટ્રોએ કહેલું કે કાં તમે સારા દેખાવા ખૂબ મહેનત કરો, કાં તો પછી ચકાચક રેડ લિપસ્ટિક લગાડી દુનિયા પર કામણ કરો! રેડ સેન્ડલથી રેડ સ્વેટર, કેપથી ટીશર્ટ સુધીની એસેસરીઝ ધૂમ મચાવતી હોય છે. જેમ લાલ મરચાંને લીધે ભાવતાં ભોજનને આકર્ષક રંગ અને સ્વાદ મળે છે, એમ પેઈન્ટિંગમાં પણ લાલરંગનો 'વઘાર' વિશ્વના અનેક મહાન ચિત્રોને મસાલેદાર બનાવે છે. એટલે જ ઘણા ગ્રેટ આર્ટિસ્ટ એનો ઉપયોગ સંયમથી સમજી વિચારીને કરે છે. લાલ રંગનો અતિરેક માણસનાં ઊર્જા અને ઉન્માદ વધારીને એને ઉત્તેજિત કરી શકે છે. લાગણીઓ કાબૂ બહાર જઈ શકે છે. ઘરનું ઇન્ટિરિયર એટલે જ સંપૂર્ણ લાલ રંગનું બનાવવાની સલાહ અપાતી નથી. એ સતત જોઈ આંખોને થાક લાગે અને મગજ તંગ થઈ જાય.ઘણી સંસ્કૃતિમાં એને ખુશીને બદલે શેતાનનો રંગ પણ ગણવામાં આવે છે. ડ્રેક્યુલાના ડ્રેસમાં બ્લડી રેડ રંગ ઊડીને આંખે વળગે છે. રેડ રાઈડિંગ હૂડની પેલી લુચ્ચા ભૂખાળવા વરુનો ભોગ બનતી ભોળી બાળકીની વાર્તામાં પણ લાલ ટોપી પહેરેલી બાળા તરફ વરુ આકર્ષાય છે. લાલ કપડું જોઈ આખલો ભડકેની માન્યતા સ્પેનથી ભારત સુધી પહોંચી છે ! અને પેલા ફેલિક્સ ભાઈએ બ્રહ્માંડમાંથી વાતાવરણની ધારેથી પૃથ્વી પર ભૂસકો માર્યો, એ વખતે મશહૂર થયેલ એનર્જી ડ્રિન્ક પણ 'રેડ બુલ' જ છે ને !

પણ નવાં સંશોધનોએ લાલ રંગને સુંદરતા, શુદ્ધતા, પવિત્રતા અને ધાર્મિકતા સાથે જોડવાની ભારતીય પરંપરાને સમર્થન આપ્યું છે. લાલ રંગ ઉત્સાહ, સમૃદ્ધિ અને ઊર્જાનો રંગ છે. વાઈટામિન્સથી ભરપૂર અને રસાળ એવા પૌષ્ટિક ટમેટાં, સ્ટ્રોબેરી, કેનબેરી, ગાજર, દાડમ, બીટ, મોગરી, સફરજન, તડબૂચનો રંગ છે ! કેરોટીનાઈડ પિગમેન્ટસથી લાલરંગનાં ફળો અને શાક એટ્રેકટિવ લાગે છે. ફૂડને સજાવટથી ગોઠવાતા ડ્રેસિંગમાંય તેનો ઉપયોગ થાય છે. ગ્રીન ચટણી સાથે રેડ ટોમેટો ચીલી સોસનું કોમ્બિનેશન મોંમાં પાણી લઈ આવે તેવું હોય છે. સૌથી મોંઘા ખાદ્યપદાર્થોમાંના એક એવા ગુણકારી કેસરનો રંગ પણ લાલ હોય છે, અને શુદ્ધ કેસરનું ધાર્મિક પૂજામાં કંકુ જેટલું જ મહત્ત્વ હોય છે.

પણ વાત કેવળ ખાણીપીણીની નથી. અમેરિકાની રોશેસ્ટર યુનિવર્સિટીના વિજ્ઞાની એન્ડ્રયુ ઈલિયટ કહે છે એમ લાલ રંગ પોઝિટિવ ઉત્સાહનો સંચાર પણ કરે છે ! રેડ કલર થેરાપીથી એનર્જી વધારીને હિલિંગ કરવાની વાતને અહીં વૈજ્ઞાનિક અભ્યાસનું સમર્થન મળતું હોય એવું લાગે ! ભલે, દક્ષિણ આફ્રિકા જેવા દેશોમાં એ શોકનો રંગ મનાય, પણ વાસ્તવમાં કલર રેડ તો રોઝીઝને જેમ જ મન પ્રફુલ્લિત કરીને થાકની બેટરી ચાર્જ કરી દે છે. એ સફળતા અને શક્તિનો રંગ છે, અને એને લીધે માણસ વધુ સ્ફૂર્તિમાં રહે છે !

મતલબ, દિવાળી પર થતા લાલ સાથિયા, ફૂટતા લાલ ફટાકડા, કે છપાતા લાલ કાર્ડ્સ કે પહેરાતાં લાલ કપડાં આપણામાં ફ્રેશ પાવર લઈ આવી શકે છે ! ૨૦૦૪ની ઓલિમ્પિક્સમાં બાકાયદા એવું સર્વેક્ષણ થયેલું કે અમુક રમતોમાં રેડ વસ્ત્રોમાં સજ્જ ખેલાડીઓ તરફ બીજા રંગોના કપડાં પહેરનારાઓ કરતાં રેફરીનું વધુ ધ્યાન જતું હતું ! ને ક્યારેક વધુ પોઈન્ટ્સ પણ મળી જતા હતા ! આપણે ત્યાં લાલ રંગની રોશનીમાં રાજયોગ ધ્યાન કરાવવામાં આવે છે. એની પાછળ પણ આ કોન્સન્ટ્રેશન ટેકનિક હોઈ શકે.



મૂળ તો ભારતના પર્વો સાથે લાલ રંગ એટલે પણ જોડાયેલો હશે કે ભારતની સંસ્કૃતિમાં સૃષ્ટિ પણ ગુણોની બની છે. સત્વ, રજસ અને તમસ, શુદ્ધ સત્ય યાને સ્થિરતા, શાંતિ, તેજનો રંગ શ્વેત/વ્હાઈટ છે, એના સામા છેડે તમસ યાને અંધકારમાં નકારાત્મકતા, ચંચળતા, ક્રોધ, હિંસા, જડતા, આળસનો રંગ કાળો/બ્લેક છે. પણ સ્વર્ગ-નરકની વચ્ચે ખીલેલા આ સંસારનો રંગ રજસનો યાને લાલ/રેડ છે. પ્રેમ, જોશ, જોખમ, સેક્સ, આનંદ, સમૃદ્ધિ, સુખ અને ક્રાંતિનો રંગ !

યસ, રેડ ઈઝ ઓલસો કલર ઓફ રિવોલ્યુશન. 'લાલ વાવટાવાળા' સામ્યવાદીઓ સાથે જગતભરમાં એ રંગ જોડાઈ ગયો છે. રશિયાની બોલ્શેવિક ક્રાંતિમાં લાલ ઝંડા વપરાયા પછી ચીનમાં પણ એ સિમ્બોલ બની ગયો ! ભારતની માફક જ ચાઈનીઝ નવવર્ષમાં પણ લાલ કપડાં, લાલ ફાનસ, ઘરમાં લાલ શણગાર અને 'ગુડ લક' તરીકે અપરિણીત સંતાનોને અપાતા 'શુકન'ના પૈસાના 'લાલ કલર'નો રિવાજ છે. અને લાલ ઝંડોય ખરો ! રિવોલ્યુશનરી રેડ કલર વિશ્વના ઘણાખરા ઝંડાઓમાં સ્થાન પામે છે. સિસ્ટર નિવેદિતાએ વીસની સદીના પ્રારંભે બનાવેલા ભારતના ઝંડામાં પણ લાલ રંગ હતો ! એકમાત્ર હિન્દુ રાષ્ટ્ર નેપાળનો ધ્વજ લાલ ધજા છે, તો જાપાનના ધ્વજમાં લાલ ચાંદલો છે !

દીપોત્સવી અંક વંચાઈ જાય, ત્યારે જરા આસપાસ નજર કરી આ લાલ રંગનું ચેતનવંતુ સામ્રાજ્ય પારખવાની કોશિષ કરજો. છેક ૧૮૭૪થી એ ટપાલપેટીનો કાયમી રંગ છે, શહેરોમાં ફરતી ડબલડેકર બસનો રંગ છે, મલ્ટિપ્લેક્સની ખુરશીઓથી લઈ આભૂષણોમાં જડાતા (અને પરંપરાગત રીતે કોઈના લગ્નની ૪૦મી વર્ષગાંઠે ગિફ્ટ અપાતા) રેડ રૂબી-માણેકનો રંગ છે. સૂર્યપૂજક ઈજિપ્તની પૂજારણોની ત્વચા લાલ-તાંબાવરણી બનાવાતી, તો ખ્રિસ્તીધર્મમાં એ શહાદતનો રંગ બન્યો ! મસ્તીની મહેફિલ સમાવતા રેડ વાઈનના જામમાં એ છલકે છે, તો ક્યાંક અચાનક રેડ ફિવર કે ઓરી-અછબડાના લાલ ચાઠાં બનીને પજવે છે. બાળકોને પ્યારા સાન્તાક્લોઝથી ડિજિટલ પ્લેયરમાં ફરતા લેસરના શેરડામાં કલર રેડનો રોયલ દબદબો છે. બ્લડબેન્કમાં જમા થતા લોહીમાં એ ધબકે છે અને સુહાગનના સેંથાથી કંગન સુધીના શણગારમાં એ ચમકે છે. બાબુશાહી 'રેડ ટેપીઝમ'માં સરકારી ફાઈલોમાં 'સ્ટોપ' સાઈન બની જતો લાલ રંગ તહેવારો અને શુભપ્રસંગોમાં મુકાતી મેંદીની ડિઝાઇનમાં આંખો માટે મેજિસ્ટિક મેગ્નેટ બની જતો હોય છે. મધુરી ચેરીથી જ્યૂસી લિપ્સ સુધી ફેલાયેલો રંગ લાલ ગુલમોરની પાંદડીઓથી ફરારી કારની સ્ટાઈલિશ સ્પીડ સુધી પોતાનો જાદૂ પાથરે છે.

ટ્રાફિક લાઈટથી રિમોટ કંટ્રોલ એલઈડી સુધી રેડ રંગ આપણો પીછો કરે છે. ક્યાંક એને લીધે પ્રદૂષિત નદીનું પાણી લાલ બને છે, તો ક્યાંક એની મોંહે જો દારો કાળના ભારતમાં શોધાયેલી ડાઈમાં તાંતણાઓ રાતા બને છે. સ્પેનિશમાં તો 'રંગીન' માટેનો શબ્દ 'કોલોરાડો' એટલે જ 'રેડ' ! આર્સેનિક જેવા ઝેરી તત્ત્વને ભેળવીને બનતા વેનેશ્યન રેડને પણ જગતે જોયો છે, અને એમસ્ટરડેમના બગીચાઓમાં ખીલેલા રેડ ટ્યુલિપસના જથ્થાને પણ !

કહેવાય છે કે ટ્રોયની લડાઈ પછી પાછા ફરેલા રાજા આગા મેમ્નનના સન્માનમાં દેવતાઈ લાલ જાજમ બિછાવાઈ હતી. પછી ૧૮૨૧માં અમેરિકન પ્રેસિડેન્ટ જેમ્સ મેડિસન માટે રેડ કાર્પેટ પથરાઈ. ધીરે ધીરે સ્પેશ્યલ ટ્રીટમેન્ટ માટે શબ્દ બન્યો, રેડ કાર્પેટ ટ્રીટમેન્ટ.

નવું વિક્રમ સંવત સહુ કોઈ ભારતવાસીઓ માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ, સલામતી અને પ્રમાણિક પ્રગતિની લાલ જાજમ બિછાવીને આવે એવી ડ્રીમી ડ્રીમી વિશિઝ !

બટ વેઈટ, યાદ છે, પેલી સાન્તાક્લોઝ કલરનો લોગો ધરાવતા કોકાકોલાની એડ ? જેમાં લાલ સાડીઓથી લાલ મરચાંના ખેતરથી આપણા પ્રિય ક્રિકેટનો લાલ સિઝન બોલ બતાવવામાં આવતો હતો ?

જી હા, દેશ કા રંગ ! રેડ ઈઝ કલર ઓફ ઇન્ડિયન નેશન. હરિના નામની જેમ એના ગુલાબી કેસરી હજાર હજાર શેડ્ઝ સાથે ! રાતી રાયણ જેવી તંદુરસ્તી અને ફૂલગુલાબી મનદુરસ્તીનો રંગ... ઈવોલ્યુશનથી રિવોલ્યુશનનો રંગ... મેપલનાં સૂકાં પાંદડાં અને નવજાત શિશુના ચહેરાનો રંગ ! સૂરજમુખીમાંથી બનતી જાપાનીઝ શાહી કુરેનાઈ અને લાલ કિલ્લાની બુઝુર્ગ દીવાલોનો રંગ !

જગ લાલ લાલ લાલ દિખે હે મુજ કો !

*૩૦૨, ઉજાશ ફ્લેટ, નાલંદા પાર્કની બાજુમાં,*
*અમીન માર્ગ, કાલાવડ રોડ,*
*રાજકોટ, મો. ૯૮૨૫૪૩૭૩૭૩.*

# કૌન બનેગા લક્ષ્મીપતિ...

- ભવેન કચ્છી

**લ**ક્ષ્મીદેવીને રીઝવવાતી જુદા જુદા દેવોને શું મળ્યું?

પહેલા સવાલ : શું ધનવાન એ જ લક્ષ્મીવાન ?

સવાલ નંબર દો : શું લક્ષ્મી અને સરસ્વતી સાથે ન રહી શકે ?

અગલા સવાલ : લક્ષ્મીનું વાહન ઘુવડ કેમ ?

લો દિવાળી આવી ગઈ. આપણા માટે દિવાળી એક દિવસનો તહેવાર નથી. વાઘબારસથી લાભપાંચમ સુધી આપણે દિવાળી મોડમાં જ રહીશું. વ્હોટ્સએપ પર એક માર્મિક મેસેજ ફરે છે કે, 'અખબારોમાં રંગબેરંગી મોટા કદની જાહેરાતો જોવા મળે તે સાથે જ હવે તો કોઈ તહેવાર આવી રહ્યો છે તેનું અચાનક ભાન થાય છે.

' સાવ સાચી વાત છે. જે રીતે દિવસો, મહિના અને વર્ષ બુલેટ ટ્રેનની ઝડપે વીતી જાય છે તેના પરથી એવો અફસોસ પણ થાય જ છે કે દિવાળીના આ દિવસો પણ પલકારામાં વીતી જશે. રજા માણવા કરતા રજાઓ તડાફડીની જેમ ફૂટી જશે તે વિચાર આપણને વધુ ગમગીન બનાવી દે છે.

દિવાળીના અંકો અને વિશેષ પાનાઓથી અખબારો અને સામયિકો જાણે દીપપ્રાગટયનો એહસાસ કરાવતા હોય છે.

પણ અહીં 'કૌન બનેગા કરોડપતિ'ની સિઝનમાં દિવાળીમાં જેનું મહાત્મ્ય છે તે લક્ષ્મીજી વિષે કેટલાક શુકનના ૧૧ સવાલો છેડયા છે. જો આપણે લક્ષ્મીજી વિશેનું આ તત્ત્વજ્ઞાન પામી જઈશું તો 'કૌન બનેગા કરોડપતિ'નું ઇનામ જીતવા કરતાં પણ જીવનનું મહામેગા હેમ્પર મેળવવાની સિદ્ધિ પામીશું તેમ 'ડંકે કી ચૌટ' પર કહી શકાય. તો બેસી જાવ હોટ સીટ પર.

સવાલ એક : શું ધનવાન એ જ લક્ષ્મીવાન ?

ભારત વિશ્વનો એક માત્ર દેશ છે જ્યાં સંપત્તિના ધન અને લક્ષ્મી એમ વર્ગ પાડવામાં આવ્યા છે. આપણે સદીઓથી ધનતેરસ અને તે પછીના બે દિવસે દિવાળીએ લક્ષ્મીપૂજન કરીએ છીએ છતાં ક્યારેય મનોમન એવો પ્રશ્ન નથી કરતા કે ધન અને લક્ષ્મીપૂજનના બે અલગ દિવસો કેમ ? એટલે સુધી કે શ્રીમંતો તરફ નિસાસા નાંખીને એમ પણ કહેતા હોઈએ છીએ કે, ''જુઓને અમારો શું વાંક ગુનો ? આ શ્રીમંત પર લક્ષ્મીની કેવી કૃપા વરસી છે.''

દુઃખ તો ત્યારે થાય છે જયારે જ્ઞાન થકી કુટુંબ-સમાજમાં એક સંવાદિત જીવન વ્યતીત કરનાર, સરસ્વતીની કૃપા મેળવનાર નીતિવાન, ચારિત્ર્યવાન, સ્વાસ્થ્યસભર જીવન માણનાર વ્યક્તિ પણ શ્રીમંતોને જોઈને તેમની લઘુતાગ્રંથિ વ્યક્ત કરે છે કે, 'અમારા પર સરસ્વતીની કૃપા છે પણ તમારા જેવી લક્ષ્મીની કૃપા નથી.' આપણે ધનવાનને લક્ષ્મીવાન માનીએ છીએ પણ બંનેમાં ભારતીય સંસ્કૃતિ પ્રમાણે ભેદ છે.

સવાલ બે : લક્ષ્મી અને સરસ્વતી સાથે રહી શકે ?

ખરેખર તો સરસ્વતીની કૃપા મેળવનાર પર ધનની કૃપા નથી હોતી પણ લક્ષ્મીની કૃપા હોય છે અને ધનવાનો લક્ષ્મીની કૃપા મેળવવા તરસતા હોય છે. લક્ષ્મીવાનને એ ખબર નથી કે હોતી કે લક્ષ્મી હોવી એ કર્મનું ફળ હોઈ શકે કેમ કે તેમાં જ્ઞાન, સાત્વિકતા અને આધ્યાત્મિકતા જોડાઇ હોય છે. શ્રીમંતને તેનું ધન સજા સમાન લાગી શકે.

લક્ષ્મીવાન બહારથી ઉજળો અને અમીર દેખાય જ પણ તેનું હૃદય પણ ઉમદા, ઠરેલ અને બીજાને જિવાડી



જાણનાર હોય. શ્રીમંત શક્ય છે કે અઢળક હોય પણ ત્યાગી પણ ન શકે અને ભોગવી પણ ન શકે જ્યારે લક્ષ્મીવાન તુલનાત્મક રીતે જીવનને પણ માણે અને બીજાને પણ તેમાં સામેલ કરતા આપોઆપ દિવ્યતાના વલયને જન્મ આપે છે.

સવાલ ત્રણ : ધનની દિશા દિવ્ય પથ પર રહે તો ?

શ્રીમંતના ધનનો માર્ગ દિવ્યપક્ષ પરનો ન હોય તો સૃષ્ટિના નિયમ પ્રમાણે ચેઈન રિએકશન તેમને ચેન નહીં આપે. તેમાં અજ્ઞાનનો લેપ લાગેલો હોઇ લોભ, મોહ, ઈર્ષા, અહંકાર ફ્રી પેકેજની જેમ સામેલ થઈ ગયા હશે.

લક્ષ્મીવાન તુલનાત્મક રીતે ઓછી સંપત્તિથી દુનિયાને નવાઈ લાગે તેમ ધીમી પણ મક્કમ કાચબા ગતિએ ચાલતો હશે અને તેના પર જાણે સુરક્ષાની ઢાલનું કવચ હશે. શ્રીમંતોને લક્ષ્મીવાનની ઈર્ષાય થઈ શકે પણ લક્ષ્મીવાન જીવનના વિવિધ રંગો તો માણશે જ પણ આપત્તિની પળે એ હદે બેબાકળો કે પિત્તો નહીં ગુમાવે. અજ્ઞાની જેટલો ઘાંઘો નહીં બને.

સવાલ ચાર : ધનથી શું ના ખરીદી શકાય ?

આપણી ભાષામાં જ કેવું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન છે ? ઐશ્વર્ય શબ્દ ધનવાન કરતાં લક્ષ્મીવાન માટે જ તો છે. રૂપ અને સૌંદર્ય, મોંઘી હોસ્પિટલ અને સ્વાસ્થ્ય, મોંઘું ભણતર અને જ્ઞાન એવી લાંબી યાદી છે, જેમાં એકને રૂપિયાથી ખરીદી શકાય છે અને બીજાને નહીં.

લક્ષ્મીવાનનો એક રૂપિયો જાણે ભારતમાં ડોલર જેટલી મૂલ્યતા ધરાવે છે. જ્યારે શ્રીમંતનો ડોલર એક



રૂપિયો હોય તેવું લાગે છે.

સવાલ પાંચ : અથર્વવેદની નજરે લક્ષ્મી એટલે શું ?

ઋગ્વેદમાં લક્ષ્મીનો એક વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ તેનો અર્થ સંપત્તિની દેવી તરીકે નહીં પણ 'શુભ સૌભાગ્ય' તે પ્રકારનો છે. સંપત્તિ, ધન કે પૈસો સ્થૂળ છે. તેને ચલણ તરીકે જોઈ શકાય છે. જ્યારે સૌભાગ્યમાં ધન અને ધનથી ન ખરીદી શકાય તે બધું જ સમાવિષ્ટ છે.

તદ્‌ઉપરાંત તેના પર જ્ઞાનનું આવરણ (રેપર) છે. ૩૦૦૦ વર્ષ પહેલાં જેની રચના થઈ હોવાનું મનાય છે તેવા અર્થવવેદમાં લક્ષ્મીને શુભ, નસીબ, સંપત્તિ, સમૃદ્ધિ, સફળતા અને સુખની અનુભૂતિનો સમન્વય બતાવાઈ છે.

સવાલ છ : લક્ષ્મીને રીઝવી દેવોને શું પ્રાપ્ત થયું ?

મહાકાવ્યો અને પુરાણકથા પ્રમાણે ભગવાન વિષ્ણુજીનાં ધર્મપત્ની તરીકે લક્ષ્મીજી બિરાજમાન છે. જીવન ઉત્પત્તિ અને સમુદ્રમંથન વખતે શ્રી લક્ષ્મીનો ઉદ્ભવ બતાવાયો છે. દેવો લક્ષ્મીની બહુમુખી તાકાત જોઈ તેને મેળવવા કે નષ્ટ કરવા એક તબક્કે લક્ષ્મીજીને મારી નાખવા સુધીની યોજના બનાવે છે. ત્યારે લક્ષ્મીજીના સર્જક પ્રજાપતિ દેવોને કહે છે કે તેના કરતાં તમે લક્ષ્મીજીને રીઝવીને તેની શક્તિ અને ગુણો કેમ નથી મેળવતા. દેવોએ અંતે તેમ કર્યું.

અગ્નિદેવને તેમાંથી અન્ન મળ્યું. સોમવારને રાજા જેવી પ્રભુત્વતા પ્રાપ્ત થઈ. વરુણ દેવને વિશાળ સામ્રાજ્ય, સાવિત્રીને માલિકીભાવ, પશુનને કીર્તિ, સરસ્વતીને પોષણ અને ત્વસ્રીને જુદા જુદા આકારોની પ્રાપ્તિ થઈ, મિત્ર દેવને લગ્ન યોગ,

ઈન્દ્રને બળ, બૃહસ્પતિને જ્ઞાન-પાંડિત્ય લક્ષ્મી પાસેથી મળ્યું હતું. આથી જ લક્ષ્મી જેના પર રીઝે તેને આ તમામની માલિકી તો મળે જ પણ સાથે દેવતત્ત્વ પણ સામેલ હોય જ. શ્રીમંત દાનત હોઈ શકે પણ સત્માર્ગી વ્યક્તિ યશ, કીર્તિ, ઐશ્વર્ય, અન્ન, પ્રભુત્વ, માલિકી, આધ્યાત્મિકતા બધાનો વધતા ઓછા અંશે સ્પર્શ મેળવે છે.

સવાલ સાત : લક્ષ્મીવાનના ગુણો ક્યા?

લક્ષ્મીની કૃપા હોય તેની જોડે તો ખરેખર સરસ્વતી એક સિક્કાની બે બાજુની જેમ આવે જ. જે જીવનના વિવિધ રંગો, વિદ્યાઓ, પાસાઓ, કળાઓ, સિદ્ધિઓનો ધારક

હોય કે પછી સાક્ષર, વિચારક, ચિંતક કે પંડિત હોય તે લક્ષ્મીવાન છે. લક્ષ્મીવાનોને નિભાવવા શ્રીમંતોનું કર્તવ્ય અને અનિવાર્યતા પણ જોવા મળે છે. ત્રિદેવ પૈકી વિષ્ણુ સમાવિષ્ટ છે તેવા ભગવાન દત્તાત્રેયના પત્ની પણ લક્ષ્મી છે.

સવાલ આઠ : ગૃહલક્ષ્મી એ જ લક્ષ્મી ?

સમગ્ર નારીમાં લક્ષ્મી બિરાજમાન છે. જે ઘરમાં નારીનો આદર હશે તે ઘર જુદું જ તરી આવશે. દીકરી આથી જ લક્ષ્મીની કૃપાથી અવતરે છે તેવી માન્યતા આપણે ત્યાં સેવાય છે. પાર્વતી, સીતા માતા, સરસ્વતી અને રુક્મિણિને લક્ષ્મીના આદિ રૂપ મનાય છે.

સવાલ નવ : લક્ષ્મીનો સંસ્કૃતમાં શું અર્થ થાય ?

'લક્ષ્મી'નો સંસ્કૃતમાં મૂળ શબ્દ 'લક્ષ' એટલે ધ્યાન આપવું, ધ્યેય બનાવવું, નિરીક્ષણ કરવું વગેરે. એનો અર્થ એમ થાય કે જો તમે એકાગ્ર ચિત્ત સાથે કોઈ સાધના કરો અને પછી જે પ્રાપ્ત થાય તેને લક્ષ્મી કહેવાય છે. આપણા શાસ્ત્રમાં તમામ સિદ્ધિ, તપ, ધ્યાન, હંમેશાં પ્રભુ અને આધ્યાત્મિકતા માટે જ કરવાની રહે છે. આમ 'લક્ષ્મી' થકી જીવનના ચાર ધ્યેય ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો માર્ગ દિવ્યતા તરફ લઈ જવાનો છે. લક્ષ્મીના ચાર હાથ પણ આ સૂચવે છે.

સવાલ દસ : લક્ષ્મીની મુદ્રા શું સૂચવે છે ?

લક્ષ્મીજીના હાથમાં કમળ છે. હિંદુ શાસ્ત્રોમાં કમળ જ્ઞાન, આત્મ સાક્ષાત્કાર અને મુક્તિનું પ્રતીક છે. 'જલકમલવત્', સદેહે વિદેહી, રંગે રંગે અરંગી રહેવાનો તે નિર્દેશ કરે છે.

લક્ષ્મીની આજુબાજુ હાથી હોય છે. હાથી ઉદ્યમ, તાકાત, મસ્તી અને અગ્રસ્થાનનો માલિક છે. હાથી પાણી, વરસાદ અને પ્રજોત્પતિની હાજરી પણ છે. લક્ષ્મીજીનું વાહન ઘુવડ છે દિવસે એટલે કે સુખમાં તો આપણે જોતા જ હોઈશું પણ દુઃખના અંધકારમાં આપણને દિવ્ય અને જ્ઞાનનો પ્રકાશ ઘુવડ જેમ પ્રાપ્ત થાય તેવો નિર્દેશ છે. તેવી જ રીતે ઘુવડની જેમ સુખ અને તેજના મોહમાં મોહાંધ કે મદાંધ થઈ જતા તેની પણ ચેતવણી લક્ષ્મીજી આપે છે.

લક્ષ્મીજીની મૂર્તિ જોતાં તેના હાથમાંથી ધનની વર્ષા થતી હોય તેમ લાગે છે તે બતાવે છે કે હું તમને જેમ ધન આપું છું તે જોઈને તમે પણ તે રીતે જરૂરિયાતમંદોને ધનનું દાન કરજો.

સવાલ અગિયાર : લક્ષ્મીકૃપા એટલે શું ?

લક્ષ્મીજી સોનેરી દોરા ધરાવતી લાલ સાડી ધારણ કરે છે, જે સંપત્તિ અને ઐશ્વર્ય છે જ્યારે તેમના પતિ વિષ્ણુ ઉત્તમ પુરુષ છે. અર્થાત્ દંપતીએ વિષ્ણુ-લક્ષ્મી બનીને જીવન વ્યતીત કરવાનું છે.

લક્ષ્મી કૃપા : સુખી વ્યક્તિ માટે આપણે એમ કહેતાં હોઈએ છીએ કે 'તેના પર ભગવાનના ચાર હાથ છે' એટલે કે લક્ષ્મીજીના ચાર હાથ છે.' તે પરથી આ કહેવત આવી છે. અષ્ટ લક્ષ્મીના નામો પણ જાણી લો આદિ લક્ષ્મી, ધાન્ય લક્ષ્મી, ધૈર્ય લક્ષ્મી, ગજ લક્ષ્મી, સંતાન લક્ષ્મી, વિજય લક્ષ્મી, વિદ્યા લક્ષ્મી અને ધન લક્ષ્મી.

....અને છેલ્લે... લક્ષ્મીજી આ નામોથી પણ ઓળખાય છે : પદ્મા, કમલિની, પદ્મપ્રિય, પદ્માલયધારા, દેવી, પદ્મમુખી, પદ્માશ્રી, પદ્માસના, પદ્મસુંદરી, શ્રી, શ્રીજા, વિષ્ણુપ્રિયા, ઉલ્કાવાહિની અને જગદીશ્વરી. દીવાળીની શુભકામના સાથે નવા વર્ષમાં લક્ષ્મીપતિ બનવાની સૌને શુભેચ્છા..

વાણી, આરોગ્ય, અનિષ્ટો પર વિજય અને તે પછી જ પ્રકાશમય જીવન

વાઘબારસ ખરેખર વાક્બારસ છે. જેમનું જીભ અને વાણી પર પ્રભુત્વ તે દુનિયા જીતી જનારા છે. વાણી એટલે બીજાને આંજી કે પ્રભાવિત કરી દેતી વાણી નહીં પણ હૃદયગત મીઠાશ, સંયમભરી અને જ્ઞાનના વલય સર્જતી



વાણી.

ધ્યાન કે પ્રાર્થનામાં એ બાબતમાં સંકલ્પનો સમાવેશ કરો કે આપણને અને આપણા થકી બીજાને જીવાડી જતી વાણી પ્રાપ્ત થાય. વાઘબારસે સરસ્વતીની પૂજા કે તેના મંત્રોચ્ચાર થઈ શકે.

ધનતેરસ ખરેખર આરોગ્ય માટેની આરાધના છે કેમ કે ધન કરતાં પણ વધુ મહત્ત્વની લક્ષ્મીની પૂજા તો દિવાળીએ કરવાની જ હોય છે.

ધન્વંતરિ આરોગ્યના તે જમાનાના સંશોધનાત્મક ઉપચાર અને નુસખાઓના જનક એવા ઋષિ છે. પહેલું સુખ તે જાતે નર્યા. તમે જ કહો તમારી પાસે દિવાળીને માણી શકાય એટલી શ્રીમંતાઈ હોય, વિશ્વ પ્રવાસ ખેડી શકાય તેટલો વૈભવ હોય, પરિવારજનોની હૂંફ પણ હોય પણ તમારું આરોગ્ય કથળેલું કે કષ્ટદાયક હોય તો ?

આપણું આરોગ્ય જાળવવા કે ઉગારવામાં ધન્વંતરિનું મહાપ્રદાન છે. ધનતેરસે સ્વાસ્થ્યની પૂજા અને સંકલ્પ કરવામાં આવે છે.

તમે તમારા તબીબોને મનોમન 'થેંક્સ ગિવિંગ' કરી શકો છો. ધન્વંતરિ વેદો અને પુરાણોમાં વિષ્ણુના અવતાર મનાય છે.

વારાણસી, કેરાલા અને તમિલનાડુમાં ધન્વંતરિના વિષ્ણુ સ્વરૂપનાં મંદિરો પણ છે. વિષ્ણુના એક હાથમાં અમૃત કુંભ, એક હાથમાં શંખ, એક હાથમાં જડીબુટ્ટી અને એક હાથમાં આરોગ્ય માટેની પ્રતો છે. ભારતની ઘણી આયુર્વેદિક કોલેજોમાં ધન્વંતરિની પ્રતિમા કે મૂર્તિ બિરાજમાન છે.

કાળીચૌદશે અનિષ્ટો, વિઘ્નકર્તાઓ, આસૂરી તત્ત્વના નાશ માટેની પૂજા થતી હોય છે. આમ ક્રમશઃ વાણી, આરોગ્ય, વિઘ્ન અને અનિષ્ટો તેમજ તે પછી જ ખરી પ્રકાશમય ઉજવણી અને જીવન બને તેથી આ બારસ, તેરસ, ચૌદસ અને તે પછી દિવાળી ક્રમ પ્રમાણે ગોઠવાયેલી છે. આપણા પૂર્વજોને આવા તત્ત્વજ્ઞાન માટે નતમસ્તક વંદન કરવા જ રહ્યા.

*એમ-૭૦૩, સર્જન ટાવર, સુભાષ ચોક પાસે,*
*મેમનગર, અમદાવાદ-૫૨.*
*મો.-૯૮૯૮૯૮૮૦૧૪*

**સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...**

ગુજરાત

મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

**નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો**

▶ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ▶ અધિકૃત માહિતી ▶ સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
▶ લોકકલ્યાણની વાત ▶ રાજ્ય સરકારના નિર્ણયો ▶ લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
▶ સફળ લોકોની વાતો આ ઉપરાંત ▶ અતિથિની કલમે ▶ વિદ્વાનોના વિચારો ▶ વાંચકોની વાત
▶ વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય ▶ પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...
ગુજરાત પાક્ષિકની PDF www.gujaratinformation.gujarat.gov.in લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર

**રૂા. ૫૦/-**

# મા ગુર્જરીનું નૂપુર : નવસારી

- *ડૉ. નરોત્તમ વાળંદ*

**મ**ધ્યકાલીન ગુજરાતમાં દક્ષિણનો પ્રદેશ લાટ પ્રદેશ તરીકે ઓળખાતો હતો. એ વખતે આ પ્રદેશ પર ચૌલુક્ય રાજાઓનું રાજ્ય હતું. નર્મદા નદીની દક્ષિણથી માંડીને તાપી નદીના કાંઠા લગી એનો વિસ્તાર હતો. ચૌલુક્યોની સત્તાનો વિસ્તાર વધતાં તે ઉત્તરમાં મહી નદી અને દક્ષિણમાં તાપીથી વાપી લગી લાટ પ્રદેશ વિસ્તર્યો. ચૌલુક્યો પછી રાષ્ટ્રકૂટો આવ્યા. તે વખતે નવસારી રાજધાની બન્યું હતું. ભૌગોલિક રીતે નવસારી ૨૦૯૫ ઉત્તર અક્ષાંશ અને ૭૨-૯૩ પૂર્વ રેખાંશ પર આવેલું છે. તેનું રેલવે સ્ટેશન અમદાવાદથી મુંબઈ વચ્ચેના ભાગ પર વસેલું છે. પહેલાં નવસારી વડોદરા રાજ્યમાં હતું.


નવસારીનાં વિવિધ નામો છે. તેમાં 'નાગમંડલ' જૂનું નામ છે. તે પછી 'નવસારિકા' અને 'નવસારી' નામો કેવી રીતે પડ્યાં તેનો ઇતિહાસ છે. ઈ. ૧૧૪૨માં પારસીઓ તેમના મૂળ સ્થાન ઈરાનથી ગુજરાતમાં આવ્યા. તેઓ સંજાણ બંદરે ઊતર્યા અને પછી આજુબાજુના પ્રદેશમાં વિસ્તર્યા. અહીંનું વાતાવરણ મૂળ ઈરાન જેવું જ તેમને લાગ્યું. આ નવા સ્થાનને ફારસી ભાષામાં 'નૌ' એટલે 'નવું' અને ઈરાનના એક પ્રદેશને 'સારી' કહે છે. આમ 'નૌ' અને 'સારી' ને ભેગા કરીને 'નૌસારી' નામ આપ્યું. તે પછીથી 'નવસારી' બન્યું. સમય જતાં 'નવસારી' નામ પ્રખ્યાત થઈ ગયું. અત્યારે બસ અને રેલવે મારફતે સંપર્ક સાધી શકાય છે. એરપોર્ટ અંગેની સરકારી મંજૂરી આવી ગઈ છે.

**વડોદરા રાજ્યની સત્તા નવસારી પર ઘણા વખત લગી રહી. પહેલી મે, ૧૯૪૯થી નવસારી સુરત જિલ્લામાં હતું. ૧૯૬૪ના જૂનથી વલસાડ જિલ્લામાં જોડાયું. તે પછી બીજી ઓક્ટોબર ૧૯૯૭થી નવસારીનો અલગ જિલ્લો બન્યો. અહીં હીરા ઘસવાનો ઉદ્યોગ સારી રીતે ચાલે છે**

૧૩મી સદીમાં પારસી ધર્મગુરુઓનાં કુટુંબો અહીં આવ્યાં. તે પછી તો અન્ય કુટુંબોએ પણ એમને અનુસરીને અહીં વસવાટ કર્યો. આમ ઘણા પારસી પરિવારોનું આગમન થયું. ઈ.સ. ૧૭૬૫માં તેમણે 'આતશ બહેરામ'ની સ્થાપના કરી. આજે તે વિશ્વ વારસા (National heritage) તરીકે ઓળખાય છે. અહીં વસેલા પારસીઓએ પોતપોતાને અનુકૂળ ધંધા ઉપાડી લીધા. ૧૮મી સદીમાં કેટલાક સાહસિકો વિદેશમાં પણ ગયા અને ત્યાંના વેપાર-ધંધા ઉપાડી લીધા અને ત્યાં જ રોકાઈ ગયા.

નવસારી ૭મી સદીમાં ચૌલુક્યની સત્તામાં હતું. ૬૭૧માં તે 'નવસારિકા' કહેવાયું. ગુજરાતના ૧૬૦૦ કિ.મિ.ના દરિયાકિનારાથી ૧૩ કિ.મિ. દૂર છે. પૂર્ણા નદી તેની પડખે વહે છે. નેશનલ હાઈવે નં.૮ પણ નજીકમાં છે. વડોદરા રાજ્યની સત્તા નવસારી પર ઘણા વખત લગી રહી. પહેલી મે, ૧૯૪૯થી નવસારી સુરત જિલ્લામાં હતું. ૧૯૬૪ના જૂનથી વલસાડ જિલ્લામાં જોડાયું. તે પછી બીજી ઓક્ટોબર ૧૯૯૭થી નવસારીનો અલગ જિલ્લો બન્યો. અહીં હીરા ઘસવાનો








ઉદ્યોગ સારી રીતે ચાલે છે. સાહિત્યક્ષેત્રે જોઈએ તો ઈ.સ. ૧૯૪૯માં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન અહીં હરસિદ્ધભાઈ દિવેટિયાના પ્રમુખપદે ભરાયું હતું. તે પછી ઈ.સ. ૨૦૦૯માં પરિષદનું અધિવેશન ભગવતીકુમાર શર્માના પ્રમુખપદે ભરાયું હતું. પરિષદનું એક જ્ઞાન સત્ર પણ અહીં ભરાયું હતું. તદુપરાંત અહીંની 'સયાજી વૈભવ લાઈબ્રેરી'ના ઉપક્રમે અવારનવાર સાહિત્યના કાર્યક્રમો યોજાય છે. બહારના સાહિત્યકારોનાં પ્રવચનો યોજાય છે.

નવસારીએ ઘણી પ્રતિભાવંત વ્યક્તિો આપેલી છે. તેમાં સૌ પ્રથમ આવે જમશેદજી તાતા. તેમણે ઘણા ઉદ્યોગો સર કર્યા છે. જે. એન.તાતા મેમોરિયલ ટ્રસ્ટ વિશાળ ઓડિટોરિયમની સ્થાપના કરી છે. અહીંનું દુધિયા તળાવ પુરાવીને આ રચના કરી છે. જમશેદજી તાતાનું સપનું માત્ર કંપનીના વિકાસનું નહિ, પરંતુ દેશના વિકાસનું હતું, જીવતેજીવ પોતાનાં ૧૪ મકાનો અને અન્ય ૪ મિલકત સહિત બધું જ એવી યુનિવર્સિટી બનાવવા એમણે દાન કર્યું હતું, જે સાયન્સના વિષયમાં ઈંગ્લેન્ડમાં પણ બની નહોતી. દાદાભાઈ નવરોજી તે વખતે 'ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ઈન્ડિયા' તરીકે ઓળખાતા હતા. તેઓ પાર્લામેન્ટના સભ્ય હતા. 'હાઉસ ઓફ કોમન્સ ઓફ યુ.કે.'માં ૧૮૯૨ અને ૧૮૯૫ લગી રહ્યા હતા. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહમાં રોકાયેલા હતા ત્યારે શરૂઆતમાં જ નાણાંની જરૂરી પડી. તે વખતે તાતાએ પહેલી આર્થિક સહાય મોકલી હતી. પૂર્વ વડાપ્રધાન નહેરુએ તાતાને 'વન મેન પ્લાનિંગ કમિશન' કહીને નવાજ્યા હતા. મીઠાપુરમાં માય કોલોની જોવા જઈએ તો ખબર પડે કે તાતાએ માય પ્રોફિટ મેકિંગને બદલે કેવું પરમાર્થ કાર્ય કર્યું છે. મુંબઈની તાજહોટલને ત્રાસવાદીએ સળગાવી ત્યારે નિરાધાર બનેલા કર્મચારીઓને તાતાએ બેઠા કર્યા હતા. એવા જ બીજા જમશેદજી જીજીભોયે દાનવીર તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. તેમણે ભરૂચમાં એક મોટી સિવિલ હૉસ્પિટલ બનાવવા માતબર રકમનું દાન કર્યું હતું. આ ઉપરાંત ચહેરજી રાણા એક દાનવીર અને ઉદ્યોગપતિ હતા. તેમણે નવસારીમાં જ એક સારી લાઈબ્રેરી બંધાવી હતી. તેઓ પારસી સમાજના નેતા હતા.

**પૂર્વ વડાપ્રધાન નહેરુએ તાતાને 'વન મેન પ્લાનિંગ કમિશન' કહીને નવાજ્યા હતા. મીઠાપુરમાં માય કોલોની જોવા જઈએ તો ખબર પડે કે તાતાએ માય પ્રોફિટ મેકિંગને બદલે કેવું પરમાર્થ કાર્ય કર્યું છે**










હોમાય વ્યારાવાલા એ પારસીબાનુનો જન્મ તો નવસારીમાં જ થયેલો, પરંતુ તેમનાં લગ્ન માણેકશા સાથે થયાં હોઈ, તેમણે પતિની અટક અપનાવી. ૧૩ વર્ષની ઉંમરથી તેમણે ફોટોગ્રાફી શરૂ કરી હતી. તેમના પતિ પણ ફોટોગ્રાફીનો શોખ ધરાવતા થઈ ગયા હતા. આઝાદીની ચળવળ પુરજોશમાં ચાલતી હતી, તેની ઐતિહાસિક બાજુ, વિવિધ ઘટનાઓ, કેટલીક આઘાતજનક ઘટનાઓ પોતે જોખમ ખેડીને પણ લઈ લેતાં. રાજેન્દ્રબાબુ અને જવાહરલાલ તેમના પ્રિય નેતા હતા. જુવાનીમાં તેઓ એક જગાએથી બીજી જગાએ સાઈકલ પર ઊપડી જતાં. એટલે તેઓ જર્નાલિસ્ટ ફોટોગ્રાફર તરીકે ઓળખાતાં. જુવાનીમાં જ વિધવા થયાં, પણ હિંમત હાર્યા નહીં, વડોદરામાં ઘર લીધું અને ત્યાં રહ્યાં. પોતાનું ઘરકામ પોતે જ કરતાં અને ફોટા પાડવા પણ જતાં. જીવનના અંત લગી, ૯૮ વર્ષ લગી, તેમણે ફોટા સાથે દોસ્તી જાળવી રાખી હતી. ફોટોગ્રાફીમાં તેમને ઍવૉર્ડ મળેલા અને સરકાર તરફથી ‘પંચવિભૂષણ’નો ઈલ્કાબ પણ મળ્યો હતો.

આ ઉપરાંત ભારતની ફિલ્મોના ડિરેક્ટર કેતન મહેતા, ક્રિકેટવર જીમ પટેલ, કવિ રામગણેશ ગડકર, કુટ્ટશ ડેબુ(ડૉક્ટર) એ બધાં નવસારીનાં રત્નો છો.

અહીંથી નજીક વાંસદા તાલુકામાં ઊના પાણીના ફુવારા આવેલા છે. ઉભરાટ અને દાંડીના સમુદ્રકિનારે આવેલું તીથલ હવા ખાવાનું મથક છે. દાંડી તો ગાંધીજીના મીઠાના સત્યાગ્રહથી જાણીતું બનેલું છે. અહીં દરિયાકિનારાથી સાવ નજીક આવેલા બંગલામાં ગાંધીજીને ઉતારો અપાયો હતો, જે આજે પણ તેનો સાક્ષી છે. ગાંધીજીએ દરિયાકિનારેથી ચપટી મીઠું લીધું એ વખતે પારસીબાનુ મીઠુબેન પીટીટ તેમની પડખે ઊભાં હતાં. વાંસદાના નેશનલ પાર્કમાં વાઘ, ચિત્તો આદિ વન્ય પશુઓ જોવા મળે છે. ડાંગના જંગલમાં પણ અનેક જંગલી પશુઓ દિવસે પણ હરતાં ફરતાં દેખાય છે. સાપુતારા એ ગુજરાતનું હિલ સ્ટેશન બન્યું છે. ત્યાં મુલાકાતીઓને રહેવા જમવા માટેની સગવડ છે. અજમલ ગઢ આજુબાજુની ટેકરીઓથી ઘેરાયેલો છે. પારસીઓ ત્યાં ગઢની ગુફાઓમાં લગ્ન સમારંભ અને અન્ય ઉત્સવો ઉજવતા હતા. બરુમાલ નામના સ્થળે આવેલું બરુમાલ મંદિર ખાસ જોવાલાયક છે. દુધિયા તળાવની પાળ પર આશાપુરી માતાનું મંદિર છે. તે ઉપરાંત આજુબાજુમાં અસંખ્ય મંદિરો આવેલાં છે. અમલસાડનું અંધેશ્વર મંદિર, કછોલીમાં આવેલું ગંગેશ્વર મંદિર, ગડત પાસેનું કામેશ્વર મંદિર, મજીગામ પાસે આવેલું મલ્લિકાર્જુન મંદિર, અનાવલ પાસે શુકલેશ્વર મહાદેવ, મહુવા પાસે વિઘ્નેશ્વર મહાદેવ, બારડોલી પાસે કેદારેશ્વર મહાદેવ એ ઉપરાંત સોમનાથ મંદિર, દ્વારકાધીશ મંદિર, ગંગામાતા મંદિર, રામજી મંદિર આસપાસ આવેલાં છે.

*૮, પ્રીતમ સોસાયટી-૧, ભરૂચ - ૩૯૨૦૦૨*
*ફોન - (૦૨૬૪૨) ૨૨૯૬૯૩*



# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

**મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું**

- ❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- ❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❒ સરકારનું નહિ, છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- ❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- ❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવામાં અગ્રહરોળ ?**

- ❒ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❒ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

**ગુજરાત પાક્ષિકની PDF**
www.gujaratinformation.gujarat.gov.in
**લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.**



**ગુજરાત પાક્ષિક કાર્યાલય**
**માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,**
**બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર-૩૮૨૦૧૦.**
**ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨**
**ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫**

**ઈ-મેઈલ :** gujaratmagazine@gmail.com
**વેબસાઈટ :** www.gujaratinformation.gujarat.gov.in

**● લવાજમ ●**
**કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે**

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
**₹ ૫૦.૦૦**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત**

# ગુલોમાં ગુલ ગુલાબ, એનો રૂમાની રૂઆબ

*- યશવંત મહેતા*

**પ**શુઓમાં જેમ સિંહ વનરાજ છે, પંખીઓમાં જેમ ગરુડ ગગનરાજ છે, ફળોમાં આમ્રફળ કેરી સર્વોત્તમ છે તેમ ફૂલોમાં ગુલાબ છે. કદીક દિવાળી-કાર્ડની દુકાને પહોંચી જજો. ત્યાં મળતા અભિનંદન પત્રોમાં ૫૦ ટકાથી વિશેષ પર ગુલાબ હશે! એક વેળા અમારે ત્યાં ત્રણસો ઉપરાંત ગ્રીટિંગ કાર્ડ્ઝનો સંગ્રહ હતો. જે દરેક પર ગુલાબ અવનવી અલગ અલગ છટા સાથે વિલસતાં હતાં. ઈસાઈ સંતોએ જેને 'ક્રિસમસ પુષ્પ' ગણ્યું, નૂરજહાંએ જેનું અત્તર શોધ્યું, મહામાનવ નહેરુએ જેને સદાય છાતીએ ધારણ કર્યું, એવા ગુલાબની કિંચિત ગાથા...,

વિશ્વનું સૌથી લોકપ્રિય, સૌથી વધુ વિસ્તારમાં વાવણી પામતું અને ૧૪,૦૦૦ જેટલી જાતો (મૂળ તથા સંકર મળીને) ધરાવતું ફૂલ છે ગુલાબ.

**આજે વિશ્વના લગભગ તમામ દેશોમાં ગુલાબ ઊગે છે. જ્યાં નહોતાં ઊગતાં ત્યાં પણ અત્યંત કાળજીથી ઉગાડવામાં આવ્યાં છે. જ્યાં ગુલાબની મૂળ જાતોને અનુકૂળ હવામાન નહોતાં ત્યાં એમની સંકર જાતો પેદા કરીને પણ એમને ઉછેરવામાં આવે છે. કરીને પણ એમને ઉછેરવામાં આવે છે**

ગુલાબને આખા વિશ્વમાં 'ફૂલોની મહારાણી'નું બિરુદ મળેલું છે. જવાહરલાલ નહેરુ, જહાંગીર જેવા અનેક ઇતિહાસપુરુષોનું નિત્યનું સાથી બની રહેલું ફૂલ છે. ગુલાબ એની જન્મકથાનું એની લોકપ્રિયતા, એની સર્વસ્વીકાર્યતા અને સંકરણની કથા પણ રોમાંચક અને રસપ્રદ છે.

આજે વિશ્વના લગભગ તમામ દેશોમાં ગુલાબ ઊગે છે. જ્યાં નહોતાં ઊગતાં ત્યાં પણ અત્યંત કાળજીથી ઉગાડવામાં આવ્યાં છે. જ્યાં ગુલાબની મૂળ જાતોને અનુકૂળ હવામાન નહોતાં ત્યાં એમની સંકર જાતો પેદા કરીને પણ એમને ઉછેરવામાં આવે છે.

ગુલાબ ઉછેરવાં અઘરાં છે. અમે એક એવા ગુલાબપ્રેમીને ઓળખીએ છીએ જેને ત્યાં ગુલાબ ઉછેરવાની આઠ-દસ કોશિશો નિષ્ફળ ગઈ છે. આ પરથી કદાચ કોઈ એમ માની લેશે કે ગુલાબ માત્ર ખાસ કાળજી હેઠળ બગીચાઓમાં જ ઊગે એવું ફૂલ છે. પરંતુ, વાસ્તવમાં, આજની ઘણીખરી વનસ્પતિઓની જેમ એ પણ એક આદિ ફૂલ છે. કોલોરાડો અને ઓમેગોન જેવાં અમેરિકા રાજ્યોનાં ખડકોનાં ગુલાબના અશ્મીભૂત અવશેષ મળ્યા છે તે ચાર કરોડ વર્ષ જૂના છે.

વિજ્ઞાનીઓ કહે છે કે ગુલાબ મૂળે મધ્ય એશિયામાં જન્મ્યાં હતાં પછી ધીરે ધીરે પૃથ્વીના સમગ્ર ઉત્તર ગોળાર્ધમાં આપમેળે પ્રસર્યાં હતાં. આજે પણ ઉત્તર ધ્રુવવૃત્તના બરફીલા પ્રદેશોમાં, અલાસ્કા અને સાઈબેરિયામાં, ઉત્તર હિન્દ અને ઉત્તર આફ્રિકાની સખત ગરમીમાં પણ કુદરતી અવસ્થામાં ગુલાબ ઊગતાં જોઈ શકાય છે. અરે, રણની રેતીના ઢૂવા વચ્ચે પણ જંગલી ગુલાબ ઊગ્યાં છે અને ઊગે છે.

જોકે, કશાક અજાણ્યા કારણસર, ગુલાબે વિષુવવૃત્ત કદી જાતે ઓળંગ્યું નહોતું. એટલે કે એ પૃથ્વીના ઉત્તર ગોળાર્ધનું જ ફૂલ હતું. હવે અદ્યતન બાગયિતકારોએ તેને દક્ષિણ ગોળાર્ધમાં પણ પ્રસાર્યું છે.

ઐતિહાસિક પુરાવા નિર્દેશ કરે છે કે જંગલી ગુલાબને પહેલીવાર વ્યવસ્થિત ખેડ હેઠળ આણનાર ચીનાઓ હતા, ત્યાં પહેલવહેલા ગુલાબક્યારીઓ ૫,૦૦૦ વર્ષ અગાઉ બની હતી. ઈસુના જન્મ અગાઉના હાલ રાજવંશના અમલ સુધીમાં તો ગુલાબનાં ફૂલ ચીનમાં એટલાં બધાં લોકપ્રિય બની ગયાં હતાં કે દેશમાં સેંકડો ગુલાબબાગ બનવા લાગ્યા હતા. ઐતિહાસિક દસ્તાવેજો તો એટલે સુધી કહે છે કે ધીરેધીરે ગુલાબવાડીઓ એટલી બધી વધી ગઈ કે એમની



ખેતી માટે જમીનની તંગી પડવા લાગી. શહેનશાહે ઢંઢેરો પીટીને કેટલીક ગુલાબવાડીઓનો નાશ કરવાનો ફતવો બહાર પાડવો પડ્યો હતો.

એક બાજુ ચીનના શહેનશાહ ગુલાબવાડીઓ વેડાવવા માટે ફતવો કાઢી રહ્યા હતા ત્યારે મિસરમાં રાજાઓ અને ઉમરાવો ગુલાબની ખેતીને પ્રોત્સાહન આપી રહ્યા હતા. કારણ ? કારણ કે રોમનોને ગુલાબની ઘેલછા વળગી હતી. તેઓ મિસરથી ઢગલાબંધ ગુલાબ આયાત કરાવતા હતા. રોમનો તો ગુલાબના પ્રેમમાં એટલા બધા ગળાડૂબ થઈ ગયા હતા કે એમણે સમગ્ર દક્ષિણ ઈટાલીમાં ગુલાબવાડીઓ ઉગાડવા માંડી હતી. તેઓ ગુલાબ મોટા પ્રમાણમાં ખરીદતા. એક નોંધ એવી મળી છે કે સમ્રાટ નીરોએ એક જ રાતની મહેફિલ માટે આજને હિસાબે દસેક લાખ રૂપિયાનાં ગુલાબ આયાત કર્યાં હતાં. (આ નીરોને ઓળખ્યો ને? રોમ ભડકે બળે ત્યારે ફિડલ જમાડવાની મજા કેવી આવે, એ જોવા માટે એણે રોમને આગ લગાડાવી હતી !)

ગ્રીકો પણ આ ફૂલને 'ફૂલોની રાણી' કહેતા. તેઓ શ્યામ હોવાથી ગુલાબને માત્ર સુવાસ અને શોભા માટે ન ઉછેરતાં, એના તબીબી ગુણો પણ એમણે શોધી કાઢ્યા હતા. ગુલાબથી ગરમીમાં જરાક ઠંડક મળે છે. એની પાંદડીઓનો મુરબ્બો 'ગુલકંદ' યનાની અને આયુર્વેદિક ઔષધ પદ્ધતિઓમાં અગત્યને સ્થાને છે.

**ગુલાબનું ખરું અત્તર ઘણું મોંઘું પડે. આશરે ૪૦ મણ (૮૦૦ કિલો) ગુલાબમાંથી એક શેર/આશરે ૫૦૦ગ્રામ) શુદ્ધ અત્તર મળી શકે છે. એની કિંમત જમાને જમાને, ફૂલોના ભાવ અનુસાર બદલાય. અત્યારે ફૂલબજારમાં જઈને ગુલાબનાં ફૂલોના ભાવ જાણીને તમે જાતે પડતર જાણી શકો**

ગુલાબ સ્ત્રીઓનું સૌથી વધુ પ્રિય પુષ્પ છે. એને સ્ત્રીત્વનાં અને સૌંદર્યનાં પ્રતીક તરીકે પ્રતિષ્ઠા મળી છે. ગુલાબ માટે બહોળો પ્રેમ દાખવનાર પ્રથમ સ્ત્રી મિસરની વિખ્યાત મહારાણી ક્લિયોપેટ્રા હતી. કહેવાય છે કે માર્ક એન્ટનીને એણે અભિસાર માટે બોલાવ્યો ત્યારે ઓરડામાં ગુલાબની ઘૂંટણપૂર પાંદડીઓ પાથરવામાં આવી હતી. રાણીને ગુલાબની પથારીમાં સૂવું ખૂબ ગમતું.



જહાંગીરની પ્રિયતમા અને સૌંદર્ય સમ્રાજ્ઞી નૂરજહાંને ગુલાબનો ખૂબ શોખ હતો. ગુલાબની પાંદડીઓ નાખેલા પાણીના હોજમાં નહાવું એને ખૂબ ગમતું. ચીને એ પાંદડીઓમાંથી જ પાણી પર તરી આવેલા તૈલી પદાર્થ તરીકે એણે અત્તરની શોધ કર્યાનું કહેવાય છે. જોકે કેટલાક ઈતિહાસકારો કહે છે કે ગુલાબના અત્તરની શોધનો યશ નૂરજહાંને આપવાની જરૂર નથી. મધ્ય એશિયામાં તો હજારો વર્ષોથી ગુલાબનું અત્તર બનાવવામાં આવતું હતું!

ગુલાબનું ખરું અત્તર ઘણું મોંઘું પડે. આશરે ૪૦ મણ (૮૦૦ કિલો) ગુલાબમાંથી એક શેર/આશરે ૫૦૦ગ્રામ) શુદ્ધ અત્તર મળી શકે છે. એની કિંમત જમાને જમાને, ફૂલોના ભાવ અનુસાર બદલાય. અત્યારે ફૂલબજારમાં જઈને ગુલાબનાં ફૂલોના ભાવ જાણીને તમે જાતે પડતર જાણી શકો. અલબત્ત, શુદ્ધ અત્તર સામાન્ય ગ્રાહકો સુધી તો આવતું જ નથી. એમને તો કશાક ઉડ્યનશીલ તૈલી પદાર્થમાં લગરીક અત્તર મેળવીને અપાય છે અથવા સિન્થેટિક સુગંધ એમાં ભેળવાય છે.

આજે ગુલાબના અત્તરનો સૌથી મોટો ઉત્પાદક દેશ બલ્ગારિયા છે. ત્યાં બનતું ગુલાબનું અત્તર સોના કરતાં બમણું મોઘું હોય છે. એ દેશ હૂંડિયામણ તરીકે અત્તરનો ઉપયોગ કરે છે. આંતરરાષ્ટ્રીય બેન્કો બલ્ગારિયાના વિદેશ વ્યાપારમાં જામીનગીરી તરીકે અત્તરનાં પીપડાં સ્વીકારે છે!

યૂરોપમાં ઈસાઈ ધર્મના પ્રસાર સાથે ગુલાબને નવા નવા અર્થ સાંપડ્યા. શ્વેત ગુલાબ મારા મરિયમ (મેરી) ની પવિત્રતાનું પ્રતીક બન્યું. લાલ જંગલી ગુલાબ ઈસુના લોહીનું પ્રતીક ગણાયું. ઈસાઈ દેવળોમાં અને સુશોભનમાં ગુલાબને અગ્રસ્થાન મળ્યું. અમીર-ઉમરાવો અને રાજાઓની રાજમુદ્રામાં ગુલાબને સ્થાન મળવા લાગ્યું. બ્રિટનનાં રાણી વિકટોરિયાને નામે અપાતા સર્વોત્તમ શૌર્ય માટેના ચન્દ્રક પર ગુલાબનું અંકન કરવામાં આવ્યું.

ઈરાનના ગાલીચાઓમાં ગુલાબ આકારનું વણાટ

સૌથી બહોળા પ્રમાણમાં જોવા મળે છે.

ક્રીટ અને રહોડ્સ ટાપુઓના ચલણી સિક્કાઓ પર સદીઓથી ગુલાબને સ્થાન હતું. એ જ રીતે, દક્ષિણ અમેરિકાના પેરુથી માંડીને રુસ સુધીના લગભગ તમામ દેશોએ એક યા બીજે કાળે પોતાના સિક્કાઓ પર ગુલાબને સ્થાન આપ્યું છે. ચલણી નોટો પર પણ ઘણા દેશોએ ગુલાબને અંક્તિ કર્યું છે.

ઇંગ્લેન્ડ માટે તો ગુલાબ રાષ્ટ્રીય પુષ્પ છે. ગુલાબ સાથે એ દેશના જેટલો નિકટ સંબંધ અન્ય કોઈ દેશે જોડ્યો જાણ્યો નથી. ૧૫મી સદીમાં ત્રણ દાયકા સુધી ચાલેલા એના અંતર્વિગ્રહનું નામ 'વૉર ઓફ રોઝીસ'(ગુલાબોનું યુદ્ધ) છે! રાજા-રાણીઓના પોશાક, લડવૈયાનાં બખ્તર, ઢાલ, સચિત્ર પુસ્તકો, જળપાત્રો, ચર્ચની દીવાલો.. જે જે સ્થળે શક્ય બન્યું ત્યાં ઇંગ્લેન્ડે ગુલાબ ચીતર્યું છે.

યૂરોપની એક જબ્બર ગુલાબપ્રેમી મહારાણી નેપોલિયનની પત્ની જોસેફાઈન હતી. એણે શેત્યૂ માલ્પાઈસો નામના મહેલના બગીચામાં વિશ્વભરમાંથી જાતજાતનાં ગુલાબ મંગાવીને ઉછેરાવ્યાં હતાં. ૧૮૧૪માં એનું અવસાન થયું ત્યાં સુધીમાં એણે આશરે ૨૫૦ વિવિધ જાતો ઉછેરાવી હતી.

રાણી વિકટોરિયાના યુગમાં ઇંગ્લેન્ડે ગુલાબની એક 'ભાષા' વિકસાવી હતી. જો કોઈ વ્યક્તિ કોઈ યુવતીને લાલ ગુલાબ આપે તો અર્થ થતો હતો : 'હું તમને ચાહું છું' એના જવાબમાં યુવતી જો પીળું ગુલાબ આપે તો સમજાતું કે 'તમે બહુ વફાદાર નથી, એવું હું માનું છું!' જો સફેદ ગુલાબની કળી આપે તો સમજવું કે 'હું પ્રેમ કરવા માટે ઘણી નાની છું' જો ગુલાબની માત્ર એક પાંદડી આપે તો સમજવાનું કે 'મને તમારી કશી પડી નથી!' આઈ ડોન્ટ કેઅર ફોર યૂ!! પરંતુ જો યુવતી લાલ ગુલાબ સામે લાલ ગુલાબ આપે તો પ્રેમનો સ્વીકાર ગણાતો.

આગળ ગ્રીકો દ્વારા ગુલાબના ઔષધીય ઉપયોગનો ઉલ્લેખ કર્યો છે. ચિકિત્સાશાસ્ત્રમાં અને ડોશી વૈદકમાં ગુલાબને સ્થાન મળ્યું છે. અરે, મેલી વિદ્યાઓમાં સુધ્ધાં ગુલાબનો ઉલ્લેખ છે. મધ્ય યુગમાં જો કોઈનું મોં આવી ગયું હોય તો ગુલાબની વાટેલી પાંદડીઓ અને વાટેલા મરીની લુગદી ગરમ કરીને લગાવવાનું કહેવામાં આવતું. ૧૮મી સદીના એક અંગ્રેજ ડૉક્ટરે સાંધાના અને આખા શરીરના દુઃખાવા માટે સૂચવેલા ઉપચારમાં ચાર રતલ ગુલાબપાંદડીઓ વાપરવામાં આવતી હતી. જેહાદોમાં લડવા ગયેલા ખ્રિસ્તીઓ પોતાના ઘા રુઝવવા માટે ગુલાબનો મલમ વાપરતા.

૧૨મી સદીના અંગ્રેજોએ ગુલાબનો એક વિચિત્ર ઉપયોગ શોધી કાઢેલો. એમની માન્યતા હતી કે ગુલાબની પાંદડીઓ, સરસવનું તેલ અને લક્કડફોડની ચરબી એ ત્રણ ચીજો ભેગી કરીને બનાવવામાં આવેલો મલમ પડોશીના ફળઝાડ પર લગાવવામાં આવે તો એ ઝાડ કાયમ માટે ફળ આપતું બંધ થઈ જાય...! યૂ સી, ધે ડોન્ટ ઓલ્વેઝ લવ ધેઅર નેબર્સ એઝ ધેમસેલ્વઝ!!

બાગબગીચામાં ઊગતાં ગુલાબનું વૈજ્ઞાનિક નામ 'રોઝ' છે. પરંતુ તે તો એક વિશાળ વર્ગની એક ઉપજાતિ છે. ગુલાબની સમગ્ર જાતિનું નામ 'રોઝીસીએ' છે. આ જાતિની વિશેષતાઓ છે- પાંચ કે પાંચના ગુણાંકરૂપ પાંદડીવાળાં સુવાસિત ફૂલ, એ સુવાસની ગુણમાદકતા, ફૂલપાંદડીઓ ખરી ગયા બાદ બાકી રહેતું લાલ ગોટા જેવું ડીંડલું, જે સાધારણ રીતે ખટમીઠું હોય છે. ગુલાબની વચ્ચેના આ ડીંડલામાં વિટામિન 'સી' સારા પ્રમાણમાં હોય છે.ઇંગ્લેન્ડ-અમેરિકામાં આ ગોટાનું અથાણુંય બનાવવામાં આવે છે.

**બાગબગીચામાં ઊગતાં ગુલાબનું વૈજ્ઞાનિક નામ 'રોઝ' છે. પરંતુ તે તો એક વિશાળ વર્ગની એક ઉપજાતિ છે. ગુલાબની સમગ્ર જાતિનું નામ 'રોઝીસીએ' છે. આ જાતિની વિશેષતાઓ છે**

પ્રકૃતિનાં પનોતા આ પુષ્પ તમારે ઉછેરવાં છે? આમ તો ગુલાબ ઉછેરવા ઘણાં અઘરાં છે. પણ બાગબાનો એમને ઉગાડવા અને ઉછેરવાની કેટલીક ખાસ રીતે ઉપજાવી હોય છે, અને તેઓ પોતાની આ રીતો જાહેર કરતા નથી- જેમ કેટલાક વૈદ્યો પોતાની કેટલીક દવાની ફોર્મ્યુલા ગુપ્ત



રાખવામાં માને છે !

આમ છતાં, ઉત્સાહી નાગરિકો પણ કેટલીક પાયાની જરૂરિયાતો ખ્યાલમાં રાખીને ગુલાબ ઉછેરી શકે છે.

ગુલાબ ઉગાડવા માટે જુદી જુદી આબોહવાવાળા પ્રદેશોમાં જુદો જુદો સમય નક્કી થયેલો છે. આપણા દેશ જેવા ગરમ હવામાનવાળા પ્રદેશો માટે આ સમય ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધીનો છે. બનતાં સુધી આ મુદતની શરૂઆતમાં જ ગુલાબની કલમ વાવી દેવી જોઈએ. તમને નર્સરીમાંથી કલમ મળે તે પછી શક્ય તેટલી વહેલી એને રોપી દેવી. એનાં મૂળને સુકાવાની કે હવામાનના ફેરફારની અસર ન થઈ જાય એનું ધ્યાન રાખવું. આ માટેની એક સારી પદ્ધતિ નર્સરીમાંથી આવેલા ગુલાબના છોડનાં મૂળ પાણીમાં (બાલદી જેવા પાત્રમાં) પલાળી રાખવાની છે. આ રીતે છોડને પાણીમાં ૨૪ કલાક રાખી શકાય.

ગુલાબની ક્યારી કરવાનીય ખાસ રીત છે. પહેલાં માટીને ઉપરતળે કરી નાખવી. એને બે-ચાર દિવસ તડકો ખાવા દીધા બાદ એમાં સેન્દ્રિય ખાતર ઉમેરવું. આ ખાતરને ક્યારીની સપાટી પર દબાવવું પરંતુ પીસી નાખવું નહીં. આની ઉપર વળી સુપર ફોસ્ફેટ કે બોન મીલ ભેળવેલી માટીનો થર પાથરવો. આવી ક્યારી ગુલાબના રોપાઓ રોપતાં પહેલાં ત્રણ માસ અગાઉથી તૈયાર કરવી જરૂરી છે.

**ગુલાબની ક્યારી કરવાનીય ખાસ રીત છે. પહેલાં માટીને ઉપરતળે કરી નાખવી. એને બે-ચાર દિવસ તડકો ખાવા દીધા બાદ એમાં સેન્દ્રિય ખાતર ઉમેરવું. આ ખાતરને ક્યારીની સપાટી પર દબાવવું પરંતુ પીસી નાખવું નહીં**

હવે જ્યારે તમને ગુલાબનો રોપ મળી જાય ત્યારે એને માટે પેલી ક્યારીમાં ૧૮ ઈંચ/૪૫-૫૦ સે.મી.) પહોળો અને એટલો જ ઊંડો ખાડો કરો. જો રોપ મોટો હોય તો વધુ ઊંડો ખાડો કરવો પડશે. છોડનાં મૂળ અંદર અને ડાંખળી ઉપર રહે એવી રીતે છોડને રોપીને પછી દસ-પંદર સેન્ટિમિટર (૪-૬ ઈંચ) માટી નાંખીને ખાડામાં પગ ઉતારીને ફરતી ફરતી માટી દબાવો. આ રીતે માટી નાખતા અને દબાવતા જાવ. ખાડો સાત-આઠ સેન્ટિમિટર (૩-૪ ઈંચ) ખાલી રહે પછી એમાં પાણી રેડો. ખાડાની કિનારી સુધી પાણી ભરો. આ પછી વળી છોડ ફરતી માટી નાખો. આ વેળા છોડના નાજુક થડ (ડાંડલી) ફરતી નાનકડી ટેકરી રચાય એ રીતે માટી નાખવી. આ માટી નાજુક-થડને રક્ષણ આપશે.

એકથી બીજા રોપ વચ્ચે સામાન્ય રીતે એક મીટરનું (આશરે ત્રણ ફૂટનું) અંતર રહેવું જોઈએ.

ગુલાબને નવી ડાળીઓ ઊગવા લાગે એની બહુ કાંટછાંટ ન કરવી.

તમે ગમે તેટલી સારી જમીનમાં રોપણી કરી હશે તો પણ છોડને પછીથી પૂરતી ભીનાશ અને ખાતર મળતાં નહિ રહે તો સારાં ગુલાબ નહિ ઉછરે. ગુલાબને પુષ્કળ પાણી જોઈએ છે. તે નિયમિત મળવું જોઈએ. છોડને પાણીની જરૂર છે કે નહિ એ જાણવાની સરળ પદ્ધતિ એની ક્યારીમાં આંગળી ખોસીને જોવાની છે. જો આંગળી ભીની નીકળે તો પાણીની જરૂર નથી એમ સમજવું.


ગુલાબને પાણી પાવા માટે બાલદી કરતાં છંટકાવ કરનાર પાઈપ વધુ સારી.

જૂના જમાનામાં ખાતર એટલે છાણ અને ગમાણનું વાસીદું, એમ મનાતું. પરંતુ વિજ્ઞાનીઓ કહે છે કે એ પૂરતું પૌષ્ટિક નથી, આથી બોન મીલ, કપાસિયાનું ખાતર, માછલીનું ખાતર અને રાસાયણિક ખાતર હવે વધુ વપરાય છે. આપણા જેવી ગરમ આબોહવામાં ઉનાળામાં એકવાર ખાતર પાથરવું પૂરતું ગણાય છે.

સામાન્ય રીતે દરેક વનસ્પતિને જંતુઓ અને રોગો નડે છે. ગુલાબને આવા દુશ્મનો વધારે છે. એને રોગમુક્ત રાખવાનો એક ઉપાય ફોલીઆર નામનું રાસાયણિક ખાતર દ્રાવણના રૂપમાં છંટકાવ કરવાનો છે. એ રક્ષણ અને પોષણ બંને આપે છે. આમ ગુલાબને રોગ કે જંતુઓ લાગે તો ખેતીવાડીની દુકાનેથી મળતા જંતુનાશકનો છંટકાવ કરવો. આ જંતુનાશકોને બાળકોથી દૂર, હંમેશાં તાળાબંધ રાખવાં.

ગુલાબની તો આથીય વધારે ગુલાબી વાતો છે. પણ તે પછી ક્યારેક, અત્યારે તો આપ સૌને વર્ષોવર્ષ ગુલાબી ગુલાબી રહો એવી અભ્યર્થના..

*'ઋતં' ૪૭/એ, નારાયણનગર,*
*પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭*



# જામખંભાળિયાનો ઇતિહાસ

- *નરોત્તમ પલાણ*

ઈ. સ. ૨૦૧૩થી અમલમાં આવેલા 'દેવભૂમિ દ્વારકા' જિલ્લાના મુખ્ય મથક તરીકે જામખંભાળિયા છે. આ ખંભાળિયા જે જમીન ઉપર વસેલું છે તેને ભૂસ્તરશાસ્ત્રીઓ 'ટ્રેપ' કહે છે. 'ટ્રેપ' છ કરોડથી ચાર કરોડ વર્ષે બંધાયો હોય છે. છેવટનો ઓખામંડળ તાલુકો ચાર કરોડ વર્ષ જૂનું ભૂસ્તર ધરાવે છે. ઓખામંડળ તાલુકાની 'ઓશનોગ્રાફી' થઈ છે. ખંભાળિયાનું ભૂસ્તર જેટલું જૂનું છે, તેટલું ઓખામંડળનું નથી. ઓખામંડળમાં શંખલાં, છિપલાં વધારે છે, ખંભાળિયામાં લાખો વર્ષથી બંધાયેલો ખનીજનો જથ્થો વધારે છે. ખંભાળિયાના ભૂસ્તરમાં બોકસાઈટ છે અને તે આ પંથકને અતિ મહત્ત્વનો બનાવે છે. 'ખંભાળિયા' એવા ગામનામમાં 'સ્કંભ' છે કે 'સ્તંભ' તેની વિચારણા પણ રત્નમણિરાવ જોટે (૧૮૯૫-૧૯૫૫) અને ઉમાશંકર જોશી (૧૯૧૧-૧૯૮૮) જેવા વિદ્વાનોએ કરેલી છે. એમનો મત એવો છે કે 'સ્કંભ' હોય તો 'ખંભ' આવે, જે ખંભાત, ખંભાળા અને ખંભાળિયા જેવાં ગામનામો પાછળ છે અને 'સ્તંભ' હોય તો 'થંભ-થાંભલો' આવે, જે થર (ભાણવડ), થલી (માંગરોળ) અને 'થળા' (ધાંગધ્રા) જેવા ગામના નામો છે. 'સ્કંભ-ખંભ' પાછળ શિવપૂજક જાતિનો સંકેત પણ રહેલો છે, જે ખંભાળિયાના મુખ્ય ધર્મસ્થળ 'ખાખનાથ'માં સ્પષ્ટ પ્રમાણી શકાય છે.

**ખંભાળિયા ઘી અને તેલી નામની બે નદીઓના સંગમ ઉપર વસેલું છે. ઘી આશરે ૨૫-૩૦ કિ. મિ.ની નદી છે, જે બાજુના દેવળિયાની ધારમાંથી નીકળી ખંભાળિયા થઈને સલાયા પાસે કચ્છના અખાતને મળે છે. 'તેલી' વાસ્તવમાં એક નાનકડો વોંકળો છે, જે પાંચેક કિ. મિ.ની લંબાઈ ધરાવે છે**

ખંભાળિયા ઘી અને તેલી નામની બે નદીઓના સંગમ ઉપર વસેલું છે. ઘી આશરે ૨૫-૩૦ કિ. મિ.ની નદી છે, જે બાજુના દેવળિયાની ધારમાંથી નીકળી ખંભાળિયા થઈને સલાયા પાસે કચ્છના અખાતને મળે છે. 'તેલી' વાસ્તવમાં એક નાનકડો વોંકળો છે, જે પાંચેક કિ. મિ.ની લંબાઈ ધરાવે છે અને ખંભાળિયા પાસે ઘીને મળી જાય છે. આ બંને નદીઓની જુદી જુદી લોકકથાઓ મળે છે. ઘી વિશે એવી કથા છે કે તે એક રબારી બાઈ હતી. ખંભાળિયામાં ઘી વેચવા આવેલી, કોઈએ લીધું નહિ એટલે એક વેપારીને વિનંતી કરી કે તમે આ ઘીનું પારિયું રાખી લો અને મને જરૂર પૂરતી રકમ આપો. વેપારીએ ઘી રાખી લીધું અને રબારી બાઈને નજીવી રકમ આપી. બન્યું એવું કે આ ઘીથી વેપારીનો ચડતો દહાડો થયો અને જોતજોતામાં ઘીનો મોટો તાવડો શરૂ થયો ! ખંભાળિયાનું ઘી દેશ-પરદેશ જવા લાગ્યું અને પેલો વેપારી તો ન્યાલ થઈ ગયો ! પિંગળશીભાઈ ગઢવી આ વાર્તામાં ''રબારીના બદલે ચારણબાઈ મૂકે છે અને ન્યાલ થઈ ગયેલા વેપારીને ''લોહાણા દત્તાણી' તરીકે ઓળખાવે છે.

તેલી વિશેની કથા એવી છે કે ખંભાળિયામાં મગફળી ખૂબ થાતી તથા તેલના ઘાણા ચાલતા આ કારણે બાજના વોંકળામાં તેલાના રગેડા ઊતરતા. આ ઉપરથી વોંકળાનું નામ ''તેલિયો'' 'તેલી' થયું છે.

ખંભાળિયાની આ ભૂગોળ છે, હવે ઈતિહાસ આવો છે : ૧૯૪૭ સુધી અહી જામનગરની જાડેજા સત્તા છે, તેની પહેલાં અહીં ઘૂમલીના જેઠવાનું શાસન છે. વચ્ચે અમુક સમય અહી વાઘેલા, વાઢેર, વાઘેર સત્તા રહી છે, જયારે નવમી-દશમી સદીમાં અહીં ચાવડા છે. ખંભાળિયા હજાર વર્ષ જૂનું એક પ્રાચીન નગર છે. સાતમી-આઠમી સદીમાં ''સ્કંભપલ્લી' એવું નામ અનુમાની શકાય છે. ઈ. સ.



૧૫૦૦ આસપાસ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી ‘‘સુદામાપોર’થી ‘‘દ્વારકા’ જતાં અહીં પધાર્યા છે તેના યાત્રાપથમાં ‘‘સ્તંભતીર્થ’ આવે છે તે આજનું ખંભાળિયા છે. (જુઓ, પ્રેમલાલ ગો. મેવચા લેખિત ‘‘જીવનદર્શન’ (૧૯૭૩) અને દ્વારકાના સુપ્રસિદ્ધ લેખક કલ્યાણરાય ન. જોશી કૃત ‘‘દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઈતિહાસ’’ (૧૯૭૯) પૃ. ૯૦-૯૫. ‘‘શ્રીવલ્લભ-વિઠ્ઠલયો : પૂવચરિત લીલા’ નામક હસ્તપ્રતનો ઉતારો. જોકે ‘‘સ્તંભતીર્થ’’ તે ‘‘ખંભાળિયા’’નું સંસ્કૃત છે. ‘‘સ્તંભતીર્થ’’માંથી ‘‘ખંભાળિયા’’ વ્યુત્પન્ન થાય નહિ. ‘‘સ્કંભ પલ્લિકા’’ હોય તો જ ‘‘ખંભાલિયા’’ અને ‘‘ખંભાળિયા’’ આવી શકે. - લેખક) સંભવતઃ શ્રીમહાપ્રભુજી ૧૫૦૦ આસપાસ અને શ્રીગુસાંઈજી ૧૫૫૦ આસપાસ ખંભાળિયા પધાર્યા છે. આજે ખંભાળિયામાં શ્રીમહાપ્રભુજીની બેઠક છે અને બેઠકવાર્તા મુજબ શ્રીમહાપ્રભુજીએ અહીં ‘‘શ્રીમદ્‌ભાગવત સપ્તાહનું વાંચન કરેલ છે. આ કથાથી આ વિસ્તારમાં ‘‘પ્રેતમુક્તિ’ થયેલ છે અર્થાત્‌ ઈતિહાસબોધ એવો છે કે અંધ માન્યતાઓમાંથી મુક્ત કરીને આ વિસ્તારને શ્રીકૃષ્ણભક્તિનું અમૃતપાન કરાવેલ છે. શ્રીવલ્લભના પુત્ર શ્રી વિઠ્ઠલનાથ-શ્રીગુસાંઈજી ૧૫૫૦માં અહીં મહિનોમાસ રહ્યા છે તથા અહીંના કલ્યાણ ભટ્ટને સેવક બનાવી પોતાની સાથે ગોકુલ લઈ ગયા છે. સુપ્રસિદ્ધ ‘‘બસોબાવન વૈષ્ણવોની વાર્તામાં કલ્યાણ ભટ્ટની વાર્તા છે.

**જામનગર પહેલાં પ્રથમ રાજધાની આ ખંભાળિયા છે. આ સમય પહેલાં શ્રીમહાપ્રભુજી અહી પધાર્યા છે અને તેની પહેલાં શ્રીરામાપીર પણ અહીં પધાર્યા છે, જોકે ખંભાળિયામાં હયાત ચાર-પાંચ શ્રી રામાપીરના થાનકોમાંથી કયું થાનક પ્રાચીન તે નિર્ણય થઈ શકતો નથી**



૧૫૦૦-૧૫૫૦ ખંભાળિયાના રાજકીય ઈતિહાસ માટે અતિ મહત્ત્વનાં વર્ષો છે. ૧૫૦૦ પછી કચ્છમાં અમદાવાદના સુલતાનોનો પગપેસારો થયો અને જામ રાવળને કચ્છ છોડીને સૌરાષ્ટ્રમાં આવવું પડ્યું. સૌરાષ્ટ્રમાં પણ એનો પ્રથમ સામનો પિતરાઈ જામ દેદા તમાચી સાથે થયો. તમાચીને તાબે કરીને ડેમી અને આજી નદીઓ વચ્ચેના બોડકા-બાલંભામાં તેણે પોતાનું પ્રથમ થાણું સ્થાપ્યું. ૧૫૧૨ અને ૧૫૨૨ વચ્ચે આ ઘટના બની છે. ૧૫૩૦ સુધીમાં જામ રાવળ અહીં પગભર થઈ ગયો છે અને સૌરાષ્ટ્રમાં હજુ વધુ જમીન ઉપર સત્તા બેસાડવા સૈન્ય એકઠું કરી રહ્યો છે. જાડેજા વિશે લખાયેલા સંસ્કૃત ગ્રંથોમાં ‘‘રસકૌમુદી’’ (૧૫૭૪), ‘‘જામ વિજય’’ (૧૫૮૨) અને ‘‘શત્રુશલ્યચરિત્ર’’ (૧૫૮૪) છે. જૂની ગુજરાતી ભાષામાં લખાયેલો એક જૈનગ્રંથ ‘‘પડધરિપ્રાસાદ બિંબ’’ (૧૬૦૮) છે. આ ઉપરાંત બે ચારણી ગ્રંથો ‘‘વિભાવિલાસ’’ (૧૮૨૫) અનુ ‘‘યદુવંશપ્રકાશ’’ (૧૮૭૪) છે. આ બધા ગ્રંથો એક યા બીજી રીતે જામરાવળનો સૌરાષ્ટ્રપ્રવેશ ઉલ્લેખે છે. ‘‘રસકૌમુદી’’ના ત્રીજા સર્ગમાં ‘‘જામરાવળ’’ જયારે સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે પહેલા પૂર્વ દિશાનો રાજા આવ્યો.’ આવો જે ઉલ્લેખ છે તેને ડોલરરાય માંકડ પોતાના ‘‘જામનગરનો ઈતિહાસ’’ (૧.૯૭૨) પૃ. ૩૨ ઉપર ‘‘મીઠોઈની લડાઈને અનુલક્ષીને હોવાનું જણાવે છે. સંભવતઃ ૧૫૩૨-૩૩માં જામરાવળની પહેલી લડાઈ આ મીઠોઈ (તા. લાલપુર, જિ. જામનગર ગામના પાદરમાં થઈ છે અને જેઠવા, ચાવડા, વાઘેર - આ ત્રણ રાજાઓ સાથે થઈ છે. આ લડાઈમાં જામરાવળ વિજયી થાય છે અને ૧૫૩૫માં ખંભાળિયામાં વિધિવત્‌ આશાપરાની સ્થાપના કરીને રાજગાદી સ્થાપે છે. જામનગર પહેલાં પ્રથમ રાજધાની આ ખંભાળિયા છે. આ સમય પહેલાં શ્રીમહાપ્રભુજી અહી પધાર્યા છે અને તેની પહેલાં શ્રીરામાપીર પણ અહીં પધાર્યા છે, જોકે ખંભાળિયામાં હયાત ચાર-પાંચ શ્રી રામાપીરના થાનકોમાંથી કયું થાનક પ્રાચીન તે નિર્ણય થઈ શકતો નથી, પણ શ્રીમહાપ્રભુજીની બેઠકનો સાહિત્યિક પુરાવો મળે છે. ખંભાળિયામાં

૧૫૦૦માં શ્રીમહાપ્રભુજી અને ૧૫૩૫થીં જામરાવળ છે. આ જામખંભાળિયાના રાજકીય ઈતિહાસનો પ્રારંભ છે. પાંચેક વર્ષ જામગાદી અહીં રહ્યા પછી ૧૫૪૦માં જામનગરની સ્થાપના થાય છે અને જામગાદી ત્યાં જાય છે. આરંભમાં આ નગરનું નામ "નવાનગર" છે, જે સો વર્ષ પછી "જામનગર" બને છે. "નવાનગર" એટલા માટે કે બાજુના "નાગના"માં જેઠવાઓનું જૂનું નગર હતું. ૧૬૪૦થી "ખંભાળિયા'ને પણ "જામખંભાળિયા'" કહેવામાં આવે છે.

જાડેજાની રાજગાદી ૧૫૪૦થી ૧૯૪૭ સુધી જામનગર રહેલ છે, પણ ૧૬૬૪માં ખેલાયેલા શેખપાટના યુદ્ધમાં વિધર્મી સત્તા સામે જાડેજાની હાર થઈ છે અને ૧૬૬૪થી ૧૬૭૩ વચ્ચેના વર્ષોમાં / કામચલાઉ રાજગાદી ફરીવાર જામખંભાળિયા આવી છે. સંભવતઃ આ સમયગાળામાં ખંભાળિયા અને રાવલના કોટ ચણાયેલ છે. રાજવંશની ગણતરી મુજબ આ સમયે જામ તમાચી ગાદીપતિ છે, પણ તેઓ ખંભાળિયા આવ્યા નથી. એક મત એવો છે કે ગાદીપતિ જામ તમાચી અને તેનો નાનોભાઈ ફૂલજી તે વખતની મુસ્લિમસત્તા સામે બહારવટે ચડેલ છે પણ આ "મત'નો અદ્યાપિ કોઈ પુરાવો નથી, જ્યારે "રાજ વહીવટ' ખંભાળિયા ખસેડી જામ તમાચી સલામતી ખાતર કચ્છના પિતરાઈના આશ્રયે ગયેલ છે. ૧૬૭૩થી જામનગર પુનઃ જાડેજાના હાથમાં આવેલ છે.

**રાજવંશની ગણતરી મુજબ આ સમયે જામ તમાચી ગાદીપતિ છે, પણ તેઓ ખંભાળિયા આવ્યા નથી. એક મત એવો છે કે ગાદીપતિ જામ તમાચી અને તેનો નાનોભાઇ ફૂલજી તે વખતની મુસ્લિમસત્તા સામે બહારવટે ચડેલ છે પણ આ "મત'નો અધાપિ કોઈ પુરાવો નથી**

આ સમય દરમિયાન ખંભાળિયાનો કોઈ વિકાસ નોંધાયેલો નથી, સિવાય કે સત્તરમી સદીમાં જામનગરમાં ઉદ્‌ભવેલી સ્વામી પ્રાણનાથ પ્રેરિત હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રતિપાદન કરતી "ખીજડા આંદોલન'ની અસર. આ અસરથી ખંભાળિયાના અમુક કુટુંબો પ્રણામી બન્યાં છે. આ સમય પછીના ચાર શિલાલેખો અગત્યના છે. ૧૬૯૪નો ખામનાથના પટાંગણમાં આવેલી દેરીનો પાળિયા લેખ, જેમાં જામ તમાચી (પહેલા)ના નાનાભાઈ ફૂલાજી - જેને ભાણવડ ગરાસમાં મળેલું તેના કુંવર વિભાજીનું મૃત્યુ નોંધાયું છે. ૧૭૪૯નો પાળિયા લેખ જેમાં ગુગળી શંકરે કમળપૂજા ખાધી તથા તેની પત્ની લાડબાઈ તેની પાછળ સતી થઈ તેની નોંધ મળે છે. ૧૭૮૨નો મહારાજની વાવનો શિલાલેખ, ગો. ગિરધરલાલજીના વહુજી રુક્મિણીદેવીએ આ વાવ બંધાવી આપી છે. ૧૭૯૯નો પાળિયા લેખ, જેમાં ચાવડા પિતાપુત્ર ફતેબમહમદની સેના સામે લડતા વીરગતિ પામ્યાનો ઉલ્લેખ છે. આ ચારેય લેખો એક યા બીજી દૃષ્ટિએ ખંભાળિયાના ઈતિહાસ માટે અગત્યના છે. ૧૬૭૦માં નાનાભાઈ ફૂલાજીને ભાણવડ ગરાસમાં મળેલું છે તેના પુત્ર વિભાજી ૧૬૯૪માં એટલે આ સમયે અમદાવાદની સલ્તનત પૂરી થઈ ગઈ છે, દિલ્હીમાં ઔરંગઝેબ છે તથા સૌરાષ્ટ્રનો વહીવટ મુઘલ સુબા શુજાતખાનના હાથમાં છે. ચારેબાજુ હિન્દુ ધર્મસ્થાનોના ધ્વંશની પ્રક્રિયા ચાલી રહી છે. જામખંભાળિયાનું ખાખનાથ (મૂળનું ક્ષેમનાથ) તૂટયું છે અને અઢારમી સદીના આરંભે નવું બંધાણું છે. ૧૬૯૪નો શિલાલેખ આ ઘટનાનો સાક્ષી જણાય છે.

૧૭૪૯ના લેખથી એટલું સમજી શકાય છે કે "ગુગળી બ્રાહ્મણ" જે વૈષ્ણવ હોવાની માન્યતા છે તે યોગ્ય નથી. તે શિવભક્ત પણ છે અને ગુગળીમાં સતી થવાનો ચાલ પણ છે. ૧૭૮૨નો મહારાજની વાવનો લેખ ગોસ્વામી બાળકોની સમાજ પરાયણતા પ્રગટ કરે છે. સંભવતઃ સમગ્ર ગુજરાતમાં હવેલીના વહુજીએ પોતાની મૂડી લોકકલ્યાણાર્થે વાવ નિર્માણ કરાવવામાં ખર્ચી દીધી હોય તેનો આ પ્રથમ ઐતિહાસિક પુરાવો છે. "જામખંભાળિયા દર્પણ" (૨૦૧૫)ના લેખક ડૉ. વશરામભાઈ નકુમ પોતાના ઈતિહાસગ્રંથમાં આ શિલાલેખને પ્રથમ પ્રકાશિત કરે છે. ૧૭૯૯નો લેખ



કચ્છના જમાદાર ફતેહમહમદની સૌરાષ્ટ્ર ઉપર થયેલી ચોથી ચડાઈનો ઐતિહાસિક પુરાવો છે.'

આ વિસ્તારનો માથાભારે માણસ ગણાતો મેરુ ખવાસ ૧૮૦૦માં મૃત્યુ પામે છે તે સાથે જ આધુનિક યુગના મંડાણ થાય છે. જામનગરના તાબે હોવા છતાંય જામખંભાળિયાના વિકાસમાં જાડેજાઓએ ખાસ રસ દાખવ્યો નથી. ૧૯૦૩થી ૧૯૩૩ સુધી જામનગરની ગાદીએ રહેલા સુપ્રસિદ્ધ ક્રિકેટર જામરણજી, મૂળમાં આ વિસ્તારના હોવા છતાં એમણે ''જામનગર'ને ''સૌરાષ્ટ્રનું પેરિસ' બનાવી દીધું પણ જામખંભાળિયાને એક પણ શણગાર અર્પણ કર્યો નથી. આજના જામનગરના જગપ્રસિદ્ધ બાંધકામો જામ રણજિત દ્વારા થયા છે. તેઓ બાજુના ભાણવડ -- સડોદરથી દત્તક લેવાયા હતા અને મોટા ભાગે યૂરોપમાં રહેતા અને ક્રિકેટમાં ગળાડૂબ હોવા છતાં તેમણે જામનગરમાં ઊંડો રસ લીધો હતો, જયારે ખંભાળિયાનો વિકાસ એના ભાટિયા, લોહાણા જેવા મહાજનો અને આમજનતાને આભારી છે. ભારતની સુપ્રસિદ્ધ એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીના સર્જક ખંભાળિયાના ભાટિયા છે. તેમણે ઘરઆંગણે એસ. એન. ડી. ટી. પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, પાંજરાપોળ અને ધર્મશાળા બંધાવી આપેલ છે. વિજય મરચંટ પણ આ જ પરિવારના આપણા દેશના એક ખ્યાતનામ ક્રિકેટર હતા.

**૧૯૧૮માં ખંભાળિયામાં જન્મેલા અને ઉછરેલા કવિ શ્રી વેણીભાઈ પુરોહિત અને ૧૯૪૨માં ખંભાળિયામાં જન્મ-ઉછેર પામેલા મધુરાય ગુજરાતી સાહિત્યના અનન્ય સર્જકો ગણાય છે. ૧૯૦૨માં ઘી નદીનો પુલ બન્યા પછી ૧૯૨૨માં ખંભાળિયા-દ્વારકા રેલવે લાઈન શરૂ થયેલી છે**

સાહિત્યક્ષેત્રે આટકોટમાં સમાધિ લેનાર અતિ લોકપ્રિય સંત કવયિત્રી લોયણ, એક મત મજબ જામખંભાળિયાની લુહાર કન્યા હતાં. ૧૯૧૮માં ખંભાળિયામાં જન્મેલા અને ઉછરેલા કવિ શ્રી વેણીભાઈ પુરોહિત અને ૧૯૪૨માં ખંભાળિયામાં જન્મ-ઉછેર પામેલા મધુરાય ગુજરાતી સાહિત્યના અનન્ય સર્જકો ગણાય છે. ૧૯૦૨માં ઘી નદીનો પુલ બન્યા પછી ૧૯૨૨માં ખંભાળિયા-દ્વારકા રેલવે લાઈન શરૂ થયેલી છે. વિશિષ્ટ કહેવાય એવી એક પાટા ઉપર ચાલતી ટ્રેન પણ ૧૯૪૧થી ખંભાળિયા-ભંડારિયા વચ્ચે શરૂ થયેલી છે ! આ મોનોરેલને લોકસમાજ ''એક પાટારી' કહીને ઓળખાવતા. ૧૯૪૦માં ખંભાળિયા પાસે એરપોર્ટ હતું, જે હાલ ઉજ્જડ પડયું છે.

ખંભાળિયાનો ઈતિહાસ લખવાનો આરંભ ૨૦૦૧થી થયો છે. લીલાધર મહેતાએ 'ખંભાળિયાનું ખમીર'નામથી ખંભાળિયાના મુઠ્ઠી ઊંચેરા માનવીઓનો પરિચય આપ્યો છે. અહીં વેપારીઓ મુખ્ય છે. ત્ર્યંબકભાઈ મંકોડી અને કવિ કાન્તિલાલ ભટ્ટ જેવા શિક્ષણશાસ્ત્રી, ગાયક અને ફિલ્મી કલાકાર માસ્ટર વસંત તથા સુપ્રસિદ્ર શરણાઈ વાદક ઈબ્રાહિમ લંઘા, હવેલી સંગીતના કીર્તનયા અને ખંભાળિયાના ખમીરનો પદ્યમાં પરિચય આપતા કવિ નાકરનો અહીં અહોભાવયુક્ત પરિચય છે. આ પછી ૨૦૧૫માં ખંભાળિયાના હોનહાર ડૉ. નકુમસાહેબ દ્વારા ''દર્પણ' મળે છે. બન્ને મિત્રો ૧૫૩૫માં ખંભાળિયાને જામ રાવળે રાજધાની બનાવી તેને ખંભાળિયાની સ્થાપના ગણે છે, પણ આ વર્ષ રાજગાદીની સ્થાપનાનં છે, જયારે ખંભાળિયા હજાર-બારસો વર્ષ પ્રાચીન નગર છે. સંભવતઃ ''સ્કંભ પલ્લી'' કે ''સ્કંભ પલ્લિકા'' મૂળમાં હશે. ખામનાથ જેવાં પ્રાચીન સ્થળો, વાછરાડાડ, રામાપીર અને શ્રીમહાપ્રભુજીની બેઠક વગેરે સંખ્યાબંધ ધાર્મિક સ્થળો આની ગવાહી પૂરે છે. ૧૯૩૭થી પ્રજાબંધુ પુસ્તકાલય, ૧૯૮૬માં નગર પંચાયતનું ''નગરપાલિકા'માં રૂપાંતર અને ૨૦૧૩થી દેવભૂમિ દ્વારકા જિલ્લાનું જિલ્લામથક ખંભાળિયાનો પ્રજાકીય વિકાસ છે. નિઃશંક, ખંભાળિયાની આવતી કાલ ઉજળી છે. શૈવ, વૈષ્ણવ અને જૈનસ્થાનો સાથે રૂડીમા અને રૂડાપીરના શુભાશિષો પણ જામખંભાળિયાની સાથે છે.

*'દર્શન', ૩/વાડી પ્લોટ*
*પોરબંદર-૩૬૦૫૭૫*
*મો. ૯૫૩૭૮૭૭૦૭૦*

# સૌરાષ્ટ્રની લોકશૈલીનાં સમર્થ ચિત્રકાર : સંતોકમા દૂધાત

*- જોરાવરસિંહ જાદવ*

**ભા**રતના પ્રત્યેક પ્રાંત પાસે ચિત્રકલાની પોતીકી શૈલી છે. ઉત્તરપ્રદેશની પહાડી, રાજસ્થાનની રાજપૂત અને બિહારની ૩૦૦ વર્ષ પુરાણી મિથિલા લોકચિત્રણકલા 'મધુબન્ની'ના નામે જગવિખ્યાત બની છે. મધુબન્ની જેવી સોરઠ અને ગોહિલવાડની ગ્રામ્ય નારીઓની તળપદ આલેખ અને ચિતરની એક સમૃદ્ધ પરંપરા ગુજરાતમાં પ્રસન્નપણે પાંગરી છે, જેની બહુ જ ઓછી નોંધ લેવાઈ છે, એવા એક ૯૨ વર્ષની વયે સ્વર્ગે સિધાવેલાં સૌરાષ્ટ્રનાં એક મહિલા કલાકારની ઓળખ આપવા માગું છું. જેઓ સૌરાષ્ટ્રની તળપદ લોકચિત્રની છાંટવાળાં ચિત્રો લઈને ઓસ્ટ્રેલિયા અને જર્મની જઈ આવ્યાં. એમનાં જીવન અને કાર્ય પર દસ્તાવેજી ચિત્રનું નિર્માણ થયું. મહાભારત પરના ૧૨૦૦ મીટર લાંબા તળપદ લોકશૈલીનાં ચિત્રો આલેખી કલાજગતમાં પ્રછન્ન છટા પ્રગટાવનાર સ્વ. કલાકાર છે સંતોકમા દૂધાત

સૌરાષ્ટ્રના સાસણગીર પંથકના આંકોલવાડી ગામના લેઉવા કણબી પટેલ જ્ઞાતિમાં જન્મેલાં સંતોકમાના મુંબઈ દિલ્હીના આંતરરાષ્ટ્રીય હવાઈમથકની દીવાલો પર એ કાળે મૂકાયેલાં તળપદ, કાઠિયાવાડી અને સોરઠી લોકશૈલીનાં ચિત્રો નિહાળીને આશ્ચર્યચકિત થઈ જતા.

**આંકોલવાડી ગામના લેઉવા કણબી પટેલ જ્ઞાતિમાં જન્મેલાં સંતોકમાના મુંબઈ દિલ્હીના આંતરરાષ્ટ્રીય હવાઈમથકની દીવાલો પર એ કાળે મૂકાયેલાં તળપદ, કાઠિયાવાડી અને સોરઠી લોકશૈલીનાં ચિત્રો નિહાળીને આશ્ચર્યચકિત થઈ જતા**

જીવનસંધ્યાના ૯૦ વર્ષ સુધી વણથાક્યે એમનું ચિત્રસર્જન ચાલતું રહ્યું. એ ઉંમરે આખ્યુંના દીવડા એવા ને એવા તેજ હતા. તેઓ પરમેશ્વરને વિનંતી કરીને કહેતાં : 'હમણાં તેડાં નો મોકલીશ. રામાયણ, મહાભારતના ચિતર પૂરા કરી લઉં એટલી લાંબી જીવાદોરી લાંબી કરી દેજે.'

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે સરસ વાત કરી છે કે ભારતીય ગ્રામજન અભણ હશે પણ અસંસ્કારી નથી. તેઓ સંગીત અને કલાપ્રેમી છે. એના ઉદાહરણરૂપ સહી કરવા જેટલુંય નહીં ભણેલાં સંતોકમા જન્મજાત સંસ્કારવારસાના બળે જ આવા સુંદર ચિત્રો સરજી શક્યાં છે. ભણેલા ગણેલા ચિત્રકારો શ્રી ખોડીદાસ પરમાર, કુમાર મંગલસિંહજી, બળવંતભાઈ જોશી અને છગનભાઈ મિસ્ત્રી જેવા અનેક લોકશૈલીના ચિત્રકારો વચ્ચે ગૌરવપૂર્વક બેસવાનો અધિકાર પ્રાપ્ત કરી ચૂકેલાં સંતોકમાના જીવનસંઘર્ષની વાતમાં દુઃખ અને કરુણતાનું ઝીણું ઝીણું જંતર વાગતું સંભળાય છે.

ભારતમાં આઝાદી આવી એ અરસાની આ વાત છે. આંકોલવાડી જેવા ગામડામાં રહીને કૃષિ જીવન બસર કરતાં સંતોકમા પાસે જમીન અને ઢોરઢાંખરનો ઝખીરો મોટો હતો. કાળક્રમે બધું પગ કરી ગયું. એમના પતિ પ્રેમજીભાઈને ખેતમજૂરી અને સડકના ખાળિયા ખોદવાના દી' આવ્યા. ઘરના દરદાગીના સઘળા વેચાઈ ગયા. સંતોકમા ઘરના રોટલા ટીપે, દાડીદપાટીએ જાય, લોકોના દળણાં દળી આપે. માંડમાંડ પેટિયું (રોટલો) રળતા પરિવારને કુદરતે બીજો ફટકો માર્યો. એમના પતિ પ્રેમજીભાઈનું અકાળે અવસાન થયું. એક દીકરી ને ત્રણ દીકરાની માના નસીબમાં અકાળે વૈધવ્ય આવ્યું. કમાનાર ઘરના મોભીના લાંબા ગામતરા પછી ઘરમાં ગોકળઆઠમ રાહડે રમવા માંડી, હનુમાન હડિયું કાઢવા મંડાણા. ઘરમાં અનાજ ન મળે. છોકરાઓનું ભૂખનું દુઃખ ન વેઠાતા સંતોકબાએ કઠણ કાળજું કરીને સંતાનોને જામનગરના અનાથ બાલાશ્રમમાં મૂકી આવ્યાં. એ પછી આંકોલવાડીથી લઈને મુંબઈની આર્ટગેલેરીઓ સુધીની યાત્રા કરનાર સંતોકમાની કરુણ કથની એમના જ મુખે મેં સાંભળી :

'કારમી ગરીબાઈ ઘરફરતી આંટો મારી ગયેલી. કોઈ દશ્ય સૂઝે નહીં. મોંસૂઝણામાં ઊઠીને મજૂરીએ જાઉં. દી' આથમ્યા લગી ખેતર, ખડ ને માટીના ઢેફા હાર્યે બથોડાં ભરીને ઘેર આવું. લુસ લુસ વાળું કરતીકને રાતના ગામ આખામાં ફરી વળું. ગામની વહુદીકરીયું બાપડી મારી વાટ જોતી જ બેઠી હોય, ઈમને શગદીવાના અજવાળે કોડિયામાં કાલવેલી મેશમાં અણિયાળું સાંઠીકડું બોળી બોળીને ભાતભાતની ભાત્યું આળેખી દઉં. મોર, પોપટ, રાસમંડળ, વલોણું, પણિહારી, દેવી-દેવતા, રામાયણ, મહાભારત એવું બધું આળેખતી જાઉં ને ગીતો ગાતી જાઉં. ગાણામાં આવતી વાતું આળેખતી જાઉં.'

*રામ લખમણ બે બંધવા રામૈયા રામ*
*બે ભૈ હાલ્યા વનવાસ રે રામૈયા રામ*
*રામને લાગી તરહડી રામૈયા રામ*
*લખમણ વીરા પાણીડા પાવ રે રામૈયા રામ.*

આમ ગાણાં-ચિતરમાં ચિત્ત પરોવું, મનને રોકી રાખું એટલે દી'એ તો કાંઈ ન થાય. પણ માડી, રાત્ય પડે ને એટલે પંડના છોકરાં ઈયાદ આવે. કાળજું કંપી જાય. આવાં દખ કોની આગળ રોવું? દશ્મનનેય આવાં દખ નો પડજો બાપા. પછી ઘરનાં કમાડ વાસીને એકલી એકલી આંહૂડાં પાડું. ખોબો ખોબો આંહૂડાથી ઓશીકુંય પલળી જાય. અરેરે, ભગવાને દેવના ચક્કર જેવા દીકરા દીધા પણ હું અભાગણી સંતાનસુખ પામી નંઈ. હું ઈમને પાલવી નથી હકતી. આમ તકદીરનો વાંક કાઢતી ને કપાળ કૂટતી.

અનાથઆશ્રમની નિહાળમાં રજાયું પડે એટલે મારો ભાનુ ભઈલો (મોટો દીકરો) ઘેર આવે. ઈય મારી હાર્યે ચીતરવા બેહી જાય, આમ ભણતા ને ચીતરતા ભાનુએ વડોદરામાં ફાઈન આર્ટ્સનો કોર્સ પૂરો કર્યો. થોડો વખત સુરતની ગાર્ડન મિલમાં નોકરી કરીને વલ્લભવિદ્યાનગરની ફાઈન આર્ટ્સ કૉલેજનો અધ્યાપક બન્યો. ઈ વખતે હું બળબળતા બપોરે ગામડામાં ખાળિયા ખોદતી. ઈ કામ છોડાવીને સંતોકમાને પોતાની સાથે લઈ આવ્યો.

એકવાર ભાનુ માને મુંબઈ બતાવવા લઈ ગયો. ત્યાંની તાજની ગેલેરીમાં દેશના જાણીતા મહિલા ચિત્રકાર બી. પ્રભાનાં ચિત્રોનું પ્રદર્શન હતું. ભાનુએ પ્રભાની ઓળખાણું કરાવી. ઈ વાતને યાદ કરતા સંતોકમાએ કહ્યું :

'એ આવડી આવડી શબિયું(ચિત્રો) ગોઠવેલી. મેં પૂછ્યું : આ બધી છબિયું ઈણે સિતરિયું? : લે કર્ય વાત. આ ઈય બાય છે ને હુંય બાય છું. તો હું શબિયું સીતરું તો? ત્યારે રોયો ભનિયો કે' 'તો...તો હું ય આંયાં તમારાં ચિતરનું પ્રદર્શન ગોઠવી દઉં?''

મુંબઈ મહાલીને મા દીકરો વિદ્યાનગર આવ્યા. ભાનુએ કાગળ, શાહી વગેરે લાવી આપીને માના હાથમાં મૂક્યાં. ખડિયાની શાહી ફાવી નહીં એટલે સંતોકમાએ દેશી ઢબે જાતે કોડિયાની મેશ બનાવી. તેમાં ગુંદરનું પાણી નાખી દીવાસળીથી આલેખો દોરવાના શ્રીગણેશ માંડ્યા. ઈ કાળે કોને ખબર્ય હતી કે જીવનના કાંઠે બેઠેલાં સંતોકમા કાઠિયાવાડી આળેખ ચિતરની કળાથી આખા ભારતમાં અને વિશ્વમાં પોતાનું નામ ઉજાળશે?

ભૂખ્યા માણસને ભાવતું ભોજન મળે એમ સંતોકમાને ચિતર દોરવાનું મળતા એમને બત્રીસે કોઠે આનંદના દીવડા પ્રગટ્યા. એમણે તો ચાકળા, ચંદરવા, ઉલેચ, ઝૂલ્ય, ટરપરિયાં, ગણેશસ્થાપન, રાધાકૃષ્ણ, કાનગોપીય દોર્યા. ભાનુએ એમને સમજાવ્યું કે 'માડી, રાધા-કૃષ્ણના ચિત્રમાંથી કૃષ્ણનું મુગટનું પીછું કાઢી લઈ તેમના હાથમાં વાંસળીને બદલે ધનુષ-બાણ દોરીએ તો ચિત્ર રામ-સીતાનું સ્વરૂપ થઈ જાય. બા ને દીકરાની વાત શીરાની જેમ ઝટ ગળે ઊતરી ગઈ, પછી તો મન મૂકીને ચિત્રોનું સર્જન શરૂ કર્યું.

સને ૧૯૭૮ની વાત છે. ભાનુના ચિત્ર ગુરુ કે.જી. સુબ્રમણ્યમ વિદ્યાનગર આવ્યા. ભાનુ એમને ઘેર તેડી ગયો. એ વખતે સંતોકમા બેઠાં બેઠાં ચિત્રોના આળેખો દોરતાં હતાં. ભાનુ હોંશપૂર્વક પોતાના ચિત્રો બતાવવા માંડ્યો ત્યારે સુબ્રમણ્યમે કહ્યું : ભાનુભાઈ મુજે આપકા વર્ક નહીં દેખના હૈ, માંકા વર્ક દિખાઓ. ભાનુએ માનાં તાજાં ચિત્રોનો ઢગલો કર્યો. કે.જી. સર ત્રાંસાં ચશમાં કરીને આતુરતાપૂર્વક એ ચિત્રો જોવા લાગ્યા. ગોપીરાસ, ગણેશ, શિવપાર્વતી, શ્રવણકુમાર, કાન-ગોપી આમ કુલ ચાલીસેક ચિત્રોમાંથી અઢાર ચિત્રો પસંદ કરીને પોતાની સાથે વડોદરા લઈ ગયા. આ ચિત્રોમાં ગણેશનું ચિત્ર એમને ખૂબ જ પસંદ પડી ગયેલું.

લોકકલાપ્રેમી કે.જી. સુબ્રમણ્યમે વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજમાં સંતોકમાના સોળ ચિત્રોનું પ્રદર્શન યોજ્યું. મા-દીકરાને એ જોવા માટે તેડાવ્યા. પોતાની માતાનાં ચિત્રો મેશના રંગવાળા લોકશૈલીનાં ચિત્રોનું પ્રદર્શન ગુરુવર્ય ગોઠવે તો કયા શિષ્યને આનંદ ન થાય! વડોદરા જેવી કલારસિક નગરીમાં સંતોકમાના સોળેય ચિત્રો ત્રણ દિવસમાં ચપોચપ વેચાઈ ગયાં. એકુકા ચિત્રના સો રૂપિયા લેખે ગાડાના પૈડા જેવી સોળસો રૂપિયા રોકડા માડીના હાથમાં આવ્યા. માડીનો હરખ માય નહીં. જન્મારામાં પહેલીવાર આટલા રૂપિયા એકસામટા જોયા હતા.

એ વખતે આંકોલવાડી ગામના લોકોના ઘરના અને સીમશેઢાનાં કામ કરનારી તરીકે ઓળખાતી માને 'કલાધરિત્રી' જગતની માતા બનાવું એવું નાનપણમાં સેવેલું ભાનુનું સ્વપ્નું એને સાકાર થતું જણાયું. ભાનુએ એનાં પત્ની પ્રભાને પીંછી પકડતા શીખવ્યું. એ પછી તો મા, દીકરો ને વહુ ત્રણેયે સને ૧૯૭૮થી ચિત્રસર્જન શરૂ કર્યું. એમના લોકશૈલીનાં ચિત્રોને ખૂબ જ ખ્યાતિ મળવા માંડી. એક પછી એક પ્રદર્શનો યોજાવા માંડ્યાં. અમદાવાદના એમનાં ચિત્રપ્રદર્શન જોવા મુ. સોમાલાલ શાહ તેમના શિષ્ય ખોડીદાસ પરમાર અને હું સાથે ગયા. સંતોકમાને અભિનંદન આપી એમનો ઈન્ટરવ્યૂ કર્યો. સંતોકમાની ઉંમર, આવડત, તળપદી બોલીના ભાવવાહી ઉચ્ચારણો તેમાં રહેલો ભાવ અને ભારતીયતા સૌને ભાવવિભોર કરી દેતી. દુનિયામાં ભાગ્યે જ કોઈ કુટુંબ એવું હશે કે જેમાં દીકરો, વહુ અને સાસુ એક સાથે ચિત્રસર્જન કરીને કલાજગતની ટોચ પર પહોંચ્યાં હોય!

જીવનની ઢળતી સંધ્યાએ સંતોકમાએ હાથમાં માળા લેવાને બદલે રંગ અને પીંછી પકડ્યા. એક સમયે જેમના માથે દુઃખના ડુંગરા ખડકાયેલા એ સંતોકમાના જીવનમાં સુખનો સૂરજ ઊગવા માંડ્યો હતો. મજૂરી કરવાની કે કમાવાની હવે એમને ચિંતા નહોતી. ચિત્રો દોરવાની મનગમતી પ્રવૃત્તિ મળી ગઈ હતી. એમણે કુદરતી રંગો વડે રામાયણનાં ચિત્રો આલેખવા માંડ્યાં. વડોદરામાં વેચાયેલાં ચિત્રોએ એમના બાવડામાં નવું બળ પૂર્યું હતું. એકાદ વરસમાં તો રામાયણનાં ઢગલો ચિતર ચીતરી નાંખ્યાં. આ જોઈને ભાનુ તો આભો જ બની ગયો. સંતોકમાએ વર્ષો પૂર્વે પ્રગટ કરેલી ઇચ્છા પૂરી કરવા એણે જહાંગીર આર્ટ ગેલેરીમાં બાનાં ચિત્રોનું પ્રદર્શન યોજ્યું. સોરઠી સંસ્કાર નીતરતી ગ્રામીણ શૈલીની લોકકલાનાં ચિત્રોએ મુંબઈમાં ચકચાર મચાવી દીધી. પછી તો સંતોકમા ચિત્રોની દુનિયામાં એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરતાં ગયાં. ઓસ્ટ્રેલિયા અને જર્મની સહિત ભારતના જુદાં જુદાં રાજ્યોમાં એમનાં ૨૮ ઉપરાંત ચિત્ર પ્રદર્શનો યોજાયાં.

સને ૧૯૮૪ની આ વાત છે. એ અરસામાં નવી દિલ્હીના ત્રિવેણીસંગમ ખાતે ભાનુ, સંતોકમા અને પ્રભાબહેનનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયેલું. નવેમ્બર મહિનો, ઠંડી કહે મારું કામ. એવામાં અચાનક શ્વેત લાંબી દાઢીવાળા એમ.એફ.હુસેન આવી ચડ્યા. ચિત્રો જોઈને ખૂબ જ પ્રભાવિત થયા એને પૂછ્યું. 'આ ગામઠી સ્ટાઈલનાં ચિત્રો કોનાં છે?' ભાનુએ સંતોકમાનું નામ આપ્યું. ૮૩ વર્ષના વિશ્વવિખ્યાત ચિત્રકાર હુસેને માને મળવાની ઈચ્છા દર્શાવી. ભાનુએ ગેલેરીની બહાર બગીચામાં સૂતેલાં માડીને બતાવ્યાં. હુસેન ત્યાં ગયા અને 'ઓ મારી કલાની દેવી' કહીને બાળસહજ ભેટી પડ્યા અને ગેલેરીમાં લઈ આવ્યા. હુસેનને સંતોકમાના હનુમાન ખૂબ જ પસંદ પડ્યા. એમણે થોડાંક ચિત્રો ખરીદ્યાં ને ખૂબ વાતો કરી. એમના ગયા પછી સંતોકમા મરક મરક હસતાં બોલ્યાં :

'ભાનુ ! એ દાઢીવાળો બાવો કુણ હતો? ચિતરનો રસિયો લાગ્યો.'

ભાનુને માની આટલી કલાયાત્રાથી સંતોષ નહોતો. એને તો બાના નામની ચિત્રશૈલીની ભેટ કલાજગતને આપવી હતી. આથી સને ૧૯૮૫માં મોટું પટ્ટચિત્ર તૈયાર કરવાનું નક્કી કર્યું. હાથ બનાવટના કાગળને જોડીને ૨૫ ફૂટ લાંબો રોલ બનાવ્યો. માને હવે અવસ્થા વરતાતી જાતી હતી, પણ ઉમંગ અંતરમાં હિલોળા લેતો હતો. સંતોકમાએ વહુ દીકરાની મદદ લઈને રામાયણનાં ચિત્રો ચીતરવાનો આરંભ કર્યો.

એ અરસામાં વડોદરામાં જ્યોતિ ભટ્ટ અને ગુલામ મહંમદ શેખના નેતૃત્વ નીચે ભારત સરકારે એક મહિના માટે લોકકલાકાર સેમિનારનું આયોજન કર્યું હતું. એમાં સંતોકમાને આધુનિક મટીરિયલ વાપરવાનો મહાવરો મળી ગયો. વોટરપ્રૂફ શાહી એમને હવે ફાવી ગઈ હતી. છતાં જાતે તૈયાર કરેલા રંગો વડે ચીતરવાનું વધુ માફક આવતું. રોજ સવારે ઊઠીને રામાયણનાં ચિત્રો દોરવા બેસી જતાં.

સને ૧૯૮૭માં સંતોકમાએ પટ્ટચિત્રોનું કામ પૂરું કર્યું. એવામાં જર્મનીના એક સંગ્રહસ્થાનના નિવૃત્ત ડાયરેક્ટર ઉલ્લીબાયર એક દિવસ એમના વિદ્યાનગરના આંગણે આવી ચડ્યા. વગર ઓળખાણ પિછાણે રવિવારની વહેલી સવારે પહાડી કાયા ધરાવતા યુરોપિયનને સામે ઊભેલા જોઈને માડી તો ઘડીભર મુંઝાઈ પડ્યાં. ઉલ્લીબાયરે પોતાની ઓળખાણ આપી અને સંતોકમાના ફોટા પાડ્યા. એ પછી તો એણે રામાયણનો આખો રોલ ખરીદી લીધો ને કહ્યું : 'હવે તમે આવાં નાના કામ બંધ કરીને પૌરાણિક શાસ્ત્રોનો વિષય લઈને ખૂબ લાંબાં મોટાં ચિત્રોનું સર્જન કરો. હું એ જોવા અવશ્ય આવીશ અને તમારી ઈચ્છા હશે તો જર્મની અને ઓસ્ટ્રેલિયામાં તમારાં ચિત્રોનાં પ્રદર્શનો ગોઠવીશ. સંતોકમાને તો આ સાંભળીને જાણે 'બગાસું ખાતાં મોમાં સાકરનો ગાંગડો આવી ગયો.' માડીએ મહેનત કરવામાં પાછું વાળીને જોયું નહીં. ઉલ્લીબાયરે જર્મની અને ઓસ્ટ્રેલિયામાં એમનાં ચિત્રોનાં યાદગાર પ્રદર્શનો યોજવામાં દીકરો ને વહુ એમ ત્રણેયની જવા આવવાની ફ્લાઇટની ટિકિટો મોકલી આપી. એક કાળે ખેતરમાં કાળી મજૂરી કરી રોટલો રળનાર સંતોકમા માડી એરોપ્લેનમાં બેસીને ઓસ્ટ્રેલિયા અને જર્મનીની યાત્રા કરી આવ્યાં. જૂની આંખે નવી દુનિયા જોઈ આવ્યાં અને ગાડું ભરીને સંસ્મરણો સાથે લઈ આવ્યાં.'

એ અરસામાં ફિલ્મ ડાયરેક્ટર ક્ષીરસાગર સ્વબળે સફળ થયેલી ભારતની સન્નારીઓ ઉપર 'સ્ત્રી' નામની ટી.વી. સિરિયલ બનાવી રહ્યા હતા. સને ૧૯૮૭ના ઓગસ્ટ મહિનામાં જહાંગીર આર્ટ ગેલેરીમાં સંતોકમાના અઢાર મીટર લાંબા પટ્ટચિત્રનું પ્રદર્શન ગોઠવાયું હતું. મેહરપેસ્તનજી આ ચિત્રો નિહાળીને ખૂબ જ પ્રભાવિત થયા અને એમણે 'ઇન્ડિયન એક્સપ્રેસ' માં ચિત્રોની સમીક્ષા કરતો લેખ લખ્યો. આ લેખ વાંચીને શ્રીધાર ક્ષીરસાગરે 'સ્ત્રી' સિરિયલના પાંચમા એપિસોડમાં દૂધાત કુટુંબના જીવનને આધારિત બનાવીને એપિસોડ રજૂ કર્યો. એને પરિણામે સંતોકમા અને દૂધાત પરિવારને દેશવ્યાપી પ્રસિદ્ધિ મળી. માત્ર પ્રસિદ્ધિ નહીં, એનું પરિણામ પણ મળ્યું. એર ઇન્ડિયાના પબ્લિસિટી ડાયરેક્ટરે રામાણયનો ચિત્રરોલ અને બીજાં ચિત્રો ખરીદ કર્યાં. આજે બેંક ઓફ અમેરિકા, એર ઇન્ડિયા, બોમ્બે ડાઈંગ, વિપ્રો, આઈ.જી. એન.સી.એ, બાલભવન, આર્ટ હેરિટેઝ દિલ્હી, મેક્સમુલર ભવન, લલિતકલા અકાદમી, બોમ્બે હાઉસ, લંડન અર્જમાઈક, સૂફી રૉયલ ઉલ્લીબાર, જર્મની, ઓસ્ટ્રેલિયા, જોસેફ આર્ટ સેન્ટર કેનેડા, અમદાવાદ ખાતે અનિલ બકેરી, હોટલ પ્રેસિડેન્ટ, હોટલ વૈશાલી, ભાનુ શાહ, જ્યોતિ ભટ્ટ વગેરેના સંગ્રહોમાં સંતોકમાના લોકશૈલીનાં ચિત્રો સંગ્રહાયાં છે.

આમ ચિત્રકલા જગતમાં સંતોકમા પોતાના લોકકળાનાં ચિત્રોથી જાણે કે છવાઈ ગયાં. સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના ધ્યાન પર આ વાત આવી. બેંકે એમનું જાહેર સન્માન કર્યું. એ સન્માન પ્રસંગે એમણે લાક્ષણિક જવાબ આપતાં કહ્યું : 'હાંભળો મોટા સાયેબો, મારા ચિતરની વાહ વાહ થઈ પણ વાહ વાહને હાંડલીમાં નાખવાંથી ખીસડી થોડી થાય? કોરા વખાણથી માણહનું પેટ ભરાતું નથી. મોંઘુદાટ લૂગડું (કેન્વાસ)ને મોંઘાભાવના રંગો ખરીદવાના પૈસા ખૂટી ગ્યા સે. કાં'ક ફદિયાંનો જોગ કરી આલો તો મારે અમર થઈ જવાય એવાં ચિતર આળેખવાં છે.' માડીની વાણીની જાદૂઈ અસર થઈ. સમારંભમાં હાજર રહેલા બેંકના મેનેજિંગ ડિરેક્ટરે પોતાની સત્તા વાપરીને રૂપિયા ૬૫ હજારની લોન એ કાળે મંજૂર કરી. બેંકના ઇતિહાસમાં ચિતર કરનારી અભણ બાઈને લોન આપવાની આ પ્રથમ ઘટના હતી. લોનની જોગવાઈ થતાં દૂધાત પરિવારે ૧ ઑગસ્ટ ૧૯૮૭ના કલાગુરુ રવિશંકર રાવળના જન્મ દિવસથી ભારતના મહાન ગ્રંથ

મહાભારતનો વિષય લઈને 'ચિત્રયરી' આરંભ્યો.

આમ મહાભારતનું ચિત્રરૂપે કાગળ પર અવતરણ થવા માંડ્યું. એક એક પ્રસંગમાં અજોડ અજાયબીઓ ઉમેરાતી ગઈ. મહાભારતના અઢાર પર્વમાંથી પ્રથમ આદિપર્વમાં પાંડવોનો જન્મ, ઋષિઓનું આશ્રમજીવન, ભીષ્મ અને ગંગાની કથા, દુષ્યંત-શકુન્તલાથી લઈને, કણ્વઋષિથી કશ્યમ મુનિ સુધીના પ્રસંગો ખૂબ જ સુંદર રીતે આલેખાયા. સભાપર્વના કૃષ્ણજીવનના પ્રસંગો, રાજ્ય માટેની તકરારો, ત્રીજા વનપર્વમાં પાંડવોનો વનવાસ, ચિત્રવિર્ય-વિચિત્રવિર્યનું યુદ્ધ આલેખાયું. ત્યાં બારસો મીટરનો પટ્ટ પૂરો થઈ ગયો. સને ૧૯૮૭થી શરૂ થયેલું ચિત્રકાર્ય સતત છ વર્ષ લગી ચાલ્યું.

સને ૧૯૯૨માં અમદાવાદમાં સંસ્કાર કેન્દ્ર ખાતે આ ચિત્રપટ્ટનું પ્રદર્શન યોજાયું. દસ દિવસમાં હજારો કલાપ્રેમીઓએ આ પ્રદર્શન નિહાળ્યું-માણ્યું. એ પછી મુંબઈ અને દક્ષિણ ભારતમાં ઉડુપિ ખાતે આ ચિત્રોનાં પ્રદર્શનો યોજાયાં. સને ૧૯૯૩માં માલતીબહેન ઝવેરીના પ્રયત્નોથી દિલ્હીમાં મહાભારત ચિત્રશ્રેણીનું પ્રદર્શન યોજાયું. ત્યાં શ્રીમતી કપિલા વાત્સાયન અને શ્રીમતી ઈન્દિરા ગાંધી સાથે સંતોકમાની મુલાકાત શુભેચ્છા મુલાકાત થઈ. એ પછી ૧૨૦૦ મીટર લાંબુ મહાભારતનું આ પટ્ટચિત્ર 'ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ'ના સંગ્રહમાં ખરીદાઈ ગયું. સંતોકમા માડીના હાથમાં અધધ થઈ જાય એટલા ટેક્સ ફ્રી ૨૦ લાખ રૂપિયા આવ્યા.

'કલાની દેવી'ના નામે સંબોધાયેલાં સંતોકમાના લોકશૈલીનાં આ ચિત્રોને કલાવિવેચકોએ 'નર-નારીના પ્રથમ નજરના પ્યાર જેવી તાજગી અને કુમાશવાળા, તપ્ત ધરતી પર પડેલા વરસાદના સરવડા પછી છૂટતી માટીની મીઠીમહેંક સાથે સરખાવ્યાં છે.'

સ્વ. શ્રી શાંતિ શાહે પોતાની કોલમ 'આકાર અને આકૃતિ'માં લખ્યું છે કે 'મહાભારતની કથામાંની વાત અને વાતમાંથી આડવાત જેવા પ્રસંગોની ગૂંથણી કેનવાસ ઉપર આલેખાઈ હોય તેવાં, જે ચિત્રોને કે તેનાં પાત્રોને છાયા, પ્રકાશ, પરસ્પેક્ટિવ કે દૂરત્વનો, અરે ગુરુત્વાકર્ષણના નિયમમાં પણ બંધાયા વિનાના અને માત્ર સ્વૈરવિહાર કરતાં હોય છતાં દર્શકોના મનમાં સોંસરા ઊતરી જતાં હોય તેવા નેગેટિવ કથાશૈલીમાં બનેલાં અસરકારક ચિત્રો છે.'

સંતોકમાની કલમ પીંછીએ પ્રગટેલા સૌરાષ્ટ્રની ધરતીની 'આગવીકલમ' જેવી તળપદી સૌરાષ્ટ્રી ગ્રામશૈલીએ સર્જાયેલાં આવાં ચિત્રો જોવા એ પણ એક લ્હાવો છે. કાઠિયાવાડી ભરતકામની પરંપરામાં ખૂબ જ સરળતાપૂર્વક અને સાવ સાહજિક રીતે સર્જાયાં હોય તેવાં વિશિષ્ટ પ્રકારનાં આ ચિત્રો છે.

બંસી બજાવતા કનૈયા અને રાધાના પ્રસંગચિત્રમાં ગાયોને ગુરુત્વાકર્ષણનો નિયમ લાગુ પડતો નથી. ઊભેલી એક ગાયની બાજુમાં જ શિર્ષાસન કરતી ગાય આ શૈલીમાં ખૂંચતી નથી, પણ પિકટોરિયલ વાત સુપેરે કહી જાય છે. દ્રૌપદી વસ્ત્રાહરણમાં મોરપીછધારી કૃષ્ણ એક બાજુથી મધ્યમાં ઊભેલી દ્રૌપદીને વસ્ત્રો પહેરાવતાં જાય છે, અને બાજુમાંથી દુઃશાસન એના ચીર ખેંચે છે. વચમાં મોર, પોપટ, સૂર્ય છે. આ ઉપરાંત સભામાં મહાનુભાવો બેઠેલા છે. આમાં મૂળ વાત પૂરી અસરકારક બની રહે છે.

એક ચિત્રમાં કુંભારે નિંભાડામાં પકવવા મૂકેલ માટીપાત્રોમાં ભૂલથી રહી ગયેલાં માંજારી(બિલાડી)નાં બચ્ચાં અગનજવાળામાંથી ઊગરી જાય છે. આ દૃશ્ય ચિત્રમાં નિંભાડામાં મૂકેલા ઘડાઓની વર્તુળાકાર ગોઠવણીથી પ્રસંગની રજૂઆતમાં વેધકતા સધાઈ છે. મહાભારતની આ પટ્ટકથા પર આગળ નજર કરીએ તો વલોણું કરતી જશોદા પાસે જાયો, નટખટ કાનુડો, વનમાં નદીકાંઠે વિહાર કરતાં અને બંસી બજવતા કનૈયાની સાથે એક હાથ કેડ્ય ઉપર અને બીજા હાથે લટકાળા નૃત્યનો અભિનય કરતી રાધા અને વચમાં સફેદ પંખીઓનો વિહાર, આવું બધું સાવ જ સરળતાપૂર્વક ચિતરાયું છે. આમ નરી સરળતાથી સર્જાયેલા અને કશાય અભરખા કે અબળખા વિનાના, માત્ર ચીતરવાની લિજ્જત માણવા માટે ચિતરાયાં હોય તેવાં અત્યંત સાદગીભર્યાં આ ચિત્રો દર્શનીય છે.

મહાભારતનાં આ ચિત્રો નિહાળ્યાં પછી પ્રસન્ન થયેલા સ્વ. શાંતિ શાહ નોંધે છે કે 'આ ચિત્રોની બીજી પણ એક વિશિષ્ટતા છે, જે દ્વારા મોટી શક્યતા ઊભી થાય છે અને તે એ કે જેમ બંગાળમાં કાલીઘાટના ચિતરાયેલાં માટીપાત્રો જોઈ, પચાવી એક અભિનય શૈલીના સર્જક જામિની રૉય થઈ શક્યા, તેવી જ રીતે એક મોટી શક્યતા આ સૌરાષ્ટ્રી શૈલીનાં ચિત્રો દ્વારા બને. આજે સંતોકમા એક રીતે આ 'પાયોનિયર' કાર્ય કરી રહ્યાં છે. તેઓ પોતે તો જામિની રોય ન બની શકે અને તે સ્વાભાવિક પણ છે, પણ તેમની આ અભિનય શૈલીની કૃતિઓ દ્વારા ગુજરાતને અવશ્ય એક એવા જામિની રૉય મળી જાય તો નવાઈ નહીં લાગે. નવોદિત ચિત્રકારો માટે આમાં પૂરો અવકાશ છે, અને એમને આહ્વાહન પણ છે.'

સૌરાષ્ટ્ર, કચ્છના પ્રત્યેક પંથકમાં વિધવિધ કલાઓના માહેર આવા ચીંથરેવીટ્યાં રતનો ઠેરઠેર પડ્યાં છે. એમની શક્તિને પિછાની રાજ્યની સંગીત નાટક અકાદમી, યુવક સેવા પ્રવૃત્તિઓ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે. ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા તેમની આંગળી પકડી જગત ચોકમાં મૂકવામાં આવે છે એ અભિનંદનીય છે.

---

*'સજ્જનસ્મૃતિ'*
*૨, પ્રોફેસર્સ કોલોની, વિજય ચાર રસ્તા,*
*નવરંગપુરા, અમદાવાદ-૯. મો. ૯૮૨૪૦૨૮૩૨૬*

# ચૌદમી ઓગસ્ટઃ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ

*- કિશોર મકવાણા*


ભારત વર્ષ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. એવા સમયે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૪મી ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે મનાવવાની એક અત્યંત મહત્ત્વની જાહેરાત કરી, એ સંદર્ભે ગેઝેટ પણ પ્રસિદ્ધ કર્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યુંઃ આપણા લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં ૧૪મી ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે મનાવવામાં આવશે. દેશના ભાગલાની પીડા ક્યારેય ભૂલી શકાય તેમ નથી. નફરત અને હિંસાને કારણે, આપણાં લાખો બહેનો અને ભાઈઓ વિસ્થાપિત થયા અને જીવ પણ ગુમાવ્યા. તે લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં ૧૪મી ઓગસ્ટને 'વિભિષિકા સ્મારક દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**'Partition Horros Remberance Day'**નો આ દિવસ આપણને ભેદભાવ, દુશ્મનાવટ અને દુરાગ્રહના ઝેરને દૂર કરવા માટે પ્રેરણા તો આપશે જ, પરંતુ તે એકતા, સામાજિક સમરસતા અને માનવીય સંવેદનાઓને પણ મજબૂત બનાવશે.

**દેશ એમ જ સ્વતંત્ર નથી થયો. વિભાજન વિભીષિકા જાણવી ખૂબ જરૂરી છે. સિકંદર પહેલો વિદેશી આક્રમણખોર હતો, જેણે ભારતવર્ષની ભૂમિ પર (ઈ.પૂ. ૩૨૭) પગ મૂકવાનું દુઃસાહસ કર્યું હતું...**

વડાપ્રધાનશ્રીની વાત સત્યથી ભરપૂર છે. ૧૫મી ઓગસ્ટે દેશ સ્વતંત્ર તો થયો, પણ ૧૪ ઓગસ્ટે ભારતના ફાડિયાં કરી નાખવામાં આવ્યાં ને ભારતની જ ધરતી પર આતંક-નફરતથી ભરપૂર એવો 'પાકિસ્તાન' નામનો દેશ પેદા થયો. આખરે એવું તે શું થયું કે દેશના ભાગલા કરવા પડ્યા? લાખો લોકોની કતલ કરવામાં આવી, હજારો બહેન-બેટીઓને ઉપાડી જવામાં કે એમના શીલભંગ કરવામાં આવ્યા, નાનાં-નાનાં ભૂલકાને જીવતા ભૂંજી નાખવામાં આવ્યાં અને એટલે જ 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' મનાવવો રાષ્ટ્ર માટે બહુ જરૂરી હતો, જેથી દેશની પ્રજા જાણી શકે કે દેશ એમ જ સ્વતંત્ર નથી થયો. વિભાજન વિભીષિકા જાણવી ખૂબ જરૂરી છે.

સિકંદર પહેલો વિદેશી આક્રમણખોર હતો, જેણે ભારતવર્ષની ભૂમિ પર (ઈ.પૂ. ૩૨૭) પગ મૂકવાનું દુઃસાહસ કર્યું હતું, પરંતુ ત્રણ જ વર્ષમાં એણે ભારતના પરાક્રમી વીર યુવાનો સામે પછડાટ ખાવી પડી. ભારે નાલેશી વેઠી અહીંથી ભાગવું પડ્યું. એના સૈનિકો ત્રાહિમામ્ પોકારી ગયા. આ ચાણક્ય અને ચન્દ્રગુપ્તની દીર્ઘદૃષ્ટિ, નીતિ-રણનીતિ અને પરાક્રમનો ચમત્કાર હતો કે સાત વર્ષની અંદર જ ભારતવર્ષની ભૂમિ પર એ વિશ્વવિજેતાનું કોઈ પદ્ચિહ્ન બચ્યું નહોતું. એ પછી મધ્ય એશિયાથી કુશાણ આવ્યા. એમની પણ દુર્ગતિ થઇ. એમણે ભારે પરાજય વેઠવો પડ્યો. જોતજોતામાં તેઓ રાષ્ટ્રજીવનની સાંસ્કૃતિક વેગવાન ધારામાં એકરૂપ થઇ ગયા. એમનો સુપ્રસિદ્ધ સમ્રાટ કનિષ્ક બૌદ્ધ ધર્મના ચરણમાં બેસી ગયો. એણે 'દ્વિતીય અશોક' હોવાનું બહુમાન મેળવ્યું. બૌદ્ધ ધર્મના દિવ્ય સંદેશનો એમણે દૂર સુધી પ્રચાર-પ્રસાર કર્યો. એ પછી આવ્યા શક (પ્રથમ શતાબ્દી) અને હૂણ (પાંચમી શતાબ્દી) આવ્યા. એમણે હિન્દુસ્તાનને મર્માતક ઘાયલ કર્યું. ઘણા સમય સુધી એમણે સંપૂર્ણ ઉત્તર ભારતને પોતાના પગ તળે કચડી નાંખ્યું. મિહિરગુલ અને તોરમાળના તીવ્ર આઘાતો સામે તે લથડવા માંડ્યું, પરંતુ પુનઃ ભારત માતાની કૂખેથી હર્ષવર્ધન, યશોધર્મા, વિક્રમાદિત્ય અને શાલિવાહન જેવા અનેક અદમ્ય સાહસિક-પરાક્રમી રાજાઓ અને રાજનીતિજ્ઞોએ જન્મ લીધો. એમણે મા ભારતીના ભાલ પર સ્વાભિમાન, સન્માન અને સ્વાતંત્ર્યનું વિજયી તિલક કર્યું અને પરાજય અને પરાભવની બેડીઓથી આ રાષ્ટ્રને મુક્ત કર્યું. ધીમે-ધીમે આક્રમકો આ દેશના સંમોહન પાસમાં બંધાઈ ગયા. આ દેશની સંસ્કૃતિમાં તેઓ એટલા એકાકાર બની ગયા, એવા તો હળીમળી ગયા કે એમને ઓળખવા જ મુશ્કેલ બની ગયા. એમની રગોમાં પણ ભારતની સાંસ્કૃતિક ધારા વહેતી થઈ ગઈ.



હઝરત મહંમદ સાહેબના નિધનના ઘણાં વર્ષો પછી ઈ.સ. ૬૩૨માં આરબોએ જેહાદી આતંકવાદી યુદ્ધ શરૂ કર્યું. ઇસ્લામના જેહાદીઓ એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન લઈને એજાજથી નીકળ્યા અને ત્યાંથી પર્શિયા, ઈરાન, મઘરેબ, લેવેંટ અને બિઝેન્ટાઈમ સુધી ઝડપથી આવી પહોંચ્યા. ચારેબાજુ આતંક, હિંસા અને મારામારી કરતા કરતા રહ્યા.

આઠમી સદી સુધીમાં તો સ્પેન ઇસ્લામના પ્રભાવમાં આવી ગયું અને એમની નજર ફ્રાન્સની સીમાઓ પર પડી. આરબો પાસે ત્યારે જગતનું સૌથી મોટું સશક્ત અને સમૃદ્ધ રાજ્ય આવી ગયું. બિસકે (ઇશતભ્રફ)ની ખાડીથી લઈને સિંધુના કિનારા સુધી અને અરબ સાગરથી લઈને અપર નીલ (ગશહય) સુધી. ૬૬૨ ઈ. સુધીમાં ખલીફાની લોહી તરસી મહત્ત્વાકાંક્ષાઓ હિન્દુસ્તાનની સરહદ સુધી પહોંચવા લાગી. આરબોએ અનેક પ્રયત્નો કર્યા, પરંતુ હિન્દુઓએ એમને દર વખતે ધૂળ ચાટતા કરી દીધા. અંતે લગભગ ૪૦૦ વર્ષ પછી એમને ભારતમાં પગ મૂકવાનો અવસર મળ્યો. ૧૧મી સદી પછી જ ભારત વર્ષના કાબુલ, જાબૂલ અને સિંધ આરબોને આધીન થઈ ગયા.

**ભારત પર પહેલું દરિયાઈ આક્રમણ ૬૩૬માં થયું હતું. એ આક્રમણ ત્રણ તબક્કામાં થયું હતું, પરંતુ થાણા, ગુજરાત અને સિંધના કિનારાઓ પરથી હિન્દુ વીરોએ એમને પાછા ખદેડી મૂક્યા**

ભારત પર પહેલું દરિયાઈ આક્રમણ ૬૩૬માં થયું હતું. એ આક્રમણ ત્રણ તબક્કામાં થયું હતું, પરંતુ થાણા, ગુજરાત અને સિંધના કિનારાઓ પરથી હિન્દુ વીરોએ એમને પાછા ખદેડી મૂક્યા. ખલીફાએ ઇરાકના ગવર્નર પર ફરી દબાણ કર્યું કે એકવાર અમને સિંધ પર ફરી આક્રમણ કરવા દો. ઇરાકના ગવર્નરે પહેલી હાર, જે રાજા દાહિરના હાથે થઈ હતી, તેનો બદલો લેવા પોતાના જમાઈ (દામાદ) અને ભત્રીજા મોહમ્મદ બિન કાસિમને મોકલ્યો. મોહમ્મદ બિન કાસિમે પ્રતિજ્ઞા લીધી હતી કે 'ખુદા કી કસમ ઉઠાકર કહતા હું, ચાહે ઇરાક કા પૂરા ખજાના ક્યું ન ઈસ કામ મેં લગ જાયે પિછલી હાર કા બદલા લુંગા હી.'

૭૧૨માં રાજા દાહિર ગદ્દારીના કારણે યુદ્ધમાં માર્યા ગયા ત્યારે ઇસ્લામી આતંકવાદીઓને પહેલી સફળતા મળી. રાજા દાહિરનો સેનાપતિ લાંચ લઈને ફૂટી ગયો એના લીધે પરાજય થયો. રાજાની પત્નીએ જોહર કર્યું અને સતી થઈ ગઈ. દાહિરના પરાક્રમી પુત્ર આરબો સાથે લડવા માટે બચ્યા હતા. મોહમ્મદ બિન કાસિમને પાછો બોલાવી લેવાયો. ધીરે ધીરે રાજા દાહિરના પુત્રે ફરી સમગ્ર ગાંધાર (આજનું અફઘાનિસ્તાન) રાજ્ય પોતાના કબજામાં લઈ લીધું.

૯મી અને ૧૦મી શતાબ્દીમાં ખલીફાઓની શક્તિ ખૂબ ઓછી થઈ ગઈ. એનું વર્ણન ભારત આવનારા આરબ યાત્રીઓએ પણ કર્યું છે. એમણે એમ પણ વર્ણન કર્યું છે કે ભારતવાસીઓ કઈ રીતે મૂર્તિઓની રક્ષા ખાતર પોતાના પ્રાણની આહુતિ આપી દેતા હતા. ઇસ્લામની આતંકી લહેર ધીરે ધીરે વધતી જતી હતી અને સિંધથી પંજાબ સુધી પહોંચતાં પહોંચતાં ખાસી ધીમી પડી ગઈ હતી. ડૉ. રામગોપાલ મિશ્રાએ પોતાના પુસ્તક 'ઇન્ડિયન રેસિસ્ટેન્સ ટુ અર્લી મુસ્લિમ ઈન્વેડર્સ અપ ટુ ૧૨૦૬ એ.ડી.' માં લખ્યું છે કે ભારતના શાસકોએ એ બે સદીઓ દરમિયાન અરબોને દેશના સીમાડા ઓળંગવા દીધા નહોતા. એ જમાનામાં કાબૂલ (એ સમયે હિન્દુસ્તાનનો ભાગ) સીમા હિન્દુકુશ સુધી ફેલાયેલી હતી, એમાં જલાલાબાદ, પેશાવરનો સમાવેશ થતો હતો.

૬૪૩ માં પર્શિયા પર વિજય મેળવ્યા પછી આરબોએ ૬૫૦માં કાબુલ પર આક્રમણ કર્યું. એ અભિયાન સફળ ન થયું. ૬૫૩ માં તેમને આંશિક સફળતા મળી. ભારતના પ્રસિદ્ધ ઇતિહાસકાર અને 'રાજ તરંગિણી'ના લેખક કલહણે હિન્દુશાહીની પ્રશંસામાં અનેક કાવ્ય-પંક્તિઓ લખી છે. જોડે જોડે એમ પણ લખ્યું છે કે ધીરે ધીરે વીર રાજાઓ પણ ઇતિહાસના પાનાઓમાં ગુમ થઈ ગયા.

સમયની સાથે પરિસ્થિતિઓ બદલાતી ગઈ. હવે ભારત પર વારંવાર આક્રમણ થવા લાગ્યાં. ઇસ્લામી આક્રાંતાઓ ઇસ્લામના નામે ભારતનાં મંદિરો તોડવા અને મૂર્તિઓને ખંડિત કરવી, હિન્દુ બહેન-દીકરીઓની આબરું લૂંટવી, તલવારના જોરે મુસલમાન બનાવવા અને ધન સંપત્તિ લૂંટવા માટે જ આવ્યા હતા. ભારત પર આ ઇસ્લામી જેહાદનો આરંભ હતો. આમ ઇસ્લામનો પ્રવેશ ભારતમાં થયો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર એમના પ્રસિદ્ધ ગ્રંથ 'થોટ્સ ઓન પાકિસ્તાન'માં લખે છેઃ 'હ્યુએનસંગના આગમન સમયે આજનું અફઘાનિસ્તાન પણ હિન્દનો ભાગ હતું. ત્યાં વૈદિક ધર્મના કે બૌદ્ધધર્મના અનુયાયીઓ રહેતા હતા, પરંતુ હ્યુએનસંગના હિન્દથી પાછા ગયા પછી શું થયું? વાયવ્યમાંથી મુસ્લિમ ધાડાઓનું હિન્દ પર આક્રમણ તે અત્યંત મહત્ત્વની ઘટના હતી. સૌથી પહેલું આક્રમણ મહંમદ બિન કાસિમના નેતૃત્વ હેઠળ આરબોનું ઈ.સ. ૭૧૧ થયું અને તેણે સિંધ જીતી લીધું.' (પૃષ્ઠઃ ૫૨)

સાતમી સદીમાં અનેક મુસ્લિમ જાતિઓનાં આક્રમણો

શરૂ થયાં, પછી તો એની હારમાળા ચાલતી જ રહી. મહમૂદ ગઝનવી (૧૧ મી સદી) અને મોહમ્મદ ઘોરી (૧૨ મી સદી)ના નેતૃત્વમાં આ આક્રમણો પ્રચંડ વેગવાન હતાં. એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન... તુર્ક, અરબ, ઈરાની, મુઘલ અને અફઘાન તીડનાં ધાડાંની માફક ભારતવર્ષ પર ચઢી આવ્યા. તેઓ પાછા તો ચાલ્યા ગયા, પરંતુ સમગ્ર ભારતમાં એમના ડંખ છોડતા ગયા. ભયંકર મારકાપ, વિનાશ અને અપવિત્રતાના ઘાનાં ચિહ્નો લાંબા સમય સુધી એમની કરુણ કથા કહેતા રહ્યાં. ડૉ. આંબેડકર લખે છેઃ મહંમદ બિન કાસિમ પછી ઈ.સ. ૧૦૦૧માં મહમૂદ ગઝનવીના ભયંકર આક્રમણોની શ્રેણીઓનો પ્રારંભ થયો. ઈ.સ. ૧૦૩૦માં મહમૂદનું મૃત્યુ થયું, પણ ૩૦ વર્ષના ટૂંકા ગાળામાં તેણે સત્તર વાર આક્રમણ કર્યું, કાફરોની કતલ કરવાનો મહમૂદને આનંદ આવતો. મહમૂદ ગઝનવી પછી મોહમ્મદ ઘોરીનાં આક્રમણો શરૂ થયાં. ત્રીસ વર્ષ સુધી મહમૂદ ગઝનવીએ હિન્દને પાયમાલ કર્યું અને ત્રીસ વર્ષ સુધી મોહમ્મદ ઘોરીએ દેશને તે જ રીતે પાયમાલ કર્યો... કુતબુદ્દીન ઐબકે એક હજાર મંદિરો તોડ્યાનું આંબેડકરે નોંધ્યું છે. ડો. આંબેડકરે મોગલ આક્રમણો બાદ છેલ્લે ઇ.સ. ૧૭૬૧માં અહમદશાહ અબ્દાલીએ કરેલા આક્રમણ સુધી અસંખ્ય હકીકતો આપ્યા પછી લખ્યું છેઃ 'આ મુસ્લિમ આક્રમણો માત્ર લૂંટ કે વિજયની ભૂખને કારણે નહોતા થયાં, તેની પાછળ બીજો હેતુ હતો.'

**૧૮૫૭ની રાષ્ટ્રીય ક્રાંતિએ તો અંગ્રેજી રાજ્યનાં મૂળિયાં જ હચમચાવી નાખ્યાં. ભારતના કમભાગ્યે અંગ્રેજો સહેજમાં બચી ગયા. એમણે મુક્તિનો શ્વાસ પણ લીધો, પરંતુ રાષ્ટ્રના હૃદયમાં રાષ્ટ્રભક્તિની જે જ્વાળા ધધકી રહી હતી**

૮૦૦ વર્ષ સુધી હિન્દુસ્તાન સતત સ્વાધીનતા-સંગ્રામમાં ઝઝૂમતું રહ્યું. વિશ્વ પટે કદાચ આવું બીજું અન્ય કોઈ ઉદાહરણ નથી. રાષ્ટ્રીય સ્વાધીનતા સંગ્રામનો આ સૌથી રોમહર્ષક-વીરતાથી ભરેલો યુગ હતો. સ્વાધીનતા-સંગ્રામના અગણિત વીરોએ આઠસો વર્ષ સુધી સ્વતંત્ર થવા માટેની જિજીવિષાની આ નૌકાનું નેતૃત્વ સંભાળ્યું અને ભયંકર મોજાઓ અને તોફાનોની પરવા કર્યા સિવાય તેઓ તેને હંકારતા રહ્યા. પરાક્રમની પરાકાષ્ઠા સર્જી તેનો સામનો કરતા રહ્યા. રાજસ્થાનમાં મહારાણા કુંભા, મહારાણા પ્રતાપ અને રાજસિંહ વગેરેએ, દક્ષિણમાં હક્ક, બુક્ક અને કૃષ્ણદેવે, મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી અને પેશવાઓ વગેરેએ, પંજાબમાં ગુરુ અર્જુનદેવથી લઈ ગુરુ ગોવિંદસિંહ સહિત શીખોના અનેક આત્મબલિદાની ગુરુઓ અને બંદા વૈરાગી તથા છત્રસાલ જેવા મહાવીરોએ વીરતાનાં જૌહર દેખાડયાં. એમના એકધારા પ્રચંડ પ્રહારોના પરિણામે જ ઈસ્લામની દુનિયાભરમાં અત્યાર સુધી અજેય રહેલી તલવાર અહીં ધૂળ ચાટવા માંડી અને એના ટુકડે-ટુકડા થઈ ગઈ. મૌલાના હાલીના અશ્રુપૂર્ણ શબ્દોમાં -

'वो दीने जाजीका बेबाक बेड़ा,
निर्शां व्झिसका अक्साए–आलममें पहुँचा;
मजाहम हुआ कोई खरता न जिसका,
न अम्माँमें ठटका न कुलजममें झिझका;
किये पे सिपर जिसने सातों समुन्दर,
वो डूबा दहानेमें गंगा के आकर ।

અર્થાત 'ઈસ્લામનો જહાજી કાફલો સાત સમુદ્રોને બેરોકટોક પસાર કરી ગયો અને અજેય રહ્યો, પરંતુ જ્યારે હિન્દુસ્તાન પહોંચ્યો તો ગંગાના પાણીમાં સદાને માટે ડૂબી ગયો.'

આ ખૂબ મોટો સંવેદનશીલ સંધિકાળ હતો. રાષ્ટ્રીયતાથી ઓળઘોળ શક્તિઓ એમની ભૂતકાળની સફળતા-વિફળતાનાં લેખાંજોખાં કરી શકે અને પોતાની ગુમાવેલી અજેય શક્તિ પુનઃ પ્રાપ્ત કરી શકે એ પહેલાં જ દેશ અગાઉ કરતાં પણ વધુ ચાલાક અને સંગઠિત આક્રમકોની નાગચૂડમાં સપડાઈ ગયો તે હતા અંગ્રેજ, પરંતુ ભારતવર્ષના વીર પુત્ર એકવાર પુનઃ નવા શત્રુના ગળાટૂંપામાંથી ભારતમાતાને મુક્ત કરવા માટે તત્પર બન્યા.


૧૮૫૭ની રાષ્ટ્રીય ક્રાંતિએ તો અંગ્રેજી રાજ્યનાં મૂળિયાં જ હચમચાવી નાખ્યાં. ભારતના કમભાગ્યે અંગ્રેજો સહેજમાં બચી ગયા. એમણે મુક્તિનો શ્વાસ પણ લીધો, પરંતુ રાષ્ટ્રના હૃદયમાં રાષ્ટ્રભક્તિની જે જ્વાળા ધધકી રહી હતી, એના ભયથી એ થરથર ધ્રૂજવા લાગ્યા. એમને કમકમાટી થવા માંડી. પોતાના સિંહાસન નીચે તેઓ એક ભભૂકતા જ્વાળામુખીનો અનુભવ કરવા માંડ્યા.



૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામની સાથે જ રાષ્ટ્રીય જાગરણ અને પ્રતિકારનાં મોજા ઉછળવાં લાગ્યાં. ધીરે-ધીરે દેશના એક ખૂણેથી બીજા ખૂણાને એ મોજાં સ્પર્શવા લાગ્યાં. પંજાબમાં સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજના માધ્યમથી રાષ્ટ્રપ્રેમ અને આત્મગૌરવની ચિનગારીને પુનઃ પ્રકટાવી, તો શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, રમણ મહર્ષિ અને યોગી અરવિંદ જેવા આધ્યાત્મિક મહાપુરુષોએ જનતા-જનાર્દનમાં આપણી સાંસ્કૃતિક પરંપરાનો મહાન મંત્ર ફૂંક્યો. પશ્ચિમમાં સ્વામી વિવેકાનંદના ઓજસ્વી ભાષણોએ ભારત પ્રત્યેનો જોવાનો દૃષ્ટિકોણ જ બદલી નાખ્યો, એ પછી દેશમાં એમના ઝંઝાવાતી પ્રવાસે લોકોના સુપ્ત પૌરુષને જગાડ્યું. નવયુવકોના હૃદયમાં રાષ્ટ્રીય ધ્યેય અને માં ભારતી પ્રત્યે ભક્તિ-શક્તિ, સ્વાભિમાન અને સમર્પણની પ્રેરણા જગાડી. એમણે યુવાનોને આહ્વાન કર્યું. દેવી-દેવતાઓને ભૂલી જાઓ. કેવળ મા ભારતીની ભક્તિ કરો.

**પશ્ચિમમાં સ્વામી વિવેકાનંદના ઓજસ્વી ભાષણોએ ભારત પ્રત્યેનો જોવાનો દૃષ્ટિકોણ જ બદલી નાખ્યો, એ પછી દેશમાં એમના ઝંઝાવાતી પ્રવાસે લોકોના સુપ્ત પૌરુષને જગાડ્યું**

બંકિમચંદ્ર ચેટરજીનું ઓજસ્વી 'વંદે માતરમ્' ગીત બંગાળના સીમાડા વટાવી સમગ્ર દેશના રાષ્ટ્રીય સ્વાધીનતા સંગ્રામનો જયઘોષ બની ગયું. સામાજિક અને રાષ્ટ્રીય પડકારોનો સામનો કરવા માટે અનેક સુધારણા આંદોલનો પેદા થયાં. રાજા રામમોહનરાય અને કેશવચંદ્ર સેન, મહાદેવ ગોવિંદ રાનડે અને મહાત્મા ફૂલે વગેરેએ બ્રહ્મ-સમાજ અને પ્રાર્થના-સમાજના માધ્યમથી લોકોમાં આત્મવિશ્વાસ જગાડવામાં ભરપૂર યોગદાન આપ્યું. ડૉ. બાબાસાહેબ આંબેડકરે રાષ્ટ્રના પતન માટે નિદાન કર્યું કે ભારતના પતનનું કારણ આપસી ફાટફૂટ, વિશ્વાસઘાત અને જાતિવાદ જેવાં દૂષણો છે. એમણે સામાજિક દૂષણો નાબૂદ કરવા સામાજિક ક્રાંતિનો નૂતન મંત્ર ફૂંક્યો. રાષ્ટ્રના પતન અને અધોગતિનાં કારણોને સંપૂર્ણ નષ્ટ કરવા માટે બહુમુખી પ્રયાસ કરવામાં આવ્યા. આ આંદોલન રોજબરોજ જોર પકડવા માંડ્યું. સૌ કોઈ માનતા હતા કે એક સામૂહિક,



સંગઠિત, સર્વમાન્ય અને નક્કર રાષ્ટ્રીય સંકલ્પનું જાગરણ થાય અને પ્રાંત, ભાષા, જાતિ-પંથ-સંપ્રદાય જેવા અનેક કૃત્રિમ ભેદભાવોની બેડીઓ તોડી શકાય.

એક તરફ આવા રાષ્ટ્રીયત્વથી ઓતપ્રોત મહાન નેતાઓ હતા તો બીજી બાજુ અંગ્રેજી રાજ્ય પ્રત્યે નિષ્ઠાના સોગંદથી બંધાયેલા કહેવાતા મવાળપંથીઓનો ફાળો પણ ઓછો ન હતો. એમની અંગ્રેજ ભક્તિ જગજાહેર હતી. સુરેન્દ્રનાથ બેનરજીની દેશવ્યાપી વ્યાખ્યાન યાત્રાના પ્રભાવ અંગે ૧૮૭૮માં બંગાળ સરકારના મુખ્યસચિવ સર હેનરી કાટને લખ્યું હતુંઃ '૨૫ વર્ષ પહેલાં પંજાબમાં કોઈપણ પ્રકારના બંગાળી પ્રભાવની વાત પર કોઈ ભરોસો મૂકી શકે એમ હતા? તેમ છતાંય એમ બન્યું છે. ગયા વર્ષે ઉત્તર ભારતમાં અંગ્રેજી બોલનાર એક બંગાળી વક્તાનો પ્રવાસ સૌથી વધુ સફળ પૂરવાર થયો છે. અત્યારે સુરેન્દ્રનાથ બેનરજી મુલ્તાનની ઊગતી પેઢીમાં એટલા જ લોકપ્રિય છે જેટલા ઢાકામાં અને, એ યાદ રહે કે તે સમયે તો કોંગ્રેસનો ક્યાંય પત્તો પણ નો'તો.

**સ્વાધીનતા સંગ્રામમાં ભરતી**

દેશ તથા વિદેશમાં મૃત્યુ સાથે બાથ ભીડનારા અસંખ્ય ક્રાંતિકારી વીરોની સાહસપૂર્ણ દેશભક્તિના મહાન બલિદાની કાર્યોએ રાષ્ટ્રના અંતરાત્માને ઢંઢોળી મૂક્યો હતો. સ્વાધીનતા સંદેશનો તપતો લાવા યુવાનોની ધમનીઓમાં ઊકળવા લાગ્યો હતો. દેશવ્યાપી ક્રાંતિકારી સિંહગર્જના સામે વિદેશી શાસક થરથર કાંપવા લાગ્યા હતા. ક્રાંતિકારી આંદોલનના મહાન નેતા રામસિંગકુકા, વાસુદેવ બળવંત ફડકે, ખુદીરામ બોઝ, વીર સાવરકર, ચન્દ્રશેખર આઝાદ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, મદનલાલ ધીંગરા, રાસબિહારી બોઝ અને વી. વી. એસ. અય્યર જેવા અમર ક્રાંતિવીરોના વીરત્વથી માતૃભૂમિનાં ચરણોમાં ત્યાગ અને તપસ્યાનો અર્ઘ્ય ચઢાવવાનો મહિમા યુવાનોના હૃદયપટ પર અંકિત થતો ગયો. આ જ પ્રેરણાથી સિંચાયેલી એક પેઢીએ આગળ જતાં ટિળક અને ગાંધીજી દ્વારા ચાલતા વિરાટ સ્વતંત્રતા સંગ્રામનો મુખ્ય ભાર પોતાના મજબૂત ખભાઓ પર ઉઠાવી લીધો.

લોકમાન્ય ટિળક રાષ્ટ્રની નાડ બરાબર પારખતા હતા. એમણે સ્વાધીનતા સંગ્રામમાં સામાન્ય લોકોના સહયોગનું તત્ત્વ ગણેશ મહોત્સવ વડે ઉમેરી એને એક નિર્ણાયક દિશા આપી. વેલેન્ટાઇન કિરોલ નામના એક અંગ્રેજે ટિળકને 'ભારતીય અસંતોષના જનક' કહ્યા છે, એ સાચા અર્થમાં

એક સાર્થક ઉપમા છે. લાલા લજપતરાય, બાળ ગંગાધર ટિળક અને વિપિનચંદ્ર પાલ અર્થાત લાલ, બાલ, અને પાલની ત્રિપુટીએ રાષ્ટ્ર સમક્ષ સ્વાધીનતાનું સત્ય અને દિવ્ય સ્વરૂપ રજૂ કર્યું. રાષ્ટ્રના આ સ્વરૂપને અરવિંદ ઘોષ અને એની બેસન્ટે ઓર નિખાર્યું. અરવિંદ ઘોષ અને બંકીમચન્દ્ર ચેટરજીએ રાષ્ટ્રીયતાને આધ્યાત્મિક સાધનાના માધ્યમથી દૈવી સ્વરૂપમયી જગન્માતાની ઉપાસનાથી ઉદ્દાત રૂપે મઢી, તો લોકમાન્ય ટિળકે સિંહગર્જના કરી 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું એ મેળવીને જ જંપીશ' અને તેની પ્રાપ્તિ માટે કર્મયોગનો પંથ પ્રશસ્ત કર્યો.

દેશભરમાં આવી રીતે સ્વતંત્રતા માટેની તડપ વધી રહી હતી. મહાત્મા ગાંધી માટે મંચ તૈયાર હતો. એક યોગ્ય નેતૃત્વની જાણે રાષ્ટ્ર રાહ જોઈ રહ્યું હતું. મહાત્મા ગાંધીના હાથમાં નેતૃત્વ આવતાં જ એમણે ચરખા જેવા સાધારણ અસ્ત્ર વડે દેશના કોઈટ કોઈટ લોકોમાં સ્વતંત્રતા માટેની લલક જગાડી. રામનામને સ્વરાજ્ય સાથે જોડ્યું. ખારા સમુદ્રનું મીઠું અને જંગલનું ઘાસ રાષ્ટ્રીય પ્રતિકારના પ્રતીક બન્યાં. માત્ર રાજકારણના માધ્યમથી જ નહીં, બલ્કે અન્ય અનેક માધ્યમોથી અનેક કાર્યક્રમોનું બીજારોપણ કરવામાં આવ્યું. બીજી તરફ દેશના નવયુવાનોએ સશસ્ત્ર ક્રાંતિની રણભેરી વગાડી. હિંસા અને અહિંસાના બે માર્ગે ભારત માતાની મુક્તિનું અભિયાન શરૂ થયું.

**અંગ્રેજો સમજી ગયા કે એમના દહાડા હવે ભરાઈ ચૂક્યા છે. એમણે ભારત છોડવાનો નિર્ણય કર્યો. એમણે ઘોષણા કરી દીધી કે અમુક દિવસે તેઓ ભારતીયોને સત્તા સોંપી દેશે**

ગાંધીજીએ પોતાની સીધી સાદી, સંયમી રહેણીકરણી, સત્ય-અપરિગ્રહના કારણે તેઓ લોકોના હૃદયમાં બહુ જલદી પ્રતિષ્ઠિત થયા. સ્વતંત્રતા આંદોલનને એક ચોક્કસ દોરવણી આપવામાં એમનું સમર્પણ અને સફળતા બેજોડ હતી, છતાં એમણે ક્યાં ભૂલ કરી એ તો આપણે પાછળ જોઈશું, પરંતુ ભારત જેવા અનેક રંગરૂપોવાળા વિશાળ દેશમાં કરોડો લોકોને એમણે સહિષ્ણુતા અને નિર્ભયતા, અનુશાસન અને નિષ્ઠાના પાઠ ભણાવ્યા. અંગ્રેજોની ગોળીઓ અને દંડાઓનો સામનો કરવા માટે 'ભારતમાતા કી જય', 'વંદે માતરમ્', અને 'મહાત્મા ગાંધી કી જય'ના ઉદઘોષો અભેદ્ય કવચ બન્યાં હતા. એમાં સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ સેનાની 'જય હિન્દ'ની સિંહ-ગર્જના પણ આવીને ભળી. એણે અગ્નિનું કામ કર્યું, ક્રાંતિના આંદોલને વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. સુભાષબાબુના આ અંતિમ પ્રહારે ચેતવણી આપી કે સ્વાધીનતાનો સંગ્રામ એની પરાકાષ્ઠાએ પહોંચી ગયો છે.

બીજી તરફ રણક્ષેત્રમાં બીજા વિશ્વયુદ્ધને કારણે અંગ્રેજોની સૈન્યશક્તિ સાવ ક્ષીણ થઈ ચૂકી હતી. ભારતીય ભૂમિ અને જળસેના, પોલીસ તથા વહીવટી સેવામાં પણ સ્વાતંત્ર્યની ભાવના ઝડપથી ફેલાવા માંડી હતી. અંગ્રેજો સમજી ગયા કે એમના દહાડા હવે ભરાઈ ચૂક્યા છે. એમણે ભારત છોડવાનો નિર્ણય કર્યો. એમણે ઘોષણા કરી દીધી કે અમુક દિવસે તેઓ ભારતીયોને સત્તા સોંપી દેશે અને ભારતમાં પોતાની સામ્રાજ્યવાદી સત્તા હંમેશ માટે છોડી ઈંગ્લેન્ડ ભેગા થઈ જશે. સ્વાધીનતાના સ્વાગત માટે ઐતિહાસિક ક્ષણ પસંદ કરવામાં આવી તે હતી ૧૪-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની મધરાતની વેળા...

• • •

૧૪-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની મધરાતની થોડીક મિનિટો પહેલાં સ્વાધીન ભારતના પ્રથમ વડાપ્રધાન બનનાર પંડિત જવાહરલાલ નેહરુએ ભાવવિભોર થઈ પોતાની કાવ્યમય ભાષામાં રાષ્ટ્રને સંબોધન કરતાં કહ્યું હતું કે, વર્ષો પહેલાં આપણે નિયતિને પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો હતો. બરાબર અડધી રાતે જ્યારે સમગ્ર વિશ્વ નિંદ્રાધીન હશે, ત્યારે ભારત જીવન અને મુક્તિના નવોન્મેષની અનુભૂતિ કરશે. એક એવી ઐતિહાસિક પળ ક્યારેક ક્યારેક આવે છે જ્યારે એક યુગ સમાપ્ત થાય છે અને આપણે પુરાણા યુગને છોડીને નવા યુગમાં પ્રવેશીએ છીએ. જ્યારે કોઈ રાષ્ટ્રનો હંમેશા કચડાયેલો આત્મા મુખરિત થઈ ઊઠે છે...' પંડિત નેહરુના પ્રવચનમાં સત્ય કરતાં લાગણીઓ વધુ હતી. થોડી જ પળોમાં અમાસની એ કાળી અડધી રાત વીતી ગઈ અને સ્વતંત્ર ભારતના સૂર્યોદયના સ્વાગતમાં ૩૧ તોપોની સલામી આપવામાં આવી. આઠસો વર્ષ પછી ભારત મુક્તિનો શ્વાસ લઈ રહ્યું હતું. જે ભારત પર ગર્વથી ઉન્નત 'યુનિયન જેક' એક છત્ર ફરકી રહ્યો હતો, એણે આખરે ઘૂંટણ ટેકવવા પડ્યા. એનું સ્થાન લીધું સ્વતંત્ર



ભારતના ત્રિરંગાએ... દેશ આનંદ-ઉત્સવના માહોલમાં મગ્ન હતો, પરંતુ આ ઐતિહાસિક વળાંકના થોડા જ કલાકો પહેલાં, ઈતિહાસ એક ઓર નિર્ણાયક વળાંક લઈ ચૂક્યો હતો. ભારતની ધરતી પર જ એક અન્ય સ્વતંત્ર રાજ્ય-પાકિસ્તાનનો જન્મ થઈ ગયો હતો. વિરાટ ભારતને ચીરીને એના બે ટુકડા કરી દેવામાં આવ્યા હતા!

**કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવે છેઃ**

વર્ષો પહેલાં આપણા નેતાઓએ 'નિયતિને પ્રાપ્ત કરવાનો' જે સંકલ્પ લીધો હતો, એમાં ઈતિહાસનો આ વિકટ-કરુણ - વેદનામય વળાંક પણ સામેલ હતો? શું ખંડિત ભારતના આ રક્તરંજિત ચિત્રને પંડિત નેહરુ કે અન્ય કોઈ સ્વતંત્રતા સેનાનીએ પોતાના મનમાં સેવ્યું હતું?

આ એક કરુણાંતક ઘટના હતી. એક સોનેરી સપનાની કડવી વાસ્તવિકતા. એક દૃઢ પ્રતિજ્ઞા કોરીધાકોર પ્રતિજ્ઞા બનીને રહી ગઈ. આથી આ વેદનાથી ભરપૂર ઘટનાના અંતિમ દૃશ્યને સંપૂર્ણપણે સમજવા માટે એ જાણવું જરૂરી છે કે સ્વયં એના પ્રમુખપાત્રોએ શું શું કહ્યું હતું?

**ભારતની ધરતી પર જ એક અન્ય સ્વતંત્ર રાજ્ય-પાકિસ્તાનનો જન્મ થઈ ગયો હતો. વિરાટ ભારતને ચીરીને એના બે ટુકડા કરી દેવામાં આવ્યા હતા!**

'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ'નું ઐતિહાસિક અધિવેશન લાહોરમાં રાવી નદીના તટે (આ જગાએ હું ૧૯૯૯માં લાહોર ગયો હતો ત્યારે ગયેલો) ૧૯૨૯-૩૦માં જવાહરલાલ નેહરુની અધ્યક્ષતા હેઠળ ભરાયું હતું. ૩૧ ડિસેમ્બરની મધરાતે એમણે આપણા દેશવાસીઓ પાસે પૂર્ણ સ્વરાજ્ય પ્રતિજ્ઞા લેવડાવી હતી. રાવી નદીમાં વહેતું પવિત્ર જળ રાષ્ટ્રીય ધ્યેયની આ પ્રતિજ્ઞાનું સાક્ષી હતું, પરંતુ કેટલા દુઃખની વાત છે કે એ રાવી નદીનું સ્વતંત્ર ભારતમાં કોઈસ્થાન જ નહોતું કે જેના મુખ્ય કર્ણધાર પંડિત નેહરુ બનવાના હતા! જે લાહોર ધરતી પર આ રાષ્ટ્રીય પ્રતિજ્ઞાના શબ્દો ગુંજ્યા હતા એ ધરતી પોતાનાં સંતાનો માટે પારકી બની ગઈ. જે લાહોરની ગલીઓમાં ગુરુ અર્જુનદેવ, મહારાજા રણજિતસિંહજી અને ભગતસિંહ જેવા અગણિત ભારતપુત્રોનાં પગલાં પડ્યાં હતાં એ શહેર પરાયું બની ગયું.

સ્વતંત્રતા અધૂરી હતી. સ્વતંત્ર ભારતનું સ્વરૂપ વિકૃત થઈ ગયું હતું. શુભ પળે જ અપશુકન થયાં!!

પહેલાં મુસ્લિમ લીગે પાકિસ્તાનનો નારો લગાવ્યો હતો ત્યારે નેહરુએ એને 'વ્યર્થ બકવાસ' કહીને ઉડાવી દીધો હતો, પરંતુ એજ 'બકવાસ' હવે એક નક્કર વાસ્તવિકતા બન્યો હતો.

અને, મહાત્મા ગાંધીએ પોતાના મનમાં કયું સ્વપ્ન સેવ્યું હતું? શું એમાં માતૃભૂમિના આ વેરવિખેર અને વિકૃત રૂપને કોઈ સ્થાન હતું?

૧૯૪૦માં મુસ્લિમ લીગે પાકિસ્તાન અંગેનો ઠરાવ પસાર કર્યો હતો, ત્યારે આ માંગણી અંગે ગાંધીજીએ પોતાની પ્રતિક્રિયા 'હરિજન'ના અનેક અંકોમાં પોતાના લેખ દ્વારા આવી રીતે વ્યક્ત કરી હતીઃ

'...બે રાષ્ટ્રો'નો સિદ્ધાંત કઢંગો છે ઈશ્વરે જેને એક બનાવ્યો છે, શું માનવ એના ક્યારેય ભાગ પાડી શકશે? ('હરિજન', ૬-૪-૧૯૪૦)

'...ભાગલાનો અર્થ છે સત્યથી મોં ફેરવી લેવું. મારો સંપૂર્ણ આત્મા આ વિચાર સામે બંડ પોકારી રહ્યો છે. મારા મત પ્રમાણે આવા સિદ્ધાંતને સ્વીકારવો એટલે ઈશ્વરને નકારવા જેવું છે. હું પ્રત્યેક અહિંસાત્મક ઉપાયથી એને અટકાવીશ, કારણ કે એનો અર્થ છે એક રાષ્ટ્રના રૂપમાં સાથોસાથ રહેવા માટે અગણિત હિન્દુઓ અને મુસલમાનોએ સદીઓ સુધી જે પરિશ્રમ કર્યો છે, એના પર પાણી ફેરવી દેવું. ('હરિજન', ૧૩-૪-૧૯૪૦)

...ભારતના બે ભાગમાં ભાગલા તો અરાજકતાથી પણ ભયંકર છે. આ અંગ-ભંગને સહન કરી શકાય નહીં. ભારતના ટુકડા કરતાં પહેલાં મારા ટુકડા કરી દો. આપ એ બધું નહીં કરો જે ભારતમાં બે સદીઓથી પણ વધુ સમયના પોતાના અતિ મુશ્કેલ શાસનકાળમાં મોગલોએ પણ કર્યું નહોતું.' ('હરિજન', ૨૨-૯-૧૯૪૦)

'...મને તો આમાં વધુ ઝઘડાની શક્યતા દેખાઈ રહી છે.'

ગાંધીજીના આ દઝાડતા શબ્દોથી વધુ સબળ કોઈ અન્ય દૃઢવાક્યો હોઈ શકે છે? વાસ્તવમાં ગાંધીજી એ દુર્ભાગ્યપૂર્ણ દિવસ સુધી ભારતના ભાગલાનો તીવ્ર વિરોધ કરતા રહ્યા. છતાંય એમની આંખો સામે ભારતના ભાગલાની આ મહા વિનાશક ઘટના બનીને જ રહી.

કોંગ્રેસના જ એક અન્ય મહારથી ડૉ. રાજેન્દ્રપ્રસાદે ૧૯૪૫માં પોતાના જેલવાસમાં 'ઇન્ડિયા ડિવાઇડેડ' નામના એક વિદ્વત્તાપૂર્ણ પુસ્તકની રચના કરી હતી. એમાં એમણે અત્યંત તટસ્થ અને તાર્કિક રીતે પાકિસ્તાનની માંગણીનું વિશ્લેષણ કરીને એ સિદ્ધ કર્યું હતું કે કેવી રીતે તે દરેક પ્રકારે એક બિલકુલ અવ્યવહારુ માંગણી હતી, પછી ભલે તે ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક, આર્થિક કે સંરક્ષણની દૃષ્ટિએ હોય, પરંતુ એમની કલમની શાહી હજી સુકાઈ પણ નહોતી ત્યાં તો એ 'અવ્યવહારુ' અને અશક્ય પ્રસ્તાવે

સાકાર રૂપ ધારણ કરી લીધું અને તે જીવનની એક નક્કર હકીકત બની ગયો. આ પુસ્તકના લેખક જેણે પાકિસ્તાનના ઠરાવને તદ્દન અવ્યવહારુ ગણાવ્યો હતો એમણે પોતે જ ખંડિત ભારતના લોકશાહી રાજ્યના પ્રથમ રાષ્ટ્રપ્રમુખના હોદ્દાને શોભાવ્યો.

ભારતના ભાગલા અને પાકિસ્તાન અંગે 'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ'ના ઠરાવો પર પણ ધ્યાન આપવું વધુ જ્ઞાનવર્ધક બની રહેશે. મુસ્લિમ લીગે પાકિસ્તાન અંગેનો ઠરાવ પસાર કર્યો એ પછી તો કોંગ્રેસ પાસે એ બાબતમાં બીજો કોઈ વિકલ્પ જ ન રહ્યો કે તેઓ એ માંગણીને ધ્યાનમાં રાખી પોતાની નીતિ સ્પષ્ટ કરે. પંડિત મદનમોહન માલવિયા વિચારમાં પડી ગયા. એમને લાગ્યું કે લીગના પ્રસ્તાવને કારણે લોકોના મનમાં જે આશંકાઓ અને ભ્રમો પેદા થયાં છે એનું તરત નિરાકરણ થવું જોઈએ. એમણે ગાંધીજીની મુલાકાત લઈને પોતાના મનની પીડા રજૂ કરી. ગાંધીજીએ એમને હૈયાધારણ આપી કે તેઓ કોઈ પણ સ્થિતિમાં ભાગલા થવા નહીં દે... પરંતુ પંડિત માલવિયા ઇચ્છતા હતા કે એક સત્તાવાર ઠરાવ દ્વારા કોંગ્રેસે જાહેરમાં પોતાની આ નીતિની ઘોષણા કરવી જોઇએ. આ પૃષ્ઠભૂમિને કારણે જ ૧૯૪૨માં અલ્હાબાદ કોંગ્રેસ અધિવેશનમાં પંડિત જગતનારાયણ દ્વારા રજૂ થયેલો 'અખંડ હિન્દુસ્તાન'નો ઠરાવ સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવમાં કોંગ્રેસે સ્પષ્ટ શબ્દોમાં દેશની અખંડતા અંગે પોતાની આસ્થાને વ્યક્ત કરી હતી અને દરેક પ્રકારના વિભાજનનો વિરોધ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો.

**જાન્યુઆરી ૧૯૪૬માં નિર્ણાયક એવી મહા ચૂંટણીઓ થઈ. બધાને ખબર હતી કે એનાં પરિણામ દેશના ભાવિ રાજકીય જોડાણ માટે ખૂબ મહત્ત્વના પૂરવાર થવાનાં છે**

દેશભરમાં એક તરફ મુસ્લિમ લીગે પાકિસ્તાન માટે લોહિયાળ જંગ ખેલવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી, બીજી તરફ કોંગ્રેસે દેશની પ્રજાને ભરોસો આપ્યો હતો કે કોઈપણ સ્થિતિમાં દેશના ભાગલા નહીં થવા દઈએ. આવા માહોલમાં જાન્યુઆરી ૧૯૪૬માં નિર્ણાયક એવી મહાચૂંટણીઓ થઈ. બધાને ખબર હતી કે એનાં પરિણામ દેશના ભાવિ રાજકીય જોડાણ માટે ખૂબ મહત્ત્વના પૂરવાર થવાનાં છે. ત્યાં સુધીમાં એક વાત એ પણ લોકોને સારી રીતે સમજાઈ ગઈ હતી કે અંગ્રેજોએ ભારત છોડવા નિર્ણય કરી લીધો છે. આથી દરેક વિચારશીલ ભારતીયના મનમાં એક પ્રશ્ન ઘુમરાઇ રહ્યો હતો કે 'અંગ્રેજોના ગયા પછી શું દેશ અખંડ રહી શકશે કે એના ભાગલા પડશે?

બે મુખ્ય પક્ષો કોંગ્રેસ અને મુસ્લિમ લીગ મેદાનમાં હતા. લીગે મુસ્લિમ મતદારો સમક્ષ અલગ પાકિસ્તાનનો નારો લગાવ્યો. બીજી બાજુ કોંગ્રેસે દેશની અખંડતાના રક્ષણ માટે રાષ્ટ્રનો આદેશ માંગ્યો. લીગના ઉમેદવારોનો મુસ્લિમ બહુમતી હતી ત્યાં ભારે બહુમતીથી વિજયી થયો. બીજી બાજુ હિન્દુ મતદારોએ માત્ર કોંગ્રેસને મત આપ્યા. હિન્દુઓએ કોંગ્રેસની એ પ્રતિજ્ઞા પર વિશ્વાસ રાખ્યો જેમાં તેણે દેશની અખંડિતતા જાળવી રાખવાનું પ્રજાને વચન આપ્યું હતું. કોંગ્રેસના વિજયથી પ્રજાને ભારે રાહત થઈ.

પરંતુ નવા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટને ૩ જૂન, ૧૯૪૭ ના દિવસે સત્તા બદલાની યોજના જાહેર કરી ત્યારે લોકોના માથે જાણે વીજળી પડી. દેશભરમાં સન્નાટો વ્યાપી ગયો, કારણ કે કોન્ગ્રેસ દ્વારા મંજૂર રખાયેલી આ યોજનામાં ભારતના ભાગલાની અને નવા પાકિસ્તાનની રચનાની વ્યવસ્થા હતી.

લોકો હજીય એ માનવા તૈયાર જ નો'તા કે કોંગ્રેસ મુસ્લિમ લીગ અને અંગ્રેજોની સામે ઝૂકી જશે. પરંતુ ૧૫ જૂને પ્રજાની રહી સહી આશા પણ સમાપ્ત થઈ ગઈ. એ દિવસે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ વિભાજન-યોજના પર મંજૂરીની મહોર મારી દીધી. કોંગ્રેસના તમામ દિગ્ગજ નેતા પોતાની પવિત્ર પ્રતિજ્ઞાથી વિમુખ થઈ ગયા હતા. લોકોને અપાયેલાં આશ્વાસનો પણ ઠાલાં આશ્વાસન રહી ગયાં. પ્રજા સાથે કોન્ગ્રેસે છળ કર્યું. ૧૪ અને ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ની મધરાતે શું થયું? જે કંઈ થયું, તે રાષ્ટ્ર સાથે નર્યો વિશ્વાસઘાત હતો. જે સ્વાધીનતા-સંગ્રામમાં અખંડ ભારતના સ્વપ્ન લઈને કૂદી પડ્યા હતા તેવા અગણિત સેનાનીઓ અને હુતાત્માઓનાં સ્વપ્નો સાથે વિશ્વાસઘાત હતો. ગાંધીજીએ સ્વયં આ વાતનો સ્વીકાર કર્યો. એમનું હૃદય આ મર્મભેદી ઘાથી લોહીલૂહાણ થઈ ગયું. પાકિસ્તાનમાં ભારતના રાજદૂત તરીકે કરાંચી જતા પહેલા શ્રી શ્રીપ્રકાશ ગાંધીજીને મળ્યાં હતાં. એ સમયે ગાંધીજીની વાણી રૂંધાઇ ગઈ હતી અને એમની આંખમાંથી આંસુ વહેવા માંડ્યા હતાં. એમણે કહ્યું હતું, 'મારા જીવનનું સપનું તૂટી ગયું છે. મારા તો જીવનનું ધ્યેય જ ધૂળ ભેગું થઈ ગયું.'

બધા રાજકીય નેતાઓ દ્વારા વિભાજન-યોજના સ્વીકારી લેવાની ઘોષણા કરવામાં આવી ત્યારે તેમણે વ્યથિત થઈને કહ્યું હતું, 'પચાસ વર્ષની તપસ્યા પર પાણી ફેરવી દેવાયું છે. મને તો માત્ર એક જ વસ્તુ દેખાઈ રહી છે, અને તે છે લપકતી જ્વાળાઓ અને લોહીની નદીઓ જેનો અર્થ છે - સર્વનાશ!'

વિભાજનથી માત્ર ગાંધીજી અને અસંખ્ય અન્ય

સેનાનીઓ તથા હુતાત્માઓનું સ્વપ્ન જ ધૂળ ભેગું ન હતું થયું, પરંતુ એથીય કંઈક ઉચ્ચ ભાવનાને વિભાજને સમાપ્ત કરી લીધી હતી. આ ધરતીના કણ કણ માટે પવિત્ર ભાવ હતો. અંતરાત્માની ગહન કંદરાઓમાં ભક્તિભાવ ગૂંજતો હતો, રાષ્ટ્રના રૂંવે રૂંવે પવિત્રતાનો વણાયેલો હતો. કોણ જાણે કેટલાય ઋષિ મુનિઓએ, કવિઓએ, મનીષીઓએ, દૃષ્ટાઓએ વૈદિક કાળથી લઈને આજ સુધી રાષ્ટ્રના માનસ-પટ પર દિવ્ય ભારતમાતાના આ અખંડ, એક-એકાત્મ-એકરુપ અને અવિભાજ્ય રૂપની દિવ્ય પ્રતિષ્ઠા કરી હતી. એમની દૃષ્ટિમાં ભારત માત્ર માટીનો કોઈ પિંડ ન હતો, તે દિવ્ય માતૃભૂમિ હતી, પુણ્યભૂમિ હતી, ધર્મભૂમિ હતી, દેવભૂમિ હતી, કર્મભૂમિ હતી, અને એ સૌના ઉદ્દાત રૂપનું પ્રતીક હતી એક વિરાટ ભારતમાતા. બંકિમચંદ્રની દૃષ્ટિમાં એમનું ત્રિવિધ સ્વરૂપ હતું. સરસ્વતી, લક્ષ્મી અને દુર્ગાનું-રવીન્દ્રનાથ ટાગોરની કલ્પનામાં તે દેવી ભુવન મનમોહિની હતી. સ્વામી વિવેકાનંદની દૃષ્ટિમાં તે ૩૩ કરોડ દેવી-દેવતાઓની મા હતી. ગુરુજી ગોળવલકરેની દૃષ્ટિમાં તે મમતામયી માતા, રક્ષક પિતા અને આધ્યાત્મિક ગુરુની ત્રિવેણી હતી. ભારતની અખંડતા એની પ્રકૃતિને-એના સ્વભાવને એટલી અનુકૂળ છે, એનાં મૂળિયાં એટલાં ઊંડાં છે કે વાસ્તવમાં એને એના રાષ્ટ્રીય આત્માથી અલગ કરી શકાય નહીં. રાજકીય સ્વાર્થ-સિદ્ધિ માટે એને દાવ પર ન લગાવી શકાય.

શતાબ્દીઓથી ચાલી આવતી આ રાષ્ટ્રીય ભાવનાની, માતૃત્વના આ પ્રાણોથી પણ અદકેરા સ્વરૂપના ૧૪-૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ની રાતે ધજાગરા ઉડાડી દેવામાં આવ્યા. એની નિર્મમતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી.

જે. રૈમ્સે મેક્ડોનાલ્ડ નામના એક અંગ્રેજે, જે ક્યારેક બ્રિટનના વડાપ્રધાન હતા, લખ્યું છે, ભલે જે પણ હોય, હિન્દુ પોતાની પરંપરા અને પોતાના ધર્મ પ્રમાણે ભારતને ન કેવળ એક સાર્વભૌમશાસક હેઠળ એક રાજકીય એકમ માને છે, બલકે પોતાની આધ્યાત્મિક સંસ્કૃતિનું સાકાર મંદિર અને તેથીય આગળ વધીને દેવીમાનું રૂપ માને છે. ભારત અને હિન્દુત્વ એકબીજા સાથે એવા જોડાયેલા છે. જાણે શરીર સાથે આત્મા. રાષ્ટ્રીયતાની વ્યાખ્યા કરવી, એની પરખ કરવી અને એને સાબિત કરવી એ એક અઘરું કામ છે... પરંતુ જ્યાં સુધી ભારત અને આર્યપુત્રનો સંબંધ છે, ચોક્કસપણે એણે એનું રૂપ નિશ્ચિત કરી દીધું છે. એણે ભારતને પોતાની સંસ્કૃતિનું પ્રતીક માન્યો છે. એણે એને પોતાના આત્મામાં પ્રતિષ્ઠિત કર્યો છે.'

આ મનમંદિરને, આ દિવ્ય માતાને, આ રાષ્ટ્રીય આત્માને ૧૪-૧૫ ઑગસ્ટની અમાસની રાતે કલંકિત કરવામાં આવ્યો. ભારતપુત્રોના સપનાને રગદોળી નાખવામાં આવ્યા.

ભારતવર્ષના લાખો-કરોડો લાડકવાયા લાલ રાતોરાત એક ધર્માંધ, હિન્દુ વિરોધી રાજ્યના આધિપત્ય હેઠળ મુકાઈ ગયા હતા. સિન્ધુ નદી પોતાનાં કરોડો સંતાનો માટે પરાઈ થઈ ગઈ હતી. અને જે ધરતી પર વેદોની ઋચાઓનું સર્જન થયું હતું એ ધરતી એના કટ્ટર વિરોધીઓને સોંપી દેવામાં આવી હતી. વિભાજન-રેખાથી બંને તરફના કરોડો ભાઈ-બહેનો એકબીજા માટે પરાયાં બની ગયાં હતાં. એ પછી જે ભીષણ નરસંહાર થયો, એમાં લાખો નિર્દોષ લોકો માર્યા ગયા. એમનાં શરીરો રસ્તાઓ પર રઝળતાં રહ્યાં. ઘોર અમાનવીય અત્યાચારોનો નગ્ન નાચ થયો. જ્યાં રોજ આરતી થતી એ લાહોર-ઢાંકા જેવા અનેક શહેરો-ગામડાઓમાં મંદિર, તીર્થસ્થાન અને બધાં પવિત્ર સ્થળ ધ્વસ્ત કરી દેવામાં આવ્યાં. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭નો જ એ દિવસ હતો જેણે આ બર્બર આફત નોતરી હતી. શું એનો અન્ય કોઈ વિકલ્પ હતો? શું ઇતિહાસમાં એના જેવું કોઈ ઉદાહરણ છે?

સ્વયં પંડિત નેહરુએ, જેઓ આ ધધકતા સર્વનાશના સાક્ષી હતા, પછી કહ્યું હતું, 'જો મને પહેલેથી આ ભયાનક પરિણામોની ખબર પડી હોત તો હું કદી પણ ભાગલા માટે તૈયાર થયો ન હોત.'

વર્ષો પહેલાં દેશે 'નિયતિ સાથે મિલન-પ્રતિજ્ઞા' કરી હતી. શું એ નિયતિ સાથે આથી વધુ દુઃખદાયી અન્ય કોઈ મજાક થઈ શકી હોત ખરી?

આપણા રાષ્ટ્રે ક્યારેય એવું વિચાર્યું હતું કે એને આ પ્રકારની ગતિ મળશે?

સ્પષ્ટ જ છે કે આટલી મોટી રાષ્ટ્રીય આપત્તિ એકાએક તો આકાશમાંથી ટપકી ન પડે. ઇતિહાસના આવા વિનાશકારી વળાંક કાળના ગર્ભમાં ત્યારે જ આકાર ધરી શકે છે, જ્યારે સતત એને અનુકૂળ ખાતર અને પાણી મળતાં રહે, તો આ વિષમય બીજ આવ્યાં ક્યાંથી? એ કયા કયા ખલનાયકો હતા જેમણે એ વિષબીજનું વાવેતર કર્યું? એમણે શું શું ભૂમિકાઓ ભજવી?

આવા અનેક પ્રશ્નો છે જે ૧૪-૧૫ ઑગસ્ટની ભાગલાની કાળરાત્રિના ગર્ભમાંથી પેદા થયા છે.

*આઈ-૭, મધુરમ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપ પાછળ,*
*જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો.-૯૮૨૫૦૪૪૭૩૪*

# સવાઈ ગુજરાતી માનવરત્નો સાથે વિહાર

*- ભદ્રાયુ વછરાજાની*

**આ**પણે ગુજરાત અને ગુજરાતીઓને તો સારી રીતે ઓળખતા હોવાનો દાવો કરીએ છીએ.અલબત્ત, એ દાવો કેટલો સાચો છે તેની બહુ પરીક્ષા કરવા જેવું નથી. ગુજરાત એ વિશ્વસ્તરની માનવીય અસ્મિતાઓનો ખજાનો છે. આપણે ગુજરાતીઓને નાનીમોટી કલા કે કૌશલ્યોના કારણે વખાણતા રહ્યા છીએ, તેમના વિશે લેખ કે પુસ્તકો કરતા રહ્યા છીએ, પરંતુ જે જન્મે ગુજરાતી નથી અથવા તો જે વિશ્વમાનવ બનીને જીવ્યા છે તેવા સવાઈ ગુજરાતીઓને પ્રમાણમાં ખૂબ ઓછા પિછાનીએ છીએ. આવા સવાઈ ગુજરાતીઓનાં જીવન - કવન - ચિંતન અને મનનને વિહંગાવલોકન કરીને માણવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે. આપણી સમક્ષ એવી વ્યક્તિઓના વિચારો કે જીવનદૃષ્ટાંતો રજૂ કરવા છે કે જેઓ ગુજરાતી ભાષામાં કે ગુજરાતના સમાજ જીવનમાં સવાઈ ગુજરાતી થઈને છવાઈ ગયાં છે. એવાં માનવરત્નોની વાતો જાણીએ તો આપણને એમ થાય કે , “અરે, આ ગુજરાતી નથી ?”

**કદાચ મહાત્મા ગાંધી નામના વ્યક્તિવિશેષની ગેરહાજરી હોત તો આપણે જેમને મહાત્મા તરીકે ઓળખ્યા હોત તેવા સાધુચરિત્ર વ્યક્તિવિશેષ શ્રી વિનોબા ભાવે. વિનોબાજીની ઓળખાણ આપવા માટે કેટલાક પ્રસંગો જાણવા પડે**

આપણે અભ્યાસલેખમાં શ્રી વિનોબા ભાવે, શ્રી કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ, સાને ગુરુજી, ગુરુદયાલ મલિકજી, અમૃતલાલ વેગડ, ફાધર વાલેસ, અરુણાબેન જાડેજા, મુકુલ કલાર્થી અને શ્રીકાંત આપટેજી સાથે સ્વૈરવિહાર કરવાના છીએ. અને હા, અહીં કોઈ આભૂષણવાળી ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવામાં આવવાનો નથી. પરંતુ આ વ્યક્તિવિશેષોના નજદીકી સહવાસને આપણે અનુભવી શકીએ તેવી પ્રસ્તુતિ અહીં થયેલ છે.

તો આવો આપણે સવાઈ ગુજરાતી માનવરત્નો સાથે સ્વૈરવિહાર શરૂ કરીએ.

૧) કદાચ મહાત્મા ગાંધી નામના વ્યક્તિવિશેષની ગેરહાજરી હોત તો આપણે જેમને મહાત્મા તરીકે ઓળખ્યા હોત તેવા સાધુચરિત્ર વ્યક્તિવિશેષ **શ્રી વિનોબા ભાવે**. વિનોબાજીની ઓળખાણ આપવા માટે કેટલાક પ્રસંગો જાણવા પડે.

વિનોબાજીના દાદા શંભુરાવ ધર્મપરાયણ, વિશાળ દિલના.. પોતાના મંદિરમાં હરિજનોને દર્શને આવવાની છૂટ. પુરબહાર આભડછેટના માહોલમાં દલિતોને મંદિરના વાર્ષિક ઉત્સવમાં ભોજન માટે નોતરે ને એમને જાતે પીરસે. એકવાર એક મુસલમાન ગવૈયો ગામમાં આવ્યો. તેમનાં ભજનકીર્તન શંભુરાવને ગમી ગયાં, તો એને મંદિરમાં રાખી લીધા!! ગામમાં વાત ફેલાણી ને ખળભળાટ મચી ગયો : “તમે તો રોજનું કરી દીધું, ભગવાનના આ મંદિરમાં..” ઉદાર દિલના શંભુરાવે કહી દીધું : “ભગવાનની નજરમાં કોઈ નથી હિન્દુ કે કોઈ નથી મુસલમાન.. બધાંય ભગવાનનાં બાળકો છે.” શંભુરાવનો પ્રભાવ એવો કે સૌએ વિરોધને મ્યાન કરી દેવો પડ્યો !

વિનોબાને મીઠડી ને ગોરા ગોરા વાનધારી, ભક્તિ નીતરતી આંખોવાળી માતા રૂક્ષ્મણી બાઈ “વિન્યા” કહીને બોલાવતી. આ રખુમાઈએ વિનોબાજીનો પિંડ ઘડયો. વિનાયક ઉર્ફે વિનોબા ઉર્ફે અને વિન્યા ને નાના ત્રણ ભાઈ અને એક બહેન, બાલકૃષ્ણ, શિવાજી, દત્તુ અને શાંતા.. ગામનાં બાળકો સાથે આસપાસના ડુંગરાઓમાં રખડયા કરવાનું અને કુદરતના ખોળે મહાલ્યા કરવાનું, એમના ઘરમાં ફણસનું મસમોટું ઝાડ અને તેમાં ઘણી બધી પેશીઓ હોય. બાળકોને બહુ ભાવે. ઝાડ ઉપર પાકતું હોય ને ત્યાં બાળકોનાં મોમાં પાણી લાવે. ફળ ક્યારે ઊતરે એની રાહ જોઈને બાળકો દિવસો ગણતા. ઝાડ ઉપરથી જેવું ફળ ઉતરે કે તરત બાળકો માને વીંટળાઈ વળે પણ રખુમાઈ કહે : જરા થોભો. આ ફણસ તો આ ઋતુનું પહેલું ફળ, એને આપણે એકલા એકલા ન ખવાય, એને તો બધામાં વહેંચીને પછી વધે તે આપણે ખવાય. પોતાનાં



બાળકોના મોંમાં પેશી જાય તે પહેલા અડોશ-પડોશમાં બે પેશીઓ વહેંચવા બાળકોને મોકલી આપે. માઈ સીધીસાદી ભાષામાં સમજાવતી કે : જુઓ બીજાને ખવડાવવામાં કેવો આનંદ આવે છે એ અનુભવવા જેવું છે. દે તે દેવ અને રાખે કે રાક્ષસ. બેટા, તમને રાક્ષસ થવું તો નહીં ગમે ને ? વિનોબાજી કહેતા : બીજાને આપવાનો આનંદ ને ખવડાવીને ખાવાના સંસ્કાર મને મા પાસેથી મળ્યો. ભૂદાનનું મૂળ આમાં છે.

રોજ જમતાં પહેલાં રખુમાઈ પૂછતી : વિન્યા તુલસીને પાણી પાયું ? ગાયને રોટલી આપી? રખુમાઈએ આચરીને વિનોબાજીને આચાર્ય બનાવ્યા. ૧૦ વર્ષની ઉંમર સુધી ગાગોદામાં કુટુંબ રહે અને નરહર ભાવે વડોદરામાં નોકરી કરે. દિવાળીમાં પિતાજી ઘરે આવે ત્યારે બાળકો મીઠાઈની રાહ જોતા. એકવાર પિતાએ આણેલું પેકેટ લઈને વિન્યો દોડતો દોડતો રખુમાઈ પાસે આવ્યો. માઈએ ખોલીને જોયું તો બે પુસ્તક, રામાયણ અને ભાગવત ! માઈ કહે : બેટા, તારા બાપુ તો મજાની મીઠાઈ લાવ્યા છે. આનાથી રૂડી બીજી કઈ મીઠાઈ હોઈ શકે છે ! ત્યારથી વિનોબાજીને સદ્‌વાંચનનો ચસકો લાગ્યો તે જીવનના અંત સુધી રહ્યો. માઈ રોજ રાતે દહીં જમાવે ત્યારે પરમેશ્વરનું નામ લે. એક દિવસ વિન્યાએ પૂછ્યું: મા, દહીં જમાવવામાં વચ્ચે ભગવાનને ઘુસાડવાની જરૂર છે? માઈ બોલી : વિન્યા આપણે આપણા તરફથી પૂરેપૂરી તૈયારી ભલે કરી હોય પણ તેમ છતાંય દહીં તો ત્યારે જ જામશે જ્યારે ભગવાનની કૃપા હશે, એટલે હું ભગવાનનું નામ લઈને દહીં જમાવું છું. વિન્યા મનુષ્યયત્ન અને ઈશ્વરકૃપા! પોતાનાં ગીતા પ્રવચનોમાં બધું જ ઈશ્વર અર્પણ કરવાનો ગીતાબોધ વિનોબાજીએ સહજતાથી સ્પષ્ટ કર્યો છે તેનું કારણ હવે સમજાશે.



**ગુરુજી એમનું આદરનું નામ, પરંતુ એમનું આખું નામ પાંડુરંગ સદાશિવ સાને. મહારાષ્ટ્રના કોંકણ વિસ્તારના એક ગામડામાં સાધારણ સ્થિતિના કુટુંબમાં એમનો જન્મ ૧૮૯૯, ૨૪મી ડિસેમ્બરે થયો. ધર્મપરાયણ તથા કોમળ સ્વભાવની મા પાસે પાંડુરંગનું નાનપણથી જ ભક્તિભાવવાળું ઘડતર થયું**

૨) **કાકા કાલેલકર** તો એવું નામ છે કે તેઓને અ-ગુજરાતી કલ્પવા જ અઘરા છે. બહુ જ મીઠું ગુજરાતી બોલનાર અને લખનાર હિમાલયના પ્રવાસી અને એ પ્રવાસ વર્ણનોના રોમાંચક સર્જક કાકાસાહેબ કાલેલકરને ટૂંકમાં ઓળખીએ.

દસેક વખત જેલવાસ ભોગવનાર કાકાસાહેબે જેલમાં પણ પ્રકૃતિને પ્રેમ કર્યો અને જે વીત્યું તેને હોંશથી વ્હાલું કર્યું. તેઓએ લખેલાં નાનાં નાનાં ગદ્ય આપણને ''સવાઈ ગુજરાતી''ની સતત ઓળખ કરાવે છે :


***''રામ ભજ તું પ્રાણિયા, તારા દેહનું સારથ થશે,***
***તારી કંચનની કાયા થશે, રામ ભજ તું પ્રાણિયા....''***

જેલમાં ખિસકોલી અને કીડીને નિહાળવાનું અને તેઓની સાથે દોસ્તી બાંધવાનું રોજિંદુ કામ કાકા છાનુંમાનું કરતા રહેતા. તે અંગેની એક સ્પર્શી જાય તેવી વાત : ''એક દિવસ સુપરિન્ટેન્ડેન્ટ આવી અમને કહે, મેં સાંભળ્યું છે કે તમે ખિસકોલીઓને ખવડાવો છો ? મેં હા પાડી. તેણે કહ્યું, હા, આને લીધે જ ખિસકોલીઓ બહુ આવે છે ને તડકે નાખેલા કામળા કાતરી ખાય છે. રિટરેચમેન્ટના આ દિવસોમાં આટલું નુકસાન કેમ ખમાય ? તમારે આજથી ખિસકોલીઓને ખવડાવવાનું બંધ કરવું જોઈએ, નહીં તો મારે પાંજરાં લાવીને ખિસકોલીઓ પકડવી પડશે ને મારવી પડશે. હિંદુને જેર કરવાનો અકસીર ઈલાજ ભાઈસાહેબના હાથમાં આવી ગયો છે એમ હું સમજી ગયો. સાચે જ બીજે દિવસથી મેં ખિસકોલીઓને ખવડાવવાનું બંધ કર્યું ! બિચારીઓ આવી આવીને મારી તરફ જુએ.

આજે હું તેમને કેમ નથી ખવડાવતો તેનું કારણ તેઓ ક્યાંથી સમજે અને હું સમજાવી પણ કઈ રીતે શકું ? મારી આંખ ભરાઈ આવી. યુરોપમાં મહાયુદ્ધ થયું, ઈંગ્લેન્ડનું લોહી સુકાયું, માટે હિંદુસ્તાનને અઢળક ખર્ચમાં ઊતરવું પડયું, તેથી બધાં સરકારી ખાતાના ખર્ચ કમી કરવાનું નક્કી થયું અને તેથી એક ગરીબડી ખિસકોલીને રોજ મળતો રોટલીનો કટકો બંધ થયો ! શી કારણ પરંપરા !''

૩) **સાને ગુરુજી** આપણને મળ્યા એટલે વિનોબાજીનાં ગીતાપ્રવચનો આપણા સુધી પહોંચ્યા. આ સાને ગુરુજી એટલે પાંડુરંગ સદાશિવ સાને.

ગુરુજી એમનું આદરનું નામ, પરંતુ એમનું આખું નામ પાંડુરંગ સદાશિવ સાને.મહારાષ્ટ્રના કોંકણ વિસ્તારના



એક ગામડામાં સાધારણ સ્થિતિના કુટુંબમાં એમનો જન્મ ૧૮૯૯, ૨૪મી ડિસેમ્બરે થયો. ધર્મપરાયણ તથા કોમળ સ્વભાવની મા પાસે પાંડુરંગનું નાનપણથી જ ભક્તિભાવવાળું ઘડતર થયું. મા નાનપણમાં કાનમાં અને કાંડામાં ઘરેણાં પહેરાવતી ! એકવાર નિશાળમાં મોટા શિક્ષક પરીક્ષા લેવા આવ્યા. પાંડુરંગનાં ઘરેણાં જોઈ પૂછ્યું: ''દાગીના કોણ પહેરે ?''... ''બહેનો''... ''લોકો તને દાગીનાથી ઓળખે તે ગમે કે સદ્‌વર્તનથી?'' પાંડુરંગે જવાબ આપ્યો કે, ''સદ્‌વર્તનથી!'' બસ તે દિવસથી દાગીનાં છૂટી ગયાં અને સદ્‌ગુણો મેળવવાનું કામ શરૂ થયું !! રામકૃષ્ણ પરમહંસ, રવીન્દ્રનાથ અને ગાંધીજી આ ત્રિમૂર્તિ ગુરુજીના આરાધ્ય દેવતા હતા. આ ત્રણેયના ગુણો તેનામાં ઊતર્યા હતા. ઊઠતાં-બેસતાં, ખાતાં-પીતાં, આપતાં-લેતાં, બોલતાં-સાંભળતાં અને કામ કરતાં ચોવીસે કલાક પરાર્થે જ જીવતા.

**મલિકજી એક સૂફી સંત પાસેથી ગૂઢ શક્તિઓ મેળવવાનો એક મંત્ર માગે છે પણ એ સાધના પોતે પૂરી કરી શક્યા નહીં, છતાં થોડાક ચમત્કારો થવા લાગ્યા અને એમાંથી અહંકાર જાગ્યો, એટલે અકળાઈને એમણે એ શક્તિઓ મંત્રના સ્વામી ભગવાનને પાછી સોંપી દીધી !!**


વિનોબાજીએ એવું લખ્યું છે કેઃ ''ધુલિયાની જેલમાં અમે બંન્ને છ મહિના એક સાથે હતા. ત્યાં મને તો જાણે સંત-સમાગમ જ મળ્યો! સાને ગુરુજી, જમનાલાલ બજાજ અને આપ્ટે ગુરુજી જેવા લોકો ત્યાં હતા. આ બધાએ વિચાર્યું કે હું રોજ ગીતા પર કંઈક બોલું. હું દર રવિવારે ગીતા પર પ્રવચન કરવા લાગ્યો અને સાને ગુરુજીએ એ બધાં જ પ્રવચનો શબ્દશઃ લખી લીધાં !! એ ભગવાનની કૃપા જ હતી કે તેમના જેવી સિદ્ધહસ્ત વ્યક્તિ પ્રવચન લખવા માટે મળી. એમના અને મારા હૃદયમાં થોડું પણ અંતર હતું નહીં ,એટલે તેઓ હું બોલ્યો તે ભાવનાથી અને એકરૂપતાથી લખતા ગયા. આજે ગીતા પ્રવચનો બધા જ પ્રાંતોમાં પહોંચી ગયાં છે, એનું શ્રેય મારા કરતાં વિશેષ સાને ગુરુજીને છે. જો તેઓ ન હોત તો ગીતા પ્રવચન હવામાં લટકતાં હોત!!સાને ગુરુજીનું એક સૂત્ર યાદ આવે છે :''તમે કરશો ચર્ચા, અમે કરીશું અર્ચા.''સાને ગુરુજીનું વર્ણન કરવું હોય તો ઉત્તમ વર્ણન એ જ થઈ શકે કે તેઓ ઉત્તમ મા હતા!!''

૪) ગુરુજી પછી ચાચાજીને મળીએ. ચાચાજી એટલે **ગુરુદયાલ મલિકજી**. જેમના જીવનમાં અનેક દિવ્ય ચમત્કારો થતા રહ્યા અને એ ચમત્કારો જ એમની ઓળખાણ માટે પર્યાપ્ત છે.

ચાચાજીનું પોતાનું સૌથી મોટું પ્રેરક બળ પ્રભુપ્રાર્થના છે. આપણી વાત સાંભળીને તેઓ એમ જ છેવટે કહેઃ ''પ્રભુને હું પ્રાર્થના કરીશ કે તમારું દુઃખ દૂર કરે'' ''હું આજે પ્રાર્થનામાં તમને યાદ કરીને પ્રભુના ચરણમાં અરજ ગુજારીશ.'' કોઈ કોઈ વાર તો ઊંડા નિશ્વાસ સાથે તેઓ ઘેરા અવાજે ફક્ત એટલું જ બોલેઃ ''મા, મા''..ચાચાજી કહેતાઃ ''મારા જીવનમાં જે કંઈ બનવા પામ્યું છે એ પરમકૃપાળુ પ્રભુની કૃપાનું કિરણ છે. ગુરુદેવ રવીન્દ્રનાથે ''ગીતાંજલિ''માં ગાયું છે એમ, હું તો કહું છું કે હું માત્ર વાંસળી જેવો છું, એમાં સૂર પૂરનાર તો કેવળ પ્રભુ જ છે !!''

મલિકજી એક સૂફી સંત પાસેથી ગૂઢ શક્તિઓ મેળવવાનો એક મંત્ર માગે છે પણ એ સાધના પોતે પૂરી કરી શક્યા નહીં, છતાં થોડાક ચમત્કારો થવા લાગ્યા અને એમાંથી અહંકાર જાગ્યો, એટલે અકળાઈને એમણે એ શક્તિઓ મંત્રના સ્વામી ભગવાનને પાછી સોંપી દીધી !! ચમત્કારની બાબતમાં ચાચાજી જે નિર્ણય ઉપર આવ્યા છે તે ઘણું મહત્ત્વનું છે એટલે એમના જ શબ્દોમાં અહીં ટાંકીએઃ

''એક દિવસે એક ફકીર ઘર પાસેના રસ્તા પરથી ગીત



ગાતો ગાતો પસાર થયો. તે ગીતનો અર્થ હતોઃ સાધકોની સિદ્ધિઓ એક નૃત્યકારના નખરાઓ જેવી છે, તેથી તે પોતાનું બાહ્ય રૂપ દેખાડે છે એવા નખરાઓ અને સાચા નૃત્યમાં જમીન-આસમાનનો ફેર છે''.. તે દિવસથી કદી પણ સિદ્ધિ મેળવવાની મેં ઇચ્છા નથી રાખી અને સિદ્ધિઓની કાંઈ વિશેષ અગત્ય આધ્યાત્મિક જીવનમાં નથી એ પણ હું સમજી ગયો છું..!''

ચાચાજીનો જન્મ સાતમી મે ૧૮૯૬ના રોજ ડેરા ઈસ્માઇલખાન ખાતે થયો પરંતુ તેઓ જ્યારે અગિયાર વર્ષના થયા ત્યારે સાતમી મે ૧૯૦૭ના દિવસે એટલે કે એમના જન્મદિવસની તારીખે જ, ચાચાજીનાં બા પરલોકવાસી થયાં !! ચાચાજીનાં માતુશ્રીની વિદાય ચાચાજીના જીવન ઉપર બહુ મોટી અસર છોડી ગઈ.

એવું બન્યું હતું એ સમયે પ્લેગ ફેલાયો હતો અને આખું શહેર ખાલી કરાવવામાં આવતું હતું અને આજુબાજુના ગામમાં કે શહેરોમાં પોતાના સગા વ્હાલા મિત્રોને ત્યાં ચાલ્યા જવાનું સૌને કહેવામાં આવ્યું. સિકરપુર સિંધમાં આવેલી જગ્યા, જ્યાં ચાચાજીના મોટા કાકા રહે. દર્દીઓ માટે શહેરથી ૭ માઈલ દૂર કેમ્પ ઊભો કરવામાં આવ્યો હતો. દરેક દર્દીની સાથે એક સગું રહી શકે એવો તેમાં નિયમ. ચાચાજીનાં નાના મામી પ્લેગમાં સપડાયાં અને એમને એક ધાવણું બાળક ! મામાને એ ચિંતા હતી કે જો મામી જતાં રહેશે તો આ બાળકને કોણ મોટું કરશે ? એ સમયે ચાચાજીની માએ કહ્યુંઃ ભાઈ, આટલી બધી ચિંતા શું કામ કરો છો ? તમે બાળકને લઈને આપણી મોટીબેન ને ત્યાં જાવ. હું ભાભીની સેવા-ચાકરી કરવા કેમ્પમાં રહીશ અને પ્રભુને રાતદિવસ પ્રાર્થના કરીશ કે બાળકને ખાતર ભાભીને જિવાડે અને મારી પ્રાર્થનાના બદલામાં જો તને જરૂર હોય તો મારું જીવન લઈ લે... બા ચાચાજીને ડેરા ઈસ્માઇલ શહેરના છેડા સુધી મૂકવા આવી. બાની વિદાય વખતે સંતાનો રડવા લાગ્યા. બંનેને વળગીને માએ એમ કહ્યું કેઃ હું તમને જલ્દી પાછી મળીશ, તમારી મામી સારી થઈ જાય કે તરત શિકારપુર ચાલી આવીશ.

**ગુરુદયાલજીના પિતાશ્રી નારાયણદાસ એ સમયે બલુચિસ્તાનમાં ક્વેટામાં એવી સરકારી નોકરી કરતા હતા કે વર્ષમાં લગભગ દસ મહિના ઘોડા ઉપર કે ચાલતાં મુસાફરી કરવી પડે. જેથી ચાચાજીનાં માતુશ્રી તેજસ્વીદેવી બે ભાઈઓ અને બહેનને મૂકીને કેમ્પ તરફ વળ્યાં**

હા, ગુરુદયાલજીના પિતાશ્રી નારાયણદાસ એ સમયે બલુચિસ્તાનમાં ક્વેટામાં એવી સરકારી નોકરી કરતા હતા કે વર્ષમાં લગભગ દસ મહિના ઘોડા ઉપર કે ચાલતાં મુસાફરી કરવી પડે. જેથી ચાચાજીનાં માતુશ્રી તેજસ્વીદેવી બે ભાઈઓ અને બહેનને મૂકીને કેમ્પ તરફ વળ્યાં. ઇશ્વરને કરવું હતું તે મામીનો જીવ બચી ગયો પણ મામીની સેવામાં રત ચાચાજીના માતુશ્રી એ પોતાનો પ્રાણ ત્યાગી દીધો.. કહે છે કે ચાચાજીને પોતાની માતાના અવસાનનો અહેસાસ થઈ ગયો હતો. સાતમી મેના દિવસે ઊઠતાવેંત એમને એવું થયું કે મારી બા આ દુનિયામાં હવે નથી અને તેઓ જોરશોરથી રડવા લાગ્યા.. એમનું રુદન સાંભળીને એમના કાકાને ગુસ્સો આવ્યો અને એમણે એક થપાટ મારીને કહ્યું કે, તું અપશુકનિયાળ છે, સવારે ઊઠતાં પ્રભુનું નામ લેવાનું હોય કે રડવાનું હોય !! ચાચાનું રુદન કોઈ સંજોગોમાં બંધ ના થાય. ચાચાજી રડતાં રડતાં બોલી ઊઠ્યા કે, મારી બા ગુજરી ગઈ છે.. એ સાંભળીને એમને બીજી થપાટ પડી !! આ ઘટનાને લઇને ધ્રૂજતા ધ્રૂજતા ડૂસકાં ભરતા તેઓ સૂઈ ગયા પણ પાંચ કલાક પછી એમના કાકાને પોતાની ઓફિસમાં અગિયાર વાગ્યાના સુમારે તાર મળ્યો અને એમાં લખ્યું હતું કેઃ ગુરુદયાલનાં બા આજે સવારે ગુજરી ગયાં છે !!

ચાચાજી જયારે સાતેક વર્ષના હશે ત્યારે ઝરમર વરસતા વરસાદની વચ્ચે એક વયોવૃદ્ધ ભિખારણ ભિક્ષા માગવા આવી. ચાચાજીએ એને બારણાં પાસે બેસાડી, થોડું ખાવાનું ઘરમાંથી લઈ આવીને આપ્યું.

એમણે ઘણા પ્રેમથી ખાધું અને તેની આંખમાં આભારનાં આંસુ છલકાયાં. પછી ભગવાન જાણે ચાચાજીને શું થયું કે તેઓ આવેશમાં આવી જઈને એમને વળગી પડયા ! તે પણ ચાચાજીને વળગી પડીને વ્હાલથી બોલ્યાઃ ''મારો દીકરો'' ...પણ ''મારો દીકરો'' બોલ્યા સાથે જ ભિખારણ ત્યાં ને ત્યાં મરી ગયાં. ચાચાજી જીવનભર આ બાબતનું રહસ્ય શોધતા રહ્યા પરંતુ એમણે કહ્યું કે, ''મારા જીવનમાં હું એટલું શીખ્યો કે ગરીબોનો કોઈ દિવસ અનાદર ન કરવો, કારણ ગરીબનો અનાદર એટલે માનો અનાદર અને માનો અનાદર એટલે પ્રભુનો અનાદર !''


ચાચાજી નાનપણમાં રસ્તા પરથી પસાર થતા હતા, ત્યારે એક ફકીરબાબા સામેથી આવતા હતા. તેમણે ચાચાજી ને ઊંચકી લીધા અને આંખમાં આંખ મેળવી બે ઘડી તેને જોઈ રહ્યા. પછી ચાચાજીને નીચે મૂકી દીધા પરંતુ ફરી બે વખત એટલે કે કુલ ત્રણ વખત ચાચાજીને ઊંચક્યા, આંખમાં આંખ પરોવી અને પછી ફકીરબાબાએ કહ્યું : બચ્ચા, મારી એક વાત હંમેશાં યાદ રાખજે,, જયારે તું કંઈ પણ કરે, બોલે કે વિચારે ત્યારે તારા દિલને એક સવાલ

પૂછજે કે મારી માને આ ગમશે કે નહીં ?, એટલું કહીને એક ફકીરબાબા ચાલ્યા ગયા, પછી જીવનમાં એ ક્યારેય એમને ન મળ્યા, પણ આ વાત ચાચાના હૃદયમાં અંકાઈ ગઈ ! કશું જ કરવું હોય ત્યારે ચાચાજીના દિલમાંથી એક જ મંત્ર સદા જાગતો કે, મારી માને ગમશે કે નહીં ?

ચાચાજી શાંતિનિકેતન ગયા. પાંચ દિવસની લાંબી મુસાફરી પણ જરાય થાક ન લાગ્યો, કારણકે ચાચાજીના હૈયામાં અતિશય ઉમંગ અને આનંદ હતો. તેઓ જ્યારે શાંતિનિકેતન પહોંચ્યા ત્યારે ગુરુદેવ ત્યાં નહોતા. માંદગીને કારણે થોડા દિવસ પહેલાં જ કલકત્તા સારવાર માટે ગયા હતા, પરંતુ દીનબંધુ એન્ડ્રુઝે ઘણા વ્હાલથી ચાચાજીનું સ્વાગત કર્યું. દસ દિવસ પછી ગુરુદેવ શાંતિનિકેતન આવ્યા અને બીજે દિવસે (કે જે ચાચાજીનો ત્યાં રહેવાનો છેલ્લો દિવસ હતો) ગુરુદેવના દર્શન કરવા માટેની સૂચના મળી. જોકે દીનબંધુએ કહ્યું :ગુરુદેવ હજી બહુ અશક્ત છે, તેથી તેઓ તમને પાંચ મિનિટથી વધારે વખત નહીં આપી શકે.

જ્યારે ચાચાજી દાખલ થયા ત્યારે પદ્માસનમાં બેસીને તેઓ બારીની બહાર જોઈ રહ્યા હતા. એક-બે-ત્રણ- ચાર મિનિટ પસાર થઈ ગઈ. ગુરુદેવે ચાચાજીને ન તો બેસવા કહ્યું કે ન કંઈ વાત કરી !! ચાચાજીને મનમાં પાર વિનાનું દુઃખ થયું. સમય લગભગ પૂરો થવા આવ્યો, એટલે ગુરુદેવ પાસેથી વિદાય લેવા ચાચાજીએ પ્રણામ કર્યા અને ચમત્કાર થયો! કવિશ્રીએ પોતાનો જમણો હાથ ચાચાજીના માથા પર મૂક્યો અને એમની આંખોમાં જોઈને કહ્યુંઃ હું તમને જન્મ જન્માંતરથી ઓળખું છું.મારા આશ્રમમાં તમારા માટે એક આસન ખાલી છે. તમે હવે એના ઉપર બેસી જાઓ .. આ શબ્દો સાંભળીને ચાચાજી ભાવવિભોર થઈ ગયા.

૫) મૂળ ગુજરાતના પણ પછી બધી જ ઓળખને



ફેરવી નાખનારા **સ્વામી આનંદ** ગુજરાતી ગદ્ય સાહિત્યનું મોરપિચ્છ છે. સ્વામી આનંદ પ્રવાસી છે, સન્યાસી છે, ઉત્તમ ગૃહસ્થ છે અને સહજ આનંદના ધણી છે.

પોતાની પહેલી પચ્ચીસી સ્વામીએ સન્યસ્તમાં વિતાવી હતી. આ વર્ષો મહાસાગરમાં તરતી હિમશિલાની માફક બહુધા અછતાં રહ્યા છે. સ્વામીની જીવન તવારીખમાં એ વર્ષોનો ચોક્કસ હિસાબ-કિતાબ મળતો નથી પણ સત્તાવીસ વર્ષની ભરયુવાનીમાં ઠરેલા મન અને મજબૂત શરીર સાથે એ ગાંધીજીનો સંપર્ક પામે છે. સ્વામી ગાંધી પરિવારના સદાયના સદસ્ય બને છે. એમણે પોતાની જાતને હંમેશાં ગાંધીના કાસદ તરીકે ઓળખાવી અને એનું ભારોભાર ગૌરવ પણ કર્યું. જેમના પગે ભમરો હતો કે જે વર્ષો સુધી ક્યાંય પગ વાળીને બેઠા નહોતા એ જ સ્વામી ગાંધીજીના છાપા છાપવા ૩૨ કલાક એક આસને બેસીને પ્રૂફ વાંચે છે. જેવી સ્વામીની કર્મનિષ્ઠા એવી જ એમની સમયની ચોકસાઈ અને નિયમિતતા એવી કે સહકાર્યકર મિત્રોએ સદાય જાગતા રહેવું પડે. એમની એક સમય સૂચકતા પ્રસંગે ગાંધીજીએ બેધડક કહી દીધેલું કે, “કાં તો ટ્રેન ખોટકાઈ હશે અથવા સ્વામી મરી ગયો છે, એ સિવાય સ્વામી મોડો ન પડે.”

સ્વામીદાદા સૌથી પહેલા કલાકાર,પછી ગુણના ભક્ત અને ત્યાર બાદ અવ્વલ નંબરના લોકસેવક. ગાંધીજીના અંતેવાસીઓમાં સ્વામીદાદા જેવું કોઈ વ્યક્તિત્વ હોય તો તે મહાદેવભાઈ હતા. ફેર એટલો કે મહાદેવભાઈ કદાચ વધુ મોટા ભક્ત અને જરા વધુ એકધારી કુમાશવાળા. સ્વામીદાદા ગાંધીજીના પ્રખર સાથી, પણ એમના ગમાઅણગમા તીવ્ર. પ્રકૃતિએ સાવ એકલવીર. આથી જ તેમની શબ્દસાધનાએ અજાણ્યાં ઊંચાણો છતાં કર્યા. આજથી સો વરસ પછી ગાંધીજીના સાથીઓનું સાહિત્યને અર્પણ મૂલવાશે ત્યારે સ્વામી આનંદનું નામ કદાચ મોખરે હશે. સ્વામી આનંદના જીવન અને સાહિત્યમાં જે સચ્ચાઈની ધૂણી ધખે છે તે કાળને માત કરશે.

શ્રી અશ્વિન મહેતા કહે છે કે : સ્વામી આનંદને ચારેક વાર રડતાં નજીકના લોકોએ જોયેલા.

(૧) એક કાશ્મીરી ભરવાડણે પીર પંજાલના ઊંચા પહાડોમાં તેમને કેવી રીતે બચાવેલા તેનું ઋણ સ્વીકાર કરતા બધાની વચ્ચે તેમણે આંસુની અંજલિ આપેલી.

(૨) બીજી વાર અતુલપ્રસાદના એક બંગાળી કાવ્યનું પઠન કરતા વરસાદ પછી શિરીષના ફૂલ-પાન પાણી ખેરવે તેમ તેઓ સહજ રીતે રડેલા.


(૩) સીતાજીનો ઉલ્લેખ માત્ર તેમના મર્મને વીંધી જતો. ચારણ કવિ દાદલનું એક ભજન ***"લખમણ મારાં રે રખોપાં કરશે રામ, રામનાં કોણ કરશે રે"*** એ વાંચતા અને

(૪) નિનુભાઈ મજુમદારનું "સીતાયણ" તેમને ટેપ પર સંભળાવતો હતો ત્યારે બહુ હોઠ પીસવા છતાં આંસુએ રસ્તો શોધી જ કાઢેલો, એનો હું સાક્ષી છું."

"સ્વામી આનંદની તંદુરસ્તીને જુસ્સો છેવટ લગી ટકી રહ્યાં એની પાછળનું ઘણું મોટું કારણ હિમાલય હતો. સ્વામી એટલે હિમાલય, ઘુઘવતી નદીઓ અને અડીખમ ચટ્ટાનો, ઉત્તુંગ બરફાનો અને ઘનઘોર જંગલો. મારાથી પૂછાઈ ગયેલું : તમે હિમાલયમાં કેટલા માઈલ ચાલ્યા હશો ? પહેલાં તો ઘણાં ગલ્લાંતલ્લાં કર્યાં, પણ પછી મેં જાતે જ અંદાજે બાર-પંદર હજાર માઈલનો આંકડો મૂક્યો ત્યારે ખૂબ સંકોચ સાથે માત્ર "હા" એટલું બોલેલા ને પછી ઠપકો આપીને કહે કે, સાધુ એવો હિસાબ રાખે નહીં અને એને પુછાય ય નહીં!!! દિવસના ૪૦- ૫૦ માઈલ ચાલતા ને ગેલનના હિસાબે દૂધ પીતા."

સ્વામીએ એમના મા-મેળાપની કૃતાર્થતાની લાગણી પ્રગટ કરતી વેળા લખ્યું છેઃ

"મારો નાનો આવ્યો?" હાથમાંથી માળા પડી જાય અને આંખેથી વહી નીકળે છે ગંગાજમના ! સ્વામીએ પૂછ્યું : "મા ગામમાં કોઈ જાણતું ન હતું કે હું આવવાનો છું અને તમે તો દરવાજો ઉઘાડતાની સાથે જ મારા નામે મને બોલાવ્યો તે કેમ કરતાં ખબર પડી ?" જવાબ મળ્યોઃ "આ હૈયામાં બીજું છે કોણ ? ચૌદ વર્ષથી માળા ફેરવું છું તે કેની ? રામની? રામનું તો નામ, રામ કેવો ને વાત કેવી? મારા દીકરા તે મારા રામ. બીજા રામને હું ઓળખતી નથી. તારે કઈ વાતે કમી હતી તે મને વલવલતી મૂકીને નાઠો ? આટલી ઉંમરે મને બાળી ? પણ બાળે તે



જ બાળક! ચાર ખંડ ધરતી ખૂંદી વળ, પણ આખરે તારી ધરતીનો છેડો માની પાની હેઠળ જ છે." પાવનકારી એ માના છેલ્લા દિવસોમાં સ્વામી એક અઠવાડિયું ઘેર તેમની સન્મુખ રહ્યા. એ આઠ દિવસો વિશે તેમણે તહેદિલથી લખ્યું છેઃ "એ આઠે દિવસ મારી જિંદગીના કીમતી વારસારૂપ છે. માના તરફથી મને જે વારસો જીવનમાં મળ્યો છે તેનું ખરું દર્શન આ આઠ દિવસોમાં થયું અને હું ધન્ય થઈ ગયો."

વગર સંસારનો આ સંસારી જીવ તેની આસપાસ આખી જિંદગી ગળાડૂબ રહ્યો છે છતાં આ મોહ-માયાનો પાસ સરખો લાગવા દીધો નહીં .

૬) એક સ્પેનિશ પાદરી જે ગુજરાતી પણ નહીં અને જન્મથી ભારતીય પણ નહીં અને છતાં જેને હોંશભર સૌએ સવાઈ ગુજરાતી કહીને ગૌરવ બક્ષ્યું એવા **ફાધર વાલેસ** સાથે રાજકોટ મુકામે થયેલા સંવાદ દરમિયાનના બે પ્રશ્નો વાંચીશું એટલે ફાધર વાલેસનું કાળજું કેટલું માનવીય છે તેનો ખ્યાલ આવશે.

રાજકોટની રાષ્ટ્રીય શાળામાં ફાધર વાલેસને પહેલીવાર પ્રત્યક્ષ મળ્યાનું સ્મરણ છે. આપણને ખૂબ વર્ષોથી કોઈ માણસ ઓળખતા હોય અને એ કેટલી હળવાશથી ને પ્રેમથી મળે તેમ ફાધર સૌને મળતા હતા. સુંદર અને હૈયે વસી જાય તેવું વક્તવ્ય આપેલું. પ્રશ્નોત્તરી થયેલી અને તે લાંબી ચાલેલી. ફાધર ઉત્તર આપવામાં રાજી રાજી હતા અને બરાબર ખીલેલા. સ્મરણ છે કે મેં એક યુવાન શિક્ષક તરીકે ફાધરને બે પ્રશ્નો પૂછેલા, તે અહીં ફાધરની નિરાળી મૌલિકતા પેશ કરવા રજૂ કરું છું.

પહેલો પ્રશ્નઃ ફાધર, હું શિક્ષક છું. મને એક દ્વિધા છે. શિક્ષકે વિદ્યાર્થીઓને વર્ગમાં આદર્શ હોય તે વાત કહેવી કે પછી વાસ્તવિકતાથી પણ અવગત કરાવવા??

ફાધર કહે : તમે શિક્ષક છો તેથી હું ખુશ થઈને જવાબ આપું છું, આપણે નાત-ભાઈઓ થયા ને ?? (ખૂલીને હાસ્ય..) જુઓ, શિક્ષકે વર્ગમાં તો આદર્શ હોય તે જ રજૂ કરવો, પણ પછી વર્ગ પૂર્ણ થાય ત્યારે હળવેકથી જે નરી વાસ્તવિકતા હોય તેનો ઉલ્લેખ તો અવશ્ય કરવો. શા માટે? કારણ માત્ર આદર્શ જ કહીશું અને વિદ્યાર્થી સમાજમાં તેથી ઊલટું વાસ્તવ જાણશે તો તેને ધક્કો પહોંચશે કે મારા શિક્ષક ખોટા ?? આ ધક્કો તેની શિક્ષકમાંથી શ્રદ્ધા ડગાવી દેશે. એટલે શિક્ષકે જ કહી દેવું. ઉદાહરણ આપું ? તમે કહો કે ચોતરફ કેવળ સત્ય જ હોવું જોઈએ !! હવે શું બને ?? બાળક અસત્ય અનુભવાશે ત્યારે વિચારશે કે મારા શિક્ષક તો જુદું કહેતા હતા !! એટલે તમારે શિક્ષક તરીકે

કહેવું કે ચોતરફ સત્ય જ હોવું જોઈએ પણ ભાઈ આ તો માણસ છે, બધા ક્યાંથી સરખા હોય ?? એટલે કેટલાક લોકો અસત્યમાં જ માનતા હોય તો તે અસત્ય પણ બોલે, એવું પણ બને હો મિત્રો !! (સભાખંડમાં તાળીઓ અને ફાધર ખડખડાટ...)


બીજો પ્રશ્નઃ ફાધર, આપ તો સ્વૈરવિહાર કરો છો અને રખડતા મહેમાન તરીકે ઘણા બધા ઘરે બે-ત્રણ દિવસ રહેવા જાઓ છો, તો તેનો કોઈ યાદગાર પ્રસંગ કહેશો ??

ફાધર કહે : કહું ને.. થોડોક રમતિયાળ પ્રસંગ કહું: એક ઘરે હું મહેમાન થયેલો તે ત્યાં કુટુંબમાં બાળકો સાથે ગપ્પા મારતો હતો. એક કિશોરને મેં પૂછ્યું : બેટા, તમે ગાંધીજીને ઓળખો છો ? તેણે તરત કહ્યું : હા, હા, ફાધર, ઓળખું છું. હું તો બહુ ખુશ થયો એટલે મેં આગળ પૂછ્યું : ગાંધીજી કોણ, કહો તો ?? તરત તે પ્રામાણિકતાથી બોલ્યો : ફાધર, ગાંધીજી એટલે મારા ગુજરાતી પાઠ્યપુસ્તકનો આઠમો પાઠ !! હું થોડો ખિન્ન થયો કે અરેરે, આપણે ગાંધીને એક પાઠ બનાવીને રાખી દીધા ! પણ પેલા બાળકથી નારાજ ન થયો કારણ એ તો કેટલો નિર્દોષ-મૌલિક અને નિખાલસ હતો, જે જાણતો હતો તે જ કહ્યું !! આપણે તો એય ચૂકી જતા હોઈએ છીએ ને ?? (સભાખંડમાં સન્નાટો અને ફાધર ખિન્ન વદને ..)

૭) "ઉત્તમ વિચારો સમાજ સુધી પહોંચે એ જ આપણું મહેનતાણું." આવું માનનારા અને જીવનભરની લેખન રોયલ્ટી ગુજરાત વિદ્યાપીઠ અને નવજીવનને અર્પણ કરનાર **શ્રી મુકુલ કલાર્થી** બહુ ઓછું જાણીતું નામ પરંતુ જન્મે - કર્મે - લેખને - જીવને પૂરેપૂરા ગુજરાતી અને છતાં વર્ષો પહેલાં અઢળક ગુજરાતી સાહિત્ય સર્જનાર સૂફી કક્ષાના સર્જક શ્રી મુકુલ કલાર્થી આપણને નોખા જીવ લાગે છે.

મુકુલભાઈનું જીવન પણ દિવ્ય અને ચમત્કૃતિ ભરેલું. કેટલાક અચંબિત કરી મૂકે તેવી ઘટનાઓના સાક્ષી બનીએ.

મુકુલભાઈનું બાળપણ મુંબઈમાં વીત્યું. ધોરણ ૧૦ માં



પિતાની છત્રછાયા અને ધોરણ ૧૧ માં માતાની છત્રછાયા ગુમાવી. ધો.૧૧ માં એમનાં માતા ખૂબ બીમાર પડયાં એટલે નાયર હોસ્પિટલમાં દાખલ કરેલાં. મુકુલભાઈ બેઠા હતા અને એકદમ મન અંદર કંઈક એવું થયું કે, મા પાસે જવું જોઈએ. જ્યાં હતા ત્યાંથી દોટ મૂકી. રસ્તે ઠોકર વાગી, પડયા અને અંદર એવું થયું કે મા હવે નથી. ઊભા થઈ ફરી દોડતા પહોંચ્યા અને જે અંદરના માહ્યલાએ કહ્યું હતું એ જ થયું હતું.!!! આ એમના જીવનનો પહેલો પાઠ કે આપણી અંદર જે બેઠું છે એ આપણને દોરે છે તો એને સાંભળીને જીવન જીવવું રહ્યું. મા બાપની છત્રછાયા હવે મારી અંદર બેઠેલું તત્ત્વ બની રહેશે એવી દૃઢ આસ્થા સાથે ખૂબ મુશ્કેલભર્યું જીવન સ્વીકાર અને આંતર પ્રતીતિ અને શ્રદ્ધાપૂર્વક આગળ ચાલ્યું.

ફી ભરવાના દિવસે પણ પૈસા હાથમાં નહીં. ઘડીભર થયું કે વર્ષ બગડશે. પણ વિશ્વાસનો શ્વાસ લેતા લેતા નોટિસબોર્ડ તરફ ગયા. ત્યાં એમના નામનું પરબીડિયું જોયું. લીધું- ખોલ્યું અને આશ્ચર્ય ને કૃપા જોઈને ગદ્‌ગદિત થઈ ગયા. ફીના પૈસા કોઈકે મોકલેલા. ન નામ- ન ઠામ, બસ નરસિંહની હૂંડી પૂરેલી એમ મુકુલભાઈની ફી ભરાતી ગઈ. ગીતાવિદ અને સંસ્કૃત સાથે એમ.એ. થયા, જિંદગીએ બીજું શીખવ્યું કે અંદર જેમ દોરવાવાળો બેઠો છે એમ કાળજી લેવાવાળો પણ બેઠો છે.

એક દિવસ મુંબઈમાં ચાલતાં ચાલતાં મુકુલભાઈ પસાર થતા હતા. બિલ્ડિંગનું રિપેરિંગ કામ થતું હતું. એ ચાલતા હતા ત્યાં મોટી લોખંડની સાંકળ પડી. આજુબાજુ સાંકળ અને વચ્ચે પોતે સુરક્ષિત. લોકો દોડી આવ્યા અને મુકુલભાઈને સહી-સલામત જોઈને સૌને ખૂબ આશ્ચર્ય થયું. જીવનમાં ત્રીજો પાઠ શીખવા મળ્યો કે : પરમાત્માએ મને કોઈક કાર્ય માટે સર્જ્યો છે અને એથી મારો વાળ પણ વાંકો એણે થવા ન દીધો. ત્યારથી દરેક કાર્ય પરમાત્માએ સોંપેલ યજ્ઞરૂપે કરત. જીવનની દરેક ક્ષણ એ સજાગતાથી જ જીવતા રહ્યા એથી એમનાં કાર્યો ખૂબ નમ્રભાવે, પૂરી નિષ્ઠા, સમર્પણ અને ખૂબ જ ચીવટથી કરતા રહ્યા.

મુકુલ કલાર્થી નામનો નોખો જીવ અનોખા માનવ તરીકે એટલું પ્રદાન મૌનાવસ્થામાં કરી ગયો કે તેનો અંદાજ આજના કાળઝાળ બોલકા સમયમાં આપણાં ગજાં બહારની વાત છે. એમની એક દૃઢ શ્રદ્ધા રહી કેઃ આપણાં શરીર જુદાં છે, પરંતુ ચૈતન્ય તો એક અને અને માત્ર એક જ છે. છેલ્લે છેલ્લે તો લેખન-વાચન સંગોપાઈ ગયું. જીવન પથારો ચાર-પાંચ જોડી કપડામાં સંપેટાઈ ગયો. જીવનપાથેય



મુકુલજી લિખિત અનેક ગ્રંથોમાં સંગ્રહાઈ ગયું. જીવનભર સ્વયંપાકી રહેનાર મુકુલ કલાર્થી અસ્વાદ મહાવ્રતને પામતા ગયા. અઢાર-અઢાર કલાક માત્ર નામસ્મરણ ! પરમની યાત્રાએ જતાં પહેલાના દિવસે બારડોલી આવી સૌને મળી ગયેલા. આ નોખા જીવે પ્રશાંતિથી અલખ નિરંજનની વાટ પકડી લીધી !!

૮) શાંતિનિકેતનના વિદ્યાર્થી, ચિત્રકાર, લેખક અને સૌથી વિશેષ ''નર્મદા, તુમ કિતની સુંદર હો'' કહેતાં કહેતાં નર્મદાની પરકમ્મા કરનારા **શ્રી અમૃતલાલ વેગડ** ગુજરાત, મધ્ય પ્રદેશ, ભારત અને સમગ્ર વિશ્વને નર્મદાનાં દિવ્ય દર્શન કરાવે છે.

''મારા ગુરુ નંદલાલ બોઝે મને કહ્યું હતું કે જીવનમાં સફળ થતો નહીં, કારણ કે સફળ થનારાઓની કોઈ કમી નથી. તું જીવનને સાર્થક બનાવજે. ગુરુદેવની આ શીખ મારા જીવનનો મંત્ર બની ગઈ. એ શબ્દોએ મને ૪,૦૦૦ કિલોમિટર ચલાવ્યો. નર્મદાની પરિક્રમાનો અદ્‌ભુત અનુભવ આપ્યો. નીકળ્યો તો ચિત્રો કરવા માટે, પણ એ પ્રવાસમાં મને શબ્દો જડ્યા. રંગોના દેશનો માણસ શબ્દોના મુલકમાં આવ્યો.''

આ શબ્દો વિખ્યાત લેખક, ચિત્રકાર અમૃતલાલ વેગડના છે.

પહેલી યાત્રામાં અમને એક સંન્યાસીજી મળ્યા. એમની પાસે કાંઈ નહિ. માત્ર એક ધાબળો અને હાથમાં માટીનું કમંડળ. બધા એમને હાંડીવાલે બાબા કહેતા. અમારો સંગાથ થઈ ગયો. મને કહે, 'સ્વાદ શેમાં છે, જીભમાં કે ગુલાબજાંબુમાં?' મને રસ પડ્યો. કહ્યું, 'તમે જ આનો જવાબ આપો.' તો કહે, 'જુઓ, ગુલાબજાંબુમાં સ્વાદ હોય તો તે પ્લેટમાં પડ્યો પડ્યો જ સ્વાદ આપે. અને જો જીભમાં સ્વાદ હોય તો ગુલાબજાંબુ ખાવાની જરૂર જ શી છે? સ્વાદ નથી માત્ર જીભમાં કે નથી માત્ર ગુલાબજાંબુમાં; પણ બંનેના યોગમાં છે. એવી જ રીતે સાર્થકતા નથી માત્ર શરીરમાં કે નથી માત્ર આત્મામાં. બંનેના મિલનમાં છે.' હવે આ કેટલી ગંભીર વાત - શેનીય પણ અવહેલના ન કરવી જોઈએ શરીરની, ને આત્માની તો નહીં જ - આ વાત તેમણે કેવા સરસ ઉદાહરણથી સમજાવી ! એવી જ રીતે એક સાધ્વીજીને મેં કહ્યું, 'હું તો નોકરીમાં છું. તેથી પૂરી પરિક્રમા એકસાથે નથી કરી શકતો; રજાઓમાં કટકે કટકે કરું છું. તો કહે, 'બેટા, એનો રંજ ન કરતો. બુંદીનો લાડવો પૂરો ખાઓ તો પણ મીઠો લાગે ને ચૂરો ખાઓ તો પણ મીઠો લાગે. કેવો સુંદર જવાબ !

અમે જઈ રહ્યા હતા. સવારની વેળા હતી. બહુ તો એક કલાક ચાલ્યા હોઈશું. એક માણસ મોટરસાઈકલ પર નીકળ્યો. પાછળ ઘાસનો ભારો હતો. અમને જોઈને થોભ્યો, 'તમે શું પરકમ્મા કરો છો?' અમે કહ્યું, 'હા'. તો કહે, 'સામે દેખાય છે તે મારું ગામ છે. લીમડા નીચે મારું ઘર છે. ત્યાં આવજો, જમીને રાત ત્યાં રહેજો.' મેં કહ્યું, 'અમને બહુ મોડું થશે. આજ તો નેમાવર પહોંચવું જ છે.' એ બહુ નિરાશ થયો એટલે કહ્યું, 'લે ચાલ, થોડીવાર માટે આવીશું.' એણે બહુ સ્વાગત કર્યું અમારું. પછી મૂકવા ચાલ્યો. મેં કહ્યું, 'અમારી ચિંતા એ છે કે નેમાવરમાં ક્યાં રહીએ?' નાનું ગામ હોય તો કોઈના પણ ઘરે રહેવાય; પણ આ જરા મોટું - કસ્બા જેવું. તો કહે, 'તમે ચિંતા શું કામ કરો છો? ત્યાં મારી બહેન રહે છે, બિલકુલ નર્મદાને કાંઠે, લાલમાઈની કોઠીમાં.' પછી કહે, 'હું તમને મૂકવા ચાલું.' મેં કહ્યું, 'રોજ કેટલાય પરિક્રમાવાસીઓ નીકળે. વરસે તો હજારો નીકળે. આમ રોજ તમને તેમની સરભરા કરતાં કંટાળો ન આવે? ત્રાસ ન થાય?' તો કહે, 'જુઓ, ગરીબમાં ગરીબ માણસ પણ પોતાના કુટુંબનું ભરણપોષણ તો કરે જ છે. અમે પરકમ્માવાસીઓને અમારા કુટુંબના સભ્ય ગણીએ છીએ. એમને સાચવવા અમારી ફરજ છે, કેમ કે અમારું માનવું છે કે તેઓ જે પરિક્રમા કરે છે એમાં અમારો પણ હિસ્સો છે.'

૯) મહારાષ્ટ્ર છોડીને ગુજરાતમાં વસનાર અને ગુજરાત છોડીને પંજાબમાં સ્થિર થનાર સવાઈ ગુજરાતી **શ્રીકાંત આપટેજી.**

સ્વામી શ્રીકાંત આપટેજી ભગવાં વસ્ત્ર ન પહેરનારા પણ લાંબી સફેદ દાઢી અવશ્ય રાખનારા આજન્મ કર્મશીલ સન્યાસી અને અવિરત આત્મચિંતન કરનાર રાષ્ટ્રભક્ત સાધુ પુરુષ હતા. ગાંધીજી-વિનોબાજીના કંઈક નિકટના સમાગમમાં આવ્યા છતાં આપટેજીનું વ્યક્તિત્વ સ્વતંત્ર અને નિરાળુ રહ્યું. નાનપણથી જ એમને નાટકોનો



સારો શોખ હતો અને સ્વાતંત્ર સંગ્રામના સમયમાં તેમણે ભોગવેલા અજ્ઞાતવાસ દરમિયાન થોડો વખત એમણે નાટક મંડળીમાં પણ ગાળેલો. વળી પોતે બાલમંદિર ચલાવતા. "સર્વધર્મમંદિર" તરીકે એને વિકસાવતા. ક્યારે ભૂલકાઓને જુદી જુદી વેશભૂષામાં સજાવીને બાળકો સાથે શ્રીકાંત નાટક કરાવતા. ગુજરાતીમાં એમણે "સંત તુકારામ" નામે નાટક લખ્યું છે અને એને રંગભૂમિ પર પણ ઉતાર્યું છે. શ્રીકાંત આપટેજી સિત્તેર પંચોત્તેર વર્ષની ઉંમરે એક પ્રસંગે સ્ટેજ પર અક્ષરસઃ નાચવા લાગ્યા એ અનેરું દૃશ્ય જોઈને લોકો બોલ્યાઃ "અરે આ તો છૂપા રુસ્તમ છે.." બહારથી પ્રવૃત્તિમય એવા આપટેજી એકંદરે અજ્ઞાતવાસમાં મહાલતા રહ્યા. પોતાની જાતને સમાજથી દૂર રાખવામાં એમને મજા આવતી. ગાંધીજી સાથેના સહવાસને કારણે આપટેજી રાજકીય સંગ્રામમાં સક્રિય રહ્યા છતાંય વધુ તો રચનાત્મક કાર્યોમાં પરોવાયેલા રહ્યા. અંત્યોદયથી સર્વોદય સુધી પહોંચવાની એમની મથામણ અને કાર્યસેવા એકધારી ચાલી.

શ્રીકાંત આપટેજીએ પંજાબમાં અર્થપૂર્ણ રીતે પ્રવૃત્તિ કરી. ત્યાં તેમના નિવાસસ્થાનનું નામ હતું "સેવાઆશ્રમ". અદ્વિતીય આત્મા સમાન શ્રીકાંતજી દેશના એક ખૂણે આહ્લાદક મનોવૃત્તિથી અને ખુમારીથી જીવ્યા. "હિન્દ સ્વરાજ" કરતાં ગ્રામસ્વરાજ તેઓને વધારે ફળદાયી જણાયું. તેઓનો ભૌતિક વ્યાપ અલ્પ અને આધ્યાત્મિક આલાપ અનંત રહ્યો. તેઓના નાનીમાએ કહેલું વાક્ય બાળપણથી જ શ્રીકાંતે બરાબર યાદ રાખ્યું :"જેટલો વ્યાપ, તેટલો સંતાપ."ફૂલછોડથી ભરેલી નાનકડી જગ્યા પર એક નાના મકાનમાં રહેતા આપટેજી ખુલ્લા આકાશ સાથે બાથ ભીડીને રોજ કીર્તન પ્રવચનમાં મસ્ત રહેતા. એમના દૈનિક સત્સંગમાં પરમકૃપાળુ પરમેશ્વર "પ્રમુખ" પદે હોય, પોતે પ્રવચનકાર હોય અને શ્રોતા વર્ગમાં શ્રદ્ધાળુ તથા આસ્તિક એવા થોડા લોકો હોય. પોતાની દેહાત્મક જીવનકથામાં તેઓ લખે છે કે, "મારી લાંબી જીવનયાત્રામાં શું કર્યું, શું ખરાબ કર્યું એ અંગે ચર્ચા કરવાનો અધિકાર મેં વાચકોને સોંપીને સ્તુતિ નિંદાનાં ફૂલ કાંટા કૃષ્ણાર્પણ કરીને મુક્ત રીતે જીવવાનું રાખ્યું છે." ૧૫મી ઓગસ્ટ ૧૯૯૨ના સ્વાતંત્ર દિને પોતે અડગ આત્મવિશ્વાસ સાથે જાહેર કર્યું કે, "મને હવે સ્પષ્ટ સમજાઈ ગયું છે કે મેં મહારાષ્ટ્ર ખોયું તો ગુજરાત મેળવ્યું, ગુજરાત ખોઈને પંજાબ મેળવ્યું, હવે પંજાબ ખોઈને પરમેશ્વરની પ્રાપ્તિ એ મારે માટે નિશ્ચિત છે.."

૧૦) જન્મે મરાઠી પરંતુ પ્રભાવથી પાક્કા ગુજરાતણ **અરુણાબેન જાડેજા** આજે પણ અમદાવાદ અને ગુજરાતનું એક અદકેરું નામ છે.

અમદાવાદમાં રહેતા અને વિશ્વભરના ગુજરાતીઓમાં ઉત્તમ લેખિકા અને ઉમદા અનુવાદક તરીકે પ્રસિદ્ધ અરુણાબહેન જાડેજા જબરાં પુસ્તકપ્રેમી છે. તેમણે ૨૦૦૪ થી ૨૦૧૪નાં દસ વર્ષો વર્લ્ડ બુક ડે ની નોખી ભાત પાડતી ઉજવણી કરી. દર વર્ષે મિત્રોને અને પુસ્તકપ્રેમીઓને ટપાલથી અનોખી બુકમાર્કમાં પુસ્તક વિશે સુંદર સંદેશો મૂકે ! આવું કરવાનો આશય શુભ કે પુસ્તકની આંગળી પકડી સ્વજનો સાથે નાતો બાંધી રાખવો. અરુણાતાઈ કલા, ગૃહ સુશોભન અને રસોઈનાં ગજબનાક શોખીન એટલે બુકમાર્કમાં પુસ્તક વિશેના સંદેશામાં એ વાતોને વણી લે. અરુણાતાઈ મૂળ મહારાષ્ટ્રિયન અને પરણ્યા કચ્છના જાડેજા પરિવારમાં. કચ્છમાં રોટલા પીરસાય પણ તેમાં ઘી-માખણ ભરીને પીરસાય. એ રોટલાની મજા જ કંઈક જુદી. અરુણાબહેન જાડેજાએ એક બુકમાર્કમાં રોટલા પર કૂંચીથી૨૩-૪ : વિશ્વ પુસ્તક દિન લખ્યું અને તેમાં સંદેશો લખ્યો કે :ઓડકાર તો બેઉ લાવે : રોટલો ને પુસ્તક.



તો વળી એક વર્ષે જબરદસ્ત સંદેશ મોકલ્યો.ઘરઆંગણે થતાં પારિજાત અને ઘરમાં પુસ્તક હોય તો સ્વર્ગ જ સ્વર્ગ એવો ઉદ્‌ગાર મૂક્યો. અરુણાતાઈએ દસ વર્ષો વિશ્વ પુસ્તક દિનની આત્મીય ઉજવણી કરી. પ્રતિવર્ષ એક હજાર બુકમાર્ક જાતે પ્રિન્ટ કરાવ્યા, મિત્રોને મોકલ્યા અને ત્રેવીસ એપ્રિલે નગરમાં જ્યાં પુસ્તક દિન નિમિતે કાર્યક્રમ હતો ત્યાં જઈને સૌના હાથમાં મૂક્યા ! દસ વર્ષ પૂરાં થયા ત્યારે તેમણે વ્રત વધામણાંનું ઉદ્યાપન કર્યું, વિશિષ્ટ રીતે ! આંગણે દેવપૂજન પાસે જ ફૂલોની રંગોળી કરીને લખ્યું : World book day ઘર ટોડલે બુકનાં તોરણો બાંધ્યાં અને ઉંબરે અમદાવાદના ગરીબ કુટુંબોની છ છોકરીઓને તેડાવી તેને વધાવી વર્ષના બુકમાર્કર તેમને ભેટ ધર્યા, અને પુસ્તક વાંચવાનો ચેપ નવી પેઢીને લગાડયો.

લગ્નની ઉંમર રૂપે કુરુપા તો નહીં જ પણ અરુણા પોતાને અરૂપા માને ! અઢ્ઢાવીસ વર્ષ થયાં છતાં બેઉ બાજુ મેળ ખાતો નહોતો..ત્યાં જિંદગીએ વળાંક લીધો... અરુણાએ ડભોઈમાં બી.એડ. કર્યું ત્યારે એની નાની બહેન મંગલની એક બહેનપણી હતી, મંજુ જાડેજા. તેના પિતા ત્યારે ડભોઈના સર્કલ પોલીસ ઇન્સ્પેકટર. પછી તો એમની સુરત બદલી થઈ. મંજુ અને મંગલનો નાતો અહીં પણ ચાલુ, મંજુ અરુણાને મળે, તેનો નાનો ભાઈ સુરેન અરુણા પાસે નિબંધ વગેરે લખાવવા આવે. અરુણા પણ એકલી એટલે મંજુના ઘરે જાય. મંજુના બાપુજી જુવાનસિંહ જાડેજા કદી ઘરે જ ના હોય. એ રાંદેર પોલીસ ઇન્સ્પેકટર. મંજુનાં બા અરુણાનું બહુ રાખે, પણ મંજુના બાપુજી સાથે કંઈ લેવાદેવા નહીં. અચાનક મંજુનાં બા કારમી બીમારીમાં સ્વર્ગે સિધાવ્યાં. બીજે વર્ષે મંજુના લગ્ન થઈ ગયાં. એના બાપુજી જાડેજાસાહેબની પાલનપુર બદલી થઈ ગઈ. સુરતમાં અરુણા માટે એક ઘર ઓછું થયું ! લેક્ચરર તરીકે આઠ વર્ષ થયાં હતાં ત્યાં એક દિવસ અચાનક ફરી જાડેજાસાહેબને મળવાનું થયું. ઓગણત્રીસ વર્ષ : લગ્નની ઉંમર વટાવી ગયેલી એક કન્યા અને પચાસ વર્ષના ચાર સંતાનોના વિધુર સદગૃહસ્થ મળ્યા ! જાણે એકબીજાની રાહ જોતાં હોય તેવાં અધૂરાં - અધૂરાં બંને ! દોઢ વર્ષ વીતવા દીધું એ પ્રથમ આત્મીય મિલન પછી ચારેય સંતાનોની મરજી જાણી. તેઓ તો ઈચ્છતા જ હતા કે પિતાશ્રી ફરી ઠરીઠામ થાય. અરુણાના કુટુંબ દ્વારા સ્વાભાવિક વિરોધ થયો. અરુણા આગોતરું સજ્જ રહેવા ટેવાયેલ. દોઢ વર્ષનું હોમવર્ક કરીને ત્રીસ વર્ષની ઉંમરે અરુણા હવે શ્રીમતી અરુણા જુવાનસિંહ જાડેજા બની ! વડોદરાના ડીવાય.એસ.પી. જુવાનસિંહ જાડેજાની દીકરીઓ જ પોતાની નવી મા માટે પાનેતર, ઘરચોળું અને હાથીદાંતનો શુકનનો ચૂડલો લઈ આવી. ચારેય સંતાનોના લગ્ન તો થઈ ગયાં. સંતાનોને અરુણાએ કહેલું :તમારા માટે તો દીકરી નિર્મળા અને જમાઈરાજ ધર્મેન્દ્રસિંહે મન મોટું કરી પોતાની ત્રીજી અને સૌથી નાની દીકરી ચીકુ અરુણાતાઈના ખોળામાં મૂકીને એમને માતૃત્વ આપ્યું.

અરુણાતાઈ તો ન્યાલ થઈ ગયાં ! આમ છતાં, અરુણાને અઘરું તો પડયું અ-સાધારણ સંજોગોમાં. માથે તો ઓઢવાનું પણ ગામડે લાજ પણ કાઢવાની. બહુ વખણાયેલ પેલી નિખાલસતા ગામડાઓમાં જોવા ન મળી. અરુણાબેનના જ શબ્દોમાં કહું તો : ‘‘ઉંમર સિવાય પણ ઘણો તફાવત. એ ઊંચા, હું નીચી. એ ગુજરાતી, હું મરાઠી, એ ક્ષત્રિય, હું બ્રાહ્મણ. એમનો સમાજ પ્રમાણમાં બંધિયાર, હું ખુલ્લા વાતાવરણમાંથી આવેલી. એ ગુસ્સાવાળા, હું પ્રમાણમાં શાંત. પૂરાં ૨૧ વર્ષનો તફાવત, પણ એમણે ક્યારેય કલપ લગાડયો નહીં. સધિયારામાં ઉંમરનો બાધ ક્યાં નડે ? હા, મીકુની નાનકડી બહેનપણી કહે કે તારા નાનબાપુના વાળ તો ધોળા છે પણ તારા નાનીમા ડાઈ કરે છે. મીકુ મને પૂછે કે હેં, તાઈ, ડાઈ એટલું શું ? મીકુને હું કેમ સમજાવું કે બેટા હુંય ડાઈ નથી કરતી પણ’’ લગ્નનાં ત્રીજે વર્ષે વડોદરાથી અમદાવાદ બદલી અને ત્યાં જ ૧૯૮૮ માં જુવાનસિંહ જાડેજા નિવૃત્ત થયા. ૧૯૮૩થી ૨૦૧૩, પૂરાં ત્રીસ વર્ષથી અમદાવાદ. લગ્નને ૩૨ વર્ષ પૂરાં થયાં. બંનેનો એકસરખો શોખ, સંગીત, મોટેભાગે શાસ્ત્રીય !

અહીં સવાઈ ગુજરાતી તરીકે સિદ્ધ થયેલાં ૧૦ માનવરત્નોની વાત કરવામાં આવી છે. આ અભ્યાસને આગળ વધારીએ તો કદાચ હજુ પણ વધુ આવાં રત્નો મળી આવે. પણ આપણે રસનાં કૂંડાં નહીં પણ પણ ચટકા લેવાનું પસંદ કર્યું છે. આપણી વાતચીતમાં વારંવાર બોલાતી કહેવત છે ‘‘બહુરત્ના વસુંધરા’’ આ ૧૦ માનવરત્નોનો પરિચય આપણને એવું માનવા અવશ્ય પ્રેરશે કે ભારત અને તેમાં પણ ગુજરાત અસ્મિતાઓની ઓળખ કરવાનો પૂર્ણ લ્હાવો આપે છે. આપણે વાંચતા રહીએ, જાણતા રહીએ અને આવા વિરલ વ્યક્તિત્વોને આત્મસાત્ કરતા રહીએ તેવી પ્રાર્થના.

---

‘પ્રેમ મંદિર’,
નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, કાલાવડ રોડ પાસે,
રાજકોટ-૩૬૦૦૦૧.


“કાષ્ટ વૈભવ”
નટુ મિસ્ત્રી
મો. ૯૮૨૫૨૯૪૮૬૬



"શણગાર"
રમેશ હાલારી
મો. ૯૮૯૮૩૩૮૬૮૧



“ઝનકાર”
પ્રશાંત પટેલ
મો. ૯૪૨૭૫૫૪૧૪૬



# “કબૂ... કબૂ...”

સંજીવ પંડ્યા
મો. ૯૯૯૮૯૯૯૮૦૯

# ભારતીય સંસ્કૃતિને આદિવાસીઓનું પ્રદાન

- *ડૉ. ભગવાનદાસ પટેલ*

**ન**વ પાષાણયુગમાં - પાંચ હજાર વર્ષ પહેલાં ભારતીય ઉપખંડમાં આદિવાસીઓ વસતા હતા. વેદોમાં આ પ્રજાતિનો ઉલ્લેખ 'નિષાદ' નામથી થયો છે. નિષાદ એ જ આજના 'ભીલ' આદિવાસીઓ એમ ડી.ડી. કોસામ્બી[૧] અને રોબર્ટ[૨] શેફર દૃઢતાપૂર્વક માને છે. પ્રજાતિના અત્યારના અભ્યાસીઓ પણ આ ભીલ આદિવાસીઓને આગ્નેય કે આદિ નિષાદ કહે છે. ભીલ આદિવાસીઓ પૂર્વકાલીન જાતિઓમાં મહત્ત્વની પ્રજાતિ ગણાય છે. ગુજરાતમાં ભીલ આદિવાસીઓની અનેક ઉપજાતિઓ વસે છે. આ આદિવાસીઓ જ ભારતના મૂળ નિવાસી છે. આ જાતિઓ આદિકાળથી અહીં વસતી હોવાથી એમને 'આદિમ જાતિ કે આદિવાસી' એવું નામ આપવામાં આવ્યું છે.

ભીલ આદિવાસીઓમાં કૉબરિયા ઠાકોરની કોળીનું અનુષ્ઠાન, ધૂળાના પાટનું અનુષ્ઠાન, દેવરાના રાતીજગાનું અનુષ્ઠાન જેવાં ધાર્મિક અનુષ્ઠાનોના પ્રસંગે તાજા અંગારા થાપળા (નળિયાં)ની વેદી પર મૂકીને લોટ, ચોખા કે ચૂરમાનો હોમ કરવાની પરંપરિત વિધિ છે. આ સમયે પૃથ્વીની ઉત્પત્તિકથાના મંત્રો ગાવામાં કે કથવામાં આવે છે. આ કથામાં પીપળ રખી(પિપ્લાદ ઋષિ), ધૂમ રખી (ધૌમ્ય ધૌમ ઋષિ), ગોતમ રખી (ગૌતમ ઋષિ) વગેરે ઋષિના ઉલ્લેખો આવે છે. આ વિધિ-વિધાનોનું પગેરું છેક તામ્ર-પથ્થરકાળની સંસ્કૃતિ- આશરે ત્રણ હજારથી છ હજાર વર્ષ સુધીના સમયખંડની સંસ્કૃતિ સુધી જવા સંભવ છે. ગોરના ઉત્સવ પ્રસંગે કરવામાં આવતી 'લિંગપૂજા', દેવરાની મૂર્તિઓ સ્થાપતી વખતે કરવામાં આવતી 'સર્પપૂજા' અને મોટી ન્યાત (મરણોત્તર ધાર્મિક ક્રિયા) સમયે કરવામાં આવતી 'વૃક્ષપૂજા'નાં મૂળ તામ્ર-પથ્થરકાળની સંસ્કૃતિથી પણ આગળ જવા સંભવ છે.

ભારતીય સભ્યતાના વિકાસમાં આ આદિનિષાદો કે આદિવાસીઓનું વિશેષ યોગદાન છે. ગુજરાતના ઉત્તરી-પૂર્વી અને ભારતના મધ્ય ઉપખંડમાં વસતા આ લોકોએ જ અહીં નવપાષાણયુગની સભ્યતાનો વિકાસ કર્યો છે. આ સભ્યતાએ જ આદિયુગથી ભારતીય સંસ્કૃતિના નિર્માણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. "વસ્તુઓની ગણતરી કોડી(૨૦)ના એકમથી કરવી, લગ્ન તથા ધાર્મિક વિધિઓમાં હળદર અને સિંદૂરનો ઉપયોગ, જાદુ અને ટોણામાં વિશ્વાસ, વૃક્ષ, સર્પ અને લિંગની પૂજા, મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ અને આત્માનો બીજી યોનીમાં જન્મ ધારણ કરવો વગેરે બાબતો પર અસ્પષ્ટ વિચાર, કૂર્મ વગેરે અવતાર કથાઓ, સૃષ્ટિ-રચના બાબતની અનેક કલ્પિત કથાઓ (જેમાંના કેટલાક વિચારો ઋગ્વેદના નાસદીય સૂક્ત સાથે મળતા આવે છે.), ઈંડામાંથી વિશ્વ-રચના જેવી કથાઓ નિષાદ કે આદિવાસીઓની ભેટ છે. એ કથાઓ પાછળથી પૌરાણિક હિંદુધર્મમાં અપનાવી લેવામાં આવી અને તે કેટલાંક પરિવર્તનો સાથે પૌરાણિક કથાઓ બની ગઈ.[૩]"

"તેમની કોલ કે મુંડા ભાષાઓમાંથી પક્ષીઓ, વૃક્ષો, કેટલીક ચીજવસ્તુઓ અને માનવશરીરનાં જુદાં જુદાં અંગોનાં નામ ભારતીય આર્ય ભાષાઓમાં આવ્યાં છે. દા.ત. શાલ્મલિ(શીમળો), બાલ(વાળ) અને કમ્બલ(કામળો) શબ્દ મુંડા ઉદ્ભવ ધરાવે છે. તેવી રીતે કદલી (કેળ), કર્પાસ (કપાસ), તાંબુલ (નાગરવેલનાં પાન), ચાવલ (ચોખા), લકુટ (લાકડી), લિંગ, બાલ, કૂડી(કોડી), માતંગ કે ગજ(હાથી), મરક્ (મરઘો-કૂકડો) જેવા ઘણા શબ્દો પણ એમાંથી ઉદ્ભવ્યા છે.[૪]"

વસતિ-ગણતરીના હેવાલમાં જે.એ. બેઈન્સ (ઈ.સ. ૧૮૯૧) અને જે.ટી. માર્ટિન (ઈ.સ. ૧૮૯૧) જેવા પરદેશી વિદ્વાનોએ આદિવાસીઓને પ્રકૃતિપૂજકો, ગૂઢ આત્માવાદી, પૂર્વજપૂજકો, જાદુ-ટોણામાં આસ્થા ધરાવનારા અને હિંદુધર્મથી અલગ 'આદિવાસી ધર્મ' પાળનારા લોકો તરીકે વર્ણવ્યા છે.

પરંતુ હિન્દુધર્મના પૂર્વકાલીન ધર્મગ્રંથો-વેદો તપાસવાથી સહેજે ખ્યાલ આવે છે કે આર્યો પણ પ્રકૃતિ-પૂજકો, પૂર્વજ-પૂર્વકો અને ગૂઢ આત્માવાદી હતા. આદિવાસીઓ કે પ્રાગૈતિહાસિક લોકોની માફક આર્યોએ પ્રકૃતિ તત્ત્વોનું માનવીકરણ કરી, તેઓને દેવી-દેવતા તરીકે સ્થાપી તેઓને રાજી રાખવા સ્તુતિઓ ગાઈ છે. તેઓમાં પણ પૂર્વજપૂજા પ્રચલિત હતી અને પૂર્વજોને ખુશ કરવા શ્રાદ્ધની વિવિધ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી જે આજ દિન સુધી હિંદુઓમાં અને આદિવાસીઓમાં પ્રચલિત છે. તેઓનાં દેવી-દેવતાઓમાં ઉષાને પ્રભાતની દેવી, પૃથ્વીને બધાં પ્રાણીઓની માતા, આકાશને પિતા, ઈન્દ્ર અને વાયુને વરસાદના દેવતા અને બૃહસ્પતિને વાણીનો દેવ ગણવામાં આવ્યા છે. ઋગ્વેદકાલીન આર્યોએ 'પ્રાકૃતિક, અપ્રાકૃતિક અને ભાવાત્મક તત્ત્વો' ને દેવ-દેવીઓ તરીકે માન્યાં છે. આ દેવ-દેવીઓ આદિવાસીઓ કે પ્રાગૈતિહાસિક દેવ-દેવીઓ સાથે સામ્ય અને નજીકનો સંબંધ ધરાવે છે.

દેવોને વશ કરીને ઇચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા અને શત્રુઓનો વિનાશ કરવા અથર્વવેદમાં સંમોહન, વશીકરણ, ઉચ્ચાટન વગેરે વિદ્યાઓ તથા ઘાતક મંત્રતંત્રાદિ અને મણિ-મોતી-તાવીજો અને વિવિધ ક્રિયા-વિધિઓના પ્રયોગો બતાવ્યા છે. જે અત્યારે આદિવાસીઓની જિવાતી જીવનરીતિમાં પ્રચલિત છે. ઋગ્વેદકાલીન આર્યોમાં આ ધાર્મિક અનુષ્ઠાનો તેઓના પુરોહિતો કરતા, જ્યારે

અત્યારે આદિવાસીઓના ભૂવા(ભોપા) અને સાધુ આ ધાર્મિક વિધિઓ કરે છે. વર્તમાન આદિવાસીઓની જેમ આર્ય ઉપાસકોનો અધ્યાત્મભાવ સરળ છતાં ગૂઢ રહસ્ય સ્વરૂપે વ્યક્ત થયેલો હતો.

આર્યોને દ્રાવિડ-પુલિન, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કારી પ્રજા પાસેથી જે વારસો મળ્યો હતો તે હિંદુધર્મનો ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પાયો ગણાય છે. આગળ દર્શાવ્યું છે તે પ્રમાણે પૃથ્વીની ઉત્પત્તિ અને અવતાર-કથા જેવાં ભારતનાં પૌરાણિક કથાનકો, કર્મ અને પુર્નજન્મ વિશેના વિચારો, સર્પ-વૃક્ષ-લિંગ-પૂજા, 'હોમ'ની વૈદિક વિધિથી ભિન્ન હિંદુ ઉપાસના - પૂજા વિધિ વગેરેનાં મૂળ આર્યેતર પ્રજામાં છે. આમ, વર્તમાન હિંદુધર્મનું સ્વરૂપ મુખ્યત્વે આર્ય અને દ્રવિડ, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કૃતિઓના મિલન અને યોગદાનનું મંગલદાયી પરિણામ છે. જેથી ભારતીય સંસ્કૃતિ એટલે આર્ય સંસ્કૃતિ એવું સમીકરણ પૂરતા પ્રમાણોના અભાવમાં માંડી નહીં શકાય.

''ભારતીય સભ્યતા કેવળ નોર્ડિક આર્ય જાતિની, કુલીન લોકોની જ સંસ્કૃતિ નથી. એ તો એકાદ પથ્થર સ્થાપીને એના પર સિંદૂર ચોપડી એની પૂજા કરનારા લોકોથી માંડીને, અદ્વૈતની મહત્તમ અનુભૂતિ સુધીનાં વૈવિધ્યોથી પોતાના જીવનમાં રંગ ભરનાર અને ભારતભૂમિને રંગમયી, વિચારમયી, ગતિમયી બનાવતી વિવિધ પ્રજાઓની સહિયારી સંસ્કૃતિ છે.''

ડૉ. ર.ના. મહેતા નોંધે છે એ પ્રમાણે, ''હિન્દુસ્તાનમાં સિંધુ નદીની સંસ્કૃતિના કાળ પછી આર્યોનું આગમન થયાની આપણી સદીના પૂર્વાર્ધની વિચારણા પ્રમાણાશ્રિત ન હોવાથી છોડી દેવી જોઈએ.[૫]'' રામકૃષ્ણ વેદાન્ત મઠના સ્વામી શંકરાનંદ પોતાના પુસ્તક 'હિન્દુ સ્ટેટ્સ ઓફ સુમેરિયા'માં નોંધે છે તે પ્રમાણે, ''સમન્વયકારી ભારતીય સભ્યતાના વિકાસરૂપ યુક્રેટિસના પટ પર અનેક હિંદુ નગર રાજ્યો વિસ્તરેલાં હતાં.'' આમ, ''આર્ય તત્ત્વોના તાણાઓ અને આર્યેતર તત્ત્વોના વાણાઓએ સમન્વયી ભારતીય સંસ્કૃતિનું પોત વણ્યું છે.'' અને આ ભારતીય સભ્યતા-સંસ્કૃતિનું ભાતીગળ રૂપ આર્યો અને અન્ય પ્રજાતિઓએ ભારત બહાર પણ પ્રસરાવ્યું છે.

આદિવાસી લોક-પરંપરા પૃથ્વી-પ્રકૃતિને જીવનથી નિરપેક્ષ નથી માનતી. પ્રકૃતિ અને સ્વયંના દેહને આધાર આપતી પૃથ્વી તરફ તેના માનસમાં આરંભથી પૂજ્યભાવ જાગ્યો છે. આથી તો મહામાર્ગી ભીલ આદિવાસી સાધુ પ્રાતઃકાળે જાગે છે ત્યારે વિચારે છેઃ

જેના ઉપર જીવનયાત્રાનો આજનો દિવસ આરંભ કરું છું એ પૃથ્વીમાતા શ્યામવર્ણ(રંગ)ની છે. પરંતુ, કમળદેહી છે. તેના પર પગ મૂકતાં જ તેને દુઃખ થશે. આથી તેની ક્ષમા માગતો મનમાં મંત્ર બોલીને પૃથ્વી પર પગ મૂકે છે.

આવો જ સંવેદનશીલ ભાવ તેને વૃક્ષ-વનરાજી તરફ પણ છે. દાતણ લેવા વૃક્ષ પાસે જાય છે ત્યારે સાધુ વિચારે છેઃ વૃક્ષમાં જીવ છે. તેની એક પાતળી ડાળી તેનું સજીવ અંગ છે. દાતણ કરવા કાપતાં તેને દુઃખ પહોંચશે. આથી તેની માફી માગતો મનમાં મંત્ર બોલીને પછી એક જ ડાળી કાપીને દાતણ કરે છે.

આવો જ ભાવ તેને જલચર સૃષ્ટિ સાથે પણ છે. સવારે સ્નાન કરવા જળાશય કિનારે જાય છે. ત્યારે સાધુ વિચારે છે :

જળાશયમાં જળ સૂતું છે. જળમાં જીવજંતુ પણ અત્યારે સૂતાં છે. સ્નાન કરવાથી સમય પહેલાં જાગશે, તેથી દુઃખ થશે. જેથી તેમની ક્ષમા માગતો મંત્ર બોલીને પછી સ્નાન કરે છે.

જેના આધારે આ જીવન છે એ પૃથ્વીને તંદુરસ્ત રાખવાનું જ્ઞાન આદિવાસી પાસે છે. માનવથી પૃથ્વી-પ્રકૃતિ અને વ્યક્તિથી સમાજ અગત્યનો છે- એ જીવનદર્શન આદિવાસીનું છે. પશ્ચિમની જીવનરીતિ અને જીવનદર્શન પ્રમાણે જીવન બચાવનારાં તત્ત્વો- પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશનાં નિર્મમ નાશને જ વિકાસનું નામ આપવામાં આવી રહ્યું છે. પશ્ચિમની આ વૈયક્તિક લોભની ઘેલછા 'વૈશ્વિકીકરણ' અને 'ઉદારીકરણ'ના સોહામણા નામે વિશ્વના ખૂણેખૂણામાં પ્રવેશી વનસંપત્તિ અને જળસ્રોતોને શોષી, બજારમાં કિંમત ઊભી કરી પૃથ્વીને રણમાં પલટી રહી છે. આવા કપરા સંજોગોમાં પૃથ્વી-પ્રકૃતિનું જતન કરતું, સૌનું મંગળ ઈચ્છતું, જરૂર પૂરતું જ કુદરતી સ્રોતનો ઉપયોગ કરતું, સામાજિક સ્તરભેદ વિનાનું સમતાવાદી આદિવાસી સમાજજીવન જ વૈયક્તિક વિઘાતક મૂલ્યોથી ઘેરાયેલા વિશ્વને વૈકલ્પિક જીવનરીતિ આપી શકશે. વૈયક્તિક ઉપભોગવાદથી ત્રસ્ત માનવજાત આદિવાસી પરંપરિત વિદ્યા-જ્ઞાન-જીવનરીતિ-જીવનદર્શનનો આશ્રય લઈને પોતાના નવા સમતાવાદી-ભાવવાદી સમાજનું નિર્માણ કરી શકશે. તેથી અત્યારે તો એક માત્ર જીવનદાયિની આદિવાસી સભ્યતા જ વિશ્વનું આશ્વાસન છે.

**સંદર્ભ**


૧. પ્રાચીન ભારત કી સંસ્કૃતિ ઔર સભ્યતા, કોસામ્બી ડી.ડી., પ્રથમ સંસ્કરણ, ૧૯૬૯.
૨. એન્થોગ્રાફી ઓફ એન્શિએન્ટ ઇન્ડિયા, રોબર્ટ શેફર, પૃ.૨૧
૩. ૨૨, જ્ઞાન ગંગોત્રી ગ્રંથશ્રેણી-ભારત દર્શન-૧ (ઇતિહાસઃ આદિયુગ), પ્રવીણચંદ્ર ચિ. પરીખ, પૃ.૧, પ્રથમ આવૃતિ : જાન્યુઆરી, ૧૯૮૨
૪. ભારતીય સંસ્કૃતિ, પુરાતાત્ત્વિક આધાર, લે. ગોવર્ધનરાય શર્મા, પૃ. ૮૧ અને ૮૪, પ્રથમ આવૃતિ : ૧૯૮૫
૫. '૨૦મી સદીમાં ગુજરાતમાં થયેલાં પ્રાગ અને આદ્યઐતિહાસિક અન્વેષણો અને ઉત્ખનનો,' વક્તાઓઃ ડૉ. રમણલાલ ના. મહેતા અને ડૉ. વિશ્વાસ એચ. સોનવણે, ગુજરાત ઇતિહાસ પરિષદ, ૧૧મું જ્ઞાનસત્ર, કેશોદ(સૌરાષ્ટ્ર)



*૩૦૪, મિથિલા, વિજયા બેંકની ઉપર,*
*જજિઝ બંગલા ચાર રસ્તા, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫*
*ફોન નં : ૦૭૯-૨૬૮૭૧૬૦૪ મો. ૯૪૨૮૧૯૯૫૭૯*

# વાંકાનેર

*- યાસીન દલાલ*

રાજકોટથી ટ્રેન રસ્તે સુરેન્દ્રનગર તરફ જઈએ એટલે પ્રથમ સ્ટેશન વાંકાનેરનું આવે છે. ટ્રેનમાંથી સામી બાજુ વાંકાનેરના રાજવીનો ભવ્ય મહેલ જોઈને આંખને ટાઢક થાય છે. સૌરાષ્ટ્રના બધા રાજ મહેલોમાં આ મહેલ આગવી ભાત છોડે છે. દૂરથી જોતાં લાગે છે કે મહેલ પર્વત ઉપર હશે. એકદમ ઊંચો મહેલ જોઈને અંદર જવાની ઇચ્છા થાય. ભૂતપૂર્વ રાજવી શ્રી દિગ્વિજયસિંહજી એક વખત કેન્દ્ર સરકારના પર્યાવરણ ખાતાના પ્રધાન રહી ચૂકયા છે. એમના પિતાશ્રી અમરસિંહજીનું બે એક વરસ પહેલાં સો વરસની ઉમરે અવસાન થયું.

થોડા સમય પહેલાં એન.ડી.ટી.વી.ની ''ગુડ ટાઈમ્સ'' ચેનલે વાંકાનેરના રજવાડા ઉપર એક કાર્યકમ પ્રસારિત કરેલો જેમાં હાલના રાજવી દિગ્વિજયસિંહજી ઉપરાંત રાજમાતા વિભાબાની મુલાકાતો પણ આવેલી. આ મહેલમાં ત્રણ માળનો એક કૂવો આવેલો છે જેની આસપાસ ચારેબાજુ બાંધકામ છે. મહેલમાં ઉપરથી પથ્થર ફેંકીએ તો કૂવામાં પડે ઉપરાંત અમરસિંહજીએ એક ભોંયરામાં મ્યુઝિયમ બનાવ્યું છે. આ મ્યુઝિયમમાં જાતજાતની દુર્લભ વસ્તુઓ સાચવવામાં આવી છે. મુખ્યત્વે સ્ટફ કરેલા પ્રાણીઓના શરીર જેમાં વાઘ, દીપડા અને સિંહ મુખ્ય છે. તેમણે કહ્યું કે દુનિયાના દરેક દેશમાં શિકારની પરંપરા છે. મેં દુનિયાના દરેક દેશમાં જઈને શિકાર કર્યો છે. કેટલાક દુર્લભ પ્રાણીઓનો શિકાર કરવા બદલ મને અફસોસ છે. અત્યારે મારું મુખ્ય કામ વન્યસૃષ્ટિના રક્ષણનું છે. એમણે ભોંયરામાં એક મ્યુઝિયમ બનાવ્યું છે જેમાં જાતજાતનાં હથિયારો છે. એક તલવાર વાંકાનેરમાં જ બનેલી છે. એણે એને 'નાગણ' નામ આપ્યું છે. એક તલવાર અલવરના મહારાજા તરફથી ભેટ મળેલી છે. એમણે જાતજાતની રિવોલ્વરોનો પણ સંગ્રહ કર્યો છે. એ પછી કાર્યક્રમના એન્કરે વિભાબાની મુલાકાત લીધી. વાંકાનેરના રાજવીએ પોતાના મહેલમાં કેટલાક કમરાઓમાં હેરિટેજ હોટેલ ઊભી કરી છે. વિભાબાએ કહ્યું કે મારો વિચાર જનાના હેરિટેજ ખોલવાનો છે . દૂરદૂરથી મહિલાઓ આવે એમની સાથે હું રહીશ અને એમની દેખરેખ રાખીશ. એમણે એક સોનીને બોલાવ્યો, સોનીએ જાતજાતનાં ઘરેણાં બતાવ્યાં જેમાં નેકલેસ, બંગડી અને ખિસ્સા ઘડિયાળનો સમાવેશ થાય છે. આ બધાં ઘરેણાઓમાં હીરા જડેલા હતા. એમણે દાવો કર્યો કે ભારતભરનાં રજવાડાઓમાં હજી પણ અમારાં દાગીના જાય છે.

આજનું વાંકાનેર મચ્છુ નદી ઉપર વસેલું છે. મૂળ વાંકાનેર હળવદ ધ્રાંગધ્રાના ઝાલા વંશમાંથી ઊતરી આવ્યું હતું. સરતાનજીએ બાબરિયા અને મહિયા પાસેથી જૂનું વાંકાનેર અને ૧૦૮ ગામડાં જીતી લીધાં અને ૧૬૦૫માં નવું વાંકાનેર વસાવ્યું. આ મુજબ આજે વાંકાનેરને લગભગ ચારસો વરસ થયાં. ત્યાંના મૂળ માલિક મહિયાઓ પછી મોરબીના સાદુળકા ગામ ચાલ્યા ગયા. પરંતુ તે પણ સરતાનજીએ લઈ લીધું. મહિયાઓ જૂનાગઢ પ્રદેશમાં આવતા રહ્યા તે આજસુધી માળિયા હાટીના વિસ્તારમાં વસે છે એમ કહેવાય છે કે ત્રણ મહાત્માઓ ફરતાં ફરતાં વાંકાનેર આવ્યા હતા. ફકીર મહમદ શાહ, હરજનપુરી ગોસાઈ અને વનમાળીદાસ વૈષ્ણવ ફરતાં ફરતાં વાંકાનેર આવ્યા. સરતાનજી એના દર્શને આવ્યા. મહમદ શાહે સરતાનજીને આશીર્વાદ આપ્યા. વાંકાનેરમાં સંકડાશ પડતાં ૧૬૫૦માં મચ્છુ નદી તથા પતાળિયા નામના વોંકળાની વચ્ચે નવું વાંકાનેર વસાવ્યું. આ પછી ત્યાં દરબારગઢ બંધાયો. ફકીર મહમદ શાહે ત્યાં દરગાહ સ્થાપી. એમને રાજય તરફથી અરણી ટીંબાનો ગરાસ અપાયો. વનમાળીદાસને ખીજડિયાનો ગરાસ અપાયો.

વાંકાનેર બીજા વર્ગનું સલામી રાજય હતું. ૪૧૭ ચોરસ માઈલનો વિસ્તાર હતો. ૧૦૨ ગામ હતાં. વાંકાનેરના ચાર મહાલ હતા. પહેલું વાંકાનેર મહાલ, બીજું તીથવા મહાલ, ત્રીજું મેસરિયા મહાલ અને ચોથું લુણસર મહાલ જેમાં ૧૦૨ ગામોનો સમાવેશ થતો. વાંકાનેર રાજયની વસતી ૧૮૮૧માં ૩૦૪૯૧, ૧૮૯૧માં ૩૯૩૩૮, ૧૯૦૧માં ૨૭૩૮૩, ૧૯૧૧માં ૩૨૬૩૫, ૧૯૨૨માં ૩૬૮૨૪ અને ૧૯૩૧માં ૪૪૨૫૯ની હતી. વાંકાનેર શહેરની વસતી ૧૮૮૧માં ૫૫૩૩, ૧૮૯૧માં ૭૦૦૧, ૧૯૦૧માં ૬૯૭૩, ૧૯૧૧માં ૭૮૮૭, ૧૯૨૧માં

૮૫૯૬, ૧૯૩૧માં ૧૧૧૩૨ અને ૨૦૦૧માં૪૦૧૯૧ હતી. એક એરપોર્ટ વાંકાનેરમાં પણ હતું.

વાંકાનેર રાજયના સ્થાપક સરતાનજીનો રાજયકાળ ૧૬૦૫ થી ૧૬૨૩નો હતો. તેઓ હળવદના રાજ સાહેબ મહારાણા ચંદ્રસિંહજીના પુત્ર પૃથ્વીરાજના પુત્ર હતા. સરતાનજીના પિતા ગુજરી ગયા ત્યારે તેમની માતા પોતાના દિયર થાન લખતર રાજયના સ્થાપક અભયસિંહજીના આશ્રયે થાનગઢમાં આવીને રહ્યાં. હળવદના રાજસાહેબે એમના રાજયને નુકસાન થશે એવી શંકાને લીધે થાનગઢમાં લશ્કર મોકલ્યું. અભયસિંહજીએ ભાભીને બીજે જતાં રહેવાનું કહ્યું, સરતાનજીની માને યાદ આવ્યું કે પોતે ચોટીલાના દરબાર લાખા ખાચરને રાખડીભાઈ બનાવ્યા છે. લાખા ખાચરને ખબર પડતાં જ તેમણે બારસો ઘોડા સાથે આવીને મદદરૂપ થયા અને પોતાના પિયર જાંબુડા પહોંચાડી દીધા. સરતાનજી મોટા થઈને હળવદ સામે બહારવટે ચડયા. પછી નવાનગરના જામની મદદથી એમને ઈડર પરણાવ્યા. જામે એમને એક હજાર અસવાર આપ્યા. પરિણામે એમનું લશ્કરી બળ મજબૂત બન્યું. ગઢિયાના ડુંગરમાં એમણે મહિયાઓ અને બાબરિયાઓ સાથે મૈત્રી બાંધી પણ એ લોકોએ સરતાનજીને મારીને એમની તમામ મિલકત પચાવી પાડવા પ્રયત્ન કર્યા. સરતાનજીએ આ સમાચાર જામને આપ્યા. જામે સરતાનજીને મદદ કરી પરિણામે બાબરિયા અને મહિયા શરણે થઈ ગયા. સરતાનજી વઢવાણથી સીધા વાંકાનેર આવ્યા એમ પણ કહેવાય છે. ડૉ. પ્રદ્યુમન ખાચર નોંધે છે કે "તારીખે સોરઠ-વ-હાલાર"માં દીવાન રણછોડજીએ લખ્યું છે કે વાંકાનેરમાં ભારાજી ઝાલાનું રાજ હતું જે પહેલાં હળવદનો ટીલાયત હતો. એના પિતા ગુજરી ગયા ત્યારે સરતાનજી ગામ બહાર એમના અગ્નિસંસ્કાર કરવા ગયા ત્યારે તેના ભાઈઓએ પાછળથી દરવાજા બંધ કરી સરતાનજીને બહાર જ રાખ્યા, તેથી સરતાનજી જામની સહાયતા લેવા ગયા અને તેમની મદદથી ૧૦૮ ગામો જીતી લીધાં.

સરતાનજીના મનમાં હજી હળવદ જીતવાની તમન્ના હતી. એમણે ઈડરના સાસરાપક્ષ- મદદ લઈ હળવદ જીતવાની યોજના કરી પણ કોઈ માણસે હળવદ જઈને અમરસિંહજીને વાત કરી દીધી. ઈ.સ.૧૬૨૩માં લડાઈ થઈ. જેમાં સરતાનજી માર્યા ગયા. તેમના મૃત્યુના ખબર રિસામણે બેઠેલાં એમનાં રાણી પ્રતાપકુંવરબાને ખબર પડતાં તેઓ સતી થઈ ગયાં. એમની સાથે એમની બહેનપણી સૂરજબાઈ પણ સતી થઈ ગયાં.

માનસિંહજી તેઓ વાંકાનેરના. બીજા શાસક હતા. ૧૬૨૩માં તેઓ ગાદીએ આવ્યા તેઓ સગીર હોવાથી રાજય તેમના કાકા રાજોજી ચલાવતા હતા. ૧૮૫૩માં તેમનું અવસાન થયું. તેમના પછી રાયસિંહજી ગાદીએ આવ્યા. એમણે ૧૬૫૩ થી ૧૬૭૯ સુધી રાજ ચલાવ્યું એને બે કુંવર હતા. એક ચંદ્રસિહજી અને બીજા વેરોજી. એમના અવસાન પછી ચોથા શાસક તરીકે ચંદ્રસિંહ પહેલા આવ્યા એમણે બાબી નજરઅલીખાનને હળવદમાં હરાવ્યા હતા. તેમણે ૧૬૭૯થી ૧૭૨૧ સુધી રાજ કર્યું. એમના પછી પૃથ્વીસિંહ સત્તા પર આવ્યા. તેમણે સાત વરસ રાજ કર્યું. ૧૭૨૮માં તેઓ ગુજરી ગયા. તેમને દીકરો નહોતો તેથી તેમના ભાઈ કેશરીસિંહ ગાદીએ આવ્યા. તેઓ વાંકાનેરના છઠ્ઠા શાસક હતા. જામસાહેબ ઈચ્છતા હતા કે કેશરીસિંહના બીજા ભાઈ વરસોજી ગાદીએ બેસે. વઢવાણે કેશરીસિંહને મદદ કરી રાજસિંહાસને બેસાડયા. ૧૭૪૯માં તેઓ ગુજરી ગયા. એમના પછી ભારોજી સાતમા શાસક બન્યા. એમના સમયમાં વાંકાનેરનું શાસન અસલામત બની ગયું. કાઠી દરબારો વાંકાનેર પંથક ધમરોળતા હતા. વાંકાનેરે પણ ભીમોરામાં લૂંટફાટ કરી. ભારોજીએ જૂનાગઢની સહાય માંગી. દીવાન અમરજીની મદદથી કાઠીઓને હરાવ્યા. તેઓ નિરંતર દાન કરનારા સાહસિક હતા. તેઓના દરબારમાં મહેમાનો માટે રોટલો એટલો મોટો આવતો કે ત્રણ માણસ સહેલાઈથી ખાઈ શકે.

૧૭૮૪માં કેસરીસિંહજી બીજા ગાદીએ બેઠા. ભારાજીના યુવરાજ મૃત્યુ પામ્યા હતા તેથી તેમના પૌત્ર કેશરીસિંહને ગાદી મળી. ૧૭૮૭માં ત્રણ વરસ શાસન કરીને તેઓ ગુજરી ગયા. એમની જગ્યાએ ચંદ્રસિંહજી બીજા આવ્યા. એમને પગે ખોટ હતી છતાં તેઓ બહાદુર હતા. રામપરડાના કાઠીઓએ છાબા અને હાપા, કરપડાએ વાંકાનેરની હદમાં આવીને લૂંટફાટ કરી. ચંદ્રસિંહજીએ રામપરડા ઉપર ચડાઈ - કરી અને કાઠી દરબારો પાસેથી બત્રીસ ઘોડીઓ લઈ આવ્યા એ જમાનામાં રિવાજ હતો કે વિજયના પ્રતીકરૂપે કંઈક લાવવું. રામપરડાના દરબારો ધ્રાંગધ્રાના રાજાના આશ્રયે હતા. જશવંતસિંહજીએ વેર વાળવા જામનગર અને જૂનાગઢની મદદ માંગી. આ બંને રાજવીઓને આમ પણ વાંકાનેર ઉપર ગુસ્સો હતો

જ. પરિણામે ત્રણેય રાજવીઓની ફોજે વાંકાનેરને ઘેરી લીધું. વાંકાનેરે જોરદાર મુકાબલો કર્યો. જશવંતસિંહજીએ કહેવડાવ્યું કે બત્રીસ ઘોડાઓ પાછા આપી દ્યો તો ત્રણેય લશ્કર પાછાં જતાં રહેશે. વાંકાનેરે ના પાડી. પરિણામે આ ઘોડાઓ માટે લડાઈ થઈ. જામ અને નવાબના લશ્કર પાછાં જતાં રહ્યાં. વાંકાનેર ઠાકોરે ત્યાંના શેઠ આદમજી અને ઝવેર વાલમ પાસેથી ધનદોલત મેળવ્યાં હતાં. આમ રાજાની શૂરવીરતા અને ધનિકોના ત્યાગ આમાં કામ કરી ગયો. એમણે જ અંગ્રેજો સાથે વોકર કરારમાં સહી કરી હતી. એમનું ૧૮૪૯માં મૃત્યુ થયું. ચંદ્રસિંહજીના અવસાન પછી વખતસિંહજી ગાદીએ આવ્યા. તેઓ ધાર્મિક પ્રકૃતિના હતા. તેમની સાથે અનેક ધાર્મિક કથાઓ વણાયેલી છે. વખતસિંહજીને સાત કુંવર અને છ કુંવરી હતાં. ૧૮૬૦માં તેમનું અવસાન થયું. આ પછી બનેસિંહજી ૧૧માં શાસક તરીકે બેઠા. વખતસિંહજીને જશવંતસિંહજી નામના યુવરાજ હતા. પણ વીસ વરસની ઉંમરે તેઓ મૃત્યુ પામ્યા તેથી પૌત્ર બનેસિંહજીને ગાદી મળી. તેમણે રાજયને પ્રગતિશીલ બનાવવાનાં ઘણાં પગલાં લીધાં અને રાજય ઉપરનું દેવું ભરી દીધું અને વાંકાનેરનો કિલ્લો રિપેર કરાવ્યો. નવી જેલ અને હોસ્પિટલ ખોલી. પોલીસ પ્રથા દાખલ કરી. તેમણે છ નવાં ગામ વસાવ્યાં- ૧૮૮૧ માં એમનું અવસાન થયું. એમના પછી વાંકાનેરની ગાદી ઉપર બારમા શાસક તરીકે અમરસિંહજી આવ્યા. એમનો જન્મ ૪/૧/૧૮૭૯ના રોજ થયો હતો. ૧૮૮૧માં તેઓ ગાદીએ બેઠા પણ તેમની ઉંમર બે વરસ હોવાથી પોલિટિકલ એજન્ટની દેખરેખ નીચે વહીવટ ચાલતો. ૧૮૯૯માં એમને પૂરી સત્તા મળી પોલિટિક્લ એજન્ટ શ્રી હંટરે ભગવતસિહજીનાં મહારાણી અને વડીયા દરબાર શ્રી બાવાવાળાની હાજરીમાં એમને રાજ સોંપ્યું. તેઓ રાજકુમાર કોલેજમાં ભણ્યા હતા. રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ મેળવેલી. યુરોપનો પ્રવાસ પણ કર્યો હતો. અંગ્રેજ સરકારે એમને કે.સી.આઈ.ઈ.નો ઈલ્કાબ આપ્યો હતો. તેમણે પ્રથમ વિશ્વયુદ્ધમાં ભાગ લીધેલો. વાંકાનેરના પ્રજાજનોની અનિચ્છા છતાં તેઓ યુદ્ધમાં ગયા. યુરોપ પહોંચી આઠ મહિના યુદ્ધમાં ગાળ્યા. ૧૯૧૬માં વાંકાનેર પાછા આવ્યા. તેમની સાથે કુમાર શિવભદ્રસિંહજી પણ ગયા હતા. પ્રથમ વિશ્વયુદ્ધના મોરચેથી તેઓ પાછા આવ્યા ત્યારે ચાર દિવસ મહોત્સવ ઉજવાયો હતો.

તેમણે ઝાલા કુળના ઈતિહાસને આવરી લેતો વિસ્તૃત ગ્રંથ રાજકવિ નથુરામ શુક્લ દ્વારા તૈયાર કરાવ્યો જેમાં બાર વરસ લાગ્યાં. એમના શાસનમાં વાંકાનેરે જોરદાર વિકાસ કર્યો. દુકાળ વખતે તેમણે તળાવો ખોદાવ્યાં તેમજ કેનાલોનું સમારકામ કર્યું અને ગામે ગામ કૂવા ખોદાવ્યા. તેમણે અમરસસ, જામસર, ગોક્ળપર, છત્તર, કાશીપર સહિત ૧૭ ગામો વસાવ્યાં. એમણે પાતાળિયા વોંકળાનો પૂલ બંધાવ્યો, યુરોપિયન ગેસ્ટહાઉસ બંધાવ્યું અને મોટીબા હોસ્પિટલ બંધાવી, જેનું ઉદ્ઘાટન મુંબઈના ગવર્નરે કર્યું. ૧૯૧૩માં કાઠિયાવાડના એજન્ટ સ્લેડનના હાથે સર જયોર્જ હાઈસ્કૂલનો પાયો નંખાયો. ૧૯૧૫માં પાવરહાઉસનું ઉદ્ઘાટન કચ્છના મહારાજાના હાથે થયું. વાંકાનેરની મુલાકાતે લોર્ડ ઇરવિન તથા વિલિંગ્ડન પણ આવ્યા. એમને ત્યાં ૧૯૦૭માં મોટા પુત્ર પ્રતાપસિંહજી જન્મ્યા અને પ્રતાપસિંહજીને ત્યાં દિગ્વિજયસિંહજી ૧૯૩૨માં જન્મ્યા. ૨૦૦૧માં ધરતીકંપે વાંકાનેરને પણ નુકસાન કર્યું. પુલના દરવાજાઓને જબ્બર નુકસાન થયું. રણજીત વિલાસ પેલેસના થોડા કાંગરા ખરી પડ્યા.

સ્વાતંત્ર્ય સેનાની શ્રી જાદવજી મોદી વાંકાનેરના હતા. એ જ રીતે મનુભાઈ મહેતા વાંકાનેરના જ હતા. વાંકાનેરમાં ઘણા પાળિયાઓ આવેલા છે. અહીંના લુહારોના બનાવેલાં તાળાં વખણાય છે. તેમજ જવેલરી પણ પ્રખ્યાત છે.

*'આશિયાના', ૭, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦૦૦૭*
*ફોન - ૨૫૭૫૩૨૭*



Directorate of Information
Gujarat

Social Media

gujaratinformation.gujarat.gov.in

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

# ઘટના પ્રધાન રચના

*- દોલત ભટ્ટ*

**૧૮૫૭ના બળવાના સમયનું સૂરત**

અઢારસો સત્તાવન મહા ભેંકારી
 લાગી જોને બળવા કેરી લ્હાય,
સૂરત શહેર શું કરે બિચારું હિંદ કરે હાય હાય ... ટેક
પરદેશી ગોરાઓ આવ્યા સૂરતમોજારે
 પાજીઓ કરવાને વેપાર,
કાવાદાવા પ્રપંચ કરીને પાસાં કર્યા પોબાર,
ઈસ્ટ ઈન્ડિયા સરકાર બની મતવાલી,
 કરતી જ્યાં ત્યાં પગપેસાર,
ખાલસા નીતિ અજમાવે ખૂબીથી
 લૂંટે રાજ દરબાર,
શીખ ગુરખાને જાટનું લશ્કર અતિ ભારી,
પઠાણ ડોગરા ફોજ કરી તૈયારી
રજવાડા કૈં રોળ્યાં સત્તાધારી,
ભારતમાં ડંકો વાગ્યો અંગ્રેજનો ભારી,
ગોરું સામ્રાજ્ય સ્થપાયું હિંદમાંય સૂરત(૧)
પરદેશી ગોરાઓ હિંદ પચાવી બેઠા,
 હિંદીના હૈયે ઊઠી આગ,
દિલ્હીપતિ બહાદુરશાહ જુ કરે,
 માંડ્યો અખંડિત જાગ,
લખનૌ નવાબ વાજીદ અલીશાહ ભાટી,
 લશ્કર સજી પોતે બન્યા સજાગ
હાક વાગી સૌ હિંદી જાગ્યા
 ધોવા દેશનો ડાગ.
હિંદી લશ્કરમાં પ્રગટી ઊઠી હોળી,
ભ્રષ્ટ કરે છે કારતૂસ કેરી ગોળી
દુષ્ટે એને ફક્કરની ચરણીમાં બોળી,
હિંદુ મુસલમાન દીધા રગદોળી,
લશ્કરો સામ સામે અથડાય. સૂરત(૨)
જુફરશાહને કીધા બંદીવાને,
 ભાગતો ફરે મુગલનો વંશ,
ખોળી ખોળીને કતલ ચલાવે,
કરી નાખે વિધ્વંશ,
વાજીદ અલી શાહ લખનૌ ઘેરી લીયું
 કેદ કરી શોધ્યો એનો અંશ.
કતલ કારમી કાનપુરની
 સૂણતાં લાગે દંશ
અહમદશાહ હનુમંતસિંહ હોમાયા,
કુંવરસિંહે છક્કા એના છોડાવ્યા,
અમરસિંહે ઈતિહાસે નામ દીપાવ્યાં,
નાના સાહેબની પાછળ સહુ પટકાયા.
ગોરાએ મૂકી દીધી માજાય. સૂરત(૩)
જંગે ચઢી ઝાંસીની રાણી મરદાની,
 હિંદવાલી કૂદી પડી મેદાન,
કંઈક ગોરા કર્નલના એ તે,
 કીધાં રુધિર પાન,
રણચંડી મુઝે ભારતની નારી,
 ગોરાનું ઉતાર્યું અભિમાન,
અમર બની ઈતિહાસે ગાજે,
 લક્ષ્મીબાઈની શાન,
પ્રપંચ કરી પંજાબ પચાવી લીધું,
 પઠાણ વીરોએ સરહદ રાખ્યું સીધું.
બળીઆ દેખી અંગ્રેજ સરકાર લીધું
નેપાળ ગુરખા વીરોએ નમવા નહિ દીધું.
અમર બની ઈતિહાસે વંચાય. સૂરત(૪)
અજનાબાના બૂરા અત્યાચારે
 બકરી ઈદનો દિવસ દિલજાન,
ખોળી ખોળીને મુસલમાનોની,
 કતલ કરી નાદાન,
બાળક બુઢ્ઢાને કતલ કરી કંઈ નારી,
 લાશોનો કૂવો ભર્યો તે સ્થાન.
અંગ્રેજોના એ અત્યાચારને ભૂલ્યા મુસલમાન
નિઝામ ખંધો દેશદ્રોહી દિલજાને,
ગોરાને સોંપ્યા એણે પકડી મુસલમાને
અંગ્રેજે તેમની કતલ કરી હેવાને,
ભાઈભાઈને મરાવી પામ્યો માને
કર્મચંડાળ કંઈ થયા આ ભારતમાંય. સૂરત(૫)
બળવાની આગ સળગી ગઈ દેશમાં કારી

સૂરતની દશા કરું આ કામ.
ભયભીત થઈ કંઈ લોક ભાગતા
માયાળુજી લઈ હાય.
મારગમાં નોંધારા થઈને લૂંટાયા
બિચારા બની ગયા બેહાલ
ધનદોલત કંઈ લોકે દાટ્યાં
શાહુકારે આપ્યાં તમામ
જનતાના હૈયે ઉત્પાત મચ્યો અતિ ભારી,
સરકારે લશ્કરની કીધી ઘણી તૈયારી,
શેખ સયદ હુસેન એડ્સની લીધી યારી,
એણે હિંદુ મુસ્લિમ સર્વેને લીધાં વારી,
ગોરાથી શાને કરો છો બુરાઈ. સૂરત(૬)
આવ્યું ગોરું લશ્કર શહેર માં હાં રે,
મસ્તાના મચાવતા ઘમસાણ,
માલ પરાયો સમજી પોતાનો,
લૂંટી લેતા હેવાન,
ફરિયાદ કરે પણ કોણ સૂણે?
પોકારે ગાડું એ લશ્કર છે તોફાન
નામ લેશો તો નિશ્ચે તમારું,
આવી જશે અવસાન.
ગોરા સોલ્જરનો ભય લાગે બહુ ભારી
આવ્યું લશ્કર જાણી સૌ ઢાંકે બારણાં બારી
રસ્તે ઘાટે કોઈ ફરતી સુંદર, નારી,
પાજીઓ જોઈને પોંચા કરડે તે વારી
હવસના કૂતરાઓ કહેવાય. સૂરત(૭)
ભૂંડા હાલે કાંઈ લલના ઝીલી લીધી,
અબળાએ કરતી આંસુપાત,
સોલ્જર લોતી છાવણીમાં જઈ,
કરતી મહા કલ્પાંત,
વિષયના કીડા એનું રુધિર ચૂસી લેતાં,
જંપવા દેતા નહીં દિન રાત,
ગાજર મૂળાની જેમ સ્તન કરડીને
ફેંકી દેતા એનાં ગાત્ર,
કાચા માંસના કરતાં જેઓ આહારે
અબળા પર બહુ કરતા અત્યાચારે,
ગોરા સોલ્જર કેર કરે બહુ ભારે,
કોઈ કહેવા જાય તો ગોળીથી વીંધી મારે
ભૂડાની મોકાણો બહુ સંભળાય. સૂરત(૮)

બંડખોર એક સાધુ નિર્મળદાસે,
શહેરમાં કરે છે જૂઠો પ્રચાર,
ભેગી કરે મંદિરમાં મેદની,
સૌનો એ છે સરદાર,
ગોરા કલેક્ટરે હુકમ કર્યો તે વારે,
પકડીને લાવો આણે ઠાર.
નિર્મળદા અને પકડી લાવી,
પૂર્યા જેલ મોઝાર.
જેલમાં બેસી ચમત્કારો બહુ કરતા
ઘોડીએ બેસીને ફેરી નગરમાં ફરતા
મંદિરમાં જુઓ તો સંધ્યા આરતી કરતા
જેલરને પછાડ્યો બૂરો મોત મરતા
સંતપુરુષના મોટો એ મહિમાય. સૂરત(૯)
ગોરા અંગ્રેજના સ્થાને પહેરો છે ભારી
રાત પડે થાય મહા ધમરોળ.
છેડો વાળીને અબળા ઘણેરી કરતી રડારોળ,
પામી ગોરા તું સાધુને કેમ સતાવે?
મોત તારું ચઢી બેઠું ચકડોળ
ગોરો પૂછે સિપાઈ લોકને શાની છે ધમરોળ?
હિંદી સિપાઈએ વાત કહી વિસ્તારી,
સાહેબ અમૌ સૌ ગયા એનાથી હારી
કોઈ સંતપુરુષની લાગે છે સહિયારી
સાહેબ તમને શાપ દે છે બહુ ભારી
ગોરો ઝટ સમજી ગયો મનમાંય. સૂરત(૧૦)
સંત પુરુષને પ્રેમે શીશ નમાવી
ગોરાએ મુક્ત કર્યા દઈ માનવી
ભૂલ થઈ છે ભારે હમારી
દિલમાં ન દેશો ધ્યાન
મંદિરે આવતાં દિલમાં થયા ઉદાસી
સાધુ એક રામકિસન નિરવાણ
પકડી ગયા સિપાઈ પ્રપંચી
યજ્ઞ કરે તે સ્થાન
સદ્‌ગુરુ નિર્મલદાસ થયા ઉદાસી
પહોંચ્યા ગોરાની પાસ કરીને હાંસી
સાધુ જનને સતાવો સત્યાનાશી,
ગોરો સમજ્યો મનમાંય સાધુ સુખરાચી
સાધુને છોડી મૂક્યાં ક્ષણમાંય સૂરત(૧૧)
રાણા કોમના ભજનિકો બહુ ભારી

રાતે ભજન કરે દિલજાન
ભજનાંનદની ધૂન મચાવી
ભૂલી દેહનું ભાન
માજુમ રાતે આવ્યા સિપાઈઓ દોડી
સહુને પકડી ગયા નાદાન
કારાગૃહમાં પૂરી દઈને કીધાં બંદીવાન
નિર્મળદાસે વાત સાંભળી તે વારે,
સદ્‌ગુરુ ધાયા ભક્તજનોની વહારે,
સિપાઈઓ પકડી લાવ્યા અવિચારે,
સાધુની વાત ગોરાએ માની નિરધારે,
ભક્તોને મુક્ત કરાવ્યા ત્યાંય. સૂરત (૧૨)
શકમંદ થઈને ધરતી જડતી લેતા,
મંદિરો શોધી વળ્યા તમામ,
મસ્જિદોમાં નહિ થાય મેદની,
રાખ્યો ભૂંડો દમામ,
જોર કરી કંઈ લોહના જામીન લીધા,
લેશો નહીં બળવા કેરું નામ,
સૂરત શહેર ભયાનક દીસે, કાંપે લોક તમામ
શોધ કરતાં હથિયારો મળ્યાં બહુ ભારી,
બળવાખોરોની લાગી નહિ કાંઈ યારી,
છટકી ગયા સહુ પુરણ કરી બલિહારી.
શકમંદ જાણીને બતાવે જેલની બારી.
કોને જઈ કહેવો ગોરાનો "ન્યાય"? સૂરત(૧૩)
દફતરમાં હતી નોકરી પટાવાળાની
સાહેબ વાત કરે બહુ પેર,
બળવા કેરી કથા સૂણીને સાંજે આવતો ઘેર,
ઘરને આંગમે મિજલસ મળે બહુ સારી,
વાત હું કરતો રૂડી પેર
આવી અચાનક, પકડી ગયા
સિપાઈને શાની મહેર?
ત્રણ વરસની સજા દીધી ફરમાવી
જેલર સાથે પ્રીત થઈ મનભાવી
એને બળવા કેરી વાતો બહુ સંભળાવી
જોયું સાંભળ્યું તે લખી લીધું ઘેર આવી.
હરિલાલને ભેટી બળવા કેરી બલાય. સૂરત(૧૪)
બત્રીસ માણસો કેદી હતા સૂરતના,
ભૂડાઓ પકડી લીધેના ન-કાળ
કાયર થઈને રૂવે બિચારા,
હૈયે રહે નહિ હામ,
સમય વીત્યો ને સજા થઈ ગઈ પૂરી,
કેદથી મુક્ત થયા તે કામ.
બળવાની આગ બુઝાયેલી દીઠી
ઘેર આવી બેઠા આરામ
ગુરુ બંસીલાલે કૃપા ઘણેરી કીધી
હેત કરીને શાયરી મુજને દીધી
જૂન અઢારસો ત્રેસઠને ચૌદમી સદી
ગોરાનાં અકર્મ કેમ ગવાય? સૂરત(૧૫)

**શાયર હરિલાલ**
**ઈ.સ. ૧૮૬૩**

(Appearing in "The Theosophist," May 1880 pp. 209.)

WELCOME THEOSOPHY !

By Narmadashankar Lalshankar, Esq.
(the Gujarati Poet)
Composed for, and read at, The fourth Anniversary of the Theosophical Society.

**(સોરઠો)**

રૂડો મળ્યો સમાજ, મિત્ર કવણને કામ આ?
કવણ પ્રસંગે આજ, કરવા કવણ વિચારને? -૧

**(દોહરા)**

અમેરિકાથી આવિયા, ભરતખંડ મોઝાર,
સ્થાપી કરવા વાસ્તે, મિત્ર થયા હિતકાર. -૨
બહુ જાણે વિદ્યા કળા, શોધક વળી સમર્થ,
જડ ચેતનના ધર્મમાં, વિશેષ દાખે અર્થ. -૩
આર્ય તણી વિદ્યા પરમ, તે પર મોટો ભાવ,
કરવા જિર્ણોદ્ધાર તે, શ્રમે કરે પ્રસ્તાવ. -૪
દેહ માહિનાં તત્ત્વનો, ઝાઝો કરવે શોધ,
સભા સ્થાપિ ન્યૂર્યોકમાં, લેવા દેવા બોધ. -૫
મુંબઈમાં શાખા કરી, જાણી ઘણી અગત્ય,
પ્રતિ માસે તે દાખવે, આર્ય શાસ્ત્રનાં સત્ય. -૬

**(ગીતો)**

તે મિત્રોને ત્યાં સઉ, છીએ મલ્યા આપણે અહીં આજે,
બહુ જીવો એ રોહો, પ્રસન્ન ઉદ્યમ સદાય સત્કાજે. -૭
યોદ્ધા ઉભે યશસ્વી, બ્લાવાસ્ટકી ઓલકોટ એ ઘુમતા,
શોધ ભૂમી પર નિશ્ચળ, પ્રતિપક્ષી તે મમત મુકી હઠતા.-૮

(પદ)

ઓચ્છવ છે આજ સઉ હર્ષ મિત્ર માણે
સભા સ્થાપી એહ દિવસ કીર્તિ કરે ગાણે-ઓચ્છવ. -૯
શાખા ત્યાં ત્યાં મળે જન સમારંભ ટાણે,
સાક્ષરો તો રાજી થઈ શ્રમ યશાળ જાણે-ઓચ્છવ -૧૦
સર્વે સંબંધી આવે સુપ્રતીતિ આણે,
ચિત્ત ધર્મ ગુઢ તોય સત્વ તે પ્રમાણે-ઓચ્છવ -૧૧
સત્ય સત્ય સત્ય જ્ઞાન આદિવેદ ખાણે,
બ્રાહ્ય બ્રૌધ્ય જૈન શાસ્ત્ર યોગને વકાણે-ઓચ્છવ -૧૨

(રોલા)

બાહ્ય ઇંદ્રિયે લહ્યું, તે જ સાચું બીજું નહિ,
આ શૈકામાં એમ, જગતમાં ચાલ્યું જહિં તહિં. -૧૩
જેનો બહુ દ્રઢ ભાવ, પૂર્વના સિદ્ધાંતો પર,
આર્ય તેહ પણ ભુલ્યા, બાજતાં મોહ તણો થર. -૧૪
યોગ સિદ્ધિનાં સત્ય, અતીસેં રેવિગુવાયાં,
તાણ્યા તૂણ્યા તર્ક, તૂત છળ વહેમ મનાયા. -૧૫
પિતૃદેવને ને ભૂત, વસ્તુતઃ નહીં જ કોએ,
કલ્પિત રૂપક નામે, બોધ દેવામાં સોએ. -૧૬
મંત્ર તંત્ર એ જુક્તિ, જુઠાં પાખંડ ગણાય.
ધુર્ત્ત વર્ગનાં કૃત્યે, રાંક અણજાણ ઠગાય. -૧૭
ફેરફાર એ થયો, ધર્મની પાળ ખણાઈ,
ચેતન વિદ્યા વડી, છેક નિસ્તેજ જણાઈ. -૧૮
અહિયા તેમજ બધે, જગત નો સ્થૂળ જ જોએ,
પદાર્થ વિદ્યા તણું, તેજ બળ ઝલકી મોંહે. -૧૯

(સાખી)

વળી આમ જુઓ(૩) બોલો કેમ જણાએ,
જુઠું જાણ્યું તે તો હવે સાચું થાએ. -૨૦

(રોલા)

વર્ષ અઢાર ઉપર અમેરિકાનાં લોકે,
ભૂતિયોની ભાણી સત્ય, દાખલાઓને થોકે. -૨૧
વર્ષ થયાં છે ચાર સભા થઈ થીઓસોફીની,
તે માને છે સત્ય વિભૂતિઓ સિદ્ધીની. -૨૨
પશ્ચિમવાસી બીજા અમુક મોટા વિદ્વાનો,
પરોક્ષ વિદ્યા વિષે કહે છે સાચી માનો. -૨૩
વર્ષ થયાં છી વીસ લખ્યું વિષ્ણુ બાપાએ,
દશ દિધું પ્રત્યક્ષ સત્યશ્રંગી માતાએ. -૨૪
પાંચ વર્ષમાં વલી હતા જે વિચારવંતા,
સંશય ટાલી થયા સિદ્ધિઓને માનતાં. -૨૫
પંડીતને પ્રખ્યાત દયાનંદ સ્વામીએ પણ,
આ વર્ષે સર્વત્ર સ્પષ્ટ ભાખ્યું શંકાઈણ. -૨૬
યોગક્રિયાએ કરે કર્મ અદ્બુત આત્માએ,
સંયોજી દે તત્ત્વ ભીતરનાં નિજ ઈચ્છાએ. -૨૭
સભા સ્થપાઈ અહીં આર્ય પણ થયા છ સાથી,
અહીંના જનતો થશે મુક્ત વેળા શંકાથી. -૨૮
નથી લોકને અર્થ જાણવે શાસ્ત્ર જ કોએ,
માની સિદ્ધિને સત્ય ક્રિયા કરશે દ્રઢતાએ. -૨૯
સિદ્ધિ લાભ છે તુચ્છ મહાત્મા જ્ઞાની ભાખે,
તત્ત્વ જ્ઞાનને ધર્મ એહને અવશ્ય રાખે. -૩૦
પણ સાંપ્રતમાં વિષય અવશ્યે જો ચર્ચાએ,
સર્વ જગતને લાભ ખરો ને મોટો થાએ. -૩૧
મરણ પછીની જાણ અર્થ સંસારી કેરી,
ધર્મનીતિની જાણ વ્યાપી આત્મા પ્રભુ તેની. -૩૨
થાય વળી વિદ્વાન ધર્મ ચૈતનના જાણે
ભેદ લહી બહુ ભાત સુખદ ઉપયોગે આણે. -૩૩
થયો દીઠો આરંભ ફરતાં વિચાર કેરો
ચાલે છે ઉદ્યોગ સમયને જશું વેલ. -૩૪
સમય સૂચના કરે ફરીથી સિદ્ધિ મનાશે,
ચૈતન વિદ્યા તણું તેજબળ વિશેષ થાશે. -૩૫

(પદ)

પ્રભુતણું ચિંતન ધરીએ હૃદયમાં, પ્રભુ તણું ચિંતન ધરીએ,
સિદ્ધિ સ્વભાવે સમયે સિદ્ધિમતે વિવિધ કહેવાય હૃદયમાં -૩૬
પૂર્વ કર્મથી ક્રિય માણે ભેદે એમ મનાય-હૃદયમાં. -૩૭
મંત્રજપે વળી યોગ ક્રિયાયે સાધન યેલેખાય-હૃદયમાં.-૩૯
સિદ્ધેશ્વર અનુકુળ તો જ તપ, સિદ્ધ સફળ સોહાય-હૃદયમાં.-૪૦

(સોરઠા)

જય જય નિત્ય પ્રકાશ ! અસ્ત ઉદય લીલા રમે!
અસ્ત જાડ્યનો રાશ! ઉદય ઉદય થીઓસોફી. -૪૧

*૨૫/૪ 'ઘ' ટાઈપ, સેક્ટર-૨૨, ગાંધીનગર.*
*મો. ૯૮૨૫૫૨૬૨૫૫*

# યોગેશ્વરકૃત કથાસાહિત્ય

*- પ્રસાદ બ્રહ્મભટ્ટ*

ગુજરાતના ગરવા સંતસાહિત્યકાર યોગેશ્વરજીનો જન્મ અમદાવાદ અને ધોળકાની વચ્ચે આવેલા સરોડા ગામમાં બ્રાહ્મણકુટુંબમાં ૧૫ ઑગસ્ટ, ૧૯૨૧ના રોજ થયો હતો. મૂળ નામ ભાઈલાલ. પિતાનું નામ મણિલાલ ભટ્ટ. આર્થિક સ્થિતિ સાધારણ. ભાઈલાલે પ્રાથમિક શિક્ષણ સરોડામાં લીધું. તેમની નવ વર્ષની વયે પિતાનું અવસાન થયું. પછી તેઓ મુંબઈ ગયા. મામાના પ્રયાસથી લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ થઈ શાળાનું શિક્ષણ પૂરું કર્યું. સત્તર વર્ષે મેટ્રિક પાસ થઈ વિલ્સન કૉલેજમાં દાખલ થયા, પણ પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ થતાં, અભ્યાસ છોડી દીધો. કૉલેજકાળ દરમિયાન તેમના જીવનમાં મુખ્ય બે પ્રવાહનાં દર્શન થાય છે. આત્મોન્નતિની સાધનાનો અને સાહિત્ય વાચનલેખનનો. જીવનભર આ બંને પ્રવાહો સતત વહેતા રહ્યા.

ઈ.સ. ૧૯૪૩ થી ૧૯૮૪ સુધી સતત ચાલેલી કલમ દ્વારા યોગેશ્વરજીએ ૧૫૪ જેટલાં પુસ્તકોનું લેખન કરેલું. તેમાં ૪ દીર્ઘકથાકાવ્યો, ૨૫ ઊર્મિકાવ્યોના સંચયો, ૧૪ ગદ્યકાવ્ય સંચયો, ૧૪ નવલકથાઓ, ૧ નાટક, ૧ નવલિકાસંગ્રહ, ૩ જીવનચરિત્રો, ૫ આત્મચરિત્રાત્મક કૃતિઓ, ૬ પ્રવાસ પુસ્તકો, ૩ રેખાચિત્ર સંચયો, ૨ પત્રસંગ્રહો, ૩ પ્રસંગચિત્રો, ૭ યોગદર્શનવિષયક ગ્રંથો, ૭ ઉપનિષદ વિષયક ગ્રંથો, ૨૬ ધર્મવિચારના ગ્રંથો, ૩ ગદ્યાનુવાદો અને ૬ પદ્યાનુવાદોનો સમાવેશ થાય છે. તેમનું બૃહદ આત્મવૃત્તાંત 'પ્રકાશના પંથે' બે ભાગમાં પ્રકાશિત થયું છે. ૧૯૫૩માં પ્રકાશિત 'સરળગીતા'ની સંખ્યાબંધ આવૃત્તિઓ થઈ છે. તેમણે તુલસીદાસરચિત 'રામચરિતમાનસ'નો ગુજરાતીમાં ભાવાત્મક પદ્યાનુવાદ કર્યો છે. જેની પ્રસ્તાવના અનંતરાય રાવળે લખી છે. 'રામાયણ દર્શન' સીતાહરણ પછીની ઘટનાઓને કેન્દ્રમાં રાખી રચાયેલું દીર્ઘ કથાકાવ્ય છે. 'મહાભારતનાં મોતી' એ મહાભારતના પ્રસંગવિશેષોને આધારે લખાયેલો ચિંતાનાત્મક ગ્રંથ છે. ભગવદ્‌ગીતા પર તેમણે અનેક પુસ્તકો લખ્યાં છે. 'ગીતાદર્શન'માં તો તેમણે વિરાટ વિશ્વદર્શન કરાવ્યું છે. ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રના ગ્રંથોનું તેમને અનુભવાત્મક જ્ઞાન હતું અને તે તેમણે સામાન્ય લોકો સમજી શકે એવી સરળ અને પ્રાસાદિક શૈલીમાં વ્યક્ત કર્યું છે. તત્ત્વચિંતનનું તેમણે આપેલું વિપુલ સાહિત્ય ગુજરાતના ધર્મતત્ત્વવિચારમાં અનોખી ભાત પાડે છે. ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે તેમણે 'ગાંધીગૌરવ' નામક મહાકાવ્ય રચેલું જે કાકાસાહેબ કાલેલકર અને મોરારજી દેસાઈના આમુખ સાથે નવજીવન દ્વારા પ્રગટ થયેલું. ૧૮ માર્ચ ૧૯૮૪ના રોજ મુંબઈમાં શ્રીમદ્‌ ભાગવત પર પ્રવચન આપતાં તેમણે દેહ છોડેલો. તેમનાં સમર્થ શિષ્યા મા સર્વેશ્વરી 'સ્વર્ગારોહણ' સંસ્થા દ્વારા યોગેશ્વરજીનું સત્સંગપ્રધાન જનકલ્યાણલક્ષી જીવનકાર્ય આગળ ધપાવી રહ્યાં છે. ગુજરાતમાં અને ગુજરાત બહાર તેમનો વિશાળ અનુયાયી વર્ગ છે.

**'મહાભારતનાં મોતી' એ મહાભારતના પ્રસંગવિશેષોને આધારે લખાયેલો ચિંતાનાત્મક ગ્રંથ છે. ભગવદ્‌ગીતા પર તેમણે અનેક પુસ્તકો લખ્યાં છે. 'ગીતાદર્શન'માં તો તેમણે વિરાટ વિશ્વદર્શન કરાવ્યું છે**

યોગેશ્વરજીએ ૧૪ નવલકથાઓ અને ૧ નવલિકાસંગ્રહ દ્વારા ગુજરાતી કથાસાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ૧૯૬૩માં પ્રગટ થયેલી 'યોગાનુયોગ' તેમની પ્રથમ નવલકથા છે. તે પછી ૧૯૬૬માં 'પ્રેમ અને વાસના' (ભાગ૧-૨) તથા 'કાયાકલ્પ' પ્રગટ થાય છે. ૧૯૬૯માં 'ઉત્તરપથ'(પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ) તથા 'કાદવ અને કમલ' પ્રગટ થાય છે. ૧૯૭૦માં 'રસેશ્વરી', 'સમર્પણ' ભાગ ૧-૨ અને 'અગ્નિપરીક્ષા' પ્રકાશિત થાય છે. ૧૯૭૨માં 'પ્રીત પુરાની' અને 'આગ' પ્રગટ થાય છે. 'પરીક્ષિત' ૧૯૭૬માં અને 'રક્ષા' ૧૯૭૮માં પ્રગટ થાય છે. પ્રદીપ પ્રકાશન મુંબઈ દ્વારા 'સ્મૃતિ' અને પ્રેરણા પ્રકાશન મંદિર, મુંબઈ દ્વારા 'પરભવની પ્રીત' પ્રગટ થઈ હતી. તે પછી તેમણે 'દેવયાની' નવલકથા લખવી શરૂ કરેલી પણ તે પૂરી થઈ શકી ન હતી તેથી અપ્રગટ જ રહી. યોગેશ્વરજીનો એકમાત્ર વાર્તાસંગ્રહ 'રોશની' ૧૯૭૭માં પ્રગટ થયેલો.

યોગેશ્વરજીની નવલકથાઓ કલ્પના, સત્ય, ઈતિહાસ અને પુરાણ પર આધારિત છે. તેમણે ધાર્મિક, પૌરાણિક, ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ લખી છે. તેઓ ગાંધીયુગમાં અને ગાંધી દર્શનથી પ્રભાવિત સાહિત્યકાર હોવાથી તેમનો ઉદ્દેશ જીવનલક્ષી રહ્યો છે. માત્ર મનોરંજન

માટે તેમણે કલમ ચલાવી નથી. તેમના જીવન, વ્યક્તિત્વ અને સમગ્ર અસ્તિત્વમાં શિષ્ટતા છલકાય છે. તેમના કથાસાહિત્યમાં ક્યાંય સ્વચ્છંદતા, અશિષ્ટતા જોવા મળતી નથી. કથા લેખક તરીકે તેઓ આવશ્યકતાનુસાર રંગદર્શિતા, અશિષ્ટતા, અસામાજિકતાનું આલેખન કરે છે. પરંતુ અંતે તો સત્ય, શિષ્ટતા અને નીતિનો જ જય દર્શાવે છે. ભાવકને તેઓ અશિષ્ટતાથી સાવધ રહેવાનો સંદેશ આપે છે. તેમના જીવનમાં તથા સાહિત્યમાં તેમનો આદર્શવાદી અભિગમ જોવા મળે છે. તેઓ શીલ, સદાચાર તથા તત્ત્વજ્ઞાનને વરેલા માનવતાવાદી, માંગલ્યવાદી છે. સર્વમંગલ એ તેમનું ધ્યેય છે.

યોગેશ્વરજીનું મોટાભાગનું સાહિત્ય ધર્મચિંતનને અનુલક્ષીને રચાયેલું છે. કથાસાહિત્ય પણ તેમાં અપવાદ નથી. તેમની નવલકથાઓ પૈકી 'કાયાકલ્પ' કચ-દેવયાનીની કથા છે, 'ઉત્તરપથ' મહાભારત પર અવલંબિત છે. 'રસેશ્વરી' રાધાકૃષ્ણની કથા છે તો 'સમર્પણ રામાયણની કથા છે. 'પ્રીતપુરાની'માં શિવપાર્વતીની કથા છે, 'સ્મૃતિ'માં દુષ્યંત-શકુંતલાની કથા છે. 'પરીક્ષિત' પૌરાણિક કથા છે. આમ જોઈ શકાશે કે તેમની લગભગ અડધી નવલકથાઓ પૌરાણિક છે. 'યોગાનુયોગ', 'પ્રેમ અને વાસના', 'કાદવ અને કમળ', 'અગ્નિપરીક્ષા', 'આગ', 'રક્ષા' અને 'પરભવની પ્રીત' સામાજિક કાલ્પનિક વિષય વસ્તુ પર આધારિત છે. તેમાં પણ તેઓ સાચા પ્રેમ, ઉદાત્ત જીવન અને સમાજકલ્યાણનો આદર્શ અંકિત કરે છે. કેટલીકવાર તેમણે કરેલું પ્રણય, વાસનાવિલાસ અને વ્યભિચારનું વર્ણન અશ્લીલ લાગે પણ તેમનો કથાબોધ તો સુશ્લીલ જ છે. તેમણે પૌરાણિક વસ્તુ પર આધારિત નવલકથાઓમાં કથાપ્રસંગો અને ચરિત્રોમાં ફેરફારો કરીને નવલકથાને આધુનિક યુગને અનુરૂપ સ્પર્શ આપ્યો છે. ઊર્મિલા, મંદોદરી, દ્રૌપદી, દેવયાની, શર્મિષ્ઠા, મૈત્રેય જેવાં પાત્રોને તેમણે નવા રૂપરંગમાં રજૂ કર્યા છે.

**નવલકથાઓમાં કથાપ્રસંગો અને ચરિત્રોમાં ફેરફારો કરીને નવલકથાને આધુનિક યુગને અનુરૂપ સ્પર્શ આપ્યો છે. ઊર્મિલા, મંદોદરી, દ્રૌપદી, દેવયાની, શર્મિષ્ઠા, મૈત્રેય જેવાં પાત્રોને તેમણે નવા રૂપરંગમાં રજૂ કર્યા છે**



'યોગાનુયોગ' નવલકથા જીવનમાં સર્જાતા જોગસંજોગ પ્રમાણે મળતાં અને છૂટા પડતાં જીવનની કથા છે. 'પ્રેમ અને વાસના' માં સંસારમાં વહેતા પ્રેમ અને વાસનાના પ્રવાહોનું આલેખન થયું છે. જોકે તે વાસનામાંથી પ્રેમના ઊર્ધ્વીકરણની કથા છે. 'ઉત્તરપથ' મહાભારતના ઉત્તરાર્ધની કથા છે. તેમાં દ્રૌપદીના ચરિત્રને લેખકે પાંચ પાંડવોની પત્નીને બદલે માત્ર અર્જુનની પત્ની તરીકે આલેખ્યું છે. 'કાદવ અને કમળ' જીવનના પંક અને પંકજની રહસ્યાત્મક કથા છે. એમાં ભોગ તથા ત્યાગ, રાગ, અને વૈરાગ્યની સમીક્ષા કરીને જીવનના કાદવમાંથી નિર્લિપ્ત થઈને અનાસક્તિ અને સંન્યાસને માર્ગે આગળ વધતા સાધકની કથા નિરુપાઈ છે. 'અગ્નિપરીક્ષા' ભારતના ગ્રામજીવનની સમસ્યાઓને આલેખતી નવલકથા છે. ર.વ.દેસાઈની 'ગ્રામલક્ષ્મી'ને અનુસરતી લાગે છે. 'આગ' એક આદર્શવાદી સિદ્ધાંતનિષ્ઠ કલાકારની જીવનકથા છે. એક કલાકારને આ સંસારની કેવી આગમાંથી પસાર થવું પડે છે તે લેખકે દર્શાવ્યું છે. 'પરીક્ષિત' રાજા પરીક્ષિતની પૌરાણિક કથાનો નવો અવતાર છે. 'રક્ષા'માં લેખકે ચારિત્ર્યરક્ષાનો સંઘર્ષ આલેખ્યો છે. તેમાં શિક્ષણની ભૂમિકા ઉપર ફોકસ કરવામાં આવ્યું છે. રક્ષાબંધનની પવિત્રભાવના તેનો આદર્શ છે. 'પ્રીત પુરાની'માં શંકર અને પાર્વતીની જાણીતી રસિક કથાને આલેખવામાં આવી છે. 'સ્મૃતિ' કવિ કાલિદાસ કૃત 'અભિજ્ઞાન શાકુન્તલ' નાટક ઉપરથી રચાયેલી દુષ્યંત-શકુન્તલાની પ્રેમકથા છે. દુષ્યંત શકુન્તલાને ભૂલી જાય છે પરંતુ પાછળથી વિસ્મૃતિમાંથી અભિજ્ઞાનની સ્મૃતિ લાધે છે અને વિરહી પ્રેમી પાત્રોનું સુખદ મિલન થાય છે. 'પરભવની પ્રીત'માં જિગર અને અમીની જેમ પરભવની પ્રીતની અદ્‌ભુત કથા આલેખાઈ છે.

યોગેશ્વરજીની કેટલીક નવલકથાઓ વિષે વિગતે વિચાર કરીએ. 'કાયાકલ્પ' સ્મૃતિ સાહિત્ય મંદિરની માંગલ્ય ગ્રંથાવલિ અંતર્ગત પ્રગટ થઈ હતી. પ્રકાશકે 'નિવેદન'માં તેને ભાવના અને ઊર્મિશીલ પૌરાણિક નવલકથા તરીકે ઓળખાવી છે. લેખકે પ્રસ્તાવનામાં લખ્યું છે : 'કચ,

દેવયાની, યયાતિ તથા શર્મિષ્ઠાની કથા શ્રીમદ્ ભાગવતના નવમા સ્કંધના અઢારમાં અધ્યાયમાં આલેખાયેલી છે. જ્ઞાની શિરોમણિ શુકદેવ તથા રાજા પરીક્ષિતના સંવાદરૂપે આલેખાયેલી એ કથાનો ઉલ્લેખ મહાભારતમાં પણ કરવામાં આવ્યો છે. મહાભારતમાં એ કથા વૈશંપાયને જનમેજયને કહી બતાવી છે. એ બંન્ને કથાઓની વિગતોમાં ખાસ ભેદ નથી દેખાતો. એ બંન્ને કથાઓમાંથી પ્રેરણા લઈને એમાં થોડો ઘણો જરૂરી સુધારોવધારો કરી આ નવલકથા મેં મારી રીતે લખવાનો પ્રયાસ કર્યો છે.' પોતે શર્મિષ્ઠાના પાત્રને પોતાની આગવી રીતે રજૂ કર્યું છે એમ તેમણે લખ્યું છે.

બત્રીસ પ્રકરણોમાં વિભાજિત પ્રસ્તુત નવલકથાનું પ્રથમ પ્રકરણ છે. 'ધન્યદિવસ'. તેનું પ્રથમ વાક્ય છે : 'બૃહસ્પતિ પુત્ર કચે શુક્રાચાર્યના સ્વચ્છ, શાંત ને વિશાલ ભવનના પ્રાંગણમાં પ્રવેશીને શુક્રાચાર્યને પ્રણામ કર્યા.' જોઈ શકાશે કે લેખક કશા આડંબર વિના, કશી ભૂમિકા વિના સીધા કથાપ્રવાહ પર આવે છે. કચના આગમનથી દેવયાની પ્રસન્ન થાય છે તેથી શુક્રાચાર્યને પણ કચના આગમનનો દિવસ ધન્ય લાગે છે.

ગુરુના આદેશાનુસાર કચ બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને શાંતિપૂર્વક રહે છે. ગુરુ અને ગુરુપુત્રી બંનેને સંતુષ્ટ રાખવાનો તે પ્રયત્ન કરે છે. કચના આગમનનો ઉદ્દેશ માત્ર સંજીવની વિદ્યા મેળવવાનો નથી. પણ એ દ્વારા દેવદાનવો વચ્ચેનો દ્વેષ-દુર્ભાવ દૂર કરી સ્નેહ-સંવાદ સાધવાનો છે એ જાણ્યા પછી દેવયાની ખુશ થાય છે પણ દાનવોની દુષ્ટતાથી સુપરિચિત હોવાથી તે કચને સાવધ કરે છે. યુવાવસ્થામાં પ્રવેશી રહેલી દેવયાની દિવસે દિવસે કચ પ્રત્યે વધુને વધુ આકર્ષણ અનુભવે છે. તેની સખી અને રાજકુમારી શર્મિષ્ઠા પણ કચ પ્રત્યે આકર્ષાય છે. પરંતુ પોતાના પિતાએ અને દેવોએ પોતાને શા માટે મોકલ્યો છે એની પૂરતી સભાનતા હોવાથી કચ પોતાનું મન સંયમમાં, ગુરુની સેવામાં અને સંજીવની વિદ્યાની પ્રાપ્તિમાં લગાડે છે. તેનો પુરુષાર્થ સફળ થાય છે. વિદ્યા પ્રાપ્ત કર્યા પછી તે ગુરુ પાસેથી પાછા ફરવાની અનુજ્ઞા માગે છે. ગુરુની અનુમતિ મળ્યા પછી કચ દેવયાનીને મળે છે. તે સ્વર્ગલોક પાછો ફરી રહ્યો છે એ જાણી દેવયાની કચને પોતાનું પાણિગ્રહણ કરવા પ્રાર્થે છે. કચ વિનયપૂર્વક તેના પ્રસ્તાવનો અસ્વીકાર કરે છે. તેથી ક્રુદ્ધ થયેલી દેવયાની 'તારી વિદ્યા નહિ ફળે' એવો શાપ આપે છે. કચ પ્રતિશાપ આપ્યા વિના શાંતિથી પ્રસ્થાન કરે છે.

કચની વિદાયથી દેવયાની અને શર્મિષ્ઠા દુઃખી થાય છે. તેમની વચ્ચે કલહ થાય છે. આ કલહ કથાપ્રવાહમાં વળાંક લાવે છે. પછી યયાતિનો પ્રવેશ થાય છે. તે દેવયાની અને શર્મિષ્ઠા સાથે વિવાહ કરે છે. દેવયાનીથી તેને બે પુત્રો અને શર્મિષ્ઠાથી ત્રણ પુત્રો થાય છે. વર્ષો પછી દેવયાનીને પતિની બેવફાઈની જાણ થતાં તે ક્રુદ્ધ થઈ પતિનો ત્યાગ કરી પિતૃગૃહે જતી રહે છે. યયાતિ તેને મનાવવા જાય છે. તે માનતી નથી અને વ્યથિત થયેલા શુક્રાચાર્ય તેને તરત વૃદ્ધ થવાનો શાપ આપી દે છે. અકાળે વૃદ્ધ થયેલા પતિને જોઈ દેવયાની દુઃખી થાય છે. કોઈ પુત્ર સ્વેચ્છાએ પિતાનું વૃદ્ધત્વ લઈ લે તો યયાતિને પુનઃયૌવન પ્રાપ્ત થશે એવો શાપ નિવારણનો ઉપાય શુક્રાચાર્ય બતાવે છે. પાંચ પુત્રો પૈકી શર્મિષ્ઠાનો નાનો પુત્ર પુરુ પિતાની વૃદ્ધાવસ્થા પોતે લઈ પિતાને યૌવન પ્રદાન કરે છે. યયાતિ પુનઃ બંન્ને પત્નીઓ સાથે ભોગો ભોગવે છે પણ ભોગોની વાસના પૂરી થતી નથી. વિલાસ નહીં પણ સંયમ જ મનુષ્યને શાંતિ આપે છે એમ સમજાયા પછી તે પુત્ર પુરુને પુનઃ યૌવન આપી વૃદ્ધાવસ્થા સ્વીકારે છે અને પુરુનો રાજ્યાભિષેક કરી સંન્યાસ લેવાનો સંકલ્પ કરે છે. અંતિમ પ્રકરણનું શીર્ષક છે 'પ્રયાણ'. મુખ્ય પાત્રોને લેખકે અહીં પુનઃ એકઠાં કર્યાં છે.

**ગુરુના આદેશાનુસાર કચ બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને શાંતિપૂર્વક રહે છે. ગુરુ અને ગુરુપુત્રી બંનેને સંતુષ્ટ રાખવાનો તે પ્રયત્ન કરે છે. કચના આગમનનો ઉદ્દેશ માત્ર સંજીવની વિદ્યા મેળવવાનો નથી**

કચ, દેવયાની અને શુક્રાચાર્ય પ્રથમ પ્રકરણમાં છે અને અંતિમ પ્રકરણમાં પણ હાજર છે. વચ્ચેનાં પ્રકરણોમાં શર્મિષ્ઠા અને યયાતિ મહત્ત્વનાં પાત્રો છે. પુરુષપાત્રોમાં યયાતિ કથાનો નાયક છે. સ્ત્રીપાત્રોમાં દેવયાની નાયિકા હોવા છતાં લેખકનો પક્ષપાત શર્મિષ્ઠા પ્રત્યે વધુ જોવા મળે છે. પોતાની



બંન્ને પત્નીઓ પૈકી પોતાને કઈ વધુ પ્રિય છે એ નક્કી કરવું જેવું યયાતિ માટે મુશ્કેલ હતું તેમ નવલકથામાં બંન્ને મુખ્ય સ્ત્રીપાત્રો પૈકી કયું ચડિયાતું છે એનો નિર્ણય કરવો કઠિન છે. અલબત્ત લેખકને શર્મિષ્ઠા પ્રત્યે કૂણી લાગણી (soft corner) છે એ જણાઈ આવે છે.

આ કથાનું શીર્ષક 'કાયાકલ્પ' લેખકે કેમ રાખ્યું એવો પ્રશ્ન કોઈને થઈ શકે. આમ તો ૨૯મા પ્રકરણનું શીર્ષક 'કાયાકલ્પ' છે અને એ પ્રકરણમાં કાયાકલ્પનો પ્રયોગ વર્ણવાયો છે. એ પ્રકરણમાં બે વાર કાયાકલ્પનો પ્રયોગ થાય છે. યયાતિ પુત્ર પુરુનું યૌવન ગ્રહણ કરે છે એ વખતે અને પુત્રને તેનું યૌવન પાછું આપી પોતે પુનઃ વૃદ્ધત્વ અંગીકાર કરે છે એ વખતે કૃતિમાં યયાતિનો કાયાકલ્પ બે વાર થાય છે. અલબત્ત બંને વાર શારીરિક કાયાકલ્પ થાય છે પરંતુ બીજીવારનો કાયાકલ્પ થતાં પૂર્વે તેને માનસિક કાયાકલ્પ પણ થાય છે. કથામાં બીજો માનસિક કાયાકલ્પ નાયિકા દેવયાનીનો થાય છે. સમગ્ર કથામાં કાયાકલ્પ અંતિમ ભાગમાં જ થતો હોવા છતાં તેનું મહત્ત્વ વિશેષ હોઈ શીર્ષક સાર્થક છે. લેખકની ભાષાશૈલી કથાવસ્તુને અનુરૂપ શિષ્ટ, સંસ્કારી છે. પાત્રો-પ્રસંગોનાં વર્ણનો સંક્ષિપ્ત પણ સૂચક છે. લેખકની આ આરંભિક કાળની કૃતિમાં ભાષાશુદ્ધિની સમસ્યા જોવા મળે છે. કેટલીક મર્યાદાઓને બાદ કરતાં કચ-દેવયાનીની કથાને માંગલ્યદર્શી અભિગમથી દેવ-દાનવો વચ્ચે સંવાદિતા સાધવાની શુભભાવનાથી નિરૂપવાનો યોગેશ્વરજીનો પ્રયાસ નોંધપાત્ર તો છે.

'રસેશ્વરી'ની પ્રસ્તાવનામાં લેખકે કહ્યું છે તેમ 'ભાગવત' તથા 'હરિવંશ' જેવા ધર્મગ્રંથોમાં ભગવાન શ્રીકૃષ્ણની જે ગુણગાથાઓ ભરેલી છે તેને લક્ષમાં લઈને તેમણે શ્રીકૃષ્ણ પ્રત્યેના પોતાના પ્રેમ અને પૂજ્યભાવથી પ્રેરાઈને આ નવલકથા લખી છે. આ પહેલાં 'ઉત્તરપથ'માં તેમણે મહાભારતનું વિસ્તૃત આલેખન કર્યું હોવાથી એમાં આલેખાયેલા કૃષ્ણજીવન સંબંધિત પ્રસંગોનો ચિતાર આમાં નથી આપ્યો. એ ગ્રંથોના અનુસંધાનમાં આ કૃતિની રચના થઈ હોવા છતાં આનું સ્વતંત્ર વાચન પણ રસપ્રદ થઈ પડશે એવી લેખકને શ્રદ્ધા છે. પ્રશ્ન થાય કે શ્રીકૃષ્ણ વિષયક નવલકથા હોવા છતાં તેનું શીર્ષક 'રસેશ્વરી' કેમ રાખ્યું? પ્રસ્તાવનાના ઉત્તરાર્ધમાં લેખક તેની સ્પષ્ટતા કરતાં કહે છે, "લોકહૃદયમાં કૃષ્ણ સાથે રાધાનું સ્થાન પણ છે જ. કૃષ્ણ તથા રાધા સંકળાયેલાં છે. લોકો એમને એકસરખા આદર અને અનુરાગથી આજે પણ યાદ કરે છે કે પૂજે છે. મેં આ ગ્રંથમાં એ પ્રેમમૂર્તિ રાધાના પાત્રને પણ રજૂ કર્યું છે એ એની વિશેષતા છે." પ્રસ્તાવનાનું સમાપન કરતાં લેખક વિનમ્રતાપૂર્વક કહે છે : 'રાધા ને કૃષ્ણના વંદનીય વ્યક્તિત્વના અનંત અર્ણવમાંથી મેં તો થોડાંક બિંદુ જ રજૂ કર્યાં છે. એમના સંપૂર્ણ વ્યક્તિત્વને કોણ ઝીલી શકે? તો પણ આ રજૂઆત મારી જેમ અનેકને આનંદ આપશે એવી આશા છે.'

શ્રીકૃષ્ણના ભક્તો પૈકી કેટલાક ભક્તો શ્રીકૃષ્ણ કરતાં રાધાનો મહિમા વધુ કરતાં જણાય છે. રાધા જો રસેશ્વરી છે તો કૃષ્ણ રસેશ્વર હોવાની સાથે યોગેશ્વર છે, પૂર્ણ પુરુષોત્તમ પણ છે. તેમનું વ્યક્તિત્વ વિશાળ અને વ્યાપક છે. તેને એકાદ કૃતિમાં સુપેરે વ્યક્ત કરવું કપરું હોવાથી સુજ્ઞ સર્જકે 'રસેશ્વરી' શીર્ષક દ્વારા સૂચવી દીધું કે આ કૃષ્ણના નિમિત્તે મુખ્યત્વે રાધાની કથા છે. કૃતિ નવલકથા છે તેથી તેમાં આ બે મુખ્ય પાત્રો ઉપરાંત તેમની સાથે સંકળાયેલાં સંખ્યાબંધ ગૌણપાત્રો પણ આલેખાયાં છે. પુરુષ પાત્રોમાં કંસ, ઉગ્રસેન, વસુદેવ, બળરામ, સુદામા, જરાસંધ, નારદ, નંદ વગેરે ઉલ્લેખનીય છે તો સ્ત્રીપાત્રોમાં દેવકી, જશોદા, રુકિમણિ અને રાધાની સખીઓ સુપ્રિયા અને વિશાખા નોંધપાત્ર છે. આ બધાં પાત્રોને લેખકે કલમના બેચાર લસરકાથી જીવંત અને રક્ત ધબકતાં બનાવ્યાં છે. આ ગૌણપાત્રો મુખ્યપાત્રોની રેખાઓને ગાઢી કરવામાં ઉપકારક બને છે. કૃષ્ણ અને રાધાનાં પાત્રો અત્યંત પ્રભાવક અને અસરકારક બની શક્યાં છે. નવલકથાનું વાચન પૂર્ણ કર્યા પછી લાંબા સમય સુધી તેમને ભૂલી શકાતાં નથી. લેખકે એવી કુશળતાથી આ બંને પાત્રોને ઉપસાવ્યાં છે કે બેમાંથી કયું વધારે ચડિયાતું છે એ કહેવું સરળ નથી. હા, રાધાને શીર્ષકમાં સ્થાન આપી લેખકે પોતાનો પક્ષપાત પ્રગટ કરી દીધો છે.

નવલકથાનો ઘટનાક્રમ કારાગૃહથી શરૂ થાય છે અને કૃષ્ણના લીલાસંવરણ સાથે સમાપ્ત થાય છે. કથાવસ્તુને લેખકે પાંત્રીસ પ્રકરણોમાં વિભક્ત કર્યું છે પણ કથાપ્રવાહ સળંગ સાદ્યંત પાણીના પ્રવાહ પેઠે વહેતો લાગે છે. તેમાં ક્યાંય કશો અંતરાય અનુભવાતો નથી. તે અસ્ખલિત રીતે અનાયાસ વહે છે. વિવિધ પ્રકરણોને આપવામાં આવેલાં શીર્ષકો માત્ર વ્યવસ્થા માટે છે, સગવડ માટે છે. એનાથી રસાસ્વાદમાં કશો અવરોધ અનુભવાતો નથી. નવલકથામાં કથાવસ્તુ કરતાં તેની ગૂંથણીનું, કથાવિન્યાસનું મહત્ત્વ વધુ છે. લેખકે કુશળતાપૂર્વક સિદ્ધહસ્ત નવલકથાકારની હેસિયતથી કથાવસ્તુની ગૂંથણી કરી છે એ જોઈ શકાય છે.

ઘટનાઓ જે ક્રમમાં ઘટી છે એ ક્રમમાં જ લેખક તે આલેખે છે એવું નથી, આવશ્યકતાનુસાર લેખક ક્રમભંગ પણ કરે છે, કેટલીક ઘટનાઓ પીઠઝબકાર (flashblack) પદ્ધતિથી પણ પ્રસ્તુત કરે છે. લેખક કૃષ્ણ અને રાધાને કેન્દ્રમાં રાખી તેમની જીવનકથા નિમિત્તે રસમય પ્રેમકથા સર્જી છે. આ શરીર સાથે સંકળાયેલો સ્થૂળ પાર્થિવ પ્રેમ નથી પણ આત્મિક અપાર્થિવ સૂક્ષ્મ અમર પ્રેમ છે. વિશ્વના ઇતિહાસમાં આ અમર પ્રેમકથાનો જોટો જડી શકે તેમ નથી. ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણના જીવનને કેન્દ્રમાં રાખી સંખ્યાબંધ નવલકથાઓ, મહાનવલો લખાઈ છે પણ રાધાકૃષ્ણની પ્રેમકથા નિમિત્તે રસેશ્વરી રાધાની રમ્યકથા અન્યત્ર ભાગ્યે જ જોવા મળશે.

કથાવસ્તુની રમ્યતા, રહસ્યમયતાને અનુરૂપ શિષ્ટ, સંયમી, સુચારુ ભાષાશૈલી લેખકે સામર્થ્યપૂર્વક પ્રયોજી છે. પાત્ર-પ્રસંગના વર્ણનો લેખકના ભાષાપ્રભુત્વના નિદર્શક છે. તેમને કૃતિમાં યથાવકાશ ચિંતનકણિકાઓ વેરવાનો શોખ છે. જ્યાં તક મળે ત્યાં તેઓ ચિંતનકણિકા મૂકી દે છે. આ ચિંતનકણિકાઓની વિશેષતા એ છે કે એ મોટેભાગે પાત્રોની ઉક્તિરૂપે સંવાદોમાં ગૂંથાઈ છે તેથી જે તે પાત્રના આલેખનમાં ઉપકારક સિદ્ધ થાય છે. અને લટકણિયા રૂપ લાગતી નથી. લેખકની સંવાદશક્તિ પણ પ્રશસ્ય છે. પાત્રોનાં વ્યક્તિત્વને અનુરૂપ સંવાદો તેઓ સહજતાથી સર્જી શકે છે. પૌરાણિક પરિવેશનો નિર્વાહ પણ તેમણે કુશળતાપૂર્વક કર્યો છે. એકંદરે 'રસેશ્વરી'ની રસપ્રદ કથાસૃષ્ટિ આહ્‌લાદક અને આનંદદાયક છે.

'કાદવ અને કમળ' સાધકજીવનમાં આવતા ઝંઝાવાતની કથા છે. 'ધર્મનો માર્ગ શૂરાનો છે, નહિ કાયરનું કામ' એ વિચાર કથાની ધરીરૂપ છે. ભર્તુહરિએ એક શ્લોકમાં કામની વિચિત્રતાને ધિક્કારતાં લખ્યું છે : 'હું જે સ્ત્રીને ચાહું છું તે મારાથી વિરક્ત છે. તે તો બીજા કોઈને ચાહે છે, જે પાછો કોઈ અન્યના પ્રેમમાં છે, અને જે સ્ત્રી મને પ્રેમ કરે છે તેના માટે મારા હૃદયમાં પ્રેમ નથી. આથી તેને પેલાને, મદનને અને મને પણ ધિક્કાર હજો. धिक् ताम् च तं च मदनं च, इमा व मां च । પ્રસ્તુત નવલકથા જાણે કે આ શ્લોકનું સોદાહરણ ભાષ્ય ન હોય! તેનાં મુખ્ય પુરુષ પાત્રો છે સાધક જયદેવ અને યોગી જૈમિની. બંને મૂળ ગુજરાતી છે પણ મળે છે તપોભૂમિ, દેવભૂમિ, બદરીનાથમાં. કૃતિનો સ્થાયીભાવ વૈરાગ્ય છે. તેને પ્રબળ બનાવવા માટે બંને પાત્રો જે પ્રકારની પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે તેમાં જૈમિની અધઃપતન પામે છે જ્યારે જયદેવ સાદ્યંત સફળ રહી શકે છે. કૃતિનો મુખ્ય રસ ભક્તિ છે. ભક્તિ શૃંગારનો એક ભાગ ગણાય છે. ભક્તિ પ્રતિ ગમન કરવા માટે જે રીતે જૈમિનીનું અધઃપતન દર્શાવાયું છે ત્યાં લેખકે શૃંગારને ખીલવ્યો છે. એ દ્વારા તેઓ સંસારના કાદવને દર્શાવવામાં સફળ થયા છે. સમાંતર ચાલતી કથાના બંને પુરુષપાત્રો જે પ્રકારના પરિવેશમાંથી પસાર થાય છે તેમાં વૈરાગીએ ક્યાં અને કેવી રીતે સાવચેત રહેવું તે લેખક સૂચવે છે. કૃતિનાં સ્ત્રીપાત્રો જાજરમાન અને વાકપટુ છે. કેતકી ધ્યાનાકર્ષક છે. તેને ગૃહસ્થજીવનના ક્લેશે અવળે રસ્તે ચડાવી છે પણ તેની વૃત્તિ અધ્યાત્મ તરફ વળેલી છે. પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોએ તેનું અંતરમન ઘવાયું છે. તે પૂર્વપ્રેમી કેશવ અને જૈમિની વચ્ચે આંતર દ્વન્દ્વ પામતી રહે છે. તે જૈમિનીના પુરુષાતનને પોષે છે અને ટપારે પણ છે. જૈમિની તેને મળવા મુંબઈ જવાનો હોય છે ત્યારે જયદેવ તેને સાવધ કરતાં કહે છે, 'ગૃહસ્થીઓના વ્યવહારમાં ગાફેલ ન રહેવું, ખૂબ ચેતીને ચાલવા જેવું છે, જરાક ભૂલ થાય તો આવી બને.'' અધ્યાત્મમાર્ગના સાચા સાધકનાં અહીં દર્શન થાય છે. સાધક અને યોગી માટે પ્રત્યેક પળની સાવધતા, સભાનતા જરૂરી છે, એવો સંદેશ આપતી આ એક બોધપ્રધાન નવલકથા છે. વિજય શાસ્ત્રીએ આ નવલકથા સંદર્ભે યથાર્થ કહ્યું છે, 'આમ સુંદરતા અને શુદ્ધિના જીવનાદર્શનું કથાત્મક રોચક પ્રતિપાદન લેખકે કર્યું છે. આટલો ભવ્ય આદર્શ સૂચવતી હોવા છતાં કૃતિ સાદ્યંત સુવાચ્ય અને રસાત્મક પણ બની શકી છે તે લેખકમાં રહેલા કલાકારનું સુકૃત્ય છે.'('ગુજરાત મિત્ર, તા. ૧૬-૨-૭૦)'

'પરીક્ષિત' મહાભારત અને ભાગવત પર આધારિત પૌરાણિક નવલકથા છે. કૃતિની કેન્દ્રીભૂત સંવેદના પ્રાચીન છતાં સત્ત્વશીલતાની દૃષ્ટિએ સર્વકાલીન છે. 'માનવ-માનવતા જ મારી પ્રથમ અને પરમ નિસ્બત છે.' એવું માનનારા અને એને જીવનદર્શન બનાવનાર લેખક પોતાની આ રચના પૃથ્વીને-પ્રાણમય, પુલકિત, પ્રસન્ન કરનાર પ્રેમદેવતાને અર્પણ કરે છે. કૃતિના આરંભમાં જ લેખકનો કેમેરા યુદ્ધના વિજયોત્સવ પર નહીં પણ એમાં શ્રીકૃષ્ણની ભૂમિકા પર ફોકસ થાય છે. શ્રીકૃષ્ણ સર્વપ્રકારે સર્વત્ર સહાય કરે છે તેથી જ ઉત્તરા અને પરીક્ષિત ઊગરી ગયાં એવી કૃતજ્ઞતા પ્રથમ પ્રકરણમાં યુધિષ્ઠિર -દ્રૌપદી સહિત સહુ અનુભવે છે. બીજા પ્રકરણમાં પરીક્ષિતના રાજ્યાભિષેકથી કથા વેગ પકડે છે પણ એને ધાર, કહો કે આંચકો આપે છે. પરીક્ષિત-ઉર્વશીનો મેળાપ. પરીક્ષિતની સંસ્કારિતા અને

પત્નીપ્રેમ માટે આ કસોટીરૂપ તેમ જ નિર્ણાયક તત્ત્વ બને છે. ત્રીજા પ્રકરણમાં લેખક બની રહેલી ઘટનાઓના કાળચક્રનું આલેખન કરે છે. ઉદ્ધવ કૃષ્ણના લીલાસંવરણ પ્રસંગનું કરુણ વર્ણન કરે છે. પાંડવો અને દ્રૌપદી પરીક્ષિત-ઈરાવતી અને ઉત્તરાની વિદાય લે છે તે પ્રસંગ ભાવવાહી છે. નવલકથાનો કેન્દ્રવર્તી પ્રસંગ છે. પરીક્ષિતને મળેલો શાપ. કટોકટીની પળે ઉર્વશી આવી પહોંચે છે. એટલામાં શુકદેવજી પણ પધારે છે. તેઓ ભાગવતના શ્રવણનો ઉપદેશ આપે છે. કથાની પૂર્ણાહુતિ થતાં શુકદેવજી પરીક્ષિતને પૂછે છે, "હવે તમને તક્ષકનો ભય સતાવે છે ?' પરીક્ષિત ઉત્તર આપે છે : 'ના, મને તેનો લેશ પણ ભય નથી લાગતો હું અવિનાશી આત્મા છું, સુખ- દુઃખથી મુક્ત છું.' શુકદેવજી કહે છે, 'મારી કથા સફળ થઈ.' ભાગવતના કથાશ્રવણે પરીક્ષિતને પ્રશાંતિની પ્રાપ્તિ કરાવી જીવનને કૃતાર્થ કર્યું. 'પૃથ્વી પ્રેમથી ટકે છે' એ જીવનમંત્ર સાથે કથા સમાપ્ત થાય છે. લેખકે સાચું કહ્યું છે, 'આ કથા પુરાતન હોવા છતાં એનો સંદેશ સનાતન છે. પૃથ્વી પ્રતિશોધથી નહીં પણ પ્રેમથી ટકે છે ને જીવવા જેવી બને છે.' પૌરાણિક કથાવસ્તુમાં સનાતન જીવનમૂલ્ય ગૂંથી લેખકે એક રસપ્રદ નવલકથાનું નિર્માણ કર્યું છે.

યોગેશ્વરજીએ ૨૧ ટૂંકીવાર્તાઓનો સંગ્રહ 'રોશની' પણ આપ્યો છે. આ વાર્તાઓ ૧૯૬૦થી ૭૦ દરમિયાન લખાયેલી છે. તેઓ મુખ્યત્વે ધૂમકેતુ અને દ્વિરેફની વાર્તાકલાથી પ્રભાવિત થયા હતા. ગાંધીયુગની વાર્તાનું અનુસરણ તેમના સંગ્રહમાં જોવા મળે છે. આપણા દેશને આઝાદી મળી પણ ગરીબોના ઘરમાં રોશની થઈ નથી તેની વાત તેમણે 'રોશની' વાર્તામાં કરી છે. 'હૃદયની રાણી' વાર્તામાં ઈંગ્લેન્ડની રાણી એલિઝાબેથ ભારત આવ્યાં તે વખતનો પ્રસંગ છે. એમાં લેખકે ઈંગ્લેન્ડની રાણી કરતાં હૃદયની રાણી એવી પોતાની પત્નીનું મહત્ત્વ વિશેષ છે એ સમજાવ્યું છે. લેખકના હિમાલયનિવાસના આધ્યાત્મિક અનુભવોમાંથી 'ઢાલની ભેટ' અને 'મહાપુરુષની વાસના' જેવી વાર્તાઓ સર્જાઈ છે. પ્રથમ વાર્તામાં એક તપસ્વીનું ચરિત્ર અંકિત થયું છે. બીજી વાર્તામાં દેવાનંદ નામના મહાપુરુષની ઉદારતા વ્યક્ત થઈ છે. 'મોતી' એક મોચીની વાર્તા છે. 'ભાભીનું અંતર'માં ભાભીના હૃદયની વિશાળતા વ્યક્ત થઈ છે. 'પાપનું પ્રાયશ્ચિત' એક સ્ત્રીસંસ્થામાં ચાલતા વ્યભિચારની કથા છે. દાદાગીરી કરનારો માણસ પણ કેવો માનવતાવાદી અને સેવાભાવી હોઈ શકે એ બાબત 'મથુરદાસ દાદા'માં દર્શાવાઈ છે. 'ગીતાની સ્મૃતિ'માં ચમત્કારનું તત્ત્વ જોવા મળે છે. 'પરમાત્માનું દર્શન' આધ્યાત્મિક અભિગમવાળી વાર્તા છે. 'ગુમાન' એક સંન્યાસીના ગુમાનને પ્રગટ કરે છે. એક સામાન્ય મનુષ્ય કેવી રીતે પાગલ થાય છે એ 'પાગલ' વાર્તામાં લેખકે દર્શાવ્યું છે. 'જીવદયા'માં લેખકે જીવદયા કરનારા જનાર્દનનો દંભ છતો કર્યો છે. 'ફરજ'માં પોતાની ફરજ બજાવતી નાયિકા નીલેશ્વરીની કથા કહેવાઈ છે. 'યજ્ઞની આહુતિ'માં લેખક દંભી લોકોના અમાનવીય વર્તનને ખુલ્લું પાડે છે. 'પતન' અને 'મંગલમય મૃત્યુ' લોકકથા પર અવલંબિત વાર્તાઓ છે. 'દમયંતીનું દિલ'માં લેખકે કવિની હાંસી ઉડાવી છે. 'સ્વાનુભવ' વાર્તા પર ધૂમકેતુની 'પોસ્ટઓફિસ'ની અસર જોવા મળે છે. લેખકે મુખ્યત્વે મૂલ્યપ્રધાન વાર્તાઓ લખી છે. તેમની નવલિકાઓ ઘટનાપ્રધાન છે. તેમણે વાર્તાલેખન કર્યું તે સમયે જયંતિ દલાલ,સુરેશ જોષી વગેરેની પ્રયોગશીલ આધુનિક વાર્તાઓ પ્રગટ થઈ ચૂકી હતી, પણ તેમને તે ઝાઝી સ્પર્શી ન હતી. ધૂમકેતુ, દ્વિરેફ વગેરે ગાંધીયુગના વાર્તાકારોથી જ તેઓ પ્રભાવિત હતા અને અમુક અંશે એમનું અનુસરણ તેમણે પોતાની નવલિકાઓમાં કર્યું છે.

નવલકથાના સ્વરૂપમાં યોગેશ્વરને જેવી સફળતા સાંપડી છે તેવી નવલિકાના સ્વરૂપમાં સાંપડી શકી નથી. નવલકથાના સ્વરૂપમાં પણ તેમને સામાજિક નવલકથાઓ કરતાં પૌરાણિક નવલકથાઓમાં વિશેષ સિદ્ધિ મળી છે. તેઓ આધ્યાત્મિક અભિગમ ધરાવનાર ગાંધીવાદી લેખક હતા. તેમણે કલા ખાતર કલાના આદર્શ પ્રમાણે નહીં પણ જીવન ખાતર કલાના અભિગમથી સમગ્ર સાહિત્ય સર્જન કર્યું હતું. નવલકથા અને નવલિકાનું કથાસાહિત્ય પણ તેમાં અપવાદ ન હતું. કાન્તાની જેમ ઉપદેશ આપવાના સાહિત્યના પ્રયોજનને તેઓ પ્રાધાન્ય આપે છે, તેથી તેમના કથાસાહિત્યમાં જીવનદર્શન, મૂલ્યદર્શન પર ભાર મુકાયેલો જણાય છે. ઈયત્તા પર તેમનું ધ્યાન હોવાથી ગુણવત્તા, કલાત્મકતા સિદ્ધ કરવાની મથામણ તેમણે કરી નથી. પરિણામે ભાષાની અશુદ્ધિ, સંકલનની શિથિલતા જેવી મર્યાદાઓ પણ જોવા મળે છે. આવી કેટલીક મર્યાદાઓ છતાં પૌરાણિક નવલકથાઓમાં તેમણે જે સફળતા હાંસલ કરી છે એને કારણે કથાસાહિત્યના લેખક તરીકે તેઓ નોંધપાત્ર તો છે જ.

*૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી,*
*વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧.*
*મો. ૯૯૨૫૧૫૯૭૫૧*

# વેદમાતા ગાયત્રી

*- પરમાનંદ માણેકલાલ ગાંધી*

**ગા**યત્રી સૂર્યની અધિષ્ઠાત્રી

મનુષ્યને આત્મતૃપ્તિ અને આત્માનંદની અનુભૂતિ આવનાર ઉપાસનાઓમાં ગાયત્રી મંત્રનું આગવું સ્થાન છે.

ॐ भूभुर्वः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो योनः प्रयोदयात्

'અમે જ્યોતિર્મય સવિતાના એ અનશ્વર પ્રકારોનું ધ્યાન ધરીએ છીએ, કે જે પૃથ્વી આકાશ અને અંતરિક્ષને પ્રકાશિત કરે છે, તે અમારી બુદ્ધિમાં પણ પ્રકાશને ભરે- અમારી બુદ્ધિને પ્રકાશિત કરે.'

ચારેય વેદોના રૂપમાં હોવાથી આ ગાયત્રીમંત્ર ને વેદમાતા પણ કહે છે.

જુદા જુદા ગ્રંથોમાં તેનો ઉલ્લેખ નીચે મુજબ છે.

શ્રુતિ ગ્રંથો મુજબ વેદના દરેક મંત્રને છંદ ઋષિ અને એક દેવતા હોય છે તે લખાણ મુજબ

देवतं सविताप्यसां गायत्री छंद एव च ।

विश्वामित्र ऋषि चैव प्रोच्यते ऋषिसत्तम् ॥

હે ઋષિ શ્રેષ્ઠ! તે મંત્રના દેવતા સવિતા છે. તેનો છંદ ગાયત્રી છે અને વિશ્વામિત્ર તેના ઋષિ છે.'

દેવી ભાગવતમાં તેનો ઉલ્લેખ છે -

सवितुश्चाधिदेवो या मंत्राधिष्ठातुदेवता ।

सावित्री ह्रापि वेदानांसावित्री तेन कीर्तिता ॥ (દે.ભા.)

સૂર્યની અધિષ્ઠાત્રી હોવાથી તેનું બીજું નામ સાવિત્રી છે. વેદમંત્રોની અધિષ્ઠાત્રી દેવી છે તેથી તેને ગાયત્રી મંત્ર કહે છે.

અમરકોશમાં ગાયત્રી વ્યાખ્યા નીચે મુજબ છે.

सर्वलोकप्रसावनात् सविता सर्वतु कीर्त्यते ।

यनस्तद देवता देवी सावित्री त्युच्यते तदा ॥ (अतो)

'તે સૂર્ય ભગવાન સમસ્ત જગતને જન્મ આપે છે. એટલા માટે સવિતા કહેવાય છે. ગાયત્રી મંત્રના દેવતા સવિતા છે. એટલા માટે તે દૈવી શક્તિને સાવિત્રી કહે છે.'

**'અમે જ્યોતિર્મય સવિતાના એ અનશ્વર પ્રકારોનું ધ્યાન ધરીએ છીએ, કે જે પૃથ્વી આકાશ અને અંતરિક્ષને પ્રકાશિત કરે છે, તે અમારી બુદ્ધિમાં પણ પ્રકાશને ભરે- અમારી બુદ્ધિને પ્રકાશિત કરે'**

સ્કન્દ પુરાણ મુજબ

गायत्र्येव परो विष्णुर्गायत्रेव परः शिवः ।

गायत्र्येव परो ब्रह्मा गायत्र्येव त्रयी ततः ॥

'ગાયત્રી જ પરમાત્મા વિષ્ણુ છે. ગાયત્રી પરમાત્મા શિવ છે અને ગાયત્રી પરમાત્મા બ્રહ્મ છે. તેથી ગાયત્રીથી જ ત્રણે વેદોની ઉત્પત્તિ થઈ છે.' (સ્ક.પુ.કાશીખંડ ૯/૬૮)

દેવી ભાગવતમાં ગાયત્રીની ઉપાસનાનો ઉલ્લેખ છે.

परब्रह्मस्वरूपा च निर्वाणपददायिनी ।

ब्रह्मतेव्ज्ञोमयी शक्तिस्तदधिष्ठातृदेवता । (દે.મા. ૯-૧-૪૨)

'ગાયત્રી પરબ્રહ્મ સ્વરૂપ છે. નિર્વાણ પરમપદ આપનારી બ્રહ્મતેજોમયીની શક્તિ છે અને પરબ્રહ્મ જ તેના અધિષ્ઠાતા દેવતા છે.'

ઋગ્વેદના ત્રીજા મંડળમાં ॐ भूर्भुर्वः स्वः એ ગાયત્રી પ્રાર્થના છે અને તેનો છંદ ગાયત્રી છે.

મોટાભાગના બધા છંદ બે કે ચાર ચરણના છે પણ ગાયત્રી છંદ ત્રણ ચરણનો છે.

ગાયત્રીનું એક એક ચરણ એ ૐની એક એક માત્રા છે. ૐ ના અ, ઉ, અને મ છે. આ ત્રણે મળી ગાયત્રી મંત્ર છે. તેથી તે ત્રિપદા છે.

પહેલું ચરણ तत्सवितुर्वरेण्यं એમાં अ માત્રા છે.



બીજું ચરણ भर्गोदेवस्य धीमहि એમાં ઉ માત્રા છે.

ત્રીજુ ચરણ - धियोयनःप्रयोदयात् એમાં મ માત્રા છે.


આ રીતે આખો ગાયત્રી મંત્ર એ ૐ નું પ્રતીક છે ૐ એ પરમાત્માનું નામ છે અને જીવાત્મામાં અંતરાત્મારૂપે પણ એ જ છે. અને સમગ્ર વિશ્વમાં વિશ્વાત્મારૂપે પણ એ જ વિલસી રહ્યો છે.

**भूर्भुवः स्वः** એ ગાયત્રી મંત્રની વ્યાહ્‌તિ નથી ગણાતી પણ તે પરમાત્માનું સ્વરૂપ હોવાથી ૐ **भूर्भुवः स्वः** એમ ભગવાનનું સ્મરણ કર્યા પછી ગાયત્રી મંત્ર બોલાય છે.

**भूर्भुवः स्वः** માં ભૂ : એટલે પૃથ્વી, ભૂવ એટલે અંતરિક્ષ અને સ્વઃ એટલે સ્વર્ગ- એ ત્રણ મળીને ત્રણ લોક થાય છે. ૐ પ્રણવ સાથેની વ્યાહ્‌તિ છે. તેથી તે ગાયત્રી મંત્રમાં નથી ગણાતી. પણ એ ત્રણે મળીને બ્રહ્માંડ થાય છે અને બ્રહ્માંડમાં જેમ જેમ અલગ અલગ હિસ્સા છે તેમ મનુષ્ય પિંડમાં પણ ત્રણ અલગ હિસ્સા છે. ભૂઃ એટલે દેહ, મૂળઃ એટલે પ્રાણ તત્ત્વ અને સ્વઃ એટલે મન-અંતરાત્મામાં આ ત્રણ પ્રકટ અંશ છે અને બ્રહ્માંડમાં સૃષ્ટિમાં પણ આ ત્રણ ભૂ-ભૂવઃ અને સ્વઃ છે જ. મતલબ મનુષ્યપિંડ અને બ્રહ્માંડનો મેળ પાડવા ૐ **भूर्भुवः स्वः** બોલીને ગાયત્રી મંત્ર બોલવામાં આવે છે. તેથી સમગ્ર મંત્રના હાર્દમાં પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગને પ્રકાશિત કરનાર વ્યાપક સચ્ચિદાનંદ પરમાત્માના પાપનાશક તેજનું અમે ધ્યાન ધરીએ છીએ કે જે અમારી બુદ્ધિને પ્રકાશિત કરે એ ભાવના છે.

ગાયત્રી મંત્રનું બીજું અર્થઘટન પણ થાય છે તે નીચે મુજબ છે.

ૐ (પરમાત્મા) ભૂઃ (પ્રાણસ્વરૂપ) ભુવઃ (દુઃખનાશક) સ્વઃ(સુખરૂપ) તતઃ (તે) સવિતુઃ (તેજસ્વી)વરેણ્ય (શ્રેષ્ઠ) ભર્ગો ।(પાપનાશક) દેવસ્ય (દિવ્ય) ધીમહિ (ધારણ કરે)



ધિયો (બુદ્ધિ) યો (જે) નઃ (અમારી) પ્રચોદયાત્ (પ્રેરિત કરે)

ગાયત્રીના અર્થમાં પણ આટલી ત્રણ વાતો છે.

**(૧) ઈશ્વરના દિવ્ય ગુણોનું ચિંતન :** આમાં ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું. એટલે કે ગુણોને આપણા જીવનમાં ચરિતાર્થ કરવાના. આપણે તેવા બનવાનો જાગરૂક પ્રયાસ કરીશું, આપણે સમજી જીવનવ્યવહાર તે સભાનતાથી કરીશું તો નિશ્ચિત આપણે ભૌતિક તેમજ આધ્યાત્મિક - બંને રીતે ઉન્નતિ કરીશું.

**(૨) ઈશ્વરને પોતાની અંદર ધારણ કરવા :** પરમાત્માને આપણી અંદર ધારણ કરવાની ભાવના છે. અર્થાત્ તે આપણી અંદર છે જ. ગીતામાં સ્વયં ભગવાને જ કહ્યું છે, सर्वस्य चाहं हृदि संनिविष्ट (અ. ૧૫/૧૫)હું પ્રત્યેકના હૃદયમાં વસ્યો છું. તેનો અહેસાસ કરવાનો છે. તે જ રીતે ઈશાવાસ્યોપનિષદ માં જણાવ્યા મુજબ ઈશાવાસ્યનિદં સર્વમ્ ઈશ્વર બધે જ વ્યાપ્ત છે. તે ભાવના સાકારિત થાય છે. તે દૃષ્ટિ કેળવવાથી પોતાની નજીક પોતાની સાથે જ પ્રભુ છે, તે ભાવના માણસને આનંદથી રોમાંચિત કરે છે. એક સ્વર્ગીય આનંદની પ્રાપ્તિ થાય છે.

**(૩) એમાં સદ્‌બુદ્ધિની સર્વોપરિતાનું પ્રતિપાદન છેઃ** ભગવાનને પ્રાર્થના છે કે આપ અમારી બુદ્ધિને સન્માર્ગે દોરો. કારણ કે બુદ્ધિ સન્માર્ગે જવાથી બુદ્ધિ સાત્ત્વિક બને છે. ઊંચા આદર્શો રાખી તુચ્છ તૃષ્ણા અને વાસનાઓને નચાવનારી બુદ્ધિ જે કુબુદ્ધિ બને છે તે દૂર થાય છે. જેમ જેમ કુબુદ્ધિ દૂર થશે તેમ તેમ દિવ્ય ગુણવાળા પરમાત્માના દિવ્ય અંશનો અનુભવ રહેશે. ચિત્ત સદા પ્રસન્ન જ રહેશે.

ગાયત્રી ત્રિસ્વરૂપિણી છે. એક જ ગાયત્રી કાળભેદના કારણે ત્રણ રૂપોમાં વ્યવહાર કરે છે.

ૐ प्रातर्गायत्री रविमण्डलमध्यस्था रक्तवर्णा द्विभुव्द्मा ।

अक्षसूत्रकमण्डलुधरा हंसासनारुढा ब्रह्माणी ब्रह्मदैवत्या कुमारी ऋग्वेदोदाह्यता ध्येया ।

'પ્રાતઃકાળમાં ગાયત્રી રવિમંડળમાં સ્થિત છે. તે રક્તવર્ણા અને દ્વિભુજાવાળી છે. એક હાથમાં રુદ્રાક્ષ અને બીજા હાથમાં રુદ્રાક્ષ બાંધેલું કમંડળ છે. હંસ ઉપર સવાર થયેલી તેની બ્રહ્માણી કુમારી અવસ્થા છે.'

ૐ मध्याह्ने सावित्री रविमण्डलमध्यस्थाकृष्णवर्मा चतुर्भुव्द्मा

शङ्खचक्रगदापद्महस्ता गरुडारूढा युवती वैष्णवी विष्णुदैवत्या यव्जुर्वेदोदाहताध्येया ।

'મધ્યાહ્નકાળમાં સાવિત્રી રૂપે રવિમંડળના મધ્યમાં સ્થિત છે. તે ચાર ભુજાવાળી કૃષ્ણવર્મા છે. તેના હાથોમાં શંખ ચક્ર, ગદા તથા પદ્મ છે. ગરુડ ઉપર સવાર થયેલી તે યુવતીરૂપ વૈષ્ણવી છે અને યજુર્વેદની ઉદાહ્ત થઈ છે.'

ॐ सायाह्ने सरस्वती रविमण्डलमध्यस्था
शुकलवर्णा चतुर्भुव्झा त्रिशूलडमरुपाशपात्रकरा
वृषभासनसमारूढा ब्रह्मा रुद्राणी रूद्रदैवत्या
सामवेदोह्ता ध्येया ।

'સાયંકાળમાં તે સરસ્વતી છે, રવિમંડળ સ્થિત છે. શુકલવર્ણા છે. ચતુર્ભુજ છે, હાથોમાં ત્રિશૂલ, ડમરુ, પારા અને પાત્ર ધારણ કર્યાં છે, વૃષભ ઉપર આરૂઢ છે. રુદ્રાણી વૃક્ષા છે અને સામવેદ દ્વારા તેનું વર્ણન કરાયું છે.

મહર્ષિ વેદવ્યાસે આ ત્રણે સ્વરૂપો વિશે લખ્યું છે.'

गायत्री ब्रह्मरूपास्यात् सावित्री विष्णुरूपिणी ।
सरस्वती रुद्ररूपास्यात् उपास्या मूर्तिमंदन ॥

'બ્રહ્મરૂપિણી તે ગાયત્રી છે. વિષ્ણુરૂપિણી તે સાવિત્રી છે અને રુદ્રરૂપે તે સરસ્વતી છે. તેથી ત્રણ કાળમાં સંધ્યા ઉપાસનામાં ત્રણ રૂપોનું ધ્યાન કરવામાં આવે છે.'

- ગાયત્રીને પંચમુખી કહેવામાં આવે છે. તેની પાછળ પણ એક પ્રેરકભાવના છે. પંચમુખી ગાયત્રીનાં પાંચ મુખ પાંચ મસ્તક એ માનવીના પાંચ કોષનું પ્રતીક છે. અધિકાંશ માનવ અન્નકોષનો સહારો લઈ ભૌતિક સાધનો જેવાં કે પદ, પૈસા, પ્રતિષ્ઠા મેળવતા રહે છે. તેમની બુદ્ધિ આ ભૌતિક સંપદાના વિચારોમાં જ વપરાઈ જાય છે. બાકીના ચાર કોષોનો સક્રિય, સમર્થ અને સુવ્યવસ્થિત બનાવવામાં આવે તો તેનું સામર્થ્ય દેવોના જેવું થાય છે. આ કોષોનો વિકાસ ગાયત્રીની સાધનાથી થઈ શકે છે.

તે પોતે પ્રકાશક જ હોવાથી સાધકને તે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. અને વિશિષ્ટ બ્રહ્મવર્ચસ ઓજ તથા પ્રખર તેજ આપે છે. તેથી તેને શુભ્ર અગ્નિવાળી પણ કહે છે.

- ગાયત્રી મંત્ર ચોવીસ અક્ષરનો છે.

तत् स वि तु र्व रे णी यं भ र्गो दे व स्य धी
૧ ૨ ૩૪૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
म हि
૧૫ ૧૬
धि यो यो नः प्र चो द यात्
૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪

અને પ્રત્યેક અક્ષરમાં અગ્નિ, વરુણ ઈત્યાદિ ચોવીસ દેવતાઓ, અત્રિ, વસિષ્ઠ ઈત્યાદિ એકવીસ ઋષિઓ તથા ગાયત્રી અનુષ્ટુપ ઈત્યાદિ ચોવીસ છંદો છે અને એના શ્રવણ માત્રથી એનું ફળ મળે છે.(ભુવનેશ્વરી ભાગવત ..૧૨/૧/૨)

- ગાયત્રી એટલે જ્ઞાન ભક્તિ અને કર્મનો બીજમંત્ર.

આ મંત્રથી જ્ઞાન, ભક્તિ અને કર્મ - એ ત્રણ વાતો સાકારિત થાય છે. આ ત્રણે વાતો તેમાં બીજ રૂપે છે.

આ ભાવનાનું એકાંતમાં બેસી શાંત ચિત્તે ચિંતન, મનન અને સાધના માટે ખૂબ ઉપયોગી છે. આસન ઉપર સ્થિર બેસી તેનું ધ્યાન કરવામાં આવે તો તે જીવનને અકથ્ય આનંદ અને ઉત્સાહથી ભરેલું રાખશે. આ ત્રણે વાતોની સમજણ નીચે મુજબ છે.

(૧) જ્ઞાન - પરમાત્માનો પવિત્ર અંશ હું છું. પરમાત્મા પ્રાણસ્વરૂપ છે. હું પણ પ્રાણવાન છું. તેનો અહેસાસ થવાથી હું દુઃખરહિત છું. ઈશ્વર આનંદસ્વરૂપ છે. મારા જીવનને અને બીજાના જીવનને આનંદમય બનાવશે. હું પણ નીડર, સાહસી, વીર, પુરુષાર્થી બનીશ.

બ્રહ્મ શ્રેષ્ઠ છે શ્રેષ્ઠતા, મહાનતા, આદર્શવાદી સિદ્ધાંત જીવનમાં સ્વીકારી હું પણ પાપોથી, કુવિચારોથી અને કુકર્મોથી બચીને રહીશ.

પ્રભુ દિવ્ય છે. હું પણ દિવ્ય ગુણોથી મારા જીવનને વિભૂષિત કરીશ અને સંસારને કાંઈક આપતા રહેવાની દેવનીતિ અપનાવીશ.



(૨) ભક્તિ-ઉત્તમ ગુણવાળા પરમાત્માને હું મારી અંદર ધારણ કરું છું. હું તેનામાં તન્મયી રહીશ. તેને જ મારા હૃદયસ્થાને હું સ્થાપિત કરું છું. તે જ મારા છે અને તેનો જ હું છું. ભગવાન બધાના છે એ જ્ઞાન છે. ભગવાન મારો જ છે એ ભક્તિ છે.

એ ભાવનાથી વિશ્વમાનવમાં વ્યાપ્ત પરમાત્માની સેવા એ જ મારું લક્ષ્ય રહેશે.

(૩) કર્મ-સદ્‌બુદ્ધિ એ તો જીવનનું મોટામાં મોટું વરદાન છે. આત્મચિંતન કરી મારા અંતઃકરણ- મનબુદ્ધિ, ચિત્ત અને અહંકારમાં છૂપાયેલી કુબુદ્ધિને બારીકાઈથી તપાસીને તેને દૂર કરવામાં કોઈ મણા નહીં રાખું. મારી માન્યતાઓ, વ્યવહારુ દુરાગ્રહો દૂર કરી સત્યને સ્વીકારવામાં પ્રમાદ ન કરતાં તેને આત્મસાત્ કરીશ. મનને માલિન્યથી ખરડાયેલું ન રાખતાં સત્યમ્ , શિવમ્ , સુંદરમ્ ની ભાવનાથી વિભૂષિત કરીશ અને એ ભાવનાથી થતી ગાયત્રીમાતાની એ ભાવનાથી કરેલી ઉપાસના જીવનને આનંદિત કરી અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાનું સામર્થ્ય આપશે.

**ગાયત્રી તેજની સાધના**

ગાયત્રી સાધના ખરેખર તેજસ્વિતાની પ્રાણશક્તિની બ્રહ્મની ઉપાસના છે. જેથી તેની ઘનિષ્ટ સાધના બ્રહ્મવર્ચસ કહેવાય છે. આ સાધના કરનાર વ્યક્તિ સર્વતોમુખી પ્રગતિના માર્ગ પર આગળ વધે છે.

શ્રુતિના કહેવા મુજબ -

स्तुतो मया वरदा वेदमाता प्रयोदयन्ती पवने द्विव्जाता ।

आयुः पृथिव्यां द्रविणं ब्रह्मवर्चसं मह्मा दत्वा प्रव्जातु ब्रह्मलोकम् ॥

'જે વેદમાતા ગાયત્રી, આયુ, પૃથ્વી, દ્રવ્ય અને તેથી પણ વિશેષ બ્રહ્મવર્ચસ આપવાવાળી છે તે મને બ્રહ્મલોકનું સુખ આપો.'

ગાયત્રી સૂર્યનો આત્મા છે. સવિતાશક્તિ સાથે ઉપાસકને જોડે છે. તેના લીધે તે પરબ્રહ્મ મહાપ્રાણને માનવીના શરીર અને આત્માના- અંતઃકરણના પ્રમાણમાં ધારણા કરીને લૌકિક સુખ તથા આત્મિક શાંતિનો અનુભવ કરાવી માનવ જીવનમાં પરમ લક્ષ્યની પ્રાપ્તિ કરાવે છે.

આ મહાપ્રાણ જ્યારે શરીરમાં પ્રવેશે છે ત્યારે આરોગ્ય, આયુષ્ય, તેજ, બળ, ઉત્સાહ, સ્ફૂર્તિ તથા ઈન્દ્રિયોની શક્તિ અનુભવવા મળે છે.

જ્યારે તે મનના ક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે જીવનમાં ઉત્સાહ, સ્ફૂર્તિ, પ્રસન્નતા, એકાગ્રતા ધૈર્ય, સાહસ અને સંયમ જેવા સદગુણો પ્રાપ્ત થાય છે તથા તેનું અવતરણ જ્યારે આધ્યાત્મિક ક્ષેત્રમાં થાય છે, ત્યારે ત્યાગ, તપ, શ્રદ્ધા, વિશ્વાસ, દયા, ઉપકાર, પ્રેમ વિવેક ઈત્યાદિ ગુણોથી જીવન સુગંધિત બને છે.

ટૂંકમાં, જીવનના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક- આ ત્રણે ક્ષેત્રોમાં મહાપ્રાણ જેમ જેમ ભરાતા જાય છે તેમ મનુષ્ય અપૂર્ણતામાંથી પૂર્ણ, લઘુતામાંથી વિભુ, અને તુચ્છમાંથી મહાન બનવા લાગે છે. આત્મકલ્યાણનો આ જ માર્ગ છે. થોડુંક તાત્ત્વિક દષ્ટિથી પણ વિચારવાનું હોય તો જણાશે કે આપણા શરીરમાં જુદા જુદા ક્ષેત્રોમાં જે ક્રિયાશીલ પ્રાણ છે તે પણ ભૌતિક છે. પણ તેને નિયંત્રણ કરનારી મનોમય શક્તિ છે તેની ઈચ્છા અને સંકલ્પથી શરીરનો બધો વ્યાપાર ચાલે છે અને તે એટલે ગાયત્રી છે. મતલબ, ગાયત્રીમાં પંચભૌતિક જીવન વ્યવહાર, પ્રાણ અને મન એ ત્રણેય શક્તિનું સમગ્ર રૂપ આવી જાય છે.

શાસ્ત્રીય પરિભાષામાં કહેવું હોય તો ભૌતિક ક્લેશ અને પ્રપંચમાંથી મુક્તિ અપાવનાર આ વિદ્યા - આ ગાયત્રી સાધના છે.

આપણા પૂર્વજ, ગૌતમ, વસિષ્ઠ, વિશ્વામિત્ર અંગિરસ વગેરે ઋષિ મહર્ષિઓએ ગાયત્રી મંત્રની ઉપાસના દ્વારા જ અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત કરી હતી. ગાયત્રીના પ્રભાવથી જ વસિષ્ઠે વિશ્વામિત્ર ઉપર વિજય મેળવી બ્રહ્મર્ષિ પદની પ્રાપ્તિ કરી નવી સૃષ્ટિ રચનાની અપૂર્વ શક્તિ મેળવી હતી.

અંતમાં, ગાયત્રીની ઉપાસનાથી મનુષ્યમાં સદ્‌બુદ્ધિ, સદ્‌વિચાર અને સત્કર્મનો ઉદય થાય છે. અને બધા જ પ્રકારના વિઘ્નો દૂર થાય છે. અને તે બધાનું કલ્યાણ કરી જીવનમાં તેજનો સંચાર કરે એવી પ્રાર્થના.

*૧૦૦૬/બી કલાસાગર, રત્નમણી કોમ્પ્લેક્સ પાછળ*
*જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો. ૯૩૨૮૩૦૪૪૦૯*
*ફોન : ૨૬૭૪૩૫૮૬*



# આઝાદીની લડતમાં અમદાવાદનું પ્રદાન

*- ડૉ. માણેક પટેલ 'સેતુ'*

આપણે સૌ ભારતની આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. એ નિમિત્તે આપણે આઝાદી કેવી રીતે મેળવી અને તે માટે કેવો સંઘર્ષ - લડાઈ કરવી પડી હતી, એ જાણવું ખૂબ મહત્ત્વનું છે. આઝાદીની લડતમાં દેશના અન્ય શહેરો કરતાં અમદાવાદનું પ્રદાન સવિશેષ રહ્યું હતું.

સ્વાધીનતાના પ્રથમ સંગ્રામમાં ૧૮૫૭ના બળવાને આધારસ્તંભ તરીકે ગણીએ તો ૧૯૪૭માં આઝાદી મળી એ વચ્ચેનો ૯૦ વર્ષનો કાળ થાય. આ કાળમાં આઝાદીની લડત માટેની અમદાવાદમાં બનેલી મહત્ત્વની ઘટનાઓનો અત્રે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**૧૮૫૭ : વિપ્લવ :** આ વિપ્લવમાં કેટલાક બળવાખોર સૈનિકો કે વિપ્લવવાદીઓ પકડાયા હતા. તેમને મોતની સજા થઈ હતી. પાંચ જણને તોપના ગોળે ઉડાડવામાં આવ્યા હતા. ત્રણને બંદૂકની ગોળીએ વીંધવામાં આવ્યા હતા. તેરને ફાંસીએ લટકાવવામાં આવ્યા હતા. આ ગુનેગારોને કેન્ટોનમેન્ટમાં આવેલી ફાંસી ખોલીમાં ફાંસી આપવામાં આવી હતી. આ સમયે શહેરમાંથી ૨૦,૦૦૦ જેટલાં શસ્રો મળી આવ્યાં હતાં. આ બળવાથી અંગ્રેજોની ઊંઘ ઉડી ગઈ હતી.

૧૮૫૭ના વિપ્લવમાં સારંગપુરના વિઠ્ઠલ ભગવાનના મંદિરના મહંત નારાયણ મહારાજની કૃપાથી મંદિરમાં એક બાજુ પૂજા-અર્ચન થતાં હતાં અને બીજી બાજુ શસ્રસરંજામો ઉતરતાં હતાં. બળવાખોર ક્રાંતિકારીઓ અહીં છૂપા વેશમાં રહેતા હતાં. અહીંથી બીજા શહેરોમાં અને ગામોમાં ગુપ્ત સંદેશાઓ મોકલવામાં આવતા હતા. અંગ્રેજ સરકારને આ બાબત ધ્યાનમાં આવતાં, મંદિરના મહંત નારાયણ મહારાજને પગમાં કાયમી બેડી સાથે ૧૪ વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવી હતી.

**૧૮૭૬ : સ્વદેશી ચળવળ :** ભારતભરમાં સ્વદેશી ચળવળની પ્રથમ શરૂઆત અમદાવાદ શહેરમાં થઈ હતી. મહાત્મા ગાંધીજી અમદાવાદ આવ્યાના ૩૯ વર્ષ પહેલાં, ૧૮૭૬માં અમદાવાદમાં "સ્વદેશી વત્સલ' માસિક શરૂ થયું હતું અને "સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળ' સ્થપાયું હતું. જેમાં અંબાલાલ સાકરલાલ દેસાઈ, પ્રેમાભાઈ હીમાભાઈ રણછોડલાલ છોટાલાલ, હરગોવનદાસ કાંટાવાલા, બેચરદાસ લશ્કરી, લાલશંકર ઉમિયાશંકર વગેરે અગ્રેસર હતા.

ઉત્સાહી લોકોએ ભેગા થઈને ૧૮૮૪માં શહેરમાં પ્રથમ રાજકીય સંસ્થા - "ગુજરાત સભા'ની સ્થાપના કરી હતી.

**૧૮૮૫ : કોંગ્રેસની સ્થાપના :** મુંબઈમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઈ હતી. ૨૮મી ડિસેમ્બર, ૧૮૮૫ના રોજ આયોજિત પ્રથમ મહાસભામાં ભારતભરમાંથી ૭૨ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. એ પૈકી અમદાવાદના અંબાલાલ સાકરલાલ દેસાઈ સહિત છ પ્રતિનિધિઓ હતા.

**૧૯૦૧ : હિંદદેવીના ચિત્રકાર :** દરેક વ્યક્તિમાં આસ્થા સમાયેલી હોય છે. અમદાવાદમાં જમાલપુર વિસ્તારમાં રહેતા મ્યુનિસિપલ શાળાના શિક્ષક મગનલાલ શર્માએ હિંદદેવી - ભારત માતાનું પ્રથમ ચિત્ર દોર્યું હતું. જેને રાષ્ટ્રીય કક્ષાએ સ્વીકૃતિ પ્રાપ્ત થઈ હતી.

**૧૯૦૨ : ૧૮મું કોંગ્રેસ અધિવેશન :** અમદાવાદ શહેરમાં પ્રથમવાર કોંગ્રેસ અધિવેશન મિલમાલિક બાલાભાઈ દામોદરદાસના પ્રમુખસ્થાને સ્વાગત પ્રમુખ અંબાલાલ સાકરલાલ દેસાઈએ હઠીસિંગની વાડીમાં ૨૩ - ૨૫ મી ડિસેમ્બર, ૧૯૦૨ દરમિયાન આયોજન કર્યું હતું. આ પ્રસંગે' ઔદ્યોગિક પ્રદર્શનનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું - જેનું ઉદ્ઘાટન મહારાજા સયાજીરાવ ગાયકવાડે કર્યું હતું.

**૧૯૦૬ : યુનાઈટેડ બંગાલ હોમ :** બનારસમાં ભરાયેલ કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લેવા ગયેલા અમદાવાદના પ્રતિનિધિઓના સંપર્કમાં કેટલાક બંગાળના ક્રાંતિકારી પ્રતિનિધિઓ આવ્યા હતા. અંબાલાલ સાકરલાલ દેસાઈ, મિલ વિવિંગ માસ્ટર કેશવલાલ મહેતા અને ચુનીલાલ ભટ્ટના આમંત્રણથી બંગાળથી ૪૦ જેટલા ક્રાંતિકારીઓ અમદાવાદમાં આવ્યા હતા અને ખાડિયામાં ચુનીલાલ ભટ્ટના મકાનમાં રોકાયા હતા. તેથી એમનું મકાન "યુનાઈટેડ બંગાલ હોમ" તરીકે જાણીતું થયું હતું. એમણે રોકાણ દરમિયાન આપણા યુવાનોને "વંદે માતરમ્" ગાતાં અને બોમ્બ બનાવતાં શીખવાડ્યું હતું.

**૧૯૦૯ : લૉર્ડ મિન્ટો ઉપર બોમ્બ ફેંકાયો :** રાયપુર દરવાજાથી સ્ટેશન બાજુ લોર્ડ મિન્ટો અને લેડી મિન્ટો બગીમાં પસાર થઈ રહ્યાં હતાં ત્યારે, મહિપતરામ રૂપરામ આશ્રમ સામે એમના ઉપર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આ ઘટનામાં તેઓ બચી ગયાં હતાં પણ એક સફાઈ કામદાર મરણ પામ્યો હતો.

આ ઘટના પાછળ મોહનલાલ પંડ્યા અને કૃપાશંકર પંડિત સંકળાયેલા હતા. આ ઘટના સ્થળે એક સ્મારક જેવું સ્થાપત્ય જોવા મળે છે.

**૧૯૧૫ : ગાંધીજીનું અમદાવાદમાં આગમન :** સ્વાતંત્ર્યની આખી લડતને વળાંક આપવાનું શ્રેય જેના ભાગ્યમાં લખાયેલું હતું, જેને લોકો ભારતના ભાગ્યવિધાતા તરીકે પૂજવાના હતા, એવા પોરબંદરમાં જન્મેલા એક સપૂત મોહનલાલ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહના સફળ પ્રયોગો કરી, ૧૯૧૫માં ભારતમાં આવ્યા. લોકોએ એમના આગમનને આદરપૂર્વક વધાવ્યું. ૧લી ફેબ્રુઆરી, ૧૯૧૫ના રોજ ગાંધીજી અમદાવાદ આવીને મિલ માલિક મંગળદાસ ગિરધરદાસ શેઠના મહેમાન બની એમના બંગલામાં રાત્રી રોકાણ કર્યું હતું. એમણે અમદાવાદને "કર્મભૂમિ" બનાવવાનું સ્વીકાર્યું.

ગાંધીજીએ બેરિસ્ટર જીવણલાલ વ્રજલાલ દેસાઈનો કોચરબમાં આવેલો બંગલો ભાડે લઈ ૨૫મી મે, ૧૯૧૫ના રોજ "સત્યાગ્રહ" નામ આપીને વિધિવત આશ્રમ શરૂ કર્યો.

ત્યારથી ભારતમાં "ગાંધીયુગ"ના મંડાણ શરૂ થયાં.

**પ્રેમળ જ્યોતિ તારો દાખવી :** ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૧૫ના રોજ ગાંધીજીને મળવા આવેલા સાક્ષર કવિ નરસિંહરાવ દિવેટિયાને એમને ગમતી કાર્ડીનેલ ન્યુમેનની "Lead Kindly Light" નામની કવિતાનું ગુજરાતી ભાષાંતર કરવા આપ્યું હતું. કવિએ "પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ" એ રીતે ગુજરાતીમાં કવિતા કરી આપી હતી, જે રચના ગુજરાતી સાહિત્યમાં ખૂબ જાણીતી બની હતી અને આજે પણ ગવાય છે.

**અસ્પૃશ્યતા નિવારણનો પ્રથમ પ્રયોગ :** હરિજન શિક્ષક દુદાભાઈ દાફડા પરિવાર સાથે ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૧૫ના રોજ સત્યાગ્રહ આશ્રમમાં રહેવા આવતાં ગાંધીજીના મોટાં બહેન રળિયાત બહેને આશ્રમ છોડી દીધો હતો. મગનલાલ ગાંધી આશ્રમ છોડવા તૈયાર થયા. ચુસ્ત હિંદુ પરિવારોએ આશ્રમને આર્થિક મદદ કરવાનું બંધ કર્યું. તેથી આશ્રમ આર્થિક મુશ્કેલીમાં મૂકાયો. આ વાત જાણીને એક શેઠ રોલ્સ રોઈસ ગાડીમાં આવીને, ગાંધીજીને આશ્રમના દરવાજા આગળ એક કવર આપીને જતા રહે છે. તે કવરમાંથી રૂપિયા ૧૩,૦૦૦ નીકળ્યા હતા અને મદદ કરનાર શેઠ અંબાલાલ સારાભાઈ હતા. ગાંધીજીએ એમની આત્મકથામાં લખ્યું છે - "મારી ઉપર આવી ભીડ પહેલીવાર નહોતી આવી, દરેક વાર છેલ્લી ઘડીએ શામળાએ મદદ મોકલી છે."

**૧૯૧૬ : મહમદઅલી ઝીણા અને લોકમાન્ય ટિળક અમદાવાદમાં :** ગુજરાત પ્રાંતીય રાજકીય અધિવેશન મહમદઅલી ઝીણાના પ્રમુખ સ્થાને ભરાયું હતું. લોકમાન્ય ટિળકે તેમાં હાજરી આપી હતી.

**૧૯૧૭ : સાબરમતી આશ્રમ :** ગાંધીજી માનતા હતા કે ફળ, ઝાડ, ખેતી, ઢોર વિના આશ્રમ અપૂર્ણ કહેવાય. વળી કોચરબ આશ્રમનું મકાન ભાડાનું હતું. ગાંધીજીના મિત્ર પૂંજાભાઈ હીરાચંદ દ્વારા હાલની સાબરમતી આશ્રમવાળી જગ્યા મણિશંકરભાઈ પીતાંબરદાસ પાસેથી રૂપિયા ૨૫૫૩માં દસ્તાવેજ કરી ખરીદવામાં આવી હતી.

૧૯૧૭માં અમદાવાદમાં મરકી (પ્લેગ)ના રોગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ગાંધીજીએ આત્મકથામાં લખ્યું છે - "બાળકોને હું સુરક્ષિત નહોતો રાખી શકતો, એથી સાવચેતીના અને અગમચેતીના પગલાંરૂપે સાબરમતીની જમીનનો કબજો મળતાં ગાડામાં સામાન ભરી આ સ્થળે આવી ગયાં. વરસાદની મોસમ હતી, તંબુ બાંધી રહેવાની શરૂઆત કરી." આ રીતે ૧૭મી જુલાઈ, ૧૯૧૭ના રોજ સાબરમતી આશ્રમ શરૂ થયો હતો.

ગાંધીજી લોકો સુધી પહોંચવા માંગતા હતા. એમણે ગૃહઉદ્યોગને ધ્યાનમાં રાખી ચરખાને માધ્યમ બનાવ્યું. ગાંધીજીએ વણકર બની આશ્રમમાં વણાટ કામ શરૂ કર્યું. એમણે ખાદી થકી લોકોને સ્વદેશીનો મહિમા સમજાવ્યો. એમણે સમૂહ કાંતણ, સમૂહ સફાઈ અને સમૂહ પ્રાર્થનાને આશ્રમના નિત્યક્રમ બનાવ્યા.

**૧૯૧૭ : વલ્લભભાઈ પટેલનો જાહેરસેવામાં પ્રવેશ:** બેરિસ્ટર વલ્લભભાઈ પટેલે ૧૯૧૩માં અમદાવાદ આવી વકીલાત શરૂ કરી. તેઓ ભદ્રમાં રહેતા હતા અને ફુરસદનો સમય નજીકમાં આવેલી ગુજરાત કલબમાં પસાર કરતા હતા.

એક કાર્યક્રમ માટે ગણેશ વાસુદેવ માવળંકર ગાંધીજીને લઈને ગુજરાત કલબમાં આવે છે. તેઓ કલબમાં બ્રિજ-પાનાં રમતા વલ્લભભાઈ પટેલના ટેબલ પાસેથી પસાર થાય છે. તેઓ બંને વચ્ચે કોઈ વાતચીત થઈ નહોતી. વલ્લભભાઈ ગાંધીજીને "ઘેલો ગાંધી" કહી હસી કાઢતા હતા.

માવળંકર દાદાએ વલ્લભભાઈ પટેલને ગાંધીજીને મળવા અને ચર્ચા કરવા ઘણીવાર જણાવતાં એકવાર વલ્લભભાઈ આશ્રમમાં પહોંચી જાય છે, ત્યાં ગાંધીજીને થાળીમાં અનાજમાંથી કાંકરીઓ વિણતા જોતાં, "આ માણસ દેશને શું આઝાદી અપાવવાનો છે ?"' એવું વિચારતાં ત્યાંથી પાછા ફરી જાય છે.

૧૯૧૭માં ચંપારણમાં મોતીહારી ગામે ગાંધીજીએ બહાદુરીપૂર્વક કરેલા સત્યાગ્રહની વાત જાણીને અને પ્રેરણા લઈને વલ્લભભાઈ પટેલ જાહેર સેવામાં જોડાયા અને મ્યુનિસિપાલિટીની દરિયાપુર બેઠકની પેટા ચૂંટણીમાંથી મ્યુનિસિપાલિટીના સભ્ય તરીકે ચૂંટાયા. વલ્લભભાઈએ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે સુંદર સેવાઓ આપી. ૧૯૧૮માં એમણે ખેડા સત્યાગ્રહની નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવી હતી.

**૧૯૧૯ : નવજીવન :** ગાંધીજી માનતા હતા કે "વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે." ગાંધીજીએ શરૂઆતમાં હસ્ત લેખિત "સત્યાગ્રહી" સમાચાર પત્ર શરૂ કર્યું હતું. એની સાઈક્લોસ્ટાઈલ્ડ કોપી કાઢવામાં આવતી હતી જેની કિંમત એક પૈસો હતી.

એ સમયે ઈન્દુલાલ યાજ્ઞિક "નવજીવન અને સત્ય" નામથી સાપ્તાહિક પ્રકાશિત કરતા હતા. ગાંધીજીએ એમના વિચારોના પ્રચાર માટે ઈન્દુલાલ પાસેથી "નવજીવન અને સત્ય" માગી લીધું અને "નવજીવન" નામથી ૭મી સપ્ટેમ્બર, ૧૯૧૯થી પત્રિકાનું પ્રકાશન શરૂ કર્યું હતું. એ પછી એમણે અંગ્રેજીમાં "યંગ ઈન્ડિયા"નું પ્રકાશન શરૂ કર્યું હતું બંને પ્રકાશનો આઝાદીની લડતનાં મીડિયા શસ્ત્રો તરીકે ઉપસી આવ્યાં હતાં.

**રોલેટ એક્ટ :** અંગ્રેજ સરકારે અમલમાં મૂકેલ "રોલેટ એક્ટ"ના "કાળા કાયદા"ના વિરોધમાં સત્યાગ્રહના પ્રતિજ્ઞાપત્ર ઉપર ગાંધીજીએ પ્રથમ સહી કરી હતી. ૯મી એપ્રિલે, ગાંધીજીની સરકારે દિલ્હી જતાં કોસીકલાં રેલવે સ્ટેશને ધરપકડ કરી તેમને રેલવે મારફતે મુંબઈ લઈ જવામાં આવ્યા. ગાંધીજીની ધરપકડના સમાચાર જાણતાં અમદાવાદમાં તોફાનો શરૂ થયાં. ૨૮ માણસો મરણ પામ્યા અને ૧૨૩ જેટલા ઘવાયા. ૧૩મી એપ્રિલે ગાંધીજીએ અમદાવાદ આવી ઉપવાસ શરૂ કરતાં અમદાવાદ શાંત થયું હતું.

**૧૯૨૦ : ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના :** ગાંધીજીએ ૧લી ઓગસ્ટ, ૧૯૨૦માં અસહકારની લડત શરૂ કરી. ગાંધીજીને મન રાષ્ટ્રીય શિક્ષણ, ગ્રામીણ જીવન અને કૃષિ મહત્ત્વના મુદ્દા હતા. આ વિચારોના પરિણામે પાલડીમાં ડાહ્યાભાઈ ઈજ્જતરામ મહેતાના બંગલામાં ગૂજરાત વિદ્યાપીઠની ૧૯મી નવેમ્બર, ૧૯૨૦ના રોજ સ્થાપના થઈ. ગાંધીજીએ વિદ્યાપીઠના ઉદ્ઘાટનના ભાષણમાં જણાવ્યું હતું -

"એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો (વિદ્યાપીઠની સ્થાપના કરીને) મેં ઋષિનું કામ કર્યું છે." ગાંધીજીએ કુલપતિ પદ સ્વીકાર્યું અને ગિદવાણીજી કુલનાયકપદે નિમાયા. પ્રથમ દિવસે ૫૯ વિદ્યાર્થીઓ વિદ્યાપીઠમાં જોડાયા. હાલમાં આશ્રમરોડ ઉપર આવેલી વિદ્યાપીઠનું ખાતમૂહૂર્ત ૧૯૨૩માં થયું હતું જેનું ઉદ્ઘાટન ગાંધીજીએ ૧૪મી જાન્યુઆરી, ૧૯૨૫ના રોજ કર્યું હતું.

**૧૯૨૧ : કોંગ્રેસ અધિવેશન :** કોંગ્રેસનું ૩૬મું અધિવેશન અમદાવાદમાં હાલની વાડીલાલ હોસ્પિટલની જગ્યાએ પ્રમુખ વલ્લભભાઈ પટેલ અને મંત્રી ગ.વા. માવળંકરની દોરવણી હેઠળ ભરાયું હતું. તેમાં મહાત્મા ગાંધીજીએ પ્રથમ વાર ચરખાવાળો રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો હતો.

**૧૯૨૨ : ધ ગ્રેટ ટ્રાયલ :** ગાંધીજીને તેમના "યંગ ઈન્ડિયા"માં છપાયેલા લેખો માટે અને શંકરલાલ બેન્કરને તેના પ્રકાશક તરીકે રાજદ્રોહી ઠરાવી, ૧૦મી માર્ચ, ૧૯૨૨ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. જસ્ટીસ આર. એસ. બ્રુમફીલ્ડે ગાંધીજીને છ વર્ષ અને શંકરલાલ બેન્કરને એક વર્ષની સજા ફરમાવી હતી. તે "ધ ગ્રેટ ટ્રાયલ" શાહીબાગ રોડ ઉપર આવેલા સરકીટ હાઉસમાં એ જમાનાની કોર્ટમાં કેસ ચાલ્યો હતો. ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળે કોર્ટમાં હાજર રહીને એ ઘટનાનું ચિત્ર દોર્યું હતું. એ ચિત્ર હાલમાં સરકીટ હાઉસમાં કોર્ટવાળી રૂમમાં જોવા મળે છે. શરૂઆતમાં ગાંધીજીને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા હતા અને પાછળથી એમને પૂનાની યરવડા જેલમાં રાખ્યા હતા.

**૧૯૨૩ :** નાગપુર સત્યાગ્રહમાં અમદાવાદના અગ્રણીઓ જોડાયા.

**૧૯૨૭ : સાયમન ગો બેક :** સાયમન કમિશનના વિરોધમાં "સાયમન ગો બેક'ના પતંગો ચગ્યા.

**૧૯૨૮ : વલ્લભભાઈ "સરદાર" બન્યા :** વલ્લભભાઈ પટેલે ૧૯૨૪થી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ તરીકે નિષ્ઠાથી ફરજો બજાવી હતી. ૧૯૨૭માં શહેરમાં ૭૧ ઈંચ વરસાદ પડવાથી આવેલા જલ, રેલસંકટમાં વલ્લભભાઈએ રાતદિવસ કામ કર્યું હતું. ૧૯૨૮માં એમણે અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે રાજીનામું આપ્યું હતું. એ પછી એમણે બારડોલી સત્યાગ્રહના - સરદાર બની આગેવાની લીધી હતી. બારડોલી સત્યાગ્રહ સફળ થતાં એ પછી વલ્લભભાઈ 'સરદાર' તરીકે ઓળખાયા.

ગાંધીજીએ વલ્લભભાઈ પટેલની હાજરીમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીની ઈમારત ઉપર રાષ્ટ્રીય ધ્વજ તિરંગો ફરકાવ્યો.

**૧૯૨૯ :** ગુજરાત કૉલેજમાં આચાર્ય સિરાઝીની વિરુદ્ધમાં વિદ્યાર્થીઓએ રોહિત મહેતાની આગેવાનીમાં ૩૯ દિવસની હડતાલ પાડી હતી.

અસહકારની ચળવળના કાર્યક્રમો કરતા વલ્લભભાઈ પટેલની ધરપકડ થઈ હતી. આ વર્ષના અંતમાં ભરાયેલ કોંગ્રેસ અધિવેશનમાં ગાંધીજીનો પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર થયો.

**આઝાદીની લડતનું હેડક્વાટર અમદાવાદ :**

અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેતાઓ ગાંધીજીને મળવા માટે સાબરમતી આશ્રમમાં આવતા હતા. તેઓ આશ્રમમાં 'નંદિની' નામના અતિથિગૃહમાં રોકાણ કરતા હતા. જેમાં કેલન બેક, બાદશાહ ખાન, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, પંડિત માલવિયાજી, પંડિત જવાહરલાલ નહેરુ, દીનબંધુ એન્ડ્રુઝ, હની પોલાક, રાજાજી વગેરે હતા. કસ્તુરબા મહેમાનોની કાળજી રાખતાં હતાં. કેટલાક મહાનુભાવો શહેરમાં રિલીફ રોડ ઉપર આવેલા "મણિલાલ મેન્શન"માં સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર વગેરેનું રોકાયા હતા. 'મણિલાલ મેન્શન'માં પહેલા માળે આવેલા હાલમાં આઝાદીની ચળવળની સભાઓ થતી હતી. સૌને અમદાવાદ આઝાદીની ચળવળનું હેડક્વાટર લાગતું હતું !

**૧૯૩૦ : દાંડીકૂચ :** કોંગ્રેસ કાર્યકારી સમિતિએ ગાંધીજીને સંપૂર્ણ આઝાદી માટે સત્યાગ્રહ કરવાની સંપૂર્ણ સત્તા આપી. સરકારે મીઠાના ઉત્પાદનનો ઈજારો આપી કર નાંખ્યો. ગાંધીજીની આગેવાની હેઠળ દેશે બુલંદ અવાજે વિરોધ દર્શાવ્યો અને જાહેર કર્યુ - 'આ કાયદાનો ભંગ સૌ પ્રથમ પોતે કરશે, તે માટે દાંડીકૂચ કરશે' સરદાર પટેલે દાંડીકૂચનો માર્ગ નક્કી કર્યો. ગૂજરાત વિદ્યાપીઠમાંથી ગુલામ રસુલ કુરેશીની આગેવાનીમાં અરુણ ટુકડીએ દાંડીયાત્રાના માર્ગમાં આવતા ગામોમાં જઈને મીઠાના કાયદા વિશે જાણકારી આપવાની, ગામ અંગેની માહિતી એકઠી કરવાની અને દાંડીયાત્રીઓ માટે સાદા ભોજનની વ્યવસ્થા કરવાનું કામ ઉપાડ્યું હતું.

અઠવાડિયા પહેલાં સાબરમતી નદીના પટમાં એલિસબ્રિજ નીચે પ્રાર્થનાસભાઓ થવા માંડી. ગાંધીજીએ કહ્યું: "મારો જન્મ બ્રિટિશ સામ્રાજયનો નાશ કરવા થયો છે." દાંડીયાત્રાના પાંચ દિવસ પહેલાં સરકારે રાસ ગામેથી સરદાર પટેલની ધરપકડ કરી.

૧૦મી માર્ચે, ૧૯૩૦ની સાંજે વિશાળ જનમેદનીને ગાંધીજીએ સંબોધિત કરતાં કહ્યુ હતું - 'એમ હોઈ શકે કે સાબરમતી નદીકિનારે આ મારું અંતિમ ભાષણ હોય કે કદાચ મારી જિંદગીનું અંતિમ ભાષણ હોય.' આવું સાંભળીને લોકોનાં હૃદય દ્રવિત થયાં. ૧૧મી માર્ચની સાંજે ભારે ગિરદી વચ્ચે સંતવાણી જેવું વ્યાખ્યાન આપ્યું. આખી રાત ભજનો અને ગાંધીજીની જય પોકારવામાં વિતાવી.

૧૨મી માર્ચ, સવારે છ ને દશ મિનિટે ગાંધીજી એમના ઓરડામાંથી બહાર આવ્યા. એમની સાથે પ્રભાશંકર પટણી, મહાદેવભાઈ દેસાઈ અને પ્યારેલાલ હતા. ૧૪ પ્રાંતોના ૭૯ સત્યાગ્રહીઓ દાંડીયાત્રા માટે તૈયાર હતા. દાંડીયાત્રામાં જોડાતાં પહેલાં ગાંધીજી આશ્રમવાસીની બીમાર પુત્રીની ખબર કાઢી આવ્યા. આવો હતો એમનો બાળવાત્સલ્ય પ્રેમ !

કસ્તુરબાએ "સૌ સત્યાગ્રહીઓને' કંકુ - અક્ષતના ચાંલ્લા કર્યા. પંડિત ખરેએ 'વૈષ્ણવજન' ગાવાનું શરૂ કર્યું અને દાંડીકૂચે પ્રયાણ કર્યું. મૃદુલા સારાભાઈએ સ્થાપેલી 'વાનરસેના'એ આશ્રમ પરિસરમાં દાંડીકૂચ કાઢી હતી. દાંડી માર્ગમાં ભાટ ગામે જાહેરસભામાં ગાંધીજીએ એલાન કર્યું - "હું કાગડાના મોતે મરીશ, કૂતરાના મોતે મરીશ, પરંતુ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો ફરીશ નહી.'

૩૮૫ કિ.મી. લાંબી દાંડીકૂચ ૨૫ દિવસે પાંચમી એપ્રિલે દાંડી પહોંચી. ગાંધીજીએ વિશ્વને અપીલ કરી : "બળિયા સામેના સંગ્રામમાં હું વિશ્વની સહાનુભૂતિ માગું છું." છઠ્ઠી

એપ્રિલે સવારે ગાંધીજીએ સમુદ્ર સ્નાન કર્યું અને છને વીસ મિનિટે ચપટી મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો ભંગ કરી બોલ્યા - ''બ્રિટેશ સામ્રાજયની ઈમારતના પાયામાં હું આથી લૂણો લગાડું છું.'' દાંડીકૂચથી દેશની આઝાદીની લડત પ્રબળ બની હતી.

**ગાંધીપ્રતિજ્ઞા અંગે :** 'આઝાદી મેળવ્યા વિના આશ્રમમાં પાછો ફરવાનો નથી.' ગાંધીજીની આ ભીષ્મપ્રતિજ્ઞા વિશે લોકોમાં ગેરસમજ છે કે ગાંધીજી દાંડીયાત્રા પછી અમદાવાદમાં કે આશ્રમમાં આવ્યા નથી.

આશ્રમ ગાંધીજીનું ઘર હતું. આશ્રમવાસીઓ એ એમનો પરિવાર હતો. મારા સંશોધન અને અભ્યાસ મુજબ વર્ષ ૧૯૩૧ થી ૧૯૩૬ના સમયગાળામાં ગાંધીજી અમદાવાદમાં ૧૬ વખત આવ્યા હતા અને કુલ ૯૦ દિવસ રોકાયા હતા. આ અંગે ગાંધીજીએ નવજીવનમાં ખૂલાસો કર્યો હતો - 'આશ્રમમાં ક્યારેય પાછો નહિ ફરું, એનો અર્થ એ છે કે આશ્રમમાં રહેવાનું છોડી દઈશ.' ગાંધીજી અમદાવાદમાં એમના રોકાણ દરમિયાન આશ્રમમાં કયારેય રાત રોકાયા નહોતા.

**કોંગ્રેસ ભવન :** શેઠ અંબાલાલ સારાભાઈ અને શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના સહકારથી ભદ્રમાં ૧૯૩૦માં કોંગ્રેસ ભવનની ઈમારત તૈયાર થઈ હતી, જેમાં કોંગ્રેસ પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી.

**૧૯૪૦ : વ્યક્તિગત સત્યાગ્રહ :** કોંગ્રેસ કારોબારીએ વ્યક્તિગત સત્યાગ્રહની જવાબદારી ગાંધીજીને સોંપી હતી. ગુજરાતમાં સર્વપ્રથમ સત્યાગ્રહી સરદાર વલ્લભભાઈ પટેલ અને બીજા ક્રમે ગણેશ વાસુદેવ માવળંકર પસંદ થયા હતા. તેઓ બંનેની ધરપકડ પછી મોરારજીભાઈ સભા સંબોધતાં એમની પણ ધરપકડ થઈ હતી. વ્યક્તિગત સત્યાગ્રહને લીધે દેશભરમાં તોફાનો થતાં વ્યક્તિગત સત્યાગ્રહ ઉપર બ્રેક મારવામાં આવી હતી.

**૧૯૪૨ : ''હિંદ છોડો' આંદોલન :** ૮મી ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ મુંબઈમાં કોંગ્રેસ મહાસમિતિમાં ગાંધીજીએ જાહેર કર્યું - ''આપણે આજે અંગ્રેજોને આખરીનામું આપી દેવાના છીએ કે તમે હવે અહીંથી ચાલ્યા જાવ.'' આમ, ગાંધીજીએ ''હિંદ છોડો'' આંદોલનમાં ''ક્વિટ ઈન્ડિયા'' અને ''કરેંગે યા મરેંગે'' જેવાં સૂત્રો આપ્યાં. ૯મી ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ વગેરેની ધરપકડો થઈ. અમદાવાદમાંથી જયંતિ દલાલ, ડો. જયંતિ ઠાકોર, નીરુભાઈ દેસાઈ, રમણિકલાલ શાહ, મન્મથરાય મહેતા અને અરવિંદ પટવા વગેરેની આગેવાનીમાં શહેરની શાળા-કૉલેજોમાં હડતાળ પડી. ૯મી ઓગસ્ટની વહેલી સવારે અમદાવાદમાંથી ગણેશ વાસુદેવ માવળંકર, ભોગીલાલ લાલા, નરહરિ પરીખ, અર્જુનલાલા, નીરુભાઈ દેસાઈ, જયંતિ દલાલ વગેરે ૧૭ જેટલા નેતાઓની ધરપકડો થઈ. ૯મી ઓગસ્ટના રોજ ખાડિયા પોસ્ટ ઓફિસ પાસે ઉમાકાન્ત કડિયા શહીદ થયો.

૧૦મી ઓગસ્ટના રોજ ગુજરાત કૉલેજમાં ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ''ઈન્કલાબ જિંદાબાદ''ના નારા સાથે પહોંચી ગયા. પ્રિન્સિપાલ આર. પટવર્ધન, પ્રો. એફ. સી. દાવર, પ્રો. એસ.એમ. શાહ અને પ્રો. ધીરુભાઈ ઠાકર વગેરે વિદ્યાર્થીઓને શાંત પાડતા હતા. એમાં વિનોદ કિનારીવાલા નામનો વિદ્યાર્થી તિરંગો ઝંડો લઈ આગળ આવ્યો અને પોલીસ અમલદારે એના ઉપર બંદૂકનો ઘોડો દબાવ્યો. 'ઈન્કિલાબ'ના અમરઘોષ કરતાં એણે શહાદત વહોરી હતી. તેની સાથે રમણીકલાલ શાહ, મન્મથરાય મહેતા, બ્રહ્મકુમાર ભટ્ટ ઉપરાંત ઘણા બીજા વિદ્યાર્થી નેતાઓ હાજર હતા. રમણિકલાલ શાહના પ્રમુખપદે ''રાષ્ટ્રીય વિદ્યાર્થી સંગ્રામ સમિતિ''ની રચના કરવામાં આવી. તેઓએ 'વિદ્યાર્થી' નામની પત્રિકા શરૂ કરી. અંગ્રેજ સરકારે મચક ના આપતાં અમદાવાદમા ૮૦,૦૦૦ જેટલા વિધાર્થીઓએ ૨૫૦ દિવસ લાંબી અભૂતપૂર્વ હડતાલ પાડીને ભારતભરમાં વિક્રમ સર્જ્યો.

**શહેરસૂબા : ડૉ. જયંતિ ઠાકોર :** કોંગ્રેસ તરફથી સ્થાનિક ધોરણે આઝાદીની લડતની જવાબદારી ડેન્ટિસ્ટ ડૉ. જયંતિ ઠાકોરને 'શહેરસૂબા' તરીકે સોંપવામાં આવી હતી. એમણે 'જયાનંદ' નામે નેતૃત્વ પૂરું પાડ્યું હતું. એમના ઓર્ડર કોંગ્રેસ પત્રિકામાં છપાતા હતા. એમને જીવતા કે મરેલા પકડી લાવવાનો સરકારે ઓર્ડર કર્યો હતો. શહેરમાં બોમ્બ બનાવવાની પ્રવૃત્તિમાં કે.જી. પ્રભુ અગ્રેસર હતા.

**૧૯૪૬ : કોમી હુલ્લડ :** શહેરમાં કોમી હુલ્લડ ને શાંત કરવા ગયેલા યુવા વસંત અને રજબે જાન ગુમાવ્યા હતા. જમાલપુરમાં તેમની ખાંભી જોવા મળે છે.

**૧૯૪૭ : મધ્ય રાત્રે આઝાદી :** બિહારથી અમદાવાદ આવેલા લોકનેતા જયપ્રકાશ નારાયણે ૧૦મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ શહીદ વિનોદ કિનારીવાલાની ખાંભીનું સ્થાપન કર્યું. - અનાવરણ કર્યું. તેના બરાબર પાંચ દિવસ પછી પંદરમી આંગસ્ટના રોજ આપણા દેશને આઝાદી મળી. લાલ કિલ્લા ઉપર જવાહર લાલ નેહરુએ ધ્વજ ફરકાવ્યો. અમદાવાદમાં ભદ્ર કિલ્લા ઉપર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ દિવસે અહીં રોશની કરવામાં આવી હતી. આઝાદીની લડતમાં અમદાવાદમાંથી મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, દાદા સાહેબ માવળંકર ઉપરાંત આચાર્ય કૃપલાની, મહાદેવભાઈ દેસાઈ, નરહરિ પરીખ, ડો. હરિપ્રસાદ દેસાઈ, ઈન્દુલાલ યાજ્ઞિક, મોરારજી દેસાઈ, રવિશંકર મહારાજ જેવા અસંખ્ય મહાનુભાવો અને કાર્યકરો અગ્રહરોળમાં સંકળાયેલા હતા. સમયની ગતિ ન્યારી છે. આજે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ.

*૮૪, શંકર સોસાયટી, વિભાગ-૨,*
*કામેશ્વર મહાદેવ પાસે, અંકુર રોડ, નારણપુરા,*
*અમદાવાદ-૩૮૦૦૧૩. મો. ૯૮૨૫૦૪૨૨૩૧*



“સ્થાપત્ય વૈભવ”
રક્ષા ભટ્ટ
મો. ૯૯૭૯૮૬૫૬૮૬



"જય કનૈયાલાલ કી..."
રસિક ગલચર
મો. ૯૮૨૫૩ ૯૯૦૦૬



"એકાગ્રતા"
વિ. એલ. નિમાવત
મો. ૬૩૫૧૨૨૭૯૨૧



"અમે પ્રવાસી પંખી"
નાગજી પ્રજાપતિ
મો. ૯૮૨૫૯૭૯૪૪૬

# વનરાજીથી ઘેરાયેલું રજવાડું ધરમપુર : પ્રાચીન અને અર્વાચીન

*- અજય મો. નાયક*

**અં**ગ્રેજોના શાસન પહેલાં આપણે ત્યાં અનેક રાજા રજવાડાં હતાં. દરેકની એક વિશેષતા હતી. શિક્ષણ, સંસ્કૃતિ, કલા વગેરે તેમની વિચારસરણીને કારણે ઉત્તરોત્તર ઊજળાં બન્યાં હતાં. લોકોનું જીવન પણ કલ્યાણમય બને તેવું તેઓ વિચારતા હતાં. આવું જ એક રજવાડું દક્ષિણ ગુજરાતમાં સાવ છેવાડે હતું. મહારાષ્ટ્રની સરહદ નજીક આ રજવાડું નાનું હતું પણ બધી રીતે સમૃદ્ધ હતું. મહારાણા પ્રતાપના વંશજ એવાં સિસોદિયા કુળના રાજાઓએ ત્યાં વરસો સુધી રાજ કર્યું. એમાં વળી ગોંડલ, કાશ્મીરના રાજાઓ સાથે કૌટુંબિક સંબંધ થતાં વધુ સમૃદ્ધ બન્યું.

આજે ધરમપુર કેવું છે? ધરમપુરની પૂર્વમાં આવેલ મોહનગઢ ટેકરીઓ પાછળથી ઊગતો અને પશ્ચિમમાં આવેલ અરબી સમુદ્રમાં આથમતો સૂર્ય ધરમપુરના સ્થાપનાકાળથી એટલે કે ૧૩ મી સદીથી આજ દિન સુધી ઘણા ચઢાવ ઉતારનો સાક્ષી બન્યો છે. ધરમપુરમાં એક બાજુ એની પ્રાચીન સંસ્કૃતિ, રીતરિવાજો અને શ્રેષ્ઠ પ્રણાલિકાઓ અકબંધ રહેવા પામી છે, તો બીજી બાજુ પ્રવર્તમાન સાયન્સ અને ટેકનોલોજીનો પણ ધરમપુરને સ્પર્શ થયો છે. આપણને ધરમપુરની પ્રજા અને આસપાસનાં આદિવાસીઓની લગ્ન પ્રથા, વિવિધ ઉત્સવોની ઉજવણી, એમના ધર્મ અને એમના પ્રકૃતિ સાથેના તાદાત્મ્યમાં એમની સંસ્કૃતિની પ્રતીતિ થાય છે, તો બીજી બાજુ મહારાણા શ્રી વિજય દેવજી દ્વારા નિર્મિત ‘ રાજયારોહણ દરવાજા’, મહારાણા શ્રી વિજય દેવજીના વફાદાર સલાહકારની સ્મૃતિમાં બંધાયેલી અત્યાધુનિક ‘ધ વ્રજલાલ હોસ્પિટલ’, તેમજ વિવિધ પ્રકારના સાહિત્યથી સમૃદ્ધ ‘શ્રીમદ્ મહારાણા નારણદેવજી લાઈબ્રેરી’, ધરમપુરની પ્રકૃતિ અને જીવનશૈલીને ઉજાગર કરતી વૈવિધ્યસભર કલાકૃતિઓ ધરાવતું ‘લેડી વિલ્સન મ્યુઝિયમ’, ધરમપુરની ધાર્મિક પ્રજાની આધ્યાત્મિક પ્રવૃતિના પ્રેરણાસ્રોત ‘રાધા કૃષ્ણ’ અને ‘લક્ષ્મીનારાયણ’ ના મંદિરો તો હાલના સમયમાં બ્રહ્માંડ અને વિજ્ઞાનની ગતિવિધિઓથી ધરમપુર અને દૂર દૂરના પ્રજાજનોને વાકેફ કરતું ‘જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર’ ધરમપુર નગરને આધુનિકતાનો ઓપ આપે છે. આમ, ધરમપુરમાં પરંપરા અને આધુનિકતાનો સુભગ સમન્વય એ કોઈ નવી વાત નથી. સેંકડો વર્ષ પહેલાંથી આ અદ્‌ભુત સાયુજ્ય એની પ્રગતિના પંથે દિન પ્રતિ દિન આગેકૂચ કરી રહ્યું છે.

**પ્રવર્તમાન સાયન્સ અને ટેકનોલોજીનો પણ ધરમપુરને સ્પર્શ થયો છે. આપણને ધરમપુરની પ્રજા અને આસપાસનાં આદિવાસીઓની લગ્ન પ્રથા, વિવિધ ઉત્સવોની ઉજવણી, એમના ધર્મ અને એમના પ્રકૃતિ સાથેના તાદાત્મ્યમાં એમની સંસ્કૃતિની પ્રતીતિ થાય છે**

ધરમપુર સ્ટેટની સ્થાપના સને ઈ. સ.૧૨૬૨માં ઉદેપુરના સિસોદિયા પરિવારના રાજવી શ્રીમંત મહારાણા શ્રી રામસિંહ ઉર્ફે રામશાહજીએ કરી હતી. ત્યારે ધરમપુર રામ નગર તરીકે ઓળખાતું હતું. તે પછી સમયાંતરે સિસોદિયા વંશના ૧૫મી પેઢીના રાજવી શ્રી ધરમદેવજીએ ઈ. સ. ૧૭૫૮માં વેંગણિયા નદીના કાંઠે આવેલા માંડવેગણ નામે ઓળખાતી જમીન ઉપર ધરમપુર નગરની સ્થાપના કરી હતી અને માંડવેગણનું નામ બદલીને પોતાના નામ ‘‘ધરમ’’ ઉપરથી ધરમપુર રાખ્યું અને વેંગણિયા નદીનું પણ નામ બદલી ‘સ્વર્ગ વાહિની’ રાખ્યું . જે હાલના સમયે પણ આ બંને નામથી જ ઓળખાય છે.

આઝાદી પહેલાંના સિસોદિયા વંશના રાજવીઓએ ધરમપુર સ્ટેટમાં સને ૧૨૬૨થી ૧૯૫૦ સુધી રાજ કર્યું. આ દરમિયાન ધરમપુર સ્ટેટમાં મંદિરો, મહેલો, શાળા, દવાખાનાં વગેરે નાગરિકોના ઉપયોગ માટે બનાવ્યાં હતાં. રજવાડાં જતાં ધરમપુર સ્ટેટનું દેશમાં વિલીનીકરણ થયું. કાળક્રમે આ બધું ખંડેર થતું ગયું પરંતુ તે મિલકતો રાજ્ય સરકાર હસ્તક આવતાં ખંડેર મહેલો તથા અન્યો મિલકત નવું સ્વરૂપ પામી. જોકે મનહર ઘાટ ધરમપુર ખાતે એક



મંદિર લોકોની નજરોથી અને પોતાનું અસ્તિત્વ ભૂલી ગયું છે. વિજય અગ્નિમંદિર નામકરણ થયેલું આ મંદિર ધરમપુરના રાજવીઓએ બનાવ્યું હતું. ધરમપુર રાજ્યના મહારાજાઓ અને કોઈપણ રાજ્ય વિરુદ્ધ લડત ચલાવતાં પહેલા અથવા કોઈ મહત્ત્વપૂર્ણ મેગા પ્રોજેક્ટ શરૂ કરતાં પહેલાં સફળતાના અગ્નિ પ્રગટાવી હવન કરતા અને આ અગ્નિ દેવનો આશીર્વાદ લેતા હતા. સમય જતા આઝાદી પછી આ ઐતિહાસિક મંદિર લોકોની નજરોથી દૂર થતાં દુર્ભાગ્યવશ આ મંદિરને તાળું મરાયું છે. કોઈ કાળજી લેતું નથી. તે ધરમપુર, મનહરઘાટ, પવિત્ર સ્વર્ગવાહિની નદીના તટ પર સ્થિત છે.

ધરમપુર સ્ટેટમાં ઈ.સ. ૧૮૬૦થી ૧૮૯૧માં રાજ કરનાર રાજવી શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજીએ ધરમપુરમાં શિક્ષણનું મહત્ત્વ સમજીને ધરમપુર સ્ટેટના નાગરિકો ,બાળકોમાં અજ્ઞાનતાનો અંધકાર દૂર થાય , સારું ભણતર મળે એ ઉદ્દેશથી સને ૧૮૫૭માં શૈક્ષણિક માળખાના પાયામાં પ્રાથમિક શાળાઓની શરૂઆત કરી હતી. (ત્યારે જે શાળાઓ ગુજરાતી માધ્યમમાં ભણાવતી હતી તે બધી પ્રાથમિક શાળાઓ કહેવાતી હતી.) જે ધો.૭ સુધી દેશી શિક્ષણ આપતી હતી. ત્યારે દેશી/ સ્થાનિક ભાષાના અભ્યાસને વર્નાક્યુલર એજ્યુકેશન પણ કહેવાતું હતું. ધો ૭ની આગળ વિદ્યાર્થીઓને ઈંગ્લિશ શિક્ષણ માટે અભ્યાસની જરૂરિયાત વર્તાતા રાજવી શ્રી નારણદેવજીએ ઈ.સ.૧૮૮૭ માં એંગ્લો- વર્નાક્યુલર માધ્યમિક શાળાઓની સ્થાપના કરી હતી.

**ધરમપુર સ્ટેટના રાજવીઓએ ધરમપુરના નાગરિકો માટે શિક્ષણ પ્રાપ્ત કરે એ માટે ખૂબ પ્રયત્નો કર્યા હતા. તે માટે શાળાનાં મકાનો બનાવ્યાં હતાં. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શિષ્યવૃત્તિ પણ આપવામાં આવતી હતી તથા રાજ્ય બહાર શિક્ષણ માટે જતા વિદ્યાર્થીઓને ગ્રાન્ટ અપાતી**

એંગ્લો- વર્નાક્યુલર માધ્યમિક શાળાઓમાં અંગ્રેજીને



એક વિષય તરીકે દાખલ કર્યો અને એ પછી અભ્યાસ પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીઓને ચાર વર્ષ સુધી દેશી વિષય સિવાય અંગ્રેજીને માત્ર એક વિષય તરીકે નહિ પરંતુ બીજા બધા વિષયો પણ અંગ્રેજી ભાષામાં શીખી મેટ્રિક્યુલેશનનો અભ્યાસ પૂરો કરાવાતો હતો અને આ મેટ્રિક્યુલેશન અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરે તેવા વિદ્યાર્થીઓને જ ધરમપુર સ્ટેટની બહાર કોલેજો, યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે યોગ્યતા પ્રાપ્ત થતી હતી. ધરમપુર સ્ટેટનું અને ગુજરાતનું શૈક્ષણિક માળખું આ મુજબ જ રચાયું હતું. ધરમપુર નગર તથા જુદા જુદા ગામડાઓમાં નવી શાળાઓ શરૂ કરવામાં આવી હતી. સને ૧૮૮૭થી ૧૯૨૦ દરમ્યાન ૧૮ જેટલી શાળાઓની સ્થાપના કરવામાં આવી હતી. જેનાથી આખા ધરમપુર સ્ટેટમાં ૨૩ જેટલી શાળાઓ શરૂ થઈ ચૂકી હતી. જેમાં ૨ વર્નાક્યુલર ગર્લ્સ સ્કૂલ, ૧ બોઈઝ સ્કૂલ, અને ૧ હાઈસ્કૂલનો સમાવેશ થતો હતો. શરૂઆત પ્રાથમિક શાળાઓથી કરી. ત્યારપછી એંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલો, હાઈસ્કૂલો, કોલેજો અને અનુસ્નાતક વિદ્યાપીઠનું શિક્ષણનું માળખું હતું.

ધરમપુર સ્ટેટના રાજવીઓએ ધરમપુરના નાગરિકો માટે શિક્ષણ પ્રાપ્ત કરે એ માટે ખૂબ પ્રયત્નો કર્યા હતા. તે માટે શાળાનાં મકાનો બનાવ્યાં હતાં. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શિષ્યવૃત્તિ પણ આપવામાં આવતી હતી તથા રાજ્ય બહાર શિક્ષણ માટે જતા વિદ્યાર્થીઓને ગ્રાન્ટ તથા મેડિકલ કોલેજ બોમ્બે, ટાટા આર્ટ્સ સ્કૂલ, નવસારી જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા ઘણા વિદ્યાર્થીઓને દર માસે ૨૦૦ રૂપિયા જેટલી સ્કોલરશિપ ધરમપુર સ્ટેટ દ્વારા આપવામાં આવતી હતી. જેથી ધરમપુરના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શક્યા હતા.

સને ૧૮૬૦ થી ૧૮૯૧ માં ધરમપુર સ્ટેટમાં તત્કાલીન રાજવી શ્રી નારણ દેવજીએ શિક્ષણનો પાયો નાખ્યો હતો. તેમના પુત્ર રાજકુમાર શ્રી મોહનદેવજીએ ધરમપુર ઉપર સને ૧૮૯૧થી ૧૯૨૧ સુધી ૩૦ વર્ષ રાજ કર્યું હતું. તેઓ પણ પોતાના રાજ્ય ધરમપુરમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે સદા પ્રયત્નશીલ રહ્યા હતા. તેમના સમયકાળમાં ઘણી પ્રાથમિક શાળાઓનાં મકાનો બાંધવામાં આવ્યાં હતાં અને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સ્કોલરશિપ આપવામાં આવી હતી. તેઓના સમયકાળમાં વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને આગળનો અભ્યાસ શકે એ

માટે સને ૧૮૯૫માં માધ્યમિક શાળાઓની શરૂઆત કરવામાં આવી હતી. આ માધ્યમિક શાળાઓમાં સૌથી મોટી અને સૌથી સારું મકાન ધરાવતી એ. વી. માધ્યમિક શાળાના નામથી ઓળખાતી સ્કૂલ હતી, જે હાલ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર , ગાર્ડન રોડની સામે જર્જરિત અવસ્થામાં છે. આ મકાનમાં શ્રી મોહનદેવજી પ્રાથમિક કુમાર શાળા તથા એ. વી. માધ્યમિક શાળાના નામથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપવામાં આવતું હતું. નાંદોદ ઉતારા અને માજીરાજ બા કન્યાશાળાના મકાનની ડિઝાઈન તથા મકાન બનાવવાની જવાબદારી રાજવી શ્રી મોહન દેવજીએ તે સમયના ખ્યાતિ પ્રાપ્ત 'બોમ્બે ફર્મ મેઝર્સ ડબલ્યુ એ. ચેમ્બર્સ એન્ડ કંપની'ના મિસ્ટર ડીચમેનને સોંપી હતી. તેમણે આ ડિઝાઈન અને બનાવટ ખૂબ કલાત્મક બનાવી હતી. જે આજે પણ હેરિટેજ મકાન હોય તેવું લાગે છે. આ મકાનમાં આગળના ભાગે અંગ્રેજી માધ્યમિકની પ્રાથમિક શાળા અને પાછળના ભાગે ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાનું શિક્ષણ આપવામાં આવતું હતું.

ધરમપુર સ્ટેટમાં માધ્યમિક શાળા શરૂ થવાથી ધરમપુરના વિદ્યાર્થીઓ તથા આજુબાજુના વિસ્તારોના પણ વિદ્યાર્થીઓ અભ્યાસમાં રુચિ કેળવીને માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરતા થયા હતા. સને ૧૯૨૧માં ધરમપુર સ્ટેટમાં ધરમપુર તથા આજુબાજુનાં ગામોમાં કુલ ૨૮ પ્રાથમિક શાળાઓ હતી . જેમાં બધું મળીને વિદ્યાર્થીની સંખ્યા ૧૧૯૮ હતી. જે વધીને સને ૧૯૨૬ -૨૭માં ૧૩૯૭ જેટલી થઈ હતી. વિદ્યાર્થીઓ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ સહેલાઈથી લઈ શકે તે માટે મફત શિક્ષણ આપવામાં આવતું હતું. તેમને પુસ્તકો, સિલેટ મફત આપવામાં આવતાં હતાં. શરૂઆતમાં આ વ્યવસ્થા ફકત ધરમપુર નગરમાં આપવામાં આવી. ત્યાર બાદ દૂરદરાજના ગામડાના ગરીબ લોકો પણ મફત શિક્ષણનો લાભ લે એ માટે સમગ્ર રાજ્યનાં બધાં ગામડાઓમાં પણ તમામ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ, સ્લેટ, પેનો, પુસ્તકો,નોટબુકો મફત વિતરણ કરવામાં આવતાં હતાં.

એસ. એમ. એસ. એમ. હાઈસ્કૂલનું જૂનું મકાન હાલના જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ગાર્ડન રોડ, ધરમપુરની સામે હતું. સમય જતાં શિક્ષણનો વ્યાપ વધતા વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતા જતા આ મકાન વિદ્યાર્થીઓ માટેના શિક્ષણ, હોસ્ટેલ તથા અન્ય પ્રવૃત્તિઓ માટે (વિજ્ઞાન પ્રયોગ શાળા, લાઈબ્રેરી, શિક્ષકો માટે રૂમ, વ્યાખ્યાન ખંડ, કાર્યાલય વગેરે)ની જરૂરિયાત ઊભી થઈ તથા આ મકાનની આજુબાજુ રમત - ગમતનું મેદાન ન હતું. તેથી ધરમપુર સ્ટેટના તત્કાલીન રાજવી શ્રી વિજયદેવજીએ હાઈસ્કૂલ માટે નવું મકાન બાંધકામ કરવા જયાં શિક્ષણ માટેની બધી સુવિધાઓ હોય તેવી જગ્યા શોધવાનો નિર્ણય કર્યો. ધરમપુર નગરના પ્રવેશદ્વાર 'રાજય રોહણ ગેટ '(ત્રણ દરવાજા) પાસે ગૌરવ પથ ઉપર ખૂબ મોટી જગ્યા ઉપલબ્ધ હતી. તે જગ્યા રાજવીએ પોતે નકકી કરી ત્યાં હાઈસ્કૂલનું મકાન અને વિદ્યાર્થીઓ માટે રમતગમતનું મેદાન બનાવવાનો નિર્ણય લીધો. ભવિષ્યમાં ૨૦૦ વર્ષમાં પણ જગ્યાની અવગડ ન પડે એ સારા વિચારથી આ જગ્યા નકકી કરવામાં આવી હતી. જે ત્યારના રાજવીઓનું ધરમપુર અને એના નાગરિકોના શિક્ષણના ભવિષ્ય માટે કેવું સરસ વિઝન હતું તેનો ખ્યાલ આપે છે.આ જગ્યા ઉપર હાઈસ્કૂલના મકાનનું ખાતમુહૂર્ત ડિસેમ્બર ૧૯૨૨ના વર્ષમાં તે સમયના સુરતના કલેકટર શ્રી હાર્ટ શોનના શુભ હસ્તે ધરમપુરના રાજવી શ્રીમંત માહારાણા શ્રી વિજયદેવજી તથા અન્ય મહાનુભાવો, વિશાળ સંખ્યામાં ઉપસ્થિત નાગરિકો, વિદ્યાથીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ મકાનનું બાંધકામ ૧૦ વર્ષ ચાલ્યું હતું. આખરે આ કલાત્મક મકાનનું ઉદ્દ્ઘાટન તા. ૧ જૂન, ૧૯૩૨ના રોજ મધ્યપ્રદેશ રાજયના નાગોદ સ્ટેટના રાજવી તથા ધરમપુરના જમાઈ શ્રી રાજા સાહેબ મહેન્દ્રસિંહ જયુદેવ બહાદુરના

**ધરમપુર નગરના પ્રવેશદ્વાર 'રાજય રોહણ ગેટ '(ત્રણ દરવાજા) પાસે ગૌરવ પથ ઉપર ખૂબ મોટી જગ્યા ઉપલબ્ધ હતી. તે જગ્યા રાજવીએ પોતે નકકી કરી ત્યાં હાઈસ્કૂલનું મકાન અને વિદ્યાર્થીઓ માટે રમતગમતનું મેદાન બનાવવાનો નિર્ણય લીધો**



શુભ હસ્તે (હાલના ધરમપુરમાં રહેવાસી ધર્મુ દાદાના નામથી જાણીતા શ્રી ધર્મેન્દ્રસિંહ પરિહાર જે ધરમપુર સ્ટેટના ભાણેજ છે. તેમના પિતા શ્રી મહેન્દ્ર સિંહ જયુદેવ) ધરમપુર સ્ટેટના તત્કાલીન રાજવી શ્રી વિજયદેવજી તથા હજારો નાગરિકોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ હાઈસ્કૂલના મકાનનું 'એ. જે. મોદી હોસ્ટેલ' નામકરણ કરવામાં આવ્યું હતું. આ મકાનનું બાંધકામ જોતાં ભારતીય આર્કિટેકચરની શ્રેષ્ઠ ગુણવત્તાનાં પાસાઓને રજૂ કરે છે. દરેક રૂમમાં હવા, ઉજાસ આવે એ રીતના બનાવવામાં આવ્યા હતા. આ મકાન બાંધકામનો ખર્ચ તે સમયે અંદાજિત એક લાખ પચ્ચીસ હજાર જેટલો થયો હતો. આ મકાનમાં વિદ્યાર્થીઓના શિક્ષણ માટેના રૂમો , એક વિજ્ઞાન પ્રયોગશાળા, વ્યાખ્યાન ખંડ, એક લાઈબ્રેરી અને શિક્ષકો માટે કોમનરૂમ અને કાર્યાલય હતું. આ મકાનની બાજુમાં જ ખૂબ મોટું રમત મેદાન પણ છે. સમય જતાં આ મકાનનું નામ બદલીને એસ. એમ. એસ. એમ. હાઈસ્કૂલ નામકરણ કરવામાં આવ્યું હતું. જે આજે પણ આ જ નામથી હાઈસ્કૂલ ઓળખાય છે. સને ૧૯૫૦ માં ધરમપુર સ્ટેટનું ભારત સરકારમાં વિલીનીકરણ થતા આ હાઈસ્કૂલનો વહીવટ પહેલાં મુંબઈ સ્ટેટ પાસે આવ્યો હતો. ત્યાર બાદ ગુજરાત રાજ્યની સ્થાપના ૧ મે ૧૯૬૦માં થતાં ધરમપુર વિસ્તારનો ગુજરાત રાજ્યમાં સમાવેશ થતાં આ હાઈસ્કૂલનો વહીવટ ગુજરાત સરકાર પાસે આવ્યો હતો . જે હાલ ગ્રાન્ટેડ હાઈસ્કૂલ તરીકે છે.

**ગોંડલ સ્ટેટના રાજવી માહારાજા ભગવતસિંહજીના રાણી નંદકુંવરબાએ સને ૧૯૦૨માં પ્રવાસ ઉપર 'ગોમંડલ પરિક્રમા' નામનું પુસ્તક લખ્યું હતું જેમાં ઘણા દેશોના પ્રવાસ કરી એ દેશોનાં સારાં પ્રવાસસ્થળોની વિગતો લખી હતી**

ધરમપુરના રાજવી કેટલા પ્રગતિશીલ હતા તેનો ખ્યાલ તેના રાજકુમારી અને ગોંડલ સ્ટેટના રાજવી તથા ભગવદ્‌ગોમંડળના સ્થાપક મહારાજા ભગવતસિંહનાં રાણી નંદકુંવરબાએ લખેલા પ્રવાસ પુસ્તક -ગો મંડળ પરિક્રમા પરથી આવે છે. ધરમપુર સ્ટેટના રાજવી તથા ધરમપુરમાં ૧૮૮૬માં લાઈબ્રેરીની સ્થાપના કરનાર શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજીના રાજકુમારી અને ગુજરાતી ભાષાની ગીતા સમાન 'ભગવદ્‌ગોમંડળ'ના રચયિતા ગોંડલ સ્ટેટના રાજવી માહારાજા ભગવતસિંહજીના રાણી નંદકુંવરબાએ સને ૧૯૦૨માં પ્રવાસ ઉપર 'ગોમંડલ પરિક્રમા' નામનું પુસ્તક લખ્યું હતું જેમાં ઘણા દેશોના પ્રવાસ કરી એ દેશોનાં સારાં પ્રવાસસ્થળોની વિગતો લખી હતી. પ્રવાસ વિષય ઉપર પુસ્તક લખનાર પ્રથમ તેઓ ભારતીય મહિલા હતાં. આ પુસ્તક ખૂબ દુર્લભ છે. આ પુસ્તક હાલમાં ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીમાં રેફરન્સ વિભાગમાં છે. ગોંડલ સ્ટેટના રાજવીએ ગુજરાતી ભાષાનો સૌથી મોટો શબ્દકોષ 'ભગવદ્‌ગોમંડળ' લખ્યો. જેની પ્રેરણા લઈને જ નંદકુંવરબાએ પ્રવાસ ઉપર પુસ્તક લખ્યું હતું. ગોંડલ સ્ટેટનાં મુખ્ય રાણી નંદકુંવરબા ધરમપુરના રાજકુમારી હતાં.

ધરમપુરનાં રાજમાતા કુશળ કુંવરબાને ભગવાન સ્વામિનારાયણનાં પ્રત્યક્ષ દર્શન થયા હતાં. ધરમપુરમાં ભગવાન પધાર્યા હતા અને વચનામૃતમાં પણ તેનો ઉલ્લેખ છે. ભગવાનની પધરામણીના ૧૫ દિવસ પછી કુશળકુંવરબા ધામમાં ગયાં હતાં. વડોદરા જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલા બોડેલી ખાતે જયાં બીએપીએસ સંચાલિત મંદિર છે ત્યાં ધરમપુર રાજવી પરિવારનાં સત્સંગી રાજમાતા કુશળકુંવરબાની પથ્થરમાંથી કોતરેલી મૂર્તિ મંદિરની દીવાલ પર જોવા મળે છે.

ધરમપુરનું મહત્ત્વ એટલા માટે પણ છે કે અહીં શ્રીમદ રાજચંદ્રે નિવાસ કર્યો હતો, પરિણામે અહીં શ્રીમદ રાજચંદ્ર કેન્દ્ર પણ બનાવાયું છે. અહીં અભ્યાસ થાય છે. ઘણા મુમુક્ષુ આવે છે. નિયમિત શિબિર પણ ચાલે છે. ગાંધીજી અને શ્રીમદનો સંબંધ તો જગજાહેર છે.

*H-૫/૪૧, નિધી એપાર્ટમેન્ટ,*
*પ્રગતિનગર બસ સ્ટેન્ડ સામે,*
*નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.*
*(M) ૯૮૨૫૪ ૬૪૪૮૧.*



# દલિત સાહિત્ય-પ્રતિબદ્ધ સર્જક : દલપત ચૌહાણ

*- નટુભાઈ પરમાર*

'મેં કોઈ દ્રોણનું શરણ લીધું નથી, એટલે મારો અંગૂઠો સલામત છે. એકલતાની વાત મેં ગાંઠે બાંધી છે.... મારા સર્જન-લેખનમાં કોઈની સાહિત્યકૃતિનો પ્રભાવ નથી. ઈર્ષાભાવ મને ફળ્યો છે. એક ઝનૂની પ્રાણીની જેમ મેં સાહિત્યને ઘૂંટ્યું છે.... મારું સાહિત્યકાર રૂપે અવતરવું એ જ તો ચમત્કાર છે - મહેનતનો ચમત્કાર.... કહે છે કવિઓ જન્મે છે.અમેય જન્મ્યા હતા, પણ કવિ તરીકે નહીં : અમે તો પાંત્રીસમાં વર્ષે કવિતા કરવાની શરૂઆત કરી.... લખ્યું છે, ઘણું વધારે લખવાનું બાકી છે. બસ એ વસવસો છે.... પદ-પ્રતિષ્ઠા ક્યારેય ઝંખનામાં આવ્યાં નથી. ઈનામ-અકરામ માટે લખતો નથી..... સમાજનો ઈતિહાસ-સાચો ઈતિહાસ લખવો છે. દલિત સાહિત્યધારા કાયમી રહે એવી ઈચ્છા છે.... બ્રાહ્મણો આવે તે પોતાની કથા લખે, પટેલો પોતાની લખે, ચૌધરીઓ પોતાનું લખે, તો પછી દલિતો પોતાનું લખે જ ને..... મને લખ્યા વિના જંપ નથી વળતો.... બધું રાબેતા મુજબ ચાલતું યુવાનીમાંય. જે કંઈ ઘટ્યું સાહજિક હતું એ વખતે. આજે ભયંકર - અતિ ભયંકર લાગે છે.... ૧૯૬૯ના કોમી હુલ્લડોમાં વહેતું લોહી, ૧૯૭૨-૧૯૭૪નાં રોટી રમખાણો. ૧૯૮૧ના અનામતિયાં હુલ્લડ, ૧૯૮૫, ૧૯૯૦, ૧૯૯૩ના કોમી હુલ્લડોનો એક ભાગ હતો હું. આ બધાથી મારામાંનું લલિત સાહિત્ય છૂટ્યું..... લેખન-સાહિત્ય સમાજનો ભાગ છે. સમાજ, વ્યક્તિ છે તો કલા છે. કલા છે તો સમાજ હોય એવું સમીકરણ વ્યર્થ ગણાય.... સાહિત્યકલા જીવન માટે છે ને હું એનો પક્ષધર છું.... વિશાળ વાચકવર્ગ તો ક્યારેય હતો જ નહિ. લોકોને રસ પડે તો વાંચે, વાંચવાનું ગમે તે વાંચે જ છે.... કોઈના ઘરમાં પાંચસો પુસ્તકો હોય એટલે તે તમામ તેણે વાંચ્યા જ હશે, એમ માનવું ભૂલ-ભરેલું છે. જ્યાં સુધી માણસ થોડો-ઘણો નવરો થઈ શકે તેમ છે, તે વાંચશે - જોશે અને વિચારશે.... જીવન ન હોય તેનાથી રૂપાળું ચિતરવું, આવા સાહિત્યનું 'વેચાણમૂલ્ય' છે, શાશ્વત મૂલ્ય નથી..... સાહિત્ય અકાદમી - દિલ્હી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ કે અન્ય સંસ્થાઓ તરફથી અપાતાં ઈનામ - ઍવૉર્ડ અંગે રાજકારણ પ્રવર્તે છે એ મત દઢ થયો છે. આ મતને હું મહદઅંશે સ્વીકારું છું..... સાહિત્યકારો સ્વમાં - સ્વસમાજમાં કે આજુબાજુ બનતી ઘટનાઓ વિશે લખતા- વિચારતા હોય એમ સામાન્ય રીતે જોવાય છે. તેઓ તેમના કુંડાળામાંથી બહાર નીકળતા નથી. અગાઉ જે રીતે લખાયું હોય તેની નકલ કરીને ચાલતા હોય છે. નવો ચીલો સાહિત્યના રૂપમાં પાડતા હોય છે, ઘટનાઓમાં નહીં..... કાળક્રમે સમાજમાં જે પરિવર્તન આવે તેની ખાસ અસર ગુજરાતી સાહિત્યકારો પર પડી નથી; ને તે જો પડી હોય તો ક્ષણિક હોય છે.... શરૂઆતમાં નવું સાહિત્ય થોડુંક નબળું હોય પણ પછી તે પોતાની સ્થિતિ જરૂરથી સુધારી લે છે. ગુણવત્તા ઉત્તમ થઈને રહે છે..... દરેક ધારા તેના ચોક્કસ ગાળા સુધી દબદબો રાખે છે ને પછી ધીમે-ધીમે વિલાય છે. એ જ તો ક્રમ છે. તેમાં કશું નવું નથી.'

**સમર્થ દલિત સાહિત્યકાર દલપત ચૌહાણ હોવું એટલે શું ? એનો એક જવાબ આપણને મળે છે 'દર્દની વાત કરો એટલે સાહિત્ય આપોઆપ આવી જાય, તેથી જેમનું શોષણ થયું છે, તેમનું સાહિત્ય ન હોય તો જ નવાઈ'**

ગુજરાતના દિગ્ગજ દલિત સર્જક દલપત ચૌહાણના મુખેથી બોલાયેલા આ વાક્યાંશો જે અહીં સંકલિત કરીને રજૂ કર્યા છે, તે મેં ગુજરાતના એવા જ દિગ્ગજ સર્જક ડૉ. સુમન શાહ સાથેના એમના વિસ્તૃત વાર્તાલાપમાંથી મેળવ્યા છે.

ગુજરાતી દલિત સાહિત્યના આરંભની ક્ષણથી આજપર્યંત પ્રતિબદ્ધતાપૂર્વક સતત સક્રિય રહેલા, ગુજરાતી દલિત સાહિત્યના આરંભના ઈન્કારથી આજની સ્વીકૃતિ સુધીની લાંબી મજલના સાક્ષી, સહયાત્રી અને એના તેના જાગૃત પહેરેદાર, ગુજરાતી દલિત સાહિત્યના પાયાના પથ્થર- એનો બળૂકો અવાજ, સમર્થ દલિત સાહિત્યકાર દલપત ચૌહાણ હોવું એટલે શું ? એનો એક જવાબ આપણને મળે છે 'દર્દની વાત કરો એટલે સાહિત્ય આપોઆપ આવી જાય, તેથી જેમનું શોષણ થયું છે, તેમનું સાહિત્ય ન હોય તો જ નવાઈ' એવું દઢપણે માનતા ને કહેતા રહેલા ડૉ. સુમન શાહના દલપત ચૌહાણ સાથેના આ વાર્તાલાપમાંથી.

૧૦ એપ્રિલ ૧૯૪૦ના રોજ મંડાલી (તા.ખેરાલુ) જિલ્લો મહેસાણામાં જન્મેલા દલપત ધુળાભાઈ ચૌહાણ આજે ઉંમરના ૮૨મા વર્ષના પડાવે યુવાનોને પણ શરમાવે તેવા જોમ, ઉત્સાહ અને પૂર્ણ દલિત સાહિત્યનિષ્ઠા સાથે અડીખમ છે - અવિરત કાર્યરત છે.


આ દિવસોમાં હું, ગાંધીનગરના એમના નિવાસસ્થાનના- એમના સર્જનકાર્યના કેન્દ્રબિન્દુ સમા બીજે માળે એમની સામે ચાર થી પાંચ વાર લગાતાર પલાંઠી વાળીને બેઠો છું ને તેમને સાંભળતો રહ્યો છું. તેમની સાથેની આ ગોષ્ઠિઓમાં તેમણે મને જે કહ્યું તે તેમના જ શબ્દોમાં:

'ગામ મંડાલીમાં એક વર્ષ (૧૯૪૭-૪૮) ગાયકવાડી ત્રણ ધોરણ સુધીની શાળામાં દાખલો. પણ ગામ સાથે સંઘર્ષ થવાથી ૧૯૪૯થી રખિયાલ (અમદાવાદ) ગુજરાતી શાળા નં. ૧ માં ફરીથી ૧લા ધોરણમાં દાખલો અને પ્રાથમિક શિક્ષણ લીધું. માધ્યમિક શિક્ષણ વી.એસ. ટ્યૂટોરિયલ હાઈસ્કૂલ, ત્રણ દરવાજા-અમદાવાદમાં અને ઉચ્ચ શિક્ષણ ગુજરાત કૉલેજ - એલિસબ્રિજ અને સિટી કોલેજ - લાલ દરવાજા, અમદાવાદમાં. બી.એ.ની ઉપાધિ અહીંથી જ મળી. ત્યારે કૉલેજની હોકી-કબડ્ડીની ટીમોમાં પણ મારી હિસ્સેદારી રહેતી.

બાળપણ ગામ અને શહેર વચ્ચે વહેંચાયેલું પરંતુ બાળપણનો મોટો હિસ્સો અમદાવાદ શહેરની જીવણલાલની ચાલીમાં વીત્યો. દરમિયાન ગામ મંડાલી જવા-આવવાનું પણ ચાલુ જ રહ્યું.

એ સમયમાં અસ્પૃશ્યતા હાડોહાડ હતી. ગાડી કે બસમાં બેસવામાં સાવચેતી રાખવી પડતી. અમે અમદાવાદથી સિદ્ધપુર થઈ ગાડી (રેલ ગાડી)માં બેસી ગામ મંડાલી જતા. રેલવે સ્ટેશને હિન્દુ પાણી, મુસ્લિમ પાણી માટે જુદી જુદી કોઠીઓ હતી. પરબની બહાર એક ચાર-પાંચ ફૂટનું નાળચું લગાવેલું હતું, તે નાળચે પરબવાળી બાઈ ઉપરથી પાણી રેડે તેને બીજેના છેડેથી ખોબો ધરી દલિતોએ પીવું પડતું. રસ્તા પરની પરબોએ પરબ સામે દૂર ઊભડક બેસી પાણી ખોબામાં રેડાય તે પીવાનું.

આમ કહીએ કે તે વખતે ગામડાંમાં જે અસ્પૃશ્યતાના પ્રકાર હતા તે સર્વનો મને - અમને અનુભવ મળેલો. માથે ટોપી કે રૂમાલ, પાઘડી બાંધ્યા સિવાય ગામમાં જઈ ન શકાય. સ્ત્રીઓ ગામમાં ચંપલ / સપાટ પહેરીને જઈ શકે નહિ. પુરુષ પણ જો ઉઘાડા માથે હોય - તેણે વાળ ઓળ્યા હોય તો તેમાં સવર્ણો ધૂળ ભરી દેતા. હૂરિયો બોલાવતા.



મેં ટોપીનો ઉપયોગ ગામમાં જવા અને ખેતરે ખળામાં ખળું માંગવા (અનાજ માગવા) કરેલો. પુરુષ રંગીન કિનારવાળી ધોતી કે આંકડા ચઢાવેલી મૂછ ન રાખી શકે. દલિતો બાંધે એવી પાઘડી બાંધવી પડતી. ગામના હિન્દુ મંદિરમાં હું ક્યારેય ગયો નથી (યાને જવા દેવાયો નથી.)

અમારા ગામની શાળામાં એકથી ત્રણ ધોરણ. આઝાદી પછી શાળાની અંદર પણ જુદા ખૂણા કે ભીંત પાસે અમારે બેસવાનું. મોડા પડીએ તો દરવાજેથી દાખલ ન થવાય પણ બારીમાંથી કૂદીને અંદર જવાનું. સાહેબ (વર્ગશિક્ષક) જોઈ જાય તો છૂટી આંકડી મારે, જો અમને વાગે (યાને અડી જાય) તો પાણીની છાંટ નાખી આંકડી પાછી લઈ લે. બે શિક્ષક, એક હિન્દુ સુથાર, બીજો મુસલમાન. પણ બંને કટ્ટર અસ્પૃશ્યતાના પાળનાર.

આઝાદી આવી ત્યારે અમારા વાસે ગામની વેઠ (સવર્ણોની મજૂરી વિના મૂલ્યે ફરજિયાત કરવાની વેઠ) કરવાનું બંધ કર્યું.

**આઝાદી પછી શાળાની અંદર પણ જુદા ખૂણા કે ભીંત પાસે અમારે બેસવાનું. મોડા પડીએ તો દરવાજેથી દાખલ ન થવાય પણ બારીમાંથી કૂદીને અંદર જવાનું. સાહેબ (વર્ગશિક્ષક) જોઈ જાય તો છૂટી આંકડી મારે**

આઝાદી પછીની પહેલી હોળી આવી ત્યારે અમે હોળીનાં છાણાં ગામના હોળીને ચકલે નાખવા ન ગયા, તો એ હોળીના જ દિવસે ગામના સવર્ણોએ અમારા વાસ પર સામૂહિક હુમલો કરી, અમારા વણકર વાસમાં પહેલું (પ્રવેશતાં પહેલું) લવજીનું ઘર સળગાવ્યું. ખેરાલુ ફરિયાદ પણ થઈ છતાં હુમલાની બીકે પુરુષોએ ગામ છોડવું પડ્યું. અમે બાપા સાથે અમદાવાદ ગયા. બીજા સિદ્ધપુર. મારે પહેલું ધોરણ પાસ કરી બીજામાં જવાનું હતું ને મોટાભાઈને બીજું ધોરણ પાસ કરી ત્રીજામાં જવાનું હતુ પણ શાળાએ અમારા સ્કૂલ લિવિંગ પ્રમાણપત્ર અમને ન આપ્યાં. ૧૯૪૯માં અમે બંને ભાઈઓ રખિયાલ (અમદાવાદ) ગુજરાતી શાળા નં. ૧ માં નવેસરથી પહેલા ધોરણમાં બેઠા.

અમદાવાદમાં અમને આભડછેડને બદલે ગરીબી બહુ નડેલી.

છતાં મારે કહેવું જોઈએ કે જેટલા પ્રકારની અસ્પૃશ્યતા છે તેનો અનુભવ મને અહીં અમદાવાદમાં પણ થતો જ રહેલો.

નટુભાઈ, આ જોયેલું, જાણેલું, વીતેલું, અનુભવેલું મેં મારા સાહિત્યમાં જરાય દિલચોરી કર્યા સિવાય લખ્યું છે. મારી પાંચ નવલકથાઓ, સાંઠેક વાર્તાઓ, નિબંધો, નાટકો, પ્રવાસ નિબંધો, કવિતાઓમાં આ બધું અંકે કરવાનો પ્રયત્ન મેં કર્યો છે - કરતો રહ્યો છું. મજાની વાત તો એ છે કે મેં દલિત જાતિઓના બોલાતા શબ્દોનો 'કોશ' કરી તેને સાચવ્યા છે અભ્યાસુઓ માટે.

મેં ગુજરાતના દલિતોની હિજરતો જોઈ છે. બિલિયા, સાંબરડા, ચિત્રોડીપુરાના અને અન્ય હિજરતીઓને મળ્યો છું - તેમની વીતકકથાઓ સાંભળી છે.

વતન મંડાલીથી અમારેય અમદાવાદ આવવું પડ્યું એય અમારે માટે એક પ્રછન્ન હિજરત જ હતીને નટુભાઈ?'

હું કશું જ ન બોલી શક્યો પ્રત્યુત્તરમાં.

હું સ્તબ્ધ હતો, નિઃશબ્દ હતો.

તત્ક્ષણ હું એય વીસરી ગયો કે આ ગોષ્ઠિમાં આગળ મારે હજી તેમને બીજા વધુ સવાલો પૂછવાના છે ને તેના ઉત્તરો પણ મેળવવાના છે.

•

ગુજરાતી દલિત સાહિત્યના આરંભકાળના મહત્ત્વના જનકો પૈકીના એક હોવા છતાં - ગુજરાતમાં દલિત સાહિત્યની સંજ્ઞા સ્થિર થઈ ત્યારથી એટલે કે ૧૪ એપ્રિલ, ૧૯૭૮માં 'દલિત પેન્થર' સંસ્થાના કવિતા સામયિક 'આક્રોશ' (તંત્રી : ડૉ. રમેશચંદ્ર પરમાર અને સંપાદકો : નીરવ પટેલ, દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી) તેમજ ૧ લી ડિસેમ્બર, ૧૯૭૯થી પોતાના તંત્રીપદે શરૂ થયેલા કવિતાના સામયિક (અનિયતકાલીન) 'કાળો સૂરજ' થી સક્રિય હોવા છતાં, જેમને સર્જક પ્રવીણ ગઢવીએ 'ગુજરાતી દલિત કવિતાના આદ્ય' કહ્યા છે, એવા દલપત ચૌહાણ તો પણ મારા સવાલના જવાબમાં વિનમ્રતા દાખવતા કહે છે : 'ગુજરાતમાં દલિત સાહિત્યનો હું એક માત્ર જનક નથી. એ તો દલિત સાહિત્યકારોના સામૂહિક પ્રયાસનું પરિણામ છે. હા, દલિતો વિશે લખનારા સાહિત્યકારોને મેં એક છત નીચે ભેગા કર્યા, અદલિતો સામે ઊભા રહેવાની હામ આપી અને સૌએ પોતાના ગજા પ્રમાણે લખ્યું. દલિતો માટે લખનારા આઝાદી પૂર્વે પણ હતા. ડૉ. બાબાસાહેબના નિર્વાણ વેળા ૧૯૫૬માં સો જેટલા કવિઓ દ્વારા કવિતાઓ (શ્રદ્ધાસુમન રૂપે) લખાયેલી, પછી સંકલનના અભાવે બધા ખોવાઈ ગયા. કવિતાઓનું 'અંજલિ' નામે ૧૯૮૫માં સંપાદન થયું. પણ અહીં -આ વેળા અમે બધાને સાથે જોડ્યા. જોસેફ મેકવાન અને બી. કેશરશિવમ્ જેવા સર્જકોને ફરીથી દલિત સાહિત્યધારામાં લઈ આવ્યા. અને એક વાર સાથે જોડાયા પછી તમામ દલિત સાહિત્યકારો દલિત સાહિત્યને સ્થાપિત કરવા - તેનો પ્રસાર, પ્રચાર કરવા સ્થાપિત સાહિત્યની સંસ્થાઓની સામે થયા. દેખાવો કર્યા, માસિક-ત્રૈમાસિક પત્રિકાઓ કાઢી. કવિતાસંગ્રહો, વાર્તાસંગ્રહો, રેખાચિત્ર સંગ્રહો, નવલકથાઓ પ્રકાશિત થવા માંડી. અંતે દલિત સાહિત્યના આ પ્રવાહને ગુજરાતી સાહિત્યમાં 'દલિત સાહિત્ય ધારા' તરીકે તેમણે સ્વીકારવો પડ્યો.

**ચાલીઓ અને ગામડાઓમાં દલિત કવિતાનાં સંમેલનો થયાં. સાંબરડા સત્યાગ્રહ, અનામત આંદોલનોમાં દલિત કવિઓ સક્રિય રહ્યા. ગુજરાત વિદ્યાપીઠમાં અજ્ઞેયજી સામે દેખાવો કરી ગુજરાતી સાહિત્યકારો વિરુદ્ધ રોષ વ્યક્ત કર્યો**

લાલદરવાજા (અમદાવાદ) પોએટ્સ વર્કશોપ, દલિત સાહિત્ય સંઘ અને બીજી કેટલીક સાહિત્યની સંસ્થાઓ શરૂ થઈ. ચાલીઓ અને ગામડાઓમાં દલિત કવિતાનાં સંમેલનો થયાં. દલિતોના અત્યાચાર વખતે નીકળતી રેલીઓમાં કવિઓ ભાગ લેતા થયા. આમ દલિત કવિતાને મંચ મળ્યો. સાંબરડા (પાલનપુર) સત્યાગ્રહ, અનામત આંદોલનોમાં દલિત કવિઓ સક્રિય રહ્યા. ગુજરાત વિદ્યાપીઠમાં અજ્ઞેયજી સામે દેખાવો કરી ગુજરાતી સાહિત્યકારો વિરુદ્ધ રોષ વ્યક્ત કર્યો. સાહિત્ય પરિષદના વડોદરા અધિવેશનમાં ગાંધી હૉલ ખાતે દેખાવો કર્યા, 'કાળો સૂરજ'નું વેચાણ કર્યું. પાડોશના મુંબઈ અને મહારાષ્ટ્રના દલિત સાહિત્યકારોએ તેની નોંધ લીધી. અમદાવાદમાં સાહિત્ય પરિષદના જાતિવાદી પ્રમુખના ઘેરાવમાં ઘણા દલિત સાહિત્યકારોએ ભાગ લીધો. બગલથેલામાં 'કાળો સૂરજ'ના અંકો રાખી એ સંમેલનોમાં વેચ્યા-વહેંચ્યા. સૌથી મોટી વાત એ બની કે, આવા પગલાંઓને પરિણામે દલિત સાહિત્યકાર મેદાનમાં ઊતર્યો - ખૂલીને લખવા માંડ્યો.'

•

ગુજરાતી દલિત સાહિત્યના ઇતિહાસના આવા જાણતલ દલપત ચૌહાણના વિપુલ સર્જકકાર્ય પર એક નજર કરીએ તો, કવિતા સંગ્રહો : 'તો પછી' (૧૯૯૨), 'ક્યાં છે સૂરજ' (૨૦૦૦) અને નવલકથાઓ : 'મલક' (૧૯૯૧), 'ગીધ' (૨૦૦૧), 'ભળભાંખળું' (૨૦૦૪), 'રાશવા સૂરજ' (૨૦૧૨), પ્રકાશિત છે અને 'બપોર' (૨૦૨૧) નવલકથા પ્રકાશિત થવામાં છે, જે 'રાશવા સૂરજ'થી આગળ વધતી નવલકથા 'બપોર' છે. જેમાં ગામડું છોડી કસ્બામાં ને ત્યાંથી અમદાવાદ શહેર પહોંચીને આ સ્થળાંતરિત દલિત સમાજે વેઠેલી વિડંબનાઓની કથા છે. વાર્તાસંગ્રહો 'મૂંઝારો' (૨૦૦૨), 'ડર' (૨૦૦૯), 'ભેલાણ' (૨૦૧૩) અને 'ચૂંટેલી



વાર્તાઓ : દલપત ચૌહાણ' (૨૦૧૯) ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રકાશિત કરી છે. 'ઘાબાજરિયું' નામે વાર્તાસંગ્રહ આવનારાં વર્ષોમાં પ્રકાશિત થશે.

'પદચિહ્ન' (૨૦૦૩), 'દલિત સાહિત્યની કેડીએ' (૨૦૦૮), સમર્થન (૨૦૦૯), 'શબ્દભેદ' (૨૦૧૫) જેવા દલિત સાહિત્ય વિવેચનનાં સ્વતંત્ર પુસ્તકો ઉપરાંત 'વણબોટી વારતાઓ' (૨૦૦૦), 'ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ' (૨૦૦૯) જેવાં વાર્તા સંપાદનો અને 'દુંદુભિ' (૨૦૦૨ અન્ય સાથે) 'સ્વકીય' સમગ્ર દલિત સાહિત્ય (૨૦૧૨ - અન્ય સાથે) અને 'શબ્દે બાંધ્યો સૂરજ' (૨૦૧૨ - અન્ય સાથે) જેવાં દલિત કવિતા સંપાદનો કર્યા છે, દલપત ચૌહાણ માને છે કે દલિત સાહિત્યનાં વિવિધ સ્વરૂપોની તુલનાએ સૌથી ઓછું કામ થયું છે તે નાટ્યસાહિત્યમાં. તેમણે નાટક - એકાંકીમાં પણ ઉલ્લેખનીય અને મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. અહીં પણ તેમનો ઉદ્દેશ તો દલિત ચેતના જગાવવાનો જ રહ્યો છે.

તેમણે 'અનાર્યાવર્ત' (૨૦૦૦) નાટક સંગ્રહ અને 'હરીફાઈ' (૨૦૦૩-૨૦૧૧) એકાંકી સંગ્રહ આપ્યા છે. નાટક સંગ્રહ 'અનાર્યાવર્ત'માં ત્રણ નાટક છે. જેમાં 'પાટણને ગોંદરે' માં દલિતોના પ્રથમ ઉદ્ધારક વીરમાયાની કથાને નવીન ઓપ આપ્યો છે. 'અનાર્યાવર્ત' મહાભારતના મહાનપાત્રો દ્વૈપાયન, સત્યવતી અને ભીષ્મને આર્યોના 'આર્યાવર્ત' અને અનાર્યોના અનાર્યાવર્ત વચ્ચે ઝૂલતા, મનોમંથન કરતા દર્શાવ્યા છે. 'અંતિમ ધ્યેય'માં કૃષ્ણ દ્વારા યુદ્ધમાં એકલવ્યની કરાયેલ હત્યાની કથા વણી લેવામાં આવી છે. 'રાત રાજનગર'ની જે અમદાવાદના જન્મની કથા અને બાદશાહ દ્વારા કરાયેલ અત્યાચારની કથા છે. 'અનાર્યાવર્ત' બહુ ચર્ચિત નાટક છે. આ નાટકને નાટ્યવિદ નિમેશ દેસાઈએ નાટકનાં પાત્રો જેટલાં પાત્રો લઈ વિશેષ ટેકનિકથી વાચિકમ્ કરાવેલું.

તેમના એકાંકીસંગ્રહ 'હરીફાઈ'માં 'હરીફાઈ',



'અંતિમચરણ', 'અંગરાજ', 'સંજય અને છગન', 'પોપટ ભૂખ્યો નથી' વગેરે છે, જેનાં કેટલાંક એકાંકી અંગ્રેજી-હિન્દી, ભાષામાં ભજવાયાં છે. ઉપરાંત કેટલાંક એકાંકી પુસ્તક થવાની રાહ જુએ છે.

અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે કે, 'રાશવા સૂરજ' નવલકથાનું નાટ્યકાર હર્ષદ પરમારે નાટ્ય રૂપાંતર કરેલું અને તેના પાંચેક પ્રયોગો થયેલા, દરમિયાનમાં જ હર્ષદભાઈનું દુઃખદ અવસાન થયું.

તેમણે કવિતા, વાર્તા, નવલકથા, નાટક, સંપાદન સહિત ઈતિહાસલેખન, નિબંધ, લોકસાહિત્ય, વિવેચન, દલિતોની પાટ પારંપરા, ધાર્મિક પરંપરાઓ (દલિતોની) અને તળ બોલીના શબ્દો - ભાષા પરના સંશોધનકાર્ય એમ સાહિત્યના તમામ પ્રકારોમાં ખેડાણ કર્યું છે. ઉત્તર ગુજરાત પ્રદેશની બોલી-ભાષા પરનું તેમનું પુસ્તક 'તળની બોલી' સંશોધકો - અભ્યાસુઓમાં વ્યાપક આવકાર પામેલું પુસ્તક છે. દલપતભાઈએ સૂચવેલા ઉત્તર ગુજરાતની લોકબોલીના કેટલાક શબ્દો આપણા સાર્થ ગુજરાતી જોડણીકોશમાં પણ સ્થાન પામ્યા છે.

તેમની નવલકથા 'મલક' Homeland નામે, 'ગીધ' Vultures નામે, ટૂંકી વાર્તાઓ Fear and Other Stories નામે અંગ્રેજી ભાષામાં તથા નવલકથા 'ભળભાંખળું' 'भोर' નામે હિન્દી ભાષામાં ટૂંકમાં પ્રકાશિત થશે. નવલકથા 'મલક'નો હિન્દી અનુવાદ 'मुलक' નામે રાધાકૃષ્ણ પ્રકાશન, દિલ્હી અને 'ठंडा खून' - દલિત વાર્તાસંગ્રહ શિલ્પાયન પ્રકાશન, દિલ્હીએ પ્રકાશિત કરેલ છે. તેમની કવિતાઓ, વાર્તાઓ, નાટક-એકાંકી અંગ્રેજી ઉપરાંત હિન્દી, મરાઠી, પંજાબી અને અન્ય ભારતીય ભાષાઓમાં રૂપાંતરિત થયાં છે. તેમની વાર્તાઓ, નવલકથા, નાટક, એકાંકી સંગ્રહની એકથી વધારે આવૃત્તિઓ થઈ છે.

તેમની કૃતિઓ પર દોઢસોથી વધુ લેખો લખાયા છે, તેના પર એક વિહંગાવલોકન જો કરીએ તો, તેમના મનગમતા સાહિત્યપ્રકાર એવા નાટકો પર સર્વ શ્રી ડૉ. ચિનુ મોદી, ડૉ. સંજય ભાવે, ડૉ. પ્રભુદાસ પટેલ, ડૉ. પરમ પાઠક, ડૉ. નરેશ શુક્લ, ડૉ. ભાવિકા પારેખ જેવા વિદ્વાનોએ મીમાંસા કરી છે. જ્યારે કાવ્યસંગ્રહો પર મોહંમદ ઈસ્હાક શેખ, ડૉ. જયંત પાઠક, ડૉ. હસિત બૂચ, યોસેફ મેકવાન, ડૉ. પથિક પરમાર, પ્રવીણ ગઢવી, રમેશ પારેખ, યશવંત વાઘેલા, ભી. ન. વણકર, પ્રાગજી ભામ્ભી, ડૉ. આલોક ગુપ્તા જેવા વિદ્વાનોએ આલેખનો કરીને તેમના કવિતાકર્મનાં ઓવારણાં લીધાં છે. વાર્તાસંગ્રહો પર ગુજરાતના વિદ્વાન સાહિત્યકારોએ અભ્યાસપૂર્ણ લેખો લખ્યા છે. સર્વ શ્રી ડૉ. ભરત મહેતા, હરીશ મંગલમ્, અરવિંદ વેગડા, ડૉ. પ્રવીણ વાઘેલા, બાબુ દાવલપુરા, ડૉ. મોહન પરમાર, રમણ વાઘેલા, ડૉ. સુમન શાહ, ડૉ. ચિનુ મોદી, ડૉ. બી. એમ. પટેલ

જેવા વિદ્વાનોએ - સર્જકોએ તેમની વાર્તાઓને નાણી છે, પ્રમાણી છે, વખાણી છે.

તેમની નવલકથાઓ પર વિશદ આલેખનો થયાં છે. રઘુવીર ચૌધરી, દેવહૂમા, ડૉ. રમેશ ર. દવે, ડૉ. જયંત ગાડીત, ડૉ. વિદ્યુત જોષી, ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાલા, અભિષેક દરજી, પારુલ કંદર્પ દેસાઈ, ડૉ. દિનુ ભદ્રેસરિયા, ધર્મેશ આર. પટેલ, નટવર હેડાઉ, ડૉ. હર્ષદ પરમાર, ડૉ. વસંત રોહિત, ડૉ. કાન્તિ માલસતર, યશવંત વાઘેલા, હરીશ મંગલમ્, ભી. ન. વણકર, ડૉ. મોહન પરમાર, ડૉ. નરેશ શુક્લ, ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રો. ગુણવંત વ્યાસ, બાબુ દાવલપુરા જેવા વિદ્વાનોએ-સાહિત્યના જાણતલોએ તેમની નવલકથાઓને વધાવી છે. વળી પ્રકીર્ણ પુસ્તકો ખાસ્સા ચર્ચામાં રહ્યાં છે.

સ્વયંમાં ગુજરાતી દલિત સાહિત્યની એક જંગમ વિદ્યાપીઠ સમા દલપત ચૌહાણ પ્રસંગોપાત, સમય અનુકૂળતાનુસાર ને નિમંત્રણ મળે, સેમિનારો, સમારંભો, અકાદમી- પરિસંવાદોમાં ન માત્ર પોતાની કૃતિઓ વિશે, સમગ્ર દલિત સાહિત્યના પક્ષમાં તેમનો વિદ્વત મત રજૂ કરતા રહ્યા છે. વિવિધ યુનિવર્સિટીઓ, સાહિત્યિક સંસ્થાઓ, સંશોધન કેન્દ્રોમાં તેમને વક્તવ્ય માટે નિમંત્રણ મળતાં રહ્યાં છે. તેમનાં આવાં વક્તવ્યો / પ્રવચનો પર એક નજર કરી એ તો, 'દલિત કવિતા તરફ એક નજર (મુંબઈ યુનિ.), 'દલિત પથ અને દલિત પ્રશ્નો' (દ. ગુ. યુનિવર્સિટી), 'આધુનિકોત્તર કવિતા' (એમ. એસ.યુનિવર્સિટી), 'દલિત સાહિત્યના લીમડાની 'મેંઠી' ડાળ' (ભાવનગર યુનિવર્સિટી), 'સાંપ્રત સંદર્ભે દલિત સાહિત્યની યથાર્થતા' (બી.એડ્. કોલેજ - મેઘરજ), 'આંબેડકર અને દલિત પીડિતોનું સાહિત્ય' (ગુજરાત યુનિવર્સિટી આંબેડકર ચેર), નવલકથા 'ભળભાખળું' વિશે ('અધિકાર'ના ઉપક્રમે), 'ગોવર્ધનરામ ત્રિપાઠી મારી દૃષ્ટિએ' (સાહિત્ય અકાદમી - દિલ્હીના ઉપક્રમે, અમદાવાદમાં), 'ઉપક્રમ - ગુજરાતી વાર્તાના ભાષાંતરનો' (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ), 'ટૂંકી વાર્તાઃ સ્વરૂપ અને સર્જન' (મુંબઈ યુનિવર્સિટી), 'આદિવાસી સમાજ એ હિન્દુ સમાજનો ભાગ છે ?' (ભાષા કેન્દ્ર, આદિવાસી અકાદમી, તેજગઢ), 'અવતાર અંગુલિમાલનો : એકવીસમી સદીનું ગુજરાતી સાહિત્ય' (મુંબઈ યુનિવર્સિટી), 'મલક' (નવલકથા) અને 'હરીફાઈ' (એકાંકી)માં 'દલિત ચેતના' (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી), 'નવલકથામાં દલિત ચેતના' (આર્ટ્સ કોલેજ - તલોદ), '૧૯૮૦ પછીના ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી સર્જકોનું પ્રદાન' (એસ. એન. ડી. ટી. કોલેજ - મુંબઈ), 'ગુજરાતી દલિત સાહિત્ય' (એસ. એન.ડી. ટી. કોલેજ - મુંબઈ), 'ગુજરાતી દલિત સાહિત્ય' (કલિંગ યુનિવર્સિટી - ભુવનેશ્વર) પ્રમુખ છે.

દલિત સાહિત્ય, લલિત સાહિત્ય કે તે બે વચ્ચેની તુલના - અંતર તથા તેવી કૃતિઓને સમગ્રપણે - દલિત સર્જકની દૃષ્ટિએ તપાસવાની નિપુણતા - ક્ષમતા ધરાવતા દલપત ચૌહાણનો મત લલિત અને દલિત સાહિત્યમાં અત્યંત આધારભૂત લેખવામાં આવે છે. આવા સર્જક આ ઉંમરે પણ આપણી વચ્ચે એમની પૂરી શખ્સિયત સાથે અડીખમ ઊભા છે, તે પણ ગુજરાતી દલિત સાહિત્યના અહોભાગ્ય.

દલિત સાહિત્યના સર્વસંગ્રહકોષ સમા, અભ્યાસુ સર્જક દલપત ચૌહાણના સાહિત્ય સર્જન પર અનેક વિદ્યાર્થીઓ એમ.ફિલ-પીએચ.ડી. કરી રહ્યા છે, કરી ચૂક્યા છે. એ પણ આનંદજનક છે કે, યુનિવર્સિટીઓ / મહાવિદ્યાલયોમાં હવે દલિત સાહિત્યને સંશોધનના એક વિષય તરીકે સ્વીકારનારા છાત્રો / પ્રોફેસરોની સંખ્યા વધી છે. આવા નિબંધોની સંખ્યા ૧૦૦ ઉપરની થવા જાય છે. દલપત ચૌહાણ પરના મહાનિબંધો જોઈએ તો 'દલપત ચૌહાણઃ વ્યક્તિત્વ અને વાંગ્મય' (રમેશ સોનારા - હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, ૨૦૧૫), 'ગુજરાતી દલિત સાહિત્યમાં દલપત ચૌહાણનું પ્રદાન' (એલ.પી. વણકર - ગુજરાત યુનિવર્સિટી, ૨૦૨૦), 'ગુજરાતી સાહિત્યમાં દલપત ચૌહાણ : સમીક્ષાત્મક અભ્યાસ' (ડૉ. રાજેન્દ્ર પરમાર - એમ. એસ. યુનિવર્સિટી, ૨૦૨૧), 'દલપત ચૌહાણનું ગુજરાતી દલિત સાહિત્યમાં ઐતિહાસિક પ્રદાન - ૧૯૪૦ - ૨૦૦૨' (વૈશાલી આનંદ - ગુજ. યુનિ.). ઉપરાંત દલપતભાઈની સાથે અન્ય એક કે બે દલિત સર્જકોના સર્જનકર્મ સાથે (મહાનિબંધ માટે) અભ્યાસ થયો હોય, તે સંખ્યા (મહાનિબંધોની) પણ ૧૦ જેટલી છે અને કેટલાક તુલનાત્મક અભ્યાસ થયા છે.

તેમની કેટલીક વાર્તાઓ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી (પાટણ) અને મુંબઈ યુનિવર્સિટીમાં, 'મલક' (નવલકથા) અને 'હરીફાઈ' (એકાંકીસંગ્રહ) નર્મદ યુનિવર્સિટી (સુરત)માં, 'ગીધ', 'મલક' નવલકથાઓ ગુજરાત યુનિવર્સિટી (અમદાવાદ) અને એમ. એસ.યુનિવર્સિટી (વડોદરા)માં ભણાવાઈ છે. ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી (દિલ્હી)માં કવિતાઓ અભ્યાસક્રમમાં



છે. તેમનું પુસ્તક 'દલિત સાહિત્યના ઇતિહાસની કેડીએ' યુનિવર્સિટીઓમાં રેફરન્સ બુક તરીકે ભણાવાય છે.

ગુજરાતી દલિત સાહિત્યમાં તેમની કૃતિઓ સૌથી વધુ પુરસ્કૃત થઈ છે. (૧) ઈસ્કસ ઍવૉર્ડ (૧૯૮૩ કવિતા) (૨) અખિલ ભારતીય રેડિયો નાટ્ય લેખન પ્રતિયોગિતા પુરસ્કાર (૧૯૮૭ 'પાટણને ગોંદરે') અને (૩) (૧૯૮૯-૯૦ 'અનાર્યાવર્ત') (૪) ગુજરાત સાહિત્ય અકાદમી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક (દ્વિતીય) - ('અનાર્યાવર્ત') (૫) ગુજરાતી સાહિત્ય પરિષદનું બટુભાઈ ઉમરવાડિયા પારિતોષિક ૧૯૯૮-૯૯ (પ્રથમ) - ('દીવાલો' એકાંકી), (૬) ગુજરાત સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક (પ્રથમ) - (૨૦૦૩ - 'હરીફાઈ' એકાંકી) (૭) સંતોકબા સુવર્ણ ચંદ્રક - ૨૦૦૦ ('ગીધ' નવલકથા) (૮) ગુજરાત સરકારનો 'દાસી જીવણ' શ્રેષ્ઠ દલિત સાહિત્ય પુરસ્કાર - ૨૦૦૫/૦૬ ('ભળભાંખળું') (૯) ગુજરાતી સાહિત્ય પરિષદનો 'પ્રિયકાન્ત પરીખ' નવલકથા પારિતોષિક (ભળભાંખળું') (૧૦) ગુજરાતી સાહિત્ય પરિષદનો 'દોલત ભટ્ટ પારિતોષિક - ૨૦૦૪' ('ભળભાંખળું') (૧૧) ગુજરાત સાહિત્ય અકાદમીનો 'શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક - ૨૦૦૪' (પ્રથમ) ('ભળભાંખળું') (૧૨) ગુજરાત સાહિત્ય અકાદમીનો ૨૦૦૨નો શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક (દ્વિતીય) - ('ક્યાં છે સૂરજ' (કાવ્યસંગ્રહ) (૧૩) 'તાદર્થ્ય વાર્તા પુરસ્કાર (પ્રથમ) ૧૯૯૫' ('બાનું મૃત્યુ' વાર્તા) (૧૪) જલારામદીપ વાર્તા પુરસ્કાર ૨૦૦૮ (દ્વિતીય) ('ભેલાણ' વાર્તાસંગ્રહ) (૧૫) કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્યકાર પુરસ્કાર -૨૦૦૧/૦૨ (દલિત સાહિત્ય સર્જન અને સેવા) (૧૬) ગુજરાત દલિત સાહિત્ય અકાદમીનો શ્રી ઈબ્રાહીમ સરવૈયા પુરસ્કાર - ૨૦૦૯ (શ્રેષ્ઠ દલિત સાહિત્યકાર) (૧૭) ધૂમકેતુ વાર્તા પુરસ્કાર - ૨૦૦૯ ('ડર' વાર્તાસંગ્રહ) (૧૮) 'ગુજરાત સમાચાર વાર્તા હરીફાઈ પુરસ્કાર' (વાર્તા 'દરબાર') (૧૯) સયાજી વિદ્યાર્થી



આશ્રમ સાહિત્ય પુરસ્કાર, જેવાં પુરસ્કારો - સન્માનો ગુજરાતી દલિત સાહિત્યના આ હરફનમૌલા - ઓલરાઉન્ડર સર્જક દલપત ચૌહાણના પ્રતિબદ્ધ સર્જકકર્મની સાહેદી પૂરે છે.

•

તેમનો સાહિત્યસર્જનનો આરંભ કવિતાથી થયો, જોકે હવે કવિતા થોડી પાછળ રહી ગઈ છે અને નવલકથા - વાર્તા - નાટક જેવી વિધાઓ તેમના સર્જનમાં અગ્રેસર થઈ છે. તેઓ આ વાત કબૂલે છે - તેમની કવિતામાં તેઓ અસ્પૃશ્યતાની વેદના - પીડાને આક્રોશ સાથે વ્યક્ત કરતા દેખાય છે :

*ધ્રુજતા હાથે પાટીમાં એકડો નહીં,*
*બળબળતા સહરાની*
*અંગારભૂમિ શી ધબકતી છાતીમાં*
*લખી મારી જાત.*
*....*
*હા; હું એ જ છું*
*યુગોથી જેને તમે ઓળખવાનો*
*કરો છો ઈન્કાર.*
*....*
*જખમની વાત કરે છે તું,*
*જખમની સાથ જીવું છું હું.*
*....*
*એક અર્ધખીલી કોમળ કળીશી*
*દલિત કન્યા પર*
*કેટલીવાર **Rape** કરી શકાય ?*
*એક ધીંગા કંધોતર દલિત યુવકને*
*ઊભો ચીરતા*
*કેટલાં લિટર **Blood** ભેગું કરી શકાય.*
*એક નિઃસહાય દલિતની*
*ઝૂંપડી સળગાવી*
*કેટલા શિયાળા તાપી શકાય ?*

તેમની નવલકથાઓ આઝાદીકાળના દલિતોની દયનીય સ્થિતિ, અન્ય સવર્ણ સમાજ દ્વારા પહોંચાડાયેલી યાતના - પીડાનો દસ્તાવેજ છે. 'મલક' દલિત પુરુષના સવર્ણ સ્ત્રી સાથેના સંબંધોને કારણે આખા દલિત સમાજ પર આવી પડતી આફત અને અંતે કરવી પડતી હિજરત અને માનવતાના મુદ્દે મુઠી ઊંચેરા પુરવાર થતા દલિતોની કથા છે. નવલકથા 'ગીધ' મહેનતકશ દલિત યુવાન ઈસાને શારીરિક રીતે પામવા મથતી સવર્ણ દિવાળી જ્યારે બીજા કોઈ પુરુષનું પડખું સેવે છે ત્યારે તેનું આળ તો ઈસા પર જ આવે છે. સાવ નિર્દોષ હોવા છતાં જાતિવાદના કારણે ઈસો હોમાઈ જાય છે. 'ભળભાંખળું' નવલકથામાં જેના પર એમની હથોટી છે અને જે જીવન એમણે જોયું છે - અનુભવ્યું

છે તે ગ્રામજીવનને તેમણે તાદૃશ્ય ખડું કર્યું છે. નાનકડી એવી દલિત કન્યા મણિને સ્કૂલ જવું છે પણ ગામ આખાનો વિરોધ છે. અહીં પણ દલિતોના સામાજિક જીવનની અનેક યાતનાઓ - વિટંબણાઓને યથાતથ વર્ણવી છે. 'રાશવા સૂરજ' અને હવે આવી રહેલી 'બપોર' નવલકથાના કથાતત્ત્વની અછડતી વાત હું આગળ કરી ચૂક્યો છું.

તેમના પાંચ વાર્તાસંગ્રહોમાંની સાંઠ ઉપરાંતની વાર્તાઓ તમામ દલિત ચેતના જગવતી વાર્તાઓ છે. તેમની પોતાની જ નહિ, તમામ દલિતવાર્તાકારોની વાર્તાઓ સંદર્ભે તેમણે કહ્યું છેઃ 'ગુજરાતી સાહિત્યમાં આધુનિક વાદનાં વાદળ એવાં છવાયાં હતાં કે, વાર્તા બિચારી, બાપડી, રાંક થઈ ગઈ હતી, તેને સંજીવની પાઈ છે દલિત વાર્તાઓએ. આજે અનુઆધુનિક સાહિત્ય પ્રવાહમાં દલિતવાર્તાઓ ધસમસતી વહી રહી છે.' તેમની વાર્તાઓ વિશે ડૉ. ભરત મહેતાએ પણ કહ્યું : 'દલિત સાહિત્યના મહત્ત્વના સર્જક તરીકે નીવડી આવી ગુજરાતી સાહિત્યની મુખ્યધારાને રળિયાત કરનારા સર્જકોમાંના એક દલપત ચૌહાણ છે'. (વાર્તા 'મૂંઝારો' નિમિત્તે)

★

દલપત ચૌહાણની અને મિત્રોની આગેવાનીમાં ૧૯૭૮માં - દલિત સંજ્ઞા હેઠળનું - પહેલ વહેલું દલિત કવિતા ઋતુપત્ર (સામયિક) પ્રકાશિત થયું ત્યારે દલિત સાહિત્યની વ્યાખ્યા, વિભાવના અને વિશિષ્ટતાને ઉજાગર કરતી વિશદ્ સંપાદકીય નોંધમાં તેમણે લખ્યું : 'દલિતોનાં દુઃખદર્દો, અપમાન, અન્યાય, અત્યાચાર-અનાચાર, તિરસ્કાર - ઘૃણા, જુગુપ્સા, વેઠ-વૈતરું, અસ્પૃશ્યતા, હિંસા, ગરીબી, નિરાશા, લાચારી, શોષણ, ભેદભાવ, ઓરમાયાપણું, પૂર્વાગ્રહ, લઘુતાગ્રંથિ અને તેની સામે એમનું ભોળપણ, સરળતા, સાલસપણું, દિલાવરી, સામાજિકતા, સ્વમાન, કૌશલ, સંસ્કાર અને અસ્મિતા, એ સઘળાને વર્ષોથી ઝીલતાં વ્યક્ત થતું મૂક આક્રંદ એટલે દલિત કવિતા.'

બસ આ જ વ્યાખ્યા દલિત સાહિત્યની તમામ વિદ્યાઓને પણ લાગુ પડે છે. સાથેસાથે દલિત માનવકેન્દ્રી વિભાવનાઓ, ભોગવેલો યથાર્થ - તેની રચના સાથે પૂરેપૂરી વફાદારી અને તળબોલી - ભાષા સાથેનું દલિત સાહિત્યનું જોડાણ તેને વિશિષ્ટ બનાવે છે. ક્યારેક ઉપલક દૃષ્ટિએ લલિત સાહિત્યકાર દલિત સાથે જોડાયેલા જણાય ત્યારે પણ તેમનો પ્રથમ પ્રેમ તો લલિત સાહિત્ય જ હોય છે.

તેઓ વિશાદ સાથે કહે છે કે, દલિત સર્જકે દલિત સાહિત્યને પ્રતિબદ્ધ હોવું નિતાંત જરૂરી છે. કિન્તુ આ સમયમાં આ વાત મિથ્યા થતી જાય છે. જ્યાં લલિત સાહિત્યની ધસમસતી નદી વહેતી હોય તેની વચ્ચે ટાપુ સમાન લખાતું દલિત સાહિત્ય ક્યારે એમાં ડૂબી કે તણાઈ જશે, તે કહી શકાય તેમ નથી. માટે જ હું કહું છું કે દલિત સર્જકે દલિત યથાર્થ જીવન, વિડંબના, પરિવેશ અને સંસ્કારને અંકે કરી શકાય, તે ચિત્રિત કરી લેવું જોઈએ. સમાજ ઝડપથી બદલાતો હોય છે. એટલે દરેક સાહિત્યપ્રવાહે પોતાના વિકાસનો માર્ગ શક્ય તે ઝડપે અંકે કરી લેવાનો રહે છે. સમયાંતરે સાહિત્યના સમયગાળા / યુગ નબળા પડતા જાય છે, નવીનધારાઓ ઉદ્‌ભવતી જાય છે. જુઓને, દલિત સાહિત્યધારાનો આવિષ્કાર થયો ત્યાર પછી તેની સાથે બીજાં કેટલાં સાહિત્યઝરણાં ફૂટી નીકળ્યાં હતાં. (નારીવાદ, ગ્રામ્યચેતના, સબાલ્ટન સાહિત્ય વગેરે વગેરે). આજે દલિત ધારાના (આજના) ક્ષીણ પ્રવાહ સિવાય અન્ય ધારાનું સાહિત્ય અલપ-ઝલપ જ દેખાય છે.

આમ છતાં આ કડવા સત્યની વચ્ચે આશા કે ધીરજ નહિ ગુમાવતા, તેઓ મક્કમપણે એમ માને છે કે, દલિત સાહિત્ય પ્રવાહની ધારાનું ઉઠમણું થવાનું નથી જ, સિવાય કે ગુજરાતી સાહિત્યનું બારમું થઈ જાય ! કારણ કે સાહિત્યને સમયે-સમયે એના નવતર સાહિત્યની રચના કરનારા મળી જ રહે છે. જેઓ આવશે, તેઓ તેમના સમયને આકાર આપશે. આવનારા સમયમાં દલિતો પ્રત્યે સમાજ આજે જેવો વર્તાવ કરે છે, તેવો જ વર્તાવ જો કરતો રહેશે તો દલિત સાહિત્યકાર તેના યથાર્થ અને પ્રતિકારનું સાહિત્ય રચતો જ રહેશે, તેમાં કોઈ શંકા નથી.

તેમના મતે, આ સમય એવો છે કે દલિત સાહિત્યને દિલથી સ્વીકારનારા લલિત સાહિત્યકાર હોય કે ન હોય, તેની કોઈ તમા આજે ગુજરાતી દલિત સાહિત્યને છે જ નહિ. દલિત સાહિત્ય ગુજરાતી સાહિત્યમાં જ નહિ પણ ભારતની અને જગતની અન્ય ભાષાઓમાં વત્તે-ઓછે અંશે જવા લાગ્યું છે, પોતાનું સ્થાન જમાવવા લાગ્યું છે અને એટલે જ એ ટકશે.

તેઓ પૂછે છે, રાજકારણ અને તિકડબાજી કયા વિષયોમાં નથી ? રસ્સાખેંચની રમત બધાં જ ક્ષેત્રે છે. સાહિત્યનું ક્ષેત્ર પણ એમાં બાકાત નથી. એ હકીકત છે કે, કોઈપણ સાહિત્યધારાને રાતોરાત સ્વીકારવામાં આવતી નથી, તેમ તેને તાત્કાલિક નાબૂદ પણ કરી શકાતી નથી. સાહિત્યની નવીન ધારા ઉદ્‌ભવે ત્યારે જેમ જેમ તેની રચનાઓ પ્રકાશમાં આવતી જાય તેમ તેમ તે જાતે પોતાના સાહિત્યિક માપદંડ-માનદંડને અવતારે છે. આથી જ્યારે કોઈ સાહિત્યકાર દલિત કથાવસ્તુ લઈને લખવા પ્રેરાય ત્યારે તેને તેના માપદંડ વિશે વિચારવાનું હોતું નથી. કથાવસ્તુ પોતે જ એના માપદંડ લઈને અવતરે છે. એટલે દલિત રચના હોય કે લલિત રચના, તે તો પોતાની રીતે રચાતી જાય છે. એમાં જ્યારે દલિત-લલિતની ભેળસેળ જો થઈ જાય છે તો આખી રચના જ અળપાઈ જતી જોવાય છે. તે નથી દલિત રહેતી કે નથી લલિત રહેતી !

'ગુજરાતી સાહિત્યના ઇતિહાસકારોએ દલિત સાહિત્યની ઘટનાઓની ખાસ નોંધ લીધી નથી. પરિણામ એ આવ્યું કે દલિત સાહિત્યમાં થયેલ ખરેખરા કાર્યની અવગણના થતી રહી, અને જ્યારે જ્યારે દલિત સાહિત્યની વાત કરવામાં આવી ત્યારે વાંચ્યાં વિનાનાં - અધકચરાં અને બેહૂદા ટાંચણો રજૂ કરવામાં આવ્યાં, ક્યારેક અન્ય ભાષાના દલિત સાહિત્ય વિશેના લેખને પ્રાધાન્ય આપ્યું. સરવાળે અનુઆધુનિક સાહિત્યની મજબૂત શાખા/ધારા એવા ગુજરાતી દલિત સાહિત્યને અન્યાય થયો' એમ જવાબદારીપૂર્વક અને સભાનપણે કહેતા, તેઓ કડવું અને અપ્રિય સત્ય કહેવા માટે પણ એટલા જ જાણીતા છે. તેમણે કહ્યું : 'બીજા વિશ્વયુદ્ધની અસર ગુજરાતી લેખકોને થતી નથી. ગાંધીવાદની થોડી અસર થાય છે, પણ ગાંધીના મૃત્યુ પછી તેનોય અસ્ત થઈ જાય છે. ભારત-પાકિસ્તાન ભાગલા વખતે રાષ્ટ્રની તમામ ભાષાઓ હચમચે છે, સિવાય ગુજરાતી ભાષા. ૧૯૫૬ થી ૧૯૬૦ સુધી ચાલેલી મહાગુજરાત ચળવળ, ૧૯૬૨ ચીન સાથે અને ૧૯૬૫ - ૧૯૭૧માં પાકિસ્તાન સાથે થયેલાં યુદ્ધો, ૧૯૫૬ થી ૧૯૬૦ અને ૧૯૭૪નાં રોટી રમખાણો, ૧૯૬૯નાં કોમી તોફાનો, બધામાં ગુજરાતી કવિ/લેખક મહદ્અંશે ચૂપ છે. પણ કટોકટીકાળમાં કવિ / લેખકો કકળી ઊઠે છે. મોટાં માથાં જેલમાં જાય એ જોઈ શકતા નથી. સ્થાપિતો, મૂડીપતિઓ, ઉચ્ચ મધ્યવર્ગોને દુઃખ પડે તે તેમને કેમ પોસાય ? કેવળ ઉચ્ચ વર્ગોને જ માનવીય ગરિમા હોય, એવું કવિ / લેખકોએ સાબિત કર્યું. રાજકીય બૂમાબૂમ એમને ગમે છે. ગરીબ તરફી તો કાંઈ થવાતું હશે ?!'

'દલિત સાહિત્ય એ ગુજરાતી ભાષાના ઇતિહાસનું પરિશિષ્ટ નથી, પરંતુ આગળ વધતો ઇતિહાસ છે.' એવી સ્પષ્ટ ચેતવણી આપે છે. દલિત સાહિત્યની ગામઠી-જાનપદી ભાષા, નર્યાં અત્યાચાર - શોષણની વાતોથી તેને બીબાં ઢાળ કે નીરસ-એકસૂત્રી ગણીને, તેને ભાષા કલા-સૌંદર્યના દૃષ્ટિકોણથી માપી, તેનો છેદ ઉડાડવા મથતા દલિત સાહિત્યના વિરોધીઓને વળતો પ્રત્યુત્તર આપી, એમ કહેવાનું પણ ચૂકતા નથી કે, 'દલિત સાહિત્યે ગુજરાતી ભાષાને ક્યારેય નુકસાન પહોંચાડ્યું નથી. નવી વિભાવના - નવા શબ્દ - નવાં પ્રતીક અને નવસંધાન સાથે દલિત સાહિત્યે નવી ધારાનો આવિષ્કાર કર્યો છે. તેનો ઋણ સ્વીકાર તો ક્યારેય ન થયો. (ભલે તેમ થાઓ !) પણ (સમજી લેજો!) આથી આ કામ અટકતું નથી. અટકશે પણ નહિ.'

તેઓ બુલંદ સ્વરે કહે છે : 'દલિત સાહિત્ય ગુજરાતી સાહિત્ય છે. ગુજરાતી સમાજના અધૂરા ચિત્રને તે પૂર્ણ કરે છે. દલિત સાહિત્ય ગુજરાતી સાહિત્યથી સહેજ પણ દૂર નથી. અળગું નથી. તે એક વિશિષ્ટ સાહિત્ય છે.'

ગુજરાતી દલિત સાહિત્યના સતત ને સાતત્યપૂર્ણ સર્જન દ્વારા પ્રારંભથી માંડી આજદિન સુધી તેઓ સક્રિય રહ્યા છે. ગુજરાતમાં દલિત સાહિત્ય વિશે, ક્યાંયથી પણ જો કોઈ વિરોધનો સૂર ઊઠ્યો છે, તો તેનું સૌ પ્રથમ ખંડન કરનારા કોઈને તમે જો જોશો તો તે અવશ્યપણે દલપત ચૌહાણ જ હશે !

અહીં યાદ આવે ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'ના ઓક્ટોબર-૨૦૦૮ના અંકમાં પ્રસિદ્ધ થયેલો તેમનો પત્ર : જે છેક ૧૯૩૩માં લખાયેલા અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (હાલની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી-પાટણ)માં અભ્યાસક્રમમાં સ્વીકારાયેલા ઉમાશંકર જોષીના એકાંકી સંગ્રહ 'સાપના ભારા' માંના એક એકાંકી સામે દલિતો દ્વારા થયેલા વ્યાપક વિરોધ સંદર્ભે તેમણે લખેલો. એ નાટકના શીર્ષકથી તો ખરો જ, તેમાંના contentથી પણ ભણનારા અને ભણાવનારા દલિત વિદ્યાર્થીઓ / પ્રોફેસરો સહિતના બહુમતી દલિતો નારાજ હતા, અને તેને અભ્યાસક્રમમાંથી રદ કરવાની માંગણી કરતા હતા. અગાઉનાં વર્ષોમાં જે તે સમાજ વિશે ઘસાતો ઉલ્લેખ હોય એવી નામાંકિત સર્જકોની એકથી વધુ કૃતિઓ તે સમાજનો વિરોધ થવાને કારણે યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાંથી રદ કરાઈ હોવાનો હવાલો આપીને એ પત્રમાં દલપતભાઈએ બહુ જ પાયાના પ્રશ્ન ઉઠાવેલા અને લખેલું : 'લેખક તો ગમે તે લખવા સ્વતંત્ર છે, પણ શું ભણાવવું એ વિદ્વાનોએ નક્કી કરવાનું હોય. આવા વિવાદો થાય ત્યારે યુનિવર્સિટીમાં અભ્યાસક્રમનો નિર્ણય લેતા વિદ્વાનોએ અને સાહિત્ય પરિષદે તમામ પાસાંઓનો વિચાર કરી, સંબંધિત સમાજ, સમાજસેવકો અને સંસ્થાઓનો મત મેળવીને વિવાદનું નિરાકરણ લાવવાનું હોય.'

એ દિવસોમાં એ એકાંકીનો દલિતોએ ન માત્ર વિરોધ - એ પુસ્તકની માર્ગદર્શિકાની જાહેર હોળી પણ કરેલી. સફાળી જાગેલી સાહિત્ય પરિષદે દલિતોના વિરોધ સામે આંધળુંકિયું કરી દલિતોના વિરોધમાં ઠરાવ પસાર કર્યો ! ત્યારે પત્રમાં તેમણે સવાલો ઉઠાવ્યા : 'શું આ સાહિત્ય પરિષદ દલિતો અને દલિત સાહિત્યકારોના વિરોધ કરવાનું જ કામ કરે છે ? અગાઉ આવા વિવાદો થયા ત્યારે 'પરિષદ' અને સાહિત્યકારો કેમ ચૂપ રહેલા ?'

દલિતો વિરોધી ઠરાવ પસાર કર્યો ત્યારે સાહિત્ય પરિષદના પ્રમુખ ગાંધીજીના ખોળામાં રમેલા એક ગાંધીવાદી લેખક હતા.

આ નાટક છપાયું ત્યારે જ (૧૯૩૩માં) ડૉ. બાબાસાહેબ આંબેડકરના સાથીદાર ગુજરાતના પી. જી. સોલંકીએ વિરોધ નોંધાવેલો, તેનો પણ એ પત્રમાં દલપતભાઈએ ઉલ્લેખ કરેલો.

ઇતિહાસ સાક્ષી છે. રાજ ગુજરાતમાં પણ વહીવટની ભાષા મરાઠી ! તેથી આપણા આદ્યકવિ દલપતરામ તો ફાર્બસ સરને લઈ પહોંચ્યા ખંડેરાવ ગાયકવાડના રાજ દરબારે ને બુલંદ સ્વરે સંભળાવ્યું : 'દાખે દલપતરામ, ખુદાવિંદ ખંડેરાવ ! / રૂડી

ગુજરાતી રાણી વાણીનો વકીલ છું !'

હા. આ ગુજરાતી દલિત વાણી (સાહિત્ય) પાસેય તેનો એક વકીલ છે - દલપત ચૌહાણ ! જોકે મને એમને ગુજરાતી દલિત સાહિત્યના પ્રવક્તા કહેવાનું વધુ પસંદ પડે છે !

'ગુજરાતી દલિત સાહિત્ય એ ગુજરાતી સાહિત્યનો હિસ્સો છે, શાખા છે, ગુજરાતી સાહિત્યથી અલગ પાડીને તેની માપણી કરવી યોગ્ય નથી. હા, તેના માનદંડ - માપદંડ જુદા હોઈ શકે અને આ માપદંડો રચાઈ આવેલા સાહિત્યમાંથી આવકારવા કે સ્વીકારવા જોઈએ'... 'દલિત સાહિત્ય એ ફક્ત નકાર કે વિદ્રોહનું સાહિત્ય નથી. દલિત સાહિત્ય ગુજરાતી સાહિત્યમાં ઉમેરણ કરે છે, સંવર્ધન કરે છે, ઉપરાંત તે ગુજરાતી સાહિત્યનું અવિભાજ્ય અંગ છે. દલિત સાહિત્ય એ યથાર્થનું સાહિત્ય છે. યથાર્થનું સાહિત્ય જીવન જેવું છે એવું જ એને ચિતરે છે, આલેખે છે' એમ અદલિત સાહિત્યકારોને તે કહી શકે છે, તેમ જન્મે દલિત અને લલિત ધારામાં ફંટાઈ ગયેલા પોતાના સર્જકોનેય સાચી વાત કહેવાનું ચૂકતા નથી.

'આપણે એક વાત સ્વીકારવી પડે કે, મરાઠી કે હિન્દી સાહિત્યમાં જેઓ દલિત સાહિત્ય લખતા થયા તેમણે દલિત સાહિત્યને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. જ્યારે ગુજરાતી દલિત સાહિત્યમાં તદ્દન વિપરિત પરિસ્થિતિ સામે આવી. જૂની પેઢીના કેટલાક દલિત સાહિત્યકારો એવા છે, જે લલિત સાહિત્ય લખતા હતા અને હવે દલિત ધારામાં આવ્યા તે દૂધમાં અને દહીંમાં હાથ રાખે છે. એટલે કે તેમને દલિત સાહિત્ય પ્રત્યે પૂર્ણ પ્રતિબદ્ધતા નથી. ઉપરાંત કેટલાક દલિત સાહિત્યકાર એવા છે, જેમને પ્રતિબદ્ધતા જાળવવી નથી છતાં પોકારી પોકારીને પોતાનો દાવો રજૂ કરતા રહ્યા છે. તેમની વિચારપ્રણાલી, ધારણાઓ બહુ જ જટિલ અને ન સમજાય તેવી છે. તેમની વિચારધારા પ્રગતિશીલ, આંબેડકરવાદી, ગાંધીવાદી અને કલાવાદીઓનો ખીચડો છે. તેઓ લખવા ખાતર લખે છે. બીજી વાત ખાસ જાણવા જેવી છે કે ગુજરાતી દલિત સાહિત્યની આવનાર પેઢીઓમાં દલિત સાહિત્યકાર જણાતા નથી. અર્થ એનો એવો નથી કે દલિત સમાજમાં સાહિત્યકાર પેદા થવા બંધ થઈ ગયા છે. જરૂર સારા કવિ, વાર્તાકાર, નવલકથાકાર આવી રહ્યા છે, પણ તેઓ પોતાને મુખ્ય ધારાના સાહિત્યકાર તરીકે ઓળખાવે છે. તેમને ક્યારેક સમાજ યાદ આવી જાય તો લખવાની આવડતનો ઉપયોગ કરી, એકાદ વાર્તા - કવિતા લખે પણ ખરા, પછી જાણે દલિત સાહિત્ય પર ઉપકાર કર્યો હોય એમ પોતાના શ્રેષ્ઠત્વની ડંફાસો હાંકતા ફરે છે.'

'કેટલાક પોતાને દલિત સાહિત્યકાર કહેવડાવે ખરા, પરંતુ તેઓ પચીસ ટકા દલિત સાહિત્ય અને પંચોતેર ટકા અદિલત સાહિત્ય લખતા નજરે પડે છે. હવે તેમની અને તેમના સાહિત્યની મૂલવણી થાય કેમની ? તેમની કૃતિઓમાં દલિત સાહિત્ય કેટલા અંશે પામી શકાય ? તેમની કૃતિઓમાં અદલિત વિભાવનાઓ અવિનાભાવે જોડાયેલી હોય છે. કેટલાક દલિત સાહિત્યકારો કલાની અવધારણાઓ, માનદંડ લઈને જ સાહિત્ય રચે છે. તે કૃતિઓને મૂલવીએ તો શું પરિણામ આવે ?! પ્રતિબદ્ધતા વિનાનો સાહિત્યકાર કાયમ અવઢવમાં જ હોવાનો.'

તેઓ કહે છે : 'જે સાહિત્યકારો (જન્મે દલિત) શિષ્ટ પ્રવાહમાં હતા અને તે પછી દલિત સાહિત્ય ધારામાં આવ્યા, તે સાહિત્યકારોએ તેમનું બધું સાહિત્ય દલિત સમાજ / વિભાવના/ પરિવેશને ધ્યાનમાં રાખીને લખ્યું નથી. તેમણે જ્યારે જે લાગ આવ્યો તે લખ્યું, પરિણામે તેમનું બધું સાહિત્ય દલિત સાહિત્યને નામે ચઢાવવામાં આવે, તે બરાબર નથી. આનો વિગતે ફોડ પાડવો જોઈએ.'

•

ગુજરાતમાં દલિત સાહિત્યનો જુવાળ આવ્યો. ખૂબ લખાયું, નોંધપાત્ર લખાયું, ચર્ચાયું, પુરસ્કૃત થયું, વિદ્યાલયો - મહાવિદ્યાલયોમાં સ્થાન પામ્યું ને હવે - જેના આરંભના પૂરાં પચાસ વર્ષ પણ નથી થયાં ત્યાં તેનો વેગ ઘટતો જતો હોવાની- પ્રવાહ મંદ પડી રહ્યો હોવાની ચિંતા થવા લાગે, એ ગુજરાતી દલિત સાહિત્ય માટે સારા સમાચાર નથી.

જેમના ઉલ્લેખ વિના ગુજરાતી દલિત સાહિત્યની ચર્ચા થઈ નથી શકતી, તેવા દલિત સાહિત્યના પીઢ - ઘેઘુર વડલા સમા આ સાહિત્યકારના સર્જનકર્મની કૃતિલક્ષી ચર્ચાને સહેતુક- સભાનપણે મેં ટાળી છે. એ તો અન્યત્ર પણ વાંચી શકાશે.

મોજ, આનંદ કે માન-મરતબો મેળવવાના નહિ કિન્તુ વર્ણાશ્રમ - જાતિવાદના પાપે એક વિશાળ માનવસમુદાયને થઈ રહેલા અન્યાય, અત્યાચાર, અપમાન સામે પ્રતિબદ્ધતા - ફરજ- જવાબદારી સાથે કલમ ઉપાડી, આવા શોષિતોનો અવાજ બની તેમનામાં જાગૃતિ - ચેતના આણવાના આશયને દલિત સાહિત્યના મૂળભૂત સિદ્ધાંત રૂપે ઓળખી કાઢવામાં આવ્યો છે ત્યારે, ગુજરાતમાં એક યા બીજા કારણે દલિત સાહિત્યથી વિમુખ થયેલા, પ્રવર્તમાન સમયમાં સર્જનકાર્ય કરી રહેલા અને નવા આવનાર દલિત સર્જકોએ તેમની આ ચિંતાને પારખીને તેમણે કહેલ શબ્દોને ગંભીરતાથી લેવા પડશે.

મરાઠી દલિત સર્જકો મોટે ભાગે સીધી રીતે આંદોલન સાથે જોડાયેલા હોય છે, તેવું ગુજરાતમાં પણ છે કે કેમ ? તેવા મારા સવાલના પ્રત્યુત્તરમાં તેમણે કહ્યું : 'આ સાહિત્યકારોની મહત્તા તેની પ્રજા, સ્વીકાર કરનારાઓ પર અવલંબે છે. મરાઠી સર્જકને પ્રેમ-પ્રશંસા ને પૈસા મળે છે, જ્યારે ગુજરાતનો દલિત સર્જક ગાંઠના રૂપિયા ખર્ચીને પોતાનું સાહિત્ય છપાવે છે. છતાં હું એટલું જરૂર કહીશ કે નવલકથા, વાર્તામાં ગુજરાતી

દલિત સાહિત્યનું જે ગજું છે, તે ભારતમાં ગમે તે ભાષા સાથે ખભેખભા મેળવી ઊભું રહી શકે તેવું છે. તેમાં બે-મત નથી. તેમણે કહ્યું : 'આપણા ગુજરાતમાં આજ સુધીના જે દલિત સર્જકો છે તેમણે દલિત અત્યાચારને આલેખિત કરવાનો પૂરો પ્રયાસ કર્યો છે. દલિતો પર થયેલા નાનામાં નાના અત્યાચારથી માંડી મોટી હોનારતોને દલિત સાહિત્ય નજર અંદાજ કરતું નથી. દલિત સર્જક અને દલિત અત્યાચારને જુદા પાડી શકાય નહિ. દલિત સાહિત્યના પાયામાં જ અત્યાચારની વેદના ધરબાયેલી છે. જેને જુદી પાડી શકાય નહીં.'

દલિત સાહિત્યજગતને કોઈ સંદેશ ?! તો તેઓ બોલ્યાઃ 'જ્યારે સમાજમાં પત્ર વ્યવહાર (પોસ્ટકાર્ડ)નો જમાનો હતો ત્યારે દલિત સમાજના લોકો પત્રના અંતે લખતા, 'વાંચનાર સુખી રહો, સાંભળનાર સુખી રહો !' મારેય કહેવું છે કે, દલિત સાહિત્ય લખનાર સુખી રહો !... પણ મારા અંતરની ઇચ્છા છે કે, દલિતો પરના આ સમગ્ર અત્યાચાર બંધ થાય, જેથી દલિતોએ દલિત સાહિત્ય જ લખવું ન પડે. 'એ' પણ ફૂલોની કવિતા લખે. એ અર્થમાં એ સુખી રહે.

...અને છેલ્લે, એમની સાથેની મારી લંબાણ બેઠકોમાં મને એય જાણવા મળ્યું કે, ગુજરાતી દલિત સાહિત્યનો પૂરો ઈતિહાસ જાણતા દલપતભાઈ, તેમની ખુદની પંદર પેઢીનો પૂરો ઈતિહાસ પણ જાણે છે ! એમના વહીવંચા બારોટો પાસેથી એમણે એમના દાદા-પરદાદાઓના નામો જાણ્યા છે, તદ્અનુસાર તેમની તેરમી પેઢીએ દાદા રાજસ્થાનના ક્ષત્રિય રાજપૂત હતા. તેઓ ક્યારે વટલાયા અને દલિત થયા તેની સિલસિલાવાર વિગતો પણ અલબત તેમની પાસે ઉપલબ્ધ છે! તેરમી પેઢીના પરદાદા માલોસિંહના દીકરા ઝેહોસંગ, તેમના પુત્રો-પ્રપોત્રો કમોસંગ, ખેંગારજી, ભીખુસંગ, પદમસંગ, અરજણ સંગ તે છેક નીચે ઊતરતી પેઢીએ દલપતભાઈના પિતા ધૂળાભાઈ સુધીના વંશવેલાનો ઈતિહાસ (પેઢીઆંબો) પણ દલપતભાઈએ જતનથી જાળવ્યો છે.

મૂર્ધન્ય સર્જક - ઈતિહાસકાર - સંશોધનકાર કે. કા. શાસ્ત્રી પણ કહી ગયા છે કે આજના દલિતો એક સમયના ક્ષત્રિયો છે ત્યારે આપણે પણ દલપત ચૌહાણને દલસંગ ચૌહાણ તરીકે ઓળખીએ તો કેમ ?!

**સંદર્ભ :**


(૧) 'ક્યાં છે સૂરજ ?' (દલપત ચૌહાણ)
(૨) 'શબ્દભેદ' (દલપત ચૌહાણ)
(૩) 'ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ (દલપત ચૌહાણ)
(૪) 'ગુજરાતી દલિત નિબંધ' (ભગીરથ બ્રહ્મભટ્ટ)
(૫) 'નિસબત' - ૨૦૧૧ (ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન)
(૬) 'નિસબત' - ૨૦૧૩ (ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન)
(૭) 'નિસબત' - ૨૦૧૮ (ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન)
(૮) 'દુંદુભિ' (દલપત ચૌહાણ - હરીશ મંગલમ્ - પ્રવીણ ગઢવી)
(૯) 'દલપત ચૌહાણનું ગુજરાતી દલિત સાહિત્ય ઐતિહાસિક પ્રદાન' (વૈશાલી આનંદ)
(૧૦) 'ગુજરાતી દલિત સાહિત્ય' (ડૉ. ભીખુ વેગડા)
(૧૧) 'પ્રતીતિ' (મનોજ પરમાર - ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન)
(૧૨) 'અનન્ય' (સં.: હરીશ મંગલમ્, મધુકાન્ત કલ્પિત, અરવિન્દ વેગડા)
(૧૩) 'હયાતી' (દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર - વિશેષાંક) - ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી
(૧૪) 'હયાતી', 'દલિત ચેતના'ના અંકો
(૧૫) 'દલિત કાવ્ય સૃષ્ટિ' (સં. મોહન પરમાર)
(૧૬) 'દલિતાયન' (વિવેચન સંગ્રહ -કેસર મકવાણા)
(૧૭) 'વણબોટી વારતાઓ' (સં. - દલપત ચૌહાણ)
(૧૮) 'ભેલાણ' (વાર્તાસંગ્રહ - દલપત ચૌહાણ)
(૧૯) 'શબ્દે બાંધ્યો સૂરજ' (સં. ચંદુ મહેરિયા, દલપત ચૌહાણ)
(૨૦) 'સૂરજમુખી' વિશેષાંક (પ્રત્યાયન સાહિત્ય વર્તુળ - ધોળકા)
(૨૧) 'સમાજમિત્ર'ના વિવિધ અંકો
(૨૨) દલપત ચૌહાણનું સાહિત્ય સર્જન
(૨૩) દલપત ચૌહાણ દ્વારા લખાયેલા અને તેમના પર લખાયેલા વિવિધ લેખો
(૨૪) દલપત ચૌહાણ સાથે રૂબરૂ મુલાકાત.



*'છાંયડો', પ્લોટ નં. ૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી,*
*સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪*
*મો. ૯૮૨૫૬૩૨૮૩૮*




# લગ્નગીતમાં વૃક્ષોનો મહિમા

*- લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી*

**લ**ગ્નોત્સવ લોકજીવનના જીવનોલ્લાસનો અવસર છે. એ માત્ર એક પરિવારનો ન રહેતાં સમગ્ર સમૂહ અથવા સમાજનો, પરિવારનો કે સમસ્ત ગામનો અવસર બની રહેતો હોય છે. તેથી તે અવસરે ગવાતા ગીતો પણ સમૂહ ગીતો, વૃંદગીતો છે. સમસ્ત ગામની સ્ત્રીઓ આ અવસરે ગીતો ગાવા આવે છે. આ ગીતો સમૂહગત હોવાને કારણે જ તેમાં સમૂહની સરલતા, સ્વાભાવિકતા અને મધુરતા નીતરતી હોય છે. આવા ગુણોને કારણે જ સમૂહ દ્વારા કંઠસ્થ થઈ શકે છે. તેમજ પેઢી દર પેઢી, વંશ પરંપરાગત, જ્ઞાતિ પંરપરાગત લગ્નગીત ગવાતાં રહે છે. તેમાં પ્રદેશ ભેદ તથા જુદી જુદી જ્ઞાતિઓની વિશિષ્ટ ખાસિયતોને કારણે, તેમજ લોકબોલીઓનાં ભેદને કારણે સામાન્ય ભેદ જોવા મળે છે. બહુધા તો બધાં જ લગ્નગીત એક જ સરખા વિષયવસ્તુવાળાં હોય છે. લગ્નવિધિઓની સમાનતાને કારણે તેમાં વિશેષ કોઈ મહત્ત્વનો ભેદ હોતાં નથી. ગીતોનું હાર્દ સર્વત્ર લગભગ એક જ સરખું જોવા મળે છે. લોકસાહિત્યમાં વિપુલ પ્રમાણમાં લગ્નગીતો સંગ્રહાયેલાં છે. લગ્નોત્સવ લોકજીવનનો અનન્ય આનંદનો લ્હાવો ગણાતો હોવાથી લગ્નગીતોમાં લગ્નજીવનની શુભભાવના, પ્રણય, મજાક અને સંસારની સમગ્રયતા હોય છે.

વ્યાખ્યા : લગ્નસંસ્કારની પ્રત્યેક ક્રિયાવિધિ પ્રસંગો, વર કન્યાનાં શીલ સૌદર્ય ને રુચિ, દેવ, દેવીઓ, પ્રકૃતિનું વર્ણન, ઋતુઓનું સૌંદર્ય, વિયોગ, વિનોદ, પરિહાસ, વ્યંગ, કટાક્ષ વગેરે લગ્નના માંગલિક અવસરે પરંપરાગત સમૂહસ્વરોનાં વૃંદગીતમાં જે લોકગીતો રજૂ થાય છે તેને લગ્નગીતો કહેવામાં આવે છે.

લગ્નગીતનું વિષયવસ્તુ : લગ્નોત્સવ ધાર્મિક અને સામાજિક અવસર છે, લગ્ન સંસ્કાર છે. લગ્નવિધિમાં ગણેશ સ્થાપન, મંડપારોપણ, માયરુ અને ચોરી એ મુખ્ય ધાર્મિક સંસ્કાર વિધિઓ છે, એ સિવાયની સામાજિક, લૌકિક ને કુળ પરંપરાગત, રીતરિવાજોના સંદર્ભમાં ૩૦ જેટલી અન્ય પેટાવિધિઓ લગ્નસંસ્કારમાં સંલગ્ન હોય છે. લગ્ન અવસરનો પ્રારંભ લગ્નની કુમકુમ પત્રિકાથી થાય છે. એક લગ્નપત્રિકાની વાંચના કરીએ તો સોનલવરણા સૂરજ ઊગશે, ગુણિયલ ગણેશજી બિરાજશે, લીલાછમ માંડવડા રોપાશે, હરિયાળાં તોરણો બંધાશે, ભાતીગળ ચંદરવા લહેરાશે. મોતીયલ ચાકળા પથરાશે ઘૂઘરિયાળા બાજોઠિયા ઢળાશે, શુકનિયાળ કંકુ, ચોખા ચોડાશે, કુંવારી કંકાવટી ઘોળાશે, રંગિયલ માણેકથંભ રોપાશે, સૂરાળી શરણાયું વાગશે, ત્રંબાળું ઢોલીડા ધડૂકશે, કોયલકંઠા ગાણાં ગવાશે, ફૂલ-સુંવાળાં ફટાણાં દેવાશે, નેહલ નાડાછડિયું વિંટાશે, ગરવા ગોતરીજ ભરાશે, નવગ્રહની નિરાંત થપાશે, પીતાળી પીઠીયું ઘોળાશે, કેસરિયાળ સાફા બંધાશે, કસુંબલ ઉપરણીયું ઓપાશે, સોનમૂઠી તલવાર્યું ઝૂલશે, દેવાંશી ફુલેકાં ચઢશે, પોરહભરી પહુ ભરાશે, ઉમંગે ઉકરડીયું ઊઠશે, જોબનભર્યાં રાસડા રમાશે, ઉજળાં રમણ દીવડાં પ્રગટશે, કંકુજળમાં કોડીયું રમાશે, ટેરવાના ટચાકે પરણ્યાં પોંખાશે, કન્યા વિદાયનો વિયોગ ઘુંટાશે, કાળજા કેરો કટકો વિદાય લેશે, આ વાનાં. આ વહેવાર, આ સંસ્કાર, આ રીત આ રિવાજ આ બધુંય લગ્ન ઓચ્છવમાં લગ્ન અવસરમાં ભવ્યતાથી તમ આવ્યાથી દીપી ઊઠશે.''

લગ્ન અવસરની પેટા વિધિઓમાં પ્રાદેશિક ભિન્નતાને જ્ઞાતિનાં રીતરિવાજો પ્રમાણે થોડો વધારો-ઘટાડો-સુધારો હોય છે. મુખ્ય પેટા વિધિઓ સર્વત્ર સમાન હોય છે તેમાં કન્યાપક્ષ દ્વારા લગ્ન લખવાં, કંકોત્રી લખવી, વરપક્ષ દ્વારા કંકોત્રીનો સ્વીકાર ને વધામણી. બંને પક્ષો દ્વારા સગાં, સંબંધીઓ, મિત્રવર્તુળને મોકલવામાં આવતી કંકોત્રી, ગણેશ માટલી ગોરમટી, ગોત્રજ માટે ગોતરડોવરધ, મામેરું, મીંઢોળબંધન, પીઠી, ગૃહશાંતિ, આંતક, મંડપારોપણ, સાંજી, ફુલેકું, વરઘોડો, પસ, ઉકરડી, જાનજોડવી, સામૈયું, વરપોંખણું, માયરું, હસ્તમેળાપ, ચોરી, કલવો, પહેરામણી, મમ્માટ, મા માટલું કુમકુમ થાપા, કન્યાવિદાય, વર-વધૂ પોંખણું, ગણેશપૂજન, ગોત્રજ પૂજન. કોડી, કોડાની રમત વગેરે લગ્ન અવસરની દરેક વિધિઓમાં વિધિ અનુસાર લગ્નગીત ગાવામાં આવે છે. જે વિધિ પ્રસંગને અનુકૂળ પ્રાસંગિક લગ્નગીતો હોય છે. આ લગ્નગીતોમાં કૌટુંબિક પરંપરા, કુળ પરંપરા, વર-કન્યાનું સૌંદર્ય, માતાની મમતા, દાદાને પિતાનું વાત્સલ્ય, અડાભીડપણું, ભાઈ-બહેનનો પ્રેમભાવ, ભાભી અને સખીઓનો, અનુરાગ, લગ્ન અવસરમાં ઉપયોગી થનાર ગોર, બ્રાહ્મણ, કુંભાર, દરજી, વાળંદ, સુતાર, માળી વગેરેનો ઉલ્લેખ, લગ્ન અવસરની વિધિઓનો ગુણાનુવાદ વ્યક્ત થતો હોય છે, કેટલાંક લગ્નગીતો કન્યા, કન્યાની માતા અને દાદાના ઉદ્‌ગારરૂપે પ્રસ્તુત થતાં હોય છે. ફટાણાનાં ગીતો દ્વારા પરિહાસ, મીઠી મજાક, વ્યંગ, હાસ્ય કે કટાક્ષ નિખાલસતાથી, નિર્દોષભાવે બંને પક્ષો દ્વારા કરવામાં આવે છે. લગ્ન અવસરની પ્રાથમિક પ્રારંભને આગલા દસ દિવસથી વર-વધૂ પરણી તેના નિવાસસ્થાને પહોંચે ત્યાં સુધીનાં અસંખ્ય લગ્નગીતો કંઠસ્થ પરંપરામાં સંગ્રહાયેલાં હોય છે. અત્યારનાં સમયમાં કંઠસ્થ ગીતો ન આવડતાં હોય તો ગાવાવાળી બહેનોને ગાવા માટે બોલાવવામાં આવે છે. ચારણ, કાઠી,

રાજપૂત વગેરે કૂળોનાં લગ્નગીતો સાંભળવા જેવાં હોય છે.

લગ્નગીતનું સંગીત અને પ્રસ્તુતીકરણ : લગ્નગીતોમાં ભાવોર્મિથી છલોછલ ભરેલાં વૃંદગીતો છે જે લગ્ન અવસરે, સ્ત્રીઓ દ્વારા ચાલતાં ચાલતાં, બેઠાં બેઠાં, ઊભાઊભા ને વિધિઓ જોતાંજોતાં વર અને કન્યા એમ બન્ને પક્ષે ગવાતાં ગીતો છે. લગ્નગીતો મંગલ, મધુરતાથી ભરપૂર હોય છે. ગાનારા શ્વાસ લેવા પણ થોભતા નથી. અદ્‌ભુત ને અલૌકિક તેની સૂરાવલિ ને સૂરાવટ હોય છે. લગ્નગીતોના સૂરો સૂરીલા અને સ્વાભાવિક, ગાવાના ઢાળો અને ગાવાની લઢણ પણ પરંપરાગત રીતે ઘુંટાઈ ઘુંટાઈને સમરસ આત્મસાત્ થઈ ગઈ હોવાથી કુદરતી રીતે જ સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દે તેવું સ્વરમાધુર્ય કેળવાયેલું હોય છે. વિલંબિત ઘુંટાયેલો સંગીત મઢ્યો સૂર, કર્ણપ્રિય વર્ણશબ્દોનું ગુંજન, ભાવવાદી વેધક, ચોટદાર, મર્મસ્પર્શી લોકઢાળ, ઊર્મિગર્જન, નાદવૈભવ એ લગ્નગીતનાં ગાનનાં મુખ્ય આભૂષણો છે. ભાવોર્મિ, શબ્દ સ્વર અને ગેયતાનો સુભગ સમન્વય લગ્નગીતોમાં સારંગરાગમાં અનાયાસે પ્રગટે છે. સારંગનો આવિર્ભાવ કેવળ સહજ સ્ફૂરણાગત હોય છે એ કારણસર લગ્નગીતોને સારંગ પ્રધાન કહેવામાં આવે છે. સેંકડો વર્ષોથી લગ્નગીતમાં સારંગને યથાયોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. ઢાળનું વૈવિધ્ય વધુમાં વધુ લગ્નગીતોમાં જોવા મળે છે. તેમ ઉપેન્દ્રભાઈ ત્રિવેદીનું માનવું છે. ચારણ જ્ઞાતિના લગ્નગીતોનાં સૂરો ધીરે ધીરે સંપૂર્ણ સ્વસ્થતાથી શરૂ થતાં પ્રલંબ લયે શ્વાસ લેવા થોભ્યાં વગર ઘૂંટી ઘૂંટી અંખંડિત આંદોલનની ધારાએ ધારાએ વહેતા વહેતા મોહક, કર્ણપ્રિય સો સો શરણાયું જેવાં સૂર સાંભળતાં થાકીએ નહી તેવાં અત્યંત મીઠા ને મધુરા લાગે છે. ચારણજ્ઞાતિનાં લગ્નગીતો અનેકવિધ વિવિધતા અને વિપુલતા ધરાવે છે. છત્રાવા (ઘેડા) ગામમાં વહેલી સવારે ચારણ આઈઓનાં લગ્નગીત સાંભળીને ગામ લૂંટવા આવેલાં બહારવટિયા ગામને લૂંટ્યા વગર ભાગી ગયા હતા.

**લગ્નગીતોમાં વૃક્ષમહિમા :** પ્રાણીમાત્રનું જીવન વનસ્પતિ ઉપર અવલંબિત છે. વનસ્પતિ પણ સજીવતાથી સભર હોય છે. ઈસ્થર બોલ્વીન યોર્ક કહે છે કે “વૃક્ષોની આપણી સાથે વાત કરવાની પણ એક રીત હોય છે. પણ એ વાતોમાં ઘણા શબ્દો નથી હોતા. જો આપણે કાન દઈને સાંભળીએ, આંખ માંડીને નીરખીએ અને જરા ઠરીને બેસીએ તો એમની એકધારી વાતો પણ સંભળાય ખરી. ગુજરાતમાં તો વનસ્પતિનો વિપુલ ભંડાર ભર્યો છે. સૌરાષ્ટ્રને તો વૈદ્યોની ભૂમિ તરીકે ઓળખાય છે. વૃક્ષોની અગત્ય વિશે લોકકવિ પિંગળશીભાઈ ગઢવી એક કાવ્યમાં કહે છે :

**દોહો**

*વૃક્ષો સૌ જન વાવજો સાચો ધર શણગાર,*
*એનો સઘળા જીવ પર, અનહદ છે ઉપકાર*

**કાવ્ય**

*વૃક્ષો પ્રાણનો વાયુ આપે, વૃક્ષો દીર્ઘ જીવાયુ આપે*
*વૃક્ષો લાખ ને ગુંદર આપે, વૃક્ષો ઔષધ સુંદર આપે,*
*વૃક્ષો પ્રભુની ભક્તિ આપે, વૃક્ષો અનહદ શક્તિ આપે,*
*વૃક્ષો ચૂલા બળતણ આપે, વૃક્ષો ખાવા ગળપણ આપે.*
*વૃક્ષો ધર ધોવાણ મટાડી લેવરાવે છે લાવો,*
*ભારતને હરિયાળો કરવા વૃક્ષો વાવો વાવો.*
*તપતાને એ છાંયો આપે, માનવને એ માયા આપે,*
*ખાવાને એ ફળફૂલ આપે, અંગ ઢાંકવા પટકૂળ આપે,*
*બાળકને રમકડાં આપે, કિશોરને કૂદકડાં આપે,*
*મકાન એ રે'વાને આપે, સુખ દુઃખ સહી લેવાને આપે,*
*વૃક્ષો સૌનાં છે હિતકારી તે નવ ભૂલી જાવો,*
*ભારતને હરિયાળો કરવા વૃક્ષો વાવો વાવો.*
*વૃક્ષો તો વર્ષાને વધારે, વૃક્ષો ભોમાં ભેજ વધારે,*
*અંતરનો ઉલ્લાસ વધારે, ખેતીની પેદાશ વધારે*
*દેશની સદ્ધરતા વધારે, ધરની સુંદરતાને વધારે,*
*ખેતરની કિંમત વધારે, ખેડૂતની હિંમત વધારે.*

હાલ દેશના સમૃદ્ધ કરવા વિચારિયે સૌ આવો ભારતને હરિયાળો કરવા વૃક્ષો વાવો વાવો.

*વૃક્ષો સૌ જન વાવજો સાચો ધર શણગાર,*
*એનો સઘળા જીવ પર, અનહદ છે ઉપકાર*

વૃક્ષો પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો કરે છે. ગુજરાત રાજ્યમાં ગામો, નેસડા, ધારો, વોકળાઓ અને ધોરી માર્ગોનાં નામકરણ પર વ્યાપકપણે વૃક્ષોના નામનો પ્રભાવ પડ્યો છે, જે આરણ્ય સંસ્કૃતિની પુષ્ટિ આપે છે. શ્રી જગદીશ ચ. છાયા ‘શ્રેયસ’ સૌરાષ્ટ્રનાં ગામોના નામકરણ પર વ્યાપક વનસ્પતિના પ્રભાવ લેખમાં અને શ્રીનરોત્તમ પલાણના ઘૂમલી સ્થળનામોમાં વનસ્પતિ ઉપરથી ગામ અને સ્થળોનાં નામોની વિસ્તૃત યાદી આપી છે. વૃક્ષો-વનસ્પતિઓ વિશે શ્રીકૃષ્ણ ઈન્દ્રજીના ગ્રંથો, અને શ્રી ઈસ્માઈલભાઈ નાગોરીનું વનસ્પતિ જીવન દર્શન ગ્રંથ મૂલ્યવાન પ્રકાશનો છે. વૃક્ષો કેટલું સુકૃત કરે છે તેની માહિતી આપતાં લોકકવિ શ્રી પિંગળશીભાઈ ગઢવી ભુજંગી છંદમાં કહે છે

**દોહો**

*વૃક્ષો સૌ જન વાવજો, આવે છે વરસાદ,*
*સાચી એ છે સમૃદ્ધિ, દેશ બને આબાદ.*

**છંદઃભુજંગી**

*પશુપંખીને નોતરી તે જમાડે,*
*શિળી છાંવમાં બાળકોને રમાડે,*
*નદી પાર કરવા નૈયા થૈ તરે છે,*
*કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે?* -૧
*તપેલાજનોને મીઠી છાંય આપે,*
*હરી તાપ લેતાં એ શાંતિ સમાપે,*
*શ્રમિતો લહી છાંય શાંતિ ભરે છે,*

*કહો કરેલું વૃક્ષો સુકૃત કરે છે* -૨
*પ્રભાતે ઊઠી પંખીયો ગીત ગાતાં,*
*ઘણાં આવીને થાક ને સ્થિર થાતાં*
*ઊડી જંગલોમાં બધા વિચરે છે,*
*કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે* -૩
*તું ખરા અંતકાળે બને એ જ સાથી,*
*બીજું કોઈ નાં થાય ત્યાં તો સંગાથી*
*મરેલાજનો સાથમાં તે બળે છે,*
*કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે.* -૪
*થતાં ખુરશી ટેબલોને કબાટો,*
*વળી ખાટલાં પાટલાં, સાથ પાટો*
*મકાનો તણાં બાર બારી બને છે,*
*કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે.* -૫
*ચુલામાં હમેંશાં બળી ખાખ થાતાં,*
*પકાવી બધાં માનવી અન્નખાતાં,*
*ઘણી વ્યાધિઓ માનવી હરે છે,*
*કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે.* -૬
*વળી આંભમાંથી જુઓ મેઘ લાવે,*
*ધરા સાબદીને બહુ, ધુપાવે,*
*કરી ખૂબ કલ્યાણ કીર્તિ વરે છે,*
*કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે.* -૭
*ભલા થૈ બધા માનવી વૃક્ષ વાવો,*
*ઘણું થાય કલ્યાણ ફરજો બજાવો,*
*કહે વાત પિંગલ ગળે ઊતરે છે,*
*કહો કેટલું વૃક્ષો સુકૃત કરે છે.* -૮

વૃક્ષો જીવન રક્ષક ઔષધ છે. એથી તેનો ગુણાનુવાદ કરતાં શબ્દો ટૂંકા પડે છે. દરેક વૃક્ષોની ગુણવત્તા, ઉપયોગિતા, અને મહત્તાને કારણે લગ્નગીતમાં તેને સ્થાન આપવામાં આવ્યું છે. પાનાની મર્યાદાને કારણે કેટલાંક વૃક્ષોનો લગ્નગીતમાં ઉલ્લેખ ગુણવત્તા, ઉપયોગિતા અત્રે ઉલ્લેખનીય છે.

**મીંઢળ :** લગ્ન વખતે વર-કન્યાના હાથને શોભાવે છે.મીંઢળ હાથમાં બાંધ્યા પછી ઘરની બહાર જવાનો, હાથ મિલાવવાનો નિષેધ છે. સ્પર્શથી રોગ ન થાય, નિર્જળ પ્રદેશમાં ઉત્પન્ન થતો હોવાથી ત્યાં પોતાની ગંધ ફેલાવે છે. તાત્કાલિક ઔષધનું કામ કરે છે. કોઢના રોગમાં મૂળ સુધી પહોંચી જાય છે. મીંઢળ, મધુર કડવું, ઉષ્ણવીર્ય, મળોને ખોતરનાર, ઊલટી કરાવનાર, વિદ્રધિ નામના અંદરના ગૂમડાને મટાડનાર રૂક્ષ છે. સળેખમ, શરદી, વ્રણ, કફ, આફરો, સોજા અને ગોળો મટાડનાર.

**લગ્નગીત :**

*મીંઢળ પરણે ને ઝાડવા બાળ કુંવારા રે*
*વનરા તે વનમાં મીંઢોળ ઝાઝા રે.*
*હું રે તમને પૂછું બેની રે બેન*
*આટલાં તે લાડ તમને કોણે લડાવ્યાં?*

**વડ :** વડ ટાઢો, ભારે, ઝાડાને રોકનાર વર્ણને સારો કરનાર, કફ, પિત્ત. વ્રણ, રતવા, દાહ તથા યોનિના દોષને મટાડે છે, તેના રસથી હલકા પ્રકારનું રબ્બર બને છે. પાંદડાને ગરમ કરી તેલ ચોપડી પોટીસ તરીકે ઉપયોગી થાય છે, કૂવાના રહેંટ બનાવવામાં થડ ઉપયોગી છે- યજ્ઞમાં સમિધ તરીકે વપરાય છે. છાલમાંથી મજબૂત દોરડાં પણ બનાવવામાં આવે છે. સોજો ચડેલ પગ ઉપર રસનો ઉપયોગ કરવામાં આવે છે. બીજ ઠંડા ને પુષ્ટિદાયક હોય છે. છાલમાંથી કાગળ પણ બનાવવામાં આવે છે. પાદડાંમાંથી પાત્રાળા બનાવાય છે. વટની વડ સ્વાસ્થ્ય, શાંતિ, શાંતિ માટે ઉપયોગી વૃક્ષ મનાય છે.

**લગ્નગીત :**

*આવી ઊતર્યા વાડીના વડ હેઠ,*
*વડલો વરસે મોતીડે માણારાજ*
*નીલાં પીળાં વડલાના પાન*
*નીલડે પાને વડલો છાંયા માણારા*
*લેજો ચોપટ લેજો સોગઠા રે*
*વીરડા રમજો વાડીના વડ હેઠ*
*જીરે કેશરિયાં રમજો વાડીના વડલા હેદ*
*વડલો, વાઢીને કીધી વાયરે*
*ડુંગર ડોળીને કીધી વાટ રે*
*વેલ્યું છૂટિયું વાડીના વડ હેઠ*
*ધોરીડાં બાંધ્યાં રે વડને વાંકીયે હો રાજ*
*વાંકો વડલો ને વાંકી વડવાયું,*
*વાંકા બાંધે ભરતભાઈ મોડીયા*
*વાંકી છે માલતી વહુની જીભ*
*અવસર ઘેર આપણે*

**આંબો :** ગુજરાતમાં કેસર કેરી સવિશેષ સુપ્રસિદ્ધ છે એક લોકમતાનુસાર આ કેરીનું સૌ પ્રથમ નામ આંબડી હતું. ત્યારબાદ જૂનાગઢ નવાબ રસુલખાનની બાબીની રખાતનું નામ કેસર હતું. તેના નામ ઉપરથી આંબડી કેરીનું નામ કેસર રાખવામાં આવ્યું છે. આવો એક લોકમત છે. આંબાના કાષ્ટનાં પાટિયાં બનાવવામાં આવે છે અને બારીઓ અને બારણાની સાખો બનાવવામાં આવે છે. આંબાનું ઝાડ સેંકડો વર્ષ જીવે છે. પિત્ત, વાત, કફનો નાશ કરે છે. વૈદક ગ્રંથોમાં કાચી તેમજ પાકી કેરીના ગુણ વિષે ઘણું લખવામાં આવ્યું છે. આંબાનાં જ પાકાં ફળ શક્તિવર્ધક, ચરબી વધારનાર, ખુશકારક, ઝાડો સાફ આવનાર, પેશાબ વધારનાર, લોહીના બગાડને મટાડનાર છે. વીર્યને વધારનાર, ભારે વાયુને હરનાર, હૃદયના વર્ણને સારું કરનાર, તરસ, ઊલટી મટાડનાર છે.

**લગ્નગીત :**

*કોયલ બેઠી આંબાલિયાની ડાળ*

*મારો મોરલિયો ટહુકે ગઢના કાંગરે માણારાજ,*
*હોંશીલા વીરા તમે કોયલને ઉડાડો આપણે દેશ.*
*ઊંચી આંબલિયાની ડાળીઓ ડોલે રે*
*માંહી બેઠી કાળી કોયલ બોલે રે*
*આવ્યાં સખી એવાં સાસરી એવી રે*
*કહે ને સોહાગણ સાસરી કેવી રે*
*બેનના દાદાને આંગણે આંબલો*
*બેન રમતાં આંબલિયાની છાંય રે*
*આંબો મોર્યોને લીલાં ફળ ઘણાં રે*
*જાંબુડા લેરડે જાય કોયલ ચાલી સાસરે*
*બાગમાં રે'જો બેની બગીચામાં રહેજો*
*કાચી કેરીની સુગંધ લેજો બેનબા બગીચામાં રે'જો*
*આંબલિયો કોઈ સાચા મોતીયે ઝગમગે રે,*
*પાંદડે પોથીનો છે રંગ ડાળખીયે દીવા બળે રે.*
*આંબે ઢળીયા છે મોર માંડ ઢળ્યા બાજોઠ.*
*કોયલ બોલે રે બાગમાં-આંખ્યે ઢળીયા*
*આંબો રોપીને વાસુદેવ ગામ ચાલ્યા*
*આંબો ફાલ્યો રે ફલ્યા વાસુદેવ ઘરે આવ્યા*
*મામા આંબાના તોરણે હું નહીં પરણું*
*ભાણેજ ખમજો ઘડી બે ચાર*
*આંબલિયાનાં લીલાં પીળાં પાન,*
*પીળા પાને રે આંબો ખલવલે રેં.*

**પીપળો :** પાણીના પૂરને ઓછું કરે છે. પિત્ત, કફ, વ્રણ તથા લોહીના બગાડને મટાડનાર, વર્ણને સારો કરનાર, સ્ત્રીરોગના દોષને દૂર કરનાર, મૂળિયામાં પાણી સિંચાય છે, કૃમિ, વીર્ય, તથા કફને વધારનાર છે. પીપળો પવિત્ર વૃક્ષ માનવામાં આવે છે.

**લગ્નગીત :**

*આ દશ્ય આ દશ્ય પીપળો,*
*આ દશ્ય દાદાના ઘર જો*
*ખોળો વાળીને અહીં રમતી'તી બહેન.*
*હજી સૈયરના દાવ ન'તા ઊતર્યા.*
*આંબલી પીપળો સાદ પાડે એક વાર પાછું વળી જો.*

આ રીતે દરેક વનસ્પતિની ઉપયોગિતા વર્ણવવામાં આવી છે જે અત્રે લગ્નગીત ઉલ્લેખનીય છે.

*૧. લીલુડી વાંસની વાંસળી મારી જાનમાં વાગતી જાય,*
*ગામના પટેલિયે પૂછ્યું આ ક્યાંનો રાજા જાય રે*
*નથી રાજા નથી રાજવી મારો વીરો પરણવા જાય*
*૨. સૂરજ ઊગ્યો રે કેવડિયાને થડ કે વાણલા ભલે વાયા રે*
*સૂતા જાગો રે ગીતાબેનના કં થ કે*
*દાતણ કરજો કે તુલસીના ક્યારે કે વાણલા ભલે વા'યા રે*
*૩. બહેની રમતી'તે આંબાની હેઠ્ય,*
*આવ્યો એક પરદેશી પોપટડો*
*૪. નાણાવટી રે સાજન બેઠું માંડવે*
*જેવી ફૂલડિયાની વેલી, એવી વરરાજાની બહેની,*
*લાખો પતિ રે સાજન બેઠું માંડવે*
*૫. બેની તો પાન સરીખા પાતળાં બેની તો સૂર્ય સરખાં તેજ રે*
*ગીતાબેન તમારી તે તોલે કોઈ ના આવે.*
*૬. લીલી લીલી લીમડાની છાયા એવી માત-પિતાની માયા,*
*માયા છોડવી પડશે બેનને સાસરે જાવું પડશે.*
*૭. જી રે રણઝણ કરતો ભમરો ઊડીયો*
*જી રે જઈ બેઠો નાળિયેરીને થડ રે વાડીના ભમરા*
*દ્રાક્ષ મીઠી ને સાકર શેરડી*
*જી રે આટલા નાળિયેર દાદા શીદ વહોર્યા રે*
*જી રે આપણે ઘેર બેનીબાના વિવાહ રે વાડીના ભમરા*
*૮ ખોળો વાળીને અહીં રમતી'તી બહેન,*
*હજી સૈયરના દાવ ન'તા ઊતર્યા*
*આંબલી પીપળી સાદ બેની એક વાર પાછું વાળી જો.*
*૯. આવી આવી વગડા વીંધી વેલ જો,*
*ઘુઘરીએ ધમધમતા આવ્યાં ઘોડલાં*
*જોશું જોશું વહાલેરો વનવાટ જો*
*જો'શું રે મહિયરના જૂનાં ઝાડવાં*
*વસમી લાગે ભવની લાંબી વાટ જો*
*મહિયરને મારગડે શીળો છાંયડો.*
*૧૦. કુંચી આપો બાઈજી*
*તમે કીયા પટારે મેલી મારાં મહિયરની શરણાઈ જી*
*તમે કીયા કુહાડે વહેરી મારા દાદાની વડવાઈ જી.*
*૧૧. મારો લાલ જાબુંડાનો વાટકો,*
*મેં તો દીધો મારાં બેનીબાના હાથ રે.*
*૧૨. આંગણે આસોપાલવ ઝાડ કે બગલા ઊડી ગયા આકાશ,*
*કે પગલાં રહી ગયા રે રાજ*
*૧૩. એક નીલું તે લીંબુ નહીં નમે, એની ડાળ નમી નમી જાય રે*
*૧૪. મારા ઘર પછવાડે નીલી લીંબડી*
*મોર ટોડલિયે ટહુકે છે ઝીણા મોર*
*૧૫. માલણ વીણે વીણે જાંવતરીના ફૂલ,*
*માલીડો ગૂંથે વીંઝણો માલણ*
*૧૬. વાડીના ભમરા દ્રાક્ષ મીઠી સાકર શેરડી,*
*ભમરો જઈ બેઠો છે નાળિયેર કેરે ઝાડ.*
*૧૭. માયલે આંગણિયે એલચડીનો છોડ રે લખીને આવે છાંયડે*
*૧૮. નીલકુડા રે નાળિયેર મેં તો હાટડે લાખાં દીઠા રે,*
*હોંશીલા રે વીરડે મારે મુલાવીને લીધા રે.*
*૧૯. ગૌરી તારાં નીલુડો છે વાંસ રે ઘોડે ચડશે ગોકુળિયો કાન રે*
*૨૦. ઘેરી ઘેરી દાડમ દ્રાક્ષ*
*બીજો રે ઘેર્યો વેવાઈનો માંડવડો હો રાજ*
*૨૧. પીઠી ભરીયો વીરો મારો વડલે ઊતર્યો રે*
*વડલે ઊતર્યો લાડી વહુને મોલે ઊતર્યો રે*
*૨૨. દૂધનો ઉછરેલ કાજુ કેવડો રે પાણી પિયારેલ નાગરવેલ,*
*વેલે રે વાલમ ભાયો કાજુ કેવડો, દૂધનો ઉછરેલ*
*૨૩. લીલુડા વાંસનો માંડવો રોપાવો,*
*નાળિયેરી તોરણ બંધાવો, કોયલ બોલે*
*૨૪. આસોપાલવનાં તોરણ બંધાવો, કેળના થંભ રોપાવો લાડડી.*
*૨૫. મારે આંગણિયે તુલસીનો ક્યારો,*
*તુલસીના ક્યારે ઘીના દીવા બળે.*

---

*૯-એ- પટેલ કોલોની,*
*રોડ નં.૪ જામનગર - ૩૬૧૦૦૮.*
*મો. ૯૯૨૫૦૫૭૮૫૬*

# ગુજરાતના પ્રથમ જ્યોતિર્ધર ધર્મપુરુષ અને સંસ્કાર પુરુષ કલિકાલસર્વજ્ઞ : હેમચંદ્રાચાર્ય

*- સોમાભાઈ વિ. પટેલ*

ગુજરાત જેમના માટે હંમેશાં ગૌરવ લઈ શકે એવા થોડાક જ્યોતિર્ધરોમાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર એક અને અગ્રસ્થાને છે. આજની ગુજરાતી ભાષાનો પ્રસવકાળ ચાલી રહ્યો હતો ત્યારે એના આરંભના સાક્ષી, દૃષ્ટા અને ઘડવૈયા તેઓ હતા. માત્ર જૈનોમાં જ નહીં, માત્ર ગુજરાતમાં જ નહીં; ભારતભરમાં એમની વિદ્વતાનો પ્રકાશ પ્રસર્યો હતો .એમની વિદ્વતાથી સારા ભારતની પ્રજા ગૌરવ લઈ શકે પણ ગુજરાત સવિશેષ; કારણ ગુજરાતની ભૂમિનું એ સંતાન હતા; એટલું જ નહીં, ગુજરાતને સંસ્કાર-સમૃદ્ધ કરવામાં અને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવામાં એમનો મૂલ્યવાન ફાળો હતો.

હેમચંદ્રાચાર્યની પ્રતિભાનો સર્વાંગીણ પરિચય આપવાનું કામ ઘણું મુશ્કેલ છે; કેમ કે, એમની પ્રતિભા અનેકવિધ ક્ષેત્રોમાં વિસ્તરેલી હતી. તેઓ જૈન ધર્માચાર્ય તો હતા જ; સાથે સર્વ ધર્મ પ્રતિ સમત્વ ધરાવનારા હતા. એમણે સંસ્કૃત ભાષામાં ગ્રંથો લખ્યા છે પ્રાકૃતમાં લખ્યા છે, અને અપભ્રંશમાં પણ સર્જન દ્વારા પોતાની વિદ્વતાનો પ્રકાશ પાડ્યો છે. એમના સમયથી - પ્રાચીન ગુજરાતી (ગૌર્જર અપભ્રંશ) ભાષાના મંડાણ થયાં એમની કલમે કોઈ એક કે અમુક ક્ષેત્રે ન વિહરતા, એ સમયે પ્રચલિત લગભગ બધા જ વિષયોને સ્પર્શ્યાં છે, એટલું જ નહીં, એ દરેકમાં પોતાનું આગવું અને ઉત્તમ કોટિનું સર્જન કર્યું છે. એમણે કાવ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર ,છંદશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વ્યાકરણ ગ્રંથો, ઇતિહાસ, કોશરચના વગેરે સંખ્યાબંધ વિષયો ઉપર પ્રમાણભૂત કહી શકાય એવું સર્જન કર્યું છે. વિદ્વાનોનો એ જમાનો હતો. આટલા બધા વિષયો ઉપર એમણે જે લખ્યું એથી ભારતભરના વિદ્વાનો એમનાથી અભિભૂત થયા હતા.ડૉ.બુલ્હર જેવા જર્મન વિદ્વાને પણ એમની જ્ઞાનસમૃદ્ધિની પ્રશંસા કરી હતી.

હેમચંદ્રાચાર્યની વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરેલી વિદ્વત્તાની તેમજ એ સમયના ગુજરાતના રાજકારણ અને પ્રજાજીવનમાં એમણે જે ચિરંજીવ સંસ્કાર-છાપ મૂકી હતી તેની વાત કરીએ તે પહેલાં તેમના જન્મ અને તેમના પ્રારંભિક ઘડતર વિશે થોડો આવશ્યક પ્રાથમિક પરિચય મેળવી લઈએ.

વિક્રમ સંવત ૧૧૪૫માં કાર્તિક પૂર્ણિમાના દિવસે ધંધુકાના મોઢ વણિક કુટુંબમાં હેમચંદ્રાચાર્યનો જન્મ. દેવદિવાળી જેવા' ચંગા'(સારા )દિવસે પુત્રજન્મ થયો હોવાથી માતા પિતાએ એનું નામ 'ચંગદેવ' પાડ્યું. પિતાનું નામ પણ ચાચીગ અને માતાનું નામ પાહિણી. ચંગદેવ પાંચ વરસનો થયો તે સમયે ત્યાં આવેલા એ સમયના મહાજ્ઞાની જૈનાચાર્ય દેવચંદ્ર સૂરિને તેનામાં અસાધારણ લક્ષણો જણાયાં. તેમણે માતા પાહિણીને આશીર્વાદ આપતાં પુત્રમાં રહેલાં અસાધારણ લક્ષણોની વાત કરી અને ચંગદેવને પોતાની પાસે મૂકી જવા કહ્યું. ધાર્મિક પ્રકૃતિનાં માતા પાહિણીએ એ જ સમયે પોતાના વહાલા પુત્રને ગુરુના ચરણે મૂકી દીધો .પછીના સમયમાં માતા પાહિણી પણ જૈન સાધ્વી બન્યાં હતાં.

ગુરુ દેવચંદ્રસૂરિએ ખંભાતમાં ચંગદેવને મોટા ઉત્સવ સાથે દીક્ષા આપી અને તેનું નામ 'સોમચંદ્ર મુનિ' પાડ્યું. મુનિ સોમચંદ્રએ ખંભાતમાં ૧૬ વર્ષ સુધી જૈનશાસ્ત્રો તેમજ અન્ય શાસ્ત્રોનું ખૂબ ઊંડું અધ્યયન - મનન કર્યું .સમય જતાં મુનિ સોમચંદ્રમાં સ્વતંત્ર અને પ્રખર તેજ



જણાતાં ગુરુદેવ ચંદ્રસૂરિએ પોતાની કંથા સોમચંદ્રને સ્વહસ્તે ઓઢાડીને પોતાનું આચાર્યપદ મોટો ઉત્સવ યોજીને વિધિવત્ તેને સોંપી દીધું; અને તેનું નવું નામ' હેમચંદ્ર સૂરિ' જાહેર કર્યું.

આચાર્યપદ ગ્રહણ કર્યા પછી પણ હેમચંદ્રાચાર્યનું પ્રવૃત્તિકેન્દ્ર ખંભાત જ રહ્યું હતું. અહીં તેમની પ્રવચન ધારા નિરંતર ચાલતી હતી. મંત્રી ઉદયન અને ખંભાતની પ્રજા તેમના માટે ગૌરવ લેતી હતી. એમની કીર્તિ પણ હવે ખંભાતના સીમાડા ઓળંગી પાટણ અને સમગ્ર ગુજરાતમાં પ્રસરી હતી. હવે એમને પણ લાગતું હતું કે ગુજરાતની સેવા અસરકારક રીતે કરવી હોય તો પાટણને કેન્દ્ર બનાવવું જોઈએ. કેટલાક સમય પછી એમણે પોતાના ગુરુ દેવચંદ્ર સૂરી અને ઉદયન મંત્રની સંમતિ મેળવી પાટણ તરફ પ્રયાણ કર્યું.

પાટણ એ વખતે સિદ્ધિના શિખર પર હતું. સિદ્ધરાજ જયસિંહની કીર્તિ ચારે તરફ ફેલાઈ હતી. એણે પોતાનાં શૌર્ય, મુત્સદ્દીગીરી અને રાજકીય દૂરદર્શિતાના પરિણામે પોતાના રાજ્યની સીમા વધારી હતી, સમૃદ્ધિને પોષી હતી અને પોતાનાં પ્રતિસ્પર્ધી રાજ્યોને પોતાની સત્તા હેઠળ આણ્યાં હતાં જૂનાગઢનો ગરવો ગિરનાર એણે નમાવ્યો હતો. લાટની અણનમ પ્રજાને પોતાની કરી હતી; અને ભારતભરમાં જેની કીર્તિ વ્યાપ્ત હતી એવા

**સિદ્ધરાજ જયસિંહ માળવાનરેશ યશોવર્માને જીતીને પાછો ફરે છે ત્યારે પાટણ અને ગુજરાત આખું હર્ષઘેલું બન્યું છે. રાજ્યની મોટી હસ્તીઓ અને પ્રજાજનો સૌ રાજાને ઉમળકાભેર વધાવે છે અને અભિનંદે છે**




માળવા નરેશને અંતે જીત્યો હતો.

એવા સમયે આચાર્ય હેમચંદ્રનું આગમન અનેક દૃષ્ટિએ લાભકારી હતું; કેમ કે સિદ્ધરાજ જેવો પરાક્રમી હતો એવો ધર્મપ્રેમી અને વિદ્યાપ્રેમી પણ હતો. એના રાજયકાળ દરમિયાન રાજયનો વિસ્તાર વધ્યો હતો અને ગુજરાતની કીર્તિ ચોમેર ફેલાઈ હતી; પણ ...રાજયમાં એને કંઈક ખૂટતું લાગતું હતું. રાજકીય સિદ્ધિ અને આર્થિક સમૃદ્ધિ સાથે સરસ્વતીનો પ્રવાહ પણ ગુજરાતમાં અસ્ખલિત વહેતો થાય એ જોવાની એની મહત્વાકાંક્ષા અધૂરી હતી .

આ સંદર્ભમાં એક પ્રસંગ જાણીતો છે. સિદ્ધરાજ જયસિંહ માળવાનરેશ યશોવર્માને જીતીને પાછો ફરે છે ત્યારે પાટણ અને ગુજરાત આખું હર્ષઘેલું બન્યું છે. રાજયની મોટી હસ્તીઓ અને પ્રજાજનો સૌ રાજાને ઉમળકાભેર વધાવે છે અને અભિનંદે છે, પણ ત્યારે સિદ્ધરાજના મુખ પર અપેક્ષિત હર્ષોલ્લાસનાં ચિહ્નો જણાતાં નથી. એનું હૈયું ખિન્ન છે; કારણ, ઉજ્જૈનનો ગ્રંથભંડાર જોયા પછી, માળવા અને માલવનરેશની વિદ્વતા અને વિદ્યાપ્રીતિ જોયા પછી એને પોતાનો આ વિજય મોળો લાગે છે. આ ગ્રંથભંડારમાં શું શું છે એવું જિજ્ઞાસાથી ત્યાંના ગ્રંથપાલને પૂછતાં તેણે કહેલું : ''મહારાજ, આમાં રાજાભોજે બનાવેલું 'ભોજવ્યાકરણ', જે દેશભરની શાળાઓમાં ચાલે છે. પાટણની પાઠશાળાઓમાં પણ આ જ વ્યાકરણ પ્રચલિત છે...''

સિદ્ધરાજને થયું : આપણી પાઠશાળાઓમાં આપણું વ્યાકરણ અને અલંકારશાસ્ત્ર ન હોવાને કારણે જ આપણા રાજયના વિદ્યાર્થીઓને પરાયું વ્યાકરણ ભણવું પડે છે ને ! એણે હેમચંદ્રાચાર્યને કહ્યું, ''આચાર્યવર,આપ કાવ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, વ્યાકરણ, ન્યાયશાસ્ત્ર આદિ અનેક શાસ્ત્રોના જ્ઞાતા છો ; તો આપ પોતે જ સુંદર વ્યાકરણ, અલંકાર શાસ્ત્ર અને બીજા ગ્રંથો કેમ ન રચો..? અને હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજની ઈચ્છાને માન આપી પ્રથમ' સિદ્ધહૈમ શબ્દાનુશાસન ,' વ્યાકરણ ગ્રંથની રચના કરી, જેને આપણે 'સિદ્ધહેમ વ્યાકરણ' તરીકે ઓળખીએ છીએ.

સિદ્ધરાજ પોતાની મહેચ્છા પૂર્ણ થયેલી જાણી એટલો બધો ખૂશ થયો કે તેણે આ ગ્રંથને હાથી ઉપર પધરાવીને વાજતે ગાજતે આખા પાટણ નગરમાં યાત્રા રૂપે ફેરવ્યો હતો; એટલું જ નહીં, એ પછી ૩૦૦ લહિયાઓ બેસાડી તેની સંખ્યાબંધ નકલો કરાવી અન્ય રાજ્યોમાં મોકલી હતી. સિદ્ધહેમ વ્યાકરણે સિદ્ધરાજ અને હેમચંદ્રાચાર્યને અમર કર્યા, એટલું જ નહીં, ગુજરાતને ભારતભરમાં ગૌરવ અપાવ્યું.

હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમ શબ્દાનુશાસન 'વ્યાકરણ ઉપરાંત બીજા અનેક ગ્રંથોની રચના કરી છે, જેમાં તેમની સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ, એ ત્રણેય ભાષામાં રહેલી વિદ્વત્તાનો પરિપાક જોવા મળે છે. તેમણે વ્યાકરણ ગ્રંથો ઉપરાંત અલંકારના જિજ્ઞાસુઓ માટે 'કાવ્યાનુશાસન, છંદના અભ્યાસ માટે 'છંદોનુશાસન', ઈતિહાસના જિજ્ઞાસુઓ માટે તેમણે ચાવડાવંશ અને કુમારપાળ સુધીના સોલંકી વંશની સિલસિલાબંધ માહિતીથી સભર ગ્રન્થ 'દ્વયાશ્રય મહાકાવ્ય', અભિધાન ચિંતામણી નામનો, તેના પર ટીકા સહિતનો બૃહદ શબ્દકોશ આદિ સંખ્યાબંધ વિદ્વતાપૂર્ણ ગ્રંથોનું સર્જન કરી સમગ્ર ગુજરાતને ગૌરવાંન્વિત કર્યું છે., એટલું જ નહીં ભારતના વિદ્વાનો એમની વિદ્વતાથી અભિભૂત થયા હતા.

**હેમચંદ્રાચાર્યે તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતને જે વિશેષ આપ્યું તે એથીયે અધિક અને અસાધારણ મૂલ્યવાન હતું. તેઓ પ્રખર જૈનાચાર્ય હતા ; પણ સર્વધર્મ પ્રત્યે સમત્વના અને આદરભાવના સંસ્કાર એમણે ગુજરાતની પ્રજામાં સીચ્યા**

અહીં એ નોંધવું અતિ આવશ્યક છે કે આચાર્ય હેમચંદ્રનો પ્રભાવ એમણે રચેલા વિવિધ વિષયો પરના વિદ્વતાપૂર્ણ ગ્રંથો પૂરતો સીમિત ન હતો. હેમચંદ્રાચાર્યે તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતને જે વિશેષ આપ્યું તે એથીયે અધિક અને અસાધારણ મૂલ્યવાન હતું. તેઓ પ્રખર જૈનાચાર્ય હતા ; પણ સર્વધર્મ પ્રત્યે સમત્વના અને આદરભાવના સંસ્કાર એમણે ગુજરાતની પ્રજામાં સીંચ્યા. એમણે ગુજરાતની પ્રજામાં એકતા, અસ્મિતા અને સંસ્કારિતાનું ઘડતર કર્યું. ગુજરાતને એ સમયે હેમચંદ્રાચાર્ય મળ્યા ન હોત તો ગુજરાતનો ઈતિહાસ કંઈક જુદો હોત.કદાચ ઈતિહાસ માત્ર યુદ્ધો અને અથડામણોનો હોત. હેમચંદ્રાચાર્ય ન મળ્યા હોત તો ગુજરાતની એકતા અને અસ્મિતા મોડી પ્રગટી હોત.

મોટા ભાગના ધર્મપ્રવર્તકો પોતાના ધર્મને રાજધર્મ બનાવવાની ઝંખના સેવતા હોય છે. જૈનધર્મ અને બૌદ્ધધર્મના આવા પ્રયત્નો ઈતિહાસમાં જાણીતા છે. બ્રાહ્મણધર્મ પણ રાજાઓ પર પોતાનું આધિપત્ય રહે તે માટે ઓછા પ્રયત્નો નથી કર્યા. આચાર્ય હેમચંદ્ર પણ ધર્મના પ્રવર્તક અને ધર્મનેતા હતા. એ જ્યાં જ્યાં જતા ત્યાં જૈનધર્મનો ઉપદેશ આપતા અને જ્ઞાનસત્ર ચલાવતા. પાટણ તે સમયે ગુજરાતનું કેન્દ્રબિંદુ હતું. સિદ્ધરાજ ધર્મ સહિષ્ણુ હતો અને હેમચંદ્રાચાર્યની વિદ્વતા અને સર્વધર્મ પ્રતિ સમત્વની ભાવનાને કારણે તેમના માટે ઘણો આદર હતો. જ્યારે કુમારપાળ તો એમના એક આજ્ઞાંકિત શિષ્ય સમો હતો.આવા સમયે હેમચંદ્રાચાર્યે ઈચ્છ્યું હોત તો તેઓ જૈનધર્મને પાટણના રાજકારણમાં મહત્ત્વના સ્થાને સ્થાપી શક્યા હોત. એને રાજધર્મ બનાવી શક્યા હોત. પણ એમણે એ ન કર્યું ,એમાં એમની સર્વધર્મ પ્રતિ સમત્વની ભાવના અને ધર્મસહિષ્ણુતા હતી.

હેમચંદ્રાચાર્યે જૈનધર્મને રાજધર્મ ન બનાવ્યો; પરંતુ આ ધર્મના પ્રજાજીવનને ઉપકારક એવા કેટલાક સિદ્ધાંતોનો તેમણે રાજ્યમાં અમલ કરાવ્યો. સિદ્ધરાજના રાજ્યકાળ દરમિયાન રાજ્યનો વિસ્તાર વધ્યો હતો, સત્તાનો પ્રભાવ અને સમૃદ્ધિ વધ્યાં હતાં; પરંતુ એના સમયમાં યુદ્ધો થતાં અને ધર્મો પણ આપસમાં અથડાતા. એના પરિણામે રાજ્યમાં અવારનવાર અશાંતિ વ્યાપી જતી. કુમારપાળના સમયમાં આ ન બન્યું. હેમચંદ્રાચાર્યે રાજ્યમાં પશુવધ બંધ કરાવ્યો. માંસાહારનિષેધ, મદિરાત્યાગ, આદિ જૈન ધર્મ પ્રેરિત સુધારાઓનો રાજ્ય અમલ કરાવ્યો તેનું આ સુભગ પરિણામ હતું. રાજ્યની પ્રજાએ એ સમયે પોતાનો સુવર્ણકાળ જોયો અને રાજ્યમાં ચિર શાંતિનો અનુભવ કર્યો.

હેમચંદ્રાચાર્ય એ સમયના પ્રખર જૈનાચાર્ય હતા; પણ એમની ધર્મદૃષ્ટિ ઘણી વિશાળ હતી. તેઓ સર્વ ધર્મો પ્રત્યે આદર અને સમત્વભાવ ધરાવનારા હતા. ગુરુ જૈન ધર્મના પરમ ઉપાસક અને ઉપદેશક હતા; જ્યારે શિષ્ય કુમારપાળ શૈવધર્મી હતો.વિશેષ નોંધપાત્ર બાબત એ

હતી કે એ સમયના અતિ જિર્ણ થયેલ સોમનાથના શિવ મંદિરનો જિર્ણોદ્ધાર કરવાની અને તેનું પુનઃનિર્માણ કરવાની પ્રેરણા એમણે કુમારપાળને આપી હતી એટલું જ નહીં, સોમનાથના આ શિવ મંદિરનું પુનઃ નિર્માણ થયા પછી તેના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હેમચંદ્રાચાર્યે પદયાત્રા કરીને એમાં હાજરી આપી હતી અને તેમણે મંદિરમાં જઈ ભગવાન શિવની સ્તુતિ પણ કરી હતી. એ સ્તુતિ દરમિયાન તેમણે જે પંક્તિઓ ઉચ્ચારી હતી એ પણ એમની સમત્વની ધર્મભાવનાના સારરૂપ છે. એમાંના પ્રથમ શ્લોકની પંક્તિઓ આ હતીઃ

"ગમે તે સમયે, ગમે તે રીતે, ગમે તેવા નામ વડે જે વિતરાગ એક જ છે, તે તું હો તો હે ભગવન્ ! તમને મારા નમસ્કાર હો ! એક સુપ્રતિષ્ઠિત જૈન ધર્માચાર્ય પ્રસિદ્ધ શિવાલયમાં જાય અને ભગવાન શિવની સ્તુતિ કરે, એવા સમન્વય ધર્મના આવા પ્રસંગો સમસ્ત માનવતાના ઈતિહાસમાં વિરલ જ જોવા મળે છે. આચાર્ય હેમચંદ્રની સર્વધર્મ પ્રતિ સમભાવની આવી વિશાળ ધર્મદષ્ટિના પરિણામે જ ગુજરાતની પ્રજામાં સર્વધર્મસમત્વના સંસ્કારનું સિંચન થયું અને ગુજરાતની એકતા અને અસ્મિતાનું ઘડતર થયું. એની વ્યાપક અસરો આજે ગુજરાતની પ્રજામાં પ્રતીત થાય છે.

આવા, ગુજરાતની ભાષાના આદ્ય સ્વરૂપના દૃષ્ટા અને ઘડવૈયા, કાવ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યાકરણ, ઈતિહાસ આદિ અનેક વિષયો પર વિદ્વતાપૂર્ણ સર્જન કરી ગુજરાતમાં અને ભારતભરમાં પોતાની વિશિષ્ટ સર્જક પ્રતિભાના તેજ પ્રસરાવનાર, ગુજરાતની પ્રજાની એકતા અને અસ્મિતાને ઉજાગર કરનાર ગુજરાતના પ્રથમ જ્યોતિર્ધર અને સંસ્કારપુરુષ આચાર્ય હેમચંદ્રને 'કલિકાલસર્વજ્ઞ' નું જે બિરુદ તે સમયના વિદ્વાનોએ આપ્યું હતું તે સર્વથા ઉચિત છે.

---

*૧, રચના સોસાયટી,*
*શિવરંજની ચાર રસ્તા પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો. ૯૭૨૬૪ ૮૫૧૧૬*


# ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

**માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક**

**ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF gujaratinformation.gujarat.gov.in લીંક પરથી ડાઉન લોડ કરી શકાશે.**

**શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.**

**રાજ્યભમાં ૨૦૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક**

**રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર**

**રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન**

**વાર્ષિક લવાજમ માત્ર રૂ. 30/-**

**લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.**

# પ્રાર્થના

- ડૉ.અશોક નારાયણ

**ઘ**ણીવાર ઘણા લોકો એમ પ્રેમથી ફરિયાદ કરતા રહે છે કે, અમે ઈશ્વરને કેટકેટલી પ્રાર્થનાઓ, જગતભરના અનુષ્ઠાન પણ કરી લીધાં છતાં અમારી યાતનાઓ દૂર ના થઈ.અમે જે ઈચ્છીએ તે નથી મળતું તેની પાછળનું કારણ એ તો નહીં હોય કે અમારી પ્રાર્થનામાં કસર રહી ગઈ હોય? એવું તો ન કહેવાય કે પ્રાર્થના - સાચા હૃદયથી કરી નહીં હોય..જે લોકો પોતાના દુઃખદર્દથી ચિંતિત છે એ સાચા હૃદયથી પ્રાર્થના કેમ ન કરે? બીજી તરફ એમ પણ કહેવામાં આવે છે કે પ્રાર્થનાથી બધું જ થઈ શકે..મહાત્મા ગાંધી કહ્યા કરતા કે, Prayer can move mountain.

પછી પ્રાર્થનાનું રહસ્ય શું છે?

પ્રાર્થના સ્થિતિ બાબતમાં બાબુજી મહારાજે ખૂબ સુંદર કહેલ છે કે આ વાત જેટલી, જે રીતે મારી સમજમાં આવી છે તે આ રીતે છેઃ

પ્રાર્થના કદીયે પોતાની ઈચ્છાપૂર્તિ માટેની ન હોવી જોઈએ..ઈચ્છાપૂર્તિની આશા રાખવી એ મોહ છે. અપેક્ષાઓ અમારી ઉન્નતિમાં બધી રીતે બાધક બનવાની..જો નિયત ordained છે. જેને માટે સર્જનહારનો હુકમ થઈ ચૂકયો છે એને માટે જ પ્રાર્થના કરવી જોઈએ...

**પ્રાર્થના સમયે પોતાની જાતને એક ગરીબ ભીખારી સમજી લેવી જોઈએ. વાસ્તવમાં આપણે ભીખારી તો છીએ જ અમારી પાસે છે શું? ધન દોલત તો ગમે ત્યારે છીનવાઈ જાય. નોકરી પણ ગમે ત્યારે છૂટી શકે**

પ્રશ્ન તો એ છે કે જે નિયત છે તે પ્રમાણે તો થવાનું જ છે અને તે પ્રમાણે થઈ પણ રહ્યું છે એના માટે પ્રાર્થનાની શી જરૂર?

બાબુ મહારાજ કહે છે જે નિયત છે તે તો થઈ જ રહેશે પણ પ્રાર્થના કરવી એ અમારા આચાર છે. શિસ્ત છે. બાબુજી મહારાજ ઉર્દુમાં કહેતા તો કદાચ અદબ કહેતા. આચાર અને અદબ બહુ સ્વાભાવિક છે પછી કોઈ પ્રશ્ન ઉદભવે જ કેમ? કોઈ આપણા ઘરે ભોજન કરવા આવે તો અમે થાળી પીરસીને પ્રાર્થના કરી ભોજન શરૂ કરવા વિનવણી કરીએ છીએ. ..જે ભોજન કરવા આવેલ છે તે ભોજન તો કરશે જ વળી થાળી પણ પીરસી છે પછી પ્રાર્થના શા માટે? વિનવણી કેમ? આ અમારાં શિસ્ત, આચાર છે.

બાબુજીએ એક વાત ખૂબ મહત્ત્વની કરી છે કે, પ્રાર્થના સમયે પોતાની જાતને એક ગરીબ ભીખારી સમજી લેવી જોઈએ.વાસ્તવમાં આપણે ભીખારી તો છીએ જ અમારી પાસે છે શું? ધન દોલત તો ગમે ત્યારે છીનવાઈ જાય. નોકરી પણ ગમે ત્યારે છૂટી શકે. સંસારમાં એવા કયા સગાંસંબંધી છે જે કદી વિખુટા ન પડી શકે? પછી અમારું છે શું? મનની પરિસ્થિતિ બદલાઈ શકે. બુદ્ધિ બગડી પણ શકે. અહંકાર સ્વ-ને વિસારી શકે. કઈ ઉપલબ્ધિ આપણી પોતાની છે? શરીર મુક્તિ પછી પણ જે કાંઈ શેષ વધે છે તે તો સંસ્કારોની ઈન્દ્રજાળ છે જે આસકિતના બંધનથી દોરાની જેમ પરોવાયેલા છે.

જો આસકિત ન બાકી રહે તો અમારી પાસે શેષ શું રહે?

માનો કે જે કાંઈ ભગવતકૃપાથી તમારી સાથે છે અને પોતાપણું સમજો છો, તે પછી છીનવાઈ જાય અને તમે રંક ભીખારી થઈ ગયા છો .હવે પ્રાર્થના કરો.આ આપની સૂક્ષ્મતમ સ્થિતિ છે.આ જ વાસ્તવિકતા છે, બાબુજી કહે છે કે તેને તમે ન પ્રકાશ કહી શકો છો કે અંધકાર.

આનાથી આગળ તો કરીને જોવાનું છે ,કહેવા સાંભળવાનું રહેતું નથી.

પ્રાર્થના માટે તો એમ પણ કહી શકાય કે જેમ માલિક ગુલામને કહે કે જે તે સમયે જે તે કામ મને યાદ કરાવી દેવું.પછી ગુલામની ફરજ થઈ જાય કે તે સમયે હાથ જોડીને અત્યંત ભાવુક હૃદયે પ્રાર્થના કરે કે, ઈશ્વર મારું જે તે કામ



કરી આપજે. પ્રાર્થનાનું અસલી સ્વરૂપ આ જ છે.

પ્રાર્થના એટલે નથી કરવામાં આવતી કે ઈશ્વર આપણી ઇચ્છાનુસાર ચાલે. પ્રાર્થનાનો હેતુ તો એ છે કે આપણે ઈશ્વરની મરજી મુજબના બનીએ. પ્રાર્થના કરવાથી માનો કે તમારી ઈચ્છા પૂર્ણ પણ થઈ જાય તો એવું સમજવું નહીં કે મારી પ્રાર્થનાને કારણે ઇચ્છા સાકાર થઈ.સાચું તો એ છે કે ઈશ્વરની મરજી હતી એટલે જ કામ સફળ થયું. અને જો અમારી ઈચ્છા પણ તે જ પ્રમાણે હોય તો આપણે ઈશ્વરના આભારી થવું જોઈએ. પ્રસન્નતા એ વાતની થવી જોઈએ કે ઈશ્વરની ઇચ્છાથી જે થયું તે થયું નહીં કે આપણી મરજીથી. જો ઇચ્છાથી વિપરિત કોઈ વાત હોય તો ઈશ્વરની માફી માંગવી જોઈએ કે અમારા મનમાં ઈશ્વરની મરજી વિરુદ્ધના વિચારો આવ્યા.

ઈશ્વરનો આભાર માનવામાં કોઈ ઔપચારિકતા નથી. કંઈ ઈશ્વર કોઈ પારકા નથી કે ઔપચારિતાથી વર્તવાની જરૂર પડે.આભારની ઈશ્વરને તો કોઈ જરૂર છે જ નહીં. હકીકતમાં તો આપણે પવિત્ર બની જઈએ છીએ. આભાર એ વાતનો માનવાનો ન હોય ઈશ્વરે આપણે જે જોઈતું હતું તે પ્રદાન કર્યું. ઈશ્વરનો આભાર તો ખરેખર એ વાતનો છે કે દરેક વસ્તુ એમની જ છે બધો જ અધિકાર એમનો. અરે આપણે પોતે પણ.જો આપણું કંઈક પણ હોત તો ગજબ થઈ જાત.

**ઈશ્વરનો આભાર માનવામાં કોઈ ઔપચારિકતા નથી. કંઈ ઈશ્વર કોઈ પારકા નથી કે ઔપચારિતાથી વર્તવાની જરૂર પડે.આભારની ઈશ્વરને તો કોઈ જરૂર છે જ નહીં હકીકતમાં તો આપણે પવિત્ર બની જઈએ છીએ**

એકવાર એક હોડી ભંવર અને તોફાનમાં ફસાઈ ગઈ અને હોડીમાં પાણી ભરાવા માંડયું.લોકો ગભરાઈને પોતાનાં વાસણોથી, હાથોથી પાણી ઉચેલવા લાગ્યા પણ એક પાગલ જેવો સાધુ પોતાના નાના વાસણથી પાણી નદીમાંથી લઈને ઊલટું હોડીમાં નાંખવા માંડયો. લોકોએ બૂમાબૂમ કરી તેને રોકવા પ્રયત્ન કર્યો પણ તે તો તેની ધૂનમાં જ હતો. લોકોએ કહ્યું કે એ તેના નાનકડા વાસણથી કેટલું પાણી ભરી શકશે ? એની તરફ ધ્યાન આપવાનું મૂકી આપણું કામ કર્યે રાખો. કેટલીકવાર પછી તોફાન શમી ગયું . હોડી સંકટમાંથી બહાર આવી ગઈ.બધાંએ નિરાંતનો દમ લીધો પણ પેલો સાધુ તો હોડીમાંથી જે થોડું પાણી હતું તે તેના નાનકડા વાસણથી બહાર પાણી નાંખવા માંડયો. લોકોએ કહ્યુંઃ બાબા રહેવા દો હવે કોઈ ભય નથી.પણ એ માને? લોકોએ તેના આ વિચિત્ર વ્યવહાર અંગે પૃચ્છા કરી તો તે કહેવા માંડયોઃ મારે વળી તોફાન ને હોડી ડૂબે કે ન ડૂબે તેથી શું? હું તો ઈશ્વરની હા માં હા ભરી રહ્યો હતો.જયારે તે એમ ચાહતા હતા કે હોડીમાં પાણી ભરાય તો હું પણ ભરતો હતો પણ જયારે એમની મરજી ના થઈ તો હું એ પાણી હોડીમાંથી બહાર ફેંકવા માંડયો. મેં જે કાંઈ કર્યું તે ઈશ્વવરાધીન જ હતું.

ઈશ્વર આપણા પર આવી જ કૃપા કરે કે આપણે તેમની મરજીમાં પ્રસન્ન રહીએ .એમની મરજી (સિવાય બીજી કોઈ વાતનો વિચાર ન કરીએ. આમીન.

જો મનમાં એવી જ વાત આવી વસે કે ઈશ્વરની ઇચ્છાનુસાર જ થાય તો પ્રાર્થના સમજી લો સાકાર થઈ. પછી પ્રાર્થના કરવાની કોઈ જરૂર છે જ નહીં. અથવા તો તમે એમ પણ કહી શકો કે પ્રાર્થના સફળ થઈ ગઈ..

હે પ્રભુ, આપ પ્રસન્ન થાવ.

અમે એ જ કરીએ જેમાં આપની પ્રસન્નતા હોય.

આપ છો પછી અમારું કોઈ અસ્તિત્વ જ નથી.

જે કાંઈ છે તે આપનાથી જ પરિપૂર્ણ છે.

આપનો સર્વત્ર, સદા જય જયકાર હો.

આપ પ્રસન્ન રહો.

અમારા પર કૃપા કરવા માટે

આપ અનેક રૂપમાં અમારી સામે પ્રગટ થયા છો

અમે સર્વ રૂપોમાં આપની સેવા કરીએ.

આપની જ આપેલી શકિતથી,આપે નકકી કરેલ નિયમોનુસાર

અમારી સેવા અપૂર્ણ હોય તો પણ :

દયા દાખવી સંતુષ્ટ રહો.

દેવ, આપ પ્રસન્ન થાઓ.

પ્રભુ અમે તો અજ્ઞાની છીએ.

આપ તો આત્મારામ છો, પૂર્ણકામ છો.

સચ્ચિદાનંદ છો,સદા પ્રસન્ન છો.

છતાં અમે ચાહીએ કે આપ એથી પણ વધુ પ્રસન્ન થાઓ.

અમે નથી જાણતા આપની પ્રસન્નતા શામાં રહેલી છે

અમારી ઇચ્છાઓ આપની પ્રસન્નતામાં બાધક ન બને.

આપની સહાય વિના આપની સેવા કરવા અમે અસમર્થ છીએ.

આપ એ જ કરશો જેમાં આપની પ્રસન્નતા સમાયેલ હોય.

'અમે જાણતા જ નથી કે અમે શું છીએ...'

અમને નિભાવી લેજો પ્રભુ.

અમારી ક્ષતિઓને ક્ષમા કરી દેજો. અમે જાણતા નથી કે આપની પ્રસન્નતાને અમે અનુકૂળ છીએ કે કેમ?

: અમને આપની પ્રસન્નતા અનુસાર અનુકૂળ બનાવી દો પ્રભુ.

આપના અતિરિક્ત અમારું કોઈ અસ્તિત્વ જ નથી

છતાં કોણ જાણે કેમ,

અમે અમારું અસ્તિત્વ અનુભવીએ છીએ.

આ પણ આપની પ્રસન્નતા માટે જ હોય. અમારા સુખદુઃખ, અનુભવમાં આપની પ્રસન્નતાનો જ હેતુ હોય.

"આપની પ્રસન્નતા હી પરમ શ્રેય છે."

આપ પ્રસન્ન હો..

જ્ઞાની આપના ચરણ કમળોની ઉપાસના કરે છે.

અસુર આપની ઈર્ષા કરે છે.

આપ જ્ઞાનીઓની ભકિતથી પ્રસન્ન થાઓ.

આપ અસુરોની દુષ્ટતાથી પણ પ્રસન્ન હો.

સર્વ જન એમના સ્વભાવ અનુસાર આપની પ્રસન્નતા માટે જ કર્મ કરે.

આપ ઉદારતા દાખવી બધી રીતે પ્રસન્ન થાઓ.

આ પ્રાર્થના અમોઘ છે.

આપે જ કહ્યું હતું કે ,

નાસતે વિદ્યતે ભાવો ના ભાવો વિદ્યતે સતઃ

આપની પ્રસન્નતા, પ્રસાદ સર્વત્ર છે, સદા છે.

સઘળું તેનાથી જ વ્યાપ્ત છે.

આ જ સત્ય છે

એ સિવાય બીજું કોઈ છે જ નહીં.

પ્રાર્થના હે-

આપ પ્રસન્ન હો. .

જયારે મનુષ્ય ગુલામ રાખે છે તો તે પોતે માલિક બની જાય છે અને ગુલામ પર સત્તા ભોગવે છે. જયારે ઈશ્વર ગુલામ રાખે છે તો હું ગુલામ બની જાઉં છું અને ઈશ્વર જે માલિક છે..જે કંઈ અનુભવમાં આવે છે તે તો ફક્ત ઈશ્વર કે માલિકનું જ રૂપ છે. હું તો માત્ર ગુલામ જ છું.

હે સર્વસ્વના માલિક

અમે જે કંઈ છીએ, જેવા છીએ તારા જ છીએ.

અને તારા ચરણકમલમાં સંપૂર્ણ સમર્પિત છીએ.

**જયાં સુધી સુખદુઃખ, માન અપમાન, લાભ-અલાભ, યશ-અપયશમાં સમભાવ આવે નહીં ત્યાં સુધી અધ્યાત્મ કયાં? એ ત્યાં સુધી શકય જ નથી જયાં સુધી ઇચ્છાઓનું ખંડન ન થાય**

અમારી હાલતથી આપ સર્વ રીતે અવગત છો,

અમારી તમામ બાબત તમારા તાબા હેઠળ જ છે.

અમારા પર દયા કરો પ્રભુ,

અમારી ભૂલોને માફ કરી દો,

અમને સાચો રસ્તો બતાવો

કે જેથી અમે તમારા સાચા સેવક બની શકીએ.

માલિકના ચરણોથી અમને જે કંઈ પ્રદાન થયું

તે તેમની પ્રસન્નતાને ખાતર

અમે ધારણ કરેલ

હવે અમારા સંસ્કાર એ મુજબના જ હશે...આમીન.

આપણે માલિકના નામ પર જે ચાહીએ તે કરી શકીએ છીએ.અગર આ વાત પર પૂરો વિશ્વાસ હોય તો એનો અર્થ એ નહીં કે બધી જ ઈચ્છાઓ પૂર્ણ થઈ જશે.મનની ઈચ્છાઓથી અમારે શું મતલબ?

જે કંઈ છે તે માલિકના ધન્યવાદ જ શ્રેષ્ઠ પ્રાર્થના છે . સારું છે કે પ્રાર્થના સ્વીકૃત પહેલાં જ આપણે માલિકને ધન્યવાદ આપી દઈએ. આપણને બીજું જોઈએય શું? બધું તો છે જ. માલિક સામે છે આપણે હાથ જોડી ઊભા છીએ. અશ્રુભીની આંખે..હાથમાં ભિક્ષા પાત્ર લઈને (હૃદય પણ એક ભિક્ષાપાત્ર જ છે.) માંગવાનું ભાન કોને છે ? ન માલિકને કે ન આપણને. .

તારા દર પર ઊભો છું પરંતુ,

માંગવાનું પણ ભાન નથી, અભાન છું.

અમારે બીજું જોઈએ શું?પ્રાર્થના કરવાની જરૂર જ નથી .જો દરવખતે આવી જ સ્થિતિ બનતી હોય તો...

કોઈ એમ કહે કે ઈશ્વરની કૃપાથી મારી તો બધી જ 'ઈચ્છાઓ પૂરી થઈ જાય છે અથવા તો મને તો અગાઉથી જ ખબર પડી જાય છે તો પછી એમ જ કહેવું પડે કે અધ્યાત્મની હજુ શરૂઆત જ નથી થઈ. જયાં સુધી સુખદુઃખ, માન અપમાન, લાભ-અલાભ, યશ--અપયશમાં સમભાવ આવે નહીં ત્યાં સુધી અધ્યાત્મ કયાં? એ ત્યાં સુધી શકય જ નથી જયાં સુધી ઈચ્છાઓનું ખંડન ન થાય. અને તે પણ એવું તેવું ખંડન નહીં., ખંડન એવું હોવું જોઈએ ...મન ખળભળી ઊઠે. ઈચ્છા પૂરી થતાં એકદમ ઊલટું થઈ જાય અને મનને ખબર જ ન પડે આમ કેમ થયું? જો આવું તો માલિકની કૃપા જ છે જેને લીધે મન મારીને પણ માલિકને સાચા હૃદયથી આભારવશ થવું જોઈએ.

અને જો એમ થઈ પણ જાય ચાહે ગમે તે થાય ,એવું જ લાગે જે કાંઈ થાય છે તે મારી મરજીથી જ થાય છે. મનને દુઃખ થાય તો પણ મારી જ મરજીથી જ તો...?પછી તો એમ જ સમજી લેવું કે રસ્તો સાફ છે ..કોઈએ કેટલી સરસ વાત કરી છેઃ-

મદહો જમત તફાવત મીકુન્દ
બનગરી બાશી કી અદબત મીકુન્દ

(જો તને હજુ પણ પ્રશંસા અને નિંદા પણ અંતરની ખબર પડે છે તો રાહ જો કે કોઈ તને શિસ્ત શિખવાડશે. )

છેવટે માલિક અને મારી મરજી અલગ અલગ કેવી રીતે હોઈ શકે? માલિકના સિવાય હું છું જ કોણ? પછી મારા મનને સુખદુઃખથી નિસબત જ શું છે? મારી તો કોઈ ઈચ્છા છે જ નહીં. હું તો પસંદગી વગર જ ઈચ્છાઓ કરું છું (Free choice which is desireless) મનને ભલેને સુખ થાય કે દુઃખ બંને મારી પ્રસન્નતાને લીધે જ છે.

જો કોઈ બાળક બિહામણું સ્વપ્ન જુએ ને મમ્મીને બોલાવે તો મા કંઈ એના સ્વપ્નમાં જઈને મદદ ન કરે. જો બાળક સ્વપ્નની વાત જણાવે તો પણ મા સાંભળતી નથી.ફક્ત તે સાંભળવાનો અભિનય કરે છે. એ તો એમ જ દર્શાવે છે કે સ્વપ્ન તો મિથ્યા છે.વાસ્તવમાં એવું કંઈ નથી. બની શકે મા કશું જ ન કહે .બસ બાળકને છાતીસરસો ચાંપી લે અને સાંત્વન આપે એ જ પૂરતું છે.

જયારે આપણે પરિસ્થિતિથી અનુકૂળ થઈને ઈશ્વરની મદદ લઈએ છીએ અથવા તો તેમના ચરણમાં જઈએ છીએ ત્યારે આવું જ થાય છે. અંતર બસ એટલું જ કે આપણે ફરી સપનામાં પરત આવવું પડે છે. કેમ કે જયાં સુધી સૂક્ષ્મ ,સ્થૂળ શરીર છે ત્યાં સુધી આ સ્વપ્ન તો ચાલતું જ રહેવાનું.

માલિક સામે જગને ત્યજી જવું જોઈખે. બધો જ બોજ માથા પર ને હાથમાં લઈને ઈશ્વરને પ્રણામ કેવી રીતે કરી શકો? સારું તો એ જ છે કે ઈશ્વર સમક્ષ જવાનું થાય તો બંને હાથ ખાલી હોય... અને સાથે કોઈ હેતુ જ ન હોય. શરીર ત્યજીને જવું સૌથી શ્રેષ્ઠ.ત્યારે જ સાચા આશીર્વાદની અનુભૂતિ થાય. જે ખરેખર ઈશ્વર આપવા ચાહે છે.

સમય આવ્યે જયારે ઈશ્વરની કૃપા થઈ જાય છે ત્યારે વાસ્તવિકતાની ચેતના પણ ટકી રહે છે અને સાથોસાથ જાગૃત સ્વપ્ન પણ ચાલતું જ રહે છે. એટલે કે અભાનતાની સાથે સભાનતા પણ કાયમ રહે છે. આને જ સહજ સમાધિ કહે છે. મન અને ઈંદ્રિયો પોતપોતાનું કામ કરતાં રહે છે. આસકિતનો બિલકુલ અંત આવી જાય છે. પણ લીલા તો ચાલતી જ રહે છે. જોનારાઓને એવું જ લાગે કે આ પણ સાધારણ માનવીની જેમ વ્યવહાર કરી રહ્યો છે.


**અભાનતાની સાથે સભાનતા પણ કાયમ રહે છે. આને જ સહજ સમાધિ કહે છે. મન અને ઇંદ્રિયો પોતપોતાનું કામ કરતાં રહે છે. આસકિતનો બિલકુલ અંત આવી જાય છે. પણ લીલા તો ચાલતી જ રહે છે**

એક નાટકમાં ઘણા પાત્રો છે. હું ભલે નાટકમાં ભિખારી હોઉં પણ વાસ્તવમાં તો હું રાજા છું.એક બીજું પાત્ર તો એ ભૂલી જ ચૂક્યું છે કે તે કોણ છે? એ તો સાચે જ પોતાની જાતને ભિખારી માની રહ્યો છે. પોતાના ભિખારી જીવનનું દુઃખ અનુભવે પણ પ્રથમ તો પોતાના દુઃખનો જ અભિનય કરે છે. એને સુખ કે દુઃખની કોઈ અસર નથી. આત્મવિસ્મૃત પાત્રનું જ્ઞાન સીમિત છે. ઊલટું એમ કહેવું જોઈએ કે અજ્ઞાની છે. પરંતુ પહેલું પાત્ર ત્યારે જ જ્ઞાની કહેવાશે જયારે પોતાને રાજા જાણતો હોવા છતાં ભિખારીનું પાત્ર એવું અસરકારક કરે બધા તેને ભિખારી જ સમજે.

વાસ્તવિક નાટકમાં એક જ છે જે અનેકોમાં અલગ થઈને અલગ અલગ અભિનય કરે છે અને તે બધો ખેલ પોતે જ જોઈ રહ્યો છે. એના કેટલાંક રૂપ એની અસલિયત જાણે છે અને કેટલાક નહીં, પણ તેથી શું ફરક પડે છે? એમાંથી એકમાં પણ અસલિયત જાણી લે તો તે પૂરતું છે.

જે આ બધી બાબતો જાણે છે તેની પ્રાર્થના કેવી રીતે નિષ્ફળ જાય? એને સઘળું પ્રથમથી જ મળી ગયેલ છે. પ્રાર્થના તો એનો સ્વભાવ છે ,એના સંસ્કાર છે.

*પ્લોટ નં.૮૫૨,*
*સેકટર-૮, ગાંધીનગર.*



# વિનોબા : ગાંધીના બાગનું મઘમઘતું પુષ્પ

*- વસંત ગઢવી*

વિનોબાજીનું સ્મરણ કરવું તે કોઈપણ કાળમાં સાંપ્રત છે. ગાંધીજીના જીવનની જેમ બાબાના જીવન તથા તેમની અખંડ વિચારયાત્રામાંથી આજની આપણી અનેક કઠિન સમસ્યાઓના ઉકેલ માટેની દિશા મળી શકે તેમ છે. તેઓ આ ધરતી પર ૧૮૯૫માં અવતર્યા. આથી હમણાં જ (૧૯૨૦માં) તેમના જન્મની સવા શતાબ્દી સંપન્ન થઈ. આપણે વ્યક્તિગત રીતે કે સામૂહિક રીતે બાબા (વિનોબાજી માટે માનથી ઉપયોગમાં લેવાતો શબ્દ)ને કેટલા યાદ કર્યા તેનો વિચાર કરવો અસ્થાને નથી. ગાંધીજી કે વિનોબાજીની વિસ્મૃતિ એ આપણીજ સામૂહિક ખોટ છે. એ ખોટ અન્ય કોઈ રીતે ભરપાઈ થઈ શકે તેવી નથી. ઋગ્વેદની એક સુંદર પંક્તિ રમેશભાઈ સંઘવી (ભૂજ)એ બાબાને યાદ કરતાં ટાંકી છે. જે થોડામાં ઘણું કહી જાય તેવી સચોટ છે.

**'' એતાવાનસ્ય મહિમા, અ તો જયાયાંશ્ચ પુરુષઃ ''**

એટલો તો એના કામનો મહિમા છે પરંતુ એ પુરુષ તો એના કરતાંયે મોટો છે. ગાંધી કે વિનોબાના કામનો મહિમા કરીએ તો પણ તેમનું સાંગોપાંગ દર્શન તેમાંથી મળવું મુશ્કેલ છે. આ મહાપુરુષો તો તેમના કામના મહિમાના બંધનમાં પણ ક્યાં બાંધી શકાય તેવા છે ? ''બાથમાં ન આવે'' તેવા આ જીવન છે. ગીતા, ગાંધી, ગરીબ, ગામડું અને ગાય એ બાબાના જીવનમાં ભરપૂર રીતે છવાયેલાં રહ્યાં. ઉપરાંત સર્વધર્મ મમભાવનું મંગળ ગાન બાબાના નિત્ય જીવનમાંથી સતત પ્રગટતું તથા પમરતું રહ્યું. લોકારણ્યની બરાબર મધ્યમાં એકાંત સેવતા વિનોબાજીએ અનેક ગાંધી વિચારોને વાસ્તવિક જીવનમાં પ્રગટ કરી બતાવ્યા. ગાંધી એક સંભવ કરી શકાય, ઠોસ કાર્યમાં ઉતારી શકાય તેવું જીવન તથા દર્શન છે એ વાત વિનોબાજી સિવાય કોણ કરી શક્યું હોત ? બાબા જ તમામ અર્થમાં બાપુના વૈચારિક વારસ હતા. ગાંધી વિચારની જ્યોત ગાંધીજીના ગયા પછી પણ અડધી સદીથી વધારે સમય માટે તેમણે પ્રગટાવી તથા પ્રસરાવી હતી. આઝાદ થયેલા આપણા દેશની અનેક સમસ્યાઓને મૂળમાંથી ઉખેડવા માટે ગાંધી વિચારની પ્રસ્તુતિનું તેમણે નજરોનજર જોઈ શકાય તેવાં કાર્યો થકી પ્રમાણ આપ્યું હતું. કોઇ નિરાળી દુનિયાનો આ અવધૂત યાત્રી પોતાના કર્મયજ્ઞ, જ્ઞાનયજ્ઞ તેમજ વાકયજ્ઞથી આપણને સૌને ધન્ય કરીને ગયો. સમાજજીવનને સતાવતા કે પડકારતા મૂળભૂત પ્રશ્નો માટે રાજકારણમાં જઈને કોઈ પ્રયાસ કરવાના બદલે સર્વોચ્ચ સત્તા સમાન લોકસમૂહ સાથે રહીને કાર્યો અસ્ખલિત રીતે કરતા રહેવાનો જીવનમંત્ર તેમણે સતત ધારણ કર્યો. ગાંધીજીના ગયા પછી વિનોબાજી જેવું તથા જેટલું લોકહિતનું કાર્ય તેમજ શિવત્વનો સંદેશ  કોઈ આપી શક્યું નથી. એ વાત પણ એટલી જ મહત્ત્વની છે કે વિનોબાજીની ઉજ્જવળ વિચારજ્યોતમાંથી જ જયપ્રકાશ નારાયણ, દાદા ધર્માધિકારી કે આપણા રવિશંકર મહારાજ જેવી અનેક ચિનગારીઓ સ્વતંત્ર હિન્દુસ્તાનના લોકોએ પ્રગટતી જોઈ છે તેમજ તેમને અનુસર્યા છે. બાબા કહેતા : 'હું સુપ્રિમ સિમેટિંગ ફેક્ટર છું' કારણ કે હું કોઈ પક્ષમાં નથી. સતત બદલાતા રહેવાની તેમજ નિરંતર વહેતા રહેવાની વિનોબાવૃત્તિ જગતમાં જવલ્લે જોવા મળે તેવી ઘટના છે.

**ગાંધી એક સંભવ કરી શકાય, ઠોસ કાર્યમાં ઉતારી શકાય તેવું જીવન તથા દર્શન છે એ વાત વિનોબાજી સિવાય કોણ કરી શક્યું હોત ? બાબા જ તમામ અર્થમાં બાપુના વૈચારિક વારસ હતા. ગાંધી વિચારની જ્યોત ગાંધીજીના ગયા પછી પણ અડધી સદીથી વધારે સમય માટે તેમણે પ્રગટાવી તથા પ્રસરાવી હતી**

૧૮૯૫ની ૧૧મી સપ્ટેમ્બરે વિનોબાજીનો જન્મ થયો. કોંકણ પ્રદેશના રાયગઢ જિલ્લામાં ગાગોદા નામના ગામમાં તેઓનું અવતરણ થયું. આ તો એક માહિતી થઈ પરંતુ તુકારામ કહેતા તેમ બાબાનું નિવાસસ્થાન તો 'ભુવનત્રયી' ત્રણે ભુવનમાં હતું. માતા રૂકમિણીદેવીના સંસ્કારે તેમનું બાળપણ મહોર્યું. માતાને નિત્ય સાંગોપાંગ પૂજા પછી પરમાત્મા સાથે આંખમાં અશ્રુધારા સાથે સંવાદ કરતી જોઈને બાળમનમાં કોઈ અનંત તત્ત્વ સાથેનું અનુસંધાન થયું અને સ્વાધ્યાયના બળે તે આજીવન ટકી રહ્યું. માતાને નિત્ય પ્રભાતે ઘંટી પર બેસી મીઠી હલકથી અભંગ કે ભજન ગાતી જોઈને બાળ વિનોબાના



મનમાં સંતોની વાણીનું ઊંડું સંસ્કાર સિંચન થયું. માતાના આ સંસ્કારના માધ્યમથી તુકારામ - જ્ઞાનદેવ તથા શંકરાચાર્યની વાણી સુધી બાબા પહોંચ્યા, તેને પામ્યા અને તેનો સુમધુર અર્ક આપણા સુધી પહોંચાડ્યો. સંત - આચાર્ય તેમજ ઋષિ વિનોબાએ આજીવન પોતાના ધ્યેયપૂર્ણ કર્મયોગથી માનવીય ગરિમાને અનોખું બળ તથા તેજ પ્રદાન કર્યાં. માતા પોતાના પુત્રનું સહજ ઘડતર કરવામાં કેવા સ્વાભાવિક પ્રયોગો કરે છે તે રૂકમિણીબાઈ તથા વિનોબાના કેટલાક સંવાદમાં પ્રગટ થાય છે. બાબાએ લખ્યું છે કે તેમના ઘરના ફળિયામાં એક ફણસનું ઝાડ હતું. જ્યારે સીઝનમાં પહેલું ફણસ ઝાડ પર ઊગે ત્યારે તેના ટુકડા કરી નાના એવા ગામના દરેક ઘરે પહોંચાડવા માટે બાળક વિનોબાને માતા મોકલી આપે. આમ કરવા પાછળનું કારણ સમજાવતા માતા કહે : 'જે બીજાને દે તે જ દેવ' બાળવયે વિનોબાને આ અમૃતફળ સમાન વિચાર મા પાસેથી મળ્યો. જે અમૃત તેમણે જગતના ચરણે ધરી દીધું. ખવડાવીને ખાવાનો આ સંસ્કાર કદાચ પહેલી નજરે સરળ લાગે પરંતુ જગતના આજના અનેક પ્રશ્નોનો અસરકારક ઉકેલ આ સહેલા દેખાતા વિચારબીજમાં પડેલો છે. ફળનો એકાદ ભાગ બીજાઓને વહેંચી શકાય. તે જ રીતે માણસ પોતાના હિસ્સાની જમીનમાંથી માત્ર છઠ્ઠો ભાગ આસપાસમાં જ રહેતા જમીનવિહોણાને કેમ ન આપી શકે ? ભૂદાનના આ ક્રાંતિકારી વિચારનું બીજ પુત્રમાં રોપી દેવામાં માતાનો આ વ્યવહાર કારણભૂત બન્યો હોય તેમ માનવાને ચોક્કસ કારણ છે. ઉપદેશથી નહિ પરંતુ વ્યવહારથીજ આવા સંસ્કારની વૃદ્ધિ થઇ શકે છે. આજના સંદર્ભમાં વિચાર કરીએ તો દુનિયાના અનેક લોકોની દારુણ સ્થિતિ સામે નાની સંખ્યાના અમુક લોકો નિરંતર સમૃદ્ધ થતા જાય છે. નજરે નિહાળી શકાય તેવી આ વરવી વાસ્તવિક્તાને કોઇ આધાર પુરાવાની જરૂર નથી. છતાં પણ અનેક અભ્યાસ કે સંશોધનનાં તારણો આવી આર્થિક અસમાનતાને આંકડાના બળે સમજાવે છે. આવી અસમાનતાને સ્થાને ટુકડામાંથી ટુકડો આપવાનો વિચાર સંતોની વાણીમાંથી પ્રગટ થયો. ગાંધીજી તથા વિનોબાજીએ તેને તાર્કિક રીતે સમજાવ્યો. અનેક ઉદાહરણોથી તેની પુષ્ટિ કરી. ભૂખ્યા જનોની પીડામાંથી પેદા થતો કોઈ નકસલવાદ કે સમાજને આંચકો આપે તેવા હિંસાનાં કૃત્યો જો નિયંત્રણમાં લાવવા હશે તો ગાંધી તથા વિનોબાના આ વિચાર તરફ વળ્યા સિવાય કોઈ બીજો ઉપાય આજે પણ દેખાતો નથી. કાયદાની ઉપયોગિતા છે જ પરંતુ તેના બળે આ સમસ્યા સર્વગ્રાહી રીતે ઉકેલી શકાય તેવી નથી તેમ કહેવાની ભાગ્યે જ જરૂર છે. વિનોબા ૧૯૫૧ના એપ્રિલ માસમાં આંધ્રના તેલંગાણા પ્રદેશના પોચમપલ્લી ગામમાં ગયા. સામ્યવાદી વિચારણસરણીનો પ્રભાવ આ ગામ પર હતો. ગામમાં કુલ વસતીના મોટાભાગના લોકો જમીન વિહોણા હતા. જે લોકો પાસે જમીનની માલિકી હતી તેમની પાસે મોટા પ્રમાણમાં ખેતીની જમીનનો જથ્થો હતો. આ ઊડીને આંખે વળગે એવી અસમાનતામાંથી જ દ્વેષભાવ તથા વેરભાવ થવાની સંભાવના રહે છે. ગામમાં આથી નાના-મોટા સંઘર્ષ પણ થતા રહેતા હતા. પોલીસ બંદોબસ્તના સહારે સરકારના કાયદો - વ્યવસ્થા જાળવવાના ઉપાયો કારગત નીવડતા ન હતા. આવા ગામમાં બાબાની સભામાં એક ભૂમિવિહોણાએ પોતાનું ગુજરાત ચાલી શકે તેટલી ખેતીની જમીન અપાવવા આગ્રહભરી વિનંતી કરી. વિનોબાજીએ સરકારમાં રજૂઆત આપીને કંઈક કરવાનો વિચાર પ્રથમ તો કર્યો. લોકશાહી વ્યવસ્થાની સરકારમાં આમ કરવું તે સ્વાભાવિક પણ ગણાય. પરંતુ સરકારી રાહે આ કામનો નિકાલ ક્યારે થાય તેની તેમને ખાતરી ન હતી. વિનોબાજીએ સહેજે ગામના જમીનદાર લોકો તરફ દૃષ્ટિ કરીને પૂછ્યુંઃ તમારામાંથી કોઈ આ ભૂમિવિહોણા ભાંડુને ગુજરાન ચલાવવા માટે જમીનનો ટુકડો આપી શકાશે ?'' જાણે કે એક ચમત્કાર થયો. ગામના એક જમીનદાર, નામે રામચન્દ્ર રેડ્ડીએ પોતાની ૧૦૦ એકર જમીન આપવા સ્વેચ્છાએ તૈયારી બતાવી. સભા સ્તબ્ધ થઈ ગઈ. રામચન્દ્રમાં સૂતેલો રામ જાગ્યો હશે તેમ જરૂર કહી શકાય. ભૂદાનની ગંગોત્રીનું પ્રથમ અને પાવન દર્શન બાબાને અહીંથી જ થયું. બાબાને તે રાત્રે ઊંઘ ન આવી. સમગ્ર દેશના ભૂમિહિનોને ગુજરાન ચાલે તેટલી જમીન આ સમજાવટની પદ્ધતિથીજ ન મળી શકે? ઈશ્વર ઉપરાંત ગણિત અને વિજ્ઞાન પર આધાર રાખીને ધારણા બાંધતા ઋષિ વિનોબાનો ભૂદાન મેળવવાનો સંકલ્પ દૃઢ થયો. કામ આગળ ધપાવવાનો ઈશ્વરી સંકેત તેમણે સાંભળ્યો અને ભૂદાન યજ્ઞનો આરંભ થયો. અર્થશાસ્ત્રીઓ કે સત્તાધીશો માટે જે ગણતરી તેમજ પદ્ધતિ અજાણી કે કદાચ અસ્વીકાર્ય હતી તે વિનોબાજીએ પ્રભુકૃપાથી અને ગાંધીના પારસમણી સ્પર્શથી અપનાવી તથા ભૂદાનની સફળતાનો ઠોસ ઇતિહાસ એ વાસ્તવિક બન્યો. કર્મયોગી વિનોબાએ કર્મયજ્ઞના બળે તેને સાર્થક કર્યો. એક અભૂતપૂર્વ ઇતિહાસનું સર્જન થયું. કરુણાના કહેણ અને સ્નેહના ભાવથી આરંભાયેલો આ યજ્ઞ પ્રજ્વલિત કરવામાં ઉત્તમ માનવીય તત્ત્વોને કારણે ચેતના પ્રગટી હતી. એમ જુઓ તો કોણ માનવા તૈયાર હતું કે અહિંસાના બળે આઝાદી મળી શકે ? પરંતુ ગાંધી નામના સૂર્યના તેજ તથા કર્મ પ્રધાન પ્રયાસોથી જગતને એક નવા

**ફળનો એકાદ ભાગ બીજાઓને વહેંચી શકાય. તે જ રીતે માણસ પોતાના હિસ્સાની જમીનમાંથી માત્ર છઠ્ઠો ભાગ આસપાસમાં જ રહેતા જમીનવિહોણાને કેમ ન આપી શકે ? ભૂદાનના આ ક્રાંતિકારી વિચારનું બીજ પુત્રમાં રોપી દેવામાં માતાનો આ વ્યવહાર કારણભૂત બન્યો**

ઇતિહાસનું પ્રત્યક્ષ દર્શન થયું. વિનોબાજીના ભૂદાનયજ્ઞમાં પણ આ જ બાબતનું પુનરાવર્તન થયું. ભૂદાન યજ્ઞનો પ્રારંભ થયો ત્યારે દેશ આઝાદ હતો. આપણી જ સરકારો કેન્દ્રમાં અને રાજ્યોમાં સત્તાસ્થાને હતી. વિનોબાજીનો વ્યક્તિગત પ્રભાવ પણ શાસનકર્તાઓ પર હોય તે સ્વાભાવિક છે. છતાં પણ બાબાએ રાજદરબારમાં જવાના બદલે લોકદરબારમાં જવાનું ગણતરીપૂર્વક પસંદ કર્યું. સંઘર્ષ કે સત્તાના બળની જગાએ માનવમાં પડેલા આતમરામને જગાડવાનો આ અદ્વિતીય પ્રયાસ હતો. આપનાર તથા ગ્રહણ કરનાર બન્નેની ગરિમા વધતી હતી. કડવાશનો રંજ માત્ર અનુભવ એકે પક્ષમાં રહેતો ન હતો. લોકમાનસમાં પરિવર્તન લાવવાનો આ યજ્ઞ હતો. લોકવિચારનું પરિવર્તન એ મહદ્અંશે સ્થાયી તેમજ દીર્ઘ હોય છે તે વાત આ વ્યવહારુ આચાર્ય સંપૂર્ણપણે સમજી શક્યા હતા. સમાજમાં Haves and Haves not તો મોટો તફાવત હોય તો એ સ્વસ્થ સમાજની નિશાની નથી. આજની આપણી ઘણી બધી અશાંતિના મૂળમાં આવી બે વર્ગ વચ્ચેથી આર્થિક ખાઈ મોટાભાગે જવાબદાર છે. આચાર્ય વિનોબાની લગભગ સાત દાયકા પહેલાની સમજ તથા પ્રતીતિ આજે પણ એટલી જ સંદર્ભયુક્ત છે. આથી ગાંધી - વિનોબાના વિચારો એ શાશ્વત વિચારો છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

સંતોનાં વચન તથા શાસ્ત્રોના અધ્યયનને કારણે ઋષિ વિનોબામાં સર્વ પ્રકારે વાણી - વિવેક તેમજ વિચાર વિવેકનું સર્વાંગી દર્શન થાય છે. તુલસીદાસજી લખે કે 'કવિ ન હું મૈં, ન ચતુર કહાઉં, મતિ અનુરૂપ રામ ગુન ગાઉં ! આ વિવેક તુલસીનો છે. વિનોબાજીએ ગાંધીજીની એકાદશ વ્રત પર 'મંગળ પ્રભાત' નામે પુસ્તિકા લખી છે. વિનોબાજીને ગાંધીબાપુના એકાદશી વ્રતનો ભારે મહિમા છે. મરાઠીમાં લખાયેલી આ કૃતિના પ્રારંભે જ જાણે તુલસીદાસની વાણી બોલતા હોય તેમ બાબા લખે છે :

**પ્રેરણા પરમાત્માચી, મહાત્માચી પ્રસન્નતા,**
**વાણી સંતકૃપેચી, વિન્યાચી કૃતિશૂન્યતા.**

બાબાનું પોતાનું કંઈ જ નહિ. બધો યશ સંતો - ગાંધી તથા પરમાત્માને અર્પણ કરવાનો આ ભાવ અનન્ય છે. માનવ હૃદયમાં ધરબાઈને પડેલી ભલાઈમાં તેમનો સંપૂર્ણ વિશ્વાસ છે. આથી જ તેઓ હંમેશાં કહેતા કે તેમની જિંદગીનું મુખ્ય કામ એ માનવમાત્રનાં દિલોને જોડવાનું છે. જમનાલાલ બજાજની ઇચ્છા તેમજ આગ્રહને કારણે બાપુએ વિનોબાને વર્ધા મોકલ્યા. ૧૯૨૧માં વર્ધા આશ્રમનો શુભ પ્રારંભ થયો. અનેકવિધ પ્રયોગો થકી તેમજ વિનોબાની હાજરીથી વર્ધા આશ્રમ દેશમાં ચર્ચાનો વિષય બન્યો. સમગ્ર દેશમાં એ બાબતમાં ઉત્સુક્તા હતી કે બાપુ વ્યક્તિગત સત્યાગ્રહમાં સૌથી પ્રથમ સત્યાગ્રહી તરીકે કોને પસંદ કરશે. વિનોબાજીના પૂર્ણ વ્યક્તિત્વનો તેમજ તેમની સાધનાનો આદર કરતા મહાત્માએ ૧૯૪૦માં વિનોબાને પ્રથમ સત્યાગ્રહી તરીકે જાહેર કર્યા. બાબાની આ પસંદગીમાં મહાત્માના વિવેક તથા દૃષ્ટિનાં દર્શન થાય છે.

વિનોબાજી અંતે તો એક મુમુક્ષુ સાધક હતા. 'ગીતાઈ' તથા 'ગીતા પ્રવચનો' નું પુસ્તક વાંચતા તેમની આ સરળ તેમજ સુપાચ્ય વિદ્વતાનાં દર્શન થાય છે. 'ચરૈવેતિ ચરૈવેતિ' નો નિરંતર મંત્ર તેમના જીવનમાં સાર્થક થયો છે. બાબા ગીતા, જપુજી, કુરાન તથા બાઈબલના આકંઠ અભ્યાસુ હતા. દરેકમાં ઈશ્વરી અંશનું તેમને દર્શન થયું હતું. 'હું પુસ્તકને નહિ, ઈશ્વરને જ પકડું છું' વિનોબાના આ નાના વિધાનમાં તેમની સારગ્રહણ કરવાની વૃત્તિનું દર્શન થાય છે. જ્ઞાન તથા કર્મનું તેમણે ઉચિત સંતુલન કર્યું. શિક્ષણમાં તથા જીવનમાં પણ કર્મ કે પરિશ્રમનો મહિમા તેમણે બુલંદ સ્વરે ગાયો. ગાંધીજીએ દીનબંધુ એન્ડ્રુઝને લખ્યું હતું : 'વિનોબા એ આશ્રમનું દુર્લભ રત્ન છે. તેઓ લેવા નહિ પરંતુ આપવા આવ્યા છે.' ઝવેરાતના પારખુ ગાંધીજીનું આ મૂલ્યાંકન વિનોબાની મહત્તાનું ઉચિત સન્માન કરે છે. સંત વિનોબાએ કદી દોષદર્શન કર્યું જ નહિ. પોતાની ટીકા થાય તેવા પ્રસંગોએ પણ બાબા સ્વસ્થ અને સમતોલ રહ્યા. દોષદર્શન એ ભીંત છે અને ગુણદર્શન બારણું છે તે ઉક્તિ તેઓ જીવી ગયા.

ભારત સરકારે ખૂબ જ ઉચિત નિર્ણય કરીને ૧૯૮૩માં તેમને મરણોત્તર 'ભારત રત્ન'નો ખિતાબ આપ્યો. જોકે કોઇ બાહ્ય લટકણિયાના આ સંત મહોતાજ ન હતા. હા, ભારત રત્ન ખિતાબની શોભા બાબાના નામ સાથે જોડાવાથી જરૂર વધી હશે.

''વિનોબા નિષ્ફળ ગયા તેમ તમને લાગે છે ? તેમની સાથે રહીને તમે પણ આ નિષ્ફળતાનો ભાગ બન્યા હો તેવી કોઈ લાગણી થાય છે ?'' દાદા ધર્માધિકારીને કોઇએ પૂછ્યું. દાદાનો ઉત્તર સાંભળવા જેવો છે. ''અન્ય લોકો સાથે રહીને સફળ થવા કરતાં વિનોબા સાથે રહીને નિષ્ફળ થવામાં પણ સાર્થક્તા છે.'' એમ જુઓ તો જિસસ, બુદ્ધ કે ગાંધી પણ સ્થાયી સ્વરૂપે સમાજ પરિવર્તનમાં ક્યાં સફળ થયા છે ? પરંતુ આ બધા લોકોનાં કર્મ તથા ઉપદેશ થકી માનવજીવનના સંભવિત ઉત્તમ ગુરુશિખરનું દર્શન થયું છે. વિનોબાજીનું જીવન તથા તેમના વિચારો કાળના આકરા પ્રવાહમાં ઝાંખા-પાંખા થાય તેવા નથી.

*૧૧૫/૨, સેક્ટર-૨ એ, ગાંધીનગર.*
*મો. ૯૯૭૮૪૦૬૧૩૦*

Directorate of Information
Gujarat

Social Media

gujaratinformation.gujarat.gov.in

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

# સોહમ્ સાહેબ સબ ઘટ બોલે... (દીનહીનના બેલી સુખડો પીર)

*- કાકડિયા મનસુખ વી.*

અરે! આ મહામારીએ કેટલા બધાનો ભોગ લીધો છે. હે! પ્રભુ સૌને આમાંથી બચાવો. આ પ્લેગે (મરકી) તો ભલભલાનું પાણી ઉતારી નાખ્યું. એ અરસામાં સૌરાષ્ટ્રમાં મહાભયંકર મરકીનો રોગ ફેલાયો હતો. ગામડાંઓ ખાલી થઈ ગયા હતાં. સૌ લોક વાડીપડામાં ઝૂંપડી બાંધીને રહેતાં હતાં. વાડીએ જેમને મકાન હતાં તેઓએ એમાં રહેવાનું વધારે હિતકર માન્યું હતું. ગામ મોટા ભમોદરા (સા.કુંડલા-જેસર રોડ) આ મહામારીના રોગથી બાકાત શાને રહે? સૌ લોક પોતાના પરિવાર સાથે ખેતર કે વાડીમાં ઝૂંપડાં બાંધીને રહેતાં હતાં. ગામ તો ખાલીખમ અને ભેંકાર લાગતું હતું. રોગની મહામારી ઘટી હતી. છતાં ગામમાં રહેવા કોઈ રાજી હતું નહીં. પહેલ કોણ કરે?

આ કપરા ટાણે રોગની હળવાશ અનુભવતાં ધીમે ધીમે ફરી ગામમાં પોતાના ઘરમાં વસવાટ શરૂ કર્યો. મહામારીની જે બીકની ફડક હતી એ સૌના હૈયામાંથી ગઈ નો'તી. બરાબર આ વખતે મોટા ભમોદરા ગામે જેસરના પોલીસ સ્ટેશનમાંથી ફોજદાર સાહેબનું કોઈ કારણ વસાત્ આગમન થયું. એમના ઉતારાની વ્યવસ્થા સ્વામિનારાયણ મંદિરમાં ગોઠવાય. એ વખતે એમની સગવડતા ગામના લોકો સાચવતા. ગામના કોટવાળ રામભાઈ હતા. તેઓ ભજનમંડળીના આગેવાન પણ ખરા. ફોજદારે રામભાઈને પાગરણ ભેગું કરવાનો એક પોલીસવાળા મારફત હુકમ કર્યો. મહામારીને હિસાબે કોઈ ગામમાં જઈને પાગરણ માગીને લાવવામાં રાજી નો'તા. રામભાઈને પોલીસવાળો ધમકાવતો હતો. ન બોલવાનું બોલતો હતો. એ વખતે સીમમાંથી સુખરામબાપુ આવતા હતા. પાદરમાં પોલીસવાળો ધમકાવતો હતો. બાપુથી સહન થયું નહિ અને પોતાની પાસે રહેલી લાકડીથી પોલીસની છાતીમાં ઠોસો માર્યો. વાત વધારે વણસી ગઈ. ફોજદારને પોલીસે જઈને સર્વે બીના કહી સંભળાવી.

ફોજદારે એક ચિઠ્ઠી લખીને એ વખતના ગઢના દરબાર શ્રી ગોલણબાપુને મોકલી આપી. સૌનાં નામ લખ્યાં હતાં. ભજનમંડળીને જેસરગામના થાણામાં હાજર થવાનો હુકમ આપ્યો. આ વખતે મહુવા ગામના થાણામાંથી ડેપ્યુટી પોલીસ ઈન્સ્પેક્ટર સાહેબ આવ્યા હતા. જેસરના થાણામાં સૌને એક પછી એક ભજન મંડળીના ભજનિકને બોલાવીને ખૂબ જ ઠપકો આપ્યો. ન બોલવાનું બોલીને ધમકાવીને સૌને જવા દીધા. એ વખતે મુખ્ય આરોપી સુખરામબાપુનું નામ કે બનાવ યાદ આવ્યો જ નહિ. એમને બોલાવ્યા નહિ. સૌ ભમોદરા આવ્યા. સુખરામબાપુ મનોમન રામદેવજી મહારાજને નમન કરીને કહેતા કે આપ તો દીનના તારણહાર છો પ્રભુ! મારી આપે લાજ રાખી મને બચાવ્યો. આપની લીલા અપરંપાર છે.

પોતાનું મન ઉદાસ રહેતું હતું. સમર્થ સદ્‌ગુરુને શરણે જવાનું વિચારી તેઓ પોતાની સાથે ભજનમાં સાથ આપનાર ભમોદરાના સિપાઈ અલીભાઈ, કાબાભાઈ ભરવાડ અને પોતે દરબારશ્રી ગોલણબાપુની રજા લીધા વિના ભમોદરા ગામમાંથી નીકળી ગયા. સવારનો સમય હતો. મોંસૂઝણાની શરૂઆત થઈ હતી. ગામ શેલણા આવ્યા ત્યારે અલીભાઈ દરબારશ્રીના ઠપકાથી ડરીને ત્યાંથી પાછા વળ્યા. જ્યારે ગામ વંડા આવ્યું ત્યારે કાબાભાઈ પણ હતાશ થઈ કહેવા લાગ્યા કે દરબારશ્રીનો ઠપકો સાંભળવા કરતાં હું અહીંથી પાછો વળું છું. મારે આવવું નથી. ખૂબ સમજાવ્યા પણ માન્યા નહિ. સુખરામબાપુ મનમાં વિચાર કરી કહેવા લાગ્યા કે જેવી રણુજાધણીની મરજી!

**સુખરામબાપુએ રામસાગર હાથમાં લઈને મધુર કંઠે ખૂબ જ ભાવથી ભજન ગાયાં. સૌની ઉપર પ્રભાવ પડ્યો. નાની ઉંમરમાં ભક્તિભાવ જોઈને ઓઘાભગત બાપુ પર ખૂબ રાજી થયા. ચાર દિવસ ખાસ રોકાયા. ઓઘાભગતને બધી વાત કરી મારે તો ગિરનાર જવું છે**

અમરેલી ઓઘાભગત વાંઝાની જગ્યામાં આવ્યા. દિ'આથમી ગયો હતો. અહીં રાત્રે વાળુપાણી કરીને ભજનભાવમાં જોડાયા. પોતાનો કંઠ સારો હતો એટલે સુખરામબાપુએ રામસાગર હાથમાં લઈને મધુર કંઠે ખૂબ જ ભાવથી ભજન ગાયાં. સૌની ઉપર પ્રભાવ પડ્યો. નાની ઉંમરમાં ભક્તિભાવ જોઈને ઓઘાભગત બાપુ પર ખૂબ રાજી થયા. ચાર દિવસ ખાસ રોકાયા. ઓઘાભગતને બધી વાત કરી મારે તો ગિરનાર જવું છે. જ્યાં સાધુસંતો જતિસતી નવનાથ અને તેત્રીસ કોટિ દેવોનો વાસ છે. કોઈ સમર્થ સદ્‌ગુરુથી મારે બોધ લેવો છે. ઓઘા ભગત કહે તમારા તીવ્રભાવને હું જાણી ગયો છું. મારા સમર્થ સદ્‌ગુરુ શ્રી બુદ્ધગીરબાપુ જેમની ઉંમર અત્યારે લગભગ બારસો વર્ષની કહેવાય છે. તેઓએ પાંત્રીસવર્ષની ઉંમરમાં કાયાકલ્પ કરેલો છે. તેઓ ચિરંજીવી મહાપુરુષ છે. હાલ ગિરનાર સાંખ્યની ખોડિયાર જ્યાં બિરાજમાન છે ત્યાંની ગુફામાં વાસ કરે છે. બાપુ માની ગયા.

ખૂબ જિજ્ઞાસા હોવાથી તુરત જવાનું ગોઠવ્યું. બંને પગપાળા ચાલીને સાસણગીરમાં થઈને શેત્રુંજી નદીના ઘુઘવતાં નીર નીરખી આગળ ચાલ્યા. ગીરનું અઘોર જંગલ અને ડાલામથ્થાની (સિંહોની) ત્રાડ સાંભળતાં મૂળ જગ્યાએ આવી પહોંચ્યા. અહીં ભોંયરા પાસે ત્રણ દિવસને ત્રણ રાત બેઠા ત્યારે બુદ્ધગીરબાપુનો મેળાપ થયો. બાપુના ચરણમાં દંડવત્ પ્રમાણ કરીને પોતાની સઘળી આપવીતી કહી સંભળાવી. ખૂબ જ ભાવથી બે હાથ જોડીને પોતાને પ્રમોદો, મારો ઉદ્ધાર કરો. એવું અરજ કરતા રહ્યા. બુદ્ધગીરબાપુએ આ નવયુવાન અને તીવ્ર ભાવ જોઈને સુખરામબાપુ પર કૃપા વરસાવી. બોધ આપી વચન, રે'ણી, ભજન, વિનય-વિવેક વગેરેની પૂર્ણતાથી મર્મવચન ભક્તિ ભેદ સમજાવી ભમોદરા ગામ જવાની આજ્ઞા ના આપી. ખૂબ જ ભજનભાવ વધારો હું તમારી સાથે જ છું. એવા આશીર્વાદ મસ્તક પર હાથ મૂકીને સંપૂર્ણ ઐશ્વર્યને એશ્વર્યતાથી ભરી દીધા.

રમણીય ને કલાવંતી નગરી એટલે ભાવનગર, એ જિલ્લાનું સા.-કુંડલા શહેર જેવું ગામ. આ ગામની પાસેનું લીખાળા ગામ અને એની પાસેનું છાપરી ગામ સુખરામબાપુનું મૂળ વતન. મુસલમાન સંધીનું કુળ છે. વિક્રમ સં. ૧૯૨૬માં એમનો જન્મ થયેલો. જ્યારે તેઓ છ વર્ષના થયા ત્યારે માતપિતાનું સુખ ગુમાવ્યું. પોતાને એક મોટાભાઈ અને એક નાની બહેન હતી. નિરાધાર થતાં ત્રણેયને ગારિયાધાર તાલુકાના ગામ ભંડારિયા મુકામે મોસાળમાં રહેવાનું થયું. એ પછી બંને ભાઈઓએ ત્યાંથી નીકળીને ગામ ઈંટિયા સંબંધીને ઘરે રોકાવાનું વિચાર્યું. રસ્તામાં મોટા ભમોદરા ગામે બંને ભાઈઓ એક ઝાડને છાંયે બેઠા છે. ભૂખ-તરસથી વ્યાકુળ છે. આ જ વખતે ત્યાંથી ગામ દરબારશ્રી ગોલણબાપુનો પસાયતો નીકળ્યો. બંને કુમળાં બાળકોને તેડીને(સાથે લઈને) ગઢમાં દરબારશ્રી પાસે લાવે છે. અહીં મોટાભાઈએ સઘળી હકીકત કહી સંભળાવી. અહીં ગઢમાં રોકાઈ જાઓ. આછુંપાતળું કામ કરજો. બધું સમય આવ્યે થઈ પડશે. મોટાભાઈએ કહ્યું છે આ મારો નાનોભાઈ રોકાશે અહીં હું તો નક્કી કર્યા મુજબ ગામ ઈંટિયા જઈશ. દરબારશ્રીએ કહ્યું કે જેવી તમારી મરજી. સુખરામબાપુ ગઢમાં ગાય-ભેંસોનું વાસીદું કરતા, સાથેસાથે નાનું મોટું જે કામ બતાવતા તે ખૂબ જ કાળજીપૂર્વક કરતા. રાત્રે બધાં જ કામમાંથી પરવારતા ત્યારબાદ તેઓ ભજનમંડળીમાં જતા. ત્યાં પોતેપણ ભજન ગાતા. સમય જતાં એક સારા ભજનિક તરીકે ખ્યાતિ પામ્યા. સમય કોઈની પણ રાહ નથી જોતો. ભક્તિભાવને તીવ્રતાવાળા સાધક હોવાથી પરમપુરુષ શ્રી બુદ્ધગીરબાપુનો ભેટો થયો.

સદ્‌ગુરુની આજ્ઞા મુજબ છેક ગિરનારથી તેઓ ચાલતા ભમોદરા આવ્યા. હવે તો પોતાની પવિત્રભૂમિમાં રહીને ભક્તિમાં ચાર ચાંદ લગાવવા છે. ભક્તિને પૂર્ણતાથી વરવું છે. પોતાના ખાસ બેઠકઉઠકના સત્‌સંગી પ્રેમજીભાઈ ભલાણીના ખેતરે બરાબર મોડી રાત્રે ગયા. તેઓ વાડીપડામાં જ રહેતા હતા. વિગતવાર વાત કરી. પોતાને પ્રભુભજન કરવું છે એવું જાણીને સુખરામબાપુએ કહ્યું એ મુજબ માથાબૂડ એક ઊંડો ખાડો ખોદી આપ્યો. અને કહ્યું કે હું અંદર બેઠો છું. એ કોઈને કહેશો નહિ. ઉપર હાથલિયા થોર મૂકી દેજો એથી કોઈ મને જોવે નહિ અને માથે છાંયો પણ રહે. સુખરામબાપુ પ્રભુભજન કરવા લાગ્યા. બાપુ મહાપુરુષના કહ્યા મુજબ ભજનમાં બેસી ગયા. આ અરસામાં મોટા ભમોદરા ગામના દરબાર શ્રી ગોલણબાપુનું અવસાન થયું. એમને બે દીકરા, મોટા કાંથડબાપુ અને નાના જીવાબાપુ. બંને ગોલણબાપુની હાજરીમાં જુદા રહેતા હતા. સમય જતાં પ્રેમજીભાઈએ સુખરામબાપુની ભજનભાવની વાત કાંથડબાપુને કહી દીધી. લગભગ એકવીશ દિવસ વીતી ગયા હતા. કાંથડબાપુ રૂબરૂ મળીને એમને ખૂબ જ ભાવથી કહ્યું કે આપ ગામને પાદર પધારો ત્યાં નાની સરખી ઓરડી છે એમાં ભજન કરો અને સત્‌સંગનો લાભ ગામજનોને આપો. સુખરામબાપુ માની ગયા. ત્યાં પધારી ઓરડીમાં રામદેવજી મહારાજની પાલખી અને લીલુડો ઘોડો પધરાવ્યાં. અહીં પછી પરમાર્થની પરબ બાંધીને ઉપાસના સિદ્ધ કરી. રણુજાના રાજા રામદેવપીર એમની વાણીમાં પધારીને વેણે વાતું કરતા. પોતે ભણ્યા હતા નહિ છતાં પરાવાણી અને પરિબ્રહ્મ મૂળજ્ઞાન પ્રગટ્યું. એમની સુવાસ દૂર સુધી ફેલાણી.

**સુખરામબાપુએ કહ્યું એ મુજબ માથાબૂડ એક ઊંડો ખાડો ખોદી આપ્યો. અને કહ્યું કે હું અંદર બેઠો છું. એ કોઈને કહેશો નહિ. ઉપર હાથલિયા થોર મૂકી દેજો એથી કોઈ મને જોવે નહિ અને માથે છાંયો પણ રહે**

વાણીબ્રહ્મની શરૂઆત શ્રી ગણપતિદાદાના ભજનથી થઈ. એ જ સમયે ભણેલા અને અક્ષરજ્ઞાન સારું ખોડાભાઈ દેવશીભાઈ આવતાં એમની પણ ભજનગાવાની હલક સારી હતી. તેઓ બાપુ ભજન બોલતાં અને ખોડાભાઈ લખી નાખતા. "ફેરો સુક્ષ્મણા માળા, દરસોને તમે આદિ દેવ દયાળા રે જી"....

*ગવરીનંદનની ગમ કરી લે,*
*સુમતિ આપે સુંઢાળાજી...*
*જોગ સિદ્ધિકા જીવન જાણો,*
*દુ:ખભંજન હે દુંદાળા...દરસોને.*

એ પછી તો વાણી આવવા લાગી અને સાથે સાથે લોકજીભે ગવાતી રહી.

*"જોગકળાની તમે જુક્તિ જાણો છો,*
*સરવેના કાજ સુધારો રે,*
*નાથ મારા ગણપતિ વહેલા પધારો રે જી...*

મહાન પુરુષ તો દયાના સાગર હોય છે. દરબાર શ્રી કાંથડબાપુના પસાયતા તરીકે ગરાણિયા અટકના આહિર દેસાભાઈ હતા. જેમનું ભાણું દરબાર સાથે પડતું પણ જોગસંજોગે દેસાભાઈને ગળતો કોઢ થયો. એટલે બાપુએ કામની અને સાથે જમવાની પણ ના પાડી આથી પોતે પોતાના ઘરની ફળીમાં ખાડો ખોદીને જીવતાં સમાધિ લેવાની શરૂઆત કરી. દેસાભાઈની બાએ સુખરામબાપુને ચરણે પડીને વિગતવાર વાત કરી. સુખરામબાપુ જાતે ગયા અને અહીં આશ્રમમાં એમને લઈ આવ્યા. જે ઓરડીમાં પોતે રામદેવજી મહારાજની પાલખી સ્થાપી હતી તે રૂમમાં દેસાભાઈને બેસાડી આપેલ મંત્રનો જાપ નિર્ભયતાથી કરવાનું કહ્યું. બધી જ સમજણ મુજબ દેસાભાઈએ કર્યું. ત્રીજે દિવસે પાલખી ઉપર ફણીધર સાપ દેખાયો. એનાથી બીયા વગર પોતે ભજનમાં બેસી રહ્યા હતા. એકાએક આકાશવાણી થઈ અને દેસાભાઈને સંભળાય એમ કહ્યું કે તારો કોઢ મટી ગયો છે. સુખરામબાપુને વિનંતી કરી એ પછી ઓરડીની બહારથી સાંકળ જે બંધ હતી. એ ખોલીને બહાર લાવ્યા. અહીં સુખરામબાપુનો પ્રથમ પરચો સૌએ જાણ્યો અને મહાપુરુષની મહાનતાને હૈયેથી ખૂબ જ ભાવથી સ્વીકારી.

**પરમપુરુષથી જગતજનોનું દુઃખ જોવાતું નથી, અને કળજુગમાં પાપ પણ વધ્યું છે એ પણ એમની નજર બારું નથી. છતાં સૌનાં કલ્યાણ અર્થે પ્રાર્થના રૂપે પોકાર કરીને પ્રભુને જાણ કરે છે ધીરાભગતની કાફીના રાગના એક પદમાં જગતનું સુંદર જેમ છે એમ ચિત્ર રજૂ કરે છે**

ભજન, કીર્તન, ઝિલણિયા, ગરબીઓ, પ્રભાતી ભજનો-ધોળ, રામગીરી અને વિવિધ રાગરાગણીમાં પદોની રચના થવા લાગી. રાત્રી ભજનભાવમાં સુખરામબાપાની વાણી ગવાવા લાગી. એક પછી એક ભજનની હેલી વરસવા લાગી.

*"એવો મનનો ખેલ મોટો રે, બેસે નહિ ધીર તો ધરી,*
*એવું મમતીલું નવ માને રે, વાળ્યું જાય વેગ તો કરી....*
*"જોગી જતિને જપવા નવ દે, ભુલાવી દે ભાન,*
*થાપવા જાય તો સ્થિર ન રહે, ત્રણ ગણું કરે છે તાન."*
*એવું કબજે નહિ આવે રે, મુવા કંઈક મે'નત કરી..."*

આ જ રાગમાં કળજુગ માટે સુખરામબાપુએ ગાયું છે કે :

*"એવો કળજુગ આવ્યો ભારી રે,*
*જાગી જુઓ જુગના પતિ,*
*એવી શરમ તો ગઈ છૂટી રે,*
*મનુષની મુંજવી મતિ...*
*"પાપ પ્રસિદ્ધ પ્રજાતણું,*
*કરવા લાગ્યું પોકાર,*
*અનીતિના તો ઓઘ વળ્યાં,*
*કરવું કેમ કિરતાર.*
*એવા સૂતા સોડ તાણી રે,*
*સીતાવર ઊંઘમાં અતિ...*

પરમપુરુષથી જગતજનોનું દુઃખ જોવાતું નથી, અને કળજુગમાં પાપ પણ વધ્યું છે એ પણ એમની નજર બારું નથી. છતાં સૌનાં કલ્યાણ અર્થે પ્રાર્થના રૂપે પોકાર કરીને પ્રભુને જાણ કરે છે. ધીરાભગતની કાફીના રાગના એક પદમાં જગતનું સુંદર જેમ છે એમ ચિત્ર રજૂ કરે છે. ભક્તને કાંઈ ભેદ લાગે નહિ પણ જગતની અવળી રીતભાત ગમે નહિ. જે કરવાનું છે એ કરતા નથી ને જે ન કરવાનું છે એ કરે છે. અને એટલે જ દુઃખી થાય છે.

*"અદ્‌ભુત વાત એવી રે,*
*જગત કોઈ જાણે નહિ,*
*એવા ફોગટ ફાંફાં મારે રે,*
*સત્ વસ્તુ સૂઝે નહિ...*
*નાય ધોઈને નીમ પાળે,*
*કરમાં લે માળ,*
*કંકુ કેસરને જળમાં ઘોળી,*
*તિલક કરે કપાળ.*
*એવું અંતર ખોટું એનું રે,*
*રામ તો પ્રભુ રીઝેરે નહિ.....*
*પૂજા વખતે પવિત્ર થઈને,*
*પારખત રાખે પાસ,*
*ઈષ્ટ દેવને સનમુખ રાખી,*
*ઊર્મિ કરે ઉદાસ.*
*એવી સ્મરણ તણી શુદ્ધિ રે,*
*માલમી વિના મળે રે નહિ...*

આવી મર્મવાણીથી સૌને વાકેફ કરે ને સાચી વસ્તુની પરખ કરાવે છે. પ્રભુને મેળવવા આવું બધું કરવાની જરૂર નથી એ તો સૌના હૈયામાં બેઠો છે. મારામાં છે એ જ તમારામાં છે. તમારામાં છે જ એજ મારામાં બિરાજમાન છે. માટે કોઈ માલમી કે જાણતલ સમર્થ સંતને શરણે જાવ. એથી એ જન્મમરણનું દુઃખ ટાળશે. પોતાની અંદર જે બેઠો છે એને શોધો, બહાર ભટકવાની જરૂર નથી. વચન રે'ણી ને સતધર્મ પાળો તો રામ રીઝે.

*"પોતામાં પ્રભુ જોને પરગટ રીતે,*
*હરદમ દીયે છે હોંકારો,*
*ગમ રે વિનાના કરે રે ગુલામી,*
*કેમ કરી સૂઝે મુક્તિનો દુવારો..*
*ઘટોઘટ પરગટ પુરુષ પુરાણી,*
*પંચકોષથી રમે છે ન્યારો,*
*વૈભવ વિલાસ જેણે આપ્યા જગતને,*
*પોતે તો રહે છે પરબારો...*
*પડદે રહીને પોષણ કરાવે,*
*જગતનો ઈ છે જિવાડનારો,*
*રમતા રામની કરો ઓળખાણું,*
*હાથે આવી બાજી શીદને હારો...."*

એ પછીના ભજનમાં ચેતવણી રૂપે સાવધાન કરીને ભક્તિ કરવાની યુક્તિ બતાવે છે.

*"મોહ રે મટે ત્યારે મહાસુખ થાવે,*
*ઈશ્વર ભક્તિ અંતર આવે,*
*શીલને સંતોષ આવી રહે નિરંતર,*
*દુબજા ભાવ દિલથી જાવે...*
*આધીન થઈ ગુરુ ચરણે જાવું,*
*સમતાથી જઈ શીશ નમાવે,*
*કર રે જોડીને કહેવું કૃપાનિધિ,*
*જમનો ભય મટી કેમ જાવે...*

આમ છતાં જગત તો જગતની રીતે જ વર્તે છે. ચોટ લાગ્યા વિના પરિવર્તન આવતું નથી.

*"ભૂલી રે દુનિયા ભેદ ન જાણે,*
*પદ નવ પરખે પારખકા,*
*ભીતર બ્રહ્મ સનાતન બોલે,*
*અંક ન સમજે અણઘડકા...*

મન અતિ ચંચળ છે. એ મર્કટની માફક શાંત બેસતું નથી. બધી જગ્યાએ ભટકવાની ટેવ પડી ગઈ છે. સંતમહાપુરુષ સાચું કહે છે પણ જીવને સમજાતું નથી. એને તો વિષયો જ ખૂબ ગમે છે. અનંત જન્મનો અભ્યાસ ખરોને ?

*"સોહમ સાહેબ સબ ઘટ બોલે,*
*દેખ તમાસા ઈસ તનકા,*
*જાનનેવાલા જાહેર ખેલે,*
*અણસમજુકુ હે ભટકા...*
*ઉસ પુરુષકી કરલે આશા,*
*ઓર પંથ સબ પાખંડકા,*
*આદ્ય પુરુષકુ આપ ન દરસે,*
*જુતા ખાવે જઈ જમનકા...*

આવાં અનેક ભજન પદો ચેતવણીરૂપે, જીવભાવરૂપે, આત્મજ્ઞાનરૂપે, તત્ત્વજ્ઞાનરૂપે,બ્રહ્મ પરિભ્રમણરૂપે અને બહાર ભટકવાથી કાંઈ પ્રાપ્ત થતું નથી. એવા બોધરૂપે પદની રચના જોવા મળે છે.

ગામ વેળાવદરના ભાવિક ભક્તોનું માન રાખી રામકથા સાંભળવાનું આયોજન ગોઠવાયું. એ ગામના માથાભારે ખોડાભાઈ ચાંદસુર જે મોટો ડાકુ, ચોર અને લૂંટફાટ કરતો હતો એને રાત્રે રામદેવપીરના પરચાનો અનુભવ થયો. દર્શન થયાં. આ સંતની પ્રાર્થનાનો પ્રતાપ. સવારે સુખરામ બાપાના ચરણોમાં પડી માફી માગી અને સુખરામબાપુની સેવામાં મોટાભાઈના દીકરાને અર્પણ કર્યો. સુખરામબાપુની ખ્યાતિ અને સત્સંગની, ભજનોની સુવાસ ચારો તરફ પ્રસરી હોવાથી મોટા મોટા લોકો બાપુના સેવકો બન્યા. ગામ ચરખા(ચાંપરાજવાળાનું) ત્યાંના દરબારે એક કણબીનું કારણવસાત્ ખૂન કર્યું. હાદાભગત ગઢમાં કામકાજ કરતા હતા. એ વખતે પોલીસ થાણે દરબારે કાવતરું રચીને હાદાભગતને જેલમાં મોકલી દીધા. હાદાભગત સુખરામબાપુની પ્રાર્થના કરે છે અને માનતા પણ માને છે કે આ દેહ રહેશે ત્યાં સુધી હું ભમોદરા જગ્યામાં સાધુસંતોની સેવા કરીશ. આમ હાદાભગતને જેલમાંથી નિર્દોષ છોડાવ્યા.

**પ્રસંગો હજારો છે જે લખવા બેસું તો પાનાંનાં પાનાં ભરાય જાય. મૂળ વાત એ કે જે પરાવાણી સુખરામબાપુના મુખેથી "સુખ વિલાસ" નામે અનરાધાર વહી એની જ મજા અને નિજાનંદ માણવાની મોજ અનેરી છે**

પછી તો પુત્ર માટે, બીમારી માટે અનેક પ્રકારની સંસારી દુઃખ, પીડા દૂર કરવા દૂર દૂરથી લોકો આવવા લાગ્યા. કાઠી દરબાર, કણબી, વાળંદ અને ગામધણીને ત્યાં પારણાં બંધાણાં. દીનદુઃખિયાના દુઃખ દૂર કર્યાં. અનેક સંસારી વિટંમણાઓ લોકોની દૂર કરી. ચિત્તલગામથી થોડે દૂર મોણપરના મંગળજીભાઈ લુવાણાનું દુઃખ મટાડ્યું. ભૂતપ્રેતને મુક્તિ આપી એમને સુખી કર્યા. મંગળજીભાઈને કાળના મુખમાંથી બચાવ્યા. સત્સંગ અને ભજન અર્થે કોઈ એવું ગામ નહિ હોય કે જ્યાં પોતે ગયા ન હોય, જુદા જુદા સંપ્રદાયના ગાદીપતિ ને આચાર્યો સાથે સત્સંગ કરી પોતાની ધર્મભાવના, ઐક્ય, ભેદાભેદ વગેરેના પંથાપંથીની ખેંચતાણ મટાડી. અહીં આવા પ્રસંગો હજારો છે જે લખવા બેસું તો પાનાંનાં પાનાં ભરાય જાય. મૂળ વાત એ કે જે પરાવાણી સુખરામબાપુના મુખેથી "સુખ વિલાસ" નામે અનરાધાર વહી એની જ મજા અને નિજાનંદ માણવાની મોજ અનેરી છે.

પાળિયાદના મહાન સંત એકવાર ભમોદરા દરબારશ્રી ભોજબાપુના મહેમાન બન્યા. સવારે જંગલ જવા ગયા ત્યારે રામાપીરનો લીલો નેજો રામાપીરની જગ્યામાં જોયો. ગઢમાં વળતી વખતે નહિ જતાં સુખરામબાપુ પાસે આવ્યા. સૌને જાણ થતાં આશ્રમમાં દોડી આવ્યા. અહીં બંને મહાપુરુષ

વચ્ચે સત્સંગ થયો. બપોરે એમની સાથે પ્રસાદ ગ્રહણ કર્યો. અને સૌ દરબારો તેમજ ભાવિકજનોને ઉદ્દેશીને કહ્યું કે "જેવા ખાચરોમાં વિસામણ પીર છે એવા જ ખુમાણોમાં આ મહાપુરુષ સુખડોપીર છે." સમય તો સમયનું કામ કર્યે જ જાય છે.

ધોબા ગામનાં સીમાડે કાંથડબાપુએ પોતાની હયાતીમાં એંશી વીઘા જમીન આપી હતી દાનમાં. આ જમીનનો વિવાદ એમના સ્વર્ગવાસ પછી થયો. લખાણ સાદું અને કાચું હતું. જે દસ્તાવેજ કરવામાં માન્ય ના ગણાય. સા.કુંડલા કોર્ટમાં કેસ થયો. ત્યાંના ન્યાયાધીશ સુરતના વતની ઈશ્વરલાલ હતા. તેઓ સાધુ સંતો અને બાવાઓનું જેમતેમ બોલ્યા ન બોલવાનાં વેણ કીધાં. આથી સુખરામબાપુને ખોટું લાગ્યું. ચુકાદો મુલતવી રાખ્યો. સુખરામબાપુએ શ્રીરામદેવજી મહારાજને પ્રાર્થના કરી. ન્યાયાધીશને એમને બંગલે અવનવા અનુભવ થયા. રામદેવજી મહારાજનાં દર્શન થયાં. બસ એ જ વખતે સુખરામબાપુના ઉતારે ગયા. દર્શન કરીને માફી માંગી. બીજા દિવસે જમીનનો ન્યાય આપી દસ્તાવેજ કરવાની ખાતરી આપી. અને કાયમી ધોરણે આશ્રમની માલિકી રહે એવું લખાણ આપ્યું. આવા ઘણા સુરતને બીજા ગામના પરચા પૂરી સૌને સુખી કર્યા અને સત માર્ગે વાળ્યા.

**ન્યાયાધીશને એમને બંગલે અવનવા અનુભવ થયા. રામદેવજી મહારાજનાં દર્શન થયાં. બસ એ જ વખતે સુખરામબાપુના ઉતારે ગયા. દર્શન કરીને માફી માંગી. બીજા દિવસે જમીનનો ન્યાય આપી દસ્તાવેજ કરવાની ખાતરી આપી**

ભજનમાં જાતિપાતિ, ભેદભાવ વગેરેનો ચોક્કસ ઉલ્લેખ કરી આત્મસ્વરૂપ એક જ સૌનું છે. શરીરનો ઘાટ જુદો છે. પણ આત્મા એક છે.

*'તમે દોઈ દિનકુ માનો,*
*વામે અધિક ન્યુન નહિ જાનો રેજી...*
*રામરહીમ અક્ષરમેં પરખો,*
*સોયંમ રૂપ હે સરખો રે જી...*
*દોઈ દેખો તો લાવો દાખલો,*
*વાંચીને વેદ કુરાનો...*
*...લાયલ્લા, સોહંમ એક કહાવે,*
*સુરતી કલામ સુનાવે રે જી,*
*મુકરલ્લી મોમીન ભરોસા હિન્દુ,*
*અંધા તું ક્યું અથડાનો..*

રાગ-કલ્યાણ-કીર્તન પ્રાર્થનાના રૂપમાં કેવું અદ્ભુત છે?

*"જળહળ નેજા જેની નજરમાં*
*પરગટ પીર રામદેવ કેરા...*
*ભૂતપ્રેત તેને ભાળીને ભાગે,*
*જે સેવક પીરું કેરા,*
*જમ કિંકરનું જોર ન ચાલે,*
*નિશ્ચય નહિ આવત નેરા...*

આ જ રાગમાં કીર્તન જમુનાજીના ગુણગાન સાથે કેટલું મધુર અને સુંદર છે.

*"મહાદાની જમુના જગમાંહી,*
*સેવક હું હે સુખદાતા...*
*આશ કરી કોઈ આવે ચરણમેં,*
*નેણે નિરખે શ્યામલ ગાતા,*
*ધર્મ અર્થ અરૂ કામને મોક્ષ,*
*ચારે ફલ પલમેં પાતા...*

કીર્તનમાં પણ કવ્વાલી રાગની મજા કંઈક ઓર છે. જે ભીતરમાં ભાવ જગાડે છે.

*ભજીલે રામજી પ્યારા,*
*જગત સેં હોય જા ન્યારા,....*
*સમદમથી મનનેવાળી,*
*જ્ઞાનરૂપી જળમાં ગાળી,*
*સોહમ બ્રહ્મ સાધ એક તારા,*
*નિશ્ચે તેરા હોય નિસ્તારા...*
*માળા રઘુવીરને વાલી,*
*સુવાસો જાય નહિ ખાલી..*
*ભક્તિના ભેદ ને જાણી,*
*વરતિને નીમમાં આણી,*
*દમનના દોરને જાલી,*
*અધરધર રસ્તે ચાલી....*
*માથે વાગે મોતના ડંકા,*
*મૂરખને મન નહિ શંકા...*
*વિષય સુખમાં રહે રાજી,*
*ગઈ છે હાથથી બાજી,*
*પરસ્યો નહિ ગંગ કે મક્કા,*
*ખાશે અંતે જમના ધક્કા...*

સુખરામબાપુ અભણ હોવા છતાં પદોનું લાલિત્ય અદ્ભુત ઊભરી આવે છે. તેઓ ગીતા, રામકથાનો અભ્યાસ



બ્રાહ્મણોનાં બાળકોને કરાવતાં. નાનીનાની દીકરીયુંને રાસ-ગરબા કેવી હલકથી ગાવા તેમજ શરીરથી તાળી પાડતાં તાલમાં રહીને નૃત્યના મરોડોમાં ગોળગોળ ફરીને જુદાજુદા રાગ-રાગિણીમાં લચક લેવી તે સૌને શીખવતા હતા. કીર્તનમાં સંયાનો કનડો, ધનાશ્રી રાગ, આશાગોડી તો વહેલી સવારે, બીજા પ્રહરમાં રાત્રે વગેરે સમય અનુસાર જુદાં જુદાં પદો ગાવા એ પણ શિખવાડતા. એમાં પરજ કીર્તન, લાવણી કીર્તન ગાઈને પ્રભુને પ્રાર્થનાના રૂપમાં, એક વિનંતીના રૂપમાં ગાવાની મજા તો જાણતલ ભજનિકને જ હોય !

*“મુને રાંક જાણી રઘુનાથ, ચરણમાં રાખો,*
*મારી ભૂલચૂક ભગવાન, જાણી મત ઝાંખો....*
*મારું ચિત ફરે ચહું ઓર, ધીરજ નથી ધરતું,*
*આપ મળ્યા વિના મહારાજ, હાલે છે ભટકતું...*

રાગ-બનજારામાં કીર્તનની કૃષ્ણભક્તિ માટેની છાયા-હલક-તાલ અને સૂરનું માધુર્ય તો વૈષ્ણવ હોય એને જ ખબર પડે.

*“હવે મોહન માયા ઉતારી,*
*વન વિષે ગયા ગિરધારી...*
*કેવા રાસ મંડળમાં રમતાં,*
*સર્વે ગોપીથી અમે ઘણું ગમતાં રે,*
*કાકે વેરણ થઈ વ્રજનારી,*
*વન વિષે ગયા...*

અરે! કાંતભાવનું કીર્તન જે પણ બનજારાના જ રાગમાં છે એ તો ચૈતન્યપ્રભુ(બંગાળમાં થઈ ગયેલા) મહાપ્રભુની નિજાનંદ મસ્તી અને જે રાધાભાવ ધારણ કર્યો હતો એ પણ મહાભાવના આનંદની મોજ માણી હોય એને જ ખબર પડે. પોતાના નૃત્ય કીર્તનથી સમગ્ર ભારતને ઘેલું કરેલું એવા અહીં જ ગુજરાતમાં મહાન ભક્તો થઈ ગયા. જેમના કીર્તનો ઘરેઘરે ગવાય છે.

*“હું તો સૂતી’તી ઝબકીને જાગી,*
*વનરાવન મોરલી વાગી...*
*મને કામ ન સૂઝે કાંઈ,*
*હું તો ઘેલી ફરું ઘરમાંહી રે,*
*મને લગન લાલથી લાગી,*
*વનરાવન મોરલી..*

આત્મજ્ઞાનના, બોધને ચેતવણીરૂપે ખરી આધ્યાત્મિક વસ્તુ બતાવી છે. ભક્તિમાં ડગલે ને પગલે આવરણોને અવરોધ આવવાના પણ સાચો ભક્ત સદ્‌ગુરુની મહેરથી બીતો નથી. એ તો વચનને પ્રાણસાટે પાળીને બસ આગળ ચાલ્યો જ જાય છે. એટલે તો એક કીર્તનમાં કહ્યું છે કે :

*“ભ્રાંતિ મટે ત્યારે ભય ટળે,*
*સુજે સરખું સ્વરૂપજી,,,*
*આવરણમાં અટકે નહિ.*
*તત્‌પદ દેખે તદ્‌રૂપજી...*
*વિશ્વમાં જે વ્યાપી રહ્યો,*
*સર્વે તેનું સ્વરૂપજી,*
*બાગનાં ઝાડ બહુ ભાતનાં,*
*પોષણ કરે એક કુપજી...*

સદ્‌ગુરુ સંતની અઢળક જ્યારે સાધકપર (સેવકપર) થાય છે ત્યારે રાગ-ગઝલને માણે.

*“રણુંકારમેં ઝણુંકારા,*
*સૂણે કોઈ રામકા પ્યારા..*
*ધીરજથી ધારણા ધારી,*
*મેવાસી મનકુ મારી,*
*કરમકી મૂલ કટધારી,*
*જગત સેં હોય જો ન્યારા...*
*સિદ્ધાસન સહેજસેં કરના,*
*સુરતકુ મધ્યમેં ધરના,*
*શુકરકી સીડી બંધ કરના,*
*એહીં હે મુક્તિકા દ્વાર.....*

કીર્તનપદોની નિજાનંદ મસ્તી તો દેવોને દુર્લભ છે. તો એક પછી એક ઝીલણિયા કૃષ્ણને રાધા-ગોપી ભાવના ઓછા ઊતરે એમ નથી. અંતરના તાર ઝણઝણાવી દે વગર યોગે-યોગક્રિયાએ અષ્ટસાત્ત્વિક ભાવને જગાવી દે છે.

*“જેમાં ચારે વેદનો છે સાર રે,*
*વનમાંહી વગાડે વાલો વાંસળી...*
*શિવબ્રહ્મા સ્મરણ તજી સાંભળે,*
*સ્થિર થયાં જમુનાજીનાં નીર રે..*
*વ્રજવનિતા વ્યાકુળ થઈને ફરે,*
*કાંઈ ન સૂઝે ઘરના કાજ રે...*

રાધા-કૃષ્ણની વડછડનાં પદો પણ એટલાં જ મધુર અને અદ્‌ભુત છે. ગોપીઓના ઠપકા અને મીઠાં વેણ-કવેણનાં પ્રેમ જતાવતાં પદો અલૌકિક છે.

*“કુબજા મન મેલી જોજો નારી, કુબજા મન મેલી..*

એક ગોપી કહે વાત છે સાચી, એ જી રે ધુતારીને મેં તો કળી’તી પે’લી...

ભક્તનો મહાભાવ થોડો ઓછો છે ? ઈ તો પ્રાણ પાથરી દે છે પોતાના ઈષ્ટ માટે, અને ક્યારે રાધાભાવમાં કે ગોપીભાવમાં આવી જાય છે એ ખબર રહેતી નથી.”

*“જન્મ માગું વ્રજવાસમાં, વિધિ દેજો રે,*
*મારા મનની ધારણા એહ પૂરી કરજો રે...*
*દૂધ દહીં છે અતિ ઘણાં નિત્ય જમવાને,*

*તીહાં જાજો ગોવાળુંનો સાથ, સંગે રમવાને...''*

રાધાજીના ભાગ્યની, કૃષ્ણ સાથે નિકટતાની ઈર્ષા પણ આવે અને ભીતર મીઠીમીઠી વેદના પણ ઊપડે છતાં રાધાજી પ્રત્યે ગોપીઓને કે વ્રજવનિતાને અભાવો ના આવે. રાધા તો સૌમાં અગ્રેસર છે. એની વાત ન્યારી નિરાળી છે. એના ભાવની ચરસસીમા સુધી પહોંચવું એટલે લોઢાના ચણા ચાવવા બરાબર છે. એ રાધાભાવ-વેદના, લાગણીઓ-તડપન-વિહ્‌વળતા, સમર્પણતા, પ્રાણન્યોછાવર કરવાની આવડત અને સતત પ્રેમમય (તેલધારાવત્) વહેતાં વિરહનાં પ્રેમનાં આંસુ ક્યાંથી લાવવાં ? માટે તો કહે છે કે : રાધે બડભાગી, જોજો સખી, રાધે બડભાગી...કૃષ્ણ સેવામાં કાયમ રહેવું, એ જી રે મનમાંથી છળકપટ ત્યાગી...ત્રણ ભુવનના નાથની પાસે, એ જી રે મનગમતી મોજું લિયે માગી...

તો કૃષ્ણ થોડા ઓછા ઊતરે એમ છે ! એની વાત તો સૌથી અનેરી ને અદ્‌ભુત છે. કૃષ્ણ : ઊભી રહેને ગોવાળણી, કાંક કે'વું છે, હેઠા ઉતારને મહીના માટ, ગોરસ લેવું છે... રાધાઃ મફત મહી કાના નહિ મળે વિચારોને, છેટા રહેજો નંદકુમાર ગાયુ ચારેનો...કૃષ્ણ પ્રભુને ઓળખવા એમ સહેલા નથી. એને તો એના ભક્તો બહુ ગમે અને એમની આગળ પોતાનો ભેદ ખોલીને ખુલ્લા પડે. બાકીના તો વિચારતા જ રહે...

*''અગમ ભેદ છે ભારી પ્રભુજીનો,*
*અગમ ભેદ છે ભારી...*
*મોટા મુનિઓના રે માપમાં ના'વે,*
*શું તો જાણે સંસારી...*
*જપ તપ જોગ ને જગન કરે તોઈ,*
*સ્વપ્ને ના'વે મોરારિ... વ્રત કરે*
*અન્નજળને ત્યાગી, કળા ન કળે કિરતારી...*

સીતારામ ગુણગાન ગાવામાં સાતેય કોઠામાં નૂર પ્રગટાવી ને પરબ્રહ્મની મોજ પ્રસરાવી દે નખશિખ.

*''રઘુવર ચરણ ઉપાસી,*
*અમે તો રઘુવર ચરણ ઉપાસી..*
*તીરથ વ્રત તે ચરણુંમાં જાણું,*
*ગંગા જમુના કાશી,*
*જે રે ચરણરજ શિવજી સાધે,*
*હંમેશ રહેત હુલાસી...*

સુખરામબાપુની સુરતામાંથી કાંય બહારું છે જ નહિ. એ તો ગંગાજળથી પણ પરમાર્થની મહા પરબ લઈને બેઠા છે. પીવાવાળા ક્યાં ? ઝીલવાવાળા ક્યાં મળે? ગાવાથી તો ગળાની મીઠાશ ઉપજે પણ હૈયામાં, મનમંદિરમાં જ્યારે હોંકારો આપે ત્યારે જ ખરી ભક્તિ કહેવાય. બાકી તો

*''ગાય એ ગાય છે ને ગાય ઘાસ ખાય છે.''*
*''રામચરણ સુખકારી, મેરે મન, રામચરણ સુખકારી..*
*હાથ બાજી કાં હારો, હરિજન, હાથ બાજી કાં હારો...*
*આદ્ય પુરુષ અવિનાશી, ઘટમાં,*
*આદ્ય પુરુષ અવિનાશી..*

સુખરામ બાપુ તો પોતે ગરબી લેતા અને લેવડાવતા, ખૂબ જ ખંતથી સૌને શીખવતા. પવાના - રાગની ગરબીનું માધુર્ય અનોખું ને અનમોલ છે. ''જળ રે જમનાજીનાં ઝીલવાં, મોર્ય ચાલ્યા મહારાજ, સાથ લીધો છે ભેળો સંતનો, ચતુરંગી નિજ નિજ સાજ..ધેં'ધે નોબત વાગે છે ધૂનની, છત્રીશ વાજાનો અવાજ, છતર ફરે છે માથે શામને, ચમર કરે છે સમાજ... રામદેવજી મહારાજ પોતાના ઈષ્ટદેવ એને તો કેમ ભૂલાય? સંતોને ભેદાભેદ હોતો નથી એને બધાં સ્વરૂપો એક જ હોય છે.'' હાથીનાં પગલાંમાં બધાં જ પગલાં સીમિત.''

*''પરગટ થયા છે પ્રભુ પીરાણી,*
*ગામ રણુંજે આવી રે,*
*મોરધ્વજ દેશ પર મહેર કરીને,*
*અચળ ગાદી જમાવી રે...*

બીજી એક ગરબીમાં એના જે ભક્તો છે એની ભેરે રહીને આ અસારસંસારથી તારશે.

''જેની ભેરે ભાલાળી વાર છે, તેને પુત્ર અને પરિવાર છે. પીરાણી, જેની ભેરે નીમ ધરીને જે સમરે નકળંગને, અજમલ કુંવર તેને તારશે...દોર બાંધીને તમે જો દેવળમાં વાલાતણું ત્યાં વિશ્રામ છે...નેન કમળથી નીરખજો નાથને, સ્વરૂપ જેનું ઘનશ્યામ છે...અનુભવી હશે તેને ઈ ઘર જડશે, નેશ્ચલ પુરુષ નિરાધાર છે...પીરાણી....''

વહેલી પરોઢે ગવાતાં પ્રભાતિયાં ધોળ તો મડદાને પણ બેઠાં કરી દે, પ્રાણ પૂરી દે, ગમારને જ્ઞાનવાન બનાવી દે. પૂરા બ્રહ્માંડના રચિયતાને એનું સર્જન પંચતત્ત્વો વેદ સર્જન વગેરે બ્રહ્મત્વની ગૂંથણી અને સમગ્રતાને આવરી લેતી અદ્‌ભુત ને અતિ મૂલ્યવાન પ્રભાતિયું ગાયા વગર રહેવાતું નથી.

*''આદ્ય ઑંકાર જે પ્રગટ થઈ પરવર્યો,*
*મનન કરતાં જેનું માપ ના'વે...*
*ચૌદે બ્રહ્માંડમાં જડને જગાવીયા,*
*ચેતન કીધા એમ વેદ ગાવે..*
*જળ ઈ થળ ઈ છે અગ્નિ આપે થયો,*
*પવનરૂપે થઈ સુગંધ લાવે..*
*તેજનું તત્ત્વ તે તેહને જાણવો,*
*માણવો મર્મ તે એક ભાવે...*
*આકાશરૂપે થઈ સર્વજીવ વિષે રહી,*
*અનંત આવરણ જેને અંગ ના'વે...*

*બોલના તોલનો મર્મ જાણ્યા વિના,*
*સુખદાસ જીવને સુખ ના'વે....*

વહેલી પરોઢે રાજકોટ આકાશવાણી પરથી જે મુગુટલાલ જોષીના કંઠથી પ્રચલિત પ્રભાતિયું ગવાય છે એ આખા ગુજરાતનું લોકકંઠે ગવાતું પ્રભાતિયું બન્યું છે.

*"ભાલાળા પ્રભુ તમે ભેરે રેજો,*
*રામ રણુંજાવાળા રે... દેવ દ્વારકાવાળા રે..*
*કળજુગમાં બીજું કોણ ઉગારે,*
*અદ્દ્ભુત ખેલ અત્યારે રે,,*
*વિઘન સઘળાને કોણ વારે,*
*નજર કરોને નેજાળા રે...*

ગામડાંગામમાં રાત્રે ભજનભાવ હોય ત્યારે સુખરામબાપુનાં ભજનો અચૂક ગવાતાં હોય છે. જે જે ખ્યાતનામ ગાયકોને ભજનિકો છે એમના કંઠે અને રામસાગરના સૂરે સુખરામબાપુની વાણી ગવાય છે.

*"મેર કરીને મુને મોહન મળજો,*
*લટકાળા નંદબાળા રે..."*
*"રાધેકૃષ્ણ કહો મન મેરા,*
*મટે ભવકા ફેરા રે...જુગલ જોડી જગત પીતુ માતા,*

...પ્રભાતી-ધોળ રાગમાં આખી રામકથાને ગાય છે. "મંગળ મૂળ જગતની રે માતા, જેને ભજે મુનિ સહિત વિધાતા-૧ માતાકુંતાને ઉમૈયા જેવા, જનકકુમારીની કરે છે સેવા-૨. હનુમાન ગોરખ જાલંધર જોગી, સીતા કૃપાથી બ્રહ્મરસ ભોગી...૩. અને પછી રામકથા ધોળ રાગમાં" ફોજ ચડી રઘુનાથની, ગઢ લંકામાં જાય રે. ૧.રીંછ વાંદરને જોઈને, અવની અકળાય રે...

પ્રભાતી ધોળ રાગમાં-ગુરુજીને સેવકના સત્સંગથી પ્રશ્નો અને જવાબનાં પદો એટલાં જ પ્રચલિત ને લોકજીભે ગવાય છે.

*"ગુરુજી કહે સેવક ધરો કાન,*
*સંદેશો સતલોકનો,...*
*સાખી -નિગમ પ્રમાણે વરતવું,*
*અહિંસા પાળવો ધરમ,*
*જીવદશાને ટાળજો રે,*
*સેવક કોઈ નડે નહિ કરમ....*

અનેક ભક્તિભાવનાં ભજનો, કીર્તનો, ઝીલણિયાં, ગરબીઓ, પ્રભાતિયાં, ધોળ વગેરે જુદા જુદા રાગોમાં આઠ પ્રહર મુજબ ગવાતાં- સમય સમયના રાગરાગણી સાથેના અદ્દ્ભુત પદોની રચના એમણે કરી જગતને, સેવકગણને સુખવિલાસ તરીકેની પરમાર્થ પરબની ભેટ આપી. અઢારે વરણના લોકોનાં દુઃખ, આવરણો, મુશ્કેલીઓ દૂર કર્યાં છે. છેક રાજસ્થાનની ધરણી જ્યાં અલ્વર શહેર છે. ત્યાં ભમોદરાના શ્રી દેસાબાપુ અને આલાબાપુને પરચા પૂરીને કાર્ય પૂરું પાડ્યું. અનેકના અસાધ્ય રોગ મટાડ્યા છે.

શિષ્ય-સેવકોનો બહોળો સમુદાય મૂકીને સંવત ૧૯૯૭ના અષાઢ વદ-૪ને શનિવારના રોજ જ્યોત-ભક્તિની જ્યોત મહાજ્યોતમાં મળી ગઈ. આશ્રમમાં દરવરસે નિર્વાણ તિથિ ખૂબ જ ભક્તિભાવ-ને ભજનિકોના કંઠે ગુણગાન સાથે ધામધૂમથી ઉજવાય છે. એમની ભક્તિનો વેલો ખૂબ ફૂલ્યો ફાલ્યો. નૂરાપીર-ગરીબદાસબાપુ, ઘોબા આશ્રમ અને ધારગામમાં શ્રી લક્ષ્મણબાપુ ગુરુશ્રી સુખરામબાપુનો સ્થાપેલ રામદેવ આશ્રમ ભક્તિની સુવાસ ફેલાવે છે. આજના સમયે જ્યાં જ્યાં આશ્રમો સ્થપાયા ને સેવકો જે છે ત્યાં ચોથી પેઢી હવે તો ચાલે છે.રામજીભગત ગામ પાટી. મોટા ભમોદરામાં ત્યાર બાદ ઉકારામબાપુ ગાદી પર બિરાજમાન થયા. સુખરામબાપુનો વેલો ભાવનગર-શોભાવડ ત્યાંથી કચ્છ-ગાંધીધામ, સુરત, અમદાવાદ-અમદાવાદમાં ગામ ગોમતીપુર પાસે મુખ્ય રસ્તા પર મોટી સોસાયટી બની એનું નામ "સુખરામનગર" રાખવામાં આવ્યું. આમ ભક્તિની જ્યોત સદાને માટે પ્રજ્વલિત થઈને અખંડ રહી છે. એમની અને એમનાં પદોની સુવાસ સદાને માટે લોકકંઠે ગવાતી રહેશે. પરાબ્રહ્મવાણી નિત્ય અખંડ અમર ને નિજાનંદ આપનારી રહેશે.

*એ-૧૪, હરિઓમનગર સોસાયટી,*
*રમેશનગર પાસે, ઈન્ડિયા કોલોની,*
*ઠક્કરબાપાનગર રોડ, અમદાવાદ-૩૮૨૩૫૦.*
*મો. ૯૯૭૮૮૦૩૦૧૪*



# ગુજરાતની ચેતન - જીવંત સમાધિઓ

*- ભૂપેન્દ્ર મો. દવે*

મૃત્યુ એટલે મરણ. એટલે અવસાન એટલે નિધન એટલે નિર્વાણ એટલે મહાનિર્વાણ એટલે પરિનિર્વાણ એટલે સ્વધામ જવું તે.... આ બધા હિંદુ અને બૌદ્ધ અને જૈન ધર્મના શબ્દોનો એક જુદો અર્થ છે. મરણ શબ્દ સૌથી પ્રચલિત છે. મરણ વિશે ભગવત ગીતામાં કહેવાયું છે કે જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ, ધ્રુવં જન્મ મૃતસ્ય ચક્ર, જે જન્મે છે તેનું મૃત્યુ અવશ્યંભાવી છે. બૌદ્ધ ધર્મનો નિર્વાણ શબ્દ સૂચક છે. વાણ એટલે દીવાની વાટ. જ્યારે દીવામાંથી તેલ ખૂટી જાય છે ત્યારે વાટમાંથી પ્રગટતી અગ્નિજ્યોતિ તદ્દન સ્થિર, સીધી અને અચલ થઈ જાય છે પછી ધીમે ધીમે એ જ્યોત બેસતી જાય છે અને જરા ભભકીને હોલવાઈ જાય છે. નિર્વાણનો આ જ અર્થ છે.

મરણ અંગે વેદ વ્યાસ (મહાભારત શાંતિપર્વ) મહાભારતકાર કહે છે : ''સંપૂર્ણ સંગ્રહોનો અંત વિનાશ છે, સઘળી ઉન્નતિઓનો અંત પતન છે, સંયોગોનો અંત વિયોગ છે અને જીવનનો અંત મરણ છે.'' (મહાભારત ૧૨/૨૬/૩૦)

મૃત્યુને કદાચ સૌથી વિશેષ સમજતા હોય તો તે છે જૈનો અને હિંદુઓ. જૈનોમાં સંથારો છે. સંથારો એટલે ખાવાનું, પીવાનું, ઔષધિ આદિ લેવાનું બંધ કરવાના. દેહ જ્યોતિ બુઝાતી જાય, નિર્વાણ થઈ જાય, બસ એ જ દેહાંત, એ જ દેહાવસાન ! જૈનોના સેંકડો સંતો - મુનિઓએ સંથારો કરીને દેહત્યાગ કર્યો છે.

સંત વિનોબા ભાવેએ સંથારો કર્યો હતો. ગોપીચંદ વાલેચા નામના એક વેપારી ગૃહસ્થે મુંબઈ હાઈકોર્ટની નાગપુર બેન્ચમાં રિટ પિટિશન દાખલ કરી હતી કે વિનોબાની જિંદગી અતિ મૂલ્યવાન છે અને તેમને બચાવવામાં આવે. કારણકે વિનોબાએ ખોરાક અને પાણીનો ત્યાગ કર્યો હતો. કોર્ટે આ રિટ દાખલ કરી નહીં અને વિનોબાનો દેહાંત થઈ ગયો. કે.પી.એસ. મેનન આઈસીએસ હતા. ભારતના રાજદૂત હતા. એમણે પાલઘાટના એમના નિવાસસ્થાને જ દેહત્યાગ કર્યો. ખાવા-પીવાનું અને દવા બંધ કરી તેમણે કહ્યું કે મારે હોસ્પિટલમાં નથી જવું, મારા કુટુંબીજનો વચ્ચે જ, પરિવાર વચ્ચે જ હું આનંદથી મરવા માગું છું, અને અંત આવ્યો ત્યાં સુધી એમને હોશ હતા. એ ઘરમાં જ શાંતિથી મર્યા.


**આદ્ય શંકરાચાર્યજીએ પૂર્વ સંસ્કાર બળથી આઠમે વર્ષે સકલ શાસ્ત્રોનું અધ્યયન પૂર્ણ કરી સોળમે વર્ષે ભાષ્ય લખ્યું. હિન્દુ ધર્મની રક્ષા કરી, તેમણે ૩૨ વર્ષની વયે કેદારનાથમાં લીલા સંકેલી લીધી હતી**

હિન્દુ ધર્મમાં પરંપરાથી અનેક સાધુ-સંતો, મહંતો, સન્યાસીઓ અરે વિરક્ત સંસારીઓએ પણ જીવતા સમાધિ લીધી હોવાના ઐતિહાસિક પુરાવાઓ બોલે છે.

સૌ પ્રથમ સીતાજીએ ભૂમિમાં જીવંત સમાધિ લીધી હતી અને ત્યાર પછી સ્વયં ભગવાન શ્રી રામે પણ સરયૂ નદીમાં જળસમાધિ લઈને પ્રાણાંત કર્યો હતો. શ્રી રામચંદ્રજી પરમધામ જવાનો નિશ્ચય કરે છે ત્યારે અયોધ્યાના પુરવાસી પશુ-પક્ષી સર્વે ભગવાનની સાથે પરમધામ જવા તૈયાર થઈ જાય છે. વિષ્ણુસ્વરૂપ રઘુનંદન સાથે સમગ્ર જન સમુદાયે સરયૂમાં જળસમાધિ લીધી છે. મહાભારતકાળે ઈચ્છામૃત્યુના અધિકારી ભીષ્મ પિતામહનું મૃત્યુ બાણોની શૈયા પર થયું હતું.

હવે કળિયુગની વાત કરીએ. આ કળિયુગમાં પણ એવી એવી વિભૂતિઓ થઈ ગઈ છે જેમને લાગ્યું કે પોતાનું જીવનકાર્ય - અવતાર કાર્ય પૂર્ણ થયું એટલે એ વયમાં પણ સ્વેચ્છાએ જીવતા સમાધિ લીધી છે. સંત જ્ઞાનેશ્વર, સંત હોથીજી, ભાણ સાહેબ, જેસલ-તોળલ, માલદે-રૂપાંદે આદિ ગણાવી શકાય. ઘણી સતીઓએ પોતાના અંગૂઠામાંથી અગ્નિ પ્રગટાવી દેહત્યાગ કર્યો છે, અનેક સતીઓએ જૌહર કરીને પ્રાણ ત્યાગ કર્યો છે.

આદ્ય શંકરાચાર્યજીએ પૂર્વ સંસ્કાર બળથી આઠમે વર્ષે સકલ શાસ્ત્રોનું અધ્યયન પૂર્ણ કરી સોળમે વર્ષે ભાષ્ય લખ્યું. હિન્દુ ધર્મની રક્ષા કરી, તેમણે ૩૨ વર્ષની વયે કેદારનાથમાં લીલા સંકેલી લીધી હતી. અગાઉ કહ્યું તેમ સંત જ્ઞાનેશ્વર માત્ર આઠ વર્ષની વયે પૂર્ણતાને પામ્યા. ૧૫ વર્ષની વયે



ગીતાભાષ્ય લખ્યું જે જ્ઞાનેશ્વરી ગીતા તરીકે પ્રસિદ્ધિ પામ્યું. સંત જ્ઞાનેશ્વરે ૨૧ વર્ષની ઉંમરે સમાધિ લીધી હતી. અન્ય મહાપુરુષોના આયુષ્ય વિશે જોઈએ તો ચૈતન્ય મહાપ્રભુજી ૪૮ વર્ષની વયે ધામમાં ગયા. સંત તુકારામે ૪૨ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. સ્વામી રામતીર્થે ૩૩ વર્ષની ઉંમરે ગંગાજીમાં જળસમાધિ લીધી હતી. મીમાંસા શાસ્ત્રના પ્રખ્યાત વિદ્વાન કુમારિલ ભટ્ટે અનેક શિષ્યોની સમક્ષ તુષાનલ અગ્નિ પર સૂઈને આત્મદાહ કર્યો હતો. શ્રી વલ્લભાચાર્યજીએ ગંગાજીમાં જળસમાધિ લીધી હતી.

મૃત્યુ એક એવો અનુભવ છે જે સામાન્ય મનુષ્યની સમજમાં આવતું નથી પણ જીવતા સમાધિ લેનાર સાધુ - સંન્યાસીઓ, સંતો માટે મૃત્યુ એ મોજ છે - મહોત્સવ છે. આધ્યાત્મિક સાધક માટે તો મૃત્યુ એ એક જીવનમાંથી બીજા જીવનમાં જવા માટેનો માર્ગ જ હોય છે. એમાં ''મૃત્યુ પામ્યા'' એમ કહેવાયું છે પણ ''જીવન પામ્યા'' એમ કહેવાવું જોઈએ. ખરી હકીકત એ છે કે મૃત્યુ એ માત્ર શરીરને ખંખેરી નાખવાની ક્રિયા છે એમ આ સંતો માને છે.

**સંત દેવીદાસ, અમરબાઈ અને શાદુળ ભગત :**

પરબ વાવડીની દેહાણ જગ્યાના સંત દેવીદાસ અને અમરબાઈએ જીવતાં સમાધિ લીધી તેની વિગતે વાત ''સોરઠી સંતો'' માં ઝવેરચંદ મેઘાણી લખે છે :

ચોક્કસ મહિનાની મુકરર તિથિએ, ચોક્કસ ચોઘડીએ ને ચોક્કસ ઘડીએ દેવીદાસજી અને અમરબાઈ સમાધિ લેવાના છે માટે સહ સંતો ઉજવણીને આવજો, એવી મતલબના શુભ કાગળો ગત્યમાં દશે દિશાએ લખી ખેપિયા રવાના કરવામાં આવ્યા અને જગ્યામાં જૂના સંતો જસા વોળદાનની બે કબરો હતી તેની બાજુમાં જ એ ખાડાઓ ખોદાયા. એક મહોત્સવ મચી ગયો. એ મહોત્સવ મૃત્યુનો હતો. જીવનનાં કર્તવ્યો ઉકેલી કરી, નવી દુનિયાની કોઈ નિશ્ચિત સફરે ઉપડવાનું હોય, મોટી યાત્રાએ, કોઈ પર્યટને ઉપડવાનું હોય એ જાતનો સમારંભ મચી ગયો, અષાઢી બીજનો ત્યાં મેળો ભરાયો ને દેવીદાસજીએ તથા અમરબાઈએ જાતે રાંધણું કર્યું. છ હજાર માણસોને પૂરું પાડી શકે એટલું ઘઉંનું ભરડકું બાફ્યું.

સમાધિ લેવાનું ટાણું આવી પહોંચ્યું. ભરવસ્તીમાં એક જ પ્રાણી રોતું હતું. શાદુળ રોતો હતો. શાદુળ શા માટે રોવછ બાપ ? શાદુળ કેમ કરી ને સમજાવે ! એનું ભીતર જલતું હતું. ન સમજી શકાય તેવી કોઈ મનોવ્યથા એને વીંધતી હતી. એને આશંકા પડી ગઈ હતી કે અમરબાઈના અંતરમાં એક દહેશત હતી તેથી જ એ દેવીદાસની જોડે સમાય છે.

''શાદુળ ! વીરા'' અમરબાઈએ આવીને પંપાળ્યો. તમને એકલા મૂકવા પડે છે. એકલવાયા હોય તોય તમે સમરથ છો. ભગત આપણે તો ત્યાં પાછા ભેગાં થવાનું જ છે ને !

સહુ સંતોને રામરામ કરીને પછી દેવીદાસજી અને અમરબાઈ પરસ્પર સન્મુખ થયાં.

અમરે કહ્યું : સત દેવીદાસ

દેવીદાસે કહ્યું : અમર દેવીદાસ

બંનેએ દશેય પ્રાણદ્વાર બંધ કરી લીધાં. થોડીવારે બન્ને શરીરોમાંથી આત્મા છૂટી ગયો.

બેઉ સંતોના નિષ્પ્રાણ કલેવરોને સમાધિના ખાડામાં ઓતર - દખણાદાં પધરાવ્યાં ને પછી ઉપર ધૂળ વાળી દીધી.

બેઉ સમાધિસ્થાનો પર હિન્દુ રીતિ મુજબની સમાધિ કે દેરી નહીં પણ આરામગાહ બાંધવામાં આવી, ઉપર સોડ ઢંકાવી શરૂ થઈ.

ત્યારબાદ કેટલાક સમય પછી શાદુલ ભગતે પરબની પાસે આવીને કીધું કે અહીં આ ઓટાની નીચે પગથિયાની જગ્યાએ મારી સમાધિ ગાળો. ઉપરની સમાતોને જુવારવા લોકો મારા કલેજા ઉપર ચરણ મૂકીને જ પહોંચી શકશે. હું એ સહુના કદમોમાં છૂંદાતો છૂંદાતો જ અહીં સૂતો રહેવા માગું છું. શાદુળ ભગતે ભજન ગાયું અને ભજન પૂરું કરીને ભગતે પોતાનું ખોળિયું છોડી દીધું.

આજે જસા વોળદાનની બે કબરો અને દેવીદાસ-અમરબાઈની મળી ચાર કબરો જે દેરીમાં છે તે દેરીના ઉંબર બહાર અણઘડ કાળો પથ્થર છે એ પથ્થરની નીચે સૂતેલું છે શાદુલ ખુમાણનું શબ. શાદુળ ભગતને પછી તો ત્યાં અમરી માતા, અમૂલાં બાઈ, મા હીરબાઈ અને ગંગદાસજી સમાયાં. સાંઈ શેલાનીએ પણ ત્યાં જ શરીર સંકેલ્યું અને આરામગાહી ઢાળી. અને શાદુળના શિષ્ય કરમણ પીર, દાનો બાવો વગેરે પણ ત્યાં જ વિરમ્યા છે તે તમામના મૃત્યુ-ઉત્સવો પર મનખ્યો ઊમટ્યો હશે. સર્વનાં કદમોને શાદુળના હૈયાએ હોઠે ચાંપ્યા છે. શાદુળો પીર કહેવાણો. શાદુળો દેવીદાસનો !

**સંત મેકરણ :**

કચ્છના સંત મેકરણ બાપાએ સંસાર લીલાનો સંકેલો કર્યો સવંત ૧૭૮૬ ના આસો વદ-૧૪ ના રોજ દિવાળીના આગલા પ્રભાતે જ ધ્રંગ - લોડાઈના સ્થાનકમાં સમાધિ ગળાવી. દસ જણ એની સાથે સમાધિ લેવા તૈયાર થયા. આજે એ સ્થાનકમાં ૧૧ સમાધો દેવળની અંદર છે. લાલિયા-મોતિયાની સમાધોને લોકોએ બહાર રાખી છે ગરવાની સમાધ પણ થોડે દૂર છે. હિન્દુ, મુસ્લિમ સર્વના ત્યાં મેળા ભરાય છે.

**જેસલ - તોળલ :**

આવું જ અંજાર કચ્છમાં બીજું જીવંત સમાધિનું સ્થાનક

છે જેસલ તોળલનું. સતી તોળલને બીજ ને શનિવારના રોજ મારવાડમાં ઉત્સવમાં જવા માટે વાયક મળેલું. તે મુજબ ગત્ય ગંગામાં ગયેલા. પાઠના દીવાની જ્યોત ઝાંખી ઝાંખી બળવા લાગી એટલે સતી સમજી ગયા કે અંજારમાં જેસલજી સ્વર્ગ પ્રયાણ કરી ગયા! તોળલે તુંરત પાટને વધાવી લઈ, ફરી વેલ્ય સજ્જ કરાવી. માર માર વેગે રાતોરાત પંથ કાપી પ્રભાતે અંજાર પહોંચ્યાં. સીમના ગોવાળે કહ્યું : હે સતી ! જેસલજીએ સમાધિ લીધાને ત્રીજો દિવસ થયો છે.

હાય રે, હા હા ! પૃથ્વી માતા ! મારગ ઘો મારે ને એને છેટું પડી ગયું ! મેઘાણી લખે છે : તોળલ સ્થાનકમાં પહોંચ્યાં. માણસો ચૂપચાપ ઊભા હતા. તાજી પુરેલ સમાધિ દીઠી. સમાધિને કાંઠે અબીલ-ગુલાલને લોબાનના ધૂપ દીઠા. કેટલાક લોકોની આંખોમાંથી પાણી પડતાં હતાં. જેસલે લીધેલીએ સમાધિ હતી. પછી ધૈર્ય ધરીને પોતે ઊભા રહ્યા અને કહ્યું તંબુરો લાવો, મંજીરા લાવો. હાથમાં એકતારો લઈને તોળલ ઊભી થઈ. સમાધિ ફરતી પ્રદક્ષિણા કરતી, નૃત્ય કરતી, બજાવતી ગાવા લાગી.

જાગો ઓ જાડેજા જેસલ ! તમારા સાથે સમાધિ લેવાના વચન સંભાળીને વહેલા જાગો ! વચનને ચૂકનાર માનવીને મુક્તિ નહીં મળે, ચોરાસીના ફેરામાં ભટકવું પડશે. જાગો જતિ! જાગો !

જાડેજા રે, વચન સંભારી વે'લા જાગજો !
વચન ચૂક્યા ચોરાસીને પાર ..... જાડેજા હો !
વચન સંભારી વે'લા જાગજો...

તોળલના પડકારા સમાધિની માટીને કંપાવવા લાગ્યા. માટી એની મેળે સરકવા લાગી. શબદ, સંગીત અને નૃત્યની ત્રેવડ ચોટ લાગી, બ્રહ્મરંધ્રમાં રૂંધાઇ રહેલો જેસલનો પ્રાણ નાડીએ નાડીએ પાછો વળ્યો. જેસલ આળસ મરડીને ઊભા થયા. એણે મેવાડથી તોળલની સાથે આવેલા રૂપાંદે માલદે જોડે પંજા મિલાવ્યા ને પછી તોરલ સાથે એકાંત - ચર્ચા કરી.

"જેસલ જાડેજા ! બસ હવે આપણે માટે એક જ વાત બાકી રહી છે. જીવનમાં જે નથી થઈ શક્યું તે મૃત્યુને માંડવડે પતાવી લઈએ. લ્યો જેસલજી ! આવતા ભવના આપણા પરણેતર ઊજવી લઈએ.''

તોળલે મસ્તક પર મોડિયો (પરણતી કન્યા માથે પહેરે છે) મૂક્યો. કુંવારી કન્યા પેઠે વાઘા સજ્યાં. બન્ને જણાએ સામસામાં કંકુ - કેસરનાં છાંટણાં કર્યાં અને પછી નવી બે સમાધિ જોડાજોડ ગળાવી. વળાવવા ગયેલા બીજા બધાય પાછા વળ્યા. ન વળ્યાં એક તોળલ દે. એ તો જેસલજીની સાથે સમાયાં.

જેસલજીએ અંજારમાં સમાધિ લીધી છે તેથી તોળલ દે તરત જ મારવાડથી અંજાર આવ્યાં. એમની સાથે મેવાડથી માલદે - રૂપાંદે પણ ગુરુની આજ્ઞા લઈ અંજાર આવ્યા. તોળલ દેએ પણ જેસલની સમાધિની બાજુમાં સમાધિ લીધી. માલદે-રૂપાંદે જેસલ-તોળલને વિદાય આપી અને મારવાડ આવી ગયા. દિવસો પસાર થવા લાગ્યા. જેસલ-તોળલની પછી રામદેવજી અને દિવાળીબાઈએ પણ સમાધિ લીધી ત્યાર બાદ ખીમડિયા કોટવાળ અને ડાળલદેએ પણ સમાધિ લીધી. સાંસતિયા કાઠીએ પણ સમાધિ લીધી. આ બધાથી રૂપાંદે-માલદેનું મન પણ સંસારમાંથી ઊઠી ગયું અને મેઘ ધારવાની સમાધિ પછી સવા મહિને બેઉએ એક સાથે સમાધિ લીધી.

**ભાણસાહેબ :**

સંવત ૧૭૫૪ના મહા સુદ અગિયારસના દિવસે ચરોતરના કિંખલોડ ગામે કલ્યાણજીભાઈ અને અંબાબાઈની કૂખે ભાણસાહેબનો લોહાણા પરિવારમાં જન્મ થયો. તેમણે દુધરેજના સંત ષષ્ટમસ્વામી પાસે દીક્ષા લીધી. ૪૦ શિષ્યો સાથે ફરતા એટલે "ભાણ ફોજ" કહેવાતી. ઝાલાવાડની નજીકના નળકાંઠાના કમીજળા ગામે એક મેપા ભરવાડના ઘરે ગયા ત્યારે મેપો ઢોર ચારવા વગડામાં ગયેલો. મેપાની ઘરવાળીએ આગ્રહ કર્યો પણ ભાણસાહેબ રોકાયા નહીં અને નીકળી ગયા. એ જ સમયે મેપો ઘેર આવ્યો અને ઘરવાળીએ વાત કરી કે ભાણ સાહેબ આવ્યા હતા પણ રોકાણા નહીં હમણાં જ ગયા.

મેપો પાછળ દોડ્યો. તળાવની પાળ માથે ભાણસાહેબને જોયા અને દૂરથી જ સાદ પાડ્યો ''એ ભાણસાહેબ ! બાપ એક ડગલું આગળ કે એક ડગલું પાછળ ભરો તો તમને રામ દુહાઇ છે.'' અને ભાણ ફોજ થંભી ગઈ. ભાણસાહેબથી ન આગળ જવાય કે ન પાછળ વળાય એટલે ત્યાં જીવંત સમાધિ લીધી. સાથે એક કૂતરી અને ઘોડીએ પણ ચૈત્ર વદ ત્રીજ ને સંવત ૧૮૧૧ ના દિવસે સમાધિ લીધી. જે હાલ પણ મોજૂદ છે. દરરોજ હજારો માણસો દર્શને આવે છે. હાલ મહંત શ્રી જાનકીદાસજી બાપુ ગાદીએ બિરાજમાન છે .

**ત્રિકમ સાહેબ :**

ત્રિકમ સાહેબનો જન્મ કચ્છ જિલ્લાના રામવાવ ગામે ગરો બ્રાહ્મણ સમાજમાં થયેલો. તેમના પિતાનું નામ ગોકળદાસ હતું. વ્યવસાયે વણાટકામ કરતા. કબીર સંપ્રદાયમાં હતા. તેમણે ખીમ સાહેબને ગુરુ ધારેલા અને પોતાના શિષ્યો સાથે ચિત્રોડ ગામે આશ્રમમાં રહેતા. તેમણે શિષ્યોને કહ્યું હતું કે મારા દેહત્યાગ પછી મારી સમાધિ રાપર ખીમ સાહેબની સમાધિની બાજુમાં આપજો. તેમણે સંવત ૧૮૯૨ના શ્રાવણ

વદ-૮ના જન્માષ્ટમીએ દેહત્યાગ કર્યો અને તેમના શિષ્યો તેમની પાલખી રાપર ખીમ સાહેબની જગ્યાએ લઈ આવ્યા. ત્યારે એક દલિત સમાજના સાધુને અમારી જગ્યામાં સમાધિ ન આપવા દઈએ એવું જગ્યાના સેવકોએ કહેતા શિષ્યો મૂંઝાણા. ત્યારે પાલખીમાંથી ત્રિકમ સાહેબ ઊભા થયા અને કહ્યું કે ખીમ સાહેબ કહેશે કે મારી સમાધિ અહીં આપવા દો પછી તો માનશોને ? અને ખીમ સાહેબની સમાધિમાંથી અવાજ આવ્યો કે ત્રિકમ સાહેબની સમાધિ મારી બાજુમાં આપવા દેજો.

હવે બધા રાજી થયા પણ ખીમ સાહેબની સમાધિની બાજુમાં એક આંબલીનું ઝાડ હતું. સમાધિ કેમ લેવી ? ત્યારે ત્રિકમ સાહેબે આમલીના ઝાડને દસ હાથ પાછા હટી જવા કીધું ને આંબલીનું ઝાડ ત્યાંથી ખસીને દસ હાથ દૂર જતું રહ્યું. એ જગ્યા પર ત્રિકમ સાહેબે સમાધિ લીધી. તે હાલ પણ પૂજાય છે.

**મોરાર સાહેબ :**

બનાસકાંઠાના થરાદમાં વાઘેલા રાજપૂતને ત્યાં સંવત ૧૮૫૮માં મોરાર સાહેબનો જન્મ થયો હતો. તેમનું મૂળ નામ માનસિંહજી હતું. તેમને વૈરાગ જાગતા રવિસાહેબ પાસે દીક્ષા લઇ જામનગરના જામખંભાળિયા (જે હાલ મોરારસાહેબનું ખંભાળિયા પણ કહેવાય છે) વિક્રમ સંવત ૧૮૪૨ - ઈ.સ. ૧૮૮૬માં જગ્યા સ્થાપી.

તેમના એક સેવકને તેમણે કીધું કે હું તને મળ્યા વિના સમાધિ નહિ લઉં અને તેમનો સમય થતાં તેમણે ખંભાળિયામાં જીવંત સમાધિ લીધી. ત્યારે તેનો સેવક હાજર નહોતો. તે બીજા દિવસે આવ્યો, ત્યારે તેણે સમાધિ ઉપર રડતાં-રડતાં ફરિયાદ કરી કે બાપુ, આપ વચન આપીને વચન ચૂકી જાવ તે કેમ ચાલે ? ને સમાધિમાંથી અવાજ આવ્યો કે બેટા મૃત્યુના સમયને કેમ પાછો ઠેલવો ? કોઈ પાછો ઠેલી શક્યો નથી. મારો સમય થઈ ગયો એટલે જવું પડ્યું.

બાપુ, ભીષ્મપિતામહે છ મહિના મૃત્યુને પાછું ઠેલ્યું હતું તો મારા ગુરુ તો ''મોરારના મહિના બાર'' બાર માસ પાછા ઠેલે તેવા છે. આ સાંભળી મોરારસાહેબ સમાધિમાંથી બહાર નીકળ્યા ને એક વર્ષ સુધી મૃત્યુને પાછું ઠેલી સંવત ૧૮૪૯ ચૈત્ર સુદ બીજના દિવસે સમાધિ લીધી. હાલ પણ જામખંભાળિયામાં સમાધિસ્થળ આવેલું છે.

**સંત મૂળદાસજી :**

મૂળદાસજીનો જન્મ ઊના પાસેના આમોદરા ગામે લુહાર જ્ઞાતિના કૃષ્ણાજી અને ગંગાબાઈની કૂખે સંવત ૧૭૩૧ કારતક સુદ અગિયારસના દિવસે થયો હતો. લોહલંગરી બાપુ પાસે દીક્ષા લીધી. જામનગરના રાજા રાવળજામે પણ તેમને ગુરુ બનાવેલા. સંવત ૧૭૬૮માં તેમણે અમરેલીમાં આશ્રમ સ્થાપ્યો અને સંવત ૧૮૩૫ના ચૈત્ર સુદ નોમના દિવસે તેમણે દેહત્યાગ કર્યો. તેમને પાલખીમાં બેસાડી ગામમાં વાજતે - ગાજતે ફેરવતા હતા એ સમયે એક પટેલની દીકરીનું આણું વળાવવાનું હતું. ત્યાં પાલખી સામે મળી. અને દીકરીથી બોલાઈ ગયું, ''મુવા બાવાને મરતાંય ન આવડ્યું. આજે જ મર્યો ને મને અપશુકન કરાવ્યા. હાલો પાછા વળો ! '' આ શબ્દો પાલખીમાં બેઠેલા મૂળદાસજીના મૃતદેહના કાને પડ્યા. અને મૂળદાસજી ફરી બેઠા થયા અને પેલી દીકરીને કહ્યું, ''બેટા તું પાછી ન વળતી, તું તારે સાસરે જા. હું કાલે સમાધિ લઈશ. એમ તો તું તારા ધણીને મળવા જતી હતી તો હું પણ મારા ધણીને મળવા જતો હતો.'' અને પોતાના મૃત્યુને ૨૪ કલાક પાછું ઠેલી બીજા દિવસે જીવતા સમાધિ લીધી. જે આજે પણ મોજૂદ છે.

**ધ્રાંગધ્રાના વાલબાઈ માતાજી :**

ઝાલાવાડમાં જેમ અનેક વીર પુરુષો અને સાધુ સંતો થયા તે પ્રમાણે અનેક વીર નારી અને સ્ત્રી-સંતો, સ્ત્રી-ભક્તો થયા આ સ્ત્રી-સંતોની પરંપરામાં ધ્રાંગધ્રાના ટીંબે એક પ્રતાપી સ્ત્રી સંત થયાં તે વાલબાઈ માતાજી.

સંવત ૧૮૮૪માં ધ્રાંગધ્રામાં મેવાડા ભરવાડ કુટુંબમાં ભગવાનભાઈ અને બધીબેનને ત્યાં દીકરીનો જન્મ થયો અને તે દીકરી આગળ જતાં સમગ્ર પંથકમાં વાલબાઈ માતાજી તરીકે જાણીતાં થયાં.

વાલબાઈ માતાજીનો જન્મ પોષ વદ નોમના દિવસે. તેમણે દીક્ષા લીધી હતી તે દિવસ પણ વદ નોમ હતો. પોષ મહિનો આવી રહ્યો હતો એટલે પોતાના ભક્તોને બોલાવીને વાત કરી કે જે તિથિએ મારો જન્મ થયો, તે તિથિ એ મેં દીક્ષા લીધી હતી હવે મારો જવાનો હુકમ પણ આવી ગયો છે. જે તિથિએ જન્મ લીધો હતો તે તિથિએ જવાનું છે.

ધ્રાંગધ્રામાં માતાજી સમાધિ લેવાના છે એ વાત સારાય પંથકમાં વાયુવેગે પ્રસરી ગઈ. સૌ શોકાતૂર બની ગયા. માતાજીની સમાધિની તૈયારી કરી. સાધુ-સંતો, ભક્તો અને ભરવાડ જ્ઞાતિનાં ભાઈ-બહેનોની હાજરીમાં ગીતાના શ્લોક અને ભજનની ધૂન વચ્ચે વાલબાઈ માતાજીએ જીવતા સમાધિ લીધી. આજે વાલબાઈ માતાજી નથી, પણ તેમની ચેતન સમાધિ છે. તેમનાં સેવાકાર્યો દ્વારા આશ્રમની સુવાસ ફેલાતી રહી છે.

**ઝીંઝુવાડાના સંત તેજાનંદ સ્વામી :**

સંત અને શૂરા કોઈ એક જ કોમમાં પાકે એવું નથી

હોતું. હરિજન સંતોની ઉજળી પરંપરામા એક સંત દસાડા તાલુકાના ઝીંઝુવાડાના ટીંબે થઈ ગયા તે તેજાનંદ સ્વામી. હરિજન કુળમાં બ્રાહ્મણ કુળમાં સંવત ૨૦૦૭ના કારતક સુદ બીજ ને રવિવારના રોજ તેમનો જન્મ થયો. પિતાનું નામ રામદાસ સ્વામી અને માતાનું નામ લખમીબાઈ. માતા-પિતાનું બંનેનું જીવન ભક્તિમય અને સદાચારી. આ સંસ્કાર તેજાનંદ સ્વામીમાં પણ ઊતર્યા. તેમણે ગુરુ પાસે મંત્ર દીક્ષા લીધી અને સાધના કરવા માટે ઝીણાનંદ બેટ જે ઝીંઝુવાડાથી ત્રણ-ચાર કિલોમિટર ઉપર છે તે સ્થળ પસંદ કર્યુ. એકાંત જગ્યા અને ગાઢ વનરાજીમાં એમણે તપ આદર્યું. અદ્દભુત સાધના કરી. તેમનાં વચનો સીધાં અને સાદાં છે છતાં વેદાંતના ગહન કોયડાઓ સાવ સાદી ભાષામાં લોકોને સમજાવ્યા :

***તેજાનંદ તાળી લાગી તનમાં, ગુરુ મળ્યા રામાનંદ,***
***તિમિર હતું તે ટળી ગયું, ફીટ્યા માયાના ફંદ***

તેજાનંદ સ્વામીએ ઝીણાનંદ તીર્થમાં જ્યાં તેઓ તપ કરતા હતા તે સ્થળે સંવત ૧૫૫૯ ને ભાદરવા વદ ચૌદશ ને ગુરુવારના રોજ જીવતા સમાધિ લીધી. આજે તેમની સમાધિના દર્શને લોકપ્રવાહ ચાલુ રહ્યો છે.

લીંબડીના શ્રી શંકર જગન્નાથ તીર્થ સ્વામી :

સંવત ૧૯૧૪ના અષાઢ સુદ નોમ ને સોમવારના રોજ લીંબડીમાં એક પ્રતાપી આત્માએ જન્મ લીધો. માતા-પિતાએ તેનું નામ રાખ્યું વૈજનાથ.

તેમનાં પત્ની રેવાબાના અવસાન પછી તેઓ સંસારમાથી મુક્ત થયા. એક દિવસ તેમણે સ્વજનોને છોડ્યા. લીંબડી ગામ છોડ્યું. તીર્થયાત્રા કરતા કરતા તેઓ પૂરી પહોંચ્યા અને ત્યાં ગોવર્ધન મઠના શંકરાચાર્યજી મહારાજ મધુસૂદન સ્વામી પાસે સન્યાસ ગ્રહણ કર્યો. દીક્ષા લીધી અને વૈજનાથજીએ શ્રી શંકર જગન્નાથ તીર્થ સ્વામી નામ ધારણ કર્યું. શંકરાચાર્યજીના ઉત્તરાધિકારી બન્યા. શ્રી મધુસૂદન સ્વામીની તબિયત અસ્વસ્થ હોવાથી તેમના પછી પુરીના ગાદીપતિ બનવાની એમની જરા પણ ઇચ્છા ન હોવાથી તેઓ સૌરાષ્ટ્ર તરફ ધર્મ પ્રચાર માટે આવ્યા.

સંવત ૧૯૭૨નો છેલ્લો ચાતુર્માસ તેમણે જામનગરમાં કર્યો અને ત્યારબાદ જડેશ્વર પધાર્યા. જડેશ્વર તથા વાંકાનેર થોડો સમય રોકાઈને સંવત ૧૯૬૨ના આસો વદ છઠના રોજ સ્વામી વઢવાણ કેમ્પ પધાર્યા. તે દિવસે તબિયત બગડતાં સ્વામીજીએ પોતાના શિષ્યોને કહ્યું હતું કે હવે આ શરીરની અવધિ પૂરી થઈ છે, અને એકાદશીનો દિવસ નિર્માણ થયો છે. સ્વામીજીની લીંબડીમાં આસો વદ દશમને શનિવારના રોજ પધરામણી કરવામાં આવી.

એકાદશીના દિવસે લીંબડી ઠાકોર સાહેબશ્રી દોલતસિંહજી સ્વામીના દર્શને આવી ગયા. તેમના ગયા પછી સ્વામીજીએ પોતે સ્વસ્થપણે પોતાના સ્વરૂપમાં, ધ્યાનમાં વૃત્તિ જોડી દીધી અને બપોરના સાડા ત્રણ વાગ્યે પ્રાણનો પોતાના સ્વરૂપમાં વિલય કર્યો. સ્વામીજીની સમાધિ લીંબડી જગદીશ મંદિરમાં છે.

આપણે જુદા જુદા જ્ઞાતિ સમાજના સાધુ-સંતો, સંન્યાસીઓએ તેમજ બીજપંથી મહામારગના સંતોએ લીધેલી જીવંત સમાધિના પ્રસંગો જાણ્યા. હવે આપણે દશનામ ગોસ્વામી સમાજની ચેતન સમાધિઓની વિગતો જોઈએ.

ગૌરવભરી વાત એ છે કે, આ દશનામ ગોસ્વામી સમાજના સંતોએ મૃત્યુની ગહન ફિલસૂફી સમજી છે. જગતભરના જીવો મૃત્યુના નામથી ભય પામે, જ્યારે આ સંતોએ તો મૃત્યુના માંડવા રોપી મૃત્યુના મહોત્સવ ઉજવ્યા છે. આવા સંતોની ચેતન - જીવંત સમાધિઓ ગામડે ગામડે જોવા મળે છે.

**ધરમ ભારતીજી - લાલ ભારતીજી :**

મારવાડના ખરેટિયા મઠમાંથી જોગેન્દ્રભારતીના મુખ્ય શિષ્ય મહાત્મા ધરમભારતી ઊંઝાના ટીંટોદણ ગામ આવી, ટીંટોદણ મઠની સ્થાપના કરી. તેમને ૧૦૧ શિષ્યો હતા. તેમના મુખ્ય શિષ્ય લાલભારતીજી. આ બંને ગુરુ - શિષ્ય સિદ્ધ પુરુષો હતા. તેમણે બંનેએ એક જ દિવસે, એક જ સમયે અને એક જ સ્થળે જીવંત સમાધિ લીધી. આ સમાધિઓનું પૂજન અર્ચન થાય છે.

**મંગલ ભારતીજી - વાઘપુરી મહારાજ :**

કમાણા મઠ (વિસનગર) મંગલ ભારતીજી બાપુના મઠમાં દસ જીવંત સમાધિઓ છે. સદુથલા મઠ (વિસનગર) વાઘપુરી મહારાજના આ અખાડામાં એક જીવંત સમાધિ છે. વાળીનાથ (તરભ) વાળીનાથ મહાદેવના સુપ્રસિદ્ધ મઠમાં ચાર જીવંત સમાધિઓ છે. ખડોસણ (વિસનગર) આ આશ્રમમાં એક જીવંત સમાધિ છે. બાસણા અમરપુરીજીના આશ્રમમાં એક જીવંત સમાધિ છે. વિસનગર રામદેપીર મંદિરમાં માતિનાથજી મહારાજની જીવંત સમાધિ છે.

**સંત ત્રિકમગિરિજી :**

ધ્રાંગધ્રા તાબાના સીથાના મઠ (સીતાપુર)નો ઇતિહાસ પ્રખ્યાત છે. આ મઠના સિદ્ધ પુરુષ સુંદરગિરિ પીરબાવાને રાજચરાડી ઠાકોરે ત્યાં મઠ બંધાવી આપ્યો. આ જ સંત પરિવારના સીથા મહંતશ્રી ત્રિકમગિરિજી બાપુએ દુષ્કાળ પડતા ગામની આથમણી ભાગોળે તળાવ બંધાવ્યું. લોકો આ તળાવને 'ત્રિકમ સાગર' કહે છે. તળાવની બાજુમાં

ખોદાણમાંથી અંબાજીની મૂર્તિ નીકળતા એની પ્રતિષ્ઠા પાળ ઉપર શિખરબંધ દેવળ બંધાવી સંવત ૧૭૫૮ ચૈત્ર વદ નોમના દિવસે કરી. સવંત ૧૭૯૯માં મહંતશ્રી ત્રિકમગિરિજીએ જીવતા સમાધિ લીધી. તેમનું શિખરબંધ સમાધિ મંદિર શિષ્ય મહંત મેઘગીરીજીએ કરાવ્યું. ત્યારબાદ મહંત તરીકે મેઘગીરી અને બ્રહ્મગીરીજી આવ્યા. તેમણે અનેક જનસેવાનાં કાર્યો કર્યા. તેઓ દેવલોક થતાં તેમની સમાધિની ઉપર પ્રખ્યાત બેનમૂન કલા - કારીગરીવાળું 'બાલગરનું દેવળ' નામે સમાધિ મંદિર બંધાવ્યું. જેની કલા - કારીગરી જોઈને કેશોદની અક્ષયગઢ હોસ્પિટલમાં તેને સ્થળાંતરિત કરવામાં આવ્યું છે.

**લખનગિરિજી મહારાજ :**

રાજકોટ જિલ્લાના સરપદડ ગામે સ્વામી લખનગિરિજી મહારાજે સંવત ૧૫૧૦માં મઠ બંધાવ્યો. આ વિરલ વિભૂતિએ સવંત ૧૫૫૨ના શ્રાવણ સુદ ૧ ને રવિવારે જીવતા સમાધિ લીધી. જેનું શિખરબંધ મંદિર આજે પણ મહાત્માની યાદ તાજી કરાવે છે.

**સિદ્ધ શ્યામસુંદરગિરિજી :**

આ સંત ધ્રોલ ઠાકોર શ્રી હરધોળજીના ગુરુ હતા. સંતના બગીચામાં ૩૫૦ આંબાઓ હતા. તે જોઈને દિવાનની દાનત બગડી. બગીચાની માગણી કરી. બાપુએ તે સાડા ત્રણસોએ આંબાને આંબલી બનાવી દીધી. આ ચમત્કાર જોઈને દિવાન ગભરાયો અને બાપુના પગ પકડી લીધા. આ ચમત્કારથી સંત હૃદયમાં પસ્તાવો થતાં જીવતાં સમાધિ લીધી. જે હાલ મોજૂદ છે. તેમના પરિવારો તેને પૂજે છે.

**સિદ્ધ રામનાથગિરિજી :**

વઢવાણના કાળેશ્વર મહાદેવના મહંતશ્રીને માતાજી વાઘેશ્વરી પ્રસન્ન થયા અને તેમની મૂર્તિ ફાટસરના તળાવમાંથી ખોદાવી તેના ઉપર પાકું મંદિર બંધાવ્યું. આ સંત રામનાથગિરિ બાપુએ જીવતા સમાધિ લીધેલ, તે આજે વાઘેશ્વરી મંદિરની જગ્યામાં આવેલ છે. તે સમાધિ મંદિર તેમના શિષ્ય શંકરગિરિજીએ પાકું બંધાવ્યું.

**સંત મહાદેવપુરીજી :**

રાજકોટ જિલ્લાના ચીભડા ગામે સંત મહાદેવપુરીજીએ સંવત ૧૮૭૨માં જીવતા સમાધિ લીધેલી. આ મહાત્માએ દુધાત્રા શાખાના એક કણબીને સમાધિ લીધા પછી દર્શન આપી કામળી અને કોરી (રૂપિયો) આપેલી. જે હાલ પણ દુધાત્રા શાખાના કણબી પટેલને ત્યાં મોજૂદ છે. તેઓ તેની પૂજા કરે છે. સંત મહાદેવપુરીજીના શિષ્ય ભીમપુરી અને તેમનો પરિવાર હાલ ખીરસરા, ચીભડા, કણકોટ અને મોરબીમાં વસે છે.

**સંતશ્રી અમરપુરીજી :**

મહેસાણા જિલ્લાના બાસણામાં સંત શ્રી અમરપુરીજીએ અનેક ચમત્કારોથી ભરપૂર જીવન જીવી સંત પરંપરા ઉજાળી છે.

અમરપુરીજી મહારાજના જન્મકાળની ખબર ન હોવા છતાં લોકોક્તિ પ્રમાણે તેઓ હિમાલય તરફથી આવ્યા હતા. સંસારી જીવોની મુક્તિ અને કલ્યાણ અર્થે ભ્રમણ કરતા હતા. ગુરુશિખર, કોમલગઢ થઈ સિદ્ધપુરમાં ધૂણી ધખાવી. ત્યાંથી વિસનગર અને ત્યાર પછી સિદ્ધ ટેકરી પર તળાવકાંઠે આંબલીના ઘટાદાર વૃક્ષ નીચે આસન જમાવી ધૂણીની સ્થાપના કરી. સેવકો પણ મહારાજ સાથે રહેવા માગતા હોઈ કુટુંબ સાથે વસવાટ કર્યો. ગામ વસ્યું. પ્રથમ તોરણ સવંત ૧૬૦૨ માં બાંધ્યું. બાવાના આસન ઉપરથી બાસણા ગામનું નામ પડ્યું.

અમરપુરી મહારાજે પોતાનું જીવન કાર્ય પૂરું કરીને જીવંત સમાધિ સૌને આશીર્વાદ આપીને લીધી ધૂણીવાળાના સોગંદ આજે પણ તે વિસ્તારમાં કોઈ ખોટા ખાતું નથી.

**રૂગનાથ ગિરિબાપુ :**

મહેસાણા જિલ્લાના વિરપુર તાલુકાના માણસા ગામે નરબદા કૂવાની ઉત્તર બાજુએ રૂગનાથગિરિ મહારાજ (બાવાજી મહારાજ) ની આશરે ૨૫૦ વર્ષ પહેલા લીધેલી જીવંત સમાધિ છે. તેમનું કદ ઠીંગણા કદનું દાઢી-જટા વાળું હતું. તેમનો આવેશ આવે છે, ત્યારે અલખ નિરંજન, આહલેકનો નાદ ગજાવે છે. તેમને સુખડીનું નૈવેદ ધરાવવામાં આવે છે.

**અજીતવનજી :**

ખેડા જિલ્લાના આંકલાવ ગામે ૪૩૭ વર્ષ પહેલાં નાગરવાડા વડોદરાથી ગિરધરવનજી આવેલા. ત્યારબાદ તેમના શિષ્ય અજીતવનજી આવ્યા. તેમણે ૧૨ વર્ષ આબુ પર્વત પર જઈ તપ કર્યું અને ત્યાંથી આવી ઈ.સ. ૧૬૦૫માં આંકલાવમાં જીવતાં સમાધિ લીધી. તેમની સવાર - સાંજ પૂજા - અર્ચના કરવામાં આવે છે.

**ગંગાગિરિજી :**

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ગોઠડા ગામે ધામણી નદીના કિનારે ગોદડિયા મહાદેવજીની જગ્યામાં સંત શ્રી ગંગાગિરિજીએ જીવતાં સમાધિ લીધેલી છે. જે આજે પૂજાય છે.

**લાલ ભારતીજી :**

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના વાવ ગામે આજથી ૯૦૦ વર્ષ પહેલાં સિદ્ધપુરથી આવીને સંતપુરુષ લાલ

ભારતીજીએ જીવતાં સમાધિ લીધેલી. આજે આ સમાધિ પાસે ખોટા સોગંદ ખાઈ શકાતા નથી. હાલ આ સમાધિ પૂજાય છે.

**હરીપુરીજી :**

બનાસકાંઠાના ડીસા તાલુકાના ગોઢા ગામે સંત હરદેવપુરીજીના શિષ્ય હરીપુરીજીએ વિશાળ ધાર્મિક પૂજા વચ્ચે અહાલેકના નાદે ભૂમિમાં જીવતા સમાધિ લીધી હતી. સમાધિના દર્શને આજે પણ હજારો ભાવિકો આવે છે.

**મુનિ મહારાજ :**

બનાસકાંઠાના પાલનપુર તાલુકાના માંલકા ગામે મુનિ મહારાજે જીવંત સમાધિ લીધી છે. તેઓ મૌનવ્રત પાળતા તેથી લોકો તેમને મુનિ મહારાજના નામથી ઓળખતા. તેમની અખંડ ભક્તિ તથા સિદ્ધિથી દાંતા સ્ટેટના મહારાજ શ્રી ભવાનીસિંહ તથા પાલનપુર નવાબ શ્રી તાલમહંમદખાન ખૂબ આદર આપી તેમને ગુરુ તુલ્ય માનતા હતા.

**ગોપાલપુરી મહારાજ :**

બનાસકાંઠાના સૌથી મોટા મઠ રાજપુરના મઠાધિપતિ પૂજ્ય ગોપાલપુરીજીએ જીવંત સમાધિ લીધેલી. તેઓ તપસ્વી હતા અને કૃષ્ણની માફક ગાયોના ગોવાળ તરીકે રહેતા. આજે રાજપુર મઠની બાજુના પંદરેક ગામોમાં એમનાં પગલાંની પ્રતિષ્ઠા કરી ભવ્ય મંદિરો બાંધી તેમની સવાર-સાંજ પૂજા કરવામાં આવે છે.

**ફકીરનાથ ગિરિબાપુ :**

દેશ વઢિયારના ગામ શંખેશ્વરના મઠમાં સિદ્ધ ફકીરનાથ બાપુએ સંવત ૧૫૭૭માં જીવતા સમાધિ લીધી. જેનું પાકું દેવળ તેમના શિષ્ય મહંત રામનાથગિરિ બાપુએ બંધાવેલ છે.

**સંત આણંદગિરિજી મહારાજ :**

ઈ.સ. ૧૪૦૦માં એક સંત થયા. ગોસ્વામી આણંદગિરિજી. તેમણે પોતાના નામ પરથી આણંદ ગામ વસાવ્યું. જે હાલ ગુજરાતની અમૂલ ડેરીવાળું વિખ્યાત શહેર ગણાય છે. હાલમાં પણ આણંદમાં ગોસાઈ ફળિયું - મઠ - હનુમાન મઢી વગેરે સ્થળો આ ઇતિહાસની સાક્ષી પૂરે છે. ઈ. સ. ૧૪૦૬માં આણંદગિરિ બાપુએ જીવતાં સમાધિ લીધી. જે સમાધિ મંદિર હાલ મોજૂદ છે. મૃત્યુની મોજ માણવી એ ગોસ્વામી સમાજના સંતોની પ્રણાલી છે. મૃત્યુ તેઓને નહીં પરંતુ તેઓ મૃત્યુને બોલાવતા અને મૃત્યુના માંડવા રોપી મહોત્સવ મનાવતા.

**ખેતપુરીજી અને સંતપુરીજી મહારાજ :**

કમાણા મઠમાં સવાળા મઠના મહંત શ્રી ભભૂત ભારથીજીના ગુરુભાઈ શ્રી નારાયણ ભારતીજી મહંત પદે આવ્યા. આ યોગનિષ્ઠ મહાત્માના સમયે ઉત્તર તરફથી શ્રી સંતપુરી (શિવપુરીજી) અને બીજા ચૈતન્ય પુરુષ ખેતપુરીજીનું આગમન થયેલ. આ બન્ને મહાત્માઓએ ત્યાં તપનિષ્ઠ જીવન વ્યતીત કર્યું. જેમાં ખેતપુરીજીની ધૂણી પૂજવવામાં આવે છે. આ મઠમાં શ્રી ખેતપુરીજી અને સંતપુરીજીએ જીવંત સમાધિ લીધી છે.

**ગંગાગિરિ તપસ્વી બાપુ :**

ઝાલાવાડના મૂળી માંડવરાયજીના શ્રી ગંગાગિરિજીએ સવંત ૧૬૦૭માં જીવતા સમાધિ લીધી. તેમના શિષ્ય સુખરામગિરિએ ત્યાં પાકી સમાધિ બંધાવેલ છે.

**સંત દયાલવન :**

મોરબી તાબાના ધુનડા ગામે સવંત ૧૫૪૬માં સંત દયાલવનજીએ જીવતાં સમાધિ લીધી. આ પરિવાર જડેશ્વર (સજનપર) મહાદેવ (વાંકાનેર) ના પૂજારીઓ છે. તેમના વંશજ વાંકાનેર, ધુનડા, ઢુવા, વઘાસિયા, લુણસર વગેરે ગામે રહે છે.

**દિગંબર સુખદેવગિરિજી :**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં વાસુકી મઠમાં મહંત દિગંબર શ્રી સુખદેવગિરિજી મહારાજે સવંત ૧૬૩૨માં જીવતા સમાધિ લીધી. જે હાલ તેમના વંશજો પૂજે છે.

**મયાગિરિજી :**

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીમાં ભોગાવા નદીને કાંઠે ફુલેશ્વર દાદાની દક્ષિણ બાજુએ સંત શ્રી મયાગિરિજી બાપુએ પાંચસો વર્ષ પહેલાં જીવંત સમાધિ લીધી છે. આ સંતની અનેક લોકો માનતા માને છે.

**એકરાણગિરિ બાપુ :**

આ સંત પુરુષ હરિદ્વાર, કચ્છ, અંજાર થઈ જાડેજા દરબારો સાથે કાલાવડ આવેલ અને નગરનાકા બહાર મઠ સ્થાપેલ. તેઓ સિદ્ધપુરુષ હતા. તેમણે સંવત ૧૭૦૨ના મહા સુદ અગિયારસને સોમવારે જીવતા સમાધિ લીધેલી. જે હાલ પૂજાય છે.

**સલુગિરિ બાપુ :**

કાલાવાડ તાલુકાના લલોઈ ગામે સલુગિરિબાપુએ સંવત ૧૬૦૦માં જીવંત સમાધિ લીધી. ત્યાં વિશાળ આશ્રમ હતો. તેમાં ઘણા સંત - સાધુઓ રહેતા અને આજુબાજુનાં ગામોમાં ધર્મ પ્રચાર કરતા. તેથી વિધર્મીઓએ આશ્રમ ઉપર આક્રમણ કર્યું. લોહીલુહાણ લડાઈ થઈ. લોહીની નદી ચાલી. તેથી આશ્રમવાળા ગામનું નામ લલોઈ પડ્યું. તે વખતે સલુગિરિબાપુ અને તેના અમુક શિષ્યો બચ્યા હતા. આ બનાવથી સલુગિરિબાપુને દુઃખ લાગતાં તેમણે જીવંત સમાધિ લીધી. તપોનિષ્ઠ સંતની આજે માનતાઓ થાય છે.

સંવત્સરીના દિવસે ગામના બાળકોને જમાડવામાં આવે છે. ભજન, શક્તિપૂજન થાય છે. ખેડૂતો વાવણી વખતે બાપુને શ્રીફળ વધેરી દીપ પ્રગટાવી પછી જ વાવણી કરવા જાય છે.

**લક્ષ્મણગિરિ બાપુ :**

જામનગર જિલ્લાના કાલાવડ (શીતલા) દશનામ મઠમાં સંત શ્રી લક્ષ્મણગિરિબાપુએ વિક્રમ સવંત ૧૩૦૦માં જીવતા સમાધિ લીધી છે. સંવત ૭૧૫માં કાઠી આપા કાળાને શીતળા માતાજીએ સ્વપ્નમાં દર્શન આપી ગામ વસાવવા આદેશ આપેલ. કાલાવાડી નદીને કાંઠે કાળેશ્વર મહાદેવને ધ્યાનમાં રાખી ગામનું નામ કાલાવડ રાખ્યું. તે વખતે કાળેશ્વરમાં લક્ષ્મણગિરિજીએ આશ્રમ સ્થાપેલ. આજે તેમની માનતા ચાલે છે અને લોકો દર્શને પણ આવે છે.

વાચક દોસ્તો ! આ પ્રકરણનો અંત ક્યારેય ન આવી શકે. અસંખ્ય સંતો, સંન્યાસીઓ, સાધુઓએ જીવતાં સમાધિઓ લીધી છે. અસંખ્ય વીરાંગનાઓ - સતીઓએ સ્વેચ્છાએ અગ્નિમાં સળગીને પ્રાણોત્સર્ગ કર્યા છે. ઝાલાવાડના હળવદ શહેરમાં આવું સતીઓના પાળિયાઓનું નગર છે. અનેકનેક જૈન સંતોએ સંલેખના ધારણ કરી જીવનલીલા સંકેલી લીધી છે. સમાધિસ્થાનકો ગામડે - ગામડે છે. તેથી આપણે અહીં જ અટકીએ અને જીવતા સમાધિ લેતી વખતે જે દશનામ ગોસ્વામી સમાજમાં વિધિ-વિધાન થાય છે તેની ટૂંકમાં વિગત જોઈએ.

**સમાધિનું પ્રમાણ :**

સમાધિની ઊંડાઈ દંડી સંન્યાસીના દંડ જેટલી એટલે કે આશરે પાંચ થી છ ફૂટ અને પહોળાઈ ૩.૫ થી ૪ ફૂટની ભૂમિના તળને અનુસરીને રાખવી. તેમાં મૃતદેહને બેસાડવાની ગુફાનું માપ : પહોળાઈ ૩ થી ૩.૫ ફૂટ, લંબાઈ ૨ થી ૨.૫ ફૂટ અને ઊંચાઈ ૩ થી ૩.૫ ફૂટ મુજબ રાખવું.

મૃત ક્લેવર જેને આપણે મૂર્તિ કહીએ છીએ તેને શક્ય હોય તો સ્નાનવિધિ વખતે અષ્ટોત્તર એટલે ૧૦૮ કળશ વડે રુદ્રાભિષેકથી સ્નાન કરાવવું. બાદ ભગવું વસ્ત્ર, રુદ્રાક્ષ ધારણ કરાવી ભસ્મનું ત્રિપુંડ કરવું. સાંસારિક બંધનોથી પર/દેહ જીવાત્મા મુક્ત થયા બાદ શિવરૂપ બનતો હોઈ, વાજતે - ગાજતે પાલખીમાં સમાધિસ્થાને લઈ જવાય છે.

સમાધિમાં પ્રથમ ગોબરનો ઓટો કરવો પછી સબરસ (નિમક) અને વિભૂતિ (ભસ્મ) નો પટ આપવો. ગુફામાં જ્યાં મૂર્તિ બિરાજવાની છે ત્યાં વાઘાંબર મૃગચર્મ અથવા દર્ભાસન પાથરી તેના ઉપર મંત્રોચ્ચાર સાથે મૂર્તિ પધરાવવી. પાવડી આપી જમણી બાજુ પાણીનું કમંડળ (તુંબી) મૂકવી. નૈવેધ તથા દીપ મૂકવાં. દંડી સન્યાસી હોય તો દંડનું વિસર્જન કરી તેના ત્રણ ટુકડા કરીને ત્રિકોણ આકૃતિ રૂપે તેની સામે મૂકવા. ત્યારબાદ નિમક ભસ્મ અને મૃતિકા (માટી) મસ્તક દેખાય ત્યાં સુધી ભરવા પછી કુંડું મસ્તક પર રાખીને કાચી સમાધિ પૂર્ણ કરવી.

કાચી સમાધિ પર ગોખ કરવો. ગાયના છાણ વડે લીંપી જળ અભિષેક કરવો. અબીલ, ગુલાલ, કંકુ અને પુષ્પો વડે સમાધિને પૂજવી. દીપ પ્રગટાવો. શ્રીફળ અને સાકરને નૈવેધ રૂપ ધરવા અને તેનો પ્રસાદ આપવો.

નોંધ : ગુફા ઉત્તરાભિમુખ રખાય છે. તેનું પ્રયોજન કે દેવોની વાસ ઉત્તર દિશામાં છે.

**સમાધિ માટેની વસ્તુઓ :**

(૧) શ્રીફળ (૨) ભગવું કાપડ (ડોલી માટે ૮ મીટર પાલખી માટે મીટર) (૩) તુંબી નંગ-૧ (૪) કોડિયાં નંગ-૪ (૫) કંડુ નંગ-૧ (૬) રામરસ (નિમક) ૨૫ થી ૫૦ કિલો (૭) અગરબત્તી (૮) ગાયનું ઘી (૯) રૂ (૧૦) પવનપાવડી (૧૧) ગાયનું ગોબર - છાણ (૧૨) અબીલ (૧૩) ગુલાલ (૧૪) કંકુ (૧૫) ગંગાજળ (૧૬) હાર નંગ-બે તથા છૂટાં ફૂલ (૧૭) રુદ્રાક્ષનો પારો (૧૮) સુખડ કે ચંદન (૧૯) ભભૂતિ (૨૦) અત્તરની શીશી નંગ - ૧ (નાની)

દશનામી અંતિમ સંસ્કાર વિધિ - કૈલાશવાસીના ઘરે કરવાની વિધિ

**ચોકો (ઘેર) આપવાનો મંત્ર**

*ૐ ગુરુજી*
*ધરતી કી માટી ઔર ગંગા જમના કા નીર*
*ગાય કી ગોબરી ચોકો દેવે હનુમંત વીર,*
*તહેં ચંદન, કંકુ ચોક પુરાયા*
*ઈતના ચોકો મંત્ર પૂરણ ભયા,*
*કૈલાશ પર બેઠકર મહાદેવજીને*
*પાર્વતી કો સુનાયા*
*બોલો સંતો સદાશિવ હર.....*

**આસન આપવાનો મંત્ર**

*ૐ ગુરુજી*
*જાણ જાણ ગાયત્રી જાણ,*
*અવતરવાની ચારો ખાણ*
*કંઈ નર આવે કંઈ નર જાવે*
*કંઈ નર ધરતી મેં સમાયે,*
*અંત ઘડી ગત ગંગા ખડી*
*મુખસે ગાયત્રી સુનાવે*
*સુનકર હંસા મુક્તિ ફૂલ પાવે*
*આસન લગાને કા મંત્ર પૂરન ભયા*
*કૈલાશ પર બેઠકર મહાદેવજીને*

*પાર્વતી કો સુનાયા*
*બોલો સંતો સદાશિવ હર....*

**અક્ષય મંત્ર (કાનમાં કહેવાનો)**

*ૐ ગુરુજી*
*અક્ષય નામ ! અલખ પુરુષ રખવાળા*
*જે હી નામસે નારાયણ કી કાયા :*
*ઘટ છૂટે સો જીવ મોક્ષ પામે*
*અક્ષય નામ સે પાર લગાયા*
*હંસા ભવસાગર છોડકર*
*જબ અમરલોક મેં જાય*
*લગા, પટા પરવાના સંપૂર્ણ કિના*
*તબ અલખ ધણીને દર્શન કિના*
*મોર છાપ સંપૂર્ણ કિના*
*શંભુ ગોરા પ્રત્યે કહી દિના*
*અક્ષય મંત્ર પૂરન ભયા*
*કૈલાશ પર બેઠકર મહાદેવજીને*
*પાર્વતી કો સુનાયા*
*બોલો સંતો સદાશિવ હર....*

કાનમાં કહેવાના અક્ષય મંત્ર પછી સ્નાન કરાવવાનો મંત્ર જેને અઘોર ગાયત્રી કહે છે તે બોલાય. ભગવા મંત્ર (રંગવા અને પહેરાવવાના) બોલાય, રુદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર, ભસ્મ - વિભૂતિ મંત્ર, ઝોળી આપવાનો મંત્ર બોલાય, તુંબી મંત્ર બોલાય અને પછી સમાધિ ખોદતા પહેલાં જમીન ગાળવાનો અને જમીન અમર કરવાનો મંત્ર બોલાય, જમીન ખોદવાનો મંત્ર શરૂ થાય, જમીન ખોદાય જાય પછી જ્યાં સમાધિ આપવાની ત્યાં સમાધિમાં ચોકો દેવાનો મંત્ર બોલાય, સમાધિમાં મૂર્તિ બેસાડવાનો મંત્ર, સબરસ (નમક) નાખવાનો મંત્ર બોલાય, સમાધિમાં માટી આપવાનો મંત્ર બોલાય, પવનપાવડી આપવાનો મંત્ર, પાવડી આપ્યા પછી કંકુ વાળવાનો મંત્ર બોલાય, સમાધિ દેવાયા બાદ શિવ ગાયત્રી, ગણેશ ગાયત્રી બાદ વિષ્ણુ ગાયત્રી બોલાય છે. છેવટે શિવ સ્તુતિ અને મૃત્યુંજય જાપ બોલાય છે. સ્થળસંકોચને લીધે ઉપરોક્ત બધા મંત્રો આપી શકાય તેમ નથી એટલે વિધિ-વિધાનનો ઉલ્લેખ કર્યો છે.

પરાપૂર્વ અનાદિકાળથી સ્થૂળ શરીર છોડી જતા આત્મા પછી ચેતન રહિત શરીરનો અંતિમ સંસ્કાર વેદોક્ત કાળથી અસ્તિત્વ ધરાવે છે. વેદોક્ત સંસ્કૃતિ મુજબ માનવીને જન્મથી મરણ સુધી ૧૬ સંસ્કાર કરાય છે. તેમાં અંત્યેષ્ટિ એ સોળમો સંસ્કાર પંચમહાભૂતોના પૂતળાને જલ્દી પંચમહાભૂતમાં ભેળવી દેવા નીચે મુજબની પ્રણાલિકા પ્રચલિત છે.

**અરણ્યદાહ :** શબને અરણ્ય (જંગલમાં) છોડી દેવું.

**જલદાહ :** મૃત શરીરને જલ પ્રવાહમાં છોડી દેવું.

**અગ્નિદાહ :** અગ્નિસંસ્કાર કરવા. સાંપ્રત કાળમાં વિદ્યુતદાહ પણ દેવાય છે.

**ભૂમિદાહ :** સમાધિ આપવી.

પંચમહાભૂતો પૈકી પ્રથમ જ્યોતિ તત્ત્વ ચાલ્યું જાય, ત્યાર પછી આકાશ અને વાયુતત્ત્વ પણ છોડી જાય છે. પણ પૃથ્વી અને જળતત્ત્વ પાર્થિવ દેહમાં બાકી રહે છે.

યોગીઓ, સંન્યાસીઓ, મુનિઓ અને શિવશક્તિ સંપ્રદાયના તથા વૈરાગી સાધુઓ, ભક્તોને તેમની અને ભક્તોની ઇચ્છા મુજબ અગ્નિદાહ કે ભૂમિદાહ એટલે કે સમાધિ અપાય છે.

સાધુ - સંતો અને પરમ ગુરુજનોની સ્મૃતિ કાયમ રહે, તે માટે તેમના શિષ્યો અને ભક્તજનો ભૂમિદાહ (સમાધિ) ના સંસ્કાર કરીને તે જગ્યાએ સમાધિ બનાવતા. આ પ્રથા સાંપ્રત કાળમાં પણ ચાલુ છે. કારણ કે સમાધિ હોય તો તેમના અનુયાયીઓ અને કુટુમ્બીજનો સમાધિદર્શનથી પોતાની ભાવના મૂર્ત કરી શકે છે. અનેક સાધુ - સંન્યાસીઓ, સંતોએ સમાધિ લીધા બાદ આપેલ પરચાની સાબિતીઓ સૌરાષ્ટ્ર - ગુજરાત - કચ્છમાં અનેક સ્થળોએ મોજૂદ છે.

**સંદર્ભ :**

(૧) મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળ, સુવર્ણ જયંતી ગ્રંથ.
(૨) દશનામ ગોસ્વામી સમાજ, સુરેન્દ્રનગર શહેર, પરિવાર પરિચય પુસ્તિકા.
(૩) આંતરરાષ્ટ્રીય લોકકલાકાર ગોપાલ બારોટ, સુરેન્દ્રનગર.
(૪) જૈન ધર્મ, દર્શન અને સાહિત્યના જૈન પંડિત મહાસુખભાઈ રતિલાલ શેઠ, સુરેન્દ્રનગર
(૫) 'સંતોનાં ચરણોમાં' અને 'સંત પરમ હિતકારી' પુસ્તકો. સંપાદકો : અરવિંદ આચાર્ય અને ભૂપેન્દ્ર દવે.
(૬) 'સોરઠી સંતો' ઝવેરચંદ મેઘાણી.

*"પૂર્વાલય", ૮, પરિમલ સોસાયટી,*
*દાળમિલ રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧*
*મોબાઈલ : ૯૪૨૭૬ ૮૬૦૦૬*

# લોકગીતોમાં સાસુ-વહુ : ક્યાંક સામે સામે, ક્યાંક સાથે સાથે !

- નીલેશ પંડ્યા

'સાસુ' શબ્દ બોલતાં, સાંભળતાં કે વાંચતાં બે પ્રકારના ચહેરા નજર સમક્ષ તરવરવા લાગે; એક શાંત, સૌમ્ય, મૃદુભાષી, સ્મિત ફરકાવતાં સાસુ ને બીજાં કઠોર, ક્રૂર, મેણાં બોલનારાં, હાથ ઉપાડનારાં, પક્ષપાતી સાસુ ! આપણી આજુબાજુ બન્ને પ્રકારનાં સાસુઓનો વાસ હોય છે. જે વહુવારુ સદનસીબ હોય એને પ્રથમ પ્રકારનાં સાસુ મળે પણ દરેક કન્યાની અંતરતમ તમન્ના એવી હોય છે કે એવા ઘરમાં એનું સગપણ થાય જ્યાં સાસુ હોય. સાસુ વિનાનું ઘર છતવિહોણા મકાન જેવું ભાસતું હોય છે. જેવાં પણ હોય, વહુ માટે સાસુ-મા હોય છે !

અનુભવનું શાસ્ત્ર એમ કહે છે કે જે સાસુનું વહુ સાથે ને વહુનું સાસુ સાથે અંતર એકાકાર થઈ ગયું એ ઘરમાં ખુશહાલીનો હંમેશાં ગુણાકાર જ થયા કરે છે. સાસુને ગમતી વહુને આંગણે ક્યારેય દુઃખના દરિયા ઘૂઘવતા નથી, ઊલટું સુખના સમંદરમાં કાયમ ભરતી જ આવ્યા કરે છે; એટલે જ તો બાલિકાઓ, કુંવારિકાઓ અને પરિણીતાઓ માટે મોળાંવ્રત, જયાપાર્વતી, દિવાસો, એવરત-જીવરત, ફૂલકાજળી, કેવડાત્રીજ જેવાં વ્રતો અસ્તિત્વમાં આવ્યાં ને નદી-તળાવમાં શીતજળે સ્નાન,એકટાણું, ઉપવાસ, અલૂણાં ભોજન, અડધી રાતનું જાગરણ, આખી રાત-દિવસનું જાગરણ દ્વારા દીકરીઓ-વહુવારુઓને સાસરિયામાં 'એડજસ્ટ' થઈ જવાની 'ઇન્ટર્નશિપ' કરાવાતી હોય છે.

સો-બસો કે એનાથી પણ વધુ વર્ષો પૂર્વે આપણે ત્યાં સાસુ-વહુ વચ્ચે કેટલું સાયુજ્ય, કેટલું ખેંચતાણ, કેટલી સંવાદિતા-વિસંવાદિતા હતી એ જાણવું હોય તો લોકગીતોના 'રેપિડ ટેસ્ટ' દ્વારા તરત જ જાણી શકાય. સાસુ-વહુના ખટ્ટમધુરા સંબંધો ઉજાગર કરતાં અનેક લોકગીતો ગૂર્જરી ગિરામાં મળે છે ને એના થકી સમજાય છે એ કાળનું સાસુ-વહુનું પુરાણ.

*દાદા હો દીકરી, વાગડમાં ના દેજો રે સૈ,*
*વાગડની વઢિયારી સાસુ દોહ્યલી રે...*
*દી'એ દળાવે મને રાતડીએ કંતાવે રે સૈ,*
*પાછલે રે પરોઢિયે પાણીડાં મોકલે રે...દાદા૦*
*ઓશીકે ઈંઢોણી મારી પાંગતે સીંચણિયું રે સૈ,*
*સામે રે ઓરડીએ મારું બેડલું રે...દાદા૦*

અતિશય લોકપ્રિય આ લોકગીતમાં સાસુ માટે 'વઢિયારી' અને 'દોહ્યલી' જેવા શબ્દ વહુએ ઉચ્ચાર્યા છે. વઢિયાર પંથકનું હોય તે વઢિયારું પણ વઢિયારા બળદ ઘણા જ બળુકા, સ્ફૂર્તિલા ને મારકણા હોય છે. અહીં સાસુ 'વઢિયારી' છે ! દોહ્યલું એટલે દુર્લભ પણ વહુએ જે પ્રકારના ત્રાસનું અહીં વર્ણન કર્યું છે એ જોતાં સાસુ એવી દુર્લભ છે કે એના જેવો સિતમ ભાગ્યે જ કોઈ ગુજારી શકે !

**જ્યારે ચૌદ-પંદર વર્ષની દીકરી કોઈ ઘરની વહુ બની જતી; પાંચીકે રમવાની ઉંમરમાં 'બાલિકાવધૂ' ને રોટલા ઘડવા પડતા; શરૂઆતમાં રસોઈ બગડે, વસ્તુની ઢોળફોડ થાય તો એનું આવી બને. અહીં વહુથી માટીની એક ઢાંકણી ફૂટી ગઈ ને સાસુના મોંમાંથી મેણાંનું બોમ્બાર્ડિંગ થવા લાગ્યું**

*ઓતરાદા દેશ મહીં દીકરી જન્મ્યાં*
*ને પાટણમાં પરણાવ્યાં જી રે,*
*પરણાવીને દીકરીને સાસરે વળાવ્યાં*
*સાસુએ રાંધણામાં નાખ્યાં જી રે.*
*રાંધતાં રાંધતાં ઢાંકણી નાંદી,*
*સાસુજી મેણાં બોલ્યાં જી રે,*
*પાળે તે બેઠાં હો પંખીડાં !*
*મહિયરીએ જઈ આવો જી રે,*
*મારા દાદાને એટલું તે કે'જો,*
*દીકરીનાં મેણાં ભાંગો જી રે.*

નવીસવી વહુને રસોડું સોંપી દીધું. આ એ યુગની વાત છે જ્યારે ચૌદ-પંદર વર્ષની દીકરી કોઈ ઘરની વહુ બની જતી; પાંચીકે રમવાની ઉંમરમાં 'બાલિકાવધૂ' ને રોટલા ઘડવા પડતા; શરૂઆતમાં રસોઈ બગડે, વસ્તુની ઢોળફોડ થાય તો એનું આવી બને. અહીં વહુથી માટીની એક ઢાંકણી ફૂટી ગઈ ને સાસુના મોંમાંથી મેણાંનું બોમ્બાર્ડિંગ થવા લાગ્યું. મૂંઝાયેલી, ડરેલી વહુએ તેના પિતાને સંદેશો મોકલ્યો કે મારાં મેણાં ભાંગો, તમે નવી ઢાંકણી લાવી આપો ત્યારે જ હું ગુનામુક્ત થઈશ !

*મારી સાસુ તે મરચાં જેવડી*
*ચાંદલિયા વીર ! માને કે'જો આણાં મોકલે,*
*મારી સાસુ તે મરચાં જેવી*
*કાંઈ તીખી લાગે, કાંઈ તીખી લાગે...*

વહુ ચાંદાને સંબોધીને પોતાના પિયર સંદેશો મોકલે છે

કે ઝટ મને આણું તેડી જાય તો મરચાં જેવાં સ્વભાવવાળાં સાસુથી મને થોડાં દિવસ છૂટકારો મળે !

*પિયરિયું અત વાલું રે, ના મા*
*નૈ જાઉં સાસરિયે રે.*
*સાસરિયે જાઉં તો મારી સાસુજી ભૂંડાં*
*દળણાં દળાવે રે ના મા,*
*નૈ જાઉં સાસરિયે રે.*
*પિયરિયે રહું તો મારી માતાજી સારાં*
*દીકરી કહી બોલાવે રે ના મા,*
*નૈ જાઉં સાસરિયે રે.*

સાસુ અને માતા વચ્ચે અહીં વર્તણૂકનો ફરક નોંધનીય છે. કામ કરવાથી કોઈ વહુ ક્યારેય થાકતી નથી પણ એની સાથે વહેવાર કેવો થાય છે એ બહુ અસર કરે છે. આવાં અન્ય લોકગીતો પણ છે, જેમકે-

*શરદપૂનમની રાતડી રંગ ડોલરિયો*
*માતાજી રમવા ઘો રે રંગ ડોલરિયો*
*રમી ભમી ઘેર આવિયાં રંગ ડોલરિયો*
*માતાજી જમવા ઘો રે રંગ ડોલરિયો*
*માતાએ પીરસી લાપસી રંગ ડોલરિયો*
*મહીં પળી એક આલ્યાં ઘી રે રંગ ડોલરિયો*
*બાઈજીએ પીરસ્યું બાજરિયું રંગ ડોલરિયો*
*મહીં ટીપું આલ્યાં તેલ રે રંગ ડોલરિયો*

**નકારાત્મક કે પ્રતિબંધિત વાત કે વસ્તુ ઝટ પ્રસાર પામે છે એ ન્યાયે સાસુ-વહુની ચાર દીવાલો વચ્ચે થયેલી મૌન કે શાબ્દિક લડાઈ જગતના ચોક્માં પ્રકાશિત થઈ ગઈ પણ કેટલીય સાસુ-વહુ વચ્ચેના માતા-પુત્રીવત્ વ્યવહારો ઓછા ગવાયા**

અહીં માતા અને સાસુ વચ્ચેનો ભેદ ઊડીને આંખે વળગે છે પણ હદ તો ત્યારે થઈ જ્યારે પોતાના માટે પિયરિયે માતાએ અને સાસરિયે સાસુએ ખાટલા ઢાળ્યો-

*માતાએ ઢાળ્યા ઢોલિયા રંગ ડોલરિયો*
*ઓશીકે નાગરવેલ રે રંગ ડોલરિયો*
*સાસુએ ઢાળી ખાટલી રંગ ડોલરિયો*
*ઓશીકે કાળો નાગ રે રંગ ડોલરિયો*

સાસુ અને પરિજનોની અવકૃપાનો ભોગ બનેલી સહસ્રાધિક વહુવારુઓ 'આજે નહીં તો કાલે સુખ આવશે' એવી રાહે જીવનદીપ જલતા રાખતી હતી પણ અસહ્ય-અમાપ ત્રાસદી સહ્યા પછી કેટલીય વહુઓની જીવનનૈયા મધદરિયે જ ડૂબી ગયાના દાખલા પણ બન્યા છે. જનજનના હોઠે રમતું આ લોકગીત એની જ સાક્ષી પૂરે છે-

*ગામમાં સાસરિયું ગામમાં પિયરિયું રે લોલ,*
*દીકરી કે'જો સખદઃખની વાત જો !*
*કવળા સાસરિયામાં જીવવું રે લોલ.*
*સખના વારા તે માતા વહી ગયા રે લોલ,*
*દુઃખનાં ઊગ્યાં છે ઝીણાં ઝાડ જો !*
*કવળા સાસરિયામાં જીવવું રે લોલ.*
*પછવાડે ઊભી નણદી સાંભળે રે લોલ,*
*વહુ કરે છે આપણા ઘરની વાત જો !*
*વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.*

● ● ●

*સોનલા વાટકડે અમલ ધોળિયાં રે લોલ,*
*પીઓ ગોરી નકર હું પી જાઉં જો !*
*વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.*
*ઘટક દઈને ગોરાંદે પી ગયાં રે લોલ,*
*ઘરચોળાની ઠાંસી એણે સોડ્ય જો*
*વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.*

આમ, 'મોટાં ખોરડાં' ની 'આબરૂ' સચવાય એ માટે વહુને જીવ દઈ દેવો પડ્યો !

*આવડા મંદિરમાં હું તો એકલી રે લોલ,*
*કેમ કરી મારા દઃખના દા'ડા જાય રે*
*પરણ્યો હાલ્યા રે વેરણ ચાકરી રે લોલ.*
*ઘરમાં સાસુને નણંદ દોહ્યલાં રે લોલ,*
*મૈયારિયાની લાંબેરી છે વાટ રે*
*પરણ્યો હાલ્યા રે વેરણ ચાકરી રે લોલ.*

● ● ●

*સાહેલડી રે સુણ સાહેલડી*
*કોને કે'વી દલડાની વાતું,*
*દુઃખ આ નથી રે જીરવાતું*
*રે સુણ સાહેલડી*
*સાહેલડી રે સુણ સાહેલડી*
*મારી સાસુ મેણાં બોલે*
*ઈ તો મારા મનને મૂંઝાવે*
*ઈ તો મારા દલને દુભાવે*
*રે સુણ સાહેલડી.*

આવાં કેટલાંય લોકગીતોમાં સાસુ-વહુ વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો ગવાયા છે.

નકારાત્મક કે પ્રતિબંધિત વાત કે વસ્તુ ઝટ પ્રસાર પામે છે એ ન્યાયે સાસુ-વહુની ચાર દીવાલો વચ્ચે થયેલી મૌન કે શાબ્દિક લડાઈ જગતના ચોક્માં પ્રકાશિત થઈ ગઈ પણ

કેટલીય સાસુ-વહુ વચ્ચેના માતા-પુત્રીવત્ વ્યવહારો ઓછા ગવાયા; છતાં સાવ નથી પ્રગટ થયા એવુંય નથી; આ જુઓ-

*એક રંગભર રસિયે પૂછિયું;*
*રાણી રાજવણ રે તને વા'લું કોણ?*
*રાતી રે રંગ ચૂડી લ્યો.*
*સાસરિયામાં વા'લી મારી સાસુડી*
*મહિયરીએ રે મને વા'લી મા*
*રાતી રે રંગ ચૂડી લ્યો.*

પતિ પૂછે કે તને કોણ વ્હાલું? તો પત્ની પહેલા સાસુને યાદ કરે છે ને પછી એને પોતાની માતા સાથે મૂલવે છે !

આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદીઉં રે સાહેલી મારા સપનામાં

આ લોકગીતમાં સસરાને વહુએ ડોલતા ડુંગર જેવા તો સાસુને ડુંગરથી દડતી સ્નેહસરિતા જેવાં કહ્યાં છે.

સોએ સો ટકા કિસ્સામાં સાસુ જ વહુને કનડતાં ? ના, લોકગીતો તો એવું પણ કહે છે કે કેટલીય વહુઓ સાસુઓ પર સિતમ કરતી હતી, જુઓ, અહીં કેવું ચિત્ર ખડું થયું છે-

*મેંદી લેશું મેંદી લેશું, મેંદી મોટાં ઝાડ*
*એક હલાવું ડાળ ત્યાં તો ડાળાં હલે ચાર*
*સૈયર ! મેંદી લેશું રે.*
*મારી સાસુએ એમ કહ્યું કે વાસીદાં વાળી મેલ્ય*
*મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ્ય*
*સૈયર ! મેંદી લેશું રે.*
*મારી સાસુએ એમ કહ્યું કે કોડમાં દીવો મેલ્ય*
*મેં ભોળીએ એમ જાણ્યું કે સોડમાં દીવો મેલ્ય*
*સૈયર ! મેંદી લેશું રે.*

સાવ 'ભોળી' વહુને સાસુ જે કામ ચીંધે એનાથી ઊલટું જ કરે છે ને હદ તો ત્યારે થઈ જયારે સાસુએ ઢોરઢાંખર બાંધવાની જગ્યા એટલે કે કોડમાં દીવો મૂકવાનું કહ્યું, વહુ તો પહેલેથી જ ભોળી છે એટલે એણે સાસુની સોડમાં દીવો મૂકી દીધો !

**સાવ 'ભોળી' વહુને સાસુ જે કામ ચીંધે એનાથી ઊલટું જ કરે છે ને હદ તો ત્યારે થઈ જયારે સાસુએ ઢોરઢાંખર બાંધવાની જગ્યા એટલે કે કોડમાં દીવો મૂકવાનું કહ્યું, વહુ તો પહેલેથી જ ભોળી છે એટલે એણે સાસુની સોડમાં દીવો મૂકી દીધો**

*આવું જ વધુ એક લોકગીત મળે છે-*
*મારી સાસુએ એમ કહ્યું કે ભરી આવો વહુ પાણી,*
*હું કેવી હૈયાની ભોળી, બેડું નાખ્યું ફોડી,*
*લાલ મેંદી લેવા ગ્યાં'તાં.*

આવી જ એક 'નિર્દોષ' વહુ પોતાની સાસુની સામેના મકાનમાં જુદી રહે ને સાસુની સ્પર્ધા કર્યા કરે એનું લોકગીત જુઓ-

*બાઈજીને આંગણ આંબલો રે સંઘલાલ,*
*મારે આવે રૂડી છાંય મોરી સંઘલાલ.*
*વહુનો વીરો વણજારો રે સંઘલાલ,*
*હું ને મારી બાઈજી લાડિયાં રે સંઘલાલ,*
*આવ્યાં અમે ઢીંકાઢીંક મોરી સંઘલાલ*
*વહુનો વીરો વણજારો રે સંઘલાલ,*

*બાઈજીએ લીધું સાંબેલું રે સંઘલાલ,*
*મેં રે લીધી મોટી ઈસ મોરી સંઘલાલ,*
*વહુનો વીરો વણજારો રે સંઘલાલ,*

*બાઈજીનું સાંબેલું ભાંગિયું રે સંઘલાલ,*
*ઈસ નખાવે ચીસ મોરી સંઘલાલ,*
*વહુનો વીરો વણજારો રે સંઘલાલ,*

અવી વહુઓ પણ હોય છે, જે સાસુને ઢીંકે ઢીંકે મારે, (લાકડાની) ઈસથી સાસુને ફટકારે !

ટૂંકમાં, લોકજીવનમાં સાસુ અને વહુ- બે અભિન્ન અંગો છે, એ બન્ને ઘરની આધારશિલાઓ છે. એના વિના ઘર સૂનું, બન્ને પાત્રો ભલે ઝઘડે, વઢે, દાંત કચકચાવે, એ બેય સામે સામે હોવા છતાં સાથે સાથે છે.

*'વાણી', ૧ નટરાજનગર,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ (૩૬૦૦૦૫)*
*મો.નં. ૯૪૨૬૪-૮૧૩૮૭*



# "શું ભણતરની ઉપયોગીતા ઓછી થઈ જશે ?"
# Exploitation to Irrelevance

- વાગ્મિન બૂચ

ઐતિહાસિક પરિપેક્ષ્યમાં જુદા જુદા સમયે ખાસ પ્રકારની ક્રાંતિઓ થઈ, જેમાં ૧૯મી સદીમાં "ઔદ્યોગિક ક્રાંતિ" પ્રખ્યાત બની. આ ક્રાંતિમાં અનેક પોલિટિકલ પાસાં છે પણ ઘણું અગત્યનું નેગેટિવ પાસું ઔદ્યોગિકીકરણથી જન્મેલી exploitationની સ્થિતિ ગણાઈ એનાથી વિશ્વભરમાં આંદોલનો પણ થયાં ને રાજકીય સમીકરણો પણ બદલાયાં.

હવે નવી ઈન્ફર્મેશન ટેકનોલોજી અને બાયોટેકનોલાજીની ક્રાંતિ ખૂબ ઝડપથી આપણાં જીવનમાં પ્રવેશી ચૂકી છે ત્યારે એના કારણે અનેક ફાયદાઓ સાથે કેટલીક વિપરીત પરિસ્થિતિઓ ઊભી થશે તેને પહોંચી વળવું એ ખૂબ કપરી ચેલેન્જ થશે. આ બે ટેકનોલોજીની રોજિંદા જીવનમાં અને આર્થિક ક્ષેત્રોમાં એટલી બધી અસર થશે કે જુદા જુદા પ્રકારના રોજગાર વ્યવસાયમાં માણસની જરૂર જ નહીં રહે અને પરિણામે અગાઉ exploitation થયું તો હવે ભણેલો માણસ પણ નકામો- Irrelevant થઈ જશે એવો ભય સેવાઈ રહ્યો છે.

I will be much harder to struggle against irrelevance they a against exploitation (U.N.Harari)

પરિણામે આ નવી ટેકનોલોજિકલ ઉથલ-પાથલ અંગે સમાજ અને રાજકીય વ્યવસ્થા સમયસર જાગશે નહીં તો મોટી Crisis સર્જાશે.

આ ટેકનોલોજિકલ ક્રાંતિથી જે ઉથલ-પાથલ થાય એ સેમિનાર અને લેખોમાં ચર્ચાય ત્યાં સુધી એની ખાસ ગંભીરતા જણાતી નથી પણ જયારે એની અસર સીધી Job Market પર પડશે ત્યારે ચોક્કસ મોટો ખળભળાટ સર્જાશે.

ઈન્ટરનેટનો પંજો લગભગ દરેક વિષય અને કામગીરીને આવરી લેવા લાગ્યો છે અને ખૂબ વિશાળ પ્રમાણમાં Database ઊભો થઈ રહ્યો છે. એમાંથી AI-Artificial Intelligenceની નવી પદ્ધતિ ઊભી થઈ રહી છે. દરેક વિષયના વિશાળ Data(માહિતી) ભેગી કરી એનું કોમ્પ્યૂટર દ્વારા ખૂબ ઊંડાણથી ને વ્યવસ્થિત વિશ્લેષણ કરી નિર્ણય, અભિપ્રાય કે નિદાન માટેની પદ્ધતિ ઝડપથી વિકસી રહી છે. પરિણામે વાહન ચલાવવા માટેના સેન્સર, મેડિકલ ટ્રીટમેન્ટ માટેની તમામ જાણકારીના ડેટા, કે કાયદાના પ્રશ્નો માટે બધાં જ પ્રકારના પાસાને સમાવી લેતા ડેટાથી એવી સવલત ઊભી થશે કે વાહન ચલાવવા ડ્રાઈવરની જરૂરત નહીં રહે. મેડિકલ સલાહ માટે ડૉક્ટરની જરૂર નહીં રહે. નાણાકીય સલાહ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કાયદાકીય સલાહ માટે વકીલની જરૂર નહીં રહે. આવું લગભગ દરેક ક્ષેત્રમાં ઝડપથી પ્રસારિત થશે. આને નવું AI = Artificial Intelligence (Machine Intelligence) અપાયું છે જે માણસની બુદ્ધિનો પર્યાય બનશે.



સામાન્ય રીતે માણસની શક્તિઓ / આવડતને ન પહોંચી શકે એવી બે ખૂબ અગત્યની બાબતો અંગે AI સરસ કામ લાગી શકે છે. i.e. કનેક્ટિવિટી અને અપડેટિબિલિટી (Connectivity & Updateability) એક માણસને અનેક માણસ સાથે અથવા અનેક વ્યક્તિઓને અનેક વ્યક્તિઓ સાથે સંપર્ક કરવા જે મુશ્કેલી પડે એની સામે કોમ્પ્યૂટર નેટવક અને અલ્ગોરિધમના ડેટાબેઝ મારફતે થોડી મિનિટોમાં જ વિશ્વભરના સંપર્કોને જોડો શકાય છે. દા.ત. એક મેડિકલ ટ્રીટમેન્ટ માટે વિશ્વભરમાં થયેલ સંશોધનો અને ડાયગ્નોસીસ ખૂબ ઝડપથી ઉપલબ્ધ થઈ શકે એટલે એનાથી એવું બને કે મેડિકલ ટ્રીટમેન્ટ માટે નિષ્ણાત ડૉકટરોની મર્યાદિત જરૂર રહે કારણ AI મારફતે વિશ્વભરની નિષ્ણાત સલાહ ઉપલબ્ધ થઈ શકે ઉપરાંત આ અંગેના છેલ્લામાં છેલ્લા ડેટા (સંશોધનો અને તારણો) પણ AI અને અલ્ગોરિધમ મારફત સતત ઉપલબ્ધ થાય. જે એકલદોકલ ડૉક્ટર માટે મુશ્કેલ બને.

આવું માત્ર મેડિકલ ક્ષેત્રે જ નહીં પણ દરેક વિષયના ક્ષેત્રે થઈ શકે છે પછી તે કાયદાકીય ક્ષેત્ર કે એકાઉન્ટિંગ ક્ષેત્ર પણ હોઈ શકે આ બધા ક્ષેત્રોમાં વિશ્વભરનાં સંશોધનો અભિપ્રાયો વગેરે ઉપલબ્ધ થઈ શકે તેમ જ સતત અપડેશનનો પણ લાભ મળી શકે પણ સાથે ચિંતાનો મુદ્દો એ પણ રહે છે કે ધીરે ધીરે માણસને બદલી AI દ્વારા જ સેવાઓ મળતી જાય તો માણસની જરૂરિયાતની ઉપયોગિતા નહીં રહે ને એક તબક્કે માણસ Irrelevant બની જાય.

બુદ્ધિયુક્ત કામગીરીમાં AI મારફત ચંચુપાત એ

હમણાંનો મુદ્દો છે પણ છેલ્લાં ઘણાં વર્ષોથી હાથ પગથી થતી કામગીરી માનવયંત્રો-રોબોટ વગેરેથી માણસની જરૂરિયાત ઘટવા માંડી છે. દા.ત. આજથી પચીસ-ત્રીસ વર્ષો પહેલાં પ્રિન્ટિંગ પ્રેસની કામગીરી મેન્યુઅલ થતી હતી તે કમ્પ્યૂટર મારફત થવા માંડી છે પરિણામે પ્રિન્ટિંગના જૂના કામદારો બિનઉપયોગી/નકામા થઈ ગયા હવે જ્યારે ડ્રાઇવર વગરની કાર આવી રહી છે ત્યારે ડ્રાઇવરની જરૂરિયાત નહીં રહે અને એમ કહેવાય છે કે આવી Self-driven કારથી ૯૦% અકસ્માતો ઘટી જશે.

એક માન્યતા એવી છે કે કલા-સંગીત-સાહિત્યના ક્ષેત્રમાં હજી AI માણસની હરીફાઈ નહીં કરી શકે. મહદ્અંશે આજની તારીખે આ વાતમાં તથ્ય છે એમ કહેવાય છે પણ અત્યારે પણ મોટા તાનપુરાની જગ્યાએ એક બોક્સ આવી ગયું છે અને ગાયકના અવાજને પણ બદલી શકાય છે ઉપરાંત કરાઓકે દ્વારા અનેક ગીતોના મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા તૈયાર મળી રહે છે પરિણામે હવે વાદ્યકારો વગર પણ ગીત ગાવા માટે સરસ મ્યુઝિકલ ટેકો મળી રહે છે એટલે એક સમય આવશે કે વાદ્યકારોની જરૂરિયાત મર્યાદિત થઈ જશે. એવું જ ચિત્રકળા, શિલ્પકળા કે અન્ય કળાઓમાં ટેકનોલોજી પ્રવેશી રહી છે. સદીઓથી સૌથી બુદ્ધિચાતુર્યની રમત ગણાઈ એ ''ચેસ''માં વર્લ્ડ ચેમ્પિયન કાસ્પારોવને સ્ટોકફીશ-૮ પ્રોગ્રામથી કોમ્પ્યૂટરે હરાવી દીધો. જે એક સેકન્ડમાં ૭૦૦૦૦ ચેસ પોઝિશન ગણી શકતું હતું પણ હવે ગૂગલે આલ્ફાગીરો મારફતે તેની જગ્યાએ ૮૦૦૦૦ ગણતરીની ઝડપ લાવી દીધી અને ચાર કલાકમાં જ એ ''જિનિયસ'' ચેમ્પિયન થઇ ગયું.

એવો ભય સેવાઈ રહ્યો છે કે, પરિસ્થિતિ એવી વિચિત્ર હશે કે, એક બાજુ ભણેલા-ગણેલા વકીલો, ડૉક્ટર્સ કે એકાઉન્ટન્ટ Useless - Irrelevant નકામાં થઇ શકે છે. બીજી બાજુ જે પ્રકારના Manpowerની જરૂરિયાત પડશે એ મળશે નહીં એટલે બાવાના બેય બગડયા જેવી સ્થિતિ સર્જાશે. અગાઉ દર્શાવ્યા મુજબ વકીલ કે ડૉક્ટરની ડ્રોન પાયલોટ કે ઓપરેટરની અછત હોય એમાં ઉપયોગ થઈ ન શકે. AI માટે અલ્ગોરિધમ ખૂબ મોટા પાયા પર માહિતી ભેગી કરી એનું સતત વિશ્લેષણ કરી અને ચોક્કસ નિર્ણય કે સૂચના તૈયાર કરવા માટે ખાસ પ્રકારની આવડતવાળાની જરૂરિયાત ઊભી થશે પણ એ કામ ફાજલ થયેલ ડૉક્ટર, વકીલ કે એકાઉન્ટન્ટ ન પણ કરી શકે. છેલ્લાં થોડાં વર્ષોમાં Atomizationને કારણે માણસની જરૂરિયાત ઓછી થવા માંડી છે પણ AI ને કારણે તો એક પ્રકારના ઉચ્ચ કક્ષાનું ભણેલા પણ નકામા થઈ શકે છે

આવી AI ક્રાંતિને કારણે અનેક ધરખમ ફેરફારો આવવાની શક્યતા છે જેમાં માણસની સમગ્ર જીવનની કેરિયર સતત એક જ રહે નહીં એ મુદ્દો પણ છે એક એકાઉન્ટન્ટ, વકીલ કે ડૉક્ટરે ગમે તે તબક્કે જુદા પ્રકારના વ્યવસાયમાં જોડાવું પડે. આ પરિસ્થિતિ પણ એક જાતનો માનસિક તનાવ ઊભો કરશે અને એટલે માત્ર નવી ટેકનોલોજી સાથે કદમ ન મિલાવી શકનારને પ્રશ્નો હશે. એ સાથે આવા વ્યવસાયિક ફેરફારને કારણે ઊભા થતા માનસિક તનાવથી પણ ''જોબ માર્કેટ''ને વિપરીત અસર થઈ શકે છે.

અલબત્ત ઉપરની વિગતો ભવિષ્યમાં થનારા ફેરફારોથી થનારા મોટા પ્રશ્નો અને એમાંય ખાસ કરીને ''જોબ માર્કેટ''ના અનુસંધાને છે. આ એક ધારણા ઉપર આધારિત છે એટલે એવી વિષમ સ્થિતિ ન પણ સર્જાય. છેલ્લી અડધી સદીમાં ઓટોમેશનને કારણે ઘણા પ્રશ્નો થયા છે પણ એનાથી મોટા પ્રમાણમાં બેકારીની સ્થિતિ સર્જાઈ નથી અને નવા પ્રકારના નોકરી વ્યવસાયની તકો પણ ઊભી થઈ છે ઉપરાંત એવું પણ બને કે જેનાથી બેકારીનો મોટો ભય થવાની શક્યતા હોય એવા કિસ્સાઓમાં એનો અમલ ધીરે ધીરે થાય એવા પગલાં પણ સરકાર-સમાજ લઈ શકે છે. પણ તેથી કરીને જે ઇન્ટરનેટ-બાયોટેક ટેકનોલોજિકલ ક્રાંતિથી જે ધરખમ ફેરફારોની શક્યતા રહે છે એ અંગે સમાજ અને રાજકર્તા આંખ આડા કાન ન જ કરી શકે. ૧૯મી સદીમાં યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ ત્યારે તે સમયની સમાજ વ્યવસ્થા અને રાજકીય વિચારસરણી આ પ્રકારની હલચલ મચાવે એવા ફેરફારો માટે તૈયાર ન હતી અને પરિણામે ઘણા મોટા પ્રમાણમાં અનેક મુશ્કેલીઓ સર્જાયેલી એટલે નવી AI અને બાયોટેકના કારણે જે મોટા ફેરફારો આવશે એને પહોંચી વળવા અત્યારથી અનેક ક્ષેત્રે વિચારણા કરવી પડશે કારણ કે એના ફાયદા પણ એટલા બધા હશે કે એનો અમલ રોકવો પણ પ્રગતિની વિરુદ્ધ હશે. એમ મનાય છે કે, આ નવી ટેકનોલોજિકલ ક્રાંતિ અગાઉના સ્ટીમ એન્જિન, રેલવે, ઇલેક્ટ્રિસિટીની ક્રાંતિથી વધારે ગૂંચવણભરી સ્થિતિ સર્જાશે જેને પહોંચી વળવું વધારે અઘરું થઈ શકે છે.

આ સંદર્ભમાં મુખ્યત્વે (A) નોકરી વ્યવસાય છૂટી ન જાય એના પ્રયત્નો (B) નવી નોકરી વ્યવસાયની તકો ઊભી કરવી અને (C) જો નવી તકો કરતાં જૂની નોકરી વ્યવસાયની તકો છૂટી જવાની સ્થિતિ કંટ્રોલમાં ન રહે તો .............. વગેરે મુદ્દાઓ સત્વરે ધ્યાને લેવા પડે. ''આ નવા સમયની મોટી ચેલેન્જ છે. ઘણા પાસાં છે પણ અહીં અત્યારે મોટી Job Crises પરત્વેની સમસ્યાને વાચા આપી છે..''

*પ્લોટ નં. ૨૯૦/૧,*
*સેક્ટર-૭/એ, ગાંધીનગર.*
*મો. ૯૯૦૯૯૦૦૬૫૦*

# ગુજરાતની ઊગતી પેઢીને એક પત્ર !

*- પાર્થિવી અધ્યારુ-શાહ*

ગુર્જર ભાષાની આશા સમા મારા વહાલા મિત્રો,

પોતાની માતૃભાષા પ્રત્યેનો તમારા સૌનો જરાક બદલાઈ રહેલો અભિગમ જોઈને મને કંઈક કહેવાનું મન થયું છે અને એટલે જ આ પત્ર દ્વારા તમને સૌને મારાં સ્પંદનોના વહેણમાં ભીંજવી રહી છું. ગુજરાતી ભાષા વિષે બે શબ્દ કહેવાનું આ સાહસ એટલા માટે જ કરી રહી છું કે તમે સૌ પોતાની માતૃભાષા પ્રત્યે થોડા સંવેદનશીલ બનો અને તેના મૂળ સ્વરૂપ અને વિવિધ પાસાઓ વિષે જાણો.

તમારા સૌની બહુભાષિતાની પ્રતિભાની ઝલક વિષે તો અમને ખ્યાલ છે જ અને તેનું ગૌરવ પણ છે; પણ હા, એક વાત ચોક્કસ છે કે બીજી અન્ય ભાષાઓ પર પ્રભુત્વ ભલે મેળવો પણ પોતાની માતૃભાષાને તો હૃદયમાં ઉચ્ચ સ્થાને જ રાખવી જોઈએ. માતૃભાષા બોલવા, વાંચવા, લખવામાં થોડો રસ લેતા થશો તો તમારો એના પ્રત્યેનો અભિગમ ચોક્કસ બદલાશે.

આપણી ભાષામાં અનેક સમૃદ્ધ સાહિત્ય લખાયાં છે પણ આપણી માતૃભાષા વંચાશે નહીં, બોલાશે નહીં, સચવાશે નહીં તો આટલું રચનાત્મક સાહિત્ય પછી વાંચશે કોણ ? ભાષા જ નહીં બચે તો સંસ્કાર, સંસ્કૃતિ, વ્યાકરણ, શબ્દભંડોળ બધું જ લુપ્ત થઈ જશે !

ભાષા એ વાતચીતનું માધ્યમ માત્ર જ નહીં પણ પોતાની, પોતાના મૂળની એક સાચી ઓળખાણ છે. ભાષાના ઉચ્ચારો, શબ્દોની પસંદગી, ભાષાની સંરચના અને લઢણ એ બધું તમને છેક મૂળ સુધીની સામાજિક ઓળખ પ્રસ્થાપિત કરવા સુધી લઈ જાય છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોઈએ તો પણ માતૃભાષાનું મહત્ત્વ કંઈક વિશેષ છે. ભાષા એ મૈત્રીનો વિસ્તાર કરવાનું સાધન છે અને સાથે પોતાને નજીક અને દૂરનાને પોતાના કરવાનું સાધન પણ છે. સરખી બોલી, લઢણ, શૈલી વગેરે ભાષામૈત્રી ઊભી કરી શકે છે, એવી તાકાત છે માતૃભાષામાં ! અન્ય ભાષાઓ દ્વારા તમે મૈત્રી કેળવી જ શકો છો પરંતુ માતૃભાષા એ તો આપણા રોમરોમમાં વહેતાં સ્પંદનોથી સર્જાયેલી ભાષા છે આથી તે સહજ અને સરળ છે.

ચાલો, માતૃભાષાના ઈતિહાસ વિષે હવે થોડી વાત કરું. ઈ.સ. ૧૮૪૮માં અમદાવાદના આસિસ્ટન્ટ જજ સાહેબ - ફાર્બસ સાહેબે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરવા માટે એ વખતે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી હતી. આ સંસ્થા દ્વારા પ્રકાશિત ''બુદ્ધિપ્રકાશ' નામક સામયિકના કવિ દલપતરામ અને પછીથી રમણભાઈ નીલકંઠ સંચાલક હતા. જાણવા જેવી વાત એ છે કે, આજે પણ એ સંસ્થાની ગુજરાતની મહાન સાહિત્યિક સંસ્થાઓમાં ગણના થાય છે.

અઠ્ઠાવન અર્વાચીન લિપિઓમાંની એક એવી આપણી ગુજરાતી ભાષામાં પંદરમા સૈકાની શરૂઆતમાં ભક્તકવિ નરસિંહ મહેતા, મીરાંબાઈ, ભક્તકવિ ભાલણ ને તે પછી સોળમા સૈકામાં કવિરાજ વસતો, વચ્છરાજ અને તુલસી જેવા વિદ્વાનો થઈ ગયા કે જેઓ પછીના સમયના અનેક મહાકવિઓના માર્ગદર્શક બની રહ્યાં. તે પછી ગુજરાતના સુવર્ણકાળ દરમિયાન ગુજરાતી ભાષાને અખો, પ્રેમાનંદ, શામળ જેવા મહાકવિઓ મળ્યા. કવિ શામળના કેટલાંક વાક્યો તો આજે પણ આપણી ભાષામાં કહેવતો તરીકે સ્થાન પામ્યા છે.

એ પછી અઢારમી સદી કે જે અશાંતિનો સમય રહ્યો હતો, તે વખતમાં આધ્યાત્મિક કવિતાનો પુનર્જન્મ થયો. આ યુગના કવિગણમાં સર્વશ્રી દયારામ, ધીરો, પ્રીતમ, દેવાનંદ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ આજે પણ વંચાય છે. તે વખતમાં દિવાળીબાઈ, કૃષ્ણાબાઈ જેવાં સ્ત્રીકવિઓ પણ થઈ ગયાં. છેવટે ૧૮૮૭ની સાલથી ગુજરાતી સાહિત્ય માટે એક નવા યુગનો આરંભ થયો, જેનાં મૂળ કવિ નર્મદ અને કવિ દલપતરામના સમયમાં જ નંખાઈ ચૂક્યાં હતાં, તેમ કહેવાય છે. અઢારમી સદીની આખરમાં અને ઓગણીસમી સદીની શરૂઆતમાં ગદ્યનો ઉદય થયો. કવિ નર્મદ પહેલા ગદ્યનું અસ્તિત્વ ન હતું, એમ તો ન કહી શકાય પણ ગુજરાતી ગદ્ય સાહિત્યની ખરી શરૂઆત કવિ દયારામ પછી થઈ એમ કહી શકાય.

એ પછી ધીમેધીમે ગુજરાતી ભાષામાં અરબી, ફારસી, તુર્કી ને તે પછી હિંદી, પોર્ટુગીઝ ને પછી અંગ્રેજી શબ્દોનો ઉમેરો થતો ગયો ને કાળક્રમે ભાષાઐક્ય લુપ્ત થતું ગયું. આ છે એકદમ ટૂંકમાં વર્ણવેલો ગુજરાતી ભાષાનો ઈતિહાસ !

ઈતિહાસ વાંચીને મનમાં ભાર થઈ ગયો હશે નહીં! તો, ચાલો હવે થોડી હળવી વાતો કરીએ. ગુજરાતી ભાષાનો પ્રચાર અને પ્રસાર એ દરેક ગુજરાતીની જવાબદારી છે. આપણી માતૃભાષા એ મીઠડી અને મોજીલી ભાષા છે. આ ભાષાના શબ્દે-શબ્દે પોતીકાપણું નીતરે છે કારણ કે એ આપણા દરેકની ભીતરે ધબકે છે! ગુજરાતી ભાષા આજે વિશ્વભરના ગુજરાતીઓમાં ઓછેવત્તે અંશે બોલાય છે, વંચાય છે અને જિવાય પણ છે પણ ''કાલ'નું શું ? - એ સવાલ ચિંતા કરાવી જાય છે. હવે જો આપણે આપણી માતૃભાષાને આપણામાં ધબકતી રાખવી હશે તો તેને આપણી રોજિંદી પ્રક્રિયાઓમાં વણતા રહેવું પડશે ! એ વિષે અવનવા અખતરાઓ કરતા

રહેવું પડશે ! આપણી વહાલી ભાષાને જો પળેપળે પોતાની પરમ સમીપે રાખીને માણીશું તો તેનો ગુંજારવ ભાષાને આપણાથી અળગી નહીં જ થવા દે તેની મને ખાતરી છે.

મિત્રો, આપણી ભાષા તો આપણી ધરોહર છે. એક લેખિકા અને પત્રકાર હોવાને કારણે સમાજના વિવિધ લોકોને મળવાનું રહે છે અને એ દરમિયાન મે એ વાત નોંધી છે કે, ગુજરાતી માતૃભાષાથી મહદ્અંશે વિમુખ થઈ રહ્યા છે. વિદેશ અભ્યાસ અર્થે જઈ રહેલા ગુજરાતી વિદ્યાર્થીઓમાં ઉત્તરોત્તર નોધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે તો શું ''જનરેશન નેક્સ્ટ' એટલે તમને-ગુજરાતની ભાવિ પેઢીને ભાષાની દૂર થતી અમારે જોઈ રહેવાની ? માતૃભાષાને છાંયડે કોઈકવાર વિસામો લેશો તો સમજાશે કે આપણી પોતાની માતૃભાષા તો માના શીતળ પાલવ જેવી છે !

ગુજરાત ગિરાના વાંચન, મનન અને આલેખનથી અનુભવાતી આ શીતળતા, શાંતિ, મધુરતા, શોભા અને પ્રભા એટલે જ ભાષાવૈભવ ! ગુજરાતની ઉત્તરે આવેલા મા અંબેના કંકુમાંથી ઊગતા સૂર્યની લાલિમા એટલે આપણી માતૃભાષા! ગિરનારની તળેટીમાં ધૂણી ધખાવીને બેઠેલા બાવાઓના ''અલખ નિરંજન''ના નાદનો સાક્ષાત્કાર એટલે આપણી વહાલી ભાષા ! સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી ભાષા એટલે આપણી મીઠડી માતૃભાષા ! રાણોજી કાગળ મોકલે રે, દેજો મીરાંને હાથ'માં આલેખાયેલી ભાવનાત્મકતા એટલે આપણી ભાષા ! ચૌદ વરસની ચારણકન્યાના ચંચળ ચિત્તમાં રમતી ચાહત એટલે આ ભાષા ! અરે, મારા વહાલા મિત્રો, આ તો એવી ભાષા છે કે જેમાં આંધળી મા કાગળ લખી જાણે છે તો ક્યાંક આકાશ આમ ઝૂકીને ફૂલોને કેમ છો પૂછી લે છે ! ક્યાંક અજવાળાં પહેરીને શ્વાસ ઊભા રહે છે તો ક્યાંક ટેકરીઓ ધીમેધીમે ઢાળ ઊતરી જાય છે! ક્યાંક કોઈના નયણામાં સપનાં આળોટે છે તો ક્યારેક હવામાં કોઈક સૂર્યનો સિક્કો ઉછાળી જાય છે ! આ ભાષા તો એવી છે કે ક્યાંક ડોસો વાંચે છે ને મોતિયો ડોસીને આવી જાય છે ને ક્યાંક વળી વરસાદી છંદની છાલક વાગતાં પાન ખરી જાય છે !

રસપ્રદ છે ને ? સાહિત્યનું વાંચન થોડું પણ હોય તો ઉપરોક્ત વાતો વાંચીને ખ્યાલ આવી જાય કે આ જાણીતા સર્જકોની કૃતિઓમાંથી લીધેલાં વાક્યોને રૂપક બનાવીને આલેખન કર્યું છે. અનેક સર્જકોના સાહિત્યના આવા અનેક રસથાળ આ ભાષામાં પિરસાયા છે, જેને માટે આ લેખની શબ્દમર્યાદા ઓછી પડે!

ફાધર વાલેસ અને કાકાસાહેબ કાલેલકર જેવાં સવાયા ગુજરાતીઓ આપણા વ્યક્તિત્વ ઘડતર માટે કેટકેટલું શબ્દધન આપી ગયાં છે ! આપણી ભાષા સાથે આપણા ''દિવસો જુદાઈના જાય' એ ન જ ચાલે ! હાઈકુ કાવ્યપ્રકારના પ્રણેતા સ્નેહરશ્મિને યાદ કરીને ગુજરાતી તરીકે માણસાઈના દીવા પ્રગટાવતાં રહેવું જોઈએ એટલું અહીં ચોક્કસ કહીશ. સાહિત્યકારોનો ગુજરાતમાં શ્રેષ્ઠતમ અન્નકૂટ ભરાયો છે - રામનારાયણ પાઠક, પન્નાલાલ પટેલ, લાભશંકર ઠાકર, નર્મદાશંકર દવે, ધૂમકેતુ, નિરંજન ભગત, ક્લાપિ, કવિ ન્હાનાલાલ, હરીન્દ્ર દવે, ક.મા. મુનશી, જયભિખ્ખુ - અરે, કેટકેટલાં રત્નો ગુજરાતની ભોમકાને આજે પણ દીપાવી રહ્યાં છે. બને તેટલાં મહાન સર્જકોનો, તેમની રચનાઓનો, કૃતિઓનો, આલેખનો અને પુસ્તકો કે પછી તેમનાં નામો વગેરેમાંથી અંશ લઈને તેમનો ઉલ્લેખ કરવાનો પ્રયત્ન કર્યો છે. હજી તો કેટલાય સાહિત્યકારો અને કવિઓનો ઉલ્લેખ નથી થઈ શક્યો એ માટે હું માફી ચાહું છું પણ આ પરથી તમે એટલું ચોક્કસ સમજી શકશો કે ગુજરાતી સાહિત્ય અનેક કવિરત્નો અને લેખકરત્નોથી મઢાયેલું છે !

આપણે એ કહેણ ખોટું ન પડવા દઈએ કે ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત !'' એ આપણાં સૌની જવાબદારી છે. ભલે, અંગ્રેજી શબ્દોની વાછંટ આવે કે ધોધમાર વરસાદ પણ સાથે માતૃભાષાની છત્રી ઓઢતા રહેશો તો બીજી ભાષાઓના વરસાદી પ્રવાહમાં એટલા બધા નહીં ભીંજાઈ જાવ ! માતૃભાષાને વાગોળતા રહેશો તો એ તમારી જીભે રમતી રહેશે. અન્ય ભાષાઓના પ્રભાવથી અંજાઈ જઈને પોતાની ભાષાથી વિમુખ થતાં જવું એ તો જે ડાળ પર બેઠા છો તે જ ડાળ કાપવા જેવી વાત છે, એ વાત ચોક્કસ યાદ રાખજો. ''જ્યાં જ્યાં નજર મારી પડે, ત્યાં ત્યાં ભાષા મારી ગુજરાતી જડે !'' સૂત્ર આપીને હું તમારી કુમળી માનસિકતામાં માતૃભાષાની કૂંપળ ઉગાડવાનો પ્રયત્ન કરી રહી છું. સવારની ચ્હાનો આહ્લાદક સમય હોય કે પછી રાત્રે પોતાના સપનાને જીવવાનો મઝાનો સમય, બપોરનો હુંફાળો પારિવારિક સમય હોય કે ઓફિસમાં ટટ્ટાર બેસવાનો સમય કે પછી રજાના દિવસે મિત્રો સાથેનો મસ્તીખોર સમય... માતૃભાષાને પરમસમીપે રાખવાનો તમારો અંતરમનનો પ્રયત્ન જ તમને એની સાથે જકડી રાખશે.

આશા રાખું છું કે તમે આ પત્ર ઝીણવટપૂર્વક વાંચશો અને વાગોળશો. તમે સૌ તો આવતીકાલની ભાષાની પરિભાષા છો ! માત્ર, એટલું વચન આપજો કે માતૃભાષા ગુજરાતી બોલવામાં કદી નાનમ નહીં માનો. વિશ્વના કોઈ પણ ખૂણે હોવ અને ગમે એટલી મોટી કે ઊંચી પદવી પર હોવ, માતૃભાષાને હૃદયમાં સલામત ચોક્કસ રાખજો. જય જય ગરવી ગુજરાત.

લિ. પાર્થિવી અધ્યારુ-શાહના
જય ગુજરાત !

*15, Shaligram 3, Avlon Hotel Road,*
*Near Sangini Bunglow, Thaltej,*
*Ahmedabad - 380059*
*Cell Number : 96870 55444*

# સંશોધનોની સાંસ્કૃતિક સુવાસ

*- પુલક ત્રિવેદી*

**મા**હિતી અને જ્ઞાન વચ્ચે આસમાન જમીનનો તફાવત છે. લોકો મોટાભાગે માહિતીને જ્ઞાન સમજવાની ભૂલ કરી નાખતા હોય છે. એક ભાઈનો દીકરો અંગ્રેજી મિડિયમમાં આઠમા ધોરણમાં ભણે. એક દિવસ આ બાળકે શાળાએથી આવીને સાંજે ટીવી જોતાં જોતાં પપ્પાને કહ્યું, ‘ડેડી, તમને ખબર છે વિમાનની શોધ રાઈટ બ્રધર્સે કરી, પરમાણુ બોમ્બની શોધ રોબર્ટ્સ ઓપન હાઈમરે કરી. દુનિયાની પ્રગતિમાં આ વૈજ્ઞાનિકો અને સંશોધકોનો જબરજસ્ત ફાળો છે.’ ટીવી જોતાં પિતાને બાળકના જ્ઞાન ઉપર ગર્વ થયો. એમણે વાતમાં સૂર પુરાવતાં કહ્યું, ‘હા, બેટા આજે વિશ્વની આધુનિક ગતિશીલતાના પાયામાં યુરોપિયન અને અમેરિકન દેશોના વૈજ્ઞાનિકોનો મોટો ફાળો છે.

આ ભાઈ અને એમના બાળકની વાત થોડી સત્ય છે, પણ ઘણી મોટી જાણકારીનો અભાવ છે. ખરેખર તો પ્રાચીનકાળથી ભારત ઉપમહાદ્વીપમાં જ્ઞાનના પ્રકાશનો ઉજાસ હતો. કલા, ગણિત, વિજ્ઞાન જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારતનું યોગદાન આદિ અનાદિ કાળથી અવિસ્મરણીય રહ્યું છે. આધુનિક યુગના એવા તો ઘણા આવિષ્કારો છે કે, જેને હજારો વર્ષ પૂર્વે ભારતના તજજ્ઞો અને ઋષિ મુનિઓએ સંશોધિત કરી તેના સફળ પ્રયોગો કર્યા છે.

ખગોળ વિજ્ઞાન ક્ષેત્રે સ્ટીફન હોકીન્સ જેવા વૈજ્ઞાનિકોનાં સંશોધનો અને પ્રયાસોને સન્માન જરૂર છે પરંતુ ભારત વર્ષના પૌરાણિક ગ્રંથોમાં ખગોળ વિજ્ઞાનને ઉજાગર કરતા ઉલ્લેખો માનસપટ ઉપરથી કેમેય કરીને ખસતા નથી. ઋગ્વેદમાં ૩૦ જેટલા શ્લોક ખગોળ વિજ્ઞાનને લગતા છે. જ્યારે યજુર્વેદમાં ૪૪ અને અથર્વવેદમાં ૧૬૨ શ્લોક ખગોળીય જ્ઞાનને લગતા છે. યુરેનસને એક રાશિમાં આવવા માટે ૮૪ વર્ષનો સમય લાગે છે અને નેપ્ચ્યુનને ૧૬૪૮ વર્ષ, પ્લુટોને ૨૮૪૪ વર્ષ થાય છે એ વાતનો વેદોમાં સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. આપણા પૌરાણિક ઋષિમુનિઓ પાસે ગ્રહોની ચાલ અને એની સ્થિતિનું ચોક્કસ આકલન હતું. એમની પાસે ખગોળીય ઘટનાઓનું સચોટ જ્ઞાન હોવાનું આનાથી મોટું પ્રમાણ શું હોઈ શકે ?

ચિકિત્સાક્ષેત્રમાં હિન્દુસ્તાનના તજજ્ઞો દ્વારા કરાયેલા સંશોધનનું અદ્‌ભુત સ્થાન છે. વિશ્વને ભારતે આયુર્વેદ અને યોગની સૌથી મોટી ભેટ આપી છે. ભારતના ઋષિઓએ એમની આધ્યાત્મિક યાત્રામાં આવનારી શારીરિક અડચણોનું નિવારણ કરવા માટે આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિનો આવિષ્કાર કર્યો. આયુર્વેદનું સૂત્ર છે, ‘શરીરં ખલુ ધર્મ સાધના’ અર્થાત્ પહેલું સુખ તે જાતે નર્યા. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિને સુવ્યવસ્થિતરૂપ આપવાનું શ્રેય ધન્વંતરિ, ચરક, ચ્યવન અને સુશ્રુત મહર્ષિઓને જાય છે.

ચરક ઋષિએ ઈસવીસન પૂર્વે ૩૦૦માં આયુર્વેદનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ ‘ચરકસંહિતા’ લખ્યો. આજે સ્કિન સ્પેશ્યાલિસ્ટનું જે સ્થાન છે એવું એ જમાનામાં ત્વચા ચિકિત્સક તરીકે મહર્ષિ ચરકનું સ્થાન ગણાતું. મહર્ષિ ચરકે શરીરશાસ્ત્ર, ગર્ભશાસ્ત્ર, રક્તાભિસરણશાસ્ત્ર, ઔષધિશાસ્ત્ર જેવા મહત્ત્વપૂર્ણ વિષયોમાં ઘણી ઉપયોગી જાણકારી સંશોધિત કરી હતી. મધુમેહ એટલે કે ડાયાબિટીસ, ક્ષય એટલે કે ટીબી, હૃદયવિકાર એટલે હાર્ટએટેક જેવા રોગો માટેની ઔષધિઓ ચરક મહારાજે હજારો વર્ષો પહેલાં સંશોધિત કરી દીધી હતી. એ પછી છેક આઠમી સદીમાં ચરક સંહિતાનો અરબી અને અન્ય ભાષાઓમાં અનુવાદ થયો. ત્યાર પછી આ જ્ઞાનનો પશ્ચિમના દેશોને ખ્યાલ આવ્યો. મહર્ષિ ચરક અને ચ્યવનનાં સંશોધનો ઉપરથી આજની યુનાની ચિકિત્સા પદ્ધતિનો વિકાસ થયો છે.






શલ્યચિકિત્સા પદ્ધતિ એટલે કે પ્લાસ્ટિક સર્જરી. પશ્ચિમના વિજ્ઞાનીઓ દાવો કરી રહ્યા છે પ્લાસ્ટિક સર્જરી ક્ષેત્રનું સંશોધન એમણે કર્યું છે. પરંતુ હકીકત તો એ છે કે, આચાર્ય સુશ્રુતે ઈસવીસન પૂર્વે ૧૦૦૦માં એ સમયના ચિકિત્સકો સાથે મળીને પ્રસવ, કેટરેક્ટ, કૃત્રિમ અંગ પ્રત્યારોપણ, ફ્રેક્ચર, પથરી અને પ્લાસ્ટિક સર્જરીની ચિકિત્સા પદ્ધતિના સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા હતા. યુદ્ધમાં ઘવાયેલા અનેક સૈનિકોની એમણે પ્લાસ્ટિક સર્જરી કરી હોવાનાં પ્રમાણો મળે છે.

આજે ગર્વ સાથે પ્રત્યેક ભારતીય કહી શકે છે કે, જો 'શૂન્ય'ની શોધ ભારતીય મહર્ષિઓએ ન કરી હોત તો દુનિયાનો વિકાસ 'ઝીરો' હોત. હજારો વર્ષો પહેલાના સમયમાં વિશ્વમાં જુદી જુદી અનેક અંક ગણિતની પ્રણાલીઓ પ્રચલિત હતી. પરંતુ ઉત્તર વૈદિક કાળમાં 'શૂન્ય'ના આવિષ્કાર થયા બાદ ગણિત અને વિજ્ઞાનમાં ક્રાંતિ સર્જાઈ. ભારતે શૂન્ય ઉપરાંત અંકોની વિશ્વને જાણકારી આપતા વૈશ્વિક અંક ગણિત વિજ્ઞાનનું સ્વરૂપ જ બદલાઈ ગયું.બીજગણિત, કોણનીતિ, કલમ, સ્થાન મૂલ્યપ્રણાલી અને દશકપદ્ધતિ પણ ભારતની જ દેન છે.

ભારતના સુપ્રસિદ્ધ ગણિતજ્ઞ ભાસ્કરાચાર્યજીનું નામ વિશ્વભરમાં બહુ આદરથી લેવાય છે. ૧૧૧૪માં જન્મેલા ભાસ્કરાચાર્યજીએ લખેલા ગ્રંથો વિદેશની અનેક ભાષામાં અનુવાદિત થતાં દુનિયાના વૈજ્ઞાનિકો અને સંશોધકો માટે તેમનાં શોધ કાર્યો માટેના નવા માર્ગો ખૂલી ગયા. ન્યૂટનથી ૫૦૦ વર્ષ પહેલાં ભાસ્કરાચાર્યજીએ ગુરુત્વાકર્ષણના નિયમને એમના ગ્રંથ 'સિદ્ધાંત શિરોમણી'માં સ્પષ્ટ કર્યો હતો. આ ગ્રંથમાં એમણે નોંધ્યું છે કે, 'આકાશ તરફ ફેંકાયેલી વસ્તુને પૃથ્વી સ્વશક્તિથી પોતાની તરફ ખેંચી લે છે. પૃથ્વીની સ્વશક્તિના કારણે આકાશી પદાર્થ પૃથ્વી ઉપર પડે છે.' આનાથી એ વાત સિદ્ધ થાય છે કે, હજારો વર્ષ પહેલાં ભાસ્કરાચાર્યજીએ પૃથ્વી ઉપર ગુરુત્વાકર્ષણની શક્તિ છે એ વાત પ્રતિપ્રાદિત કરી હતી. ભાસ્કરાચાર્યજીના અન્ય ગ્રંથ 'લીલાવતી'માં ગણિત અને ખગોળ વિજ્ઞાન ઉપર ઊંડો પ્રકાશ પાડવામાં આવ્યો છે. ૧૧૬૩માં એમણે 'કરમકુતૂહલ' ગ્રંથમાં સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના સચોટ આકલનના સિદ્ધાંતો સમજાવ્યા છે.



વિમાનની શોધ રાઈટ બ્રધર્સે કરી એ વાત સર્વ વિદિત છે પરંતુ એમાં થોડું પરિવર્તન કરી એમ કહી શકાય કે, રાઈટ બ્રધર્સે 'આધુનિક વિમાનો'ની શોધ કરી છે. હવાઈ ઉડ્ડયનના જનક તો ભારદ્વાજ ઋષિને કહેવા પડે. હજારો વર્ષ પહેલાં એમણે લખેલા ગ્રંથ 'વૈમાનિક શાસ્ત્ર'માં હવાઈ જહાજ બનાવવાની ટેકનિકનું વર્ણન જોવા મળે છે. એવા ઉલ્લેખો પ્રાપ્ય છે કે, 'ગૌધા' પ્રકારનું હવાઈ જહાજ અદૃશ્ય થઈ જતું. 'પરોક્ષ' જહાજ દુશ્મનના જહાજોને તોડી પાડવા સક્ષમ હતું. 'પ્રલય' વિદ્યુત ઊર્જાનું શસ્ત્ર હતું. 'જલદરૂપ' હવાઈ જહાજ વાદળા જેવું લાગતું. સ્કંદ પુરાણના ખંડ-૩ના ૨૩માં અધ્યાયમાં ઉલ્લેખ છે કે, કર્દમ ઋષિએ તેમની ધર્મપત્નીના વિહાર માટે હવાઈ જહાજનું નિર્માણ કર્યું હતું. રામાયણના પુષ્પક વિમાનથી કોઈ અજાણ નથી.

અગસ્ત્ય ઋષિએ વીજળીનો આવિષ્કાર કર્યો હતો. અગસ્ત્ય સંહિતામાં વિદ્યુત ઉત્પાદન સંબંધી અનેક સૂત્રો જોવા મળે છે. રોબર્ટ્સ ઓપન હાઈમરને પરમાણુ બોંબ જેવા ઘાતક શસ્ત્રના જનક માનવામાં આવે છે. રોબર્ટ્સ અને એના વૈજ્ઞાનિકોની ટીમે બનાવેલા પરમાણુ બોંબનું પહેલું પરીક્ષણ વર્ષ ૧૯૪૫માં કરવામાં આવ્યું. પરમાણુ સિદ્ધાંતોની વાત આવે એટલે જોન ડલ્ટનને હંમેશાં લોકો યાદ કરતા હોય છે. જોકે આના પણ ૨૫૦૦ વર્ષે પહેલાં કણાદ ઋષિએ વેદોમાં લખેલા સૂત્રોના આધારે પરમાણુ સિદ્ધાંતોને ઉજાગર કર્યા હતા. ઋષિ કણાદને પરમાણુ શાસ્ત્રના પિતામહ માનવામાં આવે છે.

શોધ, સંસ્કાર અને સંસ્કૃતિની ત્રિવેણી ભારતીય ઉપમહાદ્વીપમાં સુપેરે જોવા મળે. નવાં સંશોધનો અને નવા વિચારોને હૃદયપૂર્વક આવકાર ચોક્કસ પણ વેદ, ઉપનિષદ, ચરક સંહિતા, અગસ્ત્ય સંહિતા, વૈમાનિક શાસ્ત્ર, લીલાવતી ગણિત જેવા ભારતના મહાન ગ્રંથોના અનુવાદો વિશ્વના શોધકર્તાઓએ તેમના શોધકાર્યમાં સંદર્ભ માટે ઉપયોગમાં લીધા છે એ વાત કોઈપણ હિન્દુસ્તાની કેવી રીતે ભૂલી શકે? હિન્દુસ્તાનના મહર્ષિઓનાં શોધ અને સંશોધનોના સત્ય અને તથ્યને વિશ્વ સમક્ષ હજુ વધુ સારી રીતે મૂકવામાં આવે તો એનો અર્થ સ્પષ્ટ બને અને નવા વિચારો તથા સંશોધન કાર્યને બળ પણ પ્રાપ્ત થાય. ભારતે સમગ્ર વિશ્વને જ્ઞાનનો અને સંસ્કારનો રાહ આપ્યો છે.

*૫૩૩/૨, સૌરભ સોસાયટી,*
*સેક્ટર-૨૩, ગાંધીનગર*
*મો. ૯૯૯૮૪૦૫૮૩૫*